


# 'કર્મ તણી ગતિ ન્યારી...'

પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ

卐 શ્રી વીરસ્વામિને નમઃ 卐

卐 શ્રી વૃદ્ધિ-ધર્મ-ભક્તિસૂરી સદ્ગુરુભ્યો નમઃ 卐

# કર્મ તણી ગતિ ન્યારી....

卐

: વ્યાખ્યાતા :


પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

[ રાષ્ટ્રભાષા રત્ન–વર્ધા ]

[ સાહિત્ય રત્ન–પ્રયાગ ]



વિ. સં. ૨૦૩૮—ઈ. સ. ૧૯૮૨


શેઠ ને. મે. વાડી ઉપાશ્રય–ગોપીપુરા–સુરત નગરે પૂજ્યશ્રીના ચાતુર્માસ દરમ્યાન ચાલેલ દર રવિવારીય કર્મ વિષયક–"સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા→કર્મ તણી ગતિ ન્યારી"....... પ્રવચન શ્રેણિની સંકલિત પુસ્તિકા..........

પુસ્તક : "કર્મ તણી ગતિ ન્યારી"......
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા–"કર્મ તણી ગતિ ન્યારી"...ની
સંકલિત પુસ્તિકા

- વ્યાખ્યાતા : **પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ**

- અવતરણકાર : **કપિલરાય નાનાલાલ ઠાકુર**

- પ્રથમ આવૃત્તિ—૨૦૦૦ પ્રતિ

- વિ. સં. ૨૦૩૮. ઈ. સ. ૧૯૮૨. વીર સં. ૨૫૦૮

**પડતર કિંમત રૂા. ૨૫=૦૦**

**વેચાણ મૂલ્ય : રૂા. ૨૦=૦૦**

- પ્રાપ્તિ સ્થાન :

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

૩૯, વસંત વિલાસ ૨ જે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
મુંબઈ–૪૦૦૦૦૪.

ગોપાલ નિવાસ ૨ જે માળે,
૧૩૩–પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦૦૦૨.

**શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્ર**
'રમણ સ્મૃતિ' ૨ જે માળે, ૨૩૫–વિ. પી. રોડ,
પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦૦૦૪.

- મુદ્રક : મહાવીર પ્રિન્ટર્સ, ૧૦/૨૭૦ ગાંધીચોક, સુરત.

# અનુક્રમણિકા........


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| * પ્રકાશકીય નિવેદન ... ... | ૪ |
| * પ્રસ્તાવના ... ... | ૭ |
| * સૌજન્ય દાતાઓની નામાવલી ... ... | ૧૩ |
| * અવતરણકારનું નિવેદન ... ... | ૧૪ |
| * વ્યાખ્યાન નં.– ૧ સંસારચક્ર અને આત્માનું પરિભ્રમણ–૧ | ૧ |
| * વ્યાખ્યાન નં.– ૨ સંસારચક્ર અને આત્માનું પરિભ્રમણ–૨ | ૨૫ |
| * વ્યાખ્યાન નં.– ૩ કર્મસત્તાનું અસ્તિત્વ ... | ૪૯ |
| * વ્યાખ્યાન નં.– ૪ જ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મ ... | ૭૭ |
| * વ્યાખ્યાન નં.– ૫ જૈન દર્શનમાં જ્ઞાનનું સ્વરૂપ ... | ૧૦૫ |
| * વ્યાખ્યાન નં.– ૬ આત્મગુણ–જ્ઞાન–દર્શનનું સ્વરૂપ ... | ૧૩૩ |
| * વ્યાખ્યાન નં.– ૭ સમ્યગ્ દર્શનનું પ્રગટીકરણ ... | ૧૬૧ |
| * વ્યાખ્યાન નં.– ૮ વિષય + કષાય = સંસાર ... | ૧૯૩ |
| * વ્યાખ્યાન નં.– ૯ દુઃખ–દારિદ્રયાદિનું કારણ–અંતરાય કર્મ | ૨૨૯ |
| * વ્યાખ્યાન નં.–૧૦ શરીર–રચના અને નામકર્મ ... | ૨૫૭ |
| * વ્યાખ્યાન નં.–૧૧ અદ્ભુત શરીર–રચના અને નામકર્મ | ૨૯૩ |
| * વ્યાખ્યાન નં.–૧૨ ઉચ્ચ–નીચના ભેદ અને ગોત્રકર્મ | ૩૨૯ |
| * વ્યાખ્યાન નં.–૧૩ સુખ–દુઃખનું કારણ–વેદનીયકર્મ ... | ૩૫૭ |
| * વ્યાખ્યાન નં.–૧૪ જન્મ–મરણ અને આયુષ્યકર્મ ... | ૩૮૯ |
| * વ્યાખ્યાન નં.–૧૫ આયુષ્યકર્મનું સ્પષ્ટ સ્વરૂપ ... | ૪૧૭ |
| * વ્યાખ્યાન નં.–૧૬ સવ્વપાવપ્પણાસણો–મોક્ષનું સ્વરૂપ | ૪૫૭ |


卐

# પ્રકાશક સંસ્થાની કલમે....

પ. પૂ. ગુરુદેવ શ્રી અરુણવિજયજી મહારાજ સાહેબ મુંબઈ નગરીમાં ધર્મપ્રભાવના કરતા યશસ્વી–યાદગાર ચાતુર્માસો કરી સર્વ પ્રથમ ગુજરાતની ધરતી ઉપર પધાર્યા.

વલસાડ નગરે આંખ, હૃદય તથા દંત ચિકિત્સાર્થે "શ્રી મહાવીર નેત્રયજ્ઞ શિબિર", હૃદય ચિકિત્સા શિબિર તથા દંતયજ્ઞ શિબિરો યોજવામાં આવી. જેમાં લગભગ ૩૭૫ આંખનાં ઓપરેશનો કરવામાં આવ્યાં. આ સાથે સાથે "શ્રી મહાવીર શિક્ષણ શિબિર" પણ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાઈ. ઘણા યુવાનોએ સુંદર અભ્યાસ કર્યો.

વલસાડથી વિહાર કરી પૂજ્યશ્રીએ સુરતની ધરતી ઉપર પદાર્પણ કર્યું. ગુરુદેવની વાણી સુરત શહેરમાં ગૂંજતી થઈ. ભાવિકો શ્રવણાર્થે ઊમટવા માંડ્યા.

શેઠ ને. મે. વાડી ઉપાશ્રય–ગોપીપુરામાં પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ થયો. ચાતુર્માસિક ૧૬ રવિવારીય શ્રી મહાવીર જૈન શિક્ષણ–શિબિરનું આયોજન શ્રી ગોપીપુરા જૈન સંઘે કર્યું. સમસ્ત સુરતના શ્રી સંઘે સારો એવો સાથ અને સહકાર આપ્યો. લગભગ ૧૧૦૦ યુવાનો આ શિબિરમાં જોડાયા....અને "**ज्ञानामृतं भोजनं**" ની વાત ચરિતાર્થ કરી.

દર રવિવારે ૯–૩૦ થી ૧૨–૩૦ શિબિર બાદ બપોરે ૧૨–૩૦ થી ૨–૩૦ વિવિધ દાતાઓ તરફથી શિબિરાર્થીઓની "સાધર્મિક ભક્તિ" રાખવામાં આવતી હતી. આ ભગીરથ કાર્યની ઉત્તમ વ્યવસ્થા કરવા બદલ ઉત્સાહી યુવાન વિનોદભાઈ બાબુલાલ શાહ તથા નવીનભાઈ ઝવેરીનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

દર રવિવારે બપોરે ૨–૩૦ થી ૪–૦૦ સકલ શ્રી ચતુર્વિધ સંઘ માટે "સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા" યોજવામાં આવી. જેમાં પૂજ્યશ્રીએ "કર્મ તણી ગતિ ન્યારી..." આ મુખ્ય વિષય ઉપર વ્યાખ્યાનમાળા શરૂ

કરી. જૈનધર્મમાં સર્વજ્ઞ ભગવંતે સમજાવેલ કર્મનું સ્વરૂપ સરળ અને રોચક ભાષામાં દૃષ્ટાંતો સાથે આઠ કર્મનું સ્વરૂપ સમજાવવાનું પૂજ્યશ્રીએ આ વ્યાખ્યાનમાલામાં શરૂ કર્યું. અદ્‌ભુત અને સચોટ કર્મનું શાસ્ત્રીય સ્વરૂપ સાંભળવા જનતા ચારે તરફથી ઊમટવા માંડી....

આવાં અણમોલ વ્યાખ્યાનો છપાવી પ્રસિદ્ધ કરવાની માંગને સંતોષવા "શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર" અમારી સંસ્થાએ બીડું ઝડપ્યું. અને શ્રી સુરત સંઘના ઉદાર મુરબ્બી દાનવીર શ્રેષ્ઠીઓના (જેમની યાદી આગળ આપેલી છે) સાથ અને સહકારના ઉદાર સૌજન્યથી દર રવિવારે પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી...આવો સુંદર સહકાર આપ્યો તે બદલ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

પૂજ્યશ્રીના ચાલુ વ્યાખ્યાનોમાં બેસીને શ્રી કપિલરાય નાનાલાલ ઠાકુરે ઝડપભેર પ્રવચનો ઉતારી આપ્યાં...તેમણે સુંદર અવતરણ કર્યું તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તિકાઓના શુદ્ધીકરણ માટે વિશેષ ઝીણવટભરી દૃષ્ટિથી પોતાના સમયનો જે ભોગ સુરતના જૈન સંઘના જાણીતા અને માનીતા પંડિતજી શ્રી ગુણવંતલાલ જેચંદભાઈ ઠારે આપ્યો છે તે બદલ તેમનો પણ અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

અને દર રવિવારે ઠીક સમયસર દરેક વ્યાખ્યાનની પુસ્તિકાઓ છપાવીને પ્રસિદ્ધ કરવા બદલ શ્રી મહાવીર પ્રિન્ટર્સવાલા દિનેશભાઈ શાહનો આભાર પણ અવશ્ય માનીએ છીએ.

તેમજ નેમુભાઈ વાડી પાઠશાળાના અજય, નિકેશ, અનિલ, જિજ્ઞેશ વગેરે વિદ્યાર્થીઓએ પુસ્તિકાના વિતરણનું કાર્ય સંભાળી જે ઉત્તમ સાથ આપ્યો છે તે બદલ તેમને પણ જરૂર યાદ કરીએ છીએ.

તથા વિનોદભાઈ બાબુલાલ શાહ અને જિતેન્દ્ર ચીનુભાઈ શાહે સર્વ વ્યવસ્થા માટે જે સાથ આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર.

પૂજ્યશ્રીના "કર્મતણી ગતિ ન્યારી...." વિષયક વ્યાખ્યાનની પુસ્તિકા તે જ રવિવારે તાત્કાલિક મુંબઈ પહોંચતી હતી એટલું જ નહીં... પરંતુ અમે ગૌરવ તો એ વાતનો લઈએ છીએ કે આ પુસ્તિકાઓ અમેરિકા–આફ્રિકા વગેરે પરદેશની ધરતી ઉપર પણ પહોંચી ગઈ છે. સૂરત તથા મુંબઈ, અમદાવાદ, વલસાડ, મદ્રાસ, કલકત્તા....આદિ અનેક શહેરોમાં તેમજ પૂજ્ય સાધુ–સાધ્વીઓમાં પણ ચારે તરફ આ પુસ્તિકાઓ પહોંચી છે એ જ આની ચાહના અને પ્રસિદ્ધિ પ્રગટ કરે છે.

પૂ. હરીશભદ્રવિજયજી મ. દ્વારા પ્રકાશિત સચિત્ર નવતત્ત્વ પુસ્તિકામાંથી કેટલાક ચિત્રો લીધા તે માટે તેમનો ઉપકાર.

અંતમાં "કર્મતણી ગતિ ન્યારી " સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલાની સંકલિત પુસ્તિકા કર્મનું ગહન સ્વરૂપ સમજાવવામાં ઉપયોગી નીવડો. કર્મનું સ્વરૂપ સમજી ભવભીરૂ–પાપભીરૂ બની સર્વ જીવો કર્મક્ષય–નિર્જરાનો માર્ગ સ્વીકારે, ધર્મ પંથે વળે તો આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો અમારો આ નાનો પ્રવાસ સફળ નીવડશે.

એ જ અંતરેચ્છા

આસો સુદ ૧૦, દશહરા
વિજયાદશમી, સં. ૨૦૩૮
તા. ૨૭–૧૦–૧૯૮૨.
પ્રાર્થના સમાજ, મુંબઈ.

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**
ટ્રસ્ટી મંડળ

## પ્રસ્તાવના

સમસ્ત વિશ્વના વિશાલ ધરાતલ ઉપર સિંહાવલોકન કરતા અનેક પ્રકારની વિષમતા, વિવિધતા અને વિચિત્રતા નજરે પડે છે. એક રાજા તો બીજો રંક, એક ગવર્નર તો બીજો તવંગર, એક અમીર તો બીજો ગરીબ, એક સુખી તો બીજો દુઃખી, એક સજ્જન તો બીજો દુર્જન... વગેરે અનેક પ્રકારની વિષમતા અને વિચિત્રતાની અજાયબીઓથી ભરેલો આ સંસાર છે. એક જ છોડમાં રમણીય ગુલાબ પણ છે અને અણીદાર કાંટા પણ છે. એક પથ્થર કાળો છે તો બીજો પથ્થર હીરા તરીકે લાખોમાં ખપે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય મનુષ્ય સુધી ચારે ગતિમાં સર્વત્ર આ વિષમતા પ્રસરેલી છે. એનું એક કારણ છે—"કર્મસત્તા".

કદાચ કોઈ આને કિસ્મત, કોઈ ભાગ્ય, કોઈ નશીબ, કોઈ કુદરત, કોઈ પ્રકૃતિ અલગ–અલગ નામથી સંબોધતા હશે. ભલે ગમે તે નામે કહે પરન્તુ કર્મસત્તા માન્યા વગર છૂટકો નથી. નળ અને દમયંતી જેવા પતિ–પત્નીને ૧૪ વર્ષનો વિયોગ સહન કરવો પડ્યો. મહાસતી અંજના અને પવનજયને ૨૨ વર્ષનો વિયોગ બહુ આકરો લાગ્યો. રાજ્યાભિષેકના મુહૂર્તે મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજીને ૧૪ વર્ષ માટે વનવાસ જવું પડ્યું. મહાસતી સીતાજીની પણ અગ્નિપરીક્ષા થઈ, પરમાત્મા મહાવીર જેવાને પણ કાનમાં ખીલા ઠોકાયા. ગોશાલાએ તેજોલેશ્યા મૂકી...અરે! સાધુ મરીને ચંડકૌશિક સાપ થયા, અરે! સાધ્વી મરીને ગરોળી થઈ...આ બધાનો ઉત્તર એક જ વાકય આપે છે–" કર્મ તણી ગતિ ન્યારી....".

ઘાંચીના બળદની જેમ જીવ અનાદિ–અનન્તકાળથી કર્મના અજબ ચકરાવામાં પરિભ્રમણ કરી રહ્યો છે–" કર્મ નચાવે તિમ હી નાચત..." મયણા જેવી સતી કોઢીયા પતિ સાથે પરણીને પણ સુખી થઈ, મહારાણી થઈ; શ્રીપાલ મહારાજા બન્યો. જ્યારે મયણાની બહેન સુરસુંદરીને પિતાએ ધામધૂમથી રાજકુમાર સાથે પરણાવી છતાં પણ જંગલમાં લૂંટાઈ ગઈ,

બજારમાં વેચાઈ, વેશ્યા તરીકે જીવવું પડ્યું, નાટક કરીને પેટ ભરવું પડ્યું. ચંદનબાળા જેવીની શું દશા થઈ ? તે પણ કર્મસત્તાને આભારી છે.

**કર્મસત્તાનું એક હથ્થુ સામ્રાજ્ય :** નથી કોઈ ઈશ્વર, ઉપરવાળો, કે નથી કોઈ માલિક, જે જીવોને કર્મનાં સારાં-નરસાં ફળ આપતો હોય, છતાં પણ કર્મસત્તાનું એક હથ્થુ સામ્રાજ્ય સંપૂર્ણ વિશ્વ ઉપર પથરાયેલું છે, એની સાંકળ એટલી મોટી અને મજબૂત છે કે એના સકંજામાંથી મોટા માંધાતા રાજાઓ પણ બાકાત નથી. જગતના સૂક્ષ્મથી સ્થૂલ સર્વ જીવો કર્મસત્તાની પકડમાં બંધાયેલા છે.

ડૉ. એલેકઝાંડર કેનને "હિપ્નોટિક-ટ્રાન્સ"ના અનેક પ્રયોગો મનુષ્યો ઉપર કરીને પોતાના પુસ્તક "ધી પૉવર વીધીન"માં નોંધ્યા છે અને એ સ્પષ્ટ કર્યું છે કે પૂર્વજન્મમાં આચરેલ શુભા-શુભ પ્રવૃત્તિના બદલામાં લોકો આ જન્મમાં એવા બન્યા છે. હકીકતમાં જીવો આ જન્મમાં જે સારું-નરસું પામ્યા છે તે ગત જન્મ(પૂર્વજન્મ)નું જ પરિણામ છે. જેમ પરીક્ષામાં પાસ-નાપાસ થવાનું પરિણામ આવે છે, તે જ પ્રમાણે સારા-નરસાનું પરિણામ પણ કરેલા કર્મના કારણે મળે છે. દુઃખી-દરિદ્ર, ભૂખ્યા-તરસ્યા, પીડિત મનુષ્યોને જોઈને શું આપણે એવો નિષ્કર્ષ નથી કાઢી શકતા કે આ જીવે એવાં જ ભારે કર્મ બાંધ્યાં હશે, એવું જ કર્યું હશે, બીજાને ત્રાસ-પીડા પમાડી હશે, બીજાને ખાવા-પીવા નહીં દીધું હોય, છતી શક્તિએ દાન-પુણ્ય નહીં કર્યું હોય... જેના પરિણામે આજે એમને આ દુઃખો ભોગવવાં પડે છે.

Law of Cause and effect.

**વાવો તેવું લણો અને કરો તેવું પામો :** કર્મસત્તાનો આ એક અફર નિયમ છે. માનવી કદાચ ગમે તેવા એકાંત-નિર્જન છૂપા પ્રદેશમાં પાપ કરે અને ભલે કોઈ દેખે કે ન દેખે, પણ તેનું પાપ તેના કપાળે લખાઈ જ જાય છે. માટે જ કહ્યું છે કે—"**मनुष्य अपने भाग्य का विधाता स्वयं है ।**" આપણું ભાવિ આપણા હાથમાં

છે, આપણે ધારીએ એવું ઘડી શકીએ છીએ. સુખી થવું હોય તો સારી દાન-પુણ્યની પ્રવૃત્તિ કરીને શુભકર્મ બાંધીને સારું ભાગ્ય ઘડો, અથવા દુઃખી થવું હોય તો હિંસા-જૂઠ-ચોરી, દુરાચાર, વ્યાભિચાર આદિ ખરાબ પ્રવૃત્તિ કરીને ખરાબ ભાવિ ઘડીએ અને પરિણામે દુઃખી થઈએ. પણ સંસારમાં દુઃખ કોઈને ગમતું નથી, સહુને સુખ જ જોઈએ છે, સુખી થવું છે; છતાં આશ્ચર્ય તો એ વાતનું છે કે જીવો પ્રવૃત્તિ તો ખરાબ પાપની કરે છે અને છતાં સુખી થવાની આશા રાખવી ખરેખર એ નરી મૂર્ખતા જ છે.

કેરી વાવશો તો કેરી ખાવા મળશે, અને કાંટા વાવશો તો કાંટા. પણ કાંટા વાવીને કેરી મેળવવાની આશા ક્યાંથી રખાય? કર્મસત્તાનો આ સિદ્ધાન્ત એક દિવસ વૈજ્ઞાનિકોને સમજાશે કે-જે શસ્ત્ર આપણે બીજા સામે છોડીએ છીએ તે સામેવાળાને તો વાગશે અથવા નહીં પણ વાગે પરન્તુ જે વૃત્તિથી છોડાયું છે તે પાછું આવીને છોડનારને જ ઘાયલ કરશે. ગોશાલાએ છોડેલી તેજોલેશ્યા ગોશાલાને જ ભરખી ગઈ.

શાસ્ત્રમાં એવા કથાનકો આવે છે કે-"અરે! તારા હાથ કપાઈ ગયા હતા" એમ માએ કહ્યું ત્યારે પુત્રે કહ્યું, "અરે! તને શું કોઈએ શૂળીએ ચઢાવી હતી?" બસ, એવી લેશ્યામાં આ શબ્દો બોલાઈ તો ગયા...પરન્તુ જ્યારે આગામી ભવે એ કર્મ ઉદયમાં આવ્યું ત્યારે બીજાને બોલેલું પોતાને ભોગવવું પડ્યું. જેને આપણે The law of action and Reaction" કહીએ છીએ તે જ આ કર્મસિદ્ધાન્ત છે. માટે જ્ઞાનીઓ કહે છે કે--

**સુખ જોઈતું હોય તો પહેલાં બીજાને આપો.**
**દુઃખ ટાળવું હોય તો પહેલાં બીજાનું ટાળો...**

અધ્યાત્મની નિશાળમાં કર્મસિદ્ધાન્તનો આ પાઠ આપણે શીખીએ અને આચરીએ તો અવશ્ય સુખી થઈએ. આપણે તો શું, આખો સંસાર સુખી થઈ જાય; કોઈ દુઃખી જ ન રહે. પરન્તુ કમનશીબી એ છે કે આ સિદ્ધાન્ત આજે ઊંધો ચાલે છે.

"લાઈફ રીડીંગ્ઝ"માં એડગર કેસીએ લોકોના પૂર્વજન્મના વિચાર વર્તન અને વ્યવહારના આધારે જે આગાહીઓ કરી છે તે ખરેખર સાચી પૂરવાર થઈ છે. એટલે કેસીને વધારે દૃઢ શ્રદ્ધા તો એ વાતની થઈ છે કે પૂર્વજન્મમાં આચરેલ પ્રવૃત્તિ આ જન્મના પરિણામોનું પ્રબલ કારણ છે. (અર્થાત્ કર્મસત્તા) આવા વિચારોથી પશ્ચિમનું જગત કર્મના સચોટ અને સાચા સિદ્ધાન્તને માનવા આકર્ષાયું છે. પરા મનોવિજ્ઞાન (Pera psychology) ના અનેક પ્રયોગોએ વિદેશોમાં કર્મ અને પુનર્જન્મમાં વિશ્વાસ કરાવવાનું પુલ બાંધ્યું છે.

જેમ જ્યોતિષશાસ્ત્ર એ માત્ર કોઈ એક ધર્મ કે પંથનું નથી... તેમ કર્મશાસ્ત્ર માત્ર જૈનોનું જ છે એમ નથી.. હકીકતમાં તો સર્વ જીવમાત્રને લાગુ પડે છે, પરન્તુ બીજા સર્વ દર્શનો કરતાં આટલા ઊંડાણથી અને અતિ સૂક્ષ્મતાથી જો કોઈએ ગહન વિચાર કર્યો હોય તો તે એક માત્ર જૈનધર્મે જ કર્યો છે. કર્મસિદ્ધાન્ત તો જ્યોતિષશાસ્ત્રની જેમ સર્ચલાઈટ ફેંકીને જીવોને સાવધાન કરે છે. ભાવિમાં નરકગતિ, દુઃખો વગેરે દેખાડીને ચેતવે છે કે ભયંકર પાપકર્મોથી બચો. પાપ કરશો તો દુઃખી થશો, અને ધર્મ કરશો તો સુખી થશો. કર્મશાસ્ત્ર જ્યોતિષશાસ્ત્ર કરતાં પણ વધારે સચોટ છે, સાચું છે, અને વિશ્વસનીય છે. અફર નિયમવાળું છે, માટે જ્ઞાનીઓ કહે છે કે—'દેવ-ગુરુ-ધર્મ ઉપર જેવી શ્રદ્ધા રાખો છો તેવી જ કર્મસિદ્ધાન્ત ઉપર પણ રાખો, કારણ કે આ કર્મસિદ્ધાન્ત પણ સર્વજ્ઞ એવા અનંત જ્ઞાનીઓએ જ પ્રરૂપેલો છે. કર્મનો ન્યાય એ સાચો ન્યાય હોય છે. કર્મ ક્યારે ય કોઈને પણ અન્યાય કરતું જ નથી. કર્મના સિદ્ધાન્તમાં ભેળસેળ-કે લાંચરૂશ્વત અંશમાત્ર પણ ચાલતી જ નથી. સાફ ઈન્સાફ આ કર્મસિદ્ધાન્ત આપે છે.

## કર્મબંધ નહીં, પણ હવે કર્મક્ષય....

કર્મવિજ્ઞાને આત્માને ઓળખાવ્યો, સંસાર ઓળખાવ્યો, ક્ષયના અંતે મોક્ષ બતાવ્યો, આત્માનું શુદ્ધ-અશુદ્ધ સ્વરૂપ સમજાવ્યું, કર્મથી લેપાયેલ-

ખરડાયેલ એવા આત્માને વિશુદ્ધિનો-મુક્તિનો માર્ગ દેખાડીને આત્મવિકાસ (Soul Evolution theory) નો પંથ બતાવ્યો. આત્મા વિકાસ સાધી પોતાનું અંતિમ ધ્યેય-મોક્ષ સાધે એ જ લક્ષ આ કર્મસિદ્ધાન્ત સમજાવે છે.

## "કર્મ તણી ગતિ ન્યારી".. નો પ્રાદુર્ભાવ—

ભયંકર કપરા કલિકાળના પાંચમા આરામાં સમય ખૂબ બદલાઈ ગયો છે. જગતમાં સર્વત્ર હિંસા-જૂઠ-ચોરી, કલેશ-કષાય, વિષય-કષાયનું સામ્રાજ્ય છવાઈ ગયું છે, પરમાત્માનું સ્થાન પૈસાએ લઈ લીધું છે. પૈસો માનવનો લક્ષસ્થાન બની ગયો છે, સર્વસ્વ બની ગયો છે. લોકો પાપથી અચકાતા નથી.. પાપનો ભય અને ભવનો ભય ઓછો થઈ ગયો છે...

ચાતુર્માસ માટે મુંબઈથી સુરત તરફ મારું પ્રયાણ થયું. માર્ગમાં કોઈ દિવ્ય દૈવી સંકેતની જેમ " કર્મ તણી ગતિ ન્યારી "....આ જ શબ્દો ૨-૪ વાર સ્મૃતિપટલ ઉપર આવ્યા, અને અંતે મનમાં નિર્ણય કર્યો. " કર્મ તણી ગતિ ન્યારી..." ને જ કેન્દ્રસ્થાને મૂળભૂત વિષય બનાવીને પરિધિ ઉપર ચાલવું અને ચાતુર્માસિક રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાન-માળા આ વિષય ઉપર યોજાઈ. વીતરાગશાસનના કર્મવિજ્ઞાનના સાચા સચોટ સિદ્ધાન્તો સમજાવવા યથાશક્ય પ્રયત્ન કર્યો.

જેથી સર્વ આત્માને પાપનો આંચકો લાગે આત્મ-પ્રદેશોમાં ખરેખર ધરતીકંપ થાય...આંદોલન જાગે, જેથી આત્મા પાપભીરૂ બને, ભવભીરૂ બને...અને પાપનો માર્ગ છોડે, ભવ-પરંપરા ઓછી કરે... સંસાર પરિમિત કરીને વહેલો આત્મકલ્યાણ સાધે.

**सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
**उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥**

—કલ્યાણનો માર્ગ પણ જાણી લેજો, અને પાપનો માર્ગ પણ જાણી લેજો; બન્ને માર્ગો સારી રીતે જાણી લીધા પછી જે શ્રેયસ્કર હોય તેને આચરજો.

—આ "કર્મ તણી ગતિ ન્યારી...." જાહેર વ્યાખ્યાન શ્રેણીની સંકલિત પુસ્તિકાનો પ્રાદુર્ભાવ વ્યાખ્યાન નિમિત્તે થયો છે, ચાતુર્માસિક ૧૬ રવીવારીય "શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર"માં થયો છે. આ પુસ્તિકામાં કર્મનો સિદ્ધાન્ત સમજાવવા અંગુલિ નિર્દેશ માત્ર કર્યો છે. જિજ્ઞાસુએ રુચિ જગાડીને વિશેષ વિવિધ શાસ્ત્રોમાંથી જાણી લેવું. અને ઉત્તરોત્તર કર્મનો સંસાર ઓળખી, કર્મબંધના માર્ગનો ત્યાગ કરી, કર્મક્ષયના માર્ગે ચઢી, આત્માને સ્વગુણની પ્રાપ્તિના સોપાનો ચઢાવી અનન્તના ધામે પહોંચાડવો......

સર્વ યાત્રિકો અનન્તના ધામમાં પહોંચવાની યાત્રા સફળ કરે એ જ શુભેચ્છા.

વિજયાદશમી,
ગોપીપુરા, સુરત.
તા. ૨૭-૧૦-૧૯૮૨.

લિ.
મુનિ અરુણવિજય

સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળામાં "કર્મ તણી ગતિ ન્યારી..."માં શાસ્ત્રાનુસારી કર્મસિદ્ધાન્ત સમજાવવા, પ્રભુકૃપાએ યત્કિંચિત્ પ્રયત્ન કરતા મતિભ્રમથી કોઈ ભૂલ કે દોષ રહી ગયો હોય તો તે બદલ અંતઃકરણપૂર્વક... .. મિચ્છામિ દુક્કડં...... સાથે ક્ષમા યાચું છું.

• શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રના પ્રેરક.........
• શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્રના પ્રેરક.........
• શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિરના સુકાની.........
• "કર્મ તણી ગતિ ન્યારી"...ના વ્યાખ્યાતા.........



પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
[રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા; સાહિત્ય રત્ન-પ્રયાગ]

# જેમના ઉદાર સૌજન્યથી.......

# વ્યાખ્યાનની પુસ્તિકાઓ છપાઈ....

## ...:... શુભ નામાવલી ...:...

વ્યા. નં. ૧ અને ૨–શેઠશ્રી ફૂલચંદભાઈ જેકીશનદાસ વખારીયા

વ્યા. નં. ૩–ગં. સ્વ. મફતબેન ઉત્તમલાલ ચેલજીભાઈ પેથાણી

વ્યા. નં. ૪, ૫ અને ૬ ત્રણ પુસ્તિકા–
શેઠશ્રી સુરચંદભાઈ ઝુમચંદભાઈ શાહ

વ્યા. નં. ૭–શેઠશ્રી અમુલખભાઈ પ્રેમચંદ શાહ

વ્યા. નં. ૮–શેઠશ્રી અમૃતલાલ ચુનીલાલ માલણવાલા

વ્યા નં. ૯–શેઠશ્રી કચરાલાલ લાલચંદ શાહ

વ્યા. નં. ૧૦–શેઠશ્રી અમૃતલાલ ગોવર્ધનદાસ ભરવાડા

વ્યા. નં. ૧૧–સ્વ.સૂરચંદભાઈ પાનાચંદ ઝવેરીની પુણ્યસ્મૃતિમાં
અશ્વિન મહેતા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

વ્યા. નં. ૧૨–શેઠશ્રી જયંતિલાલ મફતલાલ શાહ ખીમતવાલા
તથા શેઠશ્રી ચંદુલાલ કચરાલાલ શાહ

વ્યા. નં. ૧૩–શેઠશ્રી મોહનલાલ પરસોત્તમદાસ શાહ તથા
શેઠશ્રી શાન્તિલાલ કચરાભાઈ શાહ

વ્યા. નં. ૧૪–શેઠશ્રી જિતેન્દ્ર ચીમનલાલ શાહ માલણવાલા
તથા શેઠશ્રી રસિકલાલ ભીખાલાલ મોરખીયા

વ્યા. નં. ૧૫–સ્વ જયકોરબેન કાન્તિલાલ શાહ ભાલુંશનાવાલા
તથા શ્રીમતી લીલાવતીબેન મોહનલાલ શાહ પાલણપુરવાળા

વ્યા. નં. ૧૬–શેઠશ્રી કેશવલાલ મોહનલાલ શાહ તથા
શેઠશ્રી કકલભાઈ હુકમચંદ શાહ

આપ સર્વેનો સંસ્થા હાર્દિક આભાર માને છે...

# અવતરણકારનું નમ્ર નિવેદન.....

વિશ્વના વિવિધ ધર્મોમાં જૈનદર્શન એના કર્મ-વિજ્ઞાનના અદ્‌ભુત સિદ્ધાંતોને કારણે આગવું સ્થાન ધરાવે છે; પરંતુ કર્મ-વિજ્ઞાનનો સિદ્ધાંત એટલો અટપટો અને કઠિન છે કે તત્ત્વ કેવળ પુસ્તકવાચનથી પામી શકાતું નથી. આથી જ એ દુર્બોધ તત્ત્વને પામવાની અભિલાષાવાળાએ જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સિદ્ધાંતનો વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ઊંડો અભ્યાસ કર્યો હોય તેમ જ આધુનિક વિજ્ઞાનના કેટલાક પાસાંઓ સાથે સમન્વય સાધીને એ તત્ત્વોનું પ્રતિપાદન કરી શકે એવા ગુરુની પાસે જ વિનીત ભાવે આ સિદ્ધાંતનું પરિશીલન કરીને એ તત્ત્વને પામવું પડે.

યોગાનુયોગ કહો કે જે કહો તે સુરતને આ લાભ અનાયાસે પ. પૂ. મુનિરાજ **શ્રી** અરુણવિજયજી મહારાજે આ વર્ષના ચાતુર્માસ દરમિયાન યોજાયેલ પ્રતિ રવિવારની **"કર્મ તણી ગતિ ન્યારી..."** નામક ૧૬ વ્યાખ્યાનોની વ્યાખ્યાનમાળા દ્વારા આપ્યો. અને એનો લાભ સમય મેળવીને જે જે જિજ્ઞાસુએ મેળવ્યો એમને મન આ એક ચિરસ્મરણીય પ્રસંગ બની ગયો છે. પૂજ્ય મહારાજશ્રી જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં જ્યારે પ્રવર્તમાનકાલીન વ્યવહારજ્ઞાન, વિવિધ પ્રકારના શ્રુતજ્ઞાનો અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો દ્વારા તેમ જ એને અનુરૂપ દૃષ્ટાંતો દ્વારા પ્રતિપાદન કરતા ત્યારે એમની એ વ્યાખ્યાન-વાણીનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો જ રહે એવું સૌને લાગતું હતું.

પ. પૂ. મહારાજશ્રીએ વ્યાખ્યાન વાણી દ્વારા વહેવડાવેલી શ્રુતજ્ઞાનની ગંગાની પુનિત ધારાઓને ઝીલી લઈ અવતરણ રૂપે રજૂ કરવાની અનેરી તક મને સાંપડી એને હું મારું પરમ સૌભાગ્ય સમજું છું.

સંસારચક્ર, આત્મા, આત્માનું ભવભ્રમણ, આત્માની ઉપર પથરાયેલ ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મબંધનાં આવરણો વગેરેનું ઊંડાણથી વિશ્લેષણ

કરી જ્યારે મહારાજશ્રી આપણી સમક્ષ મૂકતા ત્યારે વિખરાયેલ મોતીની સુગ્રથિત પ્રમાણબદ્ધ માળાનું સ્વરૂપ રજૂ થતું.

મારે વિનમ્રભાવે એ હકીકતનો સ્વીકાર કરવો જ જોઈએ કે મારા અવતરણ પછી સવિશેષ પણ અથાક શ્રમ લઈને તૈયાર કરેલ આ વ્યાખ્યાનમાળાની પુસ્તિકાઓએ દૂર દૂર બેઠેલા અનેક જિજ્ઞાસુઓને એક ઉચ્ચ કોટિનું કર્મસિદ્ધાંતનું જ્ઞાન પૂરું પાડ્યું છે. હવે એ એક પુસ્તકરૂપે પ્રગટ થાય છે ત્યારે સુસંકલિત સમગ્ર વ્યાખ્યાનમાળા જિજ્ઞાસુઓને પ્રાપ્ત થશે. ત્યારે એ પુસ્તક પ. પૂ. મહારાજશ્રીની આદરપૂર્ણ સ્મૃતિનું સાધન બની રહેશે અને એ ગ્રંથનો સુરતમાં જ થયેલો આવિષ્કાર એ સુરત, સુરતના જૈન સમાજ અને સૌ કોઈના માટે એક મહાન ગૌરવ બની રહેશે.

શાંત, પ્રસન્નમુદ્રા ધરાવતા, મધુરવાણીથી જીવ માત્ર પ્રત્યે નિર્વ્યાજ પ્રેમ વહાવી રહેલા જ્ઞાનવારિધિ સમ પ. પૂ. મહારાજશ્રીને સાદર વંદન કરી **मिथ्या मे दुष्कृतम्** ઇચ્છું છું.

વિજયાદશમી, સુરત.

અવતરણકાર

**કપિલરાય નાનાલાલ ઠાકુર**

પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

—: ની શુભ નિશ્રામાં :—

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્રે

વિવિધ સ્થળે યોજેલી

# શ્રી મહાવીર જૈન શિક્ષણ શિબિર

## □ ગ્રિષ્માવકાશકાલીન શિબિરો □

(૧) ૧૯૭૯ માં સર્વોદય પાર્શ્વનાથ જૈન મંદિર, **માથેરાન નગરે.**

(૨) મે–૧૯૮૦ માં શ્રી આદિનાથ સોસાયટી, પુના–સતારા રોડ, **પુના.**

(૩) મે–૧૯૮૧ માં શ્રી વર્ધમાન આરાધના ભુવન, ગોકુળનગર, **ભીવંડી.**

(૪) મે–૧૯૮૨ માં શ્રી મહાવીર સ્વામી જૈન દહેરાસર, **વલસાડ.**

卐

## □ ચાતુર્માસિક ૧૬ રવિવારીય શિબિરો □

(૧) ૧૯૭૯ માં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, ચોપાટી, **મુંબઈ.**

(૨) ૧૯૮૦ માં શ્રી આરાધના ભુવન, ગોવાલીયા ટેંક, **મુંબઈ.**

(૩) ૧૯૮૧ માં શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસર, પ્રાર્થનાસમાજ, **મુંબઈ.**

(૪) ૧૯૮૨ માં શેઠ ને. મે. વાડી ઉપાશ્રય, ગોપીપુરા, **સુરત.**

卐

જૈનદર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
## સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષયઃ→ **'કર્મ તણી ગતિ ન્યારી....'**

પ્રવક્તાઃ→ પૂ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીયઃ શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલકઃ શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| અષાઢ સુદ ૭ | વ્યાખ્યાન પહેલું | રવિ તા. ૨૭-૬-૮૨ |
|---|---|---|

# વિષય : સંસારચક્ર અને આત્માનું પરિભ્રમણ

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામી ફરમાવે છે કે અનાદિ અનંત આ સંસારમાં જીવનું પરિભ્રમણ અવિરતપણે ચાલુ જ છે. જીવનું જન્મમરણનું ચક્કર અટક્યું નથી.

મૃત્યુથી આપણે મરીએ છીએ કે આપણાથી મૃત્યુ મરે છે?
મૃત્યુથી આપણે ડરીએ છીએ કે મૃત્યુ આપણાથી ડરે છે?
મૃત્યુથી આપણે મરતા તો નથી જ એટલે મૃત્યુથી ડરવાનું હોય જ
નહીં, છતાંય મૃત્યુથી આપણે ડરીએ છીએ.
જો કે મૃત્યુથી ડરવું ન જ જોઈએ એમ છતાં
ડરીએ એમાંય વાંધો નથી.

મૃત્યુથી મરીએ છીએ એવું આપણે માનીએ છીએ માટે મૃત્યુથી ડરીએ છીએ, પણ ચેતન આત્મા અજરઅમર છે, એ મરતો જ નથી.
આમ માનવી જન્મ–મરણથી ડરતો રહેશે અને
મરતો રહેશે તો સંસારથી છૂટી નહીં શકે.
માનવીએ મૃત્યુને મારવાનું છે. મૃત્યુને મારવું એ જ નિર્વાણ.
મૃત્યુને મારવું એ જ મોક્ષ.
પરન્તુ મૃત્યુને મારવાની આપણી કોઈ તૈયારી નથી.
મૃત્યુને સત્કારવાની આપણી કોઈ તૈયારી નથી.
આપણને મૃત્યુનો એટલો બધો ડર લાગે છે કે
અંધારામાં પણ સર્પાકારે પડેલ દોરડાને જોઈને સર્પ માની
ચીસ પડાઈ જાય છે.
આ મૃત્યુ છે શું? મરે છે કોણ? મહાપુરુષો કહે છે કે મૃત્યુ છે.
આત્મા અને જીવ એક જ છે.
આત્માનો પર્યાય એટલે બીજું નામ જીવ છે.
મૃત્યુ એટલે: દેહ અને આત્માનો વિયોગ.
જન્મ એટલે દેહ અને આત્માનો સંયોગ.
જ્યારે દેહનું અસ્તિત્વ રહેતું નથી ત્યારે પણ
એક તત્ત્વ કાયમ રહે છે. તે જ આત્મા છે.
તો પછી મરે છે કોણ? આપણે એમ કહીએ છીએ કે દેહ મરે છે.
આત્મા અજર–અમ ર છે.
જો આત્મા અજર–અમર છે એની પ્રતીતિ થાય તો
પછી મૃત્યુથી ડરવાની જરૂર શું?
મૃત્યુનો ભય જ દૂર થઈ જાય છે.

પરંતુ માનવી મૃત્યુથી ગભરાય છે.
કેમકે મૃત્યુ ક્યારે આવશે એ નક્કી નથી.
અને એથી એ સંસારના વ્યવહાર પૂરા
કરવામાં રચ્યોપચ્યો રહે છે.
પરંતુ આ જગતમાં મૃત્યુ પામનાર કોઈ પણ
વ્યક્તિ પોતાના વ્યવહાર પૂરા કરીને ગઈ નથી.
મૃત્યુ આવીને ઊભું રહે ત્યારે પણ કોઈ કહેતું નથી કે
'હું મરવા માટે તૈયાર છું.'
આજનો માનવી તો યમરાજને (મૃત્યુને) કહે કે
અરેરે ! તમે વહેલા આવી ગયા ?
હજુ તો મારે ઘણાં કામ બાકી છે, દીકરી
પરણાવવાની છે, દીકરાને વિદેશ મોકલવાનો છે.
બે દુકાનો ખોલવાની છે.
૧૯૮૨ નો માનવી તો શક્ય હોય તો મૃત્યુને પણ
No admission without permission નું બોર્ડ બતાવે !
કહે કે, એપોઈન્ટમેન્ટ લઈને તો આવવું જોઈએ ?
સંસારના માનવી બધાને એપોઈન્ટમેન્ટ આપે
પણ યમરાજ આગળ એની એપોઈન્ટમેન્ટ ચાલતી નથી.
આપણે મૃત્યુથી કેટલા ગભરાઈએ છીએ !
મૃત્યુથી ગભરાવાનું હોય ?
જૈન મૃત્યુથી ગભરાય ? જેને કર્મોના નિયમ અને
ગતિનું જ્ઞાન છે તે મૃત્યુથી ડરે ?
જો કે મૃત્યુનો ભય છે તે પણ આપણા માટે સારો છે.

મૃત્યુનો જે ભય છે, એમાં જે અનિશ્ચિતતા છે,
એ કદાચ આપણા માટે સારાં છે. કેમકે
મૃત્યુના ભયથી પણ ઘણા લોકો સારા માર્ગે–ધર્મના માર્ગે વળે છે.
મૃત્યુ એટલે દેહ અને આત્માનો વિયોગ.
આત્માના વિયોગ પછી,
મૃત દેહને એક દિવસ રાખો કે બે દિવસ રાખો
એમાં પુનઃ આત્મા નહીં આવે.
મૃત્યુ પછી જ માત્ર બે ચાર 'સમય' માં જ જીવ
અન્ય જન્મ ધારણ કરી લે છે.
૪૮ કલાક સુધી રાખ્યા પછી એ મડદાને
તમે બાળી આવો ત્યાં સુધીમાં તો કદાચ એ
જીવના બે–ત્રણ ભવ પણ થઈ ગયા હોય.

□ □ □ □

**સંસાર** અને **ચક્ર** એ બે શબ્દ છે.
સંસારના ચક્રમાં ફસાયેલાં બધાં ચક્રમ જ છે.
જે જીવને સાચો માર્ગ મળ્યો નથી, સાચી દિશા સાંપડી નથી
તે આ ચક્કરમાં અટવાઈ ગયો.
સંસારરૂપી ચકરડું છે. અને એ જ ચકરડું
તમારા વેપારમાં પણ આવ્યું છે.
મેળામાં ચક્કર ફરતું ચકરડું હોય છે ને?
એ બાળકને બહુ ગમે છે.
નાનું બાળક એમાં ખોવાઈ જાય છે.
નાના બાળકને સ્લેટ પેન આપો તો એ પણ

પહેલાં સ્લેટમાં ચકરડું કાઢશે.
ચકરડું ગજબનું છે.
એ ચક્રમાં પણ તત્ત્વજ્ઞાનનું મૂળ છે.
માનવી વિચાર કરે તો પેલા નાના બાળકે
સ્લેટમાં દોરેલા ચકરડામાંથી ય તત્ત્વજ્ઞાન પામે.

**તત્ત્વજ્ઞાન સંસારમાં ક્યાં નથી ?**

**બધે જ છે ?**

પરંતુ વિચાર કરીએ તો મળે.
બાળકે દોરેલા ચકરડામાં કેવી દાર્શનિકતા છે તે
વિચાર કરીએ તો જ જણાય.
આંખ મિંચીને સાંભળીએ તો પણ ચાલે. કેમકે
એથી સુંદર આત્મનિરીક્ષણ થશે. અને એવું
આત્મનિરીક્ષણ એ અધ્યાત્મમાર્ગનું પ્રથમ
સોપાન છે. પ્રવેશ છે.

અધ્યાત્મમાર્ગમાં આપણો કેમ પ્રવેશ નથી એ
વિચારીએ તો તરત જ જણાશે કે આત્મનિરીક્ષણ થતું નથી,
ચિત્ત સ્થિર નથી.
માળામાં વિચાર આવે છે, પેઢીના વિચાર આવે છે.
ઘરના અને છોકરાંના વિચાર આવે છે.
એટલે માળા ગણાતા નથી.
સાહેબ ! માળા ગણવા બેસું છું તો જાતજાતના વિચાર આવે છે,
એના કરતાં ગાદીએ બેસું તો સારા વિચાર આવે.

અરે ભાઈ ! એમ માળા છોડી દેવાય ?
છોકરો નાપાસ થયો પરંતુ તે નિશાળે જતો હશે તો
આ વર્ષે નહિ તો બીજે વર્ષે પાસ થશે.
પણ એને શાળામાંથી ઉઠાડી જ લો તો પાસ થવાની
શક્યતા જ નથી. એ કોઈ કાળે પાસ થવાનો નથી.
માટે માળા ગણતા રહેવી પડશે.
મનની સ્થિરતા લાવવી પડશે.
માળા ગણવાનું છોડી દેવાથી કંઈ વળવાનું નથી,

**તમે જીવને પૂછો કે હે જીવ ! છોડવા જેવું**
**તે છોડયું છે ?**
**આત્મનિરીક્ષણની એક પ્રક્રિયા છે.**
**હું ક્યાં છું ? હું કોણ છું ? હું કેવો છું ?**

અધ્યાત્મજીવનના આ ત્રણ પ્રશ્નો છે.
માનવીએ આ પ્રશ્નોનો વિચાર કરી આત્મનિરીક્ષણ કરવું જોઈએ.
—પણ માનવીને આત્મનિરીક્ષણ કરવાનું કહેવામાં આવે ત્યારે એ
અહીંની બેંકબેલેન્સનું નિરીક્ષણ કરે છે !
સ્વીટ્ઝરલેન્ડની બેંકબેલેન્સનું નિરીક્ષણ કરે છે !!
એ ઉપલા ત્રણ પ્રશ્નોના પરિપ્રેક્ષ્યમાં આત્મનિરીક્ષણ નથી કરતો.
એક ભાઈ મારી પાસે આવ્યા, મેં એમને કહ્યું :
તમને જોઈને મને થાય છે કે તમને વહેલામાં વહેલી તકે
સંયમ આપી દઉં.
ભગવાને ગૌતમસ્વામીને કહ્યું હતું તેમ મેં એને કહ્યું કે

'સંમય' માત્રનો પ્રમાદ કરીશ નહીં.
પેલા ભાઈ કહે, સાહેબ! મને ૪૮ કલાકનો સંમય આપો.
પહેલાં હું કાલે જ પ્લેનમાં સ્વીટ્ઝરલેન્ડ જઈ ત્યાંની બેંકમાંની મૂડી પત્નીના નામ પર કરી આવું પછી આપની વાત પર વિચાર કરું.
આજે કોઈને કહીએ કે ૪૮ કલાક પછી તમારું મૃત્યુ છે. એટલો સમય આપીએ તો પણ ૪૮ કલાક પછી પણ મરવા માટે કોઈ તૈયાર નથી.
ઘણાને મૃત્યુ આવ્યું ને લઈ ગયું.
૫ કરોડ કે ૨૫ કરોડ મૂકીને ગયાં.

**કરોડ મૂકીને રોડ પર જ ગયાં ને?!**

**તમે ક્યાં મરો છો? ક્યારે મરો છો? તેનો વિચાર ન કરો પણ 'કેવી રીતે મરો છો' એનો વિચાર કરો.**

કેમ કે કેવી રીતે મરો છો એ જ મહત્ત્વનું છે.

**સંસાર, પરિભ્રમણ અને આત્મા**

આ ત્રણેય પરસ્પર સંકળાયેલા છે. એમાં આત્મા મુખ્ય છે.
આત્મા ન હોત તો સંસાર ન હોત.
પરિભ્રમણ ન હોત તો સંસાર ન હોત.
સંસાર છે તો પરિભ્રમણ છે અને પરિભ્રમણ છે તો સંસાર છે.
આત્મા પર જ બધો આધાર છે.
જડ છે, પરંતુ એની કોઈ અસર નથી.
આમ છતાં, આપણા પર જડની પકડ એટલી બધી જબરી છે કે

આપણો જીવ એમાંથી છૂટતો નથી.

આપણે કદી વિચાર્યું કે,

સંસાર છોડવાનો ભાવ કેમ જાગતો નથી?

સંસાર છોડવાનો વિચાર કેમ આવતો નથી?

એ પહેલાં

આપણે સંસારને ઓળખ્યો છે ખરો? સમજ્યો છે ખરો?

પરિભ્રમણ, આત્મા અને સંસારના ચક્રનો

વિચાર કર્યો છે ખરો?

આ બધો વિચાર કરીએ ત્યારે કેવળ આપણે

આપણો જ વિચાર કરવાનો છે.

બીજાનો વિચાર કરવાનો નથી.

અહીં પરિભ્રમણનો અર્થ જુદો છે.

પરિભ્રમણ કોનું છે? કોણ કરે છે?

જડ પરિભ્રમણ નથી કરી શકતું.

જડ ૧૪ રાજલોકના તળીયેથી ઉપર સિદ્ધશિલા સુધી પહોંચી જાય

પણ જડનો મોક્ષ ન કહેવાય.

મોક્ષ જડનો નહીં, ચેતનનો થાય છે.

આપણે આપણું મૂળ શોધવું જોઈએ.

એનો વિચાર કરીશું તો પ્રશ્ન થશે કે

આત્મા આવ્યો કેવી રીતે?

ક્યાંથી આવ્યો? કોણે બનાવ્યો?

જૈન તત્ત્વજ્ઞાનમાં સંસારનો કોઈ કર્તાહર્તા નથી.

પરંતુ એવો પ્રશ્ન થાય કે
દેખાય છે તે સંસારનો પણ કોઈ કર્તા તો હશે ને?
હકીકતમાં નથી. છતાં માની લઈએ કે હશે. પરંતુ
જીવને કોણે બનાવ્યો?
આજનું વિજ્ઞાન પણ હજી લોહીનું ટીપું પણ બનાવી શક્યું નથી.
બનાવી શક્યું હોત તો રક્તદાન Blood Donation ની
જરૂર જ ન રહેત ને?
ડાયાબીટીસના દર્દીને Insuline ઈન્સ્યુલીનના ઇંજેકશનો અપાય છે
તે પણ વિજ્ઞાન બનાવી શક્યું નથી.
એ પણ બીજા જીવની ગ્રંથિમાંથી લઈને અપાય છે.
અર્વાચીન વિજ્ઞાન માનવશરીરનું એક પણ
અવયવ બનાવી શક્યું નથી.
અરે! આ 'આરસ' પત્થર પણ કોઈ
ફેકટરીમાં બનાવી શકાતો નથી.
એના જેવું બનાવી શકાતું હશે પણ એ તો નહીં જ.
આ લાકડું પણ કોઈ બનાવી શકતું નથી.
કેમકે શક્ય જ નથી.
આજે તો ઠીક પણ, લાખ વર્ષ પછી પણ વિજ્ઞાન એ
નહીં બનાવી શકે.
જીવસૃષ્ટિ જ એવી ગજબની વિચિત્ર છે કે
કોઈ બીજું એ બનાવી શકતું નથી.
એમ આત્મા પણ કોઈ બનાવી શકતું નથી.
ઘણાં કહે છે કે શીરો બનાવવો એમાં શું?

લોટ, ઘી, પાણી અને સાકર ભેગાં કરો એટલે શીરો.
તપેલીમાં આ ચારેય ચીજો ભેગી કરો. થાય શીરો?
એની પણ નોખી પ્રક્રિયા છે.
શીરો તો શું? ઘણાંને ખીચુ બનાવતાં પણ નથી આવડતું.
આપણે સંસાર બનાવવાનો નથી.
આપણે **સૃષ્ટા** નથી, **દ્રષ્ટા** છીએ.
પાણીના પ્રવાહમાં, ધસમસતા પૂરમાં
હું ક્યાં છું? તે મારે જોવું છે.
**"प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा"**
—તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિ ભગવંતે આ વ્યાખ્યા આપી છે.
દેહ અને આત્માનો વિયોગ એ જ મૃત્યુ.
પરંતુ દેહ અને આત્માનો વિયોગ કરાવવો એજ હિંસા.
ઈરિયાવહીમાં જે દશ પ્રકારની હિંસા બતાવી છે
એ દશમા પ્રકારની જીવવિરાધના છે.
જીવને જીવનથી છોડાવે એ વિરાધના.
દેહ છોડીને આપણે જોયું છે?
દેહ આપણે છોડ્યો છે.
એ ભૂતકાળ હતો. તો પછી આપણું મૂળ છે ક્યાં?
મૂળભૂત રીતે કોઈએ જીવ બનાવ્યો નથી તો પછી
જીવ આવ્યો ક્યાંથી? એ પ્રશ્ન ઊઠે છે.
આપણે જાણીએ છીએ કે બટાકામાં અનંતા જીવ છે.
ધન્ય છે વીતરાગ ભગવાનને કે જેમણે કેવળજ્ઞાનથી

આ બધું જાણી આપણને જણાવ્યું.
એક નાનકડા બટાકામાં અનંતા જીવ!
તો આપણું મૂળ સ્થાન ક્યાં છે?
મરઘી પહેલી કે ઈંડુ? બીજ પહેલું કે ઝાડ?
આ સ્થિતિને આપણે અનવસ્થા કહીએ છીએ.

## વિરાટ બ્રહ્માંડનું સ્વરૂપ

સંસાર અનંત છે.
એનો ભૂતકાળ ગજબનો છે.
આ અનંતામાં આપણે ક્યાં?
આપણું મૂળભૂત સ્થાન ક્યાં?
વિરાટ બ્રહ્માંડ છે.
એમાં કીડીના પગ જેટલું લોકાકાશ છે.
બાકીના બ્રહ્માંડમાં કોઈપણ પ્રકારની જીવ કે અજીવ સૃષ્ટિ નથી.
એને આપણે અનંત આકાશ કહ્યું.
પેલું કીડીના પગ જેટલું લોકાકાશ કે
જ્યાં સર્વ પ્રકારના લોકની વસ્તી છે.
જ્યારે બાકીનું અલોકાકાશ જે અનંત છે.
આપણે લોકાકાશનો વિચાર કરીશું તો
એ ૧૪ રાજલોક પ્રમાણનું છે.

## નિગોદનું સ્વરૂપ

એમાં ઠાંસી ઠાંસીને જીવ ભર્યા છે!
કાજળની ડબ્બીમાં જેમ કાજલના કણોને

ઠાંસી ઠાંસીને ભરીએ એ રીતે ભર્યાં છે!
એ લોકાકાશમાં પણ અસંખ્યાત ગોળા છે.
એ ગોળામાં રહેલા જીવોને નિગોદ કહેવામાં આવે છે.
એ પ્રત્યેક ગોળામાં અનંતા જીવ ભરેલા છે.
આ અસંખ્યાત ગોળામાંથી એક ગોળાના
અનંતમા ભાગના જ જીવો આજ સુધી મોક્ષે ગયા છે.
જીવો હજી એક જ ગોળામાંથી બહાર આવ્યા છે.

## સિદ્ધ પરમાત્માનો અનન્ત ઉપકાર

એ ગોળામાંથી નીકળેલો એક જીવ જ્યારે મોક્ષમાં જાય છે
ત્યારે જ નિગોદમાંથી બીજો એક જીવ બહાર આવી શકે છે.
જીવને મોક્ષમાં જતાં એક 'સમય' જેટલો જ વખત લાગે.
'સમય' એટલે આંખના પલકારામાં અસંખ્ય 'સમય' થાય છે.
એમાંના 'એક' સમયમાં જ જીવ મોક્ષે પહોંચી જાય.
જ્યારે સંસારમાં આવનાર જીવને કેટલું ફરવું પડે છે?
એની શી અવસ્થા હશે? એ બધું તપાસો.
કેમકે આપણે સૌ એ જ પેલા નિગોદના ગોળામાંથી
આવ્યા છીએ.
આ નિગોદમાથી આપણને જન્મ આપનાર સિદ્ધ ભગવંત છે.
અને એથી જ આપણે
**નમો સિદ્ધાણં** કહીએ છીએ. કેમકે આપણને નિગોદમાંથી બહાર
કાઢવા માટે કોઈકને કોઈ સિદ્ધ ભગવંત મોક્ષે ગયા.
પણ આપણે એ નથી જાણતા કે આપણા ટાઈમે

વ્યક્તિગત કયા સિદ્ધ ભગવંત મોક્ષે ગયા હશે?
ભગવાનને પણ પૂછવામાં આવે તો એ કહે કે
આ ગોળામાં અનંતા જીવો છે.
મોક્ષમાં પણ અનંતા જીવો ગયા છે.
અને એથી નિગોદમાંથી જન્મ આપનાર
સિદ્ધ ભગવંત આપણી માતા છે.
હવે જ વિચાર કરવા જેવું છે.
લોકાકાશમાં જે અસંખ્યાત ગોળા છે તેમાંથી
કયા ગોળામાંથી આપણે આવ્યા?
કેટલા ગોળા ખાલી થયા?
હજુ તો એક જ ગોળામાંના અનંતમા ભાગમાંથી
આપણે બહાર આવ્યા.
છતાં રાજી થવા જેવું છે કે
એમાં આપણો નંબર લાગી ગયો છે.
જૈન જીવવિજ્ઞાનની દૃષ્ટિએ આત્માના પ્રકાર નથી.
દેહના પ્રકાર પ્રમાણે જીવનો વિચાર કરવાનો છે.
જીવના ચાર પ્રકાર છે.
દેવ, નારકી, તિર્યંચ અને મનુષ્ય.
નરકમાં રહેતાં જીવ નારકી કહેવાય.
એ નરક કરતાં પણ નિગોદની સ્થિતિ અત્યંત ભયંકર છે.
અનંતાને ભેગા રહેવા માટે શરીર એક જ.
ત્યાંની સ્થિતિની અપેક્ષાએ તમે બધા આ સભામાં બેઠા છો

તે તો બહુ સારી સુખદ રીતે બેઠેલા ગણાવ.

તિર્યંચ ગતિ પણ કેટલી વ્યાપક છે?

એમાં પશુપક્ષીની અનેક ગતિ છે.

(૧) એક ઈન્દ્રિયવાળા, (૨) બે ઇન્દ્રિયવાળા, (૩) ત્રણ ઈન્દ્રિયવાળા, (૪) ચાર ઈન્દ્રિયવાળા અને (૫) પંચેન્દ્રિય.

એકેન્દ્રિય એટલે માત્ર સ્પર્શેન્દ્રિયવાળા જ જીવ.

એમાં પણ પાછા પ્રકાર.

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય.

વનસ્પતિકાય કેટલા ?

પ્રતિક્રમણમાં સાત લાખના સૂત્રમાં આપણે બોલીએ છીએ–

દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય,

ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય.

એમાંય પાછા પ્રત્યેક અને સાધારણ.

સાધારણ એટલે અનંતકાય.

સાધારણમાં પણ બે પ્રકાર.

બાદર અને સૂક્ષ્મ.

બાદર એટલે સ્થૂળ....કાંદા બટાકા વગેરે.

સૂક્ષ્મ–સાધારણ એટલે આંખે દેખાય નહીં તે નિગોદ.

નિગોદમાંથી બહાર નીકળ્યા પછી આવી અનંત જીવસૃષ્ટિના ચક્કરમાં ફરતા ફરતા છેલ્લે આ માનવજન્મ મળ્યો.

# નિગોદમાં જીવના પ્રકાર

નિગોદમાંથી જીવ બહાર કેવી રીતે નીકળે છે ?
નિગોદમાં બે પ્રકારના જીવ છે,
એક અવ્યવહાર રાશિના અને બીજા વ્યવહાર રાશિના.
અવ્યવહાર રાશિવાળા જીવ નિગોદમાંથી
જે હજુ સુધી બહાર નીકળ્યા નથી તે.
નિગોદના ગોળામાંથી બહાર નીકળી સંસારમાં પરિભ્રમણ કરી
જે પાછા ગોળામાં આવ્યા છે તે વ્યવહારરાશિવાળા જીવ.
તમને નવાઇ લાગશે કે જીવ નિગોદમાંથી
એક વાર નીકળ્યા પછી પાછો જાય !
પરંતુ અવ્યવહારરાશિવાળા જીવને એક સગવડ છે કે
જો સંસારમાંનો કોઈ એક જીવ મોક્ષે જાય તો એને
નિગોદમાંથી બહાર નીકળવાની તક રહે છે.
પરંતુ વ્યવહારરાશિ નિગોદવાળા જીવને
આવી તક ફરીથી મળતી નથી.

ત્યાં કેટલો કાળ રહેવું પડે તેનો ખ્યાલ ન આવી શકે.
પરંતુ જીવના નિગોદમાં જ મૂળભૂત ત્રણ પ્રકાર છે.
એ ત્રણમાં અભવ્ય, ભવ્ય અને જાતિ ભવ્યનો સમાવેશ થાય છે.
આ ભેદ મૂળમાં જ છે. જેમ એક જ છોડ પરના મગમાં
એક કોરડું હોય અને બીજો સીઝે એવો હોય.
કોરડું ગમે તે કરો પણ સીઝે નહીં.
આ ત્રણ પ્રકારમાં **ભવ્ય** ભાગ્યશાળી જીવ છે.

એ મોક્ષમાં જઈ શકે છે.

જ્યારે બીજા સંસારમાં પરિભ્રમણ કરે છે.

પરિભ્રમણના બે પ્રકાર છે.

એક, કેન્દ્રીય બિંદુની આસપાસના પૂર્ણ વર્તુળ જેવા

અને બીજા ગોળ ગૂંચળાં જેવાં

Circle and Spiral જેવા

પહેલા પૂર્ણવર્તુળમાં છેડો ક્યાં છે એ ખબર જ ન પડે.

જ્યારે બીજા ગૂંચળાવાળા વર્તુળના બે છેડા

ક્યારેય મળતા જ નથી.

આ પરિભ્રમણ પણ ગજબનું છે.

અનંત કાળ સુધી ચાલ્યા કરે.

મહાપુરુષોએ એને માટે અનંત

પુદ્ગલપરાવર્તન કાળ શબ્દ વાપર્યો છે.

જૈનશાસનની કાળગણનાની થીયરી અદ્ભુત છે.

એની જોડ જગતમાં નથી.

કોઈ કહેશે કે 'પ્રકાશવર્ષ' ની (Light year ની) ગણના વર્તમાન વિજ્ઞાને કરી છે છતાં?

હા. એ જૈનધર્મની Time Theary કાળગણના ખાનગી નથી. જાહેર છે, જે બીજા કોઈ પાસે નથી.

જીવ અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે.

જીવ નિગોદમાંથી બહાર આવ્યા પછી સૂક્ષ્મમાંથી બાદર.

પ્રત્યેક વનસ્પતિકાય વગેરેમાંનું ભ્રમણ જાણવા છતાં

માનવી પાપ કરતાં અટકતો નથી.

એનાં પાપકર્મ ચાલ્યા જ કરે છે.

જન્મમરણનું ચક્ર પણ ચાલ્યા જ કરે છે.

**પૃથ્વીકાય**

પૃથ્વીકાયમાં પથ્થરની સ્થિતિ કેવી!

એ જીવની સ્વકાય સ્થિતિ પણ કેટલી લાંબી!

એ પથ્થરમાં પણ જાતજાતના અને ભાતભાતના પથ્થર!

દરિયાનો પથ્થર અને મીઠું પણ બને,

અને એમાં પણ કંઈક અકામ નિર્જરા કરી હોય
અને શુભ નામકર્મ બાંધ્યું હોય તો સારા સ્વરૂપે આવે
સુરતના હીરાબજારમાં.
એકેન્દ્રિયમાં પણ સારી ચામડીવાળો ચળકતો પથ્થર એ હીરો.
પણ હીરો આવે એટલે એની ચામડી ઘસી નાંખવામાં આવે
એને કાપીને છોલી નાંખવામાં આવે. પછી એને વીંટી, બુટ્ટી,
હાર કે જડમાં જડીને કાન, નાક, આંગળીએ અને ગળામાં
પહેરીને માનવી શોભા કરતા નીકળે.
મનુષ્ય મરે તો એનું સ્થાન સ્મશાનમાં; પણ આ એકેન્દ્રિય મરે
તો એ ભાગ્યશાળી કે તમારા જેવાનાં અંગો પર સ્થાન પામે.

**એ એકેન્દ્રિય તમારી ખાતર મરે છે કે**
**એની ખાતર તમે મરો છો?**

પૃથ્વીકાયમાં એ પછી તો માટી, પારો, ધાતુ, વગેરે પણ બને.
ધાતુય એકેન્દ્રિય.

ખાણમાંથી ખોદી અનેક આરંભ-સમારંભ પછી
ગાળીને સોનું બનાવાય.

એ સોનાને ભેગું કરાય અને શરીર પર

કિલો દોઢ કિલો જેટલું લાદવામાં આવે!

હાથ, પગ, કમર, ગળું એ બધા અંગોને શણગારાય!
મહાપુરુષોને, તમને જોઈને દયા આવે છે.
એકેન્દ્રિયના મડદાને લઈને ફરનારો અને એ મડદાનું પ્રદર્શન
કરનારો માનવ કેવો અજ્ઞાની અને પામર છે.

**અપ્‌કાય**

ઝાકળ, કુવા, તળાવ, વરસાદ, નદી અને દરિયાનું પાણી.
કેટલાં પ્રકારનાં પાણી?
પૃથ્વી પર પાણી ત્રણ ભાગ.
એટલે પૃથ્વી કરતાં ત્રણગણું પાણી.
પાણી તો ઠીક પરંતુ એમાં અપ્‌કાય જીવ કેટલા?
અસંખ્ય જીવ પાણીના એક બિંદુમાં!

**અગ્નિકાય**

અગ્નિકાયમાં લાઈટ, લાઈટર વગેરે. સીગરેટ
સળગાવવી હોય એટલે ચપ દઈને લાઈટરની ચાંપ દબાય
અને ક્યાંય ને ક્યાંયથી જીવને સળગવું તો પડે.
અને જેવી સીગરેટ સળગી રહી કે તરત લાઈટર બંધ.
એ અગ્નિકાય જીવનું જન્મ અને મરણ પણ કેટલું ટૂંકું!
એને જન્મ આપવા માનવ તૈયાર અને મારવા
માટે પણ માનવ તૈયાર!
તમારા શોખની એક મિનિટમાં કેવો વિનાશ!
એક કાયના નહીં, છ એ છ કાયના જીવ મરે છે.
સીગરેટનો કાગળ પૃથ્વીકાયમાંથી બને,
એમાં ભેજ હોય જ એટલે અપ્‌કાય.
સળગાવો એટલે અગ્નિકાય.

ધુમાડો ખેંચો એમાં વાયુકાયના જીવ મરે.
સીગરેટમાં ભરેલો તમાકુ વનસ્પતિકાય.
અંદર જે નાના જીવો કે કંથવા હોય તે ત્રસકાય.
આમ તમે છ એ છ કાય જીવનો કચ્ચરઘાણ કરી નાખ્યો.
આનું પરિણામ ?

**તમે મારો છો તે જ તમને મારનાર થાય.**
**અને એથી જ ગતિનું ચક્ર ચાલ્યા જ કરે.**

**વાયુકાય**

કેટલી કેટલી જાતની હવા. ઠંડી, સૂકી, ગુલાબી.
ઘરમાં ચાંપ દબાવી કે પંખો ચાલુ,
તમને થોડી હાશ થઈ પણ
તમે કેટલા વાયુકાય જીવનો વિનાશ કર્યો ?
જીવ કેટલીય નિર્જરા કરે ત્યારે પરિણામે
એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય ગતિ જીવને પ્રાપ્ત થાય.

**બેઇન્દ્રિયમાં**

સુખડી ને ગળપણ ખાધાં, પેટમાં કરમિયાં થયાં.
ડૉ. નો ડોઝ લીધો.

કેટલાંય, રીંગવર્મ, થ્રેડ વર્મ, ટેપ વર્મનો નાશ થયો ? !
અહીંથી મરીને એ જીવ વરસાદમાં અળશિયો થયો. રસ્તા પર ગયો. તમારી ગાડીનું પૈડું આવી એનો કચ્ચરઘાણ કરી ગયું. એમાંથી વળી શંખલો થયો.

**જીવને કોઈ ને કોઈ દેહ ધારણ કરવો જ પડે છે.**
**સંસારમાં કોઈ જીવ દેહ ધારણ કર્યા વિના**
**કોઈ કાળે રહી શકતો નથી અને રહેતો નથી.**

# દેહ વિનાની જીવની સ્થિતિ એ જ મોક્ષ

## ત્રણ ઇન્દ્રિય

ગજબની અકામ નિર્જરાના પરિણામે જીવ
ત્રણ ઇન્દ્રિયમાં આવ્યો.

ત્રણ ઇન્દ્રિયમાં કીડી, મંકોડા, જૂ, ઇયળ,
ધનેડા વિગેરેના ભવો કરે છે.

## ચાર ઇન્દ્રિય

ચૌરેન્દ્રિયમાં આવી જીવ માખી, મચ્છર, ભમરો, તીડ વગેરેના ભવો કરે છે.

## પંચેન્દ્રિય

એ પછી જીવ વધુ નિર્જરા કરીને પંચેન્દ્રિય ગતિ પ્રાપ્ત કરે.

જેમ તેમ કરીને મરઘીનો જન્મ ધારણ કરે:

તો એ જન્મે એ પહેલાં જ એનાં ઈંડાનો ભોગ લેવાય!

કહેવાય કે 'વેજીટેરિયન ઈંડા' છે!!

કોઈકના જીવનો તમે શા માટે ભોગ લો છો?

વેજીટેરિયન હોય તો શાકભાજીની જેમ જમીન પર ઉગાડોને?
કેટલાંક ઈંડાને 'નિર્જીવ' કહે છે!

હવે તો લોકો 'જૈન ઈંડુ' કહેતાં પણ અચકશે નહીં.

જીવ અને આત્માના સંયોગ વિના

ઈંડા પરનું સફેદ કોચલું થઈ શકે જ નહીં.

એકલું સફેદ કોચલું પણ બનાવી આપો ને?

આ મરઘીના પાલન માટે પણ વિદ્યુત પ્રકાશ

અને માછલીનો પાવડર જોઈએ!!

**જેમ જેમ માનવી બુદ્ધિશાળી બને છે તેમ તેમ તે વધુ વિનાશના માર્ગે પહોંચે છે.**

આ હિંસાને વ્યાપક બનાવવા માટે
સરકારે પોલટ્રી ફાર્મોને કરમુક્ત કર્યા છે.
આપણા ડોકટરોને એમાં જ પ્રોટીન અને કેલેરી દેખાય છે!
અડદની દાળ, ચણા અને મગફળીમાં જેટલી કેલેરી અને પ્રોટીન છે તેટલાં એમાં નથી.
આ બધાં ભયંકર પાપોનાં પરિણામ આપણે જાણતા નથી.
કેવળી ભગવંત તો બધું જ જાણે છે.

## ગુરુ–શિષ્યનો પ્રસંગ

એક ગુરુ હતા.
એમના બે શિષ્ય હતા.
બેમાંથી વારસદાર કોને બનાવવો એ કોયડો હતો.
પરીક્ષા કરવા ગુરુએ બંને શિષ્યોને એક એક કબૂતર આપી કહ્યું કે આ કબૂતરને કોઈ ન જોતું હોય એવા સ્થળે મારીને આવો.
એક શિષ્યે વિચાર્યું કે
આ કયું મોટું કામ છે. એ તો ગયો એક ઓરડામાં. બારણું કર્યું બંધ અને કબૂતરની ડોક મરડી નાંખી.
ગુરુજી પાસે આવીને કહે, મેં આપે સોંપેલું કાર્ય કર્યું.
ગાદીનો અધિકારી હું છું માટે મને આપો.
ગુરુજીએ કહ્યું કે બીજાને આવવા તો દે.
બીજો શિષ્ય જંગલમાં ઝાડ નીચે ગયો અને જેવો કબૂતરની ગરદન મરડવા જાય છે ત્યાં ઉપરથી કાગડાએ કા, કા, કા, કરી મૂક્યું. શિષ્યે કબૂતરને ન માર્યું. કારણ? કાગડો તો જુએ છે ને? એક ડુંગરની ગુફામાં ગયો તો ત્યાં પણ કંઈક અવાજ સંભળાયો.

ત્યાં પણ કબૂતરને ન માર્યું કેમકે કોઈક જોતું હતું.
કોઈ બંધ સ્થાનમાં ગયો, કે જ્યાં એકાંત હતું.
અહીં એકાંત છે. નિરાંતે કબૂતરને મારી શકાશે.
કોઈ જ જોતું નથી.
તમે કહો છો ને કે એકાંત પાપ કરાવનાર છે.
યોગીઓ પણ એકાંત ઇચ્છે છે.
એકાંત, યોગી અને ભોગી બંનેને ગમે.
પેલા શિષ્યે વિચાર્યું કે ગુરુજીએ કહ્યું છે કે
'કોઈ જોતું ન હોય' ત્યાં કબૂતરને મારજે.
અહીં હું તો જોઉં છું ને?
પણ હું આંખ બંધ કરી દઉં તો?
એમ વિચારી એણે આંખ બંધ કરી.
અજાણતા કે આંખ બંધ કરીને ઝેર પીધું હોય તો એની અસર થાય ખરી કે નહીં?
ઝેર કહે છે કે તારા માટે હું ભલે અજાણ્યું છું. પરન્તુ મારા માટે તું અજાણ્યો નથી.
એકાંતમાં કે અજાણતા કરેલ હોય છતાં પાપકર્મ તો બંધાય જ છે.
શિષ્યે આંખ બંધ કરી. છતાં એને લાગે છે કે
હજુ કોઈક જોઈ રહ્યું છે.
ઉપરવાળો—ભગવાન જુએ છે.
કોઈ ભલે ન જોતું હોય પરન્તુ કેવળજ્ઞાની ભગવંત તો બધું જ જોઈ શકે છે. જુએ છે.
આવો વિચાર કદી પણ આવે તો

**પાપ પર કાપ મુકાઈ જાય. પણ**

**તમારે ત્યાં પાપ પર કાપ આવ્યો નથી.**

ઘરખર્ચમાં કાપ આવ્યો નથી.
ગમે તે થાય આટલું દૂધ તો આવશે જ.

ગમે તેટલી મોંઘવારી હોય પણ

ઘરખર્ચમાં કાપ મુકાય નહીં. જે જોઈએ તે લાવવું જ પડે.

પેલા શિષ્યને હવે થયું કે એવું કોઈ સ્થાન નથી

કે જ્યાં કોઈ જોતું ન હોય.

એ પાછો ગુરુજી પાસે આવ્યો અને

કબૂતરને ઉડાડી મૂક્યું.

ગુરુજીને કહ્યું કે ગુરુદેવ!

મારે ગાદી જોઈતી નથી.

એવી કોઈ જગ્યા નથી કે જ્યાં કોઈ જોતું ન હોય.

એથી મેં કબૂતર માર્યું નથી.

એને જીવતું છોડી દીધું છે.

આપણા જૈનશાસનમાં ભગવાનનો ભય નથી,

ભવનો ભય છે, પાપનો ભય છે.

**જેને પાપનો ભય લાગ્યો, ભવનો ભય લાગ્યો**
**તે જીવ પામી ગયો.**

હું તમને સૌને પૂછું છું.

જવાબ આપવો હોય તો આપજો.

તમને પાપનો ભય છે? કે

પાપ કરતાં પકડાવાનો ભય છે?

સભા: પાપ કરતાં પકડાવાનો ભય છે.

જો માનવીને પાપનો ભય હોત તો બીજી વાર પાપ કર્યું ન હોત.
કોઈ જોતું નથી એટલે પાપ કરીએ, તો પણ
પાપની અસર તો થાય જ.

卐 સૌજન્ય 卐

# શેઠશ્રી ફૂલચંદભાઈ જેકીશનદાસ વખારીયા

નવાપુરા, સુરત.


—: પ્રકાશક :—

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ-૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ**-૪૦૦ ૦૦૨.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય → 'કર્મ તણી ગતિ ન્યારી....'

પ્રવક્તા → પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય : શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| અષાઢ સુદ દ્વિ. ૧૩ | વ્યાખ્યાન બીજું | રવિ તા. ૪-૭-૮૨ |
|---|---|---|

# વિષય : સંસારચક્ર અને આત્માનું પરિભ્રમણ

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામી ફરમાવે છે કે અનાદિ અનંત આ સંસારમાં જીવનું પરિભ્રમણ ચાલુ જ છે.

જીવ ચારે ગતિમાં ગયો અને પાંચેય જાતિમાં જન્મ્યો.

એ જ્યાં ગયો ત્યાં એક જ પ્રકારની ઘણી મહેનત કરી.

એણે મહેનત ઘણી કરી પણ કેવળ સુખ મેળવવાની અને દુઃખ ટાળવાની.

જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય કે પંચેન્દ્રિયમાં જનમ્યો હોય પણ એની મહેનત એક જ.

સુખ કેમ મળે અને દુઃખ કેમ ટળે એની જ સતત મહેનત.

કીડી જેવો જીવ પણ સાકરની કણી મેળવવા કેટલી મહેનત કરે ?

મળ્યા પછી પણ તરત ખાવા નથી બેસતી.
તમેય દુકાનનો ગલ્લો લઈ જઈને કો'કને સોંપવાનાને ?
પછી એ તમને કહે કે
તમારે જોઈએ તેટલા મારી પાસેથી માગી લેજો. કેવી પરાધીનતા !
એમ કીડી પણ કણી મોટી હોય, ઉપડતી ન હોય
તો પણ બીજી કીડીઓની સહાયથી ઊંચકીને
દર ભેગી કરે અને પછી નિરાંતે ખાય.
સુખને માટે જ આ મહેનત છે ને ?
સુખી થઈ ગયેલા હોય તેય મહેનત કરે !
ભેગા મળે ત્યારે કહે કે હું સુખી છું.
બે અબજ પડયા છે. હવે તો હું બેત્રણ કલાક જ ધંધો કરું છું.
ગમે તેટલું મળે પણ એમને
સુખ, શાંતિ અને સંતોષ મળતાં નથી.
તોય પાછા અમારી 'સુખસાતા' પૂછે !
'સુખસાતા' અમારી પૂછવાની કે તમારી ?!
સાધુએ તો સુખ છોડયું છે.
સાધુએ જે છોડયું છે તે મેળવવાની તમારી મહેનત છે.
સાધુને કોઈ ચિંતા નથી. મેળવવાની મહેનત નથી. કેમકે
સાધુએ તો બધું છોડયું છે.
પરન્તુ તમે સૌ સાધુએ જે છોડયું એની પાછળ પડયા છો.

□ □ □ □

જીવની નાસભાગ ચાલુ છે, દોડધામ ચાલુ જ છે.
જન્મમરણના ચકરાવાનું પરિભ્રમણ પણ ચાલુ જ છે.
આ કોણ કરે છે ? કોણ કરાવે છે ?
એ પરિભ્રમણ કરાવનાર શક્તિ શું છે ?
એ આપણે શોધવું છે. જાણવું છે.
વ્યવહારમાં લોકો કહે છે કે :
કિસ્મત, ભાગ્ય, ઉપરવાળો. પણ મૂળ સત્તા કોણ છે ?

એ આપણે જોવું છે?
જીવ સંસારમાં કેવી રીતે ફરે છે?
જીવ સંસારમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે ને?
દેરાસરમાં 卐 સાથિયો કાઢો છો ને?
એનો હેતુ અને લક્ષ જુદા છે.
**જિનશાસનમાં કોઈ પણ ક્રિયા હેતુ વિનાની વ્યર્થ નથી.**
ભગવાનના જન્મથી માંડી નિર્વાણ સુધીની ક્રિયા.
ભગવાનની જળપૂજાથી માંડી ધ્યાન સુધીની ક્રિયા.
એ સર્વમાં અદ્ભુત રહસ્ય છે.
ઘણા લોકો હેતુ સમજ્યા ન હોય કે
હેતુ સમજવાનો કદી પ્રયત્ન જ કર્યો ન હોય તે એમ કહે કે
"એમાં શુ છે? હું એમાં માનતો નથી."
સમજ્યા વિનાની તમારી માન્યતાથી કાંઈ થવાનું નથી.
તમારી માન્યતા તમારા માટે જ રહેવાની, બીજા માટે નહીં!

□ □ □ □

કાળ, સમય, **Time,** અનંતકાળ.
જૈનશાસનની કાળગણના અનંત પુદ્ગલપરાવર્ત કાળની છે.
આ જીવે એટલો કાળ નિગોદમાં કાઢ્યો.
જ્ઞાની ભગવંતે કહ્યું છે કે નિગોદમાં
માત્ર આંખના પલકારામાં સાડાસત્તર જન્મ-મરણ થાય છે.
જન્મ-મરણની અકથ્ય વેદના કહેવાનો કોઈ અર્થ જ નથી.
જ્ઞાની ભગવંત કહી શકે પરન્તુ એ વેદના તો
અનુભવે જ જાણી શકાય.
તમે ૧૦×૧૦ની રૂમમાં દસ જણ રહેતા હો તો
અકળાવ ને? પછી જાવ ને ફ્લેટમાં? પણ
૧૦×૧૦ની રૂમમાં ૧૦ ને બદલે એકસો કે
હજારને ખડકવામાં આવે તો? શ્વાસ લેવાની પણ

જ્યાં તકલીફ છે ત્યાં કેટકેટલી વેદના હશે?
નિગોદમાં તો એક જ ગોળામાં અનંતાએ સાથે રહેવાનું
એક જ સાથે શ્વાસ લેવાનો, એકી સાથે
આહાર લેવાનો, એકી સાથે જ જન્મ અને મરણ!
અનંત પુદ્‌ગલ પરાવર્તકાળ થઈ ગયો.
હજુ નિગોદનો એક ગોળો પણ ખાલી થયો નથી.
એવાં અનંતા ગોળા ક્યારે ખાલી થશે.
એની ગણતરી મૂકી જોજો.
પણ જીવ નિગોદમાંથી બહાર નીકળ્યા પછી
આ બધી નિગોદની વેદના ભૂલી ગયો.
જીવની, નિગોદમાં પાછા જવાની તો તૈયારી નથી ને?
એવા ભયંકર પાપના આરંભ-સમારંભ તો નથી?
આવા જીવ પાછા જ્ઞાની ભગવંતોને ગતિ પૂછવા જાય છે!
જ્ઞાની ભગવંત કહે છે, 'તું તારો વિચાર કર.
જેવું કાર્ય કર્યું હશે તેવું પરિણામ મળવાનું છે.'
કોઈ સંબંધી મરે છે ત્યારે તમે છાપામાં છપાવો છો ને?
"...સ્વર્ગવાસી થયા છે."
બધાં જ સ્વર્ગવાસ લખે. કોઈ નરકવાસ લખતું જ નથી.
પિતાની મૃત્યુ વખતે પુત્ર પત્ર લખે તેમાં લખે છે ને કે
'મારા પૂજ્ય પિતાશ્રી સ્વર્ગવાસ પામ્યા છે.'
એવો કાગળ વેવાઈને પણ લખાય ને?
વેવાઈ જવાબ આપે છે ને?
'આપના પિતાશ્રી **સ્વર્ગવાસી** થયા એ બહુ **ખોટું** થયું'
વેવાઈ કહે છે કે, 'હું બધું જાણું છું.
રાત્રે ૧૨ વાગે કઈ હોટલમાં ખાતા તેય હું જાણું છું.
છતાંય તમારા પિતા સ્વર્ગમાં જાય?'
બધાને સ્વર્ગમાં જવાનું! બીજી કોઈ ગતિ જ નથી?

તમે તમારા દીકરાને કહેતા જવાના છો કે
બેટા મારા મૃત્યુ પછી પત્ર લખે તેમાં લખજે કે,
"મારા પિતા નરકવાસી થયા છે?"
પણ તમને બધાને સ્વર્ગની એટલે સુખની ગતિ ગમે છે.
માટે સ્વર્ગવાસ લખો છો અને ઇચ્છો છો.
તમે માનો છો કે દેવગતિ ઉત્તમ!
એમાંય ચાર પ્રકાર. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક.
દેવગતિમાંય વ્યંતર ગતિ પામ્યા તો?
વ્યંતરમાં ભૂત. પ્રેત, ડાકણ થયાં તો?
એ કદી વિચાર્યું નથી. પણ તમને લખવું તો 'સ્વર્ગવાસ' જ ગમે.
પણ સંસારમાં એનો રોકડો જ જવાબ મળી જાય છે.
જીવ આશા લઈને જીવે છે.
દીકરાના લખવાથી સ્વર્ગવાસ મળે?
તમારી ગતિ પણ દીકરાના હાથમાં??
કેટલાક લોકો માને છે કે
પુત્ર શ્રાદ્ધ કરે અને પિંડદાન આપે તો જીવ
એક લોકમાંથી બીજા લોકમાં એમ ક્રમશઃ મોક્ષે જાય અને
પુત્ર શ્રાદ્ધ ન કરે તો અવગતિ થાય.
બાપની ગતિ પણ દીકરાના હાથમાં છે?!
અને પુત્ર ન હોય તે વ્યક્તિ મરે તો?
**अपुत्रस्य गतिर्नास्ति ।** સાંભળ્યું છે ને?
અને પુત્ર ન હોય એટલે તમે લોકો દોડો
બાપજી પાસે. દોરા, ધાગા મંત્ર તંત્ર માટે.
બાપજી કંઈક કરો. પુત્ર થાય એમ કરો.

□ □ □ □

જીવ નીકળે છે અને ફરે છે, પોતાના
રાગદ્વેષના કારણે જે કર્મો કર્યાં તે પ્રમાણે.

અગ્નિશર્મા અને ગુણસેનનું ચરિત્ર જાણો છો ને?
નવ ભવનો એમનો સંસાર. એમાં એ બંનેએ
પતિ–પત્ની, પુત્ર–પિતા, સાસુ–વહુ બધા ભવ કર્યા.
જીવને ચાર ગતિના ગમનાગમનના પણ નિયમો છે.
એ પ્રમાણે જ જીવની ગતિ થાય છે.
આ ચાર ગતિ છે દેવ, નારકી, તિર્યંચ અને મનુષ્ય.
જીવ પોતે કઈ ગતિમાં જશે એ માટે એ પોતે જ કારણભૂત છે.
પરંતુ એ આ ચાર ગતિમાંજ જાય. પાંચમી કોઈ ગતિ છે જ નહીં.
જિનદર્શન વિધિમાં પણ ક્રમ ગોઠવ્યો છે એમાં પ્રથમ પ્રદક્ષિણા છે.
પ્રદક્ષિણા પ્રથમ શા માટે?
પ્રદક્ષિણાના દુહામાં બોલાય છે કે
" કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહીં પાર;
તે ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર.
પ્રદક્ષિણા દેતાં થકા, ભવ–ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે, ભવિકજન ચિત્ત લાય."
એમ બોલીને ત્રણ પ્રદક્ષિણા કરો છો ને?
તમે એવી ભાવના ભાવો છો કે હું આ સંસારના
ચક્રમાં ઘણું ફર્યો, રખડ્યો.
આ પરિભ્રમણ બતાવવા 卐 સાથિયો છે. એમાં પણ
ઘડિયાળના કાંટાની જેમ ગતિ કરનારા સાથિયા પણ આવે છે.
પણ આપણે વિચારવાનું છે કે ફરવાનું છે કોને?
ફરે છે જીવ. જડને રખડવાનું નથી. મેળામાં ચકરડું ખાલી ફરતું નથી.
એમાં કોઈ બેસે તો એ ફરે છે.
ચાર ગતિમાં પણ દરેકમાં જીવોના ઘણા ભેદો છે.



જીવના કુલ ભેદ ૫૬૩ છે.
જીવને આટલા પ્રકારમાં જ ફરવાનું.
દેવગતિમાંથી જીવ નરકમાં જઈ શકતો નથી.
દેવગતિમાંથી જીવ મનુષ્ય કે તિર્યંચગતિમાં જાય.
તિર્યંચ અને મનુષ્યમાંથી નરકમાં જાય.
ગમે ત્યાં જાય ત્યાં ભવ તો છે જ. એક ભવ પૂરો થાય કે બીજો ભવ છે જ.

□ □ □

૧. ચાર ગતિ




૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન




૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫. નરકનું બે ગતિમાં ગમન.




આપણે મડદું એક દિવસ પણ રાખીએ છીએ?
કહ્યું છે ને:
'કાઢો કાઢો રે સૌ કહે, જાણે જન્મ્યો જ નહોતો.'
જીવ દેવગતિમાંથી નીકળે તો ક્યાં જાય?

દેવગતિમાંથી નીકળેલા જીવની બે જ ગતિ
તિર્યંચ અને મનુષ્ય.
નરકગતિમાંથી નીકળેલા જીવની પણ બે જ ગતિ.
તિર્યંચ અને મનુષ્ય.
તો પ્રશ્ન એ થાય છે કે દેવગતિમાંના અને નારકી ગતિમાંથી
નીકળેલા બધા જ જીવ શું મનુષ્ય જ બનવાના ?
ના, એવું નથી. એમાંથી ૯૯ ટકા તિર્યંચગતિમાં જાય છે,
લાખો કરોડો જીવમાંથી એક જીવ મનુષ્યભવમાં આવે.
એમ કરતાં કરતાં જીવ રખડ્યા જ કરે.
દેવગતિ, નરકગતિ, તિર્યંચગતિ અને મનુષ્યગતિ.
મનુષ્ય માટે જવાનું ચારેય ગતિમાં.
તિર્યંચને માટે પણ જવાનું ચારેય ગતિમાં.
તિર્યંચ દેવલોકમાં પણ જાય !
ચંડકૌશિકનો આત્મા સમજી ગયો, મનને વાળી લીધું.
૧૫ દિવસનું અનશન લઈ કર્મ ખપાવવા બેઠો.
ખૂબ સમતા રાખી પોતાના પાપનું પશ્ચાત્તાપપૂર્વક
પ્રાયશ્ચિત્ત કરી આઠમા દેવલોકે ગયો.
સાતમી નરકનો અધિકારી જીવ આઠમા દેવલોકમાં પહોંચી ગયો.
આ સામાન્ય વાત નથી.
એક સાપ જે લાકડામાં બળતો હતો.
કમઠ પંચાગ્નિ તપ કરી રહ્યો હતો.
ભગવાન પાર્શ્વકુમારે સૈનિકોને નવકાર સંભળાવવાનું કહ્યું.
નવકાર સાંભળી સમાધિમાં મૃત્યુ પામેલ સાપ
નાગરાજ ધરણેન્દ્ર થયો.

□ □ □ □

શ્રેણિક મહારાજા ભગવાનના દર્શને જતા હતા
તે વરઘોડામાં જોડાવા દેડકો આવ્યો હતો ને ?

દેડકાના મનમાં ભગવાનના દર્શનની ભાવના હતી.
એ તળાવમાંથી બહાર નીકળ્યો. રસ્તા પર આવ્યો.
મહારાજા શ્રેણિકના સૈનિકો પણ ધર્મના પરિણામવાળા હતા.
એમને થયું કે આ બિચારો દેડકો કયાંક ઘોડાના પગ નીચે
કચડાઈ જશે. એટલે ઊંચકીને એને તળાવમાં મૂકી આવે છે.
દેડકો પાછો આવે છે. સૈનિકો પુનઃ તળાવમાં મૂકી આવે છે.
આમ ત્રણ વાર થયું. સૈનિકો કંટાળ્યા.
ચોથીવાર દેડકો તળાવમાંથી કૂદીને ભગવાનના દર્શનની
ભાવના સાથે બહાર આવ્યો કે તરત જ
ઘોડાના પગની એડી નીચે કચડાઈ ગયો. એ દેવગતિમાં ગયો.
કહ્યું છે ને :

**दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनं ।**
**दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनं ॥**

શ્રેણિક મહારાજા ભગવાનના સમવસરણમાં જતા હતા,
તે પહેલાં દેડકો મરીને તિર્યંચમાંથી સ્વર્ગે પહોંચ્યો !
સ્વર્ગમાં આપણા મનુષ્યજન્મ જેવી સાડા નવ
મહિનાની ગર્ભાવસ્થાની વ્યવસ્થા નથી.
સ્વર્ગનો જન્મ ઉપપાત જન્મ કહેવાય.
સ્વર્ગમાં જન્મતાં જ એ અહીંના ૧૬ વર્ષના રાજકુમાર જેવો હોય.
ત્યાં તો તરત જ એનો ઈન્ટરવ્યુ લેવાયો.
સ્વર્ગના દેવદેવીઓ દેડકાના જીવને પૂછે કે :
તમે કેમ આવ્યા છો ? તમે શું કર્યું હતું કે અહીં આવ્યા ?
સ્વર્ગમાં જન્મતાં જ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય.
એટલે દેડકાના જીવને આ વિચારતાં અવધિજ્ઞાન થયું.
પૂર્વજન્મનું સ્મરણ થયું.
પોતે દેડકો હતો અને ભગવાનના દર્શનની ભાવના હતી.
એ વાત પૂછનારને કહી એટલે દુર્દશંકદેવ બની ગયો.

અને એ ત્યાંથી ભગવાનના સમવસરણમાં દર્શનાર્થે આવ્યો.
હજુ શ્રેણિક મહારાજાનો વરઘોડો તો આવ્યો નથી.
તે પહેલાં એક તિર્યંચ દેડકાની ગતિ કેવી થઈ?!
અને અહીં
બાપ મરે તો કહેવાય કે રહેવા દો હજી દીકરો વિદેશથી આવ્યો નથી.
મદ્રાસથી દીકરી આવી રહી છે.
એ આવે ત્યાં સુધી મડદાને રાખી મૂકો.
પરંતુ તમે મડદાને ૭૨ કલાક રાખી મૂક્યું.
એટલામાં એ જીવે કેટકેટલાય ભવ પણ કરી નાંખ્યા હોય.
ત્રણ દિવસમાં તો ત્રણ ભવ પણ થઈ જાય.
વિચાર કરો તો જ ખ્યાલ આવે એવી વાત છે.

## નરક સારી કે નિગોદ?




સંસારનું પરિભ્રમણ કેટલું વિચિત્ર છે!
નિગોદમાંથી જીવ નીકળ્યા પછી જુદી જુદી ગતિમાં

ભ્રમણ કર્યા પછી પંચેન્દ્રિયમાં અને એમાં પણ મનુષ્યભવ પામે.
એ પછી પાપ કરીને એ જીવ પુનઃ નિગોદમાં પણ જાય.
તમને થશે કે
અનંતા ભવ કરીને મનુષ્યજન્મ પામી પછી પાછો
નિગોદમાં કેમ જાય?
પરંતુ જેવાં પાપકર્મ કર્યાં હોય એ પ્રમાણે નિગોદમાં જવું પડે.
નરક સારી કે નિગોદ?
નરક તો સાત છે પણ નિગોદ એક જ.
નરક કરતાં અનંતગણી વેદના નિગોદમાં છે.
પણ એમાંથી એ જીવને પાછા નીકળવાનો કોઈ ચાન્સ ખરો?
જીવને ફરવાનું જ ગમે છે. સંસ્કાર જ એવા છે.
રવિવાર છે. એટલે ફરવા જવાનું ને?
ચૌદસ હોય તોય પ્રતિક્રમણ પડતું મૂકીને ફરવા જવાનું ને?
જો મહારાજ પાસે ગયા તો, ઘરમાં જ ઝઘડો.
ઘરવાળી કહે, આખો દિવસ મહારાજ પાસે જવાનું હોય તો
પરણવાની જરૂર શી હતી?
તમારી ઇચ્છા હોય કે ન હોય પણ
ફરવા જવા અને પિકચર જોવા માટે તો હાથ જોડીને
હા પાડવી જ પડે!

□ □ □ □

નિગોદમાં અવ્યવહારરાશિયા અને બીજા વ્યવહારરાશિયા જીવ છે.
હવે એ બેમાંથી કયો જીવ નિગોદની બહાર નીકળે?
દર છમહિને એક આત્મા તો મોક્ષે જવાનો જ છે.
એટલે છ મહિને એક જીવને નિગોદમાંથી બહાર
નીકળવાની તક મળે ખરી. પણ તે તક અવ્યવહારરાશિવાળા
જીવને જ મળે.



મનુષ્ય
સંન્યાસી
ચિત્તો
વાઘ
નરક
હંસ
ગાય
મગર
સિંહ
સાપ


ઓસ
ઝાકળ
વાદળ
વાયુકાય
દેવલોક
સર્પ
નારકી
સિંહ
વાઘ
નરક
બકરી
બેલ
ઊંટ
હાથી
ઘોડો
ગાય
પૃથ્વી
વાયુ
અગ્નિ
વન
પ્રત્યેક
સાધા.
કાંદા
લસણ
પાણી
શંખ
કીડો
બાવળ
તુલસી
થોર
બેઇન્દ્રિય
પતંગીયુ
પંચેન્દ્રિય
માણસ
પરમાધામી
મનુષ્ય
નરક
ગાય
ઘોડો
પાડો
ભૂતપ્રેત
કાગડો
કોયલ
કબૂતર
પોપટ
ચકલી
સિંહ
દેવલોક
માંકડ
કીડી
મંકોડો
માખી
મચ્છર
ભમરો
બિલાડી
પાડો
બકરો
મ્લેચ્છ
જલચર
મગર
બળદ
ગર્ભજ
જ્યોતિષ
નિગોદ
બાદર

બાકી નિગોદમાંથી નીકળી ભવભ્રમણ કરી પાપ કરી
પુનઃ નિગોદમાં પાછા ફરેલા વ્યવહારરાશિવાળા નિગોદીઆ
જીવની ગજબની અકામ નિર્જરા અને ભવિતવ્યતા હોય તો જ
એ બહાર નીકળી શકે. બાકી, ત્યાંથી બહાર કાઢવાની બીજા
કોઈ મહેનત કરે નહીં.
તમે કેમ પાછા આવ્યા? આવ્યા તો ભલે આવ્યા. રહો અહીં નિરાંતે.
અરે! નરકમાંય ન ગમે તેને નિગોદમાં ક્યાંથી ગમે?
પરંતુ નિગોદમાંથી તો નીકળવાની ઇચ્છા હોય તોય નીકળાય નહીં.
પરંતુ ધારો કે મહાપ્રયત્ને નીકળી શક્યો, તો
એને બધું ફરી એકડે એકથી ભમવાનું
બધી જ ગતિમાં રખડવાનું.
સાત વિષયની પરીક્ષા આપનાર છમાં પાસ થાય તો તેને
બીજે વર્ષે એક જ વિષયની પરીક્ષા આપવાની
જોગવાઈ હોય છે એવું અહીં નથી.
મને મુંબઈમાં એક ભાઈ કહે:
સાહેબ! ૧૯ વાર સી. એ. ની પરીક્ષામાં નાપાસ થયો છું.
હવે આ ૨૦મી વાર પાસ થાઉં એવો વાસક્ષેપ નાંખો ને?
મેં કહ્યું: પહેલાં તો તને ધન્યવાદ આપવાના છે કે
તું ૧૯ વાર પરીક્ષામાં બેઠો. એટલે પાસ થવાની ઇચ્છા છે.
બાકી બીજો તો કંટાળી જાય અને પરીક્ષામાં બેસવાનું છોડી જ દે.
એટલે નિગોદમાંથી બહાર નીકળવાની ઇચ્છા જ છોડી દો તો?
પણ ત્યાં ગમે તેવું જ નથી.

**આ જગતમાં કોઇ જાતિ, કુલ, ક્ષેત્ર કે ઉત્પત્તિસ્થાન એવું નથી કે જ્યાં અનંતીવાર જન્મમરણ થયાં ન હોય. એક બે વાર નહીં, અનંતીવાર!**

એક અસત્ કલ્પનાએ જીવના ભૂતકાળના અનન્તા
ભવોની ગણતરી કરીએ.

કોઈ જીવ જો કેવલજ્ઞાની ભગવંતને પૂછે :
'હે ભગવંત! મારા અત્યાર સુધીમાં કેટલા ભવો થયા હશે?'
ભગવંત કહે :
'કયા ભવો? નિગોદના ગોળામાંના? કે પછી નિગોદના ગોળામાંથી બહાર નીકળ્યા પછીના?

નિગોદમાં તો આ જીવે એક આંખના પલકારામાં ૧૭½ ભવો કર્યા... એટલે નિગોદમાંના અનન્તાભવોની ગણતરી તો શી રીતે થાય.'
પેલો જીવ કહે : 'ના પ્રભુ! નિગોદમાંથી બહાર નીકળ્યા પછી આજસુધીમાં કેટલા ભવ થયા?'
અસત કલ્પનાએ એક દૃષ્ટાંતથી સમજીએ.
એક કેવલજ્ઞાની મહાત્મા હોય., રાવણને જેમ દશ મોઢાં હતાં... તેમ તેમને એક હજાર મોઢાં હોય. દરેક મોઢામાં હજાર જીભ હોય... તો કેટલી જીભ થઈ?
એક જીભે એક સેકંડમાં ૧ ભવ કહે....માત્ર નામનિર્દેશ જ કરે.
એક જીભે ૧ ભવ....તો હજાર મોઢાં .. અને દરેક મોઢે હજાર જીભ... તો ૧ સેકંડે કેટલા ભવ કહે?
એક સેકંડે આટલા બધા ભવો?....તો એક મિનિટના કેટલા?... એક કલાકના કેટલા? એક દિવસમાં કેટલા ભવ કહે?
એક અઠવાડિયામાં કેટલા? એક મહિનામાં? એક વર્ષમાં કેટલા કહે? સો વર્ષમાં કેટલા કહે?
આવી રીતે નામનિર્દેશ માત્ર કરતાં કરતાં Non-stop એક હજાર વરસ સુધી જો કહેતા જ જાય તો કેટલા ભવો કહેવાયા?
એટલું જ નહીં...કેવલજ્ઞાની ભગવંત કહે: 'એક હજાર વર્ષનું મારું આયુષ્ય પૂરું થાય...અને તુરંત બીજા કેવલજ્ઞાની કહેવાની શરૂઆત કરે....અને તે પણ Non-stop કહેતા જ રહે! તેમનું પણ આયુષ્ય એક હજાર વર્ષનું પૂરું થઈ જાય....
આવી રીતે આવા એક હજાર કેવલજ્ઞાનીઓ એક જીવના ભવો

કહેતા જ જાય....'
પેલો જીવ કહે: 'પણ હે ભગવંત !....કેટલા ભવો કહેવાયા અને હજી કેટલા બાકી છે?'
જ્ઞાની ભગવંતે કહ્યું—સાંભળ! આમ તો સંખ્યામાં કહેવાય તેમ નથી, દૃષ્ટાંતથી કલ્પના આપું છું.
આ અનન્ત બ્રહ્માંડમાં તીર્ચ્છાલોક છે.
તીર્ચ્છાલોકમાં અસંખ્ય-દ્વીપ સમુદ્રો છે...
પહેલો જંબુદ્વીપ-૧ લાખ યોજનના વિસ્તારવાળો...
બીજો લવણસમુદ્ર-૨ લાખ યોજનના વિસ્તારવાળો....
ત્રીજો ધાતકીખંડ દ્વીપ-૪ લાખ યોજનના વિસ્તારવાળો...
ચોથો કાલોદધિ સમુદ્ર-૮ લાખ યોજનના વિસ્તારવાળો...
પાંચમો પુષ્કરવર દ્વીપ-૧૬ લાખ યોજનના વિસ્તારવાળો...
...આ પ્રમાણે એક દ્વીપ એક સમુદ્ર...એમ જોતાં છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનના વિસ્તારવાળો છે.
કલ્પના કરો! કેટલો વિશાળ, કેટલો અગાધ, અને કેટલું પાણી હશે...
ઓહો ખૂબ અગાધ...ઘણો વિશાળ...ખૂબ ઊંડો...
અને પાણી તો...ગજબનું...
હા ભગવંત...આગળ!
એવા વિશાલ સમુદ્ર કાંઠે એક ચકલો પાણી પીવા આવે....
એ ચકલાએ સમુદ્ર કાંઠેથી થોડું પાણી પીધું.
ચકલાએ કેટલું પાણી પીધું? સાવ થોડું.
અને પીધે જ રાખે તો આખા સમુદ્રનું પાણી હજી પીવાનું બાકી છે ને?
હા ભગવન્। પણ મારી ભવ સંખ્યાની વાત તો કરો.
બસ- **ચકલાએ જેટલું પાણી પીધું તેટલા તારા ભવો કહ્યા અને હજી જેટલું પાણી પીવાનું બાકી છે તેટલા**

**તારા ભવો હજી કહેવાના બાકી છે.**

ઓહો હો....! અરે રે.. હે ભગવંત! કેટલા ભવો...? કોઈ પાર જ નથી.
અને આ તો હજી ભૂતકાળના ભવો! ભવિષ્યની તો વાત જ નથી કરી!
બસ.... બસ.... વિચાર કરતાં પણ કંપારી છૂટે... ચક્કર આવે.
આવા અનંત સંસારમાં જીવ પરિભ્રમણ કરી જ રહ્યો છે.
'હજી કોઈ અંત આવ્યો નથી.'
પૂજ્યશ્રી શાન્તિસૂરિ મહારાજ જીવવિચાર પ્રકરણમાં જણાવે છે કે...

**एवं अणोरपारे, संसारे सायरम्मि भीमंमि ।**
**पत्तो अणंतखुत्तो, जीवेहिं अपत्तधम्मेहिं ॥**

—દુઃખે કરીને પાર પામી શકાય એવા ભયંકર સંસાર-સમુદ્રમાં જીવ અનંતી વાર પડ્યો... ખૂંચ્યો... કારણ કે જીવ જિનધર્મ પ્રાપ્ત ન કરી શક્યો. અપ્રાપ્તજિનધર્મના કારણે જીવનું અનંત સંસારમાં પરિભ્રમણ થતું રહ્યું!

પણ હવે....તો ચેતવું છે કે નહીં!.. શું વિચાર છે?

**જિનધર્મની આરાધના વિના કોઈ છૂટકો જ નથી.**
**પ્રભુની આજ્ઞાનુસાર ધર્મારાધના કરી**
**કર્મક્ષય કરે જ છૂટકો...**
**હે આત્મન્! ભલે સંસાર અનાદિ-અનંત છે.**
**પણ તું પણ અનંત શક્તિશાલી ચેતન છે...**
**તારી અનંત શક્તિ તું જો ફેરવે તો શું ન કરી શકે?**
**પરંતુ શક્તિ પાપના માર્ગે કર્મબંધ માટે નથી ફેરવવી,**
**જન્મોજનમના જૂના પાપકર્મોના જે થર આત્મા**
**ઉપર જામેલા છે તેનો ક્ષય-નાશ કરવામાં ફેરવ...**
**"सव्वपावप्पणासणो' નો લક્ષ રાખી ધર્મારાધના કરવાની છે.**

તર્કદૃષ્ટિથી થેડો વિચાર કરીએ-
જે જે ભવિ જીવ છે, તે તે મોક્ષે જશે..
કે જે જે મોક્ષે જશે, તે ભવિ જીવ જ છે?
નહીં સમજાય-
જરા વિચાર કરીએ, બીજો દાખલો લઈએ
જે જે માણુસ છે, તે તે મરે છે કે....
જે જે મરે છે, તે તે માણુસ છે?
આ તર્કથી તો એમ સમજાય છે કે ..
જે જે માણુસ છે, તે તો અવશ્ય મરવાનો જ.
કારણુ કે માનવ માત્ર મરણાધીન છે-
Every man is a mortal,
પરન્તુ જે જે મરે છે,
તે તો માણુસ પણુ હોય તેમ જ પશુ પણુ હોય.
તે જ પ્રમાણે—
જે જે મોક્ષે ગયા અને જશે તે તે ભવિ ચોક્કસ
પરંતુ જે જે ભવિ જીવ છે, તે મોક્ષે જશે જ એવું નહીં....
ઘણા જીવો અનન્તકાળ સુધી પરિભ્રમણુ કરતા જ રહેશે.
પરન્તુ ચરમાવર્તમાં પ્રવેશ કરી....ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિઓ ઘટાડી
માત્ર અંતઃ કોડાકોડી સાગરોપમની કરી . યથાપ્રવૃત્તિકરણુ-
અપૂર્વકરણુ.. અને અનિવૃત્તિકરણુની પ્રક્રિયામાં
રાગદ્વેષની ગ્રન્થિ ભેદવામાં અપૂર્વશક્તિ જો જીવ ફોરવે અને
અનન્તાનુબંધો સમકનો જીવ ક્ષય કરે અને સમ્યક્ત્વ પામે
તો અવશ્ય મુક્તિ...
જે જે સમ્યક્ત્વી, તે તે અવશ્ય મોક્ષે જવાનો જ....
અને તે જ પ્રમાણે જે જે મોક્ષે જવાનો,
તે તે અવશ્ય સમ્યક્ત્વી જ
આ દૃષ્ટિએ સમ્યક્ત્વનો કેટલો અનન્ત ઉપકાર...

કે જે દિવસે સમ્યક્ત્વ થાય તે જ દિવસે જીવનો મોક્ષ પણ નક્કી થઈ જાય છે.

આ સમ્યક્ત્વનું મહાન ફળ ...

હવે મોક્ષ જવા માટે ફક્ત અર્ધપુદ્ગલપરાવર્ત કાળ જ બાકી રહ્યો.

અનંત પુદ્ગલ પરાવર્તમાંથી માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત ઉપર આવ્યો.

અર્ધપુદ્ગલપરાવર્તમાં ભલેને અસંખ્ય ભવો થાય
પરન્તુ એટલા જ કાળમાં મોક્ષ તો અવશ્ય... ચોક્કસ.

ધન્ય છે પ્રભુ તુજ શાસન! બલિહારી જાઉં પ્રભુ તારી.

**नमोऽस्तु तस्मै तव शासनाय च ।**

તંદુલીયા મત્સ્યની વાત યાદ છે ને?
મગરમચ્છની આંખની પાંપણના ખૂણામાં એક નાના
ચોખાના દાણા જેવો તંદુલીયો ભરાઈ ગયો.
એનું આયુષ્ય ફક્ત અંતર્મુહૂર્તનું.
મગરમચ્છ જ્યારે પાણી પીએ ત્યારે એની સાથે અનેક માછલાં પણ એના મુખમાં જાય. પરંતુ એ મુખ બંધ કરે ત્યારે દાંતના પોલાણમાંથી ઘણાં નાનાં માછલાં સરકીને બહાર જતા રહે.
આ જોઈને પેલો તંદુલીયો મત્સ્ય વિચારે છે કે
આ મગરમચ્છને કોઈ ગતાગમ નથી.

આ બધાં નાનાં માછલાં બહાર નીકળી જાય છે. એને ઠેકાણે હું હોત તો એક પણ માછલાને મુખમાંથી બહાર જવા ન દેત.
એનું પરિણામ કેવું?
તિર્યંચ ગતિમાંથી સીધો સાતમી નરકે ગયો.
તમે બધા બોલો છો ને કે તારે ઠેકાણે જો હું હોત તો......

માનવી ભલે કલ્પનાના ઉડાણમાં શેખચલ્લીની જેમ ગમે તે વિચાર કરે પરંતુ એ વિચાર પ્રમાણે જ પાપકર્મ બંધાય છે.
જે ભોગવવું પડે છે.

ભગવાન મહાવીર સ્વામી ૨૭ ભવમાં ૨ વાર નરકે ગયા.
૧૮મા ભવમાં પાપકર્મ કરી ૧૯મા ભવમાં ૭મી નરકે ગયા.
૨૦મા ભવમાં સિંહનો ભવ પામ્યા.
એ ભવમાં પેટને ખાતર હિંસા કરવી પડી.
૨૧મા ભવમાં ફરી ૪ થી નરકે ગયા.
૪થી નરકમાંથી નીકળી ૨૨મા ભવે વિમલ રાજકુમાર બન્યા.

આ તો ભગવાનના સમ્યક્ત્વ પામ્યા પછીના ૨૭ ભવની વાત છે.
એ પહેલાં તો અનંતા ભવ થઈ ગયા.
ભગવાન જેવા ભગવાનને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પણ
બબ્બે વાર નરકગતિ પ્રાપ્ત થઈ તો આપણે કઈ વાડીના મૂળા ?
આમ છતાં ઘણા કહે છે કે 'હું તો નરકે ગયો નથી, જવાનો નથી ?

□ □ □ □

## કેટલાક જીવોની પરીક્ષા

નિગોદમાંથી નીકળ્યા પછી જીવ તિર્યંચ–જળચર કે પછી ખેચરમાં
કાગડો બને તો શું એ ઘઉં ચણા ખાય ? ના, એ માંસ જ ખાય.
જીવની હિંસકવૃત્તિ રહે જ છે. ગમે તેટલી ભૂખ લાગે પણ
સિંહ–વાઘ, ઘાસમાં જ રહે છતાં તણખલું પણ ન ખાય.
હાથી ઘાસ જ ખાય

કાગડો ને કબૂતરના ભેદ છે. એથી જ કબૂતરને ચણ નંખાય છે ને ?
જીવોની પરીક્ષા કરો. તો જણાશે કે
ડુક્કર રોટલી, બરફી નહીં ખાય. એને તો માત્ર વિષ્ટામાં જ રસ.
ગધેડો સાકરવાળો દૂધપાક ન ખાય. અને તમને
દૂધમાં સાકર ન મળે તો ? ન ચાલે.

જીવ તિર્યંચમાં પોપટ, કબૂતર, ચકલી, કોયલ બને
પણ ત્યાંથી એકેન્દ્રિયમાં પણ જઈને પડે.

પાણી, પૃથ્વીકાય વગેરેમાં જન્મે.
પંચેન્દ્રિયમાં મનુષ્યમાં જન્મ્યા પછી જીવનું પતન થાય તો
ક્યાં સુધી થાય એનો કોઈ છેડો નથી.
૨૫મા માળ પરથી લીફ્ટે પકડ ગુમાવી ને સરકી તો ?
આપણે ગયા ને ?

એમાં વળી એક પગ બહાર અને એક પગ લીફ્ટમાં હોય
ને લીફ્ટ ચાલુ થઈ જાય તો ?
તમને ઊંચે લઈ જનાર ઉપર જ પહોંચાડી દે ને ?

ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે
મનુષ્યજન્મમાં આવેલા જીવને ભયંકર
મોહનીયકર્મનો ઉદય હોય અને સાથે પ્રબળ
અજ્ઞાનનો પણ ઉદય હોય તો જીવ સીધો એકેન્દ્રિયમાં પડે.
ચંચળ અને ચપળ મર્કટને મદિરા પાઈ હોય તો ?
મનુષ્યનું પણ એવું જ છે.
જીવ પાપકર્મ કરે તો એને એકેન્દ્રિયમાં કેટલીય વાર જવું પડશે.

□ □ □ □

બે ભાઈ હતા. પોતાના ભાવિ ભવ અંગે કેવળજ્ઞાની ભગવંતને પૂછે છે.
નાના તથા મોટાભાઈએ પોતાના ભાવિ ભવ અંગે
પૂછતાં કેવળજ્ઞાની ભગવંતે કહ્યું :

મોટાભાઈના અસંખ્યાત ભવ છે, જ્યારે નાનાના ૭ ભવ છે.
નાનાએ વિચાર્યું કે સાત જ ભવ છે ને ?!
આંબેલ, ઉપવાસ, પોષા, પ્રતિક્રમણ હમણાં શા સારુ ?
બધાં જ પાપ કરવા માંડ્યાં.
જ્યારે મોટો ભાઈ ધર્મના માર્ગે વળી ગયો.
વર્ષો વીતી ગયાં. કેવળજ્ઞાની ભગવંત પુનઃ પધાર્યા.

નાના ભાઈએ પૂછયું મહારાજ ! અમારા બેના ભવ તો
તમે કહ્યા પણ અમારામાંથી પહેલું મોક્ષે કોણ જશે ?
ભગવંતે કહ્યું : અસંખ્યાત ભવવાળો.
નાનો ભાઈ કહે : મને પહેલાં કીધું હોત તો ?
ભગવંતે કહ્યું : તું તો સાત જ ભવ કરવાનો છે ને ?
પણ એક એક જન્મ ઉત્કૃષ્ટ-મોટા આયુષ્યવાળા ભવો–
દાખલા તરીકે–સાતમી નરકનો ઉત્કૃષ્ટ આયુષ્યકાળ ૩૩ સાગરોપમનો.
પેલા મોટાભાઈના અસંખ્યાત ભવ. અને તેમાં પણ ચારેય
ગતિમાં ભટકવાનું. પરન્તુ તારા સાત ભવના કાળમાં તો આ
મોટો ભાઈ નાના–નાના અસંખ્ય ભવો કરી નાખશે.
પાણીના ટીપામાંના અસંખ્ય જીવ કે જેનું આયુષ્ય માત્ર
અંતર્મુહૂર્ત જેટલું.
મરુભૂમિનો આત્મા મોક્ષે ગયો જ્યારે
કમઠનો આત્મા તો હજી પણ સંસારમાં રખડે છે.
ભગવાન પર ઉપસર્ગ કરનાર સંગમદેવનો જીવ પણ
હજુ સંસારમાં જ રખડે છે.
સંસારમાં પરિભ્રમણનું ચક્ર ગજબનું છે.
તિર્યંચમાં અહિંસક જન્મ મળે તો
ગાય, ઘોડો, હાથી, ઊંટ, બકરી, કબૂતર, બળદ પણ બને.
માણસ મૈત્રી કરે છે તે પણ અહિંસક તિર્યંચ સાથે જ.
હિંસક સાથે મૈત્રી નથી કરતો.
સિંહ સાથે મૈત્રી કરો છો ?
અહિંસક ભવમાંથી પુનઃ મનુષ્યભવ પણ મળે.
મનુષ્યનો જીવ પણ નિગોદમાં જાય
અને ત્યાં તો પાછું એકડે એકથી ઘૂંટવાનું.
આ રીતે અનંત કાળ વીતે છે.

એકડા વિનાના મીંડાની કિંમત કેટલી? પણ
એકડા ઉપરના મીંડાની કિંમત દશગણી.

આવર્ત એક ચક્ર. જીવે આવા અનંત આવર્ત કર્યા છે. એટલે જ
અનંત પુદ્દગલપરાવર્ત કાળ ગણાય છે.

એમાં ચરમાવર્ત છેલ્લું ગણાય.

જીવ એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં જાય. મનુષ્યભવ પણ પામે,
માર્ગાનુસારી બને. ધર્મને અનુસરવાની પૂર્વભૂમિકા સર્જાય.
એ ફકીર બને, બાવો બને. એમ કરતાં આગળ વધતાં
એની ભવિતવ્યતાને કારણે એને સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં
એનો અર્ધપુદ્દગલપરાવર્ત કાળ બાકી રહે.
એ આત્માને દેવ, ગુરુ અને ધર્મ પર શ્રદ્ધા જાગે.
ધર્મને અનુસરવાની વૃત્તિ જાગે. એ આત્મા મોક્ષે ગયો નથી
પણ મોક્ષ નક્કી થઈ ગયો.
અર્ધપુદ્દગલપરાવર્ત કાળ પછી જીવ મોક્ષે જવાનો.
આમ છતાં ભવચક્ર ફરે છે કેમ?

એનું મૂળ કારણ શું?
એનું કારણ આપણે શોધવાનું છે.

કિસ્મત, ભાગ્ય એ શું છે? કોણ છે?

ભાગ્યવિધાતા, લખ્યા લેખ લલાટે એવું બધું કોઈ કંઈ કહે,
કોઈ કંઈ કહે, કોઈ ઉપરવાળો બેઠો છે એમ કહે પણ
આપણે મંથન કરીને એનું મૂળ શોધવું છે.
જીવ શા કારણે રખડવા તૈયાર થાય છે?
એ કઈ પ્રબળ શક્તિ છે? તેને શોધવા આવતા રવિવારે ફરીથી...
કર્મ તણી ગતિ ન્યારી.

卐

卐 સૌજન્ય 卐

# શેઠશ્રી ફૂલચંદભાઈ જેકીશનદાસ વખારીયા

નવાપુરા, સુરત.

—: પ્રકાશક :—

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—


૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ-૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ**-૪૦૦ ૦૦૨.


---


મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્દભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય ➝ **'કર્મ તણી ગતિ ન્યારી....'**

પ્રવક્તા ➝ પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય : શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| અષાઢ વદ ૫ | વ્યાખ્યાન ત્રીજું | રવિ તા. ૧૧-૭-૮૨ |
|---|---|---|

# વિષય : કર્મસત્તાનું અસ્તિત્વ

વ્યાખ્યાતા : પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી ફરમાવે છે કે અનાદિ અનંત આ સંસારમાં સ્વયં પોતે કરેલા કર્મના કારણે જીવનું પરિભ્રમણ ચાલુ જ છે.

સંસાર પરિભ્રમણ કરાવે છે કે
આપણે પરિભ્રમણ કરીએ છીએ ?
પરિભ્રમણની ક્રિયા કોણ કરે છે ?
પરિભ્રમણનું કાર્ય કરનાર કોણ ?
જડ કંઈ સંસારમાં રખડતો નથી.
જડને કોઈ સંસાર જ નથી.

જડથી આપણે બંધાયા કે આપણાથી જડ બંધાયો ?
આપણને જડની જરૂર કે જડને આપણી જરૂર ?
તમને પૈસાની જરૂર કે પૈસાને તમારી જરૂર ?
કોણ કોના માટે ? કોની જરૂર કોને ?
વિચારીને જવાબ આપજો.
સભા : આપણને જડની જરૂર.
આપણને જડની જરૂર ન હોત તો
આપણે એની પાછળ પડત જ નહીં ને ?
નોટ જડ છે. એના પર આંકડા લખ્યા હોય
૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦૦ ના પણ એ
નોટને પૈસાનો આનંદ થતો નથી.
અને તમે . ?
આત્મામાં જ કર્તા અને ભોક્તાભાવ છે.
તમને એ નોટ મળતાં આનંદ થાય છે.
આપણને જ જડની જરૂર લાગે છે.
અંતમાં જડ કર્તા નથી, સાધન માત્ર રહે છે.
જીવ જ એ જડનો ઉપભોગ કરે છે.
આત્મા સ્વયં શક્તિશાળી છે, એ જ જડનો ઉપયોગ કરે છે.
આત્મા જ સ્વયં કર્તા છે, ભોક્તા છે.
સંસારનું પરિભ્રમણ ગજબનું ભયંકર છે.
એ ચક્કરમાંથી હજી આપણે નીકળ્યા નથી.
જન્મ-મરણનું એ ચક્ર ચાલ્યા જ કરે છે.
આજે જેને પ્રેમ કરો, કાલે તેના પર દ્વેષ કરો !
આજે ગમે, તે કાલે ન ગમે.
એક યુવાન કો'કની પાછળ પાગલ થયેલો.
ત્રણ ત્રણ વર્ષની મહેનત કરી પરણી ગયો.
પંદર દિવસ પછી એક દિવસ મોટરમાં ફરવા ગયા.

મોટરને અકસ્માત નડ્યો.
બારીના કાચ પત્નીના આખાય મોઢા પર પેસી ગયા.
હૉસ્પિટલમાં દાખલ કરી. ઑપરેશન કર્યું.
મોઢા પર વાગેલ કાચની સંખ્યાબંધ કરચો
ડૉક્ટરે કાઢી. એક પણ રહી જવા ન પામી.
પ્લાસ્ટિક સર્જરીથી મોઢું લગભગ પૂર્વવત્ બનાવી દેવાયું.

ડૉક્ટર કહે: આ બાઈ પુણ્યશાળી લાગે છે.
આંખને કોઈ ઈજા થઈ નથી અને સંપૂર્ણ રીતે બધું
સારું થઈ ગયું છે.

પંદર દિવસ પછી ડૉક્ટરે બાઈને હૉસ્પિટલમાંથી
રજા આપવાની તૈયારી બતાવી.
યુવતી સંપૂર્ણ રીતે સારી થઈ ગઈ હતી.

–પણ યુવાનનું મન જરા કચવાઈ ગયું હતું.
પૈસા ખવડાવી ઝેરનું ઇંજેકશન અપાવી દીધું!
આ એ જ છોકરી કે જેની પાછળ યુવાન પાગલ થઈને
ભટકતો હતો.

બાપાએ એની સાથે ના પાડી ત્યારે
એ છોકરી ખાતર **મરવા** તૈયાર થયો હતો,
એ જ યુવાન આજે એને **મારવા** તૈયાર થયો!
કોઈકે પૂછ્યું, ત્યારે યુવાને કહ્યું કે
હવે બગડેલું મોઢું મને ગમે એમ નથી!
ગઈ કાલ સુધી જે મોઢું ગમતું હતું એ આજે ગમતું નથી!

**જીવ રાગદ્વેષના ચક્કરમાં પડીને એવાં
પાપકર્મ કરે છે કે એ રાગદ્વેષ કેટલાય
ભવ સુધી ચાલ્યા જ કરે.**

મરુભૂતિ અને કમઠ એ બે સગા ભાઈઓમાં ૧૦ ભવની વેરપરંપરા સર્જાઈ.

એક બીજાને જુએ છે ને વેર જાગે છે; તીર ઉપાડે છે.

## સંસારનું સ્વરૂપ

રોજ સંસારમાં આજ રાગદ્વેષ ચાલ્યા જ કરે છે.
સંસાર તો ઊકળતો ચરુ છે.
સંસારમાં કોઈ જીવ રાગદ્વેષ વિનાનો નથી.
આ સંસારમાં રાગદ્વેષ અને જન્મમરણનું ચક્ર ચ લ્યા જ કરે.
આનું જ નામ ચક્ર.
એવું તે કયું પ્રબળ કારણ છે કે
સંસારમાં કોઈ સુખી છે, તો કોઈ દુઃખી છે.

**સંસારમાં વિષમતા, વિચિત્રતા અને વિવિધતા છે.**

વિષમતા સંસારમાં ક્યાં નથી?
એક જ માતાના ચાર પુત્ર સરખા છે?
કોઈ સુખી છે, તો કોઈ દુઃખી છે.
કોઈ અમીર છે, તો કોઈ ગરીબ છે.
કોઈ બુદ્ધિશાળી છે, તો કોઈ બુધ્ધુ છે.
કોઈ રાજા છે, તો કોઈ રંક છે; પણ
આ વિષમતાનું કારણ શું?
એનું કારણ શોધવા મહેનત કરો.
વિચાર તો બધા કરે છે. પણ
વિચાર-વિચારમાં ફેર છે.
કોઈ કહે છે કે "લખ્યા લેખ લલાટે."
જરા વિચાર કરો કે લેખ લખ્યા કોણે?
લખ્યા વળી ઉપરવાળાએ, એમ પણ કોઈ કહે છે.

**"રામ ઝરૂખે બેઠકે, સબકા મુજરા લેત;**
**જૈસી જિનકી કરની, વૈસા ઉનકુ દેત."**

ઉપરવાળો પણ કહે છે ને કે જેવાં કર્મ તેવાં ફળ.
ઉપરવાળો એટલે શું?
ઉપરવાળાને ત્રણ હાથ, ૧૦ મોઢાં, ચાર કાન, ચાર આંખ છે?
જ્યાં માનવીની બુદ્ધિ ન ચાલે,
ત્યાં હવાલો નાંખે ઉપરવાળાને નામે.
શું માનવી કાંઈ જ કરતો નથી? શું એના હાથમાં કંઈ જ નથી?
તમે તો કહો છો કે,
સાહેબ! શું મહેનત કરી છે! શું પરસેવો પાડયો છે!
ત્યારે માંડ લાખનો સોદો થયો છે.
સાહેબ શું વાંચ્યું છે! કોફી ને ચા પીને ઉજાગરા કરીને આખી રાત વાંચ્યું છે ત્યારે ૮૯ ટકા માર્ક આવ્યા છે!
સાહેબ! શું સખત મજૂરી કરી છે! કેટલા પથ્થર ફોડયા!
ત્યારે સાંજે રૂા. ૧૦ મજૂરી મળી છે.
માનવી પણ કેવો છે?
પાસ થયો તો, સફળ થયો તો, લાભ થયો તો.......કહે
સાહેબ! શું મહેનત કરી હતી!
અને નુકસાન જાય તો, નાપાસ થાય તો ઉપરવાળાને નામે!
માનવીએ શું બુદ્ધિ ચલાવી છે!
ફાયદો થયો છે તો કહે, મારી મહેનત;
નુકસાન થયું તો કહે, ઉપરવાળો જાણે.
અરે! જવાબદારી આપવી જ હોય તો
લાભ–નુકસાન, સુખ-દુઃખ, પાસ–નાપાસ બંનેની જવાબદારી ઉપરવાળા પર નાંખો ને?
કહે છે : ગઈ કાલે જ પરણ્યો, પણ

ઉપરવાળાની ઇચ્છા નહોતી એટલે ઊપડી ગઈ!
ઘરડાં કહે : ઉપરવાળો બહેરો છે! સાંભળતો નથી,
અમને ઉપાડી લેતો નથી.
છોકરો સાંભળતો નથી, વહુ પાણીનો પ્યાલોય આપતી નથી,
વાર્ધકયના ઉંબરે પણ આ જવાબ!
ઘડપણમાં પણ સુખ હોય તો જીવવું ગમે છે!
ઘડપણમાં દુઃખ આવે એટલે મરવું ગમે છે!
ઉપરવાળો કેમ લઈ જતો નથી? એમ કહે છે.
પણ ઉપરવાળો હોય તો ને લઈ જાય!
જેવાં કર્મ કર્યાં હોય તેવાં ફળ ભોગવવાં જ પડે.
એકને ત્યાં **લાખ** હોય અને
બીજાને ત્યાં દાંતે ઘસવા **રાખ** પણ ન હોય!

□ □ □

પુનાનો એક પ્રસંગ છે.
એક ગરીબ ચીંથરેહાલ કંઈક માગતો હતો.
મેં કહ્યું : અમે સાધુ, અમારી પાસે શું હોય!
પેલો કહે, મહારાજ! કંઈક તો આપો!
એટલામાં એક ભાઈ આવ્યા, કહે :
સાહેબ! આને ઓળખો છો?
હાઈકોર્ટના જજનો આ ભાઈ છે!
વિચાર કરો. આમ કેમ? આમાં દોષ કોને આપશો?
ઉકેલ શોધવાનો છે; ઉકેલ ન શોધાય તો,
બધુંય ધર્મઆરાધન લક્ષવિહોણું બની જાય.
શું ઉપરવાળો તમારા સુખદુઃખનું કારણ છે?
એક જડ મોલ્ડીંગ મશીન છે.
એમાં ડાય ભરાવી પાવડર નાંખો અને દબાવો તો
એક સરખાં પ્યાલા, બટન, થાળી બહાર નીકળે છે ને?

એમાં લેશમાત્ર ફરક નહીં ને?
ઉપરવાળા કરતાં તો આ જડ મશીન સારું ને?
ઉપરવાળા સર્જનમાં એકસરખું કાંઈ નહીં!
કોઈને સુખ અને કોઈને દુઃખ.
ભગવાન એટલે શું?
બાઈબલ કહે છે, 'ભગવાન! તારું નામ જ **દયા,**'
'God thou name is mercy.'
કયા ધર્મે પોતાના ભગવાનને દયાળુ કહ્યો નથી?
ઇસ્લામ પણ રહીમ અને રહેમાન કહે છે.
રહીમ એટલે શું?
તમે દયાળુ કહો કે રહીમ કહો.
ભગવાનના દિલમાં કરુણા હોત તો
એકને સુખી ને બીજાને દુઃખી બનાવત શા માટે?
પણ સંસારમાં સૌ સુખી અને દુઃખી દેખાય છે ને?
એટલે ભગવાન સંસારનો કર્તા નથી.
જો એ નથી તો સંસારનો કર્તા છે કોણ?
કોઈ કહે છે કે મારા ભાગ્યમાં લખ્યું છે.
પણ વિચાર કર કે તારું ભાગ્ય લખ્યું કોણે?
ભગવાનને દોષ ન અપાય.
ભગવાનને દોષ દેવો એ મિથ્યાત્વ.
માનવ સુખદુઃખનું કારણ ભગવાનને માથે નાંખે છે.
એ બરાબર નથી.
આપણે જ આપણા ભાગ્યના વિધાતા છીએ.
Man himself is a creator of his own fortune.
આપણાં કર્યાં આપણે જ ભોગવવાનાં છે.
નારદ જંગલમાં નીકળે છે ત્યાં વાલ્મિકી લૂંટારો એને લૂંટે છે.
નારદ કહે: ભાઈ! મારી પાસે છે શું કે તું મને લૂંટે છે?!

પણ તું વિચાર કર કે લૂંટીને જે પાપકર્મ તું બાંધે છે
તેનું દુઃખ ભોગવવાનો અવસર આવશે ત્યારે કોણ ભોગવશે?
વાલ્મિકી કહે: કેમ! મારી પત્ની છે, બાળકો છે
એમના માટે તો હું આ લૂંટનો ધંધો કરું છું.
તમે કોના માટે કમાઓ છો?
પેટ ભરવા માટે કમાઓ છો?
હજુ સુધી એટલું મળ્યું નથી?
તમે તો એક ટેલિફોનમાં વાત કરીને સોદો પતાવો તો
બે લાખ કમાઈ જાઓ ને? પણ તમને પેટ જ ભરવાની
ચિંતા નથી; તમને તો પટારા ભરવાની ચિંતા છે!
આશ્ચર્યની વાત છે.
ગમે તે કરો પણ આ પેટ ભરાય એવું નથી.
કાણાંવાળી કોઠી શી રીતે ભરી શકાય?

**માનવીની સંજ્ઞા અને લાલસા એવી છે કે**
**હું જ બધું મેળવી લઉં. પણ**
**હે જીવ! કોઈને બધું મળ્યું નથી અને મળવાનું પણ નથી.**

માનવી સુખદુઃખની કલ્પનામાં રાચ્યા કરે.
કોઈ કહે છે કે કુદરત. It is creature.
પણ છે શું એ કુદરત?!

□ □ □ □

**કોઈક એવી પ્રબળ શક્તિ છે કે**
**જે ધક્કો મારીને આપણને ચલાવે છે,**
**જેના કારણે આપણે ચાલવાનું છે.**

કેટલાક તાજગી મેળવવા સીગરેટ ફૂંકે છે. ચાનો ડોઝ ચઢાવે છે;
તો કોઈક વળી કંઈ જુદું જ પીએ છે.

કહે છે કે એથી શક્તિ મળે છે!
શું આ શરીર એન્જીન જેવું છે?
એન્જીનમાં કોલસો ને પાણી નાંખીએ અને
ધુમાડો નીકળે એટલે ચાલે.
તમારે ય ધુમાડો નીકળે એટલે શક્તિ આવે?!
એક નગરવાસીને ત્યાં ગામડેથી મહેમાન આવેલ.
રાત્રે અંધારાનો સમય.
નગરવાસી પથારીમાં ય સિગરેટ સળગાવીને ધુમાડા કાઢે.
ગ્રામજનને થયું, આ ગાદલામાંથી ધુમાડા નીકળે છે!
આગ લાગી લાગે છે. એ તો ઊઠ્યો, પાણીનું માટલું લાવીને
રેડયું પેલા ધુમાડા પર. નગરવાસી 'હાં હાં' કરતો ઊભો થઈ ગયો....
અરે! આ શું કર્યું?
ગ્રામજન કહે : ધુમાડો નીકળતો હતો એટલે આગ ઠારું છું.

□ □ □ □

એ કઈ શક્તિ છે જે આપણને ચલાવે છે?
કોઈક શક્તિ છે તો ખરી જ, નહીંતર સંસારમાં સુખદુઃખની
આવી વિષમતા ન હોત.
ભગવાન મહાવીરસ્વામીના સમ્યક્ત્વપ્રાપ્તિ પછીના
૨૭ ભવના જીવન પર નજર નાંખો.
એ પહેલાંના તો અનંતા ભવ, એની તો વાત જ ન થાય.
પણ ૨૭ ભવ પર નજર નાંખીશું તો જણાશે કે
ભગવાન પણ ઓછા દુઃખી થયા નથી!
બબ્બે વાર નરકે ગયા છે.
ભગવાનના કાનમાં પણ ખીલા ઠોકાયા છે.
એનું કારણ શું?
કારણ તો હોય જ, કોઈ ને કોઈ નિમિત્ત તો નીકળે જ.
દૂધ પીધું ને ઝાડા થયા. એમાં દૂધ નિમિત્ત છે.

કોઈ જ્યોતિષને નિમિત્ત બનાવે છે
શનિની પનોતી છે. સાડા સાત વર્ષ એમ જ જવાના.
ભદ્રબાહુસ્વામીએ કલ્પસૂત્રમાં નિમિત્તશાસ્ત્ર વર્ણવ્યું છે.
નિમિત્તશાસ્ત્રના આઠ ભેદ વર્ણવ્યા છે.
જો નિમિત્ત શોધવા જશો તો
બિલાડી આડી ઊતરી, સાપ દેખાયો.
ગમે તે કહો, પણ આ નિમિત્ત પણ કર્મનું સૂચક છે.

ભગવાને ૧૮મા કૃષ્ણ વાસુદેવના ભવમાં
શૈયાપાલકોના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું તેના પરિણામે
૧૯મા ભવે ભૂમી નરકે જવું પડયું ને?
ન્યાય સૌના માટે સરખો. કાયદો સૌના માટે સમાન.
સુપ્રિમ કોર્ટ કદાચ અન્યાય કરી શકે પણ
કર્મમાં ન્યાય સૌના માટે સરખો.
નરકમાં જાઓ અને પરમાધામીને તમે કહો કે
હું સુરતથી આવું છું. આ, લે મૂઠી હીરા, મને છોડ.
પણ એ છોડે ખરો? કર્મનો ન્યાય સરખો.
દેવલોકમાં દેવની મોજડીમાં જડેલા એક હીરાની તોલે પૃથ્વી પરનો કોઈ હીરો આવી શકે એમ નથી. ભલેને એ પૃથ્વી પર સુપર ડીલક્ષ હોય!

જો મોજડીમાં જડેલો હીરો આવો હોય તો
મુકુટમાં જડેલા હીરા કેવા હશે?
માનતુંગસૂરિ મહારાજે ભક્તામર સ્તોત્રમાં સુંદર ઉપમા આપી છે કે

**भक्तामर-प्रणत-मौलि-मणि-प्रभाणा-**
**मुद्योतकं दलित-पापतमो वितानं ।**
**सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-**
**वालम्बनं भवजले पततां जनानाम् ॥**

દેવતાઓ ભગવાનના ચરણમાં વંદે છે. તે વખતે એમનાં મુકુટોનાં રત્નોની પ્રભા ભગવાનના પગના નખ પર પડી, એમાંથી પરાવર્તિત કિરણો પુનઃ દેવતાઓની ઉપર પડે છે એ જોઈને દેવતાઓ કહે છે કે અમારાં પાપને ઓગાળી નાંખવા માટે જ પડે છે.

ભગવાનના ચરણકમળની સેવા અને એનું દર્શન
આ સંસારમાં ડૂબતા પ્રાણી માટે પરમ આલંબનરૂપ છે.
પંચ પરમેષ્ઠીને નમસ્કાર શા માટે?
**सव्वपावप्पणासणो** એટલે સર્વ પાપકર્મોના ક્ષય માટે જ,
કોઈ બીજા કારણ માટે નહીં.
તમે જો બીજું કોઈ કારણ મૂકશો તો
નવકાર તો રહેશે જ પણ આપણે ડૂબી જઈશું.
ભગવાન મહાવીરસ્વામીનો જીવ
ત્રીજા મરિચીના ભવમાં બેજ શબ્દો એવા બોલ્યા,
જેથી સમ્યક્ત્વ ચાલ્યું ગયું.
ભરત ચક્રવર્તીએ કહ્યું કે તમે વાસુદેવ થશો, ચક્રવર્તી થશો અને
અંતિમ તીર્થંકર પણ થશો.
ભગવાનને થયું કે હું વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર થઈશ.
એવું અભિમાનમાં બોલ્યા.
તમને કોઈ કહે કે તમે રાષ્ટ્રપતિ થવાના.
અને એવું સ્વપ્ન પણ આવે તો ગાંડા થઈ જાઓ ને?
પાચનશક્તિ હોય એટલું જ અભિમાન હોવું જોઈએ.
વધુ પડતું અનિષ્ટ સર્જે; કેમ કે અભિમાન ભયંકર છે.
મરિચીના ભવમાં બાંધેલ કર્મ ૧૫ ભવ સુધી ઉદયમાં રહ્યું.
નીચ ગોત્રમાં જન્મ લેવો પડયો.
૧૫ ભવ પછી એનો ઉદય ઝાંખો પડયો,
કર્મ નાશ નહોતું પામ્યું.

૨૬ મા ભવે દશમા દેવલોકમાં ૨૦ સાગરોપમનું
આયુષ્ય પૂરું કરી, ભગવાન ત્યાંથી ચ્યવી રહ્યા હતા ત્યારે
પુનઃ એ કર્મ ઉદયમાં આવ્યું અને કર્મે દિશા બદલી.
કર્મે ત્રિશલાના બદલે દેવાંગનાની કુક્ષિમાં નાંખ્યા;
જ્યાં ૮૨ દિવસ રહેવું પડયું.
આથી કોઈ પ્રબળ શક્તિ છે ખરી,
જે આટલા ભયંકર સંસારનું કારણ છે.
જે એની મેનેજમેન્ટ કરે છે. જે એનું એડમિનિસ્ટ્રેશન ચલાવે છે.
પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ
એ દરેક પોતપોતાના સ્વભાવ પ્રમાણે ચાલ્યા જ કરે.
દરિયાની નીચે કોઈએ પંખા મૂકયા છે કે જેથી
મોજાં ઉત્પન્ન થાય છે.
હિમાલયના એવરેસ્ટ પર કોઈ પવનચક્કી નથી
જે ત્યાંથી પવન ફૂંકે છે અને અહીં આવે છે.
આ બધા માટે ઉપરવાળો કે ઈશ્વર જ કારણભૂત છે,
એમ માનવું યોગ્ય પણ નથી.
–તો પછી આ શક્તિ છે શું?
એવી કોઈ શક્તિ જરૂર છે કે
જે આપણે જ ઊભી કરી છે, આપણે જ બાંધી છે.
એ નચાવે તેમ આપણે નાચવું પડે છે.
કર્મ નચાવે છે તેમ નાચીએ છીએ.
ઈશ્વર, કિસ્મત, ભગવાન, કુદરત ગમે તે કહો;
નામ બદલવાથી ચાલવાનું નથી.
વેદાંતના સૂત્રો પણ કહે છે કે જેણે જેવું કર્યું તેવું તે પામે છે.

× × × ×

બાર મહિના વાંચ્યા વિના પરીક્ષામાં બેઠા.
પછી ઉત્તરપોથીમાં શું લખે?

ગમે તે થોડું લખ્યું અને થોડી નોટો ટાંકણી મારીને મૂકી.
અને લખ્યું : Sir, Please....
ઘેર આવીને એ હોશિયાર વિદ્યાર્થી શું કહે છે ?
ચાર સપ્લીમેન્ટરી ભરી છે !
આજે તો પરીક્ષામાં બેઠો જ ન હોય તે પાસ થાય છે, અને પરીક્ષામાં બેઠેલો હોશિયાર નાપાસ થાય છે !
આવું જ બધું ચાલે છે.
આપણે આપણો વિચાર કરવો પડશે.
બ્રહ્માએ જુદી જુદી ગતિવાળા પ્રાણી કેમ સર્જ્યાં.
બ્રહ્માજી કહે છે કે જેનાં જેવાં કર્મ તે પ્રમાણે ગતિ.
જો કર્મ પ્રમાણે ગતિ હોય તો બ્રહ્માજીની જરૂર શી ?
તો પછી આપણા સુખદુ:ખનું કારણ છે કોણ ?

## વિવિધતા

રશિયામાં સામ્યવાદ છે; સર્વ સમાન છે ?
જરા એમને પૂછો તો તેઓ કહેશે કે
તમારા જેટલું સુખી કોઈ નથી. અને
અમારા જેટલું દુ:ખી કોઈ નથી.
અમારે તો ગજબનું દુ:ખ; એક જાતની પરતંત્રતા છે.
ત્યાં કોઈ સરખું નથી.
કોઈ કાળે સર્વ સરખાં થયાં નથી અને થવાનાં નથી.
બધે કર્મનો સિદ્ધાંત જ લાગે.
કર્મની વ્યાખ્યા સૂત્રમાં અપાઈ છે એ
અપરિવર્તિત વ્યાખ્યા છે. જે એક જ શ્લોકમાં બતાવી છે.
**किरइ जीएण हेउहिं जेणं तो भन्नए कम्मं ।**
આમાંનો એક એક અક્ષર અમૂલ્ય છે.
એમાં જણાવ્યું છે કે,

**જીવ વડે હેતુપૂર્વક કરાય તે કર્મ કહેવાય છે**

કર્તા કોણ? જીવ.
ક્રિયા તો કરનાર જ કરે ને?
કરનાર ક્રિયા હેતુપૂર્વક કરે ને?
**કર્તા, ક્રિયા** અને **હેતુપૂર્વક** એ ત્રણ શબ્દમાંથી
એક પણ શબ્દ કાઢી નાંખી શકાય એમ નથી.
જીવ શબ્દ કાઢી નાંખીએ તો
કોણ કરે છે ક્રિયા? જીવ વિના ક્રિયા કોણ કરે?
કર્તા ન હોય તો ક્રિયા કેવી?
એટલે કર્તા તો કોઈને કોઈ હોય જ.
અને કર્મ કર્તાને જ બંધાય.
કર્મ કોને બંધાય? જીવને કે જડને?
કર્મ એટલે શું?
જે કાંઈ કરો તે કર્મ?
ના, હેતુપૂર્વક કરો તે કર્મ.
જીવ હેતુપૂર્વક જ કર્મ કરે છે.
ચપ્પુ કે છરીના સાધનથી
ખૂની ખૂન પણ કરી શકે, જ્યારે
ડૉકટર એ જ છરીથી કાપ મૂકી પથરીનું ઑપરેશન કરી દરદીને
જીવીતદાન આપી શકે છે.
ચપ્પુ વાપરવાની ક્રિયા સરખી છે, પણ હેતુમાં ફરક છે.
હેતુ બદલાતાં કર્મ બદલાય છે.
ડૉકટરનું કર્મ એ પુણ્યકર્મ છે.
ખૂનીનું કર્મ એ પાપકર્મ છે.
ઘરમાં શેઠ અને નોકર બંને ય
શાક સમારતા હોય તો ક્રિયા સરખી છે.

પણ શેઠ શાક સમારશે તો જયણાપૂર્વક સમારશે,
જ્યારે નોકર નિર્ધ્વંસ પરિણામવાળો છે.
એ જયણાપૂર્વક નહિ સમારે.
પરિણામે શેઠને પાપ પાંચ ટકા જ્યારે નોકરને ૯૫ ટકા.
ક્રિયાના બે જ ભેદ છે. **શુભ** અને **અશુભ.**
વાચિક ક્રિયા, જોવાની ક્રિયા, સાંભળવાની ક્રિયા,
સૂંઘવાની ક્રિયા, શરીરની ક્રિયા, હાથની ક્રિયા.
તમે પણ નરકના પરમાધામીને કહોને કે
મેં નથી ખાધું, મેં નથી પીધું;
એ તો મારા મોઢાએ ખાધું હતું અને પીધું હતું.
ક્રિયાના બેજ પ્રકાર.
શુભ અને અશુભ.
અથવા કહીએ કે એક પુણ્યવંતી, બીજી પાપકારી.
અથવા કહો કે એક ધર્મ અને બીજી અધર્મ.
કર્મ કરનાર જીવ છે.
પણ એમાં હેતુ શોધવો જોઈએ.
જગતમાં જાતજાતના હેતુ છે. પણ એ બધા
રાગ અને દ્વેષમાંથી જ પરિણમે છે
માટે મૂળ રાગ અને દ્વેષ એ બે જ હેતુ.

□ □ □ □

કાલે જાપાનથી ઘડિયાળ લાવ્યા ત્યારે રાગને
કારણે કેટલો હર્ષ હતો. અને
આજે ચોરાઈ ગઈ તો......
કોણે લીધી છે? હું એની ખબર લઈ નાંખીશ?
જોવા જેવી કરીશ.
આ બંને પ્રકારના હેતુથી કર્મ બંધાય.
શંખ અને કલાવતીના ભવોમાં રાગનો હેતુ,

મરુભૂતિ અને કમઠના ભવોમાં દ્વેષનો હેતુ
અગ્નિશર્મા અને ગુણસેનના ભવોમાં દ્વેષનો હેતુ,
નેમિકુમાર અને રાજુલના ભવોમાં રાગનો હેતુ.
આ રાગ અને દ્વેષ શું સ્વભાવ છે? ના.

**स्वस्य भाव इति स्वभावः ।**

પોતાનો આત્માનો ભાવ તે જ સ્વભાવ.
વિચાર કરો કે
શું મારો સ્વભાવ રાગ, દ્વેષનો છે?
શું મારો સ્વભાવ ક્રોધ, માયા, માન અને મોહનો છે?
પાણીનો સ્વભાવ શીતળતા છે.
પાણીને ગમે તેટલું ગરમ કરીએ પણ એ ઠંડું જ થઈ જશે.
ગરમી તો અગ્નિના કારણે છે.
તમે ઊંઘમાં કોઈ સાથે ઝઘડો છો?
તમે થાંભલા સાથે ઝઘડો છો? નહીં ને?
માનવી નિમિત્ત મળે તો જ ઝઘડે.

□ □ □ □

સમસ્તવિશ્વમાં મૂળભૂત દ્રવ્યો (પદાર્થો) માત્ર બે જ છે.

- ૧ ચેતન (જીવ)
- ૨ જડ (અજીવ)
  - ૧ ધર્માસ્તિકાય
  - ૨ અધર્માસ્તિકાય
  - ૩ આકાશાસ્તિકાય
  - ૪ કાળ
  - ૫ પુદ્ગલાસ્તિકાય
    - ૧ સ્કંધ
    - ૨ દેશ
    - ૩ પ્રદેશ
    - ૪ પરમાણુ

**જીવ**—અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ, સુખ-દુઃખાદિ સંવેદનાશીલ ચેતનદ્રવ્ય-આત્મા.

**અજીવ**—જ્ઞાન-દર્શન-સુખ દુઃખાદિરહિત વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિયુક્ત અચેતન અજીવ દ્રવ્ય-જડ.

**ધર્માસ્તિકાય**—૧૪ રાજલોકમાં વ્યાપેલ ગતિ સહાયક એવું અરૂપી દ્રવ્ય

**અધર્માસ્તિકાય**—૧૪ રાજલોકમાં વ્યાપેલ સ્થિતિ સહાયક એવું અરૂપી દ્રવ્ય.

**આકાશાસ્તિકાય**—જીવાજીવાદિ દ્રવ્યો માટે આધારભૂત, અવકાશ આપનાર અરૂપી દ્રવ્ય.

**કાળ**—નાના-મોટા-નવા-જૂના ઈત્યાદિ પરિવર્તનલક્ષણવાળું દ્રવ્ય.

**પુદ્‌ગલાસ્તિકાય**—જ્ઞાનાદિગુણરહિત વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણધર્મયુક્ત રૂપી જડ દ્રવ્ય અજીવનો એક ભેદ.

## અષ્ટ મહાવર્ગણા

સમસ્ત ૧૪ રાજલોકના અનંત બ્રહ્માંડમાં ઠાંસીઠાંસીને ભરેલી અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે ડબ્બીમાં મેશની જેમ વ્યાપેલી આવી આઠ મહાવર્ગણાઓ છે. વર્ગણા શબ્દનો અર્થ છે પુદ્‌ગલ-પરમાણુઓનો જથ્થો, સમૂહ.

આ અષ્ટ મહાવર્ગણાઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ-સૂક્ષ્મ છે.

બધી જડ પુદ્‌ગલાત્મક છે. જીવ તેમને ગ્રહણ કરી ઉપયોગ કરે છે.

* **ઔદારિક**—મનુષ્ય-તિર્યંચને ઔદારિક શરીર બનાવવા યોગ્ય એવા પુદ્‌ગલ પરમાણુના સમૂહને ઔદારિક વર્ગણા કહેવામાં આવે છે.

# અષ્ટ મહાવર્ગણા




* **વૈક્રિય**—દેવ-નારકાદિને વૈક્રિય શરીરની રચનામાં ઉપયોગી મહાવર્ગણા.
* **આહારક**—૧૪ પૂર્વધારી મુનિઓને આહારક શરીર બનાવવા યોગ્ય વર્ગણા.
* **તૈજસ**—આત્મા સાથે રહેતું સૂક્ષ્મ તૈજસ શરીર બનાવવા યોગ્ય વર્ગણા.
* **કાર્મણ**—આત્મા સાથે આશ્રવ પછી કર્મરૂપે બંધાતી વર્ગણા તે કાર્મણ વર્ગણા.
* **શ્વાસોચ્છ્વાસ**—દરેક જીવોને શ્વાસોચ્છ્વાસ લેવા યોગ્ય પુદ્ગલ-પરમાણુનો જથ્થો.

* **ભાષા**—જીવોને બોલવા માટે લેવામાં આવતા પુદ્‌ગલ-
પરમાણુના જથ્થા સ્વરૂપ—તે ભાષા વર્ગણા.

* **મન**—જીવોને વિચાર કરવા માટે બનાવવામાં આવતું મન
તે મનોવર્ગણાના પુદ્‌ગલોનો જથ્થો.

આવી અષ્ટ મહાવર્ગણા જે સમગ્ર ૧૪ રાજલોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલી છે, તેનો ઉપયોગ દરેક સંસારી જીવને કરવો પડે છે. તેમાં જેમ કાર્મણ વર્ગણા છે—

તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો જીવ પોતાના રાગ-દ્વેષાદિ ભાવે કરી આકર્ષે છે. અને તેજ આત્મા સાથે સંકળાઈને કર્મ બને છે. તે કર્મ ક્ષીર-નીરવત્ આત્મા સાથે એકમેક બની જાય છે.

જીવ કાર્મણવર્ગણાને ખેંચે છે




વીસમી સદીનું વિકસતું વિજ્ઞાન આજે અણુયુગ તરીકે ઓળખાય છે. Nuclear Energy, Atomic Energyના પ્રયોગો ચાલે છે. જેને જૈન શાસ્ત્રો સ્કંધ કહે છે તેને વિજ્ઞાન Molecule તરીકે ઓળખે છે અને જેને જૈન શાસ્ત્રો અવિભાજય, અછેદ્ય, અભેદ્ય, અકાટ્ય, અદાહ્ય એવા ગુણયુક્ત પરમાણુ ( અણુ ) કહે છે તેને Modern Science આધુનિક વિજ્ઞાન Atom કહેવા પ્રયત્ન કરે છે.

પરન્તુ વિજ્ઞાનની માન્યતાઓ પરિવર્તનશીલ છે—
પહેલાં અણુ Atom અવિભાજ્ય ઓળખાતો હતો,
પરન્તુ આજે Atom ને Blast કરવામાં આવે છે.
Nuclear Energy, Atom Energy ની શાખાઓ વિજ્ઞાનમાં ચાલે છે. આજે અણુયુગમાં ઘણા દેશોએ "અણુ વિસ્ફોટ" ના ધડાકાઓ કર્યા છે—એટલે Atom ને Blast કર્યો.
જૈન ધર્મના સિદ્ધાન્તો અફર–શાશ્વત છે.
માતાની કુક્ષિમાં આવીને જીવ વર્ગણાઓ ગ્રહણ કરે છે અને શરીરાદિ બનાવે છે.
શ્વાસોચ્છ્વાસ લેવા માટે શ્વાસોચ્છ્વાસ વર્ગણા અને
બોલવા માટે ભાષાવર્ગણા લેવી પડે છે.
સંપૂર્ણ શ્વાસ કાઢી નાંખીને કોઈ બોલી શકતું નથી.
એક શબ્દ પણ નહીં બોલાય.
આકાશમાંથી ભાષાવર્ગણાને ગ્રહણ કરી એનો પિંડ બનાવાય છે.
જીવ પોતાની ફરતે પડેલી કાર્મણ વર્ગણાને
રાગદ્વેષ વડે આશ્રવે છે.
પરિણામે આત્મા ઉપર એકજાતનું આવરણ થાય છે.
આત્મા ઉપર બનેલું આ આવરણ જ કર્મના નામે ઓળખાય છે.
સિદ્ધ પરમાત્માની આજુબાજુ પણ કાર્મણ વર્ગણા તો છે;
પરંતુ તેઓ રાગ–દ્વેષથી મુક્ત વીતરાગ છે, અચલ સ્થિર છે.
એટલે તેમને એક પણ કર્મ બંધાતું નથી.
પ્રશ્ન : કર્મ તમને બાંધે છે કે તમે કર્મને બાંધો છો ?

ગમે તે હો પણ કર્મ ચોંટાડનાર કોણ?
આપણે ભાષાનો વ્યવહાર કેવો કરીએ છીએ ?
બસમાં બેસીને જતા હો તો કહો કે મારું સ્ટોપ આવી ગયું.
ટ્રેનમાં જતા હો તો કહો છો કે મારું સ્ટેશન આવી ગયું છે.
ગાડીમાં જતા હો ત્યારે કહો છો કે મારું ગામ આવી ગયું છે.
પણ આ ભાષાના ઉપયોગ ઉપર થોડો વિચાર કરો–
શું આ પ્રયોગ સાચો છે ?
સ્ટેશન આવ્યું કે તમે આવ્યા ? ગામ આવ્યું કે તમે આવ્યા ?
કોણ આવ્યું ?
બસ સ્ટોપ આવી ગયું કે તમે બસ સ્ટોપ પાસે આવી ગયા ?
એક યુવાન વીજળીના થાંભલાને વળગીને ઊભો છે
અને બૂમ પાડે છે...બચાવો, છોડાવો...અરે ! કોઈ બચાવો ..
રસ્તે જતા લોકોને થયું કંઈક જરૂર હશે.
એમાંથી બે રાહદારીએ કિશોરને છોડાવવા પ્રયત્ન કર્યો.
એકે એક હાથ પકડ્યો, બીજાએ બીજો.
બંને છોડાવવા માટે હાથ ખેંચે છે–
કિશોર જેમ જેમ ખેંચાય છે તેમ તેમ વધુ ને વધુ
જોરથી વળગી રહે છે.
આથી પેલા રાહદારી સમજી ગયા કે આ જાણીજોઈને રમત કરે છે.
એક રાહદારીએ બે થપ્પડ લગાવી દીધી.
પેલા કિશોરે થાંભલો છોડી દીધો.
આપણું પણ આવું જ ને ?

તમે કર્મને બાંધો છો કે કર્મ તમને બાંધે છે?
સંસારમાંથી નીકળવું હોય તો પકડીને બેસો તે ચાલે?
ભગવાન પણ નહીં છોડાવે અને ગુરુ પણ નહીં છોડાવે.
બચવું હોય તો જાતે જ છોડવું પડશે.
તમારે હાથે જ સંસાર છોડવો પડશે.

નહીંતર એમાં પડેલો જીવ બહાર નીકળી શકતો નથી.
આત્મા પર કર્મનો લેપ જામી ગયો છે.
માનવી પોતે જ પોતાના કર્મનો કર્તા અને ભોક્તા છે.
વાલ્મિકીએ નારદને કહ્યું કે

જેમને માટે પાપ કરું છું તે સૌ પાપમાં ભાગીદાર થશે.
નારદે કહ્યું: ન થાય. તારે જ બધાં પાપ ભોગવવાં પડશે.
વાલ્મિકી કહે: હું પૂછી આવું.
નારદ: હા! પૂછી આવ. હું અહીં જ ઊભો છું.
જેમના માટે તમે પાપ કરો છો તે તમને ચોખ્ખી
'ના' સંભળાવે તો.

શીરોપૂરી હું ખાઉં અને માર તમે ખાઓ એમ જ ને?
માલ ખાય જીભ અને માર ખાય ગાલ.
પરિવર્તન માટે પત્નીનો જવાબ જોઈએ?
કોઈએ પત્નીને પૂછ્યું છે? સમજાવ્યું છે? નહીંને.
માટે જ આપણે જ્યાં છીએ ત્યાં છીએ.
ભલે તમે ન બદલાયા પણ હવે બદલાયા વિના
ચાલવાનું નથી, બદલાયા વિના છૂટકો નથી.

## આત્માના આઠ ગુણો અને તેના આવરક

—: આઠ કર્મો :—




### (૧) અનન્તજ્ઞાન

આત્માના આઠ પ્રકારના ગુણ છે. એ ગુણ પર આવરણ આવે એટલે ઢાંકણ આવે તે પ્રકારનું આવરણીય કર્મ કહેવાય.

આત્માનો પ્રથમ ગુણ અનંતજ્ઞાન.

જ્ઞાન જડમાં નથી.

સ્વયં આત્મા જ એવી પ્રવૃત્તિ કરે છે.

લાઈટ પર કપડાનું આવરણ હોય તો પ્રકાશ ઝાંખો થઈ જાય. પૂઠું કે પતરાનું આવરણ હોય તો તદ્દન દેખાય નહીં.

આત્મા તો અનંતજ્ઞાનનો માલિક છે પણ સંસારમાં કેટલાક બુદ્ધિશાળી અને કેટલાક બુદ્ધુ દેખાય છે ને?

રંગની તરતમતાના પ્રકાર કેટલા ?
એટલા જ ભેદ જ્ઞાનાવરણના.
એક જ વર્ગમાં શિક્ષક સરખું જ શીખવે પણ
હોંશિયાર વિદ્યાર્થી તરત ગ્રહણ કરી લે. જ્યારે બુધ્ધુ......?
આમ જ્ઞાનના ગુણને ઢાંકનાર કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ.
જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર છે.
આ જગતમાં જ્ઞાન વિનાનો કોઈ જ નથી.

**(૨) અનંત દર્શન**

આત્માની જોવાની શક્તિ અનંત છે.
જાણવું અને જોવું એ બંને કર્મ જીવનાં છે.
જે જાણે છે તે જુએ છે. જે જાણતો નથી તે જોતો નથી.
અહીં ઊંઘના કારણે કંઈ ન જાણી શકાય તો તે
દર્શનાવરણીય કર્મનો ઉદય.
ભગવાન મહાવીરસ્વામીએ સાડાબાર વર્ષ સુધી ઊંઘ જ
લીધી નહોતી. અલ્પપ્રમાદની બે ઘડીની નિદ્રા જ માત્ર.

**(૩) અનંત ચારિત્ર**

આત્માનો ત્રીજો ગુણ અનંત ચારિત્ર, અવ્યાબાધ સ્વરૂપ. રાગને
કારણે એનું આકર્ષણ એ ગુણ પર આવરણ આવતાં મોહનીય કર્મ.

**(૪) અનંત શક્તિ**

આત્મામાં અનંત શક્તિ છે. ભગવાન મહાવીરસ્વામી
જન્મ્યા ત્યારે એમને દેવતાઓ મેરુ પર્વત પર અભિષેક
માટે લઈ ગયા. ત્યારે ઇન્દ્રને શંકા ગઈ કે બાળસ્વરૂપ ભગવાન
આ અભિષેક કેવી રીતે સહન કરી શકશે.
અને ભગવાન મહાવીરસ્વામીએ પોતાનો પગ પૃથ્વીને
અડકાડ્યો એટલે એક લાખ યોજનવાળો મેરુ પર્વત
ખળભળી ઊઠ્યો, પથ્થરો પડવા લાગ્યા.
આ જોઈને ઈન્દ્ર વિચારમાં પડી ગયો કે આ

સમયે આ ઉપદ્રવ કોણે કર્યો હશે. ઇન્દ્રે તરત જ
અવધિજ્ઞાનનો ઉપયોગ કરી જોયું તો જણાયું કે
આ તો પોતાના મનની શંકાનો જવાબ છે.
એટલે તરત જ એણે ભગવાન મહાવીરસ્વામીની ક્ષમા યાચી.
આત્માની અનંત શક્તિનો વિચાર કરો, બહારની શક્તિનો નહીં.
હોસ્પિટલમાં પડ્યા હો, પગથી માથા સુધી પ્લાસ્ટર હોય,
પડખું ફરવા માટે ય કોઈની સહાય લેતા હો અને
એવામાં આગ લાગે તો ? બારીમાંથી કૂદકો મારો ને ?
ત્યારે એ શક્તિ ક્યાંથી આવે છે ?
આત્માની શક્તિ જેનાથી ઢંકાય તે અંતરાય કર્મ.

## (૫) અનામી ગુણ

આત્મા અનામી છે, અરૂપી છે.
આત્માને નામ નથી, તમારે બધાં નામ છે.
માનવી મૃત્યુ પામે ત્યારે 'જીવ' ગયો એમ કેમ બોલીએ છીએ ?
આત્માનું નામ નથી, એ અનામી છે માટે ને ?
અહીં સંસારમાં આવ્યા પછી નામ ધારણ કર્યાં.
એના પર આવરણ તે નામકર્મ કહેવાય.

## (૬) અગુરુલઘુ

આત્માનો બીજો ગુણ વજન વિહીનતા છે.
આત્મા નાનો કે મોટો નથી. છતાં
સંસારના વ્યવહારમાં તમે કહો છો ને કે
એ બહુ મોટા માણસ છે, એમને આગળ બેસવા દો.
એમનો હાથ બહુ મોટો.
આત્માના આ ગુણો પર આવરણને કારણે
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે નાના મોટા જ્ઞાતિભેદ બન્યા.
આ આવરણને કારણે બંધાયું તે ગોત્રકર્મ.

## (૭) અનંત સુખ

આત્મા અનંત સુખનો માલિક છે; જડ નહીં.
ચેતનવંત દેહ પર અત્તર લગાડો તો એને હર્ષ થાય પણ મૃતદેહ પર લગાડો તો?
સુખનો અનુભવ આત્મા જ કરી શકે છે.
માથું દુઃખે છે ત્યારે ઘણા કહે છે કે ચા પીએ એટલે માથું ઊતરે છે. સંડાસ સાફ આવે છે.
અનંત સુખ પરના આવરણથી બંધાયેલ કર્મ તે વેદનીયકર્મ.
બહારના તુચ્છ પદાર્થોથી સુખ થતું નથી.

## (૮) અક્ષયસ્થિતિ

આત્માનો છેલ્લો ગુણ અક્ષયસ્થિતિ છે.
આત્મા ક્ષીણ થતો નથી. એ તો કાયમ એક જ સ્થિતિમાં રહે છે.
એને આ દેહમાં રહેવું પડે છે. એ જેલ છે.
આ અક્ષયસ્થિતિ પરના આવરણને કારણે આયુષ્યકર્મ બંધાય.
કોઈનું ૭૫ વર્ષનું, તો કોઈનું ૫૦ નું, કોઈનું ૨૫ નું, તો કોઈનું બે ઘડીનું. એ આયુષ્ય ભોગવવા તૈયાર રહેવાનું જ.
જીવ માત્રની આ સ્થિતિ છે. કર્મની ગતિ ન્યારી છે.

**कृतं कर्म अवश्यमेव भोक्तव्यम् ।**

વાલ્મિકી ઘરે પૂછીને આવ્યો. પત્ની બાળકોએ પાપના ભાગીદાર થવાની સાફ ના સંભળાવી.
વાલ્મિકીએ ડાકુપણું છોડયું. સાધુ બન્યો.
રામાયણ જેવો મહાન ગ્રંથ બનાવી અમર બની ગયો.
માનવે પોતાની કરણી બદલવી જ પડશે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

—ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને જણાવતા કહે છે કે હે અર્જુન! આ કર્મ કરવાનો જ તારો અધિકાર છે. ફલની ચિંતા તું કરીશ નહીં. ફલ તો મારા હાથમાં છે.

આ વાતથી કર્મ શબ્દ ગીતામાં જુદા અર્થમાં છે. જૈન ધર્મમાં કર્મ શબ્દ કરેલા શુભ-અશુભ-પુણ્ય-પાપના અર્થમાં વપરાય છે.

## કાર્ય કારણભાવ સંબંધ

જેમ માટી અને ઘડો, ધુમાડો અને અગ્નિ આદિની વચ્ચે
કાર્ય-કારણભાવ સંબંધ છે.
તેવી જ રીતે સુખ-દુઃખાદિ ભાવો જે દેખાય છે.
તે તો કાર્ય સ્વરૂપ છે.
તો પછી તેના કારણ તરીકે કોને ઓળખશું?
કારણ વિના તો કાર્યનું નિર્માણ થતું જ નથી.
સુખ-દુઃખાદિ કાર્યભાવે છે તો તેના જ કારણ સ્વરૂપે
શુભાશુભ પ્રવૃત્તિ-પુણ્ય-પાપ-અથવા ધર્મા-અધર્મની પ્રવૃત્તિને જ
કારણ માનવાનું પરમાત્માએ ફરમાવ્યું છે.

સંસારમાં સુખ અને સુખી, દુઃખ અને દુઃખી, શ્રીમંત અને શ્રીમંતાઈ, ગરીબ અને ગરીબી, શત્રુ અને શત્રુતા, જ્ઞાન અને જ્ઞાની, ધન અને દાની, રાગ અને રાગી, દ્વેષ અને દ્વેષી આ બધા ગુણ-દોષ અને વ્યક્તિની વચ્ચે જે સંબંધ છે. તેમાં પણ જે શુભાશુભની તરતમતા છે તે કર્મના ફળની જ અવસ્થા છે.

વિના કર્મે એક સુખી અને બીજો દુઃખી, એક રાજા અને બીજો રંક, એક અમીર અને બીજો ગરીબ, એક જ્ઞાની અને બીજો અજ્ઞાની, એક દાની અને બીજો કંજુસ. આ બધી વિષમતા સંસારમાં સંભવે જ નહીં. જીવ સ્વયં પોતાના શુભાશુભ કર્મનો કર્તા છે અને સ્વયં પોતે જ પોતાના કર્મના ફળનો ભોક્તા પણ છે.

**सव्वपावप्पणासणो**....સર્વેના સર્વ પાપકર્મો ક્ષય પામો એ જ પ્રભુ ચરણે અભ્યર્થના.

卐 સૌજન્ય 卐

# ગં. સ્વ. મફતબેન ઉત્તમલાલ ચેલજીભાઈ પેથાણી–સુરત.

તરફથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.


—: પ્રકાશક :—

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ–૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ–૪૦૦ ૦૦૨.**

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

જૈનદર્શનના અદ્ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય— "કર્મ તણી ગતિ ન્યારી..."

પ્રવક્તા— પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| અષાઢ વદ ૧૨ | વ્યાખ્યાન ચોથું | રવિ તા. ૧૮-૭-૮૨ |
|---|---|---|

# વિષય: જ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મ

વ્યાખ્યાતા: પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર: કપિલરાય નાનાલાલ ઠાકુર

---

ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામી ફરમાવે છે કે
અનાદિ અનંત આ સંસારમાં જીવ પાપની
પરંપરામાં અટવાયા જ કરે છે.
ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે હે ભગવંત!
એવું કયું પ્રબળ કારણ છે કે જેથી જીવ પાપની પાછળ ખેંચાય છે?
ભગવંતે કહ્યું: "अन्नाणं खु महाभयं"
અજ્ઞાન એ જ મહાભયંકર કારણ છે.
એને કારણે જ જીવ કેટલાંક પાપ કર્યા કરે છે.

અજ્ઞાન એ જ બધા પાપનું મૂળ છે.
જગતમાં કેટલાક જીવો જ્ઞાની છે. જ્યારે કેટલાક અજ્ઞાની.
અજ્ઞાની એટલે અલ્પજ્ઞાની જીવ જ્ઞાની બનવા ઇચ્છે છે કે ?
જ્ઞાની જીવ અજ્ઞાની બનવા ઇચ્છે છે ?
દ્રવ્યના મુખ્ય બે જ ભેદ–જડ અને ચેતન.
જીવને જ જ્ઞાન હોય છે, જડને હોતું નથી. જીવમાં જ જ્ઞાન-
દર્શનાત્મક ચેતનાશક્તિ છે. જરા કલ્પના કરો કે
જો જગતમાં જ્ઞાન જ ન હોત તો ?
આપણે કહીએ છીએ ને કે **मुंडे मुंडे मतिर्भिन्ना** ।
જ્ઞાનવાન જીવ જ વિચાર કરી શકે છે. પણ બધા એક સરખો
વિચાર કરી શકતા નથી. બધાની બુદ્ધિ એક સરખી ચાલતી નથી.
ઇન્દ્રભૂતિ જેવા વેદવિદ્યાના પારંગામી મહા વિદ્વાનને પણ....
**'विज्ञान घन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय ।**
**तान्येव विनश्यति, न प्रेत्यसंज्ञास्ति ॥'**
વેદના આ શ્લોકમાં શંકા થઈ, અને '**न**' અક્ષરનો અર્થ
બીજી બાજુ લગાડ્યો.
'**न**' અક્ષર ક્યાં મૂકવો જોઈએ એવી શંકામાંથી
'**न**' અક્ષર ખોટી રીતે લગાડ્યો અને મોટો અનર્થ થઈ ગયો.
બસ, ત્યારથી શંકા મનમાં ઘર કરી ગઈ
કે–"આત્મા જેવી કોઈ વસ્તુ છે જ નહીં."
વાણીના વ્યવહારમાં જેમ અર્થ છે તેમ અનર્થ પણ છે.
'વિષ'ને લાવજે, તેના બદલે માત્રા 'ા'ના ઉમેરાથી
'વિષા' નામની કન્યા આપવાનો અનર્થ સર્જાયો.
એ જ રીતે 'ચિંતા અને ચિતા,' 'શસ્ત્ર અને શાસ્ત્ર'માં
પણ ફરક થોડો જ છે. 'શસ્ત્ર' અતિ ખતરનાક; 'શાસ્ત્ર'
પરમ ઉપકારી. શાસ્ત્રનો આપણા પર મહાન ઉપકાર છે.
જીવ જો શાસ્ત્રાનુસારી મતિવાળો બને, તો તરી જાય.

# જ્ઞાનની કિંમત કેટલી?

બે જ જણ તરે. એક જ્ઞાની અને બીજો જ્ઞાનીની નિશ્રામાં રહેનાર.
ટ્રેનમાં તમે જાઓ છો.
પણ તમે તમારી જિંદગી ટ્રેનના ડ્રાઈવરને ભરોસે છોડો છો ને?
વિમાનમાં જાઓ છો ત્યારે તમે વીમો ઉતરાવેલ હોય પણ
પાયલોટના ભરોસા પર જિંદગી છોડો છો ને? તમે એમનામાં
શ્રદ્ધા મૂકી છે. કેમકે ડ્રાઈવર અને પાયલોટમાં ટ્રેન અને વિમાન
ચલાવવાનું **જ્ઞાન** છે.
ટ્રેનમાં અકસ્માતો થાય છે. હમણાં જ મુંબઈમાં વિમાની અકસ્માત
સર્જાયો. વિમાન તૂટી પડે છે, છતાં વિમાની અકસ્માતમાંથી
રાજા રામન્ના જ કેમ બચી ગયો? એ વ્યક્તિ પર આપણે કેવો
મદાર બાંધ્યો છે. એ અણુવિજ્ઞાની હતો, એ બુદ્ધિશાળી હતો
માટે એની કિંમત દસગણી મુકાઈ ને?
બુદ્ધિશાળીની જ તમારે ત્યાં કિંમત છે ને?
બુદ્ધિ પણ પાછી કેવી? Sharp–તીક્ષ્ણ.
પણ એવું કોઈ Sharpner નથી કે જેના પર
ઘસતાં બુદ્ધિ તીક્ષ્ણ થાય.
બે મલ્લ–કુસ્તીબાજો લડે છે ક્યારેક, પણ શરીરને રોજ
વ્યાયામથી સજ્જ રાખે છે ને? એક દિવસ પણ શરીરની
Excercise છોડતો નથી. મુક્કાબાજ પણ નિયમિત ઘરમાં
રેતીના કોથળા સાથે મુક્કાબાજી કર્યા જ કરે છે ને? અને
કરાટે માટે કેટકેટલી મહેનત કરાય છે!
પરંતુ કોઈને કદી બુદ્ધિની કસરત–વ્યાયામ કરવાનો
વિચાર આવ્યો? કોઈ ગાથા ગોખવાનો, શ્લોક યાદ કરવાનો,
ચિંતન કરવાનો, સારું વાંચવાનો, સારું લખવાનો,
કદી પ્રયત્ન કર્યો?

લેખકને જો સારું સર્જન કરતા ન આવડે તો એને હજારો લોકોને ગેરરસ્તે દોરવાનું મહાપાપ લાગે. લેખક શૃંગારિક લેખન કરીને, માનસિક ગલગલિયાં કરાવે, એવી વાતો લખીને યુવાનોને રવાડે ચઢાવે. આવા વાંચનથી યુવાન ગાડો થાય, નાચવા લાગે, બારણું બંધ કરી શૃંગારિક વાર્તા–નવલકથા વાંચે. એનું જીવન બરબાદ થઈ જાય. એને એમાંથી શું મળે છે?
એ લખાણમાંથી જીવનના કલ્યાણ માટે
એક પંક્તિ પણ મળતી નથી.

□ □ □ □

## શાસ્ત્ર–પ્રતની કિંમત કોને સમજાય?

એક બ્રાહ્મણ હતો. એનાં કુળદેવી આશાપુરી માતા પાસે ગયો, દેવીની ભક્તિ કરી. દેવી પ્રગટ થયાં. બ્રાહ્મણે કહ્યું કે મા, કંઈક આપો, મારી સ્થિતિ અતિદરિદ્ર છે.
દેવી કહે: 'હે બ્રાહ્મણ! તારા ભાગ્યમાં કશું નથી, હું શું આપું?'

**આપનાર પણ નસીબ જોઈને આપે છે.**

બ્રાહ્મણ કહે: 'મા કંઈક તો આપો.' બહુ આજીજી કરી, ત્યારે દેવીએ માંડ માંડ એક પોથી આપી અને કહ્યું કે આ પોથીને તું રૂપિયા પાંચસોમાં વેચજે.
બ્રાહ્મણ કહે: 'દેવી! તો પછી ૫૦૦ રૂપિયા જ આપો ને?'
દેવી કહે: 'ના, તારા નસીબમાં જ નથી.'
ઘરની પસ્તીના ચાર આઠ આના જ આવે ને? સારા ગ્રંથો પણ ઘરમાં રાખવા ગમતા નથી કેમકે તમારું ફરનીચર બગાડે છે, શોભા રૂપ નથી લાગતા.
દુકાનમાં ૧૦ લાખનું ફરનીચર બનાવો ત્યાં હિસાબના ચોપડા શોભારૂપ; પણ ઘરમાં સારા ગ્રંથો નહીં. છાપાવાળાને વેચી જ દેવાના. પછી ભલેને રૂપિયે કે બારઆને કિલો વેચાય!

કલ્પના કરો કે સારા ગ્રંથોની છે કિંમત? છાપાવાળા પાસેથી જાય
એ ફુટપાથ પર. ક્યારેક કોઈને એની કિંમત સમજાય અને લેવા
ઇચ્છે તો ફુટપાથનો વેચનારો ય પાંચ રૂપિયાની કિંમતવાળી
પાંચઆનામાં લીધેલી ચોપડીના રૂા. ૫૦ માગશે.
એ જાણે છે કે આ પુસ્તક ખરીદનારને ઉપયોગી છે.
એ તો પાંચડા પર માત્ર મીડું જ ચઢાવે!
ઝવેરી હોય તે જ ઝવેરાતની કિંમત કરે.
જ્ઞાની હોય તે જ જ્ઞાનની કિંમત આંકે.
અજ્ઞાનીને તો 'ભેંસ આગળ ભાગવત.'
કોઈ જ્ઞાની મહાત્મા શોધવા જાઓ તો ય આજે શોધ્યા જડતા નથી.
પેલો બ્રાહ્મણ નગરમાં ફરે છે પોથી વેચવા માટે કહે છે કે
જે આપવું હોય તે આપો પણ પાંચસોથી ઓછું નહીં.
કોઈ કંઈ બોલે છે, કોઈ કંઈ કહે છે, પણ કોઈ ખરીદતું નથી.
બ્રાહ્મણના મનમાં એમ છે કે કોઈક તો લેશે.
દેવીએ ખરી કરી! બ્રાહ્મણ જ્યાં વેચવા જાય છે ત્યાંથી જાકારો
મળે છે. 'ના ભાઈ ના, રવાના થા. ૫૦૦ તે અપાતા હશે!'
આજે તો કોઈ સારા ગ્રંથની કિંમત રૂા. ૫૦૦ રાખી હોય તો
લોકો શું કહેશે? 'સાહેબ! આવો ગ્રંથ તો પ્રભાવનામાં મફત
આપવો જોઈએ.' બધાને મફતનું જોઈએ છે.
બ્રાહ્મણની પોથીની કોઈ કિંમત કરતું નથી. આમ ને આમ મહિનો
વીતી ગયો. કોઈ લેતું નથી. હવે કરવું શું? છેવટે એક દિવસે
બીજા નગરમાં ગયો. ત્યાં એક દુકાને એક યુવાન વણિકપુત્ર
બેઠો હતો. તેણે બ્રાહ્મણને બોલાવીને પૂછ્યું?
'પોથીની કિંમત આટલી બધી કેમ?'
બ્રાહ્મણે બધી વાત કરી.
'દેવીએ પોથી આપી છે, અને પાંચસોમાં વેચવાની કહી છે
એટલે પાંચસોથી ઓછું નહીં.'

વણિકપુત્રે પોથી ખરીદી લીધી. રૂા. ૫૦૦ રોકડા આપી દીધા. બ્રાહ્મણ પૈસા લઈ પોતાને નગર જવા નીકળ્યો, પણ રસ્તામાં ખિસ્સું કપાઈ ગયું! બ્રાહ્મણના હાથમાં શું રહ્યું? બ્રાહ્મણ પોતાના કર્મને રડે છે અને કહે છે કે દેવીની વાત સાચી છે,—

"મારા નસીબમાં જ કંઈ નથી."

ઘણા લોકો કહે છે ને? એમને દેવીએ કહ્યું હોય કે
એમને જ્ઞાન થયું હોય કે એમને અનુભવ થયો હોય;
ગમે તે ઉપરથી કહે છે કે,—સાહેબ! મારા નસીબમાં જ નથી.
જ્ઞાનાવરણીય કર્મ નડે છે, જ્ઞાનની વાત જ નથી,
હજી જ્ઞાનનો યોગ ઉદયમાં આવ્યો નથી,
જ્ઞાનપ્રાપ્તિનો યોગ ઉદયમાં આવશે ત્યારે વાત.
અને ધંધાની વાત આવે ત્યારે એ જ લોકો શું કહે છે?
સાહેબ! મહેનત તો કરવી જ પડે ને?
પરસેવો તો પાડવો જ પડે ને?
શોધવા નીકળીએ તો પણ આજે જ્ઞાનની રુચિવાળા કેટલા મળે?
એક પણ નહીં ને?
જ્ઞાનની પણ એક મસ્તી હોય છે. જ્ઞાન એ આત્માનો ગજબનો ગુણ છે.
ચૈત્ર માસમાં ઓળીની આરાધના કરીએ છીએ.
જ્ઞાનપંચમીની આરાધના પણ કરીએ છીએ.
કોઈ દિવસ પોથી ખોલી નથી. કદી વાંચવાની ઈચ્છા કરી નથી.
પણ જ્ઞાનપંચમીએ એના પર વાસક્ષેપ નાંખી આવો!
આખું વર્ષ તમે વાસક્ષેપ નંખાવો. અને જ્ઞાનપંચમીએ એક દિવસ તમે નાંખો! બહુ બહુ તો ચારઆનાનો ફુલસ્કેપ કાગળ મૂકો. બસ! એટલામાં જ્ઞાનાવરણીય કર્મ ખપી ગયું?!
આત્માનો પ્રધાન ગુણ જ્ઞાન. જ્ઞાન એ ચૈતન્યસ્વરૂપ શક્તિ છે.
વિચાર કરો કે જ્ઞાન ન હોય તો આપણી કિંમત કેટલી?
મુંબઈના કરોડપતિના દીકરાની વાત છે.

ઢગલાબંધ નોટો, બાપ દીકરો ગણવા બેઠા.
દીકરો ભણેલોગણેલો હોંશિયાર. પણ ક્યાંકથી કોઈને
ખબર પડી ગઈ. લૂંટારાને બાતમી પહોંચી ગઈ. લૂંટારા આવીને
ચીલઝડપે બધું ય નાણું-ઢગલાબંધ નોટો ઉપાડી ગયા!
બાપ-દીકરો જોતા રહી ગયા! બાપે કહ્યું: 'કંઈ નહીં દીકરા!
આપણું જીવન તો બચી ગયું. પૈસા તો કાલે મળશે.'
**शिर साबुत तो पघडियां बहोत।** પણ દીકરો હાથના
આંગળાથી નિર્દેશ કરતો જાય અને પૂછે છે: 'બાપાજી!
પૈસા ક્યાં? બાપાજી! પૈસા ક્યાં?' ત્યારે તો બાપને એમ કે
દીકરાને આઘાત લાગ્યો છે. સવાર થતાં આઘાત ઓછો થઈ જશે.
રાત આખી ઊંઘ્યો નથી. એ જ રટણ. એક દિવસ, બે દિવસ
અને ત્રણ દિવસ થયા. બાપ સમજી ગયો કે દીકરાનું ખસી ગયું છે.
કરોડપતિનો દીકરો સાવ ગાંડો!
શું થયું પણ? ગાંડપણ આવ્યું ક્યાંથી? એ ગાંડપણ છે શું?
વર્ષો થઈ ગયા. એ ગાંડા દીકરાને નોકર રોજ રસ્તા ઉપર
ફરવા લઈ જાય છે.
કોઈ મળે તો તેને પેલો દીકરો પૂછે છે:
'બાપુજી! પૈસા ક્યાં? બાપુજી! પૈસા ક્યાં?'
બીજી કોઈ ચીજ સમજે જ નહીં.

□ □ □

## વરદત્ત-ગુણમંજરીનો પ્રસંગ

છોકરાઓ પાઠશાળાએ જાય.
એક દિવસ શિક્ષકે છોકરાને માર્યો.
છોકરાઓ ઘેર આવ્યા. માનો રાગ ઊછળી આવ્યો.
હેં! મારા છોકરાને મારનાર કોણ?
છોકરાઓ! નથી જવું નિશાળે. બેસો ઘેર.

છોકરાંના ચોપડા લઈને નાંખ્યા ચૂલામાં.
સાંજે છોકરાનો બાપ આવ્યો. એણે વાત જાણી.
બાપ પત્નીને કહે : 'તેં આ શું કર્યું ? તને ખબર છે ?'
સોટી વાગે ચમચમ તો વિદ્યા આવે રૂમઝુમ.
'છોકરાને જરા માર્યું એમાં શું થઈ ગયું ?'
પત્ની કહે: 'મારે કોઈ વાતે છોકરાને નિશાળે મોકલવા નથી.'
બાપ કહે: 'અરે! ભણ્યા વિના ચાલે? અભણનો ભાવ કોણ પૂછે?'
ઘરમાં એક પિતા પણ ચાર છોકરાને સાચવી શકતો નથી તો
શિક્ષક બિચારો કેટલાને સાચવે ?
અભણ અને અજ્ઞાન છોકરાને વટાવવા શી રીતે ?
ખોટો રૂપિયો તો હજુ ય ગમે તેમ કરીને વટાવી નાંખીએ
પણ અભણ ને અજ્ઞાન છોકરા શી રીતે વટાવાય ?
પતિ-પત્ની વચ્ચે ઝઘડો ચાલ્યો.
પત્નીનો હઠાગ્રહ-છોકરાંને નિશાળે નહીં જ મોકલું.
૧૫-૨૦ વર્ષ વીતી ગયા. ભણ્યા વિનાના છોકરાંનું પરિણામ કેવું ?
છોકરો મોટો થયો, વટાવવાનો પ્રશ્ન આવ્યો.
પતિ પત્નીને કહે, તારા પાપે આ છોકરાં હવે વટાવાતાં નથી.
હવે માથે હાથ દઈ ને રડ.
પત્ની કહે છે કે એમાં દોષ તમારો.
પતિ-પત્ની વચ્ચે સામસામું દોષારોપણ થાય. જેમ ફાવે તેમ
એક બીજાને બોલે. પત્ની પતિને ગાળો દે.. એવામાં પતિને
ક્રોધ ચઢ્યો, પથ્થર લઈ ને ઝીંક્યો, માથું ફૂટી ગયું અને
એ પથ્થરે પત્નીના પ્રાણ લીધા.
આનું કેવું પરિણામ ?
છેવટે મુંગા, બહેરા અને બોબડા બનવાનું.
આ જ જ્ઞાનાવરણીયકર્મના પાપે વરદત્ત અને ગુણમંજરી થયાં.
કલ્પના કરો. માનવી જન્મથી આંધળો હોય, જન્મ પછી આંધળો

થાય, ઓપરેશનથી કે ફુલુ પડવાથી અંધ બને. આ બધું આમ કેમ? આંધળાપણું, બહેરાપણું અને બોબડાપણું એ જ્ઞાનાવરણીય-કર્મ બાંધ્યું, તેનું પરિણામ. અને એથી જ કહ્યું છે કે

**જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં ઉપકરણોની આશાતના કરશો નહીં.**

ઘણા લોકો ૧૨૦ રૂપિયે મીટરનું પેન્ટ ન બગડે એ માટે ૫૦ પૈસાનું છાપું પાથરીને એના પર બેસી જાય છે. ઘરમાં બહેનો ગંદકી સાફ કરવા પણ એનો ઉપયોગ કરે છે ને?

શું છાપામાં અક્ષર નથી? એમાં શ્રુતજ્ઞાન છે. અક્ષર શ્રુતજ્ઞાન જ છે. એમાં પણ મ, હ, વ, ર વગેરે અક્ષરો હશે કે જેનો 'મહાવીર' શબ્દ બની શકે.

અક્ષર–શ્રુતજ્ઞાનની આશાતનાવાળા જીવની ગતિ કેવી?

ખોડ-ખાંપણવાળી જ ગતિ થાય. મુંગા પણ થાય.

આત્માએ જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું; પછી એનો ભારે પુરુષાર્થ હોય, તપ હોય, ક્ષપકશ્રેણી માંડીને ચાર ઘાતી કર્મને ખપાવીને કેવળજ્ઞાન પણ પામે, પણ કેવળજ્ઞાન પછી પણ મુંગાપણું ન જાય. શાસ્ત્રમાં મૂક કેવળજ્ઞાની મહાત્માની વાત પણ છે. કેવળજ્ઞાની ખરા; બધું જ જુએ, પણ કોઈને દેશના આપી ન શકે.

રાત દિવસ પ્રયત્ન કરીને ઉજાગરા કરીને ભણ્યા,

સખત મહેનત કરી, ગાઈડ ફાડીને પાસ થયા! આ વિદ્યા પાસ થવા પૂરતી જ છે, પરંતુ ઇન્ટરવ્યુ લેવાય ત્યારે?

માથું ખંજવાળવું પડે ને?

Spelling જ નથી આવડતો–શું થાય?

જ્ઞાનની ઉપરનાં આ બધાં આવરણો હોય તો કોઈકને યાદ રહે છે અને કોઈકને યાદ નથી રહેતું. કોઈકની સ્મૃતિ ગજબની હોય છે, ૨૦ વર્ષ પછી પણ એક વાત યથાવત્ યાદ રાખે.

પ્રત્યેક માનવીમાં પોતપોતાની સ્મરણશક્તિ હોય છે, બુદ્ધિ હોય છે.

પશુને પણ સ્મરણશક્તિ છે. એ કેટલું યાદ રાખે છે!
ગમે ત્યાં ફરી–ચરીને સાંજે માલિકના ઘરે પાછું આવે છે.
**જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા છે.**
**જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન છે.**
**જગતમાં કોઈ આત્મા જ્ઞાન વિનાનો નથી.**
**જડને જ્ઞાન હોતું જ નથી.**
અમેરિકામાં મોટા સ્ટોરોમાં યંત્રમાનવ હોય છે, તે તમને આવકારે,
શું જોઈએ છે? અમુક જોઈએ છે? એવા પ્રશ્નો પૂછે,
ન્યુયોર્કની લાયબ્રેરીમાં કોમ્પ્યુટર ગોઠવેલું છે, જે માનવ જેવું
કામ આપે છે, પણ એ ગોઠવ્યું કોણે? માનવે ને?
બે બટન દબાવ્યા એટલે ગુણાકાર ભાગાકાર આવી જાય
એવા Calculator ને શું જ્ઞાન કહેવાય?
માનવી હિસાબ કરે તો ભૂલ કરે પણ આ Calculator ભૂલ ન કરે,
એને વાર પણ ન લાગે એમ બધા કહે છે ને?
બુદ્ધિ બધામાં જ છે.
ડોકટરોએ ભેગા મળી મગજનું ઓપરેશન કર્યું.
એમાં ક્યાંય એમને જ્ઞાનનું પ્રતિબિંબ પણ ન દેખાયું.
મગજ તો બધામાં છે, પણ માનવદેહમાં જ્ઞાનધર્તા મળ્યો નહીં.
બધાને સ્વીકારવું પડ્યું કે બુદ્ધિ અને જ્ઞાન જેવું
તત્ત્વ ધારણ કરનાર કોઈ પ્રબળ શક્તિ માનવમાં છે.
શાસ્ત્રમાં કહ્યું છે કે: **बुद्धि कर्माधीना। विद्या च परिश्रमाधीना।**
આપણે વિદ્યા પ્રાપ્ત કરવા શું કરવાનું?
સરસ્વતીની માળા ગણો એટલે જ્ઞાન આવી જાય એમ જ ને?
સરસ્વતીની માળા ગણો પણ સાથે સાથે
એક ગાથા ગોખવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ ને?
જ્ઞાનાવરણીયકર્મ એવું છે કે જ્ઞાનની ચોપડી હાથમાં લો અને
તમને ઝોકું આવે અને નોવેલ હાથમાં મૂકી હોય તો....

પૂરી કર્યે જ છૂટકો ને? એટલે જેવું ગમે, તેવું વાંચવું છે. ભયંકર જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું હોય તો. અમુક વાંચવનું ગમે અને અમુક વાંચવાનું ન ગમે.

આત્માના આઠ ગુણની વાત આપણે વિચારી ગયા છીએ. આત્માના એ ગુણો તો આત્મામાં છે જ; પણ એના પર આવરણ આવે છે. એની સુંદર ઉપમા છે.

**पडपडिहारऽसिमज्ज-हडचित्तकुलालभंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥**

## આઠ કર્મને સમજાવતાં ઉપમાનાં આઠ દૃષ્ટાન્તો

### (૧) જ્ઞાનાવરણીયકર્મ




**આંખે પાટા બાંધ્યા જેવો**

જેમ આંખે પાટો બાંધવાથી કોઈ પણ વસ્તુ જોઈ-જાણી શકાતી નથી, તેમ આત્મા ઉપર જ્ઞાનના આવરણરૂપ પાટો આવવાથી આત્મા કોઈ વસ્તુ જાણી શકતો નથી. આ કર્મ-આવરણથી આત્માનો અનન્ત-જ્ઞાન ગુણ રોધાય છે આ કર્મની ઉત્તર પ્રકૃતિઓ ૫ છે.

### (૨) દર્શનાવરણીયકર્મ




**દ્વારપાળ જેવો**

આ કર્મનો સ્વભાવ દ્વારપાળ જેવો છે. દ્વારપાળે રોકેલો મનુષ્ય જેમ રાજાને જોઈ શકતો નથી, તેમ દર્શનાવરણીય કર્મના ઉદયથી જીવ પદાર્થ અને વિષયને દેખી શકતો નથી આ કર્મથી જીવનો અનન્ત દર્શનગુણ રોધાય છે. આ કર્મની ઉત્તરપ્રકૃતિઓ ૯ છે.

### (૩) વેદનીયકર્મ

#### મધયુક્ત તરવાર જેવો




આ કર્મનો સ્વભાવ મધ વડે લેપાયેલી તરવાર જેવો છે. પ્રથમ ચાટતાં મધના કારણે તે મીઠી લાગે છે, પણ જીભ કપાવાથી પશ્ચાત દુઃખી થવાય છે, તેમ આ કર્મ વડે જીવને કૃત્રિમ–સુખ-દુઃખનો અનુભવ થાય છે. આ કર્મથી જીવ સ્વ-સ્વાધીન અનન્ત અવ્યાબાધ સુખાનુભવના બદલે બાહ્ય પૌદ્ગલિક સુખ–દુઃખને ખરા સુખ–દુઃખ સમજે છે. આની ૨ ઉત્તરપ્રકૃતિઓ છે.

### (૪) મોહનીયકર્મ

#### મદિરા જેવો




આ કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરા પીવાથી ભાન ભૂલેલો માનવી હિતાહિતને જાણી શકતો નથી, તેમ આ કર્મના કારણે જીવ ધર્મા–ધર્મ કંઈ જાણી પાળી શકતો નથી. આ કર્મથી આત્માનો શુદ્ધ સમ્યક્–સ્વરૂપ તથા અનન્ત ચારિત્રગુણ રોધાય છે. આ કર્મની ઉત્તરપ્રકૃતિઓ ૨૮ છે.

## (૫) આયુષ્યકર્મ
### સાંકળ (બેડી) જેવો




આ કર્મને બેડીની ઉપમા આપી છે. જેમ બેડીમાં જકડાયેલા કેદીને અમુક સમય સુધી એ હાલતમાં રહેવું જ પડે છે, તેમ આયુષ્યકર્મને લીધે જીવને એક શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે છે. એક શરીરમાં નિશ્ચિત સમય સુધી રાખનાર આયુષ્યકર્મ છે. આ કર્મથી જીવનો અક્ષયસ્થિતિગુણ રોધાય છે. આ ૪ પ્રકારનું છે.

## (૬) નામકર્મ
### ચિત્રકાર જેવો




"ચિત્રકાર"ની ઉપમા આ કર્મને અપાય છે. એક ચિત્રકાર જેમ વિવિધ રંગોથી અંગ-ઉપાંગ યુક્ત દેવ-મનુષ્ય-પશુ આદિના વિવિધ રૂપો ચીતરે છે, તેમ નામકર્મને લીધે જીવને અનેક રૂપ-રંગવાળાં શરીર તથા અંગોપાંગ પ્રાપ્ત થાય છે. આ કર્મથી શરીર-રચના આદિ કાર્યો થાય છે. આત્માનો અરૂપીગુણ આ કર્મથી રોધાય છે. આ કર્મની ૧૦૩ ઉત્તરપ્રકૃતિ છે.

## (૭) ગોત્રકર્મ
### કુંભાર જેવો




"કુંભાર" સાથે આ કર્મને સરખાવવામાં આવે છે. જેમ એક કુંભાર સુવર્ણના અને માટીના મંગલકુંભ અને મદિરાના ઘડા એમ ઉચ્ચ અને નિમ્ન શ્રેણીના ઘડા બનાવે છે. એક પૂજાય છે અને એક નિંદનીય થાય છે તેમ ગોત્રકર્મને લીધે જીવ ઉચ્ચ ગોત્રમાં જન્મી પુજનીક તથા નીચગોત્રમાં જન્મી નિંદનીક થાય છે. આત્માના અગુરુ-લઘુ ગુણને રોકવાનો આ કર્મનો સ્વભાવ છે. આની ૨ ઉત્તરપ્રકૃતિ છે.

## (૮) અંતરાયકર્મ
### ભંડારી જેવો




રાજાના ભંડારી જેવો આ કર્મનો સ્વભાવ છે. દાનવીર રાજાની દાન આપવાની ઇચ્છા હોવા છતાં ખજાનો સંભાળનાર ભંડારી જેમ વિઘ્ન નાંખે, તેમ અનન્ત દાન, લાભ, ભોગ, ઉપભોગ, તથા વીર્ય લબ્ધિવાળો આત્મા હોવા છતાં પણ આ કર્મના કારણે તે પોતે પોતાના અનન્ત દાનાદિ સ્વભાવ પ્રકટ કરી શકતો નથી. આને અન્તરાયકર્મ કહેવાય છે. આ કર્મથી જીવના અનન્તવીર્યાદિ ગુણો રોકાય છે. આની ૫ ઉત્તર-પ્રકૃતિઓ છે.

# જૈન દર્શનમાં જ્ઞાન મીમાંસા

જેમ સૂર્ય સ્વપ્રકાશથી ઝળહતો તેજસ્વી છે. તેમ આત્મા પણ સ્વગુણ એવા જ્ઞાનથી ઝળહળતો તેજસ્વી અને જ્ઞાનમય જ છે. જ્ઞાન વિના આત્મા, અને આત્મા વિના જ્ઞાનની કલ્પના કરી શકાય તેમ નથી. જ્ઞાન એ જ જડ અને ચેતનની વચ્ચેનો ભેદક ગુણ છે.

"**चेतना लक्षणो जीवः**" અથવા "**उपयोगो लक्षणम्**"

આ લક્ષણો આત્મા માટે વપરાયા છે.

ઉપયોગ

જ્ઞાનાત્મક — દર્શનાત્મક

આ જ જ્ઞાનદર્શનાત્મક શક્તિને ચેતનાશક્તિ કહેવાય છે.
અને ચેતનાશક્તિવાન જ આત્મા કહેવાય છે.
જ્ઞાનથી જણાય છે અને દર્શનથી જોવાય છે.
જાણવા અને જોવાની જ્ઞાન-દર્શનાત્મક શક્તિ આત્માની જ છે, જડની નહીં.

"**स्व-पर-व्यवसायि ज्ञानं प्रमाणम्।**" — **प्रमाणनयतत्त्वालोक.**

જેવા મહાન ગ્રંથમાં જ્ઞાનને સ્વ-અને પર એમ ઉભયપ્રકાશક માન્યું છે. જેમ દીપક પ્રકાશ પાથરે છે ત્યારે સ્વ અને પર ઉભયને પ્રકાશે છે. તે જ સ્વભાવ જ્ઞાનનો છે.

# પાંચ જ્ઞાન અને તેની વ્યાખ્યાઓ

આ જ્ઞાનગુણને પાંચ પ્રકારે જૈનદર્શનમાં માનવામાં આવ્યો છે.
"**मतिश्रुतावधिमनःपर्यवकेवलानि ज्ञानम्**" તત્ત્વાર્થ સૂત્ર.

જ્ઞાન

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| મતિજ્ઞાન | શ્રુતજ્ઞાન | અવધિજ્ઞાન | મનઃપર્યવજ્ઞાન | કેવલજ્ઞાન |

જ્ઞાનના મુખ્ય ભેદો પાંચ અને અવાન્તર પેટા ભેદો ૫૧ કહ્યા છે.

(૧) **મતિજ્ઞાન**—ઇન્દ્રિયો અને મન વડે જે જ્ઞાન થાય છે તે મતિજ્ઞાન કહેવાય છે.

(૨) **શ્રુતજ્ઞાન**—મતિજ્ઞાનપૂર્વક શાસ્ત્રાદિના શ્રવણથી શબ્દાર્થની પર્યાલોચના વડે થતું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૩) **અવધિજ્ઞાન**—ઇન્દ્રિય અને મનની સહાયતા વગર અમુક અવધિ–મર્યાદા સુધીના રૂપી દ્રવ્યો જેના વડે જણાય છે, તે અવધિજ્ઞાન કહેવાય.

(૪) **મનઃપર્યવજ્ઞાન**—ઇન્દ્રિય અને મનની સહાયતા વગર જ સંજ્ઞિ જીવોના મનોગત ભાવો જેના વડે જાણી શકાય છે. તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

(૫) **કેવલજ્ઞાન**—સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્ય–પર્યાયોને ત્રિકાલાબાધિત યુગપત હસ્તામલકવત જાણનાર જ્ઞાન કેવલજ્ઞાન છે.

# બે અપેક્ષાએ પાંચ જ્ઞાનની સ્થાપના

I પંચજ્ઞાન સ્થાપના




II પંચજ્ઞાનસ્થાપના




I પરમાત્મા ચારે ઘાતિકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામે છે. કેવલજ્ઞાની પ્રભુ તીર્થની સ્થાપના કરે છે. કેવલી ભગવંતોની હયાતી સુધી કેવલજ્ઞાની ભગવંતનું શાસન કહેવાય છે.

અને જ્યારે પ્રભુ મોક્ષે સિધાવી જાય છે. અને કોઈ કેવલજ્ઞાની ભગવંત પણ નથી રહેતા ત્યારે તેમની અનુપસ્થિતિમાં શ્રુતજ્ઞાનીઓ તેમનું શાસન ચલાવે છે. શ્રુતજ્ઞાની કેવલીસદૃશ એટલે શ્રુતકેવલી પણ કહેવાય. શ્રુતના બળે કેવલજ્ઞાની જેવી જ પ્રરૂપણા તેઓ કરે. પ્રભુ મહાવીરનું ૨૧૦૦૦ વર્ષ સુધી આ શાસન શ્રુતજ્ઞાનીઓથી જ ચાલવાનું છે.

એક વખતે ઈન્દ્ર મહારાજા મહાવિદેહ ક્ષેત્રમાં ગયા.

સીમંધરસ્વામી ભગવંતના સમવસરણમાં બેસી દેશના શ્રવણ કરી. નિગોદનું સૂક્ષ્મ સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજ્યા.
દેશનાના અંતે વંદન કરી પ્રભુને પૂછ્યું:

'હે ભગવંત! આપના જેવું જ નિગોદનું સ્વરૂપ અત્યારે ભરતક્ષેત્રમાં કોઈ કહી શકે ખરા?
કારણ કોઈ કેવલજ્ઞાની ભગવંત અત્યારે ભરતખંડમાં નથી.'

ભગવંતે કહ્યું :—
'હે ઇન્દ્ર! ભરતક્ષેત્રમાં અત્યારે આર્ય કાલકસૂરિ આચાર્ય શ્રુતજ્ઞાનના આધારે મેં કહ્યું એવું નિગોદનું સ્વરૂપ કહી શકશે.

આ સાંભળી ઇન્દ્ર મહારાજા ભરતખંડમાં આર્યકાલકસૂરિ પાસે એક વૃદ્ધનું રૂપ લઈને આવ્યા.

પરીક્ષા કરવા માટે ઇન્દ્રે વૃદ્ધ રૂપ લઈ, લાકડીને ટેકે ચાલતા, લુહારની ધમણની જેમ શ્વાસ લેતા લેતા આર્યકાલકસૂરિ પાસે આવ્યા અને પૂછે છે, 'હે કૃપાળુ! હું વૃદ્ધ છું, અને વૃદ્ધાવસ્થાથી પીડાઉં છું. હજુ મારું કેટલું આયુષ્ય બાકી છે તે જરા આપ મારી હસ્તરેખા જોઈને કહો.

મારા પર કૃપા કરો, હું એકલો છું, મારા પુત્રોએ ઘરમાંથી કાઢી મૂક્યો છે; એટલે હવે એમ થાય છે કે આયુષ્ય જલ્દી પૂરું થાય તો સારું, તેથી આપ હાથ જોઈને જણાવો....કેટલું આયુષ્ય બાકી છે...કહો, પ્રભુ કહો.. શું પાંચ વરસ બાકી છે કે દશ વરસ?'
ગુરુ મહારાજે કહ્યું, 'તેથી પણ ઘણું વધારે છે.'

ઈન્દ્રે કહ્યું, 'શું. ત્યારે વીસ કે પચ્ચીસ વર્ષ, કેટલું છે? હે ભગવન્! હવે આટલો તો વૃદ્ધ થઈ ગયો છું... હજી કેટલું જીવવાનું બાકી છે?'

ગુરુમહારાજ આર્યકાલકસૂરિએ કહ્યું, 'હે ઇન્દ્ર તમે વારંવાર શું પૂછો છો તમે તો ઇન્દ્ર છો....અને બે સાગરોપમમાં થોડું ઓછું એટલું તમારું આયુષ્ય હજી બાકી છે...

બસ, આ સાંભળતાં જ ઇન્દ્ર સમજી ગયો... કે મહારાજ મને ઓળખી ગયા છે...એણે પોતાનું રૂપ બદલ્યું. અને નિગોદનું સ્વરૂપ સાંભળી હર્ષિત થઈને સીમંધરસ્વામીએ કહેલી હકીકત સંભળાવીને ચાલ્યા ગયા.

આ રીતે શ્રુતજ્ઞાન પણ અગાધ છે. કેવલજ્ઞાની જેવા જ ભાવો શ્રુત-શાસ્ત્રના બળે કહી શકે છે.

## મતિજ્ઞાન અને તેના પ્રકારો

ઇન્દ્રિય અને મનથી થતા જ્ઞાનને મતિજ્ઞાન કહીએ છીએ. ઇન્દ્રિયો પાંચ છે અને છઠ્ઠું મન તે અતીન્દ્રિય છે.

—ઇન્દ્રિયો તેનું સ્થાન અને વિષયો—

| ઇન્દ્રિય | સ્થાન | વિષય |
| --- | --- | --- |
| ૧. સ્પર્શેન્દ્રિય— | ચામડી— | સ્પર્શ—૮ |
| ૨. રસનેન્દ્રિય— | જીભ— | રસ—૫ |
| ૩ ઘ્રાણેન્દ્રિય— | નાક— | ગંધ—૨ |
| ૪. ચક્ષુઇન્દ્રિય— | આંખ— | વર્ણ—૫ |
| ૫. શ્રોત્રેન્દ્રિય— | કાન— | શબ્દ—૩ |

પાંચ ઇન્દ્રિયોના કુલ ૨૩ વિષયો

**મતિજ્ઞાન થવાનો ક્રમ :—**



**(૧) અવગ્રહ**—કંઈક છે એવા પ્રકારનું જ્ઞાન તે અવગ્રહ કહેવાય. જેમાં હજી કંઈજ નિશ્ચિત નથી. કંઈજ સ્પષ્ટ નથી.

દા.ત. પગ નીચે કંઈક આવ્યું. કંઈક સ્પર્શ્યું. કંઈક સાંભળ્યું પણ શું સાંભળ્યું, શું જોયું, શું સ્પર્શ્યું...તે સ્પષ્ટ નથી.

**(૨) ઈહા**—શું છે? તે જાણવાની ઇચ્છા થવી તે 'ઈહા' નામનો બીજો પ્રકાર છે. શું સાંભળ્યું? શું જોયું? શું સ્પર્શ્યું? શું કહ્યું? વગેરેમાં જાણવાની ઇચ્છા થાય છે. તેથી તે 'ઈહા' જ્ઞાન કહેવાય છે.

**(૩) અપાય**—આ પ્રકારમાં નિર્ણય થાય છે દા.ત. હા, . દોરડું નથી, સાપ જ છે, મેં ઘોડો જોયો છે વગેરે નિર્ણયાત્મક-નિશ્ચયાત્મક જ્ઞાનને-'અપાય' તરીકે ઓળખાય છે.

**(૪) ધારણા**—અપાયમાં થયેલા નિર્ણયને કાયમ સ્મૃતિમાં સ્થિર રાખવાનું નામ છે, ધારણા-શક્તિ. ધારણાનો અર્થ જ થાય છે, ધારી રાખવું. જેને સ્મરણ-શક્તિ, યાદ-શક્તિ વગેરેના નામે ઓળખીએ છીએ.

દરેકની યાદશક્તિ-સ્મરણશક્તિમાં ફરક હોય છે. બધાને સરખું યાદ નથી રહેતું. એક જ શિક્ષક સ્કૂલમાં બધાને એકસરખું શીખવે છે, છતાં પણ બધા વિદ્યાર્થીને ક્યાં એકસરખું યાદ રહે છે? આજે મોટું અભિમાન લેવાય છે...અને લોકો કહે છે કે જૂના લોકો કરતાં તો આજની નવી જનરેશન વધારે હોંશિયાર છે, વધુ બુદ્ધિશાળી છે. જૂના જમાનાના લોકોને ક્યાં એટલી બધી બધી ગતાગમ હતી...પરંતુ આજે તો વાતે વાતે પોકેટ ડાયરી

કાઢવી પડે. એક એક વાત લખવી પડે...નોંધવી પડે કોઈનું નામ કે નંબર પણ યાદ નથી રહેતા શું આ યાદશક્તિનું માપદંડ છે!

યાદ-શક્તિ કે ધારણાશક્તિને નવા કે જૂના જમાનાની સાથે કોઈજ સંબંધ નથી. એ તો જીવે જેવા મતિજ્ઞાનાવરણીય કર્મો બાંધ્યાં હોય તે પ્રમાણે બુદ્ધિ કે યાદશક્તિ કામ કરે છે. ઘણાંને ગઈ કાલનું યાદ નથી રહેતું; પણ ૧૦-૨૦ વર્ષ પહેલાંનું રહે છે, તે નથી ભુલાતું અને ઘણાંને જૂનું જૂનું ભુલાઈ જાય છે અને નવું નવું યાદ રહે છે. આ પણ મતિજ્ઞાન અને મતિજ્ઞાનાવરણીયકર્મને સ્પષ્ટપણે સાબિત કરે છે.

## માષતુષમુનિનો પ્રસંગ :

ગુરુએ શિષ્યને દીક્ષા આપી. શિષ્ય અભ્યાસ કરે છે. પોતાની સ્મરણશક્તિ પ્રમાણે રોજની ૧૦-૨૦, કયારેક ૫૦ ગાથા પણ કંઠસ્થ કરી લેતા. એમ થોડો સમય ગયા પછી....એક વખત ગુરુમહારાજે ગાથાઓ આપી.. ઘણી વાર થઈ ગઈ, હજી ગાથા થઈ નહીં.

ગુરુમહારાજ—કેમ ભાઈ! આજે ગાથા નથી આપવી? આટલું મોડું કેમ?

શિષ્ય—ગુરુદેવ! હજી સુધી થઈ નથી. મહેનત કરું છું. (કલાકો વીતી ગયા પછી....ફરીથી)

ગુરુદેવ—હે વત્સ! પાઠ થઈ ગયો?

શિષ્ય—(દીનવદને) ગુરુદેવ! આજે નથી ચઢતું.

ગુરુદેવ—કેમ? આજે નથી ચઢતું, કે ભણવું નથી, શું વાત છે?

શિષ્ય—ના ગુરુદેવ! મહેનત કરું છું, પણ ચઢતું નથી. યાદ થતું નથી.

ગુરુમહારાજ સમજી ગયા કે કોઈ અશુભ મતિજ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું લાગે છે.

ગુરુદેવ-હે શિષ્ય! આજે તને આ એક જ સૂત્ર અર્થથી સમજાવીને આપું છું

શિષ્ય—જી, ગુરુદેવ! જેવી આપની આજ્ઞા

ગુરુમહારાજ—"**मा रुष मा तुष**" અર્થ—કોઈના ઉપર તું રોષ કરીશ નહીં, તેમ જ કોઈના ઉપર રાગ પણ કરીશ નહીં બસ, આટલું યાદ કરી આપ.

શિષ્ય—(આખા દિવસની મહેનત પછી પણ)...ગુરુદેવ યાદ થતું નથી.

ગુરુમહારાજ—બોલ પાઠ બોલ...બોલ તો ખરો...

શિષ્ય—(બોલે છે) **माष तुष**....

ગુરુમહારાજ—અરે! **माष तुष** નહીં. '**मा रुष मा तुष**' એમ બોલવાનું. હે શિષ્ય! આ ભારે જ્ઞાનાવરણીયકર્મને ખપાવવા માટે તપ કર.. અને કર્મ ખપાવ.

શિષ્ય—તહત્તિ, ગુરુદેવ! ફરમાવો.

ગુરુમહારાજ– જ્યાં સુધી પાઠ ન ચઢે ત્યાં સુધી આયંબિલની તપશ્ચર્યા કર અને સાથે સાથે પાઠ યાદ કરતો જા. શિષ્ય રોજ યાદ કરે છે. ચાલતા–ફરતા–ગોચરીએ જતા પણ એ જ ગોખે છે. પરંતુ જ્ઞાનાવરણીયકર્મના કારણે **माष-तुष**...**माष तुष**...બોલતા જાય છે. પણ વચ્ચેથી '**रु**' અને '**मा**' આ બે અક્ષરો ઊડી ગયા.

રસ્તામાં છોકરાઓ પણ ખીજવે કે...આ તો **માષ તુષ** મહારાજ આવ્યા...બસ, એમ જ **માષ તુષ** મુનિ એવું નામ પડી ગયું ..

આ પ્રમાણે આયંબિલનો તપ કરતાં કરતાં ૧૨ વર્ષનાં વ્હાણાં વીતી ગયાં. છતાં એક જ સૂત્ર ગોખતા જ રહ્યા.

કેવી ધીરજ! કેવી અડગ શ્રદ્ધા! કેવી મહેનત...!

કોઈ કંટાળો નહીં.. છોડી ન દીધું.

આજે તો એક વરસ નાપાસ થયા તો બસ સ્કૂલ-કોલેજમાંથી ઊઠી જવાનું. નથી ભણવાનું. પપ્પા! ભણવામાં મન નથી લાગતું. ભણવાનું છોડી દેવાનું એટલે બસ ..

પરંતુ મુનિ મહાત્માએ છોડયું નહીં.. બાર વર્ષના અંતે **માષ તુષ...માષ તુષ** ચિન્તવતાં ચિન્તવતાં વિચાર આવ્યો

**માષ** એટલે અડદ અને **તુષ** એટલે ફોતરું....

અરે...શું હું માત્ર અડદનું ફોતરું યાદ કરું છું...

અડદ ..પણ અડદ કેવો સફેદ ચોખ્ખો....શુદ્ધ

અને ફોતરું તો કેવું કાળું....કેવું શ્યામ, કાળું...?

અડદ ઉપર ફોતરું....શું એ જ **માષ તુષ**?....

આત્મા પણ અડદ જેવો સફેદ ચોખ્ખો....શુદ્ધ...

અને ફોતરું... એ તો આત્મગુણો ઉપર આવરણ છે.

આ આવરણથી આવો શુદ્ધ આત્મા ઢંકાઈ જાય છે ..

બસ, ચઢી ગયા મુનિમહાત્મા ક્ષપકશ્રેણિએ....શુભ અધ્યવસાયની

ધારા શરૂ થઈ ગઈ. અને શુક્લધ્યાનના પાયે ચઢ્યા...
આવરણો તૂટવા માંડ્યાં અને જોતજોતામાં કેવલજ્ઞાન પામી ગયા...
અનંતજ્ઞાની બની ગયા....
કેવાં ભયંકર આવરણ . હતાં...અને કેવાં કર્મ બાંધ્યાં હશે?
કેવા ગાંડા બની ગયા હતા...અને કેવા કેવલજ્ઞાની બની ગયા ..
ધન્ય હો મુનિવર માષતુષ મુનિને. વંદના હો અમારી....

## મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ :

**શ્રી** નંદીસૂત્રમાં મતિજ્ઞાનના ૩૪૦ ભેદ બતાવ્યા છે.

અવગ્રહ

૧ વ્યંજનાવગ્રહ | ૨ અર્થાવગ્રહ

(૧) "**न चक्षुरतीन्द्रियाभ्यां**"—તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિ ભગવંતે જણાવ્યા મુજબ આંખ અને મનનો વ્યંજનાવગ્રહ નથી થતો.

(૨) **અર્થાવગ્રહ**—પાંચ ઇન્દ્રિય અને મન વડે દરેકનો અર્થાવગ્રહ થાય છે, તે આ પ્રમાણે :

(૧) સ્પર્શેન્દ્રિયના અવગ્રહાદિ—૪ ભેદ
(૨) રસનેન્દ્રિયના અવગ્રહાદિ—૪ ભેદ
(૩ ઘ્રાણેન્દ્રિયના અવગ્રહાદિ—૪ ભેદ
(૪) ચક્ષુઇન્દ્રિયના અવગ્રહાદિ—૪ ભેદ

| | | |
|---|---|---|
| (૫) શ્રોત્રેન્દ્રિયના | અવગ્રહાદિ—૪ ભેદ | |
| (૬) મનના | અવગ્રહાદિ—૪ ભેદ | |
| | અર્થાવગ્રહના કુલ | ૨૪ ભેદ |
| સ્પ., રસ, ઘ્રાણ, અને શ્રોત્રના વ્યંજનાવગ્રહના | | ૪ ભેદ |
| | મતિજ્ઞાનના કુલ | ૨૮ ભેદ |

"बहुबहुविधक्षिप्रानिश्रितानुक्तध्रुवाणां सेतराणाम् ॥"

તત્ત્વાર્થ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે, ૧. બહુ, ૨. અલ્પ, ૩. બહુવિધ, ૪. એકવિધ, ૫. ક્ષિપ્ર, ૬. વિલંબે, ૭. અનિશ્રિત, ૮. નિશ્રિત, ૯. અનુક્ત, ૧૦. ઉક્ત, ૧૧. ધ્રુવ, ૧૨. અધ્રવ.

પહેલાંના ૨૮ ભેદને આ ૧૨ ભેદે ગુણતાં-૨૮×૧૨=૩૩૬ ભેદ કુલ થાય. તથા

બુદ્ધિના ૪ ભેદ

૧ ઔત્પાતિકી, ૨ વૈનયિકી ૩ કાર્મિકી ૪ પારિણામિકી

એટલે ૩૩૬+૪ બુદ્ધિના=કુલ્લે ૩૪૦ ભેદ મતિજ્ઞાનના થાય છે.

જેટલા મતિજ્ઞાનના કુલ પ્રકારો છે. તેટલાં જ મતિજ્ઞાનનાં આવરણીય કર્મો છે. જગતના તમામ જીવો આટલા જ ભેદોમાં સમાઈ જાય છે. જેને મતિજ્ઞાનનો ક્ષયોપશમ સારો છે. તેઓ બુદ્ધિશાલી, હોંશિયાર છે. જેમને મતિજ્ઞાનાવરણીય કર્મનો ઉદય વધારે છે તેવા જીવો મંદમતિ, બુધ્ધુ વગેરે જેવા દેખાય છે.

તીક્ષ્ણ બુદ્ધિ, ગજબની યાદશક્તિ, આશ્ચર્યકારી સર્જનશક્તિ

વગેરે જોવી હોય તો મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને યાદ કરીએ.

યશોવિજયજી મહારાજ અને વિનયવિજયજી મહારાજ

બન્ને જણાએ સાથે દીક્ષા લીધી, ગુરુબંધુ બન્યા.

કાશી ભણવા ગયા, એક પંડિતજીની પાસે ભણવા રહ્યા.

બાર વર્ષ સુધી સુંદર અભ્યાસ કર્યો.

એક દિવસ પંડિતજી એક દિવસ માટે બહારગામ ગયા.

યશોવિજયજીએ માળીયા ઉપર નજર નાંખી.

ધૂળ જામેલાં કપડાં વચ્ચેથી એક પોથી હાથમાં આવી.

ખોલીને જોયું...અરે! હજી પંડિતજીએ આ તો નથી ભણાવી.

બસ, એકજ રાત હાથમાં હતી...એટલે યશોવિજયજી મહારાજ અને વિનયવિજયજી મહારાજ બન્ને જણાએ અંદાજે અર્ધી-અર્ધી વહેંચી લીધી.

આખી રાતમાં તો કંઠસ્થ કરી લીધી.

કેવી ગજબની યાદશક્તિ...? ધન્ય-ધન્ય ..

સવારે તો પંડિતજી પાછા પધાર્યા.

આવતાની સાથે જ પહેલી નજર ત્યાં પોથી ઉપર નાંખી.

કોઈ અડયું છે, એવું લાગ્યું.

તરત યશોવિજયને પૂછયું—કેમ તમે ખોળી છે?

'હા ગુરુજી!'-એમ યશોવિજયજીએ જવાબ આપ્યો.

પંડિતજી—'અરે! પણ એમાંથી શું વાંચ્યું? કેટલું આવડયું?'

યશોવિજયજી બોલવા બેઠા...Non-Stop-એકધારું બોલતા જ ગયા.

પંડિતજીને આશ્ચર્ય થયું. પૂછયું—એ તમે કોણ છો?

બ્રાહ્મણ તો નથી લાગતા !

ત્યાં તો યશોવિજયજી, વિનયવિજયજી રૂપ નામાદિ પ્રગટ કરી ત્યાંથી ભાગ્યા.

પોતાના વસ્ત્રો પરિધાન કરી નીકળી ગયા.

અવસરે કાશી નરેશની પંડિતસભામાં શાસ્ત્રાર્થ ગોઠવાયા.

'**प फ ब भ म**' આ પાંચ અક્ષર ઓષ્ઠય છે....તે બોલવામાં વચ્ચે ન આપવા જોઈએ તેવી શરત મુકાઈ...

અને યશોવિજયજી મહારાજે તો ઝડપથી આ અક્ષરો બોલ્યા વગર જ પૂર્વપક્ષ રજૂ કરી ખંડન-મંડન કર્યું.

પરંતુ કોઈ પંડિતો બોલવા તૈયાર ન થયા. અશકય લાગ્યું.

પૂ. ઉપાધ્યાયજી મહારાજથી શાસનની અદ્ભુત પ્રભાવના થઈ.

ખરેખર ! એવા મહાપુરુષની ગજબની બુદ્ધિ ઉપર આપણે આફરીન થઈ જઈએ...ધન્ય હતા એ મહાત્મા.

આપણો વિચાર કરતાં આપણને સ્પષ્ટ જણાશે કે આપણામાં મતિજ્ઞાન વધારે છે કે મતિજ્ઞાનાવરણીય કર્મનો ઉદય વધારે છે? અગાધ સમુદ્ર કેટલો વિશાલ અને તેમાંથી ભરીને બહાર લાવેલ ગ્લાસમાં પાણી તો છે જ પણ બહુ જ થોડું એટલે આપણું મતિજ્ઞાન પાણીના ગ્લાસ જેટલું છે અને મતિજ્ઞાનાવરણીય કર્મ તો સમુદ્ર જેવું અગાધ છે.

卐

卐 સૌજન્ય 卐

# શેઠશ્રી સુરચંદભાઈ ઝુમચંદભાઈ શાહ

ગોપીપુરા–સુરત.

ના સહયોગથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.


—: પ્રકાશક :—

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

| | |
|---|---|
| ૩૯, વસંત વિલાસ, બીજે માળે, | ૧૩૩, ગોપાલ નિવાસ, |
| ડૉ. ડી. ડી. સાઠે માર્ગ, | બીજે માળે, |
| વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, | પ્રિન્સેસ સ્ટ્રીટ, |
| **મુંબઈ–૪.** | **મુંબઈ–૪૦૦ ૦૦૨.** |

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

જૈનદર્શનના અદ્ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષય:→ 'કર્મ તણી ગતિ ન્યારી....'

પ્રવક્તા:→ પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| શ્રાવણ સુદ ૫ | વ્યાખ્યાન પાંચમું | રવિ તા. ૨૫-૭-૮૨ |
|---|---|---|

# વિષય: જૈન દર્શનમાં જ્ઞાનનું સ્વરૂપ

વ્યાખ્યાતા: પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
અવતરણકાર: કપિલરાય નાનાલાલ ઠાકુર

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥

ચરમતીર્થપતિ શ્રમણપરમાત્મા શ્રીમહાવીરસ્વામી ભગવાનને નમસ્કારપૂર્વક ઉમાસ્વાતિ વાચકમુખ્યજી ફરમાવે છે કે સમ્યગ્ દર્શનથી વિશુદ્ધ એવું જે સમ્યગ્ જ્ઞાન વિરતિને પ્રાપ્ત કરે છે, ચારિત્રને પ્રાપ્ત કરે તો દુઃખના નિમિત્તભૂત આ જન્મ પણ સફલ થાય છે, પુનઃપ્રાપ્તિ માટે સુલભ બને છે

**આગ લાગવાની છે—**

અમેરિકામાં એક બહુમાળી મકાનના ૭મા માળે ભીષણ આગ લાગી.
૧૪ મા માળ પર એક કુટુંબ રહે.
એ લોકોને ખબર નથી કે નીચે આગ લાગી છે.
આગ વધવાની છે એ હકીકત છે.

૭ માથી ૧૪ મા માળે પહોંચતાં વાર કેટલી?
ગ્રીસ એથેન્સમાં આ કુટુંબના સગા રહે.
રાત્રે ૧૦-૨૦ કલાકે એક આખું કુટુંબ જાગી ગયું છે.
સૌ પ્રથમ આઠ વર્ષની એક બાળા જાગી ગઈ.
એણે બધાને ઉઠાડ્યા. ગભરાયેલી આ બાળા બૂમ પાડે છે.
ઊઠો! ઊઠો! મામાને ફોન કરો.
"ભયંકર આગ લાગી છે. હજી પણ બચવાનો ચાન્સ છે. કહો કે તમે બધા નીચે ઊતરી જાઓ." જલ્દી કરો પપ્પા! ટેલીફોન કરો ને?
પિતા અકળાય છે. આ નાની બાળા શું કહે છે!
પપ્પા! હવે ચાર જ મિનિટ બાકી છે. તમે તો કંઈ કરતા નથી.
એમ નહીં તો ચાલો આપણે તો નીચે ઊતરીએ.
આપણે પ્રાર્થના કરીએ કે મામાને આગમાંથી ભગવાન બચાવી લે.
હું ટેલિફોન કરું છું. એમ કહી સૌ નીચે ઊતર્યાં, પ્રાર્થના કરી.
નીચે ઊતરીને પેલી બાળા એક મિનિટ બેઠી.
પછી બોલી: હવે બે જ મિનિટ બાકી છે,
મામાને બધા નીચે ઊતરવા માંડ્યા છે.
અને પછી સાતમા માળની આગ વિફરી.
ઉપરના કોઈક મજલા પરના કેમિકલનાં ડ્રમ ફાટયાં.
બધું ભસ્મીભૂત થઈ ગયું.
થોડીવારમાં મામાનો કોલ આવ્યો.
કોલમાં બેબીનું નામ દઈ બોલાવે તે પહેલાં
બેબી બોલી ઊઠે છે કે મામા, તમે બધા બચી ગયા ને?
કોઈને કંઈ થયું નથી ને?
સારું થયું, કેમિકલનાં ડ્રમ ફાટતાં પહેલાં તમે ઊતરી ગયા.
આ એક પ્રસંગ એવો છે જે વિજ્ઞાનીઓને પણ
પણ ચકરાવામાં નાંખી દે છે.

□ □ □

## ભૂકંપ થવાની અગાઉથી ખબર પડી

બીજો એક ભૂકંપનો પ્રસંગ છે.
ભૂકંપ થવાને ચાર મિનિટ બાકી હતી.
રાત્રે દોઢ વાગે એક વ્યક્તિ જાગે છે અને કંઈક પ્રક્રિયા કરે છે, વિચારે છે.
એટલામાં તો એક હજાર માઈલને અંતરે આવેલું કુટુંબ જાગી ગયું. ઘરમાંથી બહાર નીકળી ગયું.
મેદાનમાં આવીને ઊભું રહ્યું. અને
થોડી જ વારમાં ભૂકંપના આંચકા સાથે મકાન ધરાશાયી થઈ ગયું.
બધા જ ઊગરી ગયા, બે મહિનાનો બાબો પણ !
જરા વિચાર કરો. આ કેવી રીતે જણાયું ?
Telepathy કે Post Telepathy જે હોય તે,
પણ આવો પ્રસંગ વિજ્ઞાનની આંખ સામે નોંધાયો છે.

□ □ □

## શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન

શ્રેયાંસકુમારની વાત આપણી જાણમાં છે.
શ્રી આદીશ્વર ભગવાન હસ્તિનાપુરમાં પધાર્યા છે. ભિક્ષાર્થે નીકળ્યા છે.
એમને વહોરાવવા માટે લોકોની ભીડ જામી છે.
કોઈ હીરા, કોઈ મોતી, કોઈ પોતાની દીકરી
સુદ્ધાં વહોરાવવા તૈયાર છે. પણ ભગવાન કાંઈ લેતા નથી.
શેરીમાં કોલાહલ થતો સાંભળતાં
શ્રેયાંસકુમાર ઝરૂખામાં આવે છે. અને
ટોળામાં કંઈક જુએ છે. અને જોતાંની સાથે જ
એમને પૂર્વભવનું જ્ઞાન થઈ જાય છે. અને
દોડીને ટોળા વચ્ચે જઈ ભગવાનને વિનંતી કરે છે.
પધારો પ્રભુ ! પધારો !
આપને કલ્પ્ય એવો પ્રાસુક આહાર તૈયાર છે.

પ્રભુ પધાર્યા.
શ્રેયાંસકુમારે ભગવાનને શેરડીનો ૧૦૮ ઘડા શુદ્ધ રસ વહોરાવ્યો.
એ દિવસથી પ્રાસુક આહાર વહોરાવવાનો
સુપાત્ર દાનનો પ્રવાહ શરૂ થયો.
આવો પ્રાસુક આહાર પ્રભુને વહોરાવનાર
મોક્ષનો અધિકારી કેમ ન બને ?
એટલે અક્ષય તૃતીયા પર્વ કહેવાયું.
ઝરૂખામાંથી ઊભા ઊભા પ્રભુને જોતાં જ પૂર્વજન્મનું જ્ઞાન થયું.
કેટલાંકને ફોટાની પ્રિન્ટ જેવું જ્ઞાન થાય જ્યારે કેટલાંકને
Nagative ની Positive થતી જ નથી.
કોઈ પ્રિન્ટ જ આવતી નથી.

□ □ □ □

## કેન્સરની ફોર્મ્યુલા જડી

એક વૈજ્ઞાનિક કેન્સરની રીસર્ચ કરનાર વીસ વીસ વર્ષથી
રીસર્ચ કરે પણ કંઇ ન વળ્યું.
એક દિવસ રાત્રે ભગવાનનું નામ લઈ સૂઈ ગયો.
રાત્રે એને સ્વપ્ન આવ્યું એમાં એણે
શાળાના બ્લેકબોર્ડ પર લખેલી એક ફોર્મ્યુલા જોઈ.
આ ફોર્મ્યુલા એના મનમાં સચોટ ચોંટી ગઈ.
થોડીવારમાં સવાર થતાં એ ઊઠયો તો પેલી
ફોર્મ્યુલા એના મગજમાંથી હટતી નથી. એ
એને યાદ રહી ગઈ. એ એણે ઉતારી લીધી.
એ મુજબ એણે પ્રયોગ શરૂ કર્યા.
લેબોરેટરીમાં પ્રયોગોને અંતે એક ઇંજેકશન તૈયાર થયું.
એ ઇંજેકશન એણે કેન્સરના વેદનાગ્રસ્ત દર્દીને આપ્યું.
એથી દર્દીને રાહત જણાઈ.
એણે એ પછી એનો ઉપયોગ બે, પાંચ અને પચાસ દર્દી પર કર્યો.

ડોકટરે નિરાંત અને સંતોષ અનુભવ્યા.
અન્ય ડોકટરો પૂછે છે કે ડોકટર! તમને ૨૦ વર્ષમાં શું જડયું?
તે જણાવો. ડોકટર કહે કશું નહીં. ૨૦ વર્ષમાં કંઈ નહીં.
એક દિવસ પ્રભુનું નામ લઈને સૂતો. સ્વપ્નમાં એક ફોર્મ્યુલા પ્રાપ્ત થઈ.
એના પર મેં કામ કર્યું એનું આ પરિણામ છે,
મારી મહેનતનું નહીં. હું કાંઈ જાણતો નથી.
રાતના સ્વપ્નમાં આ ફોર્મ્યુલા કોણે આપી?
એ ફોર્મ્યુલા બનાવી કોણે? આ બધું શું છે?

□ □ □ □

## શ્રી વજ્રસ્વામીનો જ્ઞાનનો ક્ષયોપશમ

શ્રેષ્ઠિપુત્ર ધનગિરિ અને સુનંદાનો પુત્ર વજ્રકુમાર પૂર્વજન્મના
જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારથી બાલવયમાં જ તેઓ વિરક્ત બન્યા.
સંયમના ભાવથી વૈરાગ્ય સ્વીકારવા રૂદન કરીને પણ ઇચ્છા
પૂર્ણ કરી, સુનંદા માતાએ વહોરાવી દીધો.
પરંતુ ૩ વર્ષની જ ઉંમરનો વજ્રકુમાર હોવાથી ગુરુમહારાજે
સાધ્વીજીના ઉપાશ્રયના શય્યાતરને ત્યાં રાખ્યો. પારણામાં ઝૂલતો
ઝૂલતો બાલક સાધ્વીઓના પાઠ સાંભળે છે, અને સાંભળતાં સાંભળતાં
૧૧ અંગ સૂત્રો તો તેને ઘોડીયામાં જ કંઠસ્થ થઈ ગયા.
બાલકની આ વિચક્ષણ શક્તિથી ૮ વર્ષની ઉંમરે ગુરુમહારાજ
આર્યસિંહગિરિએ દીક્ષા આપી.
એક દિવસ ગુરુમહારાજ સ્થંડિલભૂમિએ બહાર ગયા છે. અન્ય
શિષ્યો વાચના લેવા બેઠા છે. ત્યારે ગુરુની પાટ ઉપર બેસી જઈને
વજ્રસ્વામીએ વાચના આપવાનું શરૂ કર્યું. અન્ય સાધુઓ
તો સમજ્યા કે આ તો બાલચેષ્ટા હશે... પછી તો અર્થની
ગંભીરતા લાગતાં બધા સ્તબ્ધ થઈ ગયા, આશ્ચર્ય લાગ્યું.
વાચના ચાલુ જ રહી.
ગુરુમહારાજ બહારથી આવ્યા. દરવાજાના

પગથિયે ઊભા ઊભા પગ ધ્રૂએ છે. ત્યાં તો અંદરથી આવતા
અવાજ તરફ નજર કરી જોયું તો વજ્રમુનિને વાચના આપતા
જોયા... થોડીવાર સાંભળી સ્તબ્ધ બની ગયા.
અંદર આવ્યા આનંદ પામ્યા....આ બાલ વજ્રમુનિને
વાચનાચાર્ય બનાવવામાં આવ્યા...
ધન્ય હતા એ મહાપુરુષ વજ્રસ્વામી...અહા હા....
બાલવયમાં તો કેવા જ્ઞાની !

□ □ □ □

## શ્રી હેમચંદ્રાચાર્યની અદ્‌ભુત પ્રતિભા

ધંધુકાના એ મોઢ વણિક જ્ઞાતિના ચાચિંગ અને
માતા પાહિનીદેવીનો એ પુત્ર ચાંગદેવ.
એક દિવસ માતા પુત્ર ચાંગદેવને લઈને દહેરાસરે દર્શન
કરવા ગઈ. માતા તો હજી ચૈત્યવંદન કરતા હતા. ત્યાં તો બાલક
રમતો રમતો ઉપાશ્રયમાં જઈ ચઢ્યો અને
આચાર્ય મહારાજ દેવચંદ્રસૂરિજીની પાટે જઈ બેઠો.
માતાજી આવ્યા...ત્યારે આચાર્યમહારાજે માતા પાસે પુત્રની
માંગણી કરી....બેન....ઘરમાં રહેશે તો આ બાલક બહુ બહુ તો
તને સારું કમાવી આપશે...પરંતુ જો શાસનને સોંપીશ તો
આ બાલક મહાન બનશે.
શાસનનો રત્ન બનશે ..અને શાસનનો ઉદ્ધાર કરશે.
યોગ્ય અવસરે બાલ્યવયમાં જ દીક્ષા આપવામાં આવી.
સોમચંદ્રવિજયના નામે બાલમુનિ ઓળખાયા.
પ્રગલ્ભ બુદ્ધિપ્રતિભાથી અને ગજબની તર્કશક્તિથી ન્યાય-વ્યાકરણ
વગેરેનો અભ્યાસ કર્યો. સરસ્વતી દેવી પ્રસન્ન થયા...
શક્તિ ગજબની ખીલી ..આચાર્યપદે બિરાજતા હેમચન્દ્રસૂરિના
નામે પ્રસિદ્ધ થયા ન્યાય, વ્યાકરણ, સાહિત્યના અનેક ક્ષેત્રે
ગજબની સાહિત્ય રચના કરી.

જેમના સિદ્ધહેમ શબ્દાનુશાસન જેવા મહાકાય વ્યાકરણ ગ્રંથનો સિદ્ધરાજ જયસિંહે હાથીની અંબાડીએ વરઘોડો કાઢ્યો હતો.
કુમારપાલ રાજા જેવાએ પણ યોગશાસ્ત્રની શોભાયાત્રા કાઢી હતી.
એ જ રાજાએ પાટણ વગેરે ક્ષેત્રોમાં ૧૮ જ્ઞાનભંડારો બનાવ્યા હતા.
ધન્ય હતા એ કલિકાલસર્વજ્ઞ કે જેમણે સાડા ત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ ગ્રંથોની નવીન રચનાઓ કરી....
કેટલો ગજબનો જ્ઞાનનો ક્ષયોપશમ હતો એ મહાપુરુષોનો....

□ □ □ □

## પ્રગલ્ભ બુદ્ધિપ્રતિભાસંપન્ન યશોવિજયજી ઉપાધ્યાય

માતા બાળકને તેડીને રોજ ઉપાશ્રયે જતી હતી.
ગુરુમહારાજ પાસે ભક્તામર સ્તોત્રનું શ્રવણ કરતી હતી.
નિયમ રાખ્યો કે...જો ભક્તામર સ્તોત્રનું શ્રવણ ન કરું તો પાણી પણ નહીં પીઉં....
નિયમની કસોટી થઇ એક દિવસ મુશલધાર વર્ષા શરૂ થઇ...
માતાજી ઉપાશ્રયે જઈ ન શકયા....
યોગાનુયોગ...વરસાદ પાંચ-સાત દિવસ સુધી વરસતો રહ્યો.
માતાજીને એટલા ઉપવાસ થયા.
બાલક—માતાજી તું કેમ કંઈ ખાતી નથી.
માતાજી—દીકરા...! તું તારે દૂધ પી લે. ચાલ.
બાલક—ના. પણ તું કેમ નથી ખાતી ?
માતાજી—દીકરા, મારે ભક્તામર સાંભળવાનો નિયમ છે.
બાલક—અરે પણ માતાજી! મને આટલા દિવસ કીધું કેમ નહીં ?
લે હમણાં જ સંભળાવી દઉં છું એમ કહી **भक्तामर स्तोत्र** ચાલુ કરી આખું સંભળાવી દીધું.
માતાજીએ પારણું કર્યું અને આ આશ્ચર્યની વાત ગુરુમહારાજને કરી.
ગુરુમહારાજે કહ્યું : માતાજી, બાલકને વહોરાવી દો....
માતાજીએ બાલકને અલ્પવયમાં દીક્ષા અપાવી...

એ જ આપણા યશોવિજયજી મહારાજ...
જે મહામહોપાધ્યાય બન્યા.. કેટલાય ગ્રંથો રચ્યા... કેટલાય
બ્રાહ્મણ પંડિતોને વાદમાં હરાવ્યા...વાદમાલા રચી . ધન્ય હતા
તે સત્તરમી શતાબ્દિના તેજસ્વી સિતારા...
અહાહા... કેવો ક્ષયોપશમ...કેવી બુદ્ધિપ્રતિભા...

□ □ □ □

અનંત જ્ઞાન એ આત્માનો મૂળભૂત ગુણ.
જ્ઞાન આત્માથી અલગ નથી.
સૂર્ય જેમ સૂર્યના પ્રકાશથી છૂટો પડતો નથી એમ
જ્ઞાન આત્માથી છૂટું પડતું નથી.
જ્ઞાન એ જ આત્મા અને આત્મા એ જ જ્ઞાન.
જ્ઞાન વિના આત્માની કલ્પના જ થઈ શકે તેમ નથી.
ગુણ વિના દ્રવ્યની કોઈ કિંમત નથી.
ગુણી વિના ગુણ રહી શકતો નથી.
"**गुणपर्यायवद् द्रव्यम्**"
ગુણ અને પર્યાયવાળો જ દ્રવ્ય કહેવાય છે.
જ્ઞાન ગુણ એ જ આત્માનો મુખ્ય ગુણ છે.
જ્ઞાન વડે જ જડ અને ચેતનના ભેદ પડે છે.
જીવને ચેતન તરીકે ઓળખાવવામાં મુખ્ય જ્ઞાન ગુણ છે.

□ □ □ □

એક ગાથા ગોખવા આપી હોય પરંતુ ૨૪ કલાકેય એક લીટી
ન યાદ થાય અને છાપામાં આવેલો ભાવ વાંચીને
તરત યાદ રહી જાય!
એટલે આપણામાં બુદ્ધિ, શક્તિ કે જ્ઞાન નથી એવું નથી.
દરેકમાં બુદ્ધિ, શક્તિ અને જ્ઞાન છે.
ડ્રાઈવીંગનું લાયસન્સ લીધા પછી વર્ષો પછી પણ
ડ્રાઈવીંગ આવડે છે ને?

ન જોવાય તો પણ બ્રેક અને એકસીલેટર કયાં છે,
એ ખબર પડે છે ને? તરત પગ દબાવીએ છીએ ને?

□ □ □

એક આઠ વર્ષના અંધ બાળકના મતિજ્ઞાનની વાત છે.
એને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે ઇન્દ્રિય વડે થાય છે,
તે ચક્ષુ ઇન્દ્રિય નથી. પરંતુ...એ બાલક Brail લિપિ શીખી
લઇને એ દ્વારા અભ્યાસ કરી આખા અમેરિકામાં
સર્વ પ્રથમ નંબરે આવ્યો. ઇનામ પ્રાપ્ત કર્યું.
આ જોઈ આંખે દેખનારા છે તે શું કહે?
એક ઇન્દ્રિયની શક્તિ હણાઈ જાય છે ત્યારે
બીજી ઇન્દ્રિયોની શક્તિ બમણી થઈ જાય છે.
માનવીમાં એક Sixth Sense પણ છે- Sense
પરંતુ એક ઇન્દ્રિય ઓછી કામ કરતી હોય તો
બીજી ઇન્દ્રિયમાં ગજબનાક શક્તિ આવે છે.
આંખ વિના એ દૂરથી કહી દે કે ફલાણા ભાઈ આવે છે.
મદારી એક છોકરાના મુખ પર કાળું કપડું ઓઢાડીને એ
પછી લોકોના ટોળામાંના કોઇના ખમીશને બટન કેટલાં છે?
કોઇની જન્મ તારીખ કઈ છે? એવા પ્રશ્ન પૂછીને જવાબ
આપે છે.
આંખે પાટા બાંધી નરીમાન પોઇન્ટ પર સ્કુટર ચલાવવું આ
બધું શું છે?
જાદુના ખેલ-કે. લાલ કે ગોગીયાપાશા કરી શકે છે.
મહારાષ્ટ્રમાં કેટલાક બળદ લઈને ફરે છે. બળદને પ્રશ્ન પૂછે
એટલે એ તમારી પાસે આવી માથું હલાવે, એટલે તમે
સાચું માની લો.
રીંછનો વાળ તોડીને તાવીજમાં આપે એટલે ભય ટળી જાય!
ઘોડાનો વાળ બાંધો તો મસો જાય!

શું બીક ટાળવાની શક્તિ રીંછના વાળમાં છે?
આવાં બધાં નિમિત્તો લોકોએ ઊભા કર્યાં છે.
પણ ખરી શક્તિ શું છે તે કોઈ જાણતું નથી.

□ □ □

## જૈન દર્શનમાં જ્ઞાનમીમાંસા

જૈન દર્શનમાં જ્ઞાનની જે પ્રક્રિયા આપી છે તે અદ્‌ભુત છે.
જ્ઞાન સ્વયં પ્રકાશિત છે અને અન્યને પ્રકાશિત કરે છે.
જ્ઞાન દીવા જેવું છે, પોતે પ્રકાશે છે અને બીજાને પણ
પ્રકાશિત કરે છે, દીવાને દીવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી.
તે જ રીતે એક જ્ઞાનને માટે બીજા જ્ઞાનની જરૂર પડતી નથી.
માટે જ જ્ઞાનને "**स्वपर व्यवसायी**" કહ્યું છે.
જ્ઞાન પ્રત્યક્ષ (Direct) અને પરોક્ષ (Indirect)
બન્ને રીતે થાય છે.
ઘણા મુંબઈ જાય છે તે Direct કે Indirect?
મુંબઈ વાયા મિડિયાજ ગયા ને? ગાડીમાં ગયા ને?
એટલે તમે મુંબઈ ગયા કે તમને મુંબઈ લઈ જવાયા?
'આંખે જોયું' નહીં, આંખ વડે જોવાય છે.
આમ છતાં આપણે વ્યવહારમાં 'આંખે જોયું' એમ બોલીએ છીએ.
આંખની કીકીમાં પ્રતિબિંબ પડે છે.
વાળ જેવી Optic nerve
નેત્રનાડી દ્વારા એ પ્રતિબિંબના સંવેદનાના તરંગો Waves
of Sensation મગજને પહોંચાડે છે.
આપણા મગજમાં બે અબજ Memory Cell છે.
એના પર એની અસર થાય છે અને એક જ ઝાટકે ખબર પડે છે.
Poly Rode કેમેરા કરતાં વધુ ઝડપે અને
વધુ સ્પષ્ટ ચિત્ર ઉપસી આવે છે.
પેલા Memory Cellમાં સંઘરાયેલ જ્ઞાન

'બટન દબાવતાં જે જોઈએ તે મળે તેમ' યાદ આવે.
આ બધું બતાવે છે કે
આત્મામાં કોઈ જ્ઞાનવાન ચૈતન્યશક્તિ પડેલી છે.
પરોક્ષ જ્ઞાન ઇન્દ્રિય અને મન વડે જ થાય, એ આપણે જોયું,
હવે પ્રત્યક્ષ જ્ઞાન.
પ્રતિ+અક્ષ. અક્ષ એટલે આત્મા.
**"अक्ष्णोति जानाति इति अक्षः, अक्षं प्रति गतं प्रत्यक्षम्"**
એટલે ઇન્દ્રિય અને મન વિના જણાય તે પ્રત્યક્ષ જ્ઞાન.
પ્રત્યક્ષ જ્ઞાનમાં અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનનો
સમાવેશ થાય છે. આ જ્ઞાનોને પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે.
એક યુવક નવલકથા વાંચે છે અથવા કલ્પનાની નવલકથામાં
રાચે છે. એ થોડો સમય માનસિક ગલગલિયાં અનુભવે છે પણ
ક્યારેક કોઈક આત્મા વીતરાગ ભગવાનની આજ્ઞા અંગે
વિચારતો હોય અને તેમાં કોઈક પળે જે આનંદ આવે છે
તેવો ભાગ્યે જ ફરી આવે છે.
ઘણા કહે છે કે પાલીતાણા તો ૨૫ વખત જઈ આવ્યો
પરંતુ એક વખત જે આનંદ આવ્યો હતો તે હજુ ય ભુલાતો નથી.

## શ્રુતજ્ઞાનનું સ્વરૂપ

ઇન્દ્રિય અને મન વડે જ સંસારીજીવને સુખ અનુભવાય છે.
ઇન્દ્રિય અને મન વિના મતિજ્ઞાન શક્ય નથી.
મતિજ્ઞાન વિના શ્રુતજ્ઞાન પણ શક્ય નથી.
એટલે જ શ્રુતજ્ઞાન મતિપૂર્વક કહ્યું છે, **"श्रुतं मतिपूर्वकम्"**
શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકાર છે.
અક્ષરશ્રુત જ નહીં; સંકેત, ઈશારો એ પણ શ્રુતજ્ઞાન જ છે.
**अक्खर–सन्नी सम्मं, साइअं खलु सपज्जवसिअं च ।**
**गमिअं अंगपविट्ठं, सत्त वि एए सपडिवक्खा ॥**
શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકારમાં,

(૧) અક્ષરશ્રુત, (૨) અનક્ષરશ્રુત, (૩) સંજ્ઞિશ્રુત, (૪) અસંજ્ઞિશ્રુત, (૫) સમ્યક્શ્રુત, (૬) મિથ્યાશ્રુત, (૭) આદિશ્રુત, (૮) અનાદિશ્રુત, (૯) સપર્યવસિતશ્રુત, (૧૦) અપર્યવસિતશ્રુત, (૧૧) ગમિકશ્રુત, (૧૨) અગમિકશ્રુત, (૧૩) અંગપ્રવિષ્ટશ્રુત, (૧૪) અંગબાહ્યશ્રુતનો સમાવેશ થાય છે.

આ જ્ઞાનમાંથી કોને કયા પ્રકારનું જ્ઞાન થાય છે?
સમ્યગ્ દૃષ્ટિવાળાને સમ્યગ્ જ્ઞાન થાય.
મિથ્યા દૃષ્ટિવાળાને મિથ્યા જ્ઞાન થાય.
સમ્યગ્ દૃષ્ટિવાળાને બધું સમ્યગ્ રૂપે પરિણમે અને
મિથ્યા દૃષ્ટિવાલાને બધુ મિથ્યા રૂપે પરિણમે.
વિદ્યા–જ્ઞાન તો એ જ કહેવાય કે જે મુક્તિ અપાવે
**सा विद्या या विमुक्तये।**

□ □ □

## નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ

નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ થયા. એમણે નવ અંગો પરની અદ્ભુત ટીકાઓ લખી છે.
આ બધું લખવા સમય ઓછો પડતો એટલે
ભોજનમાંથી સમય બચાવવા એમણે
આયંબિલ તપ સાથે ટીકાનું લેખન કરવા માંડયું...
આમ ને આમ બાર વર્ષ વીતી ગયાં.
શરીર પર અશાતાવેદનીય કર્મનો ઉદય થયો.
શરીર ઉપર કોઢ રોગ વ્યાપી ગયો. છતાં પણ ચિંતા ન કરી.
પણ એમનો આ પરિશ્રમ ચાલુ જ હતો.
સાધુઓને આ બધું જ્ઞાન વાંચવા મળે એ માટે એમણે
કેટલું કષ્ટ વેઠયું?

□ □ □

# હેમચન્દ્રાચાર્યજી અને કુમારપાલ મહારાજા

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજ પાસે
સાતસો લહિયાઓ રોજ લખતા હતા.
એમનો ઉપાશ્રય લેખનશાળા જેવો જ બની ગયો હતો.
લેખનકાર્ય નિયમિત ચાલતું હતું.
એક દિવસ કુમારપાલ મહારાજ વંદન કરવા આવ્યા.
ગુરુભગવંત તથા દરેક સાધુઓને વિધિપૂર્વક
વાંદીને રાજા લેખનશાળા જોવા ગયા. ત્યાં લહિયાઓને તાડપત્રના
બદલે કાગળના પાનામાં લખતા જોઈને રાજા આશ્ચર્ય પામ્યો...
ફરીથી રાજા ગુરુજી પાસે આવ્યો. વંદન કરી સુખશાતા પૂછી
પાના ઉપર લખાવવાનું કારણ પૂછયું. ત્યારે ગુરુજીએ કહ્યું–
હે ચૌલુક્ય શિરોમણિ! જ્ઞાનભંડારમાં તાડપત્રોની ઘણી ખોટ છે–
એટલે શું થાય? કાગળ ઉપર લખાય છે.
આ સાંભળી લજ્જિત થયેલો કુમારપાલ મનમાં વિચાર કરવા લાગ્યો–
અહો, ગ્રંથોનું નવનિર્માણ કરવાની ગુરુભગવંતની અજબની શક્તિ છે.
અને મારામાં તે ગ્રંથો લખાવવાની પણ પૂરી શક્તિ નથી?
તો પછી મારું શ્રાવકપણું શું? આ પ્રમાણે વિચારી ઊભો થઈને
ગુરુભગવંત સમક્ષ હાથ જોડી કહ્યું–
હે ગુરુભગવંત! ઉપવાસનું પચ્ચકખાણ આપો.
ગુરુજીએ કહ્યું–અરે! આજે શેનો ઉપવાસ?
કુમારપાલ–ગુરુજી! લેખન માટે તાડપત્ર પૂરા પાડીશ
પછી જ ભોજન કરીશ! ગુરુજી–અરે કુમાર! તાડવૃક્ષો
કયાં નજીક છે? તે તું તાત્કાલિક પૂરા શી રીતે પાડીશ?
ગુરુજીએ તેમજ સામંતોએ પણ ઘણા વાર્યા છતાં પણ
કુમારપાલે ઉપવાસ કર્યો.

**अहो जिनागमे भक्तिरहो गुरुषु गौरवम् ।**
**श्रीकुमारमहीभर्तुरहो निःसीमसाहसम् ॥**

"અહો શ્રી કુમારપાલ મહારાજાની શ્રી જિનાગમો વિષેની કેવી ઉત્તમ ભક્તિ છે. અને ગુરુ ભગવંત વિષે પણ કેવો સુંદર બહુમાન ભાવ છે, અને તેમનું સાહસ પણ કેવું નિ:સીમ છે?

□ □ □

## જ્ઞાન તો આત્માનું ઝરણું છે

સેંકડો વર્ષો પહેલાં વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞ સોક્રેટીસે
શિષ્ય એરિસ્ટોટલ (અરસ્તુ) ને કહ્યું હતું કે—
Knowledge is Nothing but it is Intutional.
જ્ઞાન તો અંતરમાંથી જ સ્ફુરે છે-પ્રગટે છે-આંતરસ્રોત છે.
હિમાલય પરથી નીકળતી ગંગાની જેમ આત્મામાંથી પ્રગટતું જ્ઞાનનું ઝરણું કે જ્ઞાનગંગા પણ કદી સુકાતી નથી.
કોઈ પણ જીવ ક્યારેય જ્ઞાન વિનાનો નહીં બની જાય.
દરેક જીવમાત્રમાં ભલે તે નાનો સૂક્ષ્મ હોય કે મોટો સ્થૂલ હોય પણ સત્તામાં જ્ઞાન તો પડયું જ છે-જ્ઞાન વિનાનો કોઈ જીવ નથી- માટે જ આત્મા અને જ્ઞાન આ બંને જુદા કલ્પી શકાય જ નહીં.

આત્મા જ્ઞાનવાન જ છે અને જ્ઞાન આત્મામાં જ છે. હા, એટલું જરૂર કે દરેક જીવમાં પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે ઓછું વધારે હોય.

શ્રી નંદીસૂત્રમાં પણ કહ્યું છે કે-જીવમાત્રમાં કેવલજ્ઞાનનો અનન્તમો ભાગ તો અવશ્યપણે પ્રગટ હોય જ છે.

શરીરની કેટલીક ક્રિયા ઐચ્છિક હોય છે અને કેટલીક ક્રિયા અનૈચ્છિક હોય છે. અનૈચ્છિક ક્રિયામાં આપણે વિચારવું પણ નથી પડતું. દા. ત. આપણે ચાલીએ છીએ ત્યારે ખ્યાલ પણ નથી હોતો કે કયા પગ સાથે કયો હાથ ચાલે છે. ડાબા પગ સાથે ડાબો હાથ ચાલે છે કે જમણો હાથ? તે જ પ્રમાણે જમણા પગ સાથે જમણો હાથ ચાલે છે કે કેમ? તે જોવા જેવું છે. વાત સાવ સામાન્ય છે. પણ આપણે ક્યારેય વિચાર નથી કર્યો.

નિર્ણય સ્પષ્ટ જ છે કે—જમણા પગ સાથે ડાબો હાથ જ ચાલવાનો, તે જ પ્રમાણે ડાબા પગ સાથે જમણો હાથ જ ચાલવાનો. આનાથી વિપરીત જમણા પગ સાથે જમણો હાથ અને ડાબા પગ સાથે ડાબો હાથ કયારેય નથી ચાલતો. શું આમાં પણ આપણું જ્ઞાન કામ નથી કરતું? નથી તેવી ઇચ્છા છતાં પણ વ્યવસ્થિત ચાલ્યા જ કરે છે. ભલે અનૈચ્છિક ક્રિયા હોય પણ જ્ઞાનશૂન્ય નથી.

## એક સમયે એક જ ઉપયોગ હોય

જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે કોઈ પણ આત્મા એક સમયે એક જ ઉપયોગ રાખી શકે છે. એકી સાથે એક સમયે બે ઉપયોગ સંભવી શકે જ નહીં.

દા. ત. (૧) એક પાનામાં લાઈનો તો ૨૦–૨૫ લખાયેલી છે. જોઈએ છીએ ત્યારે નજર સમક્ષ તો બધી એક સાથે દેખાય તો છે, પણ શું એકીસાથે ૨ લાઈન પણ માણસ વાંચી શકે ખરો ? ના, સંભવ જ નથી.

(૨) આપણો જમણો હાથ જમણેથી ડાબે એમ ગોળ ફેરવીએ. ચોક્કસ ફરે છે. ધારીએ તેટલી ઝડપથી પણ ફેરવી શકીએ છીએ પણ એની સાથે જ એ જ સમયે ડાબો હાથ ડાબેથી જમણે એટલે જમણા હાથથી ઉંધી દિશામાં ફેરવીએ તો શું ફરશે?એક હાથ સીધો અને બીજો હાથ ઉંધા ક્રમે ગોળ ફેરવવો શકય જ નથી. કારણ એકી સાથે એક સમયે જીવ ૨ ઉપયોગ રાખી જ ન શકે.

(૩) તે જ પ્રમાણે નવકારવાલી ગણવી અને વ્યાખ્યાન પણ સાંભળવું બન્ને ક્રિયા એક સાથે કેવી રીતે સંભવે ! કાં તો વ્યાખ્યાનમાં મન લાગશે તો નવકારવાલી અટકશે, અને જો નવકારવાલીમાં મન લાગશે તો વ્યાખ્યાન ચુકાશે. આ વાત અનુભવસિદ્ધ એટલી જ સાચી છે. પ્રભુનું કથન–"એક સમયે જ્ઞાનનો એક જ ઉપયોગ" તે ખરેખર સત્ય જ છે.

**જ્ઞાનની આરાધના :** જ્ઞાન અને જ્ઞાની તેમ જ જ્ઞાનના ઉપકરણોનું પણ અવશ્ય બહુમાન કરવું જોઈએ. તેમની આશાતના–વિરાધના ટાળવી. જ્ઞાન ચઢે તે માટે સરસ્વતીનો મંત્ર કે "ૐ હ્રીઁ **નમો નાણસ્સ**"નો જાપ કરીએ, માલા ગણીએ; પણ શું શ્લોક કે ગાથા કંઠસ્થ કરવા પ્રયત્ન કરવો જ નહીં ? ના, સાથેસાથે ગાથા પાઠ કરવા પણ પ્રયત્ન તો અવશ્ય કરવો જોઈએ. પુરુષાર્થ તો જરૂર કરવો.

જ્ઞાનપંચમીના પવિત્ર પર્વ દિવસે ઉપવાસ કરીએ, ખમાસમણાં, કાઉસ્સગ્ગ, દેવવંદન, જાપ બધું જ કરીએ પરન્તુ અભિનવ–જ્ઞાનપ્રાપ્તિ અર્થે ભણવું પણ જોઈએ.

## જૈનદર્શનમાં જ્ઞાનના ભેદ—પ્રભેદોનું સ્વરૂપ



## શ્રી ભગવતીજી સૂત્રનું બહુમાન

આચાર્ય ભગવંત શ્રી ભગવતીજી સૂત્રનું વાંચન કરતા હતા. ૪૫ આગમસૂત્રોમાં મહાન ખજાના સ્વરૂપ આ સૂત્ર છે. પાંચમું અંગસૂત્ર કહેવાય. ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીની વચ્ચેની પ્રશ્નોત્તરીની હારમાલા છે.

વ્યાખ્યાનમાં વાંચનાવસરે જેટલી વાર ગોયમા શબ્દ આવતો તેટલી વાર સુવર્ણમુદ્રિકા મૂકીને બહુમાન-પૂજન કરવામાં આવતું. ધન્ય હતા એ શેઠ-કેવી અપાર ભક્તિ હતી!

## (૩) અવધિજ્ઞાન

ઇન્દ્રિય અને મનની મદદ વિના અમુક મર્યાદા સુધી રૂપીદ્રવ્ય પદાર્થોનું જેના વડે જ્ઞાન થાય છે તેને અવધિજ્ઞાન કહેવાય છે. પાંચ જ્ઞાનમાં આ ત્રીજા નંબરનું જ્ઞાન ગણાય છે.

સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં પ્રથમ અવધિજ્ઞાન ગણાય છે.

જન્મથી અને ગુણથી અવધિજ્ઞાન બન્ને રીતે થાય છે.

**અવધિજ્ઞાન**

| ભવપ્રત્યયિક | ગુણપ્રત્યયિક |
|---|---|
| (દેવ અને નારકીને) | (મનુષ્ય અને તિર્યંચને) |

## (૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન

"**भवप्रत्ययो नारकदेवानां**" તત્ત્વાર્થમાં જણાવે છે કે— જે અવધિજ્ઞાન જન્મતાની સાથે જ થાય છે તેને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે. દેવલોકમાં સર્વ દેવતાઓને તેમ જ નરકમાં નારકી જીવોને જન્મથી જ અવધિજ્ઞાન થાય છે. તે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે.

## (૨) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| અનુગામિ | અનનુગામિ | વર્ધમાન | હીયમાન | પ્રતિપાતિ | અપ્રતિપાતિ |

"**यथोक्त निमित्तः षड्विकल्पः शेषाणाम्**" તત્ત્વાર્થમાં ઉમા-સ્વાતિજી આ સૂત્રથી અવધિજ્ઞાનના છ ભેદ જણાવે છે. આ ગુણ-પ્રત્યયિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને થાય છે. તે ૬ પ્રકારો આ પ્રમાણે છે :—

(૧) **અનુગામિ**—એક સ્થાનેથી બીજા સ્થાને જતા આંખની જેમ જે સાથે જ આવે તેને અનુગામિ અવધિજ્ઞાન કહેવાય છે.

(૨) **અનનુગામિ**—આ અનુગામિથી ઊલટું છે. અર્થાત્ જે જગ્યાએ અવધિજ્ઞાન થયું હોય તે સ્થાનથી બીજે જાય તો આ જ્ઞાન સાથે નથી આવતું એટલે અનનુગામિ કહેવાય છે.

(૩) **વર્ધમાન**—પોતાની પરિણામવિશુદ્ધિની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાને સાથે લઈને દિવસેદિવસે વધે તેને વર્ધમાન અવધિજ્ઞાન કહ્યું છે.

(૪) **હીયમાન** —આ વર્ધમાનનું ઊલટું છે. જે પરિણામોની અશુદ્ધિથી દિવસે દિવસે ઘટે તેને હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે.

(૫) **પ્રતિપાતિ**-જેમ દીવો ઓલવાઈ જાય, તેમ જે અવધિજ્ઞાન થઈને એકાએક ચાલ્યું જાય તેને પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.



(૬) **અપ્રતિપાતિ**—કેવલજ્ઞાન થવાના અંતર્મુહૂર્ત પહેલાં જે પ્રગટ થાય છે. અને કેવલજ્ઞાન પ્રગટ થયા પછી જે કેવલજ્ઞાનમાં સમાઈ જાય છે તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે. આને જ પરમાવધિજ્ઞાન પણ કહેવાય છે.

દેવતાઓ, મનુષ્યો, નારકીઓ અને તિર્યંચો આ ચારેયને અવધિજ્ઞાન થઈ શકે છે. અમુક

અંતર સુધી રૂપી પદાર્થોને જોઈ શકે છે. પ્રકારોમાં ભેદ જરૂર છે. તીર્થંકર ભગવાન તો જન્મથી જ ૩ જ્ઞાનના ધણી હોય છે અને દીક્ષા લે ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. અને ચારે ઘાતીકર્મોના ક્ષયે પ્રભુને કેવલજ્ઞાન થાય છે. પ્રભુનો જ્ઞાનાતિશય મહાન્ છે.

સમ્યગ્દૃષ્ટિના અવધિજ્ઞાનને અવધિજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ જીવના અવધિજ્ઞાનને વિભંગ–જ્ઞાન કહેવામાં આવે છે.

**મનઃપર્યવજ્ઞાન—**

**ऋजुविपुलमती मनःपर्यायः ॥** —તત્ત્વાર્થ સૂત્રમાં પૂજ્યશ્રી જણાવે છે કે મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે છે.

| | |
|---|---|
| ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન | વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાન |

જેના વડે સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના મનોગત વિચારો–ભાવોને ઇન્દ્રિય અને મનની મદદ વિના જાણી શકાય છે, તેને મનઃપર્યવ જ્ઞાન કહેવાય છે.

## (૧) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન

આ માણસે ઘડો લાવવાનો વિચાર કર્યો છે એવા કોઈના મનના વિચારોને સામાન્યપણે જાણવું તે ઋજુમતિમનઃપર્યાયજ્ઞાન કહેવાય છે.

## (૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન

અમુક રંગનો, અમુક ધાતુ વિશેષનો, અમુક સ્થાનમાં બનેલો એવો ઘડો આ માણસે પોતાના મનમાં ચિંતવ્યો છે, એવું જે કોઈના મનનું જાણવું તે વિપુલમતિમનઃપર્યવજ્ઞાન કહેવાય છે. ઋજુ કરતાં વિપુલ વધારે સ્પષ્ટ-ચોખ્ખું જણાવે છે.

આ મનઃપર્યવજ્ઞાન તીર્થંકર પ્રભુને દીક્ષા લે ત્યારે જ થાય છે. મનઃપર્યવજ્ઞાન શ્રાવકને જ થઈ જ ન શકે. સાધુને જ થાય છે. એટલે મનઃપર્યવજ્ઞાન માટે સાધુ થવું જરૂરી છે–આજે આ જ્ઞાન

વિચ્છેદ થયેલું ગણાય છે. કોઈને પણ ન થાય.

## કેવલજ્ઞાન

**"सर्वद्रव्यपर्यायेषु केवलम्"**—ત્રિકાલાબાધિત રીતે હસ્તામલકવત્ અનંત (સર્વ) દ્રવ્ય-ગુણ પર્યાયો એકી સમયે એકી સાથે જેના વડે જણાય તે કેવલજ્ઞાન કહેવાય છે. આ અનંત લોક-અલોકાકાશપ્રકાશક છે.

ચાર ઘાતિકર્મોના ક્ષય પછી જ કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

**૪ ઘાતિકર્મ—**

(૧) જ્ઞાનાવરણીય કર્મ (૨)દર્શનાવરણીય કર્મ (૩) મોહનીય કર્મ અને (૪) અંતરાય કર્મ આ ચારેનો ક્ષય થયા પછી જ કેવલજ્ઞાન પ્રગટે છે.

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।**

—તત્ત્વાર્થાધિગમસૂત્રના દશમા અધ્યયનમાં જણાવે છે કે પ્રથમ મોહનીયકર્મનો સર્વથા ક્ષય થાય. પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, પછી અંતરાય એમ ચારેય ઘાતિકર્મોનો સર્વથા ક્ષય થયા પછી કેવલજ્ઞાન પ્રગટ થાય છે.




ક્ષપકશ્રેણિ માંડી કર્મ ક્ષય કરતો કરતો આત્મા બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે આવે. ત્યાં મોહનીયકર્મનો ક્ષય કરે. અને તેરમે પ્રવેશતા જ આત્મા કેવલજ્ઞાન પ્રાપ્ત કરે. ચારે ઘાતિકર્મોનો ક્ષય થતાં જ આત્મા અનન્તજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ બને છે.

## કેવલજ્ઞાની

| સયોગી કેવલી | અયોગી કેવલી |
|---|---|

(૧) મન-વચન-કાયયોગ સહિત તેરમા ગુણસ્થાનકના કેવલી તે સયોગી કેવલી

(૨) ત્રણે યોગોનો નિરોધ કરીને ચૌદમા ગુણસ્થાનકના કેવલી ભગવંત તે અયોગી કેવલી.

તેરમા ગુણસ્થાનકે તો કેવલજ્ઞાની ભગવંત ઘણો કાળ રહીને દેશના વગેરે આપી જગત ઉપર મહાન ઉપકાર કરે છે. ભગવાન મહાવીર પરમાત્માને સાડા ૪૨મા વર્ષે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. અને પ્રભુનું આયુષ્ય તો ૭૨ વર્ષનું હતું એટલે ૩૦ વર્ષ પ્રભુ કેવલીપર્યાયે વિચર્યા અને અનેક જીવોને તાર્યા.

જ્યારે ચૌદમા ગુણસ્થાનકે તો માત્ર પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર જેટલો કાળ રહીને યોગ નિરોધ કરીને આત્મા સિદ્ધપરમાત્મા બની જાય છે. સદાને માટે સંસારનો ત્યાગ હવે અનંતકાળ સુધી મોક્ષમાં જ નિજાનંદમાં જ રહેવાનું. સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન-નિરાકાર એવા સિદ્ધ પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપી, આનંદ-ઘન સ્વરૂપી હોય છે. અનંત આંનંદનું વેદન કરે છે. અનંત જ્ઞાનથી સર્વ લોક-અલોકાકાશના સર્વ-દ્રવ્ય-ભાવો જોતા-જાણતા આનંદમાં રહે છે.

## ધ્યાન

| શુભ | | અશુભ | |
|---|---|---|---|
| ધર્મધ્યાન | શુકલધ્યાન | આર્તધ્યાન | રૌદ્રધ્યાન |
| ૪ | ૪ | ૪ | ૪ |

શુકલધ્યાનના ૪ પાયામાંથી બીજો પાયો વટાવી ત્રીજા ચરણમાં પ્રવેશતાં આત્મા કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. ધ્યાનની આ ધારા કેવી

ઉત્તમ–નિર્મલ અને પવિત્ર હોય છે કે ક્ષપકશ્રેણિમાં આ ધારામાં ચઢેલો જીવ ચારે ઘાતિકર્મો ઝપાટામાં ખપાવવા માંડે છે. એટલે જ કહ્યું છે કે–જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કર્મનો ક્ષય. સર્વજ્ઞ, સર્વવિદ્, સર્વદૃષ્ટા, અનન્તજ્ઞાની, ત્રિકાલજ્ઞાની બને છે.

## લગ્નમંડપમાંથી કેવલજ્ઞાન સુધી

માતાજીએ પરાણે આગ્રહ કરી ૮ કન્યાઓ ગુણસાગરને પરણાવી, પરંતુ વિરકત વૈરાગી સંયમનો અનુરાગી તો લગ્ન મંડપની ચોરીમાં જ બ્રાહ્મણ વડે કરાવાતી લગ્નવિધિમાં જ આશ્ચર્ય પામી રહ્યો હતો. અરે આ તો લગ્ન એટલે બંધનકર્તા. અરે હવે તો હું વધારે સંસારમાં ડૂબવાનો. લગ્નવિધિના 'સાવધાન!' ના શબ્દોએ ગુણસાગરને વધારે સાવધાન કરી દીધો. બસ પ્રાતઃકાળે જ આઠ કન્યાથી શોભતા આ વરરાજા પોતાના વિશાળ મકાનમાં નાટક જોતાં જોતાં વિચારની ધારાએ ચઢ્યા. શ્રપકશ્રેણિ મંડાઈ ગઈ કર્મનાં બંધનો તૂટતા ગયાં, અને ઘનઘાતિ કર્મોના ક્ષયે કેવલજ્ઞાન પામ્યા. આ નજરે જોતી તે નવપરિણિત આઠે કન્યાઓ પણ–ધર્મધ્યાનમાં ચિંતન કરતી શુકલધ્યાનમાં ચઢી ગઈ, ક્ષપકશ્રેણિએ આરૂઢ થઈ અને જોતજોતામાં કેવલજ્ઞાન પામી ગઈ.

આ વૃત્તાન્ત સુધનશ્રેષ્ઠિએ અયોધ્યા આવીને પૃથ્વીચંદ્ર નરેશ્વરને કહ્યું. વાત સાંભળતા સાંભળતા પૃથ્વીચંદ્ર રાજા આશ્ચર્ય પામ્યા. સુધને કહ્યું: હે કૃપાળુ! ત્યાં કેવલી ગુણસાગર ભગવંતે તો એમ કહ્યું છે કે–"આ શું આશ્ચર્ય, આથી વધારે તો તું ત્યાં અયોધ્યામાં જોઈશ..."

અને ખરેખર એવું જ થયું–પૃથ્વીચંદ્ર રાજા પણ શુભ ભાવના ભાવતા સંવેગરંગયુક્ત મનથી ચિંતવતા ચિંતવતા કેવલ-મંદિરમાં પહોંચવા તૈયારી કરવા લાગ્યા અને શુકલધ્યાને પહોંચ્યા. ક્ષપકશ્રેણિમાં ચારે ઘનઘાતી કર્મોનો ભુક્કો બોલાવ્યો. અનેક જન્મોમાં જે નહોતું મેળવ્યું તે કેવલજ્ઞાન ક્ષણભરમાં જ પ્રાપ્ત

કર્યું. કેવલજ્ઞાનીનો મહોત્સવ થયો.
ધન્ય ધન્ય પૃથ્વીચંદ્ર-ગુણસાગર....

**લોકાલોકવ્યાપી કેવલજ્ઞાન :**

અનન્ત લોકા-અલોકાકાશ
સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



કેવલજ્ઞાની મહાત્માના જ્ઞાનની બહાર લોકાકાશ કે અલોકાકાશનું રૂપી કે અરૂપી એક પણ દ્રવ્ય-પદાર્થ બાકી રહેતું નથી. અલોકાકાશમાં કંઇ પણ નથી તે પણ તેમની જાણમાં છે અને લોકાકાશમાં રૂપી અરૂપી આદિ સર્વ દ્રવ્ય-પદાર્થો છે. અને તેમના ભૂત-ભાવિ વર્તમાનના અનંતા પર્યાયો હતા, છે અને થવાના છે. તે બધું જ તેમને એક સાથે દેખાય છે. માટે જ કેવલજ્ઞાનને ત્રિકાલાબાધિત જ્ઞાન કહ્યું છે.

**हस्तामलकवत्**—એટલે જેમ હાથમાં આંબળો હોય અને આપણને કેવું સ્પષ્ટ ચારે બાજુથી દેખાય છે તે જ પ્રમાણે કેવલજ્ઞાનીની દૃષ્ટિમાં બધું જ સ્પષ્ટ દેખાય છે. લોકાકાશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અનંત જીવો, પુદ્‌ગલ અને અનંત પરમાણુઓ વગેરે સર્વ તેમને કેવલજ્ઞાનમાં જણાય છે.

આપણે અહીંયા છીએ એ પણ અત્યારે કેવલજ્ઞાની ભગવંતોને દેખાય છે. સિદ્ધશિલા ઉપર બેઠેલા સિદ્ધપરમાત્માને પણ કેવલજ્ઞાન વડે બધું જ દેખાય છે. આપણા ભૂતકાળમાં કેટલા ભવો થઈ ગયા છે અને ભવિષ્યમાં મોક્ષે જતા પહેલાં કેટલા ભવો થવાના છે, કયાં કયાં, કેવા-કેવા ભવો થવાના છે તે બધા જ અત્યારે પણ સ્પષ્ટ જણાય છે.

## કેવલજ્ઞાનમાં સમાનતા

અત્રે કોઈ સામાન્ય કેવલી હોય કે તીર્થંકર ભગવાનને કેવલજ્ઞાન થયું હોય; બન્નેનું કેવલજ્ઞાન તો સમાન-સરખું જ હોય. તે જ પ્રમાણે સિદ્ધાવસ્થામાં જે કેવલજ્ઞાન હોય છે તે પણ તેવું જ હોય છે એવું નથી કે કોઈનું કેવલજ્ઞાન વધારે અને કોઈનું કેવલજ્ઞાન ઓછું હોય એવું બનતું જ નથી. જરૂર, તીર્થંકરની પુણ્યપ્રકૃતિ ઉત્કૃષ્ટ છે અને કોઈ સામાન્ય કેવલીની નથી...પરંતુ કેવલજ્ઞાનમાં કંઈજ ફરક નથી હોતો. અરે! મૂક કેવલી પણ શાસ્ત્રમાં કહ્યા છે.

## વરરાજા કેવલજ્ઞાનના માર્ગે

લગ્નમંડપમાં લગ્નવિધિ પૂરી થઈ ગઈ છે, અને વરરાજા અને સાથે ૫-૬ મિત્રો અવંતી નગરીની બહાર ફરવા ગયા. ઉદ્યાનમાં આચાર્ય મહારાજ પાસે પહોંચ્યા મશ્કરા યુવાનોએ જેને હાથે હજી તો લગ્નનું મીંઢળ બાંધેલું છે તેને આગળ કર્યો. સાહેબ આને દીક્ષા આપો. દીક્ષાના સારા ભાવ છે-આપો-આપો-એમ કહીને વરરાજાને આગળ કર્યો-ખૂબ હસ્યા . હા...હા....હા... આચાર્ય ચંડરૂદ્રાચાર્ય મહારાજે તો.. તુરંત રાખ હાથમાં લઈ,

માથે નાંખી, એક હાથે માથું પકડી, બીજા હાથે ઝપાટાબંધ લોચ કરવા માંડ્યો-ઘડીભરમાં તો માથું મુંડાઈ ગયું

એક બાજુ હાથે મીંઢળ, લગ્નનાં કપડાં, વરરાજા, અને બીજી બાજુ માથે મુંડન હવે શું કરવું....વરરાજા મુંઝાયા....

નમ્ર–વિનયી અને સમયસૂચક ભદ્રિક જીવ હતો. બોલ્યો: ગુરુદેવ....મત્થએણ વંદામિ....જે થયું તે સારા માટે.
સાહેબ પણ હું તો વરરાજા હતો-લગ્નમંડપમાંથી ઊઠીને આવેલો. આ તો મિત્રોએ મશ્કરી કરી હતી ..
ગુરુમહારાજ–અરે ભાઈ! દીક્ષા લેવાની આવી તે કંઈ મશ્કરી થતી હશે
શિષ્ય—સારું સાહેબ....! હવે તો જલ્દી વિહાર કરી જઈએ-નહીંતર જાન અહીંયા જ છે હમણાં ખબર પડશે તો...સાહેબ, જલ્દી કરો...
ગુરુમહારાજ: પરંતુ હે શિષ્ય! હવે તો રાત પડશે....મારી પાકી ઉંમર અને રાત્રે દેખાય નહીં ને રાત્રે વિહાર પણ શી રીતે કરાય?
શિષ્ય—સાહેબ! વિહાર નહીં કરીએ તો તમારી અને મારી બંનેની કફોડી હાલત થશે. સાહેબ—જલ્દી કરો.
વિહાર કર્યો...રાત પડી .. અંધારે દેખાય નહીં. શિષ્ય સાચવીને હાથ પકડીને દોરે છે .. ઝડપથી ચાલે છે.
અંધારામાં ખાડા–ટેકરામાં પગ પડતાં ક્રોધી ગુરુ ચંડરૂદ્રાચાર્ય ખિજાયા. શિષ્યના માથે દાંડો માર્યો—અલ્યા એય! સીધો ચાલ.

તાજા લોચનું માથું હતું—દાંડો પડતા જ લોહી વહેવા માંડ્યું. છતાં પણ કેવી સમતા...! ધન્ય ધન્ય.
શિષ્યે સમતા રાખી. મનમાં વિચાર્યું...હે જીવ! આવી તો કેટલીય માર ખાધી—નરકની વેદના કેટલી સહન કરી છે? તો આતો એની સામે કાંઈ જ નથી. અને આ તો ગુરુભગવંત છે....
ગુરૂદેવ : હવે સીધો ચાલીશ....તહત્તિ....ત્યાં તો ફરી પગ ખાડામાં પડયો. ગુરુ પડવા જેવા થઈ ગયા, અને બીજો દાંડો

શિષ્યના માથે ઝીંકયો. એક બાજુ લોહીની ધારા અને
બીજી બાજુ સમતા ..
આત્માને સમજાવ્યો—ચિન્તન કરતા જાય અને ચાલતા જાય.
બસ–આત્મસાધના સાધવા માંડી. ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ.
જોતજોતામાં તો ચારેય ઘનઘાતિ કર્મોનો ભુક્કો બોલાઈ ગયો.
શુકલધ્યાન ધ્યાતા બીજા ચરણના અંતે તો
વરરાજા નૂતનમુનિ કેવલજ્ઞાન પામ્યા.

પ્રાત:કાળે અજવાળે ગુરુજીએ શિષ્યના માથે લોહી જોયું. અને અફસોસ કર્યો અરે રે...હું તો વરસોનો દીક્ષિત આચાર્ય અને છતાં પણ સમતા નથી રાખી શકતો. કેટલો ક્રોધ? અને આ તો નવો દીક્ષિત...તેય પાછો લગ્નમંડપના મીંઢળવાળો વરરાજા... એમ મનમાં ને મનમાં પ્રાયશ્ચિતની ધારામાં ચઢ્યા. કેવલીની આશાતના બદલ ખમાવ્યા....અને ઘાતિકર્મો ખપાવી કેવલજ્ઞાની બન્યા. ધન્ય ધન્ય...ગુરુશિષ્યની કેવલીની જોડી...વંદના હો...

## આરીસા જેવું કેવલજ્ઞાન

કેવલજ્ઞાન તો આરીસા જેવું છે. જેમ આરીસામાં જેવું સ્વચ્છ સ્પષ્ટ હોય તેવું પ્રતિબિમ્બ દેખાય છે તેજ પ્રમાણે જેવું જગત છે તેવું કેવલજ્ઞાનમાં પ્રતિબિમ્બિત થાય છે. કેવલજ્ઞાનીને જાણવા જવું નથી પડતું. બધું એની મેળે જણાય છે. માટે સિદ્ધ ભગવંતો તો ચૌદરાજલોકના માથે આરીસા સમાન છે કે આખું જગત, સમસ્ત લોકાલોક તેમના જ્ઞાનમાં પ્રતિબિમ્બિત થાય છે.

## જ્ઞાન અને જ્ઞાનનાં આવરણ

એક ઝળહળતા લાઈટના ગોળા ઉપર એક કપડું ઢાંકયું હોય તો પછી એનો પ્રકાશ કેટલો પડે? એના ઉપર હજી બીજું કપડું, હજી ત્રીજું કપડું, હજી ચોથું કપડું અને હજી એક વધારે

પાંચમું કપડું. જો ઢાંકીએ તો પછી પ્રકાશ કેટલો પડવાનો? વિચાર કરો!

બસ, આ જ પ્રમાણે આત્મા જે સ્વયં અનન્ત જ્ઞાનવાન છે. મૂળસત્તામાં તો દરેકના આત્મામાં કેવલજ્ઞાન પડ્યું જ છે.

બધા જ જ્ઞાનોની સત્તા છે. પરન્તુ શું થાય? આવરણ કેટલા બધા આવી ગયા છે! પેલી મોટી ઝળહળતી લાઈટ ઉપર કપડની જેમ આત્મા ઉપરના પાંચે જ્ઞાનો ઉપર પાંચ આવરણ. તે તે આવરણથી તે તે જ્ઞાન ઢંકાઈ ગયું છે.




(૧) મતિજ્ઞાનાવરણથી મતિજ્ઞાન ઢંકાઈ ગયું છે તે–

(૧) મતિજ્ઞાનાવરણીય કર્મ.

(૨) શ્રુતજ્ઞાનાવરણથી શ્રુતજ્ઞાન ઢંકાઈ ગયું છે તે–

(૨) શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.

(૩) અવધિજ્ઞાનાવરણથી અવધિજ્ઞાન ઢંકાઈ ગયું છે તે–

(૩) અવધિજ્ઞાનાવરણીય કર્મ.

(૪) મન:પર્યવજ્ઞાનાવરણથી મન:પર્યવજ્ઞાન ઢંકાઈ ગયું છે તે–

(૪) મન:પર્યવજ્ઞાનાવરણીય કર્મ.

(૫) કેવલજ્ઞાનાવરણથી કેવલજ્ઞાન ઢંકાઈ ગયું છે તે–

(૫) કેવલજ્ઞાનાવરણીય કર્મ.

અત્યારે આપણને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન તો સર્વથા અંશમાત્ર પણ ઉદયમાં નથી. એટલે તે તેનો આવરણ જબરદસ્ત છે. તેના આવરણનો જ ઉદય છે. પરન્તુ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થોડું ઉદયમાં છે–પણ જેટલું ઉદયમાં છે તેના કરતાં અનેક ગણું તેનું આવરણીય કર્મ પણ ઉદયમાં છે.

**સ્નાન કરતા કરતા કેવલજ્ઞાન**

મહારાજા ભરત ચક્રવર્તી આરીસાભુવનમાં સ્નાનાગારમાં સ્નાન કરી રહ્યા છે આંગળીમાંથી વીંટી પડી ગઈ. વિચારે ચઢ્યા–અરે–આંગળીથી વીંટી શોભે છે કે વીંટીથી આંગળી ?

હા...હા....અરે બંનેય છે તો જડ જ ને! બંને પુદ્‌ગલ દ્રવ્ય છે. આંગળી અને વીંટી બંને બળવાના છે–ક્ષણિક છે–નાશવંત છે–અનિત્ય છે..... આવા અનિત્ય પુદ્‌ગલ ઉપર શું મોહ કરવાનો...બસ અનિત્યતાભાવે મોહ ઓસરવા માંડ્યો–ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ અને જોતજોતામાં તો કેવલજ્ઞાન પામી ગયા ધન્ય એ મહાપુરુષ જેની આઠ પેઢી સુધી કેવલજ્ઞાન ચાલુ રહ્યું.

---

卐 સૌજન્ય 卐

**શેઠશ્રી સુરચંદભાઈ ઝુમચંદભાઈ શાહ**

ગોપીપુરા–સુરત.

**ના સહયોગથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

જૈનદર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય → "કર્મ તણી ગતિ ન્યારી...."

પ્રવક્તા → પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય : શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| શ્રાવણ સુદ ૧૨ | વ્યાખ્યાન છઠ્ઠું | રવિ તા. ૧-૮-૮૨ |
|---|---|---|

# વિષય : આત્મગુણ-જ્ઞાન-દર્શનનું સ્વરૂપ

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

**नाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे ।**
**चरित्तेण निगिण्हाइ, तवेण य परिसुज्झइ ॥**

ચરમતીર્થપતિ શ્રમણપરમાત્મા શ્રીમહાવીરપ્રભુ
અંતિમદેશનામાં ફરમાવે છે કે
જ્ઞાન વડે જીવ પદાર્થોને જાણે છે, દર્શન વડે શ્રદ્ધા કરે છે,
ચારિત્રથી હેય-જ્ઞેયનો વિવેક કરી નિગ્રહ કરે છે,
અને તપ વડે પરિશુદ્ધિ કરે છે.

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एअं जीअस्स लक्खणं ॥**

જીવનું લક્ષણ બતાવતાં નવતત્ત્વમાં જણાવે છે કે-
જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય તથા ઉપયોગ લક્ષણવાળો જીવ છે.

જેમ અનંતજ્ઞાન આત્માનો ગુણ છે તેજ પ્રમાણે અનંત દર્શન પણ આત્માનો ગુણ છે. જ્ઞાનગુણથી જણાય છે. જ્યારે દર્શનગુણથી જોવાય છે.

જાણવું (જ્ઞાન) અને જોવું (દર્શન) આ બંને આત્માના જ ગુણો છે. જડમાં આ સંભવ જ નથી.

ચૈતન્ય શક્તિ—ચૈતન્ય શક્તિવાળો ચેતન-એટલે આત્મા.

આ ચેતનાશક્તિ—જ્ઞાન+દર્શનાત્મક જ હોય છે.

ચેતના

જ્ઞાન | દર્શનાત્મક

સામાન્ય જ્ઞાન, અથવા નિરાકાર જ્ઞાન તેજ દર્શન છે. અને એ જ જ્યારે વિશેષ બને છે, સાકાર બને છે ત્યારે જ્ઞાન કહેવાય છે. જ્ઞાન+દર્શનાત્મક આત્માનો ઉપયોગ હોય છે.

## જોવાની ગજબ શક્તિ

યુરીગેલર નામની વ્યક્તિએ વૈજ્ઞાનિકોની હાજરીમાં ૧૫ ફૂટ દૂર પડેલું ટેબલ હાથ ન લગાડતાં ખસેડી દીધું.

બીજી વખત—સ્ટીલના ચમચાને દૂરથી જોઈને જ તોડી નાંખ્યો.

ફરી એકવાર—મજબૂત ચાવીને પણ નજરથી જોવા માત્રથી વાળી નાંખી.

યુરીગેલરની આંખમાં કોઈ જાદુ નથી-તો એવી તો કઈ શક્તિ છે કે જોવા માત્રથી વસ્તુને ખસેડી શકે છે, તોડી શકે છે....

પૂર્વે ત્રાટકમુદ્રાના પ્રયોગોથી આશ્ચર્યજનક પરિણામો આવેલાના પ્રસંગો સાંભળ્યા છે.

શું પરમાત્માના દર્શન વખતે આવી એકાગ્રતા આવે છે ખરી?

## પરમાત્મદર્શન વખતે ભાવના :

अद्याभवत् सफलता नयनद्वयस्य,
देव! त्वदीय चरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलकं प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलूकप्रमाणम् ॥

—હે ભગવાન! આપના ચરણકમલનાં દર્શન થવાથી આજે મારા બંને નેત્રો સફલ થઈ ગયા છે. હે પ્રભુ! આજે તારા દર્શનથી ત્રણે લોક, સંસારરૂપ સમુદ્ર મને ચુલ્લુ પ્રમાણ લાગે છે.

## દર્શન

दृशं=પ્રેક્ષણે ધાતુથી દર્શન શબ્દ બન્યો.
દર્શન=એટલે જોવું To See.
દર્શન=દર્શનશાસ્ત્ર
દર્શન=તત્ત્વજ્ઞાન. Philosophy.
દર્શન=દૃશ્ય. Vision.
દર્શન=પરમાત્મદર્શન.

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं दर्शनं मोक्षसाधनम् ॥

દેવાધિદેવ પરમાત્માના દર્શન ત્રણે હેતુસાધક છે.
(૧) દર્શનથી પાપનો નાશ થાય છે. (૨) દર્શન સ્વર્ગના સોપાન સ્વરૂપે છે, (૩) દર્શનથી મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે.

## દેડકો દેવ બને છે

શ્રેણિક મહારાજા વાજતે-ગાજતે પરમાત્મા મહાવીરના દર્શનાર્થે સમવસરણે જઈ રહ્યા છે. રસ્તામાં એક દેડકો તલાવેથી નીકળીને વરઘોડા સાથે ચાલ્યો...દર્શનની ભાવના જાગી. પરન્તુ ક્યાંય ઘોડાના પગ નીચે આવીને કચડાઈ ન જાય માટે સૈનિકોએ ફરીથી લઈ જઈ તલાવે મૂકી દીધો, પણ દેડકો પાછો આવ્યો. બીજી વાર ફરી સૈનિકો પાછા મૂકી આવ્યા. પરન્તુ દર્શનની ભાવના,

ઇચ્છા તીવ્ર....દેડકો ફરીથી આવ્યો...વરઘોડા સાથે ચાલવા લાગ્યો. પણ કમનસીબ! બિચારો ઘોડાના પગ નીચે આવી ગયો. કચડાતા તુરત મૃત્યુ પામ્યો....અને દેવગતિ પામ્યો.

"**दर्शनं स्वर्गसोपानम्**"—દર્શનની ભાવનાથી સ્વર્ગના સોપાન ચઢી ગયો અને દુર્દશંક દેવ બન્યો. શ્રેણિક મહારાજા સમવસરણે પહોંચ્યા ત્યાં તો દેવ દુર્દશંક પણ પ્રભુ દર્શને આવ્યો.

## પ્રભુ દર્શન કેવી રીતે કરીએ?

સ્વામીગુણ ઓળખી...સ્વામીને જે ભજે,
દરિશન શુદ્ધતા તેહ પામે..।
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીતી વસે મુક્તિ ધામે...॥

દેવચંદ્રજી મહારાજ જણાવે છે કે સ્વામી–પ્રભુના ગુણોને ઓળખીને. નજર સામે લાવતા લાવતા જો પ્રભુનાં દર્શન કરવામાં આવે તો જ તે દર્શનની શુદ્ધિ પામે છે. અને જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય એવા આત્મગુણોને ઉલ્લાસથી પામી કર્મોને જીતીને મોક્ષમાં જઈને વસે છે તો જ "**दर्शनं मोक्षसाधनम्**" સાચું ઠરે.

પરંતુ આ દર્શન શુદ્ધ ભાવથી. ભાવની એકાગ્રતાથી થવા જોઈએ. દર્શન તો ઘણી વાર કરીએ છીએ પરંતુ દર્શનનો અનેરો આનંદ તો કોઈક જ વાર આવે છે.

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।**
**जातोऽस्मि तेन जनबांधव! दुःखपात्रं,**
**यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥**

કલ્યાણમંદિરમાં પૂજ્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ જણાવે છે કે હે ભગવંત! આપને સાંભળ્યા છે, પૂજ્યા છે અને આપનાં દર્શન પણ કર્યાં છે...પરંતુ ખરેખર પ્રભુભક્તિ દિલમાં

ધારી નહીં. જેથી કરીને ભાવશૂન્ય ક્રિયા ફલીભૂત નથી થતી. તેથી હે જનબાંધવ ! હું દુ:ખને પાત્ર બન્યો છું.

**દર્શનની ભાવનાની અજબ શક્તિ**

* ગુરુદેવનું પ્રવચન સાંભળી આજ્ઞાનુસાર મયણા શ્રીપાલને સાથે લઈ બાજુમાં યુગાદિદેવના દર્શનાર્થે જિનચૈત્યમાં જાય છે. ખૂબ જ ભાવથી આનંદ-ઉત્સાહથી પ્રભુનાં દર્શન કરે છે. ગુણગર્ભિત સ્તુતિ કરે છે...દર્શન કરતાં જ પ્રભુના કંઠમાં રહેલી માલા અને હાથમાં રહેલું બીજોરું ઊછળે છે. અને શ્રીપાલ ગ્રહણ કરે છે. પરમાત્માના દર્શનનો આ ચમત્કાર કહો કે જે કહો તે પરંતુ... સાચાં દર્શન ફળ્યાં...

* મહિના દિવસ બંધ દહેરાસરના દર્શને શ્રીપાલ રાજા આવે છે. અને દરવાજાની બહાર જ ઊભા ઊભા સ્તુતિ કરે છે...અને જોતજોતામાં દરવાજા ખૂલી જાય છે...આકાશવાણી સાચી પડે છે આ હતી દર્શનશક્તિ કે જોતાની સાથે જ દરવાજા ખૂલતા હતા તો પછી યુરીગેલર જોવા માત્રથી ચમચો કે આવી તોડે એમાં શું નવાઈ!

* ઉદયરત્નજી મહારાજ સંઘ સાથે શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રાએ આવ્યા છે... ઠાકરો દરવાજા બંધ કરી દે છે. નથી ખોલતા. મહારાજ અને આખો સંઘ દરવાજા બહાર બેસી જાય છે... અને સ્તવના કરવા લાગ્યા...

પાસ શંખેશ્વરા સાર કર સેવકા...
દેવકા એવડી વાર લાગે....
કોડી કર જોડી દરબાર આગે ખડા...
ઠાકુરા ચાકુરા માન માંગે...હે પાસ શંખેશ્વરા....

—હે પ્રભુ! શું કરવું? તારાં દર્શન કરવા છે પરંતુ શું થાય? આ ઠાકરો માન માંગે છે. (એ વખતે ઠાકરો માંગતા હતા...અને આપનારને જ દર્શન કરાવતા હતા)... હે પ્રભુ! સંઘ તારા દરબાર આગળ હાથ જોડીને ઊભો છે...અને દર્શન કર્યા વગર પાછો નહીં

ફરે... હે દેવ! દર્શન આપવામાં તું આટલી વાર કેમ લગાડે છે? ...બસ, પછી તો પૂછવું જ શું.. દ્વાર ખૂલ્યાં અને સંઘે દર્શન કર્યાં. આનંદઘનજી મહારાજજી ફરમાવે છે કે—

દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.

હે પ્રભુ! આપના દર્શન દર્શન એમ હું રટતો રટતો જંગલના રોઝની જેમ અહીંથી ત્યાં, ત્યાંથી અહીં ફર્યા જ કરું છું. પરન્તુ જેને અમૃત પીવાની ઇચ્છા હોય તેને વિષપાનથી શું વળે? ખરેખર દર્શનની ઝંખના છે.

તરસન આવે હો મરણજીવનતણી, સીઝે જો દરિસણ કાજ।
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ ॥

હે અભિનંદન પ્રભુ! જનમ-મરણની આ તરસ શી રીતે છિપાય? જો દર્શનનું કાર્ય સીઝે તો જ આ તરસ છિપાય. પણ હે પ્રભુ! તારા દર્શન તો ઘણાં દુર્લભ છે. આ દુર્લભ તારાં દર્શન સુલભ તો ત્યારે જ થાય.. જો આનન્દઘન-અનન્ત આનન્દના સમૂહરૂપ અભિનંદન પ્રભુ મહારાજ રીઝે તો....પ્રભુ રીઝે તો દુર્લભ દર્શન પણ સુલભ થઈ જાય.

## નિર્જરા માટે જ્ઞાનની આરાધના

બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ।
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥

અજ્ઞાનથી જે કર્મો કરોડો વર્ષે પણ ન ખપે તે કર્મો જ્ઞાની આત્મા શ્વાસોચ્છ્વાસમાં ખપાવી શકે છે. એટલા માટે કર્મનિર્જરા માટે જ્ઞાનદશા મહાન ઉપયોગી છે.

"**अन्नाणं खु महाभयं**" અજ્ઞાન એ જ મહાભયંકર ભય છે. અજ્ઞાન જ બધા પાપનું મૂળ છે... માટે જ્ઞાનદશા એ જ આવશ્યક છે. જ્ઞાનની આરાધનાથી જ જ્ઞાનાવરણીય કર્મ ખપે છે. એટલા માટે જ નિર્જરાના બાર ભેદમાં અભ્યંતર તપમાં ચોથા સ્થાને

સ્વાધ્યાય મૂકયો છે.

સ્વ+અધ્યાય=સ્વાધ્યાય. સ્વ=આત્મા, અધ્યયન=અભ્યાસ. જ્યાં પોતાનો જ વિચાર–અભ્યાસ કરવાનો છે તે સ્વાધ્યાય. આ સ્વાધ્યાયને અભ્યંતર તપમાં ગણ્યો છે. એનાથી નિર્જરા થાય છે. કર્તવ્યમાં સ્વાધ્યાય પણ એક મહત્ત્વનું કર્તવ્ય છે

| સ્વાધ્યાય | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વાચના | પૃચ્છના | અનુપ્રેક્ષા | પરાવર્તનો | ધર્મકથા |

(૧) નવો પાઠ લેવો તે- **વાચના.**

(૨) થયેલી શંકાઓના સમાધાનાર્થે પ્રશ્ન પૂછવો તે—**પૃચ્છના.**

(૩) પાઠનું ચિંતન કરવું તે—**અનુપ્રેક્ષા.**

(૪) થયેલા પાઠનું પુનરાવર્તન કરવું તે—**પરાવર્તના.**

(૫) દાખલા, ઉદાહરણો, ચરિત્ર કે કથાઓથી સમજાવવું તે—
**ધર્મકથા.**

## બાર ઘડીના બાર વર્ષ થયા

પાટલીપુરમાં બે ભાઈઓએ દીક્ષા લીધી. એક ભાઈએ બુદ્ધિના ક્ષયોપશમ અનુસારે ખૂબ સારો અભ્યાસ કર્યો બહુશ્રુત ગીતાર્થ થયા. અને ૫૦૦ શિષ્યોના સ્વામી બન્યા. બીજા ભાઈ મંદ બુદ્ધિના કારણે ન ભણી શકયા. પ્રમાદી હોવાથી ગોચરી–પાણી કરી આરામ કરતા... મોટાભાઈ આચાર્ય બન્યા.

બહુશ્રુત સૂરિજી ૫૦૦ શિષ્યોને વાચના આપતા–શિખવાડતા, સમજાવતા. તેમની સમજાવવાની કલા ગજબની હતી. શિષ્યોને તરત બોધ થતો, સમજાઈ જતું એટલે વારંવાર શિષ્યો પૂછવા જતા. એથી આચાર્યમહારાજને રાત્રે પણ નિદ્રાનો સમય મળતો નહીં. આ કારણે કંટાળેલા આચાર્યશ્રીને વિચાર આવ્યો કે અરે... મારા ભાઈ તો કેવા મસ્ત છે. કેવી મજા, કેવા નિરાંતે ખાઈ–પીને

ઊંઘે છે જુઓ એમને કોઈ સતાવે છે....? અરે હું ભણ્યો છું એટલે સહુ મને જ હેરાન કરે છે. નથી તો નિરાંતે ખવાતું-પીવાતું કે નથી તો ઊંઘાતું. અરે! મને ધિક્કાર છે કે હું ક્યાં ભણ્યો...! એક ક્ષણ પણ મુક્ત નથી....અને મારા ભાઈને ધન્ય છે જે નિરાંતે ઊંઘી તો શકે છે! કેવી મજા! એમ વિચાર કરતા કરતા.... "**मूर्खत्वं हि सखे ममापि रुचितं...**" એવા એક શ્લોકનો વિચાર કરે છે. બસ, હવે આ ક્લેશને હું ત્યજી દઉં. બસ, આવેલા વિચારને અમલમાં મૂકવાની જ તક શોધતા હતા.

અને એક દિવસ સવારે ઉપાશ્રયમાંથી નીકળી બહાર ગયા. દૂર જુએ છે. એક થાંભલો છે. અને ઘણા લોકો ભેગા થયા છે. ગામના માણસો ભેગા થઈને વસંતોત્સવ મનાવી રહ્યા છે ફળ, નૈવેદ્ય, વગેરે થાંભલા આગળ ધરી, ગોળ ફરતા નાચતા જાય છે. સંગીત ચાલી રહ્યું છે. સૂરિ મહારાજ તો જોતા જ રહી ગયા. મજા પડી...

બસ, કલાકો પછી મહોત્સવ પૂરો થયો. લોકો ચાલ્યા ગયા. એક કાગડો એ થાંભલા ઉપર આવીને બેઠો. ઉપરથી ચરક્યો. આ જોઈ આચાર્ય મહારાજે વિચાર કર્યો. અરે! થોડી વાર પહેલાં આ થાંભલાની પણ કેટલી કિંમત હતી. લોકો પૂજતા હતા. અને એની શોભા હતી. અને હવે...આના ઉપર કાગડો....ખરેખર! લોકોથી ઘેરાયેલો હોય ત્યારે જ એની શોભા હતી. એકલાની શું કિંમત? બસ, પ્રસન્નચંદ્રરાજર્ષિની જેમ મન પાછું વાળ્યું.. અરે! મારી એકલાની શું કિંમત? બધા શિષ્યો હતા એટલે જ હું આચાર્ય કહેવાતો હતો. અત્યારે મને એકલાને કોણ પૂછશે...એમ પશ્ચાતાપનો વિચાર કરી પાછા ઉપાશ્રયે આવી ગયા. આરાધનામાં પૂર્વવત્ જીવન પસાર કર્યું. નિર્મળ ચારિત્ર પાળી સ્વર્ગે ગયા.

સ્વર્ગથી ચ્યવી એક રબારીના પુત્ર તરીકે જનમ્યા. યુવા-

વસ્થામાં વૈરાગ્ય પામી ગુરુભગવંત પાસે દીક્ષા લીધી. અનુક્રમે આવશ્યક વગેરેનો સૂત્રાભ્યાસ કરવા માંડ્યા...એમ કરતા ઉત્તરાધ્યયન સૂત્ર ભણવાનું શરૂ કર્યું...જ્યાં સુધી ગતભવનું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં નહોતું આવ્યું ત્યાં સુધી તો પાઠ ચાલ્યો પરંતુ પૂર્વજન્મનું એ જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવતાં હવે પાઠ થતો નથી, ગાથા ચઢતી નથી. તીવ્ર જ્ઞાનાવરણીય કર્મના ઉદયે જ્ઞાન ચઢે નહીં.

ગુરુમહારાજે કહ્યું કે શિષ્ય, તમે આ કર્મને ખપાવવા માટે આયંબિલનો તપ કરો... અને સાથે સાથે "**मा रुष मा तुष** કોઈના ઉપર રોષ ન કરવો, અને કોઈના ઉપર તોષ ન કરવો" આટલો પાઠ ગોખતા રહેજો. જ્યાં સુધી પાઠ ન ચઢે ત્યાંસુધી ગોખવાનું અને આયંબિલનો તપ એમ બંને ચાલુ રાખો.. આપણે જાણીએ છીએ કે ૧૨ વર્ષ સુધી "**मा रुष અને मा तुष**" ના બદલે "**माष तुष**" ગોખતા જ રહ્યા...કેટલો જબરદસ્ત ઉદય જ્ઞાનાવરણીય કર્મનો... એક લીટી પણ નથી ચઢતી તેમાંથી પણ અક્ષરો ખવાઈ ગયા...છતાં પણ શ્રદ્ધા ગજબની હતી. બાર વરસ સુધી ધીરજથી ગોખતા ગયા. અને આયંબિલ તપ પણ કરતા ગયા. અને અંતે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

## દર્શનાવરણીય કર્મ

આત્માનો બીજો ગુણ અનંતદર્શન છે. અનંતદર્શન વડે આત્મા બધું જોઈ શકે. આ ગુણ ઉપર આવતા આવરણને દર્શનાવરણીય કર્મ કહેવાય છે. આ કર્મ પ્રતિહારી એટલે દ્વારપાલ Watch Man જેવું છે. જે પ્રતિહારી રાજાને જોવા–મળવા જતા માણસને દરવાજા ઉપર જ રોકી દે. અને પરિણામે પેલો માણસ રાજાને જોઈ–મળી ન શકે. તેજ પ્રમાણે આ દર્શનાવરણીય કર્મ પણ પ્રતિહારી જેવું જ કામ કરે છે.
આત્માની જોવાની શક્તિ ઉપર આવરણ ઊભું કરે છે.

## દર્શનાવરણીય કર્મ

| દર્શનચતુષ્ક | નિદ્રાપંચક |
|---|---|
| ૧. ચક્ષુદર્શન | ૧. નિદ્રા |
| ૨. અચક્ષુદર્શન | ૨. નિદ્રાનિદ્રા |
| ૩. અવધિદર્શન | ૩. પ્રચલા |
| ૪. કેવલદર્શન | ૪. પ્રચલાપ્રચલા |
| | ૫. થીણદ્ધી |

જેમ ઘટાટોપ કાળા ભમ્મર વાદળાંઓ ખૂબ ઘેરાઈ ગયાં હોય ત્યારે સૂર્યનો પ્રકાશ નીચે નથી આવી શકતો-હોવા છતાં નીચે નથી દેખાતો. પરિણામ સ્વરૂપે આપણે ' અંધારું થઈ ગયું. ધોળા દિવસે પણ અંધારું '... આ વ્યવહાર કરીએ છીએ. બસ, દર્શનાવરણીય કર્મના ઉદયે આવું જ બને છે. દર્શનશક્તિ આત્માની ગજબની હોવા છતાં પણ આત્મા જોઈ શકતો નથી. તેના ઉપર આવરણ જામી જાય છે. તે જ આવરણ દર્શનાવરણીય કર્મ નામે ઓળખાય છે.

### દર્શન ચતુષ્ક અને તેનાં ૪ આવરણો

| | |
|---|---|
| ૧. ચક્ષુદર્શન— | ૧. ચક્ષુદર્શનાવરણીય કર્મ |
| ૨. અચક્ષુદર્શન— | ૨. અચક્ષુદર્શનાવરણીય કર્મ |
| ૩. અવધિદર્શન— | ૩. અવધિદર્શનાવરણીય કર્મ |
| ૪. કેવલદર્શન— | ૪. કેવલદર્શનાવરણીય કર્મ |

### ૧. ચક્ષુદર્શન-ચક્ષુદર્શનાવરણીય કર્મ

આંખ વડે પદાર્થોના સામાન્ય ધર્મને જ્યારે જોવાય છે તે ચક્ષુદર્શન કહેવાય છે. અને તેને રોકનાર કર્મ તે ચક્ષુદર્શનાવરણીય કર્મ.

સુંદર આંખ, નીરોગી તેજસ્વી નેત્રો છતાં તેના ઉપર ચક્ષુ-દર્શનાવરણીય કર્મના ઉદયના વિવિધ કારણે-ઓછું દેખાય, ઝાંખું દેખાય. દૂરનું ન દેખાય, નજીકનું દેખાય, ચશ્મા લગાવવા પડે. મોતીયો, ઝમરો, અંધત્વ, રતાંધળા, રાત્રે અંધ, દિવસે અંધ, જન્માંધ વગેરે. એના ઉદયે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયને આંખો હોતી નથી.

દર્શનાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે,
નમો રે નમો દર્શનદાયકને...

—આ પ્રમાણે શ્રી શુભવીર મહારાજજી જણાવે છે કે આ દર્શનાવરણને ટાળવા માટે દર્શનદાયક એવા શ્રી અરિહંત ભગવંતને અભિષેકાદિથી પૂજવા જોઈએ.

## ૨. અચક્ષુદર્શનાવરણીય કર્મ

| | | | |
|---|---|---|---|
| સ્પર્શેન્દ્રિય અચક્ષુ દ. | રસનેન્દ્રિય અચક્ષુ દ. | ઘ્રાણેન્દ્રિય અચક્ષુ દ. | શ્રોત્રેન્દ્રિય અચક્ષુ દ. |

અચક્ષુ અટલે=આંખને છોડી શેષ ચાર ઇન્દ્રિયો-સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને શ્રોત્રેન્દ્રિય વડે જે પદાર્થનો સામાન્ય ધર્મ પ્રતિભાસિત થાય છે તે અચક્ષુદર્શન.

(૧) સ્પર્શેન્દ્રિય વડે વસ્તુ સામાન્ય રીતે ઠંડી કે ગરમ, સુંવાળી, કે ખરબચડી, ભારી કે હલકી વગેરે સ્પર્શનો બોધ થાય. તેના આવરણીયકર્મ સ્પર્શેન્દ્રિય અચક્ષુદર્શનાવરણીયકર્મના કારણે તેટલું પણ જ્ઞાન સ્પર્શથી નથી થતું.

(૨) રસનેન્દ્રિય અચક્ષુદર્શન. રસના=જીભ. જીભવડે ખારું, મીઠું, કડવું, તીખું, ગળ્યું, તૂરું વગેરે રસનો સામાન્ય બોધ થાય છે. અને તેના આવરણીય રસનેન્દ્રિય અચક્ષુદર્શનાવરણીય વડે તેટલી પણ સ્વાદ-રસની ખબર ન પડે.

(૩) ઘ્રાણેન્દ્રિય અચક્ષુદર્શન. ઘ્રાણ=નાક. નાક વડે સુગંધ-દુર્ગંધનો સામાન્યપણે બોધ થાય છે. અને તેના આવરણીય કર્મ ઘ્રાણેન્દ્રિય અચક્ષુદર્શનાવરણીય કર્મ વડે સુગંધ, દુર્ગંધની તેટલી પણ ખબર ન પડે.

(૪) શ્રોત્રેન્દ્રિય અચક્ષુદર્શન. શ્રોત્ર=કાન. શ્રવણ કરવું, શબ્દાદિક સાંભળવા તે આ દર્શન વડે થાય છે. અને તેના આવરણીય કર્મ વડે તેટલો પણ ધ્વનિ શ્રોત્ર વડે સ્પષ્ટ ન સંભળાય. તે શ્રોત્રેન્દ્રિય અચક્ષુદર્શનાવરણીય કર્મ.

## અવધિજ્ઞાન-અવધિદર્શન

ઇન્દ્રિય અને મનની મદદ વિના જ આત્માને જે રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ જે થાય છે તે અવધિદર્શન. અને તેટલું પણ ન થવા દેનાર તે અવધિદર્શનાવરણીય કર્મ.

પ્રભુ મહાવીરના ઉપાસક આનંદ શ્રાવકને અવધિજ્ઞાન-દર્શન થયું. ગૌતમગણધર પ્રભુ પધાર્યા. આનંદે ગૌતમસ્વામીના ચરણ-સ્પર્શ કર્યા. હે પ્રભુ! મને આવા પ્રકારનું અવધિજ્ઞાન થયું છે... આટલે સુધી સ્પષ્ટ દેખાય છે... આ પ્રમાણે નિવેદન કર્યું.

ગૌતમસ્વામી—આનંદ! શ્રાવકને આટલું અવધિજ્ઞાન ન થાય. મૃષાવચનનું 'મિચ્છા મિ દુક્કડં' આપી દો.

આનંદ—હે પ્રભુ! પરમાત્માના શાસનમાં શું સત્ય વચન માટે પણ 'મિચ્છા મિ દુક્કડં' આપવું પડે છે?

ગૌતમસ્વામી—ના, આનંદ! અસત્ય વચન માટે.

આનંદ—હે પ્રભુ! તો પછી 'મિચ્છા મિ દુક્કડં' મારે દેવાનું કે આપને?

ગૌતમસ્વામી—આનંદ! હું જઈને પ્રભુ મહાવીરને પૂછી આવું છું. (ભગવાન મહાવીર પાસે જઈ સમવસરણમાં પ્રભુને

વંદન કરી પૂછે છેઃ હે ભગવાન ! 'મિચ્છા મિ દુક્કડ'
મારે આપવાનું કે આનંદને ?

ભગવાન—ગૌતમ ! જાઓ જલદી 'મિચ્છા મિ દુક્કડ' આપી આવો.

ભરબપોરે ગોચરી બાજુમાં મૂકી ધૂમ તાપમાં તરત ક્ષમાપનાર્થે 'મિચ્છા મિ દુક્કડ' આપવા આવ્યા.

ગૌતમસ્વામી—હે આનંદ ! 'મિચ્છા મિ દુક્કડં.' ભૂલ મારી છે.

આનંદ શ્રાવકને પણ અવધિજ્ઞાન-દર્શન થયું હતું. આ અવધિદર્શનથી દૂર રહેલા પદાર્થો પણ અમુક અવધિ સુધીના જોઈ શકાય, અને અવધિજ્ઞાનથી જાણી શકાય.

અનન્ત લોકા-અલોકાકાશ
સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



## કેવલદર્શન

કેવલજ્ઞાનના જેવું જ કેવલદર્શન પણ છે. ફક્ત જાણવાના બદલે જોવાય છે. વિશેષના બદલે સામાન્ય બોધ છે, આટલો ફરક. કેવલજ્ઞાનની સાથે સાથે જ કેવલદર્શન પણ થાય છે. એક જાણવાના સ્વભાવવાળું છે અને બીજું જોવાના સ્વભાવવાળું છે.

અનંત લોકાલોકાકાશના અનંત દ્રવ્ય–પદાર્થો હસ્તામલકવત્ ત્રિકાલાબાધિત રીતે એકી સાથે દેખાય છે. જોવાય છે, સામાન્ય અવબોધ થાય છે તે કેવલદર્શન અને સમસ્ત પદાર્થોનો એકી સાથે જે સામાન્ય અવબોધ પણ ન થાય તે કેવલદર્શનાવરણીય કર્મ.

## કુરગડુ મુનિને કેવલજ્ઞાન–કેવલદર્શન

ચાર મુનિઓ સુંદર માસક્ષમણની તપશ્ચર્યા કરતા હતા. પરંતુ કુરગડુ મુનિ તપશ્ચર્યા કરી શકતા નહોતા. નિત્ય નવકારશી કરતા. પર્વતિથિએ પણ તેમનાથી રહેવાતું નહોતું. ઉપવાસ તો થઈ શકે તેમ જ નહોતું. ગોચરી લઈને આવ્યા. વડીલ મુનિઓને ગોચરી–આહાર દેખાડે છે.

તપસ્વી મુનિઓ થોડા ખિજાય છે. બોલે પણ છે. અરે કુરગડુ! તું તો રોજ ખા–ખા જ કર્યા કરે છે. એક દિવસ પણ ખાધા વગર ચાલતું નથી. શું વાત છે!

કુરગડુ—મનમાં અફસોસ કરે છે....અરેરે હું કેવો કમનસીબ છું... અરે મારી આ કેવી અવદશા. હું કેમ તપ નથી કરી શકતો? મનમાં જરૂર પશ્ચાતાપ કરે છે પરંતુ નથી રહેવાતું એટલે પાછા જઈ ગોચરી લઈ આવે છે. આહાર–ગોચરી માસક્ષમણના તપસ્વીઓને દેખાડે છે. માસક્ષમણના તપસ્વી મુનિઓ જોતાની સાથે જ થોડા ગરમ થયા. બોલ્યા....ખૂબ બોલ્યા .. અને...' એય અનાજના કીડા...! ખા...લે ખા...' એમ કહી ગોચરીમાં થૂક્યા. છતાં પણ કુરગડુ મુનિ તો શાંત, સમતામાં જ રહ્યા....“ તપ કરીએ સમતા રાખી ઘટમાં ”...બસ, મારાથી તપ નથી થતું તો સમતા તો રાખું....

બસ, ગોચરી લઈ જઈ એક બાજુ આહાર કરવા બેસી જાય છે. મનમાં પારાવાર દુઃખ છે. પોતા ઉપર જ ફિટકાર છે. આહારની વૃત્તિ ઉપર ધિક્કાર છે. પશ્ચાતાપની ધારામાં તપસ્વી મહામુનિઓની અનુમોદનાના વિચારમાં ચઢ્યા....અધ્યવસાયની પવિત્ર ધારામાં... કર્મોના ભુક્કા બોલાવા માંડ્યા...ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ. અને મુનિઓનો થૂંકેલો જ આહાર પહેલા કોળીયામાં લે છે...મોઢામાં મૂકે છે...અને ઉતારતા ઉતારતા પવિત્ર–શુકલધ્યાનની ધારામાં ચઢતા કેવલજ્ઞાન–દર્શન પામ્યા. અનંતજ્ઞાની થયા.

* **ઈલાયચીકુમાર**—દોરડા ઉપર નાચતા નાચતા... અચાનક એક ઘરની બારીમાં નજર પડી. જુએ છે. અહો આશ્ચર્ય ! યુવાન સ્ત્રી વહોરાવે છે, એકાંત છે...ઉત્તમ આહાર છે. છતાં પણ ધન્ય છે મુનિ મહાત્મા ના પાડે છે, ઊંચી નજર કરીને પણ નથી જોતા. બસ, વિચારોની પવિત્ર ધારા શરૂ થઈ ગઈ. નટડીનો મોહ ઊતરવા માંડ્યો....અંતર પશ્ચાતાપની ધારામાં ચઢી ગયું...જોતજોતામાં તો દોરડા ઉપર જ કેવલજ્ઞાન–કેવલદર્શન પામી ગયા....એક નટીની પાછળ પાગલ બનેલા ઈલાયચી અનંતજ્ઞાની મહાત્મા બની ગયા...

* **અઇમુત્તા મુનિ**—બાલ વયના નાના મુનિએ બધા છોકરાઓની કાગળની હોડી પાણીમાં તરતી જોઈને–બાલસુલભ સ્વભાવથી તરપણી પાણીમાં તરવા મૂકી દીધી....તરતી જોઈને નાચે છે. હસે છે. રાજી થયા.... પરમાત્મા પાસે આવ્યા....પ્રભુએ જાગ્રત કર્યા....પાપની ક્ષમાપના કરવા તૈયાર થયા. ઇરિયાવહીની પ્રક્રિયા શરૂ થઈ... "પણગ...દગ....મટ્ટી.. મક્કડા..." બસ... બોલતા બોલતા તો પાપના પારાવાર પ્રાયશ્ચિતમાં...ચઢ્યા.... શુકલધ્યાન શરૂ થયું. ક્ષપકશ્રેણી મંડાઈ ગઈ....અને ઇરિયાવહી પ્રતિક્રમતા તો કેવલજ્ઞાન પામી ગયા...ધન્ય ધન્ય .. અતિમુક્તક મુનિ.... બાલમુનિ એ કેવલી મુનિ બન્યા...

* **વર્તમાન શિક્ષણ પદ્ધતિ**—મેકાલેએ આ દેશ ઉપર જે શિક્ષણ પદ્ધતિ લાદી છે.... તે પદ્ધતિ કેટલા દોષોથી ભરેલી છે...તે દોષો જગજાહેર છે. પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના અંધ અનુકરણ પાછળ ગાંડી થયેલી ભારતીય પ્રજાને એ જ ગમે છે. સહશિક્ષણ અને જાતીય શિક્ષણે વિદ્યાર્થીજીવનનું અધઃપતન કર્યું છે.

ભારતદેશ આઝાદ તો થયો–આઝાદીને આજે ત્રીસ ત્રીસ વરસનાં વ્હાણાં વીતી ગયાં છતાં દેશ શિક્ષણપદ્ધતિનું માળખું નથી સુધારી શક્યું. આશ્ચર્ય છે. અને આજે પણ આઝાદ દેશ બૌદ્ધિક રીતે બીજાનો ગુલામ જ રહ્યો છે. આ મેકાલેની શિક્ષણ-પદ્ધતિનું માળખું નથી તો સંસ્કારપ્રધાન કે નથી તો ધર્મપ્રધાન; માત્ર અર્થપ્રધાન જ રહ્યું છે.

એટલે જ સંસ્કૃત વગેરે ભાષાઓ હવે વિસર્જનના આરે બેઠી છે. માંડ જીવે છે...જ્યાં સંસ્કૃત જેવી ભાષા નષ્ટ થવા બેઠી છે તો સંસ્કૃતિ તો કેવી રીતે ટકશે ? સંસ્કૃતિ માટે પણ શિક્ષણની પૂરી આવશ્યકતા છે. પણ કેવું શિક્ષણ ?

વર્તમાન વિદ્યાર્થી આલમ ઉપર નજર નાંખીએ છીએ તો જીવનમાં નીતિ–નિયમ, માન–મર્યાદા, વિનય–વિવેક, સભ્યતા–સૌમ્યતા વગેરે કંઈ દેખાતું જ નથી......શું આ છે શિક્ષણનું પરિણામ ? એકલી આર્થિક ભૂખ ભાંગનારા આ શિક્ષણને પામેલા પણ લાખોની સંખ્યામાં બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે–સુશિક્ષિતોની બેકારી...? દેશ માટે મોટી સમસ્યા છે.

□ □ □

**सुहपडिबोहा[१] निद्दा, निद्दानिद्दाय[२] दुक्खपडिबोहा ।**
**पयला[३] ठिओवविट्ठुस्स, पयलपयला[४] उ चंकमओ ॥**

## નિદ્રા પંચક

નિદ્રા | નિદ્રાનિદ્રા | પ્રચલા | પ્રચલાપ્રચલા | થીણુદ્ધી

દર્શનાવરણીય કર્મની ૯ ઉત્તર પ્રકૃતિઓ છે. પ્રથમ વિભાગ દર્શન ચતુષ્કનો અને બીજો વિભાગ નિદ્રા પંચકનો છે. જૈન કર્મ-સાહિત્યમાં પાંચ પ્રકારની નિદ્રા-ઊંઘ કહી છે. તેનાં પાંચ નામો આ પ્રમાણે આપેલાં છે :

વ્યાખ્યા :

**(૧) નિદ્રા—सुहपडिबोहा निद्दा**— સુખે કરીને-સરલતાથી જાગી જવાય છે, એવી ઊંઘને નિદ્રા કહીએ છીએ. આવી નિદ્રા નિદ્રા-દર્શનાવરણીય કર્મના ઉદયે આવે છે.

**(૨) નિદ્રાનિદ્રા—"निद्दानिद्दा य दुक्खपडिबोहा"**—જેને ખૂબ બૂમ પાડવા છતાં, હાથ વગેરે હલાવવા છતાં, ઘણી મહેનતે મુશ્કેલીએ જાગે તે નિદ્રાનિદ્રા કહેવાય છે. આવી નિદ્રા આ નિદ્રાનિદ્રાદર્શનાવરણીય કર્મના ઉદયે આવે છે.

**(૩) પ્રચલા—"पयला ठिओवविट्ठुस्स"** — જેને ઊભા ઊભા, અથવા બેઠા બેઠા ઊંઘ આવતી હોય તેવી ઊંઘને "પ્રચલા" નામે ઓળખાય છે. જેના ઉદયે આવી ઊંઘ આવે તેને "પ્રચલા-દર્શનાવરણીય કર્મ" કહેવાય છે.

**(૪) પ્રચલાપ્રચલા—"पयलपयला य चंकमओ"**—ચાલતા-ફરતા જેને ઊંઘ આવતી હોય તેવી ઊંઘને "પ્રચલાપ્રચલા" કહેવાય છે. આવી ઊંઘ તેના આવરણીય કર્મ પ્રચલાપ્રચલા દર્શનાવરણીય કર્મના ઉદયે આવે છે.

**(૫) થીણુદ્ધી—"दिणचिंतिअत्थकरणी थीणद्धी"** — દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરવું તેને થીણુદ્ધી નિદ્રા તરીકે

ઓળખાય છે. એને "સ્ત્યાનર્દ્ધિ" અથવા "સ્ત્યાનગૃદ્ધિ" પણ કહેવાય છે. "**अद्धचक्कि-अद्धबला**"—એટલે આ ઊંઘમાં અર્ધચક્રી એટલે વાસુદેવના અર્ધા બળ જેટલું બળ હોય છે.

કુંભકર્ણની નિદ્રા વિષે સાંભળીએ છીએ. કેટલી ઘોર નિદ્રા.... કેટલા લાંબા કાળની નિદ્રા...ઘણું ઊંઘનાર ઊંઘણસી માટે પણ કુંભકર્ણ જેવી નિદ્રા કહેવાની પ્રથા પડી ગઈ છે.

**आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभिर्नराणाम्।**

આહાર, નિદ્રા, ભય અને મૈથુનસંજ્ઞા આ ૪ તો મનુષ્યો અને પશુઓ સર્વેમાં સામાન્યરૂપે પડેલી જ છે. તેમાંય આહાર અને નિદ્રાને તો નિકટનો સંબંધ છે.

કહેવાય છે કે—જેમ આહાર વધે તેમ તેમ ઊંઘ પણ વધે. આહારથી ઊંઘ વધે-અને ઊંઘથી આહાર વધે...બસ, એમ જ ચાલ્યા કરે છે....પરંતુ જો આહાર ઘટે તો ઊંઘ પણ ઘટે.. એટલે ઊંઘણસી વધુ ખાય છે. અને વધુ ખાનાર વધારે ઊંઘણસી હોય છે. આહાર અને ઊંઘ ઘટાડ્યા ઘટે, અને વધાર્યા વધે...

કૂતરા જેવી (શ્વાનનિદ્રા) અલ્પનિદ્રા હોવી જોઈએ. ઊંઘમાં તો કૂતરાના જેવી ઊંઘની જ પ્રશંસા થાય છે.

વધુ ઊંઘ પણ સારી નથી...ઘોર ખેંચવી એને કંઈ સારી ઊંઘ નથી કહેવાતી. જેટલી ઊંઘ વધારે એટલો દર્શનાવરણીય કર્મનો ઉદય વધારે....આ કર્મના કારણે ઊંઘ વધારે આવે છે.

ઊંઘમાં પણ કંઈજ જાણી કે જોઈ શકાતું નથી. આ નિદ્રા સર્વઘાતિ કર્મની પ્રકૃતિ છે-ઘણાની આંખો ઊંઘમાં પણ અર્ધી ખુલ્લી રહે છે...તો શું એમને બધું જ દેખાય છે? ના...આ કર્મના આવરણના કારણે નથી દેખાતું.

## પરમાત્મા મહાવીરપ્રભુની નિદ્રા

ત્રીશ વરસની યુવાનવયે મહાભિનિષ્ક્રમણના પંથે નીકળી

પડેલા પ્રભુ સતત ધ્યાન-કાયોત્સર્ગમાં જ રહે છે. પ્રભુને કેવલજ્ઞાન ન થયું ત્યાં સુધી તો ૧૨ાા સાડાબાર વરસનો ગાળો....ધ્યાન-સાધના-તપશ્ચર્યાનો ઉત્તમમાં ઉત્તમ ગણાય છે. સાધક એવા પ્રભુએ સાડાબાર વરસમાં નિદ્રા પણ માત્ર બે-ઘડી પૂરતી જ લીધી છે...બાકી તો પ્રભુ ધ્યાનમાં જ રહ્યા. સાડાબાર વરસમાં માત્ર બે ઘડી નિદ્રા અને ૩૪૯ દિવસ જ પારણાંના. બાકી બધા ઉપવાસમાં....ધન્યપ્રભુ...ધન્ય ધન્ય...."ભૂમિ ન ઠાયા હો જિનજી" ....પ્રભુ ભૂમિ ઉપર નિરાંતે બેઠા પણ નથી. સાડાબાર વરસના અંતે પ્રભુ કેવલજ્ઞાન-કેવલદર્શન પામ્યા. બસ બન્ને આવરણીય કર્મો ખપી ગયા પછી તો ઊંઘ લેવાની હોય જ નહિ.

**ઊંઘની ગોળીઓ** :—અમેરિકાની એક કોલેજિયન યુવતીએ એક સાથે ઘણી ઊંઘની ગોળીઓ ખાઈ લીધી...બસ, ઊંઘ ચઢી તે એવી ચઢી કે મહિનાઓ સુધી આંખ ખૂલે જ નહીં. બેભાન અવસ્થામાં બીજી બધી દેહની પ્રક્રિયા ચાલ્યા કરે....પણ ન જણાય કે ન જોવાય....કેવી નિદ્રા....! તબિયત વધુ કથળતી ગઈ... એ ઊંઘની ગોળીઓનું ઝેર વ્યાપતું ગયું. છેવટે હોસ્પિટલમાં માત્ર Oxygen ઉપર એના શ્વાસ ચાલે છે.. છ મહિનાના અંતે મા-બાપોએ આ ત્રાસમાંથી છોડાવવા મારવાની સલાહ આપી. ડોકટરોએ કહ્યું : 'ના, અમે તો જીવે ત્યાં સુધી જીવાડવા પ્રયત્ન કરીએ, મારવા નહીં.' કોર્ટમાં કેસ મંડાયો......છેવટે ન્યાયમૂર્તિ જજ પણ શું જવાબ આપે ?–ના, મરાય તો નહીં જ. પણ આ તે કેવી ઊંઘ......! હાથે કરી ઊંઘ લાવવા જતા....આવી હાલતમાં મુકાઈ ગયા.

મગજના જ્ઞાનતંતુઓ જો એકવાર Degenerate થવા માંડયા તો પછી ફરીથી કયારેય પણ Re-Generate નથી થઈ શકતા-છેવટે મૃત્યુને ભેટતાં જ આ રોગો ચાલ્યા જાય છે.

૧૮ વર્ષની એક કન્યાને માથું દુ:ખતું હતું. ડોકટરને

બતાવ્યુ. મેનેન્જાઈટીસ રોગનું નિદાન થયું...પછી ઓપરેશન કરી મગજનું પાણી કાઢી નંખાયું...પણ કોણ જાણે કેમ ધીમેધીમે એનું દેખાવાનું બંધ થઈ ગયું. છતી આંખે દેખાવાનું બંધ.... બસ, એક વર્ષના અંતે તો કાને સાંભળવાનું બંધ થઈ ગયું. બીજા વરસે તો ખાવું કેમ, તેનું પણ ભાન જવા માંડયું. ત્રીજા વરસે તો પથારીમાં પડખું પણ કેમ ફેરવવું, તેની પણ ખબર નથી પડતી....માત્ર શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા ચાલે છે. બાકી તો મૃતક-મડદાની જેમ શરીર પડ્યું છે.. ડોકટરોએ કહ્યું : 'ટયુબ અને નળી વડે બધું કરાવો'. ....બાકી આ રોગ હજી સુધી સુધર્યા નથી. છેલ્લે ચાર વર્ષ સુધી ભયંકર વેદના-યાતના ભોગવીને એ જીવે છૂટકારો લીધો....આ તો હજી હમણાં જ સાન્તાક્રુઝ-મુંબઈમાં બન્યું છે. આ હતું : Degeneration of Brain Memory Cell.

**જયન્તિ શ્રાવિકા :**

જયન્તિ શ્રાવિકાએ પરમાત્મા મહાવીરને પૂછયું—હે પ્રભુ ! કોનું ઊંઘવું સારું અને કોનું જાગવું સારું ?—

પરમાત્મા મહાવીરે કહ્યું : **जागरिया धम्मिणं अधम्मिणं तु सुत्तया सेया ।**

—ધર્મી આત્માઓનું જાગૃત રહેવું સારું છે, અને અધર્મી આત્માઓનું ઊંઘવું સારું છે. જો ચોર, ડાકુ વગેરે અધર્મી જાગતા રહેશે તો અનર્થ સર્જાશે. પરંતુ આજે કંઈક એવું જ દેખાય છે. ધર્મી ઊંઘે છે, પ્રમાદી છે. ત્યારે અધર્મી જાગતા હોય છે. એટલે જ ચોરી-લૂંટફાટ, ખૂન વગેરે વધતા જ જાય છે.

ખરેખર ! સાચું જ કહેવાયું છે કે—**जो सोवत है सो खोवत है,**
**जो जागत है, सो पावत है ।**

—જે ઊંઘે છે તે ખોવે છે અને જે જાગ્રત છે તે પામે છે.

બહુ ઊંઘ પણ નકામી છે–જેટલી ઊંઘ વધારે આવતી હોય. જેટલી ગાઢ ઊંઘ, જેટલી સારી ઊંઘ આવતી હોય તો સમજવું કે દર્શનાવરણીય કર્મનો ઉદય બહુ ભારે છે. "અલ્પનિદ્રા" યોગ્ય ગણાય છે. ઊંઘ બહુ લાવવા પ્રયત્ન કરવાની જરૂર નથી હવે તો ઊંઘ ઊડાડવાની જરૂર છે. અનાદિ કાળથી દરેક ભવમાં જીવ ઘણું ઊંઘ્યો...ઘણું થયું ઊંઘવાનું.

ઊંઘતાને જગાડવો સહેલો છે,

પણ જાગતાને શી રીતે જગાડવો?

જે જાગતો જ પથારીમાં પડ્યો છે. ઊંઘમાં નથી ..પણ ઊંઘના ડોળ કરે છે.... એ પ્રમાદ–આળસ.

મોડે સુધી ઊંઘતા જ રહેવું ઘણાં મોડા ઊઠે છે. મોડા ઊઠવાની પણ ફેશન પડી છે. શું મોડા ઊઠવામાં, મોડા આવવા-કે પહોંચવામાં શું મોટાઈ છે? ના, ....ઉપરથી આયુર્વેદ શાસ્ત્ર તો એમ કહે છે કે—

જો સૂર્યોદય પછી ઊંઘવામાં આવે તો આયુષ્ય-બળ ઘટે છે. સૂર્યોદય પછી જેટલું વધારે ઊંઘવામાં આવે છે તેટલો વહેલો મરે છે.. એટલા માટે તો પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્ત–સૂર્યોદય કરતાં પણ બે ઘડી પહેલાં ઊઠી પ્રભુના સ્મરણમાં, પ્રાર્થના, ધ્યાન, પ્રતિક્રમણમાં બેસતા હતા.. આ હતી આર્યસંસ્કૃતિ. પણ એના ઉપર વિકૃતિ આવી ગઈ. આ સભ્ય સમાજ મોડા ઊઠવા અને મોડા સૂવામાં સભ્યતા અને ફેશન ગણે છે....હાય રે દુર્દશા!

એના કરતાં વહેલા ઊઠનારા વધારે Punctual હોય છે. દરેક કામમાં સમયસર અચૂક પહોંચી શકે છે. જ્યારે મોડા ઊઠનારા બધે મોડા પડે છે. વહેલા ઊઠવાથી તંદુરસ્તી, જાગૃતિ અને વ્યવસ્થિતતા સારી રહે છે. કહ્યું છે કે—

"Early to rise and Early to Bed,
always healthy, wealthy and wise.

વહેલા સૂવે અને વહેલા ઊઠે તે વીર,
બળ-બુદ્ધિ ધન વધે ને સુખમાં રહે શરીર.

પરન્તુ બદલાતા યુગમાં આ કહેવત પણ બદલાઈ ગઈ છે અને વિપરીત અર્થને પામી ગઈ છે.

**થીણદ્ધી (સ્ત્યાનર્દ્ધી) નિદ્રા—**

એક શેઠના પુત્રવધૂને થીણદ્ધી નિદ્રાનો ઉદય હતો. આ નિદ્રા પુત્રવધૂને આવતી હતી. એક વખત આ નિદ્રામાં રાત્રે ભરઊંઘમાંથી પુત્રવધૂ ઊઠ્યાં અને કબાટ ખોલીને બધા દાગીના લઈને ઘરની બહાર નીકળ્યાં. દૂર એક ટેકરા ઉપર જઈ એક મોટી શિલા એકલાએ ખસેડીને નીચે થોડો ખાડો ખોદી ઘરેણાંના ડાબલાં નીચે સંતાડી ફરીથી એ મોટી શિલા પાછી ઉપર ઢાંકી દીધી અને ઘરે આવીને પાછા પથારીમાં સૂઈ ગયાં.

સવાર થઈ બધા ઊઠ્યા...સાંજે ઘરેણાં પહેરીને બહાર પ્રસંગમાં જવાનું હતું એટલે કબાટ ખોલ્યો.. ઘરેણાં ન દેખાતાં પુત્રવધૂ ચીસ પાડીને રડવા માંડ્યાં...અરે! મારા દાગીના કોણ લઈ ગયું? અરે રે.... કોઈ ચોર ચોરી ગયો લાગે છે. પતિને પૂછ્યું: 'શું તમે સંતાડ્યા છે? શું આવી મશ્કરી કરો છો?' પતિએ ના પાડી. ખૂબ રો-કકળ કરી. અને એમને એમ ટાઈમ પસાર થઈ ગયો. આ નિદ્રા છ મહિને ફરી આવે. પુત્રવધૂને છ મહિને આ નિદ્રા ફરીથી આવતાં પહેલાંની જ રીતે ઊંઘમાંથી ઊઠીને રાત્રે ગયાં. શિલા ખસેડી...અને ઘરેણાંના ડાબલા લઈ આવ્યા. કબાટમાં મુકીને સૂઈ ગયા...સવારે કબાટ ખોલ્યું ઘરેણાંના ડાબલા જોઈને પતિ ઉપર ખિજાયાં...'અરે! શું આવી મશ્કરી કરો છો. છ-છ મહિના સુધી આવી મશ્કરી?' પણ આ ઊંઘમાં કાર્ય કર્યાની પણ ખબર નથી પડતી.... એક વખતે કોઈ જ્ઞાની મુનિમહાત્મા પધાર્યા, તેમને પુત્રવધૂ વિષે શેઠે પૂછ્યું...ત્યાં તો મુનિમહાત્માએ કહ્યું-શેઠ!

તમારા પુત્રવધૂને આવી થીણદ્ધી નિદ્રા આવે છે-અને આ નિંદ્રામાં આ કાર્ય કરવામાં આવ્યું છે...આ હકીકત જાણી શેઠે પુત્રવધુને... પિયર મોકલાવી દીધી....

**जइ चउद्दसपुव्वधरो, वसइ निगोएसु णंतय कालं ।**
**निद्दापमायवसगो, ता होहिसि कहं तुमं जीव ॥**

સંબોધસિત્તરી ગ્રંથમાં જણાવે છે કે-જો નિદ્રા તથા પ્રમાદના વશથી ચૌદ પૂર્વધર પણ પડીને યાવત્ નિગોદમાં ચાલ્યા જાય છે...અને ઘણો કાળ તેમાં વસે છે. તો હે જીવ! તારું શું થશે? તેનો તો વિચાર કર! ખરેખર, પ્રમાદથી દૂર રહેવા જેવું છે.

પરમાત્મા મહાવીરપ્રભુ વારંવાર ગૌતમ જેવા અપ્રમત્ત જ્ઞાની ગણધરને પણ કહેતા કે— **गोयमा! समयं मा पमायए।**" હે ગૌતમ! સમયમાત્ર પણ પ્રમાદ કરીશ નહીં.

## પૂર્વધર મુનિ દુર્ગતિમાં ગયા...

મુનિમહાત્મા આચાર્યભગવંતના શિષ્ય હતા. ભાનુદત્તમુનિ મહાપ્રયત્ને અભ્યાસ કરતા કરતા ચૌદપૂર્વનો અભ્યાસ કર્યો. વિદ્યા અને લક્ષ્મી બન્ને એવી જ વસ્તુ છે... કે મળ્યા પછી પણ ખૂબ સાચવવી પડે છે. પરન્તુ ભાનુદત્તમુનિ પ્રમાદી બની ગયા. અને નિદ્રાનો ઉદય વધતો ગયો. સંધ્યાસમય થતાં જ તેમની આંખો ઘેરાવા માંડે....ગુરુભગવંત અપ્રમત્ત રહેવા માટે જગાડે. પણ શિષ્યને ક્રોધ આવી જતો. ગુરુમહારાજ જણાવતા : 'હે પૂર્વધર મુનિ! પૂર્વોની આવૃત્તિ કરી લો....નહીં તો વિસ્મૃત થઈ જશે' પરન્તુ ભાનુદત્તમુનિનો પ્રમાદ-નિદ્રા વધતી ગઈ.. ક્રોધમાં સામા થઈ જતા ગુરૂભગવંતે કહેવાનું છોડી દીધું...બસ, પછી તો નિદ્રા વધતી જ ગઈ. હવે જગાડે કોણ? આ પ્રમાણે દિવસો વીતતા જાય છે.. હવે તો પ્રતિક્રમણ પણ આખું ઊંઘમાં જાય ક્યારે શરૂ કર્યું, શું શું બોલાયું કે ન બોલાયું. અને ક્યારે પૂરૂં થયું તે પણ

ખબર ન પડે...બસ સંધ્યાકાળથી જ ઘોરવા માંડતા...અંતે પ્રમાદમાં પૂર્વો ભુલાઈ ગયા... અને આયુ ક્ષયે કાળ કરી દુર્ગતિમાં ગયા.

ઓહો ! પૂર્વધર જેવા મહાન મુનિ પણ નિદ્રાદર્શનાવરણીય-કર્મના કારણે દુર્ગતિમાં ચાલ્યા ગયા ! કેવી વેરી આ નિંદ્રા છે.... એનો ક્ષય કરવો જ જોઈએ.

## જ્ઞાનાવરણ અને દર્શનાવરણીય કર્મબંધનાં કારણો :-

**पडिणीयत्तण निन्हव उवघायपओसअंतराएणं ।**
**अच्चासायणयाए आवरणदुगं जीआ जयइ ॥**

પ્રથમ કર્મગ્રન્થમાં શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવે છે કે-(૧) જ્ઞાની મહાત્માઓથી પ્રતિકૂલ આચરણ, (૨) ભણીને પણ એમની પાસે નથી ભણ્યો, (૩) જાણવા છતાં પણ હું આ નથી જાણતો એવો મૃષાવાદ સેવવો, (૪) જ્ઞાની અને જ્ઞાનનાં ઉપકરણોની આશાતના-વિરાધના કરવી, અરુચિ રાખવી, (૫) ભણતાને અંતરાય કરવાથી. ભણતાને ઊઠાડીને અન્ય કર્મ કરાવવાથી, (૬) જ્ઞાની માટે હલકું બોલી અત્યન્ત આશાતના કરવા વગેરે ઘણાં કારણોથી બને પ્રકારનાઆવરણો એટલે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય બંને કર્મ બંધાય છે.

**तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाताज्ञानदर्शनावरणयोः ॥**

જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોને વિષે પ્રદોષ, નિન્હવ, માત્સર્ય, અન્તરાય, આસાદન, ઉપઘાત આદિ કારણોથી જ્ઞાના-વરણીય અને દર્શનાવરણીય કર્મ બંધાય છે એમ તત્ત્વાર્થ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે.

## ઊંઘમાં ખટારો ભરી પહોંચાડે છે

મકાન બાંધકામનું કામ ચાલતું હતું. નિરીક્ષકે મજૂરોને ઓર્ડર કર્યો કે આવતી કાલે સવારે એક ટ્રક પથ્થરો અહીંયા

પહોંચાડી દેજો. હા કહી મજૂરો નીકળ્યા. એક મજૂર ઘરે આવી પત્નીને કહે છે: 'મને સવારે વહેલો ઉઠાડજે, વહેલું કાલે જવાનું છે.' એમ કહી સૂઈ ગયા. મધ્ય રાત્રે એકલો ઊઠી ત્યાંથી નીકળી પથ્થરો લેવા ગયો. બાજુના ખટારામાં પથ્થરો ભરવા માંડ્યો. ચાર માણસોથી પણ ન ઉપડે એવા પથ્થરો એકલાએ ઉપાડીને ટ્રક ભરી ધક્કો મારી ટ્રકને મકાન પાસે પહોંચાડીને પાછો આવી પથારીમાં સૂઈ ગયો. સવારે ઊઠ્યો, ખબર પણ નથી કે મેં શું કર્યું છે. આ બધું કામ થીણદ્ધી નિદ્રામાં થયું છે. ગજબ બળથી આ નિદ્રા કામ કરાવે છે.

## થીણદ્ધી નિદ્રામાં નાના મુનિ હાથીને મારે છે

દિનચિંતિત રાત્રે કરે રે, કરણી જે નરનાર સલુણા,
બળદેવનું બળ તે સમે રે, નરકગતિ અવતાર સલુણા. જિ...

એમ વિશેષાવશ્યકે રે. વરણવીયો અધિકાર સલુણા,
સાધુ મંડળીમાં રહે રે, એક લઘુ અણગાર સલુણા. . જિ ..

થીણદ્ધીનિદ્રા વશે રે, હણિયો હસ્તી મહંત સલુણા,
સૂતો ભરનિદ્રાવશે રે, ભૂતળીયે હોય દંત સલુણા....જિ...

અંગ અશુચિ શિષ્યનું રે, સંશય ભરીયા સાધ સલુણા,
જ્ઞાનીવયણે કાઢિયો રે, હંસવનેથી ગ્યાધ...સલુણા.....જિ...

ષટ્માશે નિદ્રા લહે રે, શેઠવધૂ દૃષ્ટાંત સલુણા,
નિંદવિયોગે કેવળી રે, **શ્રી** શુભવીર ભણંત સલુણા... જિ....

**શ્રી** વિશેષાવશ્યક સૂત્રમાં એક નાના સાધુની આ વાત છે. સાધુઓના સમૂહ સાથે વિહાર કર્યો. એક ગામની બહાર ઊતર્યા. દિવસે એક હાથી ત્યાં ખૂબ હેરાન કરતો હતો. નાના સાધુએ મનમાં ને મનમાં મારવાનો વિચાર કરવા લાગ્યા. રાત્રે મુનિ સૂઈ

ગયા. "દિનચિંતિત રાત્રે કરે રે"... (**दिणचिंतियत्थकरणी थीणद्धि**) આ થીણુદ્ધી નિદ્રાની વ્યાખ્યા છે. આ પ્રમાણે નાના મુનિ રાત્રે ઊઠયા...નીકળ્યા બહાર. સામે જ હાથી હતો. મુનિએ એના દાંત ખેંચી કાઢ્યા અને એ વડે પ્રહાર કરવા માંડ્યા. થોડી ક્ષણમાં હાથીને મારી નાંખ્યો. "બળદેવનું બળ તે સમેરે". આવા સમયે થીણુદ્ધીનિદ્રાવાલાને બળદેવ જેટલી શક્તિ–બળ હોય છે. હાથી મરી ગયો. દાંત ત્યાં જ પડ્યા રહ્યા અને મુનિ તુરંત આવીને ભરનિદ્રામાં સૂઈ ગયા.

સવારે બધા ઊઠ્યા. પડિલેહણ વિધિ પતી ગઈ. વિહાર કર્યો. રસ્તામાં હાથીને મરેલો જોયો છે.. અરે આવી રીતે હાથીને મારનાર કોણ છે? બંને દાંત ખેંચી નાંખ્યા છે? કોણ હશે?...વાતો થવા માંડી પેલા નાના સાધુ પણ બોલવા માંડ્યા...અરે આ તો કોણે કર્યું....થોડી વાર પછી બીજા બધા સાધુઓએ પ્રકાશમાં પેલા નાના સાધુના કપડા ઉપર લોહીના ડાઘ જોયા...અને એને પૂછ્યું 'કેમ તમે હાથી માર્યો છે?' નાના મુનિ બોલ્યા: 'અરે! હોય!...હું હાથી મારતો હોઈશ. અવસરે મહાન જ્ઞાની ભગવંતને પૂછ્યું....'અને જ્ઞાની મહાત્માએ જણાવ્યું કે આને થીણુદ્ધિ નિદ્રાનો ઉદય છે....અને આ કાર્ય એણે જ કર્યું છે. અને પછી જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે હંસના વનમાં કાગડાને જેમ કાઢી મૂકાય તેમ તે નાના મુનિને ગચ્છામાંથી કાઢી મૂકવામાં આવ્યા....આ નિદ્રાવાળો જીવ મરીને નરકમાં જાય છે. ચોસઠ પ્રકારી પૂજામાં દર્શનાવરણીય-કર્મની પૂજામાં શ્રી શુભવીર મહારાજ આ અધિકાર જણાવે છે... કે આ નિદ્રા છ માસે ફરી આવે છે.

## દર્શનાવરણીયકર્મની પ્રકૃત્તિઓ

દર્શનાવરણીયકર્મની નિદ્રાપંચકની પ્રકૃતિ તે ખરેખર મોહરાજાની દાસી છે. નિદ્રાની પાંચે પ્રકૃતિ સર્વઘાતી પ્રકૃતિ છે.

દર્શન ચતુષ્કની ચારે દર્શનાવરણીયકર્મની પ્રકૃતિ દશમે સૂક્ષ્મ-સંપરાય ગુણસ્થાનકે બંધમાંથી જાય છે. બાકીની પાંચ નિદ્રા તો બંધમાંથી પહેલાં જાય છે. અને ઉદય-ઉદીરણા અને સત્તામાંથી બારમે ક્ષીણમોહ ગુણસ્થાને જાય છે.

આ દર્શનાવરણીયની નવે પ્રકૃતિ ધ્રુવબંધી અને ધ્રુવસત્તાક છે. અને પ્રથમ ચાર દર્શનચતુષ્કની ધ્રુવોદયી અને પાંચ નિદ્રાની પાંચ પ્રકૃતિ અધ્રુવોદયી છે.

જેમ ગાઢ વાદળો આકાશમાં છવાઈ ગયા હોય. ત્યારે તપતો સૂર્ય એ વાદળોમાંથી કેવી રીતે દેખી શકાય. કારણ વાદળો સૂર્યને સર્વથા ઢાંકી દે છે. છતાં પણ તેમાંથી કાંઈક કાંઈક ઝાંખો પ્રકાશ બહાર આવે છે. અને તેથી પદાર્થો જોઈ શકાય છે. તેમ હે પ્રભુ! આ દર્શનાવરણીય કર્મની પ્રકૃતિઓનો ઉદય હોવા છતાં પણ આત્માનો અનંતદર્શન ગુણ થોડો ઝાંખો-ઝાંખો પ્રકાશે છે. તો થોડું થોડું જોઈ શકાય છે.

આ જન્મમાં પણ પ્રભુના દર્શનાદિ થઈ શકે છે. હે પ્રભુ! હવે આ ભવમાં આ દર્શનાવરણીય કર્મ ખપાવવા માટે તારો આલંબન સારામાં સારો મળ્યો છે. હવે તો તારા દર્શનથી જ, તારી વાણીના શ્રવણથી જ. તારા ધ્યાનની લગનથી જ તારી ભક્તિથી જ. આ દર્શનાવરણીય કર્મ ખપાવવાનો છે. જો આ જન્મમા આ કર્મ ખપાવવા મહેનત ન કરી તો કયા ભવમાં કરી શકશે? જે બેચારા એકઇન્દ્રિયવાલા, બે ઇન્દ્રિયવાલા, ત્રણ ઇન્દ્રિયવાલા, ચાર ઇન્દ્રિયવાલા જીવો તો કેવા ભારે કર્મના ઉદયના કારણે દુઃખ-ત્રાસ ભોગવી રહ્યા છે. એ જીવોને કર્મ ક્ષય માટે કેટલી અનુકુળતા મળી છે? ખરેખર જોઈએ તો કર્મ ખપાવવાની પૂરેપૂરી યોગ્યતા-મનુષ્યને મળી છે. મનુષ્ય ધારે તો કર્મોનો ભૂક્કો બોલાવી નાંખે. અને ધારે તો ભારે કર્મો બાંધી પણ શકે છે.

બંને માર્ગો છે. કયો માર્ગ હાથમાં લેવો-કર્મ બંધનો? કે કર્મ ક્ષયનો?

"**सव्वपावप्पणासणो**" ની ભાવના આપણી હોવી જોઈએ. બસ આ જ કર્મ ક્ષયનો એકમાત્ર લક્ષ આપણે હોવો જોઈએ. કર્મ બંધના માર્ગમાં તો જીવ અનાદિ-અનંત કાળથી રહ્યો છે. હવે એ ટેવ છોડવી છે. અને જીવને કર્મક્ષયના માર્ગે વાળવો છે. જો જીવ ધારે તો બધું શકય છે. આત્મા અનંત શક્તિનો માલિક છે. દેવ-ગુરૂ, ધર્મની આરાધના, તપ, ત્યાગ, ભક્તિભાવના, જ્ઞાન-ધ્યાન-સાધના વગેરે બધું આજે સુલભ છે. આપણા હાથમાં છે જેટલું ધારીએ એટલું કરીને કર્મ ખપાવી શકીએ. બસ કર્મ-ક્ષયનો જ લક્ષ રાખીને આરાધના-ધર્મધ્યાન કરવાનું છે. આ લક્ષ પણ આવે તો કલ્યાણ.

આવા ભયંકર દર્શનાવરણીય કર્મથી બચવા માટે પરમાત્માનું ધ્યાન-આરાધના-ભક્તિ કરવી એ જ ઉત્તમ માર્ગ છે...સહુ આત્માઓ કેવલજ્ઞાન-કેવલદર્શન પામે કે જેથી કોઈ પણ પ્રકારની નિદ્રા જ ન રહે એ જ શુભેચ્છા.

卐

---

卐 **સૌજન્ય** 卐

# શેઠશ્રી સુરચંદભાઈ ઝુમચંદભાઈ શાહ

ગોપીપુરા-સુરત.

**ના સહયોગથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત

# સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષય:→ **'કર્મ તણી ગતિ ન્યારી...'**

પ્રવક્તા:→ પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

શ્રાવણ સુદ ૩ | વ્યાખ્યાન સાતમું | રવિ તા. ૮-૮-૮૨

## વિષય: સમ્યગ્‌દર્શનનું પ્રગટીકરણ

વ્યાખ્યાતા: પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
અવતરણકાર: કપિલરાય નાનાલાલ ઠાકુર

**"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"**

પરમપૂજ્ય ચરમતીર્થપતિ શ્રમણપરમાત્મા શ્રીમહાવીરપ્રભુને નમસ્કારપૂર્વક ...

શ્રી વાચકમુખ્યજી ઉમાસ્વાતિજી મહારાજ તત્ત્વાર્થસૂત્રમાં સર્વપ્રથમ મોક્ષ મેળવવાનો ઉપાય બતાવતા કહે છે કે-સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર એ જ મોક્ષનો માર્ગ છે... આજ રત્નત્રયીની આરાધનાથી મોક્ષ મળવાનો છે.

આત્માનો અંતિમ ધ્યેય-મોક્ષ મેળવવાનો છે. The Ultimate Gole is to achieve the Salvation. મોક્ષ મેળવવાનો સાચો લક્ષ જ આત્માને સમ્યગ્‌દૃષ્ટિ તરીકે જાહેર કરે છે. જેમ ધુમાડો જોઈને અગ્નિનું અનુમાન થાય છે. તે જ પ્રમાણે

મોક્ષની ઇચ્છાથી આ આત્મા સમ્યક્ત્વી છે એવું અનુમાન થઈ શકે. આ મોક્ષવિષયક શ્રદ્ધા અને મોક્ષપ્રાપ્તિના લક્ષના કારણે જ ભવિ અને અભવિ જીવોના ભેદ જુદા જુદા પડે છે. અભવિને મોક્ષની ઇચ્છા પણ થતી નથી. અભવિ તો અહીંથી જ પાછો પડે છે. એટલા માટે જ ક્યારેય પણ સમ્યગ્=સાચી દૃષ્ટિવાળો બની જ નથી શકતો.

સમ્યગ્ એટલે સાચી-સત્ય દૃષ્ટિ, માનવની બુદ્ધિમાં સત્ય પ્રત્યે રુચિ તો અવશ્ય હોવી જ જોઈએ. અસત્યન્વેષી બનીને શંકાશીલ બુદ્ધિ રાખીને મિથ્યાદૃષ્ટિ બનવા કરતાં તો સત્યાન્વેષી બુદ્ધિ રાખીને સત્યના પક્ષપાતી બનવું બહુ જરૂરી છે. સાચું શોધવું, અને સત્ય સમજાતાં અજ્ઞાન ટળશે, શ્રદ્ધા જાગશે, વાસ્તવિકતાનું સ્વરૂપ સમજાશે. માટે જ શ્રદ્ધાળુ બનવું બહુ જ લાભદાયી હોય છે.

## સુલસાની દૃઢ શ્રદ્ધા

અંબડ પરિવ્રાજક એક દિવસ રાજગૃહી નગરી તરફ જવા નીકળ્યો. પ્રભુ મહાવીર પરમાત્માને નમન કરીને નીકળે છે. તે સમયે પ્રભુ મહાવીરસ્વામીએ કહ્યું—"હે અંબડ! તમે રાજગૃહી નગરી તરફ જાઓ છો તો સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો."

આ સાંભળી અંબડ મનમાં વિચાર કરે છે—અરે, ભગવાન જેવા એક શ્રાવિકાને ધર્મલાભ કહેવરાવે છે તો એ શ્રાવિકા કેવી હશે? કેવી શ્રદ્ધાળુ કે ભક્તિવાન કેવી હશે? આ વિચારી પરીક્ષા કરવાનું મન થયું.

અંબડે રાજગૃહી નગરીની બહાર રહીને બ્રહ્માનું રૂપ વિકુર્વ્યું, ત્યાર પછી શંકરનું, કૃષ્ણનું, વિષ્ણુનું સાક્ષાત્ રૂપ બનાવ્યું...આ જોઈને નગરીના સેંકડો લોકો આવ્યા પરંતુ સુલસા શ્રાવિકા તો ન ગઈ તે ન જ ગઈ. અંતે અંબડે સમવસરણ બનાવ્યું. તેમાં પ્રભુની જેમ બિરાજમાન થઈને દેશના આપવાની રચના પણ

સ્વમાયાબળે બનાવી. અને એક વ્યક્તિ સાથે સુલસાને કહેવરાવ્યું કે નગરીની બહાર પચ્ચીસમા તીર્થંકર પધાર્યા છે, અને સમવસરણમાં દેશના આપવાના છે....

આ પ્રમાણે વ્યક્તિએ સુલસાને કહ્યું...પરંતુ તત્ત્વદૃષ્ટિ અને સાચી શ્રદ્ધાળુ સુલસા શ્રાવિકા મનમાં વિચાર કરે છે કે—અરે, ક્યારેય પચ્ચીસમા તીર્થંકર તો થતા જ નથી. અને ભરત ક્ષેત્રમાં એક સાથે બે તીર્થંકર પણ હોતા જ નથી. પ્રભુ મહાવીર અત્યારે વિદ્યમાન છે, તો પછી આ બીજા તીર્થંકર ક્યાંથી આવ્યા?

આ પ્રમાણે તત્ત્વદૃષ્ટિથી પરમાર્થનો વિચાર કરીને સુલસા ન ગઈ તે ન જ ગઈ. જ્યારે આપણી એવી તીક્ષ્ણ પરીક્ષક કે તત્ત્વદૃષ્ટિની બુદ્ધિ પણ નથી. સાચાખોટાનો કોઈ વિચાર પણ નથી કરતા...અને કાર્ય કરી બેસીએ છીએ.

અંતમાં અંબડ પરિવ્રાજક એક શ્રાવકનું રૂપ લઈને આવ્યો અને સુલસાને કહ્યું કે પ્રભુ મહાવીરે તમને ધર્મલાભ કહેવરાવ્યા છે. સુલસાને આ સાંભળી ખૂબ આનંદ થયો. હર્ષઘેલી બની. આનંદ વિભોર બની પ્રભુની સ્તુતિ કરી.

આ હતી સત્યશોધક દૃઢબુદ્ધિ...શું સત્યમાં દૃઢતા રાખવી એ ખોટી જિદ્દ છે? ના, સત્યના આગ્રહી તો બનવું જ પડશે, સત્યના શોધક તો બનવું જ જોઈએ. તો જ સમ્યગ્દૃષ્ટિ બની શકીએ.

## શુદ્ધ આત્મસ્વરૂપ

અનંતજ્ઞાનવાન્, અનંતદર્શનવાન્, અને અનંતચારિત્રવાન્ આદિ ગુણોવાળો શુદ્ધ આત્મા સર્વથા વિકારશૂન્ય, દોષરહિત, નિર્મળ પવિત્ર હોય છે. આત્માનો ત્રીજો ગુણ છે અનંતચારિત્ર. યથાખ્યાત સ્વરૂપ...પોતાનું જેવું વાસ્તવિક સ્વરૂપ છે તેવા જ સ્વરૂપમાં રહેવું અને તેવી પ્રવૃત્તિ કરવી એ જ સાચી સ્વભાવદશા છે. પરંતુ અનાદિ અનંતકાળથી જીવ આ સંસારમાં રહ્યો છે. સંસારમાં જીવને દેહ ધારણ કરીને જ રહેવું પડે છે. ફક્ત

મુક્તાત્મા જ દેહ વિનાના હોય છે. બાકી સંસારમાં એકેન્દ્રિયના સૂક્ષ્મ જીવથી માંડી મોટા જીવ સુધી કોઈપણ જીવ દેહ વિના રહી જ ન શકે. જેમ કોઈ દ્રવ પદાર્થને માટે પાત્રની આધારની આવશ્યકતા પડે છે તેમજ આત્માને માટે સંસારમાં દેહની એટલી જ આવશ્યકતા છે. એ વિના ચાલે નહિ.

બસ, દેહ આવ્યો કે–આહાર–નિદ્રા–ભય...વગેરે બધા આવવા માંડે. આ બધામાં જીવ રાગાદિભાવોથી જ રહી શકે છે, એટલે સંસારમાં ડગલે ને પગલે રાગાદિ ભાવો છે. પોતાનો મૂળભૂત સ્વભાવ વીતરાગતાનો, રાગ–દ્વેષ વિનાનો હોવા છતાં પણ જીવ રાગ–દ્વેષ કરતો કરતો તન્મય–તે સ્વરૂપે–રાગ–દ્વેષી બની ગયો.... બનતો ગયો...અને અનંત કાળ વીતી ગયો...આજે વિચાર કરીએ તો આત્મા ઉપર કેટલા જબરદસ્ત અનાદિ–અનંતકાળના રાગ–દ્વેષના સંસ્કાર પડ્યા છે–આત્મા તે રૂપે જ થઈ ગયો છે. હવે એને ક્યાંથી પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન થાય ?

એક સિંહના બચ્ચાને જન્મથી જ બકરાના ટોળામાં ઉછેરવામાં આવ્યો, બસ એમાં જ રહેવાનું...પૂરી તકેદારી રખાઈ કે સિંહને જોવો પણ નહીં. એની ગર્જના પણ સાંભળવાની નહીં... એમ કરતાં કરતાં ૨–૪ વરસ વીતી ગયાં. સિંહનું બચ્ચું પણ બેં....બેં....મેં...મેં...કર્યા કરે છે. એ જ પ્રમાણે રહે છે. ખરેખર! અત્યારે આપણો આત્મા પણ એવો જ થઈ ગયો છે. સંસારમાં સંસારીઓ સાથે રહીને તેમની જેમ જ મારું...મારું...કરતો થઈ ગયો છે! એને વાસ્તવિક્તાનું ભાન જ નથી...

પરંતુ એક દિવસ સિંહના બચ્ચાને શોધતી શોધતી એની મા આવી...તે ગરજી. ગર્જના સાંભળીને સિંહના કાન ખડા થઈ ગયા અને ભાગ્યો...માને મળ્યો....બે જ દિવસમાં ખબર પડી ગઈ–અરે...હું કઈ જાતનો છું....? મારું સ્વરૂપ શું ..?

આપણને પણ સંસારીની અનાદિની સોબતમાં મારું...મારું....

કરીને રહેવાના સંસ્કાર પડ્યા છે....એટલે સંસારમય જ બની ગયા છીએ. રાગી-દ્વેષી, ક્રોધી-માની-માયાવી-લોભી તરીકે ઓળખાઈએ છીએ. આપણને હજી વાસ્તવિકતાનું ભાન જ નથી થતું. સિદ્ધ પરમાત્માને જોઈએ....અને વિચારીએ તો ખબર પડે કે હું કઈ જાતનો છું? મારું સ્વરૂપ શું?....પણ ક્યાંથી ખ્યાલ આવે. ક્રોધાદિ જે સ્વભાવ નથી તે આપણો સ્વભાવ બની ગયો છે....હાય કેવી વિપરીતતા-જે આપણને આપણું પોતાનું જ ભાન ભુલાવી નાંખે છે.

## મોહનીયકર્મ

અનંત ચારિત્રગુણ આત્માનો પોતાનો ગુણ છે. વાસ્તવિક યથાર્થ સ્વરૂપમાં રમવું. એ જ ચારિત્રગુણ છે. અર્થાત્ રાગ-દ્વેષ-ક્રોધાદિ ન કરતાં વીતરાગ થઈ ક્ષમા, સમતામાં આનંદમાં રહેવું એ આપણો સ્વભાવ છે. આ જ ચારિત્રગુણ છે. પરંતુ દારૂ પીધેલો માણસ જેમ ભાન ભૂલે છે....કોણ પત્ની? કોણ મા, કોણ બહેન કોણ દીકરી...? આ ભેદભાવનું ભાન ભૂલી જાય છે, તેમાં કારણ દારૂ છે. તેમ જ સંસારમાં જીવ પણ મારું મારું કરતો કરતો રાગાદિ રૂપ બનીને પોતાના સ્વરૂપનું ભાન જેના વડે ભૂલે છે... તેને જ મોહનીયકર્મ કહીએ છીએ...




મોહનીય—એટલે મોહ પમાડવું. મુઝવણમાં નાંખવો...આ મોહનીયકર્મ તે આત્માના અનંત ચારિત્રગુણને ઢાંકી દે છે. જેમ મદિરા વિચાર-વિવેકશક્તિને ઢાંકી દે છે તેમ જ મોહનીય આત્માના અનંત ચારિત્રગુણને ઢાંકી દે છે...બસ, પછી આત્મા પણ દારૂ પીધેલાની જેમ ભાન ભૂલે છે...જે મારું નથી તેને પણ મારું મારું કહેતો ફરે છે....એટલા માટે જ મોહનીયકર્મને મદિરા પીધેલા માણસ જેવો કહ્યો છે.

## અવળી ગંગા

બસ, હવે આ મોહનીયકર્મના કારણે જીવની બધી પ્રવૃત્તિ ઊંધી જ ચાલવાની...ગંગા અવળી જ ચાલવાની.....

- જે મારું નથી તેને મારુ કહેવું.
- જે મારું છે તેને મારું ન માનવું.
- જેમાં નથી લોભાવાનું તેમાં જ લોભારો.
- જે સાચું છે તેને સાચું ન કહેવું, ખોટાને સાચું કહેવું.
- જે ખોટું છે તેને ખોટું ન કહેતાં સાચાને ખોટું કહેવું.
- જે અરિહંત છે તેને પરમાત્મા ન કહેતાં... વિપરીતને જ ભગવાન માનવા.
- જે કરવા જેવું છે તે ન કરવું, પણ જે નથી કરવા જેવું તે જ કરવું.

આ બધી પ્રવૃત્તિ હવે મોહનીયકર્મના કારણે ચાલે છે.... અને એ મોહનીયકર્મ હશે ત્યાંસુધી ચાલવાની. સમસ્ત સંસારની મોહમાયા બસ આ જ કર્મના કારણે છે–આ બધો પ્રભાવ મોહનીયકર્મનો છે....શુદ્ધ એવા આત્મા ઉપર કેવું જબરદસ્ત આવરણ કે જે–અનાદિ અનંતકાળથી જ ઘર કરી બેઠું છે. શું એ ખોટું છે, એને કાઢવા જેવું છે. એને તો કાઢીને જ જંપીશ... આવો વિચાર પણ આવે છે?

## મિથ્યાત્વ

જે વસ્તુનું જે સ્વરૂપ છે તે વસ્તુને તેવી ન કહેતાં વિપરીત માનવી કે કહેવી તેને જ મિથ્યાત્વ કહીએ છીએ. મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા!, ઊલટી–ઊંધી–માન્યતા. જેમ પીળીયો થયો હોય તો સફેદ વસ્તુ પણ પીળી જ દેખાય. કાળા ચશ્મા પહેર્યા હોય તો સફેદ પણ કાળું જ દેખાય તેવી આ વિપરીત બુદ્ધિ છે, એટલે એને મિથ્યાત્વ કહીએ છીએ, અને ગાઢ મોહનીયના આવરણથી આવી મિથ્યા=વિપરીત=અસત્ય દૃષ્ટિ થઈ ગઈ છે.

સાચાને સાચું ન કહેવું, ખોટાને સાચું કહેવું.

ખોટાને ખોટું ન કહેવું, સાચાને ખોટું કહેવું...એવી આ તદ્દન વિપરીત બુદ્ધિ એ આપણને તત્ત્વનું, સત્યનું, વાસ્તવિકતાનું ભાન ભુલાવી દે છે અને વિપરીત પ્રવૃત્તિ કરાવે છે તેજ આ મિથ્યામતિ એ મિથ્યાત્વ છે.

આ મિથ્યાત્વને શાસ્ત્રકારોએ ૫ પ્રકારનાં કહ્યાં છે.

મિથ્યાત્વ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| આભિગ્રહિક | અનાભિગ્રહિક | આભિનિવેશિક | સાંશયિક | અનાભોગિક |

**"आभिग्गहिअमणभिग्गहं, च तह अभिनिवेसिअं चेव ।**
**संसइअमणाभोगं, मिच्छत्तं पञ्चहा एअं ॥**

**૧. આભિગ્રહિક**

આગ્રહથી વિવેકરૂપી દીપક જેનો બુઝાઈ ગયો છે એવા અવિવેકી, પાખંડી લોકોની દુરાગ્રહી, કદાગ્રહી વિચારધારાને આભિગ્રહિક કહી છે.

**૨. અનાભિગ્રહિક**

**सब भगवान भगवान ही तो है। सब भगवान एक ही है, नाम अलग अलग है। चाहे जो भी नाम भजो, सब गुरु एक ही है। अरे सब धर्म भी एक ही है।**

આવી મનોવૃત્તિવાળા અનાભિગ્રહિક હોય છે.

થોડીક તર્ક–યુક્તિથી વિચારણા કરીએ તો આ વાત યોગ્ય નથી લાગતી. કેવી રીતે **सब एक है।** આમ બોલે છે?

સંસારમાં બધી વસ્તુઓને એક કહી શકતા પણ નથી. શું હીરાબજારનો ઝવેરી એમ કહેશે કે....ના, બધા હીરા એક સરખા જ છે. બધા હીરા એક જ છે, ભલેને નામ અલગ અલગ હોય. ના, ક્યારેય નહીં કહે. કાચના ટુકડા, સાકરના ટુકડા અને હીરા આ બધાને એક તો કેમ કહેવાય?...તો પછી "**सब भगवान, सब**

**धर्म एक है"** આ પણ કેમ બોલાય? શું એમાં કોઈ સારાસારનો વિવેક નથી કરવાનો? જો હીરામાં થાય તો ભગવાનમાં કેમ નહીં?

સમ્યક્ત્વનો અર્થ એમ નથી કે-"**सब छ छ आना उठाओ सब छ छ आना**" આ પ્રમાણે એક ફેરીવાળો રસ્તા ઉપર બોલે છે. પચાસ જાતની વસ્તુઓ છે. કોઈ નાની-કોઈ મોટી.. પણ છતાં બધી એક જ કિંમતે વેચે છે. એટલે શું બધી વસ્તુ એક સરખી થઈ ગઈ? ના, કેમ થાય?

વિચાર કરો—સમ્યક્ત્વ આમાં નથી કે "**सब भगवान एक हैं। सब धर्म एक है**" આમ બોલવામાં સમ્યક્ત્વ નથી હોતું. ઘણા કહે છે-સાહેબ, આ તો કેટલી ઉદાર ભાવના છે, વિશાળતા છે કે બધાને એકસરખા ભગવાન માનું છું. આ તો ઉપરથી વધુ દૃઢ અને વધુ સારી વાત કહેવાય તો સમ્યક્ત્વ કેમ નહીં?

હું એમ પૂછું છું....કે તમારી પત્ની પણ એમ બોલે કે **इसमें क्या है, सब पुरुष मेरे पति है..."एक ही पुरुष को पति मानना" इसकी अपेक्षा तो मन की उदारता रखो-विशालता रखो; मैं तो सब पुरुष को पति मानती हूं**—જો આવું બોલે તો ચાલે?

(સભામાંથી)—ના, ના, સાહેબ બોલે તો ખરી? જીભ ખેંચી લઈએ-એ પત્ની શેની કહેવાય...એ તો વેશ્યા કહેવાય. વેશ્યાને એક પતિ ન હોય, એને તો હજારો પતિ હોય...પણ પત્ની તો એ જ કહેવાય કે જેને એક જ પતિ હોય-માટે એને "એક પતિવ્રતા" કહી છે.

જો અનેક પતિ માનનારીને વેશ્યા કહેવાય તો પછી **सबको भगवान सब भगवान एक है, सब धर्म एक है** - માનનારને વેશ્યા જેવો શું નહીં કહો? કેમ ન કહેવાય?

આપણે પણ પરમાત્મા પ્રત્યે એકપતિવ્રતા ધર્મનો સંબંધ જોડવો જ પડશે. એકને જ ઓળખીને, એને જ સાચા તરીકે

ઓળખીને સાચાને જ સાચા માનવા એજ સમ્યક્ત્વ છે. આનંદઘનજી મહારાજ તો કહે છે કે....

ઋષભ જિનેશ્વર પ્રીતમ મારો, ઔર ન ચાહું રે કંત...

હે ઋષભદેવ ભગવાન! તું જ મારો પ્રિતમ છે. તને છોડીને બીજાને કંત (ભર્તાર) કેમ માનું? ન જ ચાહું.

પ્રશ્ન—જેટલું પીળું એટલું સોનું કે સોનું એટલું પીળું ?

બજારમાં જાઓ તો કેવી રીતે કઈ દૃષ્ટિથી ખરીદો ? જેટલું પીળું એટલું સોનું એમ જો માનીને ખરીદો તો ઠગાઈ જાઓ.

સભા—ના સાહેબ, જેટલું સોનું એટલું પીળું. પીળું એટલું સોનું નહીં. બસ આ જ સમ્યગ્ બુદ્ધિ છે. એનાથી વિપરીત-તે મિથ્યા બુદ્ધિ. તત્ત્વ-અતત્ત્વ, સત્ય-અસત્ય, સાચું-ખોટું બધું ભેગું સમાન-સરખું માનનારને આ અનાભિગ્રહિક મિથ્યાત્વી કહ્યો છે.

## (૩) આભિનિવેશિક

સત્ય અને અસત્યને, તત્ત્વ અને અતત્ત્વને, સાચા અને ખોટાને સ્પષ્ટપણે જાણે છે; છતાં પણ–જાણતો હોવા છતાં પણ દુરાગ્રહ, કદાગ્રહ વગેરેની બુદ્ધિના કારણે સત્યનો લોપ કરીને અસત્ય જ માનવું–બસ, એને જ પકડવું એ આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય. જેમ શાસ્ત્રોમાં ગોષ્ઠામાહિલની વાત આવે છે.

## ૪. સાંશયિક મિથ્યાત્વ

દેવ–ગુરુ કે ધર્મના વાસ્તવિક સ્વરૂપમાં પણ આ રીતે હશે કે કેમ એવો વિચાર આવવો તે શંકા છે. સમ્યક્ત્વમાં દુરાગ્રહ–કદાગ્રહ કે પૂર્વગ્રહની શંકા જાગવી તેને સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે.

## ૫. અનાભોગિક મિથ્યાત્વ

એકેન્દ્રિયાદિ જીવોને અજ્ઞાનની પ્રધાનતાના કારણે આ મિથ્યાત્વ હોય છે. વસ્તુવિષયક અજ્ઞાનના કારણે કોઈને પણ

આ મિથ્યાત્વ હોઈ શકે છે.

"**अन्नाणं खु महाभयं**"—ખરેખર અજ્ઞાન જ મહાભયંકર છે. અજ્ઞાન જ બધાં પાપોની જડ છે. જે જીવવિષયક જ્ઞાન જ નથી તો એ જીવની દયા કે રક્ષા ક્યાંથી પળાશે. માટે જ કહ્યું છે કે "**पढमं नाणं तओ दया**' પ્રથમ જ્ઞાન અને પછી દયા જોઈએ. જીવને જીવ તરીકે માનવાનું જ્ઞાન હશે તો જ દયા પળાશે.

મિથ્યાત્વનો મોટો આધાર જ અજ્ઞાન છે. અજ્ઞાનદશા અને મિથ્યાત્વનો ઉદય તો જીવને કર્મની ભયંકર ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાવી નાંખે.

"**संशयात्मा विनश्यति. श्रद्धावान् लभते फलम्**"।

શંકાશીલ સ્વભાવવાલો આત્મા વિનાશને નોતરે છે. અને શ્રદ્ધાળુ આત્મા ફળ મેળવે છે. શંકાશીલ બુદ્ધિ ઘણી વખત વિપરીત પરિણામ લાવે છે. ત્યારે શ્રદ્ધાળુ બુદ્ધિ ઘણી વખત બગડેલી બાજી પણ સુધારે છે.

શંકાથી તો સંસાર પણ નથી ચાલતો. પતિ–પત્નીના જીવનમાં પણ વિશ્વાસ જોઈએ છે. શંકાશીલ જો હોય તો સંસાર બગડીને ઊભો રહે છે. શંકા અને શ્રદ્ધા એ બંને એક મ્યાનમાં ભેગી નથી રહેતી. શ્રદ્ધાળુ આત્મા શંકાશીલ નથી હોતો. શંકા જિજ્ઞાસાની થાય, ન જાણતો હોય તો જાણવા માટે શંકા કરે. પરંતુ એ શંકામાંથી પણ છેવટે તો એની શ્રદ્ધા જ વધુ દૃઢ થાય છે. ધન્ય હતી એ સુલસા શ્રાવિકા, જેની પરમાત્મા ઉપર કેવી ગજબની અતૂટ અટલ શ્રદ્ધા હતી...જેના પરિણામે એ આત્માએ તીર્થંકર નામકર્મ બાંધ્યું. અને આવતી ચોવીશીમાં તીર્થંકર બનશે.

## શ્રેણિક મહારાજાની અડગ શ્રદ્ધા

અનંત ઉપકારી પરમાત્મા મહાવીર ઉપર શ્રેણિક મહારાજાની કેવી અડગ શ્રદ્ધા હતી...કે જેથી પરમાત્મા મહાવીર આજે કઈ દિશામાં વિચરે છે તે સમાચાર રોજેરોજ નિયમિત મળતા રહે તે

માટે શ્રેણિકે પોતાના માણસો ગોઠવીને વ્યવસ્થા કરી હતી.

સવારના પ્રભાતે તો સમાચાર મળતા કે પ્રભુ આજે આ દિશામાં આ બાજુ વિચરી રહ્યા છે. એટલે સાંભળતા જ શ્રેણિક આવા સમાચાર લાવી આપનારને પણ સુવર્ણાદિ મુદ્રાનું દાન આપી તૃપ્ત કરતો હતો. અને પછી રાજસિંહાસનેથી નીચે ઊતરીને પ્રભુ સન્મુખ એ દિશામાં જઈને, પ્રભુને વંદન કરી, સ્તુતિ કરી, સુવર્ણ જવનો સાથિયો કરી પછી જ પોતાના કાર્યે લાગતો હતો. આવી સુંદર નિર્મલ ભાવના અને શ્રદ્ધાના બળે જ શ્રેણિક મહારાજા પણ આગળ વધી શક્યા, જીવનનું ધ્યેય સાધી શક્યા. અંતે સમ્યક્ત્વની દૃઢ શ્રદ્ધાથી જ પરમાત્મા પ્રત્યેની અપૂર્વ ભક્તિથી જ તીર્થંકર નામકર્મ બાંધી શક્યા.

## સમ્યક્ત્વ ઉપર તો મોટો આધાર છે

મોક્ષનો આધાર સમ્યક્ત્વ ઉપર છે. જેમ ફળનો આધાર ઝાડનો આધાર એક બીજ ઉપર છે તેમ શ્રેષ્ઠ અને અંતિમ ફળ એવા મોક્ષનો આધાર પણ સમ્યક્ત્વ ઉપર જ છે. સમ્યક્ત્વ વિના ક્યારેય મોક્ષ મળતો નથી.

સમ્યક્ત્વ પામ્યા વિના અનંતકાળ સુધી જીવને ભટકવું જ પડે છે. અનંત પુદ્ગલપરાવર્ત કાળ જીવ સમ્યક્ત્વ વિના મિથ્યાત્વના કારણે સંસારમાં રખડે છે. જ્યાં સુધી મિથ્યાત્વ નહીં ખસે ત્યાં સુધી શ્રદ્ધા નહીં થાય. ત્યાં સુધી જીવ સમ્યક્ત્વ નહીં પામે. અને સમ્યક્ત્વ વિના ચારિત્ર નહીં અને ચારિત્ર વિના મોક્ષ ક્યાંથી મળે? ઉદયરત્નજી મહારાજ તો કહે છે કે—

સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે,
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કિમ લહીએ યુક્તિ રે જીવ....

સમ્યક્ત્વના કારણે જીવ હવે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નહીં બાંધે. સમ્યક્ત્વથી આત્માની પરિણામધારા નિર્મલ અને સારી પવિત્ર બને છે.

## સમ્યક્ત્વનો મહાન લાભ

જેવો જીવ જે ઘડીએ સમ્યક્ત્વ પામે છે કે તુરંત એ જ વખતે એનો મોક્ષ નક્કી થઈ જાય છે આજ દિવસ સુધી જે સંસાર અનંત કાળનો હતો તે હવે મર્યાદિત થઈ ગયો. કાળ જે અનંત પુદ્ગલપરાવર્તનો હતો તે હવે મર્યાદિત થઈને માત્ર અર્ધપુદ્ગલપરાવર્તનો જ શેષ રહી ગયો છે. હવે એ જીવને ભૂતકાળની માફક અનંત કાળ સુધી સંસારમાં રખડવું નહીં પડે. હવે તો અર્ધપુદ્ગલપરાવર્ત કાળમાં જીવ મોક્ષે જવાનો જવાનો ને જવાનો. કેટલું આશ્ચર્ય! એક માત્ર સમ્યક્ત્વના પામવાથી જીવનો મોક્ષ નક્કી થઈ જાય છે. ભલે ને અર્ધપુદ્ગલપરાવર્ત કાળ ગમે તેવો મોટો હોય, ભવસંખ્યા અસંખ્યની પણ થવાની હોય તો પણ આટલા કાળમાં તો જીવ મોક્ષે જવાનો જ. ભલે સમ્યક્ત્વ આવીને ચાલ્યું પણ જાય પરંતુ એક જ વારનો સ્પર્શ પણ મહાન લાભદાયક નીવડે છે.

પરંતુ આવું આ સમ્યક્ત્વ છે શું?

**जिय-अजिय-पुण्ण-पावा-सव-संवर-बध-मुक्ख-निज्जरणा ।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगाइबहुभेअं ॥**

કર્મગ્રંથમાં દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવે છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ તથા મોક્ષ આ નવતત્ત્વો ઉપર જે શ્રદ્ધા થાય તેને સમ્યક્ત્વ કહેવાય છે.

"**तमेव सच्चं निसांकं जं जिणेहिं पवेइयम्**"

તે જ શંકારહિતપણે સત્ય છે કે જે જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે.
પ્રશ્ન—સત્ય પ્રત્યેની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહીએ છીએ? કે જિનેશ્વર ભગવંત પ્રત્યેની શ્રદ્ધાને?

વિચાર કરો તો સ્પષ્ટ જણાય છે કે આ વાક્યમાં **पवेइयं** શબ્દ વાપર્યો છે. અર્થાત્ પ્રરૂપિત. સર્વજ્ઞ એવા ભગવંતે જે તત્ત્વની પ્રરૂપણા કરી છે તેને વિષે દૃઢ શ્રદ્ધા તે સમ્યક્ત્વ.

પ્રશ્ન—તો પછી જૈનોના ભગવાને જ કહેલું માનવામાં સમ્યક્ત્વ કેમ ? દરેક ધર્મોના દરેક ભગવાને કહેલું સમ્યક્ત્વ કેમ નહીં ?

સત્ય એ કોઈની માલિકીની વસ્તુ નથી. સત્ય પક્ષપાતી પણ નથી હોતું સત્ય માટે એવું પણ નથી કે એક જણ કહે તો જ એ સત્ય સત્ય કહેવાય કે મનાય-અને બીજો કહે તો એ અસત્ય થઈ જશે એવું પણ નથી. સત્ય એ તો શાશ્વત છે. સત્ય ત્રણે કાળમાં બદલાતું નથી. પછી એને કોઈ પણ કહે.

પરંતુ વાસ્તવિક યથાર્થ યથાતથ્ય સત્યસ્વરૂપ જણાવનાર જો કોઈ હોય તો તે વીતરાગ એવા સર્વજ્ઞ અરિહંત પરમાત્મા જ છે. જે સ્વયં અનંત ધર્માત્મક વસ્તુનું યથાર્થ સ્વરૂપ કેવલજ્ઞાન વડે જાણે છે તે જ જણાવી શકશે. ન જાણનાર ક્યાંથી જણાવે ? અને જાણેલું જણાવવા માટે વીતરાગતાની પરમ આવશ્યકતા હોય છે. વીતરાગી પરમાત્માને અસત્ય કહેવાનું કોઈ કારણ જ નથી.

## ખોટું બોલવાનાં કારણો

સંસારમાં ખોટું બોલનારા ઘણા છે, અને સત્ય બોલનારા બહુ ઓછા છે, પણ વિચાર કરીએ કે ખોટું બોલવું સહેલું છે કે સાચું બોલવું ? સાચું બોલવું સહજ છે, સરળ છે; જ્યારે ખોટું બોલવું બહુ મુશ્કેલ છે. ઘણો વિચાર કરીને, ગોઠવી કરીને પછી જ બોલાય છે. સત્ય સહજભાવે નિર્દોષતાથી બોલાઈ જાય છે. સત્ય બોલવામાં કોઈ કારણ શોધવા જવું નથી પડતું; જ્યારે ખોટું બોલવા માટે ઘણાં કારણો છે. ક્રોધથી, લોભથી, ભયથી, અને હાસ્યથી આ ચાર તો મુખ્ય કારણો છે. સાથે સાથે માન–માયા, રાગ–દ્વેષાદિ અનેક કારણો છે. પરમાત્મા વીતરાગ બન્યા એટલે એમાંનું એકે કારણ હવે હાજર નથી. વીતરાગ એટલે જ રાગ-દ્વેષ વગરનાં રાગ અને દ્વેષના જ પેટા વિભાગમાં ક્રોધ, માન, માયા અને લોભ ગણાય છે.

એટલે વીતરાગ–એવા સર્વજ્ઞ પરમાત્મા માટે અસત્ય

બોલવાનું કોઈજ કારણુ નથી. માટે પરમાત્માનું વચન સત્ય જ હોય. એટલે પરમાત્માના સત્ય વચનમાં શંકા વગર શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ કહેવાય છે. એટલા માટે **निसंकं** શબ્દ વાપર્યો છે.

**"पुरुषविश्वासे वचनविश्वासः"**

નીતિશાસ્ત્રકારોનો આ એક એવો નિયમ છે કે જો પ્રથમ પુરુષમાં વિશ્વાસ બેસી જાય તો તેના વચનમાં તો વિશ્વાસ અવશ્ય બેસે. પુરુષમાં જ વિશ્વાસ ન બેસે તો તેના વચનમાં તો ક્યાંથી વિશ્વાસ થાય? માટે પ્રથમ પરમાત્માને સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત માન્યા અને પછી તેમના વચનમાં જ વિશ્વાસ રાખવો તે સાચી શ્રદ્ધા-સમ્યક્ શ્રદ્ધા.

## સર્વજ્ઞ અને સર્વજ્ઞના વચનમાં અભેદભાવ

પ્રભુ સર્વજ્ઞ છે, વીતરાગ છે, અરિહંત છે; તો તેમનું વચન પણુ સત્ય જ છે, એટલે પ્રભુને માનવા અને પ્રભુની આજ્ઞા (વચન) ન માનવી એ તો બને જ નહીં, કારણુ કે પ્રભુએ કહ્યું છે માટે સત્ય છે અને સત્ય છે માટે પ્રભુએ કહ્યું છે.

પ્રશ્ન—જગતમાં જેટલુંય પ્રભુએ કહ્યું છે એટલું સત્ય જ છે કે પછી જે જે સત્ય છે તે તે પ્રભુએ કહ્યું છે.

ઉપરોક્ત બંને વાક્ય ઉપર વિચાર કરીએ તો સમજાશે કે સત્ય અને પ્રભુની વચ્ચે અભેદભાવનો સંબંધ છે.

જે જે પ્રભુએ કહ્યું છે તે તે સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે, કારણુ કે પરમાત્મા સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત છે. તેમને અસત્ય બોલવાનું કોઈ કારણુ જ નથી, અને જે જે સત્ય છે તે તે સર્વજ્ઞ પરમાત્માએ જ કહ્યું છે કારણુ કે તેઓ સર્વજ્ઞ-વીતરાગી, કેવલી-સર્વજ્ઞાતા છે, સર્વદ્રષ્ટા છે. માટે, આ અભેદ-દૃષ્ટિથી જોઈએ તો પરમાત્મામાં જેટલી શ્રદ્ધા હોય તેટલી જ શ્રદ્ધા પરમાત્માના વચન(આજ્ઞા-ધર્મ)માં પણુ હોવી જ જોઈએ.

**" सच्चं खु भयवं "—" सत्य ही भगवान है । "**

ભગવતીસૂત્રમાં જ્યારે સત્યને જ ભગવાન કહેવાયા છે ત્યારે આ જ અભેદ દૃષ્ટિથી એટલે સત્ય અને પ્રભુ ઉભયમાં એક સરખી સમ્યક્ શ્રદ્ધા રાખવી તે જ સમ્યક્ત્વ કહેવાય.

દાખલા તરીકે વિચાર કરીએ કે–એક પિતાને ૪ પુત્ર છે. ચારે જુદી જુદી દૃષ્ટિવાળા છે. બધાની માન્યતા જુદી જુદી છે.

(૧) પહેલો પુત્ર કહે છે–પિતાજી! હું તમને માનીશ, પણ તમારી આજ્ઞા નહીં માનું.

(૨) બીજો પુત્ર કહે છે–પિતાજી! હું તમારી આજ્ઞા માનીશ પણ તમને નહીં માનું.

(૩) ત્રીજો પુત્ર કહે છે–પિતાજી! હું તમને પણ નથી માનતો અને તમારી આજ્ઞા પણ નથી માનતો.

(૪) ચોથો પુત્ર કહે છે–પિતાજી! હું તમને પણ માનું છું અને તમારી આજ્ઞા પણ માનું છું.

ભાગ્યશાલીઓ! થોડો વિચાર કરો. તમે ઘણા પિતાના સ્થાને છો. સાચું બોલજો, કયો દીકરો ગમે? તમે પિતા છો તો આ ચારમાંથી કયો દીકરો ગમે?

સભામાંથી—સાહેબ, ચોથા નંબરનો દીકરો ગમે.

દીકરો તો એવો હોવો જોઈએ, જે પિતાને પણ માને અને પિતાની આજ્ઞા પણ માને.

પહેલા ત્રણ દીકરા તો કોઈને પણ નથી ગમતા. પરંતુ આ સંસાર છે સંસારમાં શું નથી? ચારે પ્રકારના દીકરાઓ છે.

બસ, આ તો પુત્રની વાત હતી એટલે બધાએ જવાબ આપી દીધો. પણ ચાલો હવે વિચાર કરીએ—ભક્તનો, પૂર્વવત આ જ વાતને ભક્તના નામે ભગવાનની સાથે વિચારીએ—

(૧) એક માણસ કહે છે—હું ભગવાનને માનું છું પણ ભગવાનનો કહેલો ધર્મ નથી માનતો.

(૨) બીજો કહે છે—હું ભગવાનનો કહેલો ધર્મ માનું છું પણ ભગવાનને નથી માનતો.

(૩) ત્રીજો કહે છે—હું ભગવાનને ય નથી માનતો અને ભગવાને કહેલ ધર્મ પણ નથી માનતો.

(૪) ચોથો કહે છે—હું તો ભગવાનને પણ માનું છું અને ભગવાને કહેલો ધર્મ પણ માનું છું.

બુદ્ધિશાલીઓ! પહેલાંની જેમ જ વિચાર કરો કે કયો માણસ સારો?

કેમ પહેલો કે બીજો?

સભામાંથી—ના....ના...ચોથો માણસ જ સારો. જે ખરેખર ભગવાનને અને ભગવાનનો કહેલો ધર્મ (વચન-આજ્ઞા) બંને માને છે.

જરા આપણે આપણો પણ વિચાર તો કરીએ. કે આપણો નંબર આ ચારમાંથી કયો છે? શું ખરેખર આપણે બધા ચોથા નંબરવાળા જ છીએ?

વિચાર કરો. જો ચોથા નંબરે નથી તો સાચા સમ્યગ્દૃષ્ટિ ભક્ત કેવી રીતે?

ભગવાનને માનવાની વાત સહેલી છે. એમાં કંઈજ તકલીફ નથી. પરંતુ ભગવાનની આજ્ઞારૂપ ધર્મ માનવો મુશ્કિલ છે. કારણ ધર્મમાં તો ઘણું છોડવું પડે છે અને ઘણા નિયમિત-વ્યવસ્થિત થવું પડે છે. કારણ કે ત્યાગ-અને તપના મૂલ પાયા ઉપર જ ધર્મની ઇમારત બંધાયેલી છે.

દર્શનધર્મની આરાધના ચરણ છે. જ્યારે જ્ઞાન, ચારિત્ર અને તપધર્મની આરાધના એટલી સરલ નથી હોતી. એટલા માટે દર્શન-પૂજા કરવાની પ્રતિજ્ઞા લેવા જલ્દી તૈયાર થઈ જઈએ. પરંતુ રાત્રિભોજનનો ત્યાગ, બ્રહ્મચર્ય, કંદમૂલ-અભક્ષ્ય-અનંતકાય-

ત્યાગ વગેરે ત્યાગપ્રધાન નિયમો કે પ્રતિજ્ઞાઓ લેવા એટલા જલ્દી તૈયાર નથી થતા.

* શ્રેણિક મહારાજા જેવા અવ્રતી હતા. બે ઘડીના વ્રત–પચ્ચક્ખાણ પણ તેમનામાટે મુશ્કિલ હતા–પરંતુ માત્ર દર્શનની પ્રતિજ્ઞાથી તર્યા.

* દેડકો પણ માત્ર પરમાત્માના દર્શનની ભાવનાથી દેવગતિ પામ્યો.

* શંખરાજાનો જીવ પોપટના પૂર્વભવે 'દર્શન કર્યા વિના આહાર પાણી લેવા નહીં' એવી પ્રતિજ્ઞા કરી. અંતે અનશન કરી પાંચ દિવસમાં પણ દેવગતિ સાધી. સ્વર્ગે ગયો.

**દેવપાલની શ્રદ્ધા અને ભક્તિ—**જંગલમાં જવું, લાકડાં-છાણાં વીણી લાવવાનું કામ. નિયમિત રોજ જંગલમાં ચાલ્યો જાય છે. એક દિવસ એક સ્થાને ખાડો ખોદતા કંઈક સફેદ આરસ જેવું દેખાયું. સાવધાનીથી માટી કાઢી...પ્રભુજીની પ્રતિમા બહાર કાઢી. બસ આ જ મારા ભગવાન....એમ કહી શ્રદ્ધા ભક્તિથી એક ઘર જેવું બંધાવી રોજ દર્શન કરવા લાગ્યો. પ્રતિજ્ઞા કરી-પ્રભુના દર્શન કર્યા વિના મોંઢામાં પાણી ન નાખવું. એક વાર સાત દિવસની વરસાદની મોટી હેલી શરૂ થઈ. અને દેવપાલ દર્શનાર્થે જઈ જ ન શકયો...એક–બે એમ કરતા સાત ઉપવાસ થઈ ગયા...અને પછી વરસાદ બંધ રહેતા, જઈને–પ્રભુ દર્શન કરીને પછી પારણું કર્યું. આ પ્રતિજ્ઞાપાલનનો લાભ પણ એને બહુ સારો મળ્યો. એક સામાન્ય માનવીની ગજબની શ્રદ્ધા.

*** ઇન્દ્રની ભક્તિ—**ઇન્દ્ર મહારાજા પણ પોતાના સિંહાસન ઉપરથી નીચે ઊતરી પ્રભુ જે દિશામાં વિચારતા હોય તે દિશા તરફ સાત ડગલાં આગળ જઈ યોગમુદ્રાએ નમુત્થુણં પૂર્વક નમસ્કાર કરી પછી બીજી પ્રવૃત્તિમાં લાગતા.

*** પ્રભુ દર્શનનો નંબર છેલ્લે—**શ્રદ્ધાના અભાવે બધું કાર્ય પતાવી પછી પ્રભુ દર્શને જવાની ભાવના શા માટે...? ● સવારે

દૂધ લેવા નીકળ્યો છું. દહેરાસર ખૂલ્યું હશે તો દર્શન કરતો આવીશ. ● શાકભાજી લેવા માટે નીકળ્યો છું. સમય મળશે તો દર્શન કરી લઈશ. ● ઓફિસે ધંધે નીકળ્યો છું-ગાડી પાર્કિંગ કરવાની જગ્યા મળશે તો દર્શન કરતો જઈશ. ● રાત્રે બાલ-બચ્ચા સાથે ફરવા નીકળ્યો છું, જો દહેરાસર મંગાલિક નહીં થયું હોય તો દર્શન થઈ જશે....

આવા વિચારો કરીને આપણે જીવનની દિનચર્યા ગોઠવી છે. જ્યાં ઘડિયાળના કાંટા જેવું-દોડધુમ-નાસ-ભાગનું જીવન હોય ત્યાં ક્યાંથી નિરાંતે-શાન્તિથી પરમાત્મભક્તિની અનુકૂળતા મળે ?

પહેલાં સંસારનાં બધાં કામો પતાવી દઉં-કારણકે-દૂધ, શાકભાજી, ઓફિસ વગેરે બહુ જ મહત્ત્વનાં કામો લાગે છે... પછી છેલ્લો નંબર ભગવાનનો. અને તેમ છતાં પણ ભગવાનના દર્શન કરવાનો નંબર ન લાગ્યો તો વાત જાય કાલ ઉપર. વિચાર કરો-પરમાત્માનું તેમજ પ્રભુભક્તિનું કેટલું મહત્વ સમજાયું છે ? જો આવી સ્થિતિ હોય તો શ્રદ્ધા કેટલી અને કેવી સમજવી ? દરેક કાર્યમાં જો First Priority પ્રાથમિકતા પ્રભુદર્શન ભક્તિને ન અપાય તો...કોઈ લાભ નથી. પ્રભાતે-બ્રહ્મમુહૂર્તે પહેલાં જ પ્રભુનું સ્મરણ કરવું.

શાસ્ત્રકાર ભગવંતો તો કહે છે કે - જિનદર્શન કરવાની ભાવનાથી ભાવના-ભાવતા ભાવતા જો દહેરાસર જવાય તો ક્રમશઃ કેટલા ઉપવાસનો લાભ મળે છે તે જૂઓ—

## પ્રભુદર્શનનો ફલ-મહિમા

—oo—

દેહરે જાવા મન કરે, ચોથતણું ફલ પાવે,
જિનવર જુહારવા ઉઠતાં, છઠ પોતે આવે. ॥ ૧ ॥

જાવા માંડયું જેટલે એ, અઠ્ઠમ તણો ફળ જોય,
ડગલું ભરતાં જિનભણી, દશમ તણો ફળ હોય ॥ ૨ ॥

જઇશ્યું જિનવર ભણી, મારગ ચાલંતા,
હોવે દ્વાદશ તણું, પુણ્ય ભકતે મ્હાલતા. ॥ ૩ ॥

અર્ધપંથ જિનવર ભણી, પનરે ઉપવાસ,
દીઠું સ્વામિતણું ભવન, લહીએ એક માસ. ॥ ૪ ॥

જિનવર પાસે આવતાએ, છ માસી ફલ સિદ્ધ,
આવ્યા જિનવર બારણે, વરસીતપ ફલ સિદ્ધ. ॥ ૫ ॥

સો વરસ ઉપવાસ પુણ્ય, પ્રદક્ષિણા દેતા,
સહસ વરસ ઉપવાસ પુણ્ય, જિન નજરે જોતા. ॥ ૬ ॥

ભાવે જિનવર જુહારીએ, ફલ હોવે અનંત,
તેહથી લહીએ સો ગુણો, જો પુજે ભગવંત. ॥ ૭ ॥

卐

## મોહનીયકર્મ—

**मज्जं व मोहणीअं, दुविहं दंसणचरणमोहा ॥**
**दंसणमोहं तिविहं, सम्मं मीसं तहेव मिच्छत्तं ।**
**सुद्धं अद्धविसुद्धं, अविसुद्धं तं हवइ कमसो ॥**

પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ કર્મગ્રન્થમાં મોહનીય કર્મ વિષે જણાવે છે કે—જેમ મદિરા માણસને વિવેકભ્રષ્ટ કરે છે, મૂંઝવે છે એટલે મૂંઝવનાર, વિવેકહીન કરનારને મદિરા કહીએ તે જ પ્રમાણે સ્વયં-શુદ્ધ-બુદ્ધ એવા આત્માને પણ સારાસારનો વિવેક ન કરવા દે, અને વિવેક ભ્રષ્ટ કરે, જે મારું નથી તેને વિષે જે મૂંઝવે, મોહ પમાડે તે મોહનીયકર્મ કહેવાય છે.

**મોહનીયકર્મ**

- દર્શન મોહનીય
- ચારિત્ર મોહનીય

દર્શન મોહનીય:

| સમ્યકત્વ મોહનીય | મિશ્રમોહનીય | મિથ્યાત્વ મોહનીય |
|---|---|---|
| સમ્યકત્વમાં મૂંઝવે તે સમ્યકત્વ મોહનીય. | મિશ્રપણામાં મૂંઝવે તે મિશ્ર મોહનીય | મિથ્યાત્વમાં મૂંઝાઈ રહેવું પડે તે મિથ્યાત્વ મોહનીય |

એક ઉપમાના દૃષ્ટાન્તથી આ સમજી શકાય છે—

| સમ્યકત્વ મોહનીય |
|---|
| III શુદ્ધ મેલરહિત વસ્ત્ર. |

| મિશ્ર મોહનીય |
|---|
| II અર્ધ શુદ્ધ વસ્ત્ર જેવું. |

| મિથ્યાત્વ મોહનીય |
|---|
| I મેલું મસોતા જેવું મલિન અશુદ્ધ વસ્ત્રની જેમ. |

શુદ્ધ ચોખ્ખું સફેદ વસ્ત્ર જેમ જમીન ઉપર ઘસાતાં ઘસાતાં મેલું, ગંદું થઈ જાય છે. અને રસોડામાં તે બિલકુલ મેલું મસોતા જેવું થઈ જાય છે. હવે એનો શુદ્ધ સફેદ રંગ દેખાતો પણ નથી, છતાં પણ સફેદ કપડું નથી એમ નહીં. મૂળમાં તો સફેદ જ છે. આ તો મેલનું આવરણ છે મેલે ઢાંકી દીધું છે એવા મેલથી મલિન કાળું-શ્યામ થયેલું અશુદ્ધ મલિન વસ્ત્ર જેવું છે; તે જ પ્રમાણે અજ્ઞાનના કારણે રાગ-દ્વેષાદિ ભાવોમાં અશુદ્ધ પુદ્ગલોથી અશુદ્ધ-મલિન થઈ ગયેલો આત્મા **મિથ્યાત્વ મોહનીય** કર્મવાળો કહેવાય છે.

હવે એ જ કાળા મસોતાને ધોવા બેસીએ-એને શુદ્ધ કરવા પ્રયત્ન કરીએ અને અર્ધું ધોવાઈ ગયું હોય, કંઈક કાળાશ ઓછી થઈ ગઈ હોય એવી અર્ધશુદ્ધ અવસ્થાની જેમ આત્માએ પણ મિથ્યાત્વના પુદ્ગલો અર્ધશુદ્ધ કર્યાં હોય તેને **મિશ્ર મોહનીય** કર્મ કહેવાય છે.

અને ત્રીજી અવસ્થામાં જ્યાં એ મસોતું ધોવાઈને ચોખ્ખું શુદ્ધ સફેદ થઈ ગયું છે. હવે મેલ ચાલ્યો ગયો છે. અને વસ્ત્ર શુદ્ધ થઈ ગયું છે. તે જ પ્રમાણે આત્મા ઉપરથી મિથ્યાત્વના મલિન અશુદ્ધ પુદ્ગલો નીકળી ગયા છે અને આત્માએ જે મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ કર્યા છે તે **સમ્યક્ત્વ મોહનીય** કહેવાય છે.

**સ્વભાવો :** આ ત્રણેય મોહનીયના સ્વભાવો ભિન્ન ભિન્ન છે. અને તેવા જ પ્રકારના સ્વભાવવાળા જીવો સંસારમાં જોવા મળે છે.

(૧) જેને શુદ્ધ ધર્મ, સાચું તત્ત્વ. સમ્યક્તત્ત્વ, સત્ય સ્વરૂપ સર્વથા રુચે જ નહિ. ગમે જ નહિ અને વિપરીત મતિ હોય તેને **મિથ્યાત્વ મોહનીય** કહેવાય છે. ઘણા જીવો આ ભેદના સ્પષ્ટ દૃષ્ટાંતરૂપે દેખાય છે.

(૨) નાલિયેરદ્વીપના માણસે જેમ અનાજ જોયું જ નથી તેને ક્યારેક અન્ન જોવા કે ખાવા મળે ત્યારે જેમ તેને અનાજ વિષે રાગ પણ નથી કે દ્વેષ પણ નથી તે જ પ્રમાણે જેને સત્ય સમ્યક્ જિનધર્મ વિષે રાગ પણ નથી અને અન્ય પ્રત્યે દ્વેષ પણ નથી એવો સ્વભાવ તે **મિશ્ર મોહનીય** કહેવાય છે.

## સમ્યક્ત્વનું પ્રગટીકરણ :—

જે જેનો મૂળભૂત સ્વભાવ છે તે તો તેનામાં પડ્યો જ હોય છે. તે કદાપિ તેનાથી છૂટું નથી પડતું–નષ્ટ નથી થતું, સફેદ વસ્ત્ર ભલે મલિન થઈ ગયું હોય. અશુદ્ધ થઈ ગયું પણ મૂળમાં એની સફેદી જે પડી છે તે ક્યાં જાય ? તે જ પ્રમાણે જીવ મૂળમાં જ મિથ્યાત્વના સ્વભાવવાળો નથી. છે તો શુદ્ધ સમ્યક્ સ્વભાવવાલો પરન્તુ આ રાગાદિ કારણે જીવ રાગી-દ્વેષી બનીને વાસ્તવિકતાનું ભાન ભૂલીને બેઠો છે. તીવ્ર-મોહદશામાં મિથ્યાત્વદશામાં પરિભ્રમણ કરતો જાય છે, મિથ્યાત્વના આશ્રવમાં જીવને કર્મબંધ પણ ઘણું, તેમ જ કર્મની સ્થિતિઓ પણ ઉત્કૃષ્ટ બંધાય છે.

અનાદિ અનન્ત કાળથી અનન્ત પુદ્ગલપરાવર્તકાળથી સંસાર-પરિભ્રમણના ચક્રમાં ભટકતો ભટકતો જીવ જ્યારે ભવિતવ્યતાના યોગે ચરમાવર્તમાં પ્રવેશ કરે છે...અને તેમાં પણ આગળ વધે છે. **"नदी–गोलपाषाणन्याय"**—જેમ એક પત્થર ડુંગર ઉપરથી નીકળતી નદીની સાથે ઘસડાતો ઘસડાતો પાણીના પ્રવાહની સાથે ખેંચાતો જાય છે અને પાણીની સાથે સેંકડો માઈલ દૂર પહોંચી જાય છે. પથ્થરનો કોઈ પ્રયત્ન નથી છતાં પણ એક સમયે ગોળ, સુંદર, મનોહર આકૃતિવાળો લીસ્સો થઈ જાય છે. તે જ પ્રમાણે અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતો કરતો, અનેક જન્મો ધારણ કરતો જીવ સ્વયં અકામનિર્જરા કરતો કરતો કર્મસ્થિતિ ઘટાડે છે.

સ્વયં જીવના પ્રયત્ન કરતાં તથાભવ્યત્વની પરિપકવ સ્થિતિના

કારણે જીવ કર્મસ્થિતિ ઘટાડતો સ્વયં સમ્યક્ત્વને યોગ્ય બને છે.

**ઘૂણાક્ષર ન્યાય—**

જેમ ઘૂણ નામનો કીડો જ્યારે લાકડું કોતરે છે અને લાકડું કોતરતો કોતરતો આગળ વધે છે. એ કીડાને ખબર પણ નથી હોતી કે હું શું કરું છું.

એ કોતરતો જાય છે ત્યારે એની સાથે અ ઈ તુ ક લ ય ર ન ત આવા અક્ષરોની આકૃતિઓ કોતરાતી જાય છે. ઘૂણને ખ્યાલ પણ નથી હોતો. આ જ 'ઘૂણાક્ષરન્યાય'ની જેમ જન્મ-મરણના અનંત સંસારમાં કર્મની થપેડોમાં ટીપાતો ટીપાતો જીવ સમ્યક્ત્વ પામવાની પૂર્વભૂમિકાની નજદીક આવે છે.

**યથાપ્રવૃત્તિકરણ—**જેમ કપડાં ઉપર પડેલા ડાઘ ઉપર ધૂળ વગેરે જામી ગઈ હોય તો તે ડાઘ બરોબર નજરમાં પણ ન આવે, દેખાય નહીં. પરંતુ તે ધૂળ વગેરે આવરણને જો બરોબર દૂર કરવામાં આવે તો ડાઘ દેખી શકાય.

**સમકિતપ્રાપ્તિને સમજાવતું યંત્ર**




એ જ પ્રમાણે આત્મા ઉપર રાગ-દ્વેષની નિબિડ ગાંઠ (ગ્રન્થિ) રૂપ જે ડાઘ પડેલો છે, તેના ઉપર કર્મોની દીર્ઘ સ્થિતિ રૂપી ધૂળ બાઝી ગઈ છે. હવે તે કર્મસ્થિતિરૂપ ધૂળને દૂર કરવી જોઈએ જેથી નીચે પડેલી રાગ-દ્વેષની ગાંઠ બરોબર જોઈ શકાય-બસ આ કર્મસ્થિતિને ઘટાડવાની પ્રવૃત્તિનું નામ તે યથાપ્રવૃત્તિકરણ કહેવાય

છે. સારા અધ્યવસાયની મદદથી આવી કર્મસ્થિતિને ઓછી કરી રાગ–દ્વેષની ગાંઠને જીવ બરોબર જોઈ શકે અને તોડવા પ્રયત્ન કરી શકે તે માટે યથાપ્રવૃત્તિકરણની આવશ્યકતા પડે છે.

અધ્યવસાયો કેટલા પ્રબલ હોય છે! અધ્યવસાય એટલે આત્માના પરિણામ વિશેષ–વિચારો. માણસ ધારે તો શુભ અધ્યવસાય અથવા અશુદ્ધ અધ્યવસાય કરી શકે છે. અશુદ્ધ અધ્યવસાયથી કર્મ બંધાય છે. અને શુદ્ધ અધ્યવસાયથી નિર્જરા થાય છે. કેવા અધ્યવસાય કરવા તે આપણા ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દ્રષ્ટંત લઈએ તો તેમને એક અંતર્મુહૂર્તમાં તો એવા અશુભ વિચારો કર્યા કે જેના બળે સાતમી નરકે સિધાવવા લાયક કર્મના દાળિયા એકઠા કરી શક્યા. અને પરિણામની ધારા બદલાતાં પશ્ચાતાપની ધારામાં ચઢતા ચઢતા કર્મ નિર્જરા કરતા કરતા, ક્ષપકશ્રેણી માંડીને કેવલજ્ઞાન પણ પામી ગયા...વિચારોનું કોઈ ઠેકાણું નથી હોતું. ક્યારે કઈ બાજુ વળે છે અને ક્યારે કઈ બાજુ વળે છે. રાગદ્વેષની નિબિડ ગાઢ એવી ગાંઠને ભેદવા માટે પણ જીવને શુભ અધ્યવસાયોની મદદથી જબરદસ્ત મહેનત કરવી જ પડશે.

યથાપ્રવૃત્તિકરણનો અર્થ એ છે કે આત્માની જે કર્મ ખપાવવાની અનાદિની પ્રવૃત્તિ ચાલી આવે છે, તેવી ને તેવી પ્રવૃત્તિ વિશેષ કરીને ગ્રન્થિ ભેદવા માટે કરવી. આત્મા કર્મોનું સ્થિતિબળ ઘટાડે છે, મિથ્યાત્વને મન્દ બનાવે છે. આમાં આત્માનો જે અનાભોગ પરિણામવિશેષ કારણરૂપ છે તે યથાપ્રવૃત્તિકરણ. નદી–પાષાણ ન્યાયે, ઘૂણાક્ષર ન્યાયે જીવ યથાપ્રવૃત્તિકરણ કરતો કરતો ગ્રન્થિને ભેદવા નજદીક આવે છે. અભવ્યો ક્યારેય આ ગ્રન્થિને ભેદી શકતા જ નથી. ભવ્ય જીવ જ આનો અધિકારી છે. ભવ્ય જીવો પણ આ પ્રયત્ન કરતા કરતા ઘણીવાર ગાંઠ સુધી નજદીક આવે છે અને પાછા પડે છે. અસંખ્યવાર આવે અને જાય છે.

આ ગાંઠને તોડી શકતા નથી અને પાછા વળે છે અને ફરીથી કર્મની એ મોટી સ્થિતિમાં પટકાઈ જાય છે. ઘણા તો એ ગાંઠની પાસે (ગ્રન્થિ-દેશમાં) પડ્યા જ રહે છે. નથી તોડી શકતા અને પાછા પડે છે.

## ત્રણ મિત્રોને ચોરો મળ્યા—

ત્રણ મિત્રો એક ગામથી બીજા ગામે જવા નીકળ્યા. રસ્તામાં લુટારુ ચોરો મળ્યા. બંને ચોરો સામે ધસી આવ્યા. આ ચોરોને આવતા જોઈને એક મિત્ર તો ગભરાઈને ભાગી જ ગયો, અને બીજો મિત્ર ડરીને ચોરોને શરણે થઈ ગયો. જ્યારે ત્રીજો મિત્ર હિંમતવાળો અને નીડર હતો, તે તો ચોરોનો સામનો કરવા તૈયાર થયો. થોડીવાર સુધી ચોરે હંફાવ્યો.. હિમ્મતથી લડ્યો અને બહાદૂરીથી ચોરોને ભગાડી મૂક્યા.

આ દૃષ્ટાંતથી વિચારતાં જણાય છે કે બંને ચોરો જેવા રાગ અને દ્વેષ છે. તે સામેથી ધસી આવે છે. એમની ગાંઠ બંધાયેલી પડી છે. હવે એમની સામે જીવ આવે છે. પરન્તુ જીવો ત્રણ મિત્રો જેવા છે. એક તો આવી જબરદસ્ત ભયંકર ગાંઠને જોઈને જ ભાગી જાય છે, ભેદી શકતો નથી. જ્યારે બીજો તો ગભરાઈને શરણે થઈ જાય અર્થાત્ વર્ષો સુધી ત્યાં જ (ગ્રંથિ-દેશ સમીપે) બેસી રહે છે. ત્રીજો હિંમતવાન છે. તે પ્રબલ શક્તિથી બલપૂર્વક ગાંઠનો સામનો કરે છે. અને તેને તોડે જ છૂટકો કરે છે. આ ગાંઠ ભેદીને જ આગળ વધે છે.

આપણે પણ નહીં ભેદી હશે તો ભેદ્યા વિના છૂટકો જ નથી. આ રાગ-દ્વેષની ગાંઠ ભેદાશે તો જ આગળ વધાશે. બાળકને નિશાળમાં બેસાડશો તો જ એક દિવસ B. A. M. A. થશે. નહીં તો આખી જિંદગી એવો ને એવો જ રહેશે.

**गंठि त्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व ।**
**जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥**

ગ્રંથિ એટલે ગાંઠ, જે દુર્ભેદ છે. આત્માનો રાગદ્વેષ-રૂપ જે કર્મજનિત મલિન પરિણામ તે ગ્રંથિ-ગાંઠ કહેવાય છે.

**અપૂર્વકરણ**—યથાપ્રવૃત્તિકરણ પછી અપૂર્વકરણ કરવું પડે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય સુધીના જીવો તો અપૂર્વકરણ કરી શકતા જ નથી. માત્ર આપણા જેવા સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો જ આના અધિકારી છે. અર્ધપુદ્ગલ-પરાવર્તકાળમાં જે જીવો મોક્ષે જવાના છે તે જ જીવો અપૂર્વકરણ કરી શકે છે. એવી જબરદસ્ત આ ગાંઠને ભેદવામાં અપૂર્વકરણનો હથિયાર-શસ્ત્ર તરીકે જીવ ઉપયોગ કરે છે. તો જ ગાંઠ ભેદી શકે છે. અપૂર્વકરણનો અર્થ એ છે કે-પૂર્વે (પહેલાં) ક્યારેય પણ નહીં અનુભવેલો એવો જીવનો અધ્યવસાય વિશેષ.

આ બંને કારણો આત્માની ઉન્નતિમાં સાધક છે. અપૂર્વકરણ યથાપ્રવૃત્તિકરણથી ચડિયાતું છે. પહેલાં યથાપ્રવૃત્તિકરણમાં આત્માની નિર્મળતાનો પાયો નંખાય છે અને અપૂર્વકરણ દરમ્યાન વિશેષ નિર્મળતા સધાય છે અને આત્મા ગ્રંથિ ભેદવા સમર્થ થાય છે.

**અનિવૃત્તિકરણ**—અ+નિવૃત્તિ-તે-અનિવૃત્તિ. સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યા વિના જે નિવૃત્ત નથી થતું તે અનિવૃત્તિકરણ. આ કરણ સમ્યક્ત્વ અપાવીને જ ખસે છે.

**અન્તરકરણ**

અનિવૃત્તિકરણરૂપ વિશુદ્ધ પરિણામની મદદથી મિથ્યાત્વ-મોહનીયકર્મના દલિકો કે જે અંતઃકોડાકોડી સાગરોપમ જેટલી દીર્ઘસ્થિતિવાળા છે તેના બે ભાગો પાડીને ઘણોખરો ભાગ અંતર્મુહૂર્તમાં ખલાસ કરી નાંખવો.

આ પ્રમાણે અનિવૃત્તિકરણના બળે અંતકરણ કરતાં જ્યારે નિષ્ઠાકાળનું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પહેલવહેલું મિથ્યાત્વ અટકે છે. કારણ કે પહેલેથી જ મિથ્યાત્વના દળિયા ત્યાંથી ખસેડી દીધા હોય છે. અહીંયા જે મિથ્યાત્વનો ઉપશમ કહેવાય છે અને તે ઉપશમદ્વારા પ્રગટ થતું સમ્યકત્વ તેને ઔપશમિક સમ્યક્ત્વ કહીએ છીએ. આ તો અંતર્મુહૂર્ત સુધી ટકે છે....ત્યાર પછી સામે રહેલા ત્રણ પુંજમાંથી જે પુંજ પામે તેવો બને....

મિથ્યાત્વ મોહનીય અને અનન્તાનુબંધી ક્રોધ–માન, માયા–લોભનો અનુદય એટલે ઉપશમ અને એ ઉપશમદ્વારા થતું સમ્યક્ત્વ તે ઔપશમિક, આ સમ્યક્ત્વ આ ત્રણ કરણો વડે થાય છે. ગ્રંથિભેદ થયા પછી આ પ્રગટે છે.

અને જો મિથ્યાત્વના ઉદય પામેલા પુદ્ગલોનો ક્ષય તેમ જ ન ઉદયમાં આવ્યા હોય તો ઉપશમ–એમ આ બંનેના મિશ્રિતભાવે થતું સમ્યક્ત્વ તે ક્ષયોપશમિક સમ્યકત્વ કહેવાય છે.




આ પ્રમાણે સમ્યકત્વ પામતાં જ જીવ સીધો પહેલા ગુણ-સ્થાનકેથી કુદકો મારી ચોથા સમ્યક્ત્વના ગુણસ્થાનકે આવી જાય

છે. શ્રેણિક મહારાજા, કૃષ્ણુ મહારાજા આ ગુણસ્થાનકે રહી જિન-ભક્તિ–શ્રદ્ધાથી ક્ષાયિક સમ્યક્ત્વના માલિક બન્યા. તીર્થંકર નામ-કર્મ બાંધીને ગયા અને આવતી ચોવીશીમાં તીર્થંકર પરમાત્મા બનશે.

સમ્યકત્વ પ્રાપ્તિ

| નિસર્ગથી | અધિગમથી |
| --- | --- |

"**તન્નિસર્ગાદધિગમાદ્વા**"–તત્ત્વાર્થમાં બંને માર્ગે સમ્યક્ત્વની પ્રાપ્તિ બતાવી છે.

(૧) નિસર્ગથી—વિરલા જીવો જગતના ભાવો–પદાર્થો જોતા સ્વયં સમ્યકત્વ પામી જાય તે માર્ગ નિસર્ગ સમ્યકત્વનો કહેવાય છે.

(૨) અધિગમ—ગુરુના ઉપદેશથી, તીર્થંકરપ્રભુના ઉપદેશ ઇત્યાદિ ઉપદેશ આદિના નિમિત્તે જે જીવ સમ્યક્ત્વ પામે તેને અધિગમ સમ્યકત્વનો માર્ગ કહ્યો છે.

ભગવાન શ્રીમહાવીરસ્વામી પરમાત્મા નયસારના પ્રથમ ભવમાં જંગલમાં મુનિમહારાજોને આહારદાન કરી, માર્ગ બતાવતાં ગુરુઉપદેશથી અધિગમ માર્ગે સમ્યકત્વ પામ્યા હતા. બસ, આ જ મૂળ બીજ જે પડયું હતું તે સત્તાવીસમા ભવે ઝાડ થયું અને ફળ ઊગ્યાં...અને તે નયસારનો આત્મા પ્રભુ મહાવીર બન્યો.

ધનસાર્થવાહના ભવમાં સમ્યકત્વ પામીને તેરમા ભવે એ આત્મા ઋષભદેવ ભગવાન બન્યા.

મરુભૂતિના જન્મમાં સમ્યક્ત્વ પામીને દશમા ભવમાં ભગવાન શ્રી પાર્શ્વનાથ બન્યા.

આ રીતે જોઈએ તો સમ્યક્ત્વ તો મૂળમાં બીજ તરીકે પડયું હોય છે અને પછી તે જ બીજ ઝાડ–ફળ બને છે એટલે સમ્યક્ત્વ તો મૂળભૂત પાયામાં બીજ તરીકે બહુ જરૂરી છે. એટલા માટે સમ્યકત્વ પામ્યા પછી જ ભવની ગણતરી થાય છે. તે પહેલાંના તો અનન્તા ભવો.. કયાં ગણવા બેસવા ?!

## પ્રથમ જ સમ્યકત્વ પામ્યાનો આનંદ

યથાપ્રવૃત્તિકરણાદિ ત્રણે કરણના અંતે જીવ જે સમ્યક્ત્વ પામે છે એનો આનંદ તો અદ્ભુત છે. ખરેખર તે તો અવર્ણનીય આનંદ છે.

(૧) જાણે ભયંકર ગરમીની ઋતુમાં જંગલમાં ચાલતા પગ બળતા હોય ત્યારે અચાનક ઠંડકનું સ્થાન મળી જાય તો કેટલો આનંદ ?

(૨) એટલું જ નહીં ત્યાં ઠંડું પાણી મળે, કોઈ શરીરે ચંદનનો લેપ લગાડી આપે અને કેવી મધુર ઠંડકનો અનુભવ થાય ! એ કેટલો આનંદ ?

(૩) જેમ કોઈ જન્મથી જ અંધ હોય અને આજ સુધી કંઈજ જોયું નથી એવી વ્યક્તિને એકાએક આંખો ખૂલી જાય કે મળી જાય તો કેટલો ગજબનો આનંદ આવે ?

(૪) ભયંકર દુઃસાધ્ય જીવલેણ રોગથી પીડાતા રોગીને સુંદર રામબાણ ઔષધ–દવા જો મળી જાય તો.

એવા અનેક દૃષ્ટાન્તોની સાથે સરખાવીએ એના કરતાં પણ આ ગજબનો અદ્ભુત આનંદ જીવ સમ્યકત્વ પામે ત્યારે અનુભવે છે.

## સમ્યગ્દષ્ટિ

હવે સમ્યકત્વ પામ્યા પછી જીવની દૃષ્ટિ સાવ બદલાઈ જાય છે. જલકમલવત્ સંસારથી નિર્લેપ થઈને રહે છે. દેવ–ગુરુ–ધર્મને

ઓળખવા-સમજવાની સાચી દૃષ્ટિ મળી જાય છે. તે સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે. એની દૃષ્ટિ તાત્ત્વિક અને સત્યાન્વેષી બની જાય છે. તત્ત્વદૃષ્ટિ બની જાય છે.

શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે—

या देवे देवताबुद्धि, गुरौ च गुरुतामतिः ।
धर्मे धर्मधीर्यस्य, सम्यक्त्वं तदुदीरितम् ॥

—વીતરાગ પરમાત્મામાં જ ભગવાન માનવાની બુદ્ધિ, પંચમહાવ્રતધારી ત્યાગી-તપસ્વી-કંચન-કામિનીના ત્યાગીને ગુરુ માનવા, અને વાસ્તવિક સાચા ધર્મને જ ધર્મ માનવાની બુદ્ધિને-શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું.

अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपण्णत्तं तत्तं, इअ सम्मत्तं मए गहियं ॥

—અરિહંત પરમાત્મા એ જ મારા ભગવાન, સાધુ ભગવંતો એ જ મારા ગુરુ, અને જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ એ જ સાચો ધર્મ આવી તત્ત્વદૃષ્ટિને જ સમ્યક્ત્વ કહ્યું છે, આવું સમ્યક્ત્વ મેં ગ્રહણ કર્યું છે.

"तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं"

જે જિનેશ્વર ભગવંતોએ કેવલજ્ઞાનથી જોઈને કહ્યું છે તેજ શંકારહિતપણે સત્ય છે. આ સમ્યક્ત્વીની માન્યતા રહે છે.

"नमुत्थुणं अरिहंताणं भगवंताणं" ।

—નમુત્થુણં સૂત્રની આ પ્રથમ ગાથા જ કેવી તર્કશુદ્ધ, યુક્તિયુક્ત આપેલી છે—"નમસ્કાર થાઓ અરિહંત એવા ભગવાનને." "नमो अरिहंताणं" કહ્યું છે. નમો ભગવંતાણં એકલું નથી કહ્યું. જેમ જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય; પરંતુ અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય કે ન પણ હોય. એ જ

પ્રમાણે જે જે અરિહંત હોય છે તે તે ચોક્કસ ભગવાન હોય છે. પરંતુ જે જે ભગવાન હોય તે તે અરિહંત હોય કે ન પણ હોય.

અત્યારે આધુનિકકાળમાં નીકળી પડેલા કહેવાતા ભગવાનો અરિહંત તો ચોક્કસ નથી...માટે તે કોઈ સંજોગોમાં માન્ય નથી. અરિહંત હોય એવા જ ભગવાનને નમસ્કાર થાઓ એવો તર્કશુદ્ધ ભાવ આ નમુત્થુણં સૂત્રમાં છે. શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા, સુલસા શ્રાવિકાની શ્રદ્ધા કેવી શુદ્ધ હતી? અદ્‌ભુત, અટલ અને દૃઢશ્રદ્ધાના બળે એ મહાન્ આત્માઓ તરી ગયા.

સમ્યગ્‌દૃષ્ટિ હંમેશા સત્યનો આગ્રહી હોય. સત્યદૃષ્ટિ હોય, એટલે 'Right is Might–સાચું તે મારું' આવી ભાવનાવાળો હોય; 'Might is Right મારું તે સાચું' એવી કદાગ્રહી બુદ્ધિવાળો ન હોય.

જીવ–અજીવ–પુણ્ય–પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષાદિ નવે તત્ત્વોને સારી રીતે માને, સમજે; તે જ પ્રમાણે

પરમાત્મા, પૂર્વજન્મ, પુનર્જન્મ, સુખ–દુઃખ, પુણ્ય–પાપ, ધર્મ–અધર્મ, સ્વર્ગ–નરક, કર્મ-કર્મબંધ-કર્મક્ષય, તેમ જ મોક્ષાદિ તત્ત્વો સમ્યકત્વીની માન્યતામાં રહે છે, અને તેથી જ સમ્યગ્‌દૃષ્ટિ આસ્તિક હોય છે.

સમ્યગ્‌દૃષ્ટિ વૈમાનિકાદિ સુંદર સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રોમાં સમ્યકત્વના વિભિન્ન પ્રકારો તથા તેના લક્ષણાદિ ૬૭ બોલ જે બતાવેલા છે તે સમજવા, જાણવા.

સર્વ જીવો સમ્યકત્વ પામો, સર્વે સમ્યગ્‌દૃષ્ટિ બનો એ જ શુભ અભિલાષા સાથે...સર્વ મંગલ.

卐

卐 સૌજન્ય 卐

# શેઠશ્રી અમુલખભાઈ પ્રેમચંદભાઈ સવાણી

## નાનપુરા–સુરત.

ના સહયોગથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.


—: પ્રકાશક :—

**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ–૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ**–૪૦૦ ૦૦૨.

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

જૈનદર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત

**સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા**

મુખ્યવિષય :→ **'કર્મ તણી ગતિ ન્યારી....'**

પ્રવક્તા :→ **પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ**
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય : **શ્રી મહાવીર શિક્ષણ શિબિર**

સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| ભાદરવા સુદ ૧૦ | વ્યાખ્યાન આઠમું | રવિ તા. ૨૯-૮-૮૨ |
|---|---|---|

## વિષય : વિષય + કષાય = સંસાર

વ્યાખ્યાતા : **પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ**

અવતરણકાર : **કપિલરાય નાનાલાલ ઠાકુર**

---

**जहा मोहोदओ तिव्वो, अन्नाणं खु महाभयं ।**
**तया एगिंदिए जम्मो, सम्मं जाणाहि गोयमा ! ॥**

ગુરુ ગૌતમસ્વામીને જણાવતાં ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્મા ફરમાવે છે કે હે ગૌતમ ! જ્યારે મોહનો ઉદય તીવ્ર હોય અને અજ્ઞાનનો ભયંકર ઉદય હોય ત્યારે પંચેન્દ્રિયમાંથી પડીને જીવ સીધો એકેન્દ્રિયમાં પણ જન્મ ધારણ કરે છે.

સંસારમાં મોહ મમત્વનો જ ઉદય તીવ્ર છે. અને આઠે કર્મોમાં પણ મોહનીય કર્મ જ સહુથી વધુ પ્રબળ છે. આત્માનો મૂળભૂત ગુણ છે અનન્ત ચારિત્ર, યથાખ્યાતસ્વરૂપ. આત્મગુણની

રમણતા એજ અનન્ત ચારિત્ર. પરંતુ એ ગુણ ઉપર આવરણ આવે છે તેનું નામ "મોહનીય કર્મ" છે.




મોહનીય કર્મ મદિરા જેવું છે. જેમ દારૂ મદિરા પીધેલો માણસ વિવેક–ભાન–ભૂલે છે કે આ મારી બહેન છે કે પત્ની? આ મારી માતા છે કે ભાભી, કે પત્ની? અને ભાન ભૂલી નશામાં વિવેકહીન મર્યાદાહીન વિપરીત વર્તન કરે છે. બસ, મોહનીય કર્મ પણ મદિરા પીધેલા માણસ જેવું જ છે. મોહનીયના કારણે જીવ સાચાને સાચું, મારું જે છે તેને પોતાનું ન સમજતા, ખોટાને સાચું, સાચાને ખોટું, અને પારકું પૌદ્ગલિક તે મારું પણ મારા આત્મગુણો તરફ પોતાપણાનો કોઈ લક્ષ નથી. અનાદિકાળથી જીવ આ ભાન ભૂલી બેઠો છે. અને એના જ કારણે આજદિન સુધી મારું–મારું રટયા કરે છે.

**अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।**
**नाऽहं न ममेति मन्त्रोऽयं, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥**

ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે–બસ "હું અને મારું" આ જ જગતને આંધળું કરનારો મોહનો મંત્ર છે. અને આનું વિપરીત કરીએ. "**नाऽहं**" "**न मम**" "હું કોઈનો નથી અને મારું કોઈ નથી"–આ મંત્ર મોહનીય કર્મને જીતવાનો મંત્ર છે.

**હું અને મારું :**

હું અને મારું—ગુજરાતી ભાષામાં
मैं और मेरा—હિન્દી ભાષામાં
I and My—અંગ્રેજી ભાષામાં
**मी आणि माझा**—મરાઠી ભાષામાં
**अहं——मम——**સંસ્કૃત ભાષામાં

આવી રીતે જોઈએ તો દરેક ભાષામાં હું અને મારાપણાનો ભાવ પ્રબળપણે રહેલો છે. કોઈ પણ ભાષાભાષી વ્યક્તિ આ પ્રયોગ તો અચૂક કરે છે. એ વિના ચાલતું જ નથી. દરેકનો આના વિના તો વ્યવહાર જ નથી ચાલતો. પરંતુ આ શબ્દો પણ કંઈક સૂચવે છે. આ શબ્દોનો પ્રયોગ કરતા આપણે બોલીએ છીએ-મારું મકાન, મારું ઘર, મારાં કપડાં, મારી પત્ની, મારા છોકરા, મારા પૈસા, મારી ગાડી, મારી ઘડિયાળ વગેરે...પરન્તુ ક્યારેય આપણે હું ગાડી, હું ઘર, હું મકાન, હું કપડાં, હું પત્ની, હું છોકરો, હું પૈસા, હું ઘડિયાળ આવી ભાષા નથી બોલતા. કોઈ ગાંડો માણસ પણ નથી બોલતો. આવી ભાષા કોઈને બોલતા પણ આપણે નથી સાંભળી. એટલે 'મારું' શબ્દ વાપરીએ છીએ. 'મારું' શબ્દ સંબંધવાચી છે. વસ્તુની સાથે મારાપણાનો સંબંધ સૂચવે છે. પરંતુ આ સંબંધથી સંબંધી એવો આત્મા તો જુદો જ છે. એ આત્મા 'મારા' શબ્દથી વાચ્ય નથી પરંતુ 'હું' પદથી વાચ્ય છે. હું–આત્મા. હું શરીર પણ નથી બોલતા. મારું શરીર કહીએ છીએ. એટલે મારું શરીર એમાં આ સંબંધ દર્શાવનાર મારું કહેનાર અંદર કોઈ બીજો જ છે. અને તે જ "આત્મા."

પરંતુ 'હું આત્મા' કહેનારા જીવે 'મારું મારું'...કરીને કેટલો જબરદસ્ત મોહ–મમત્વનો સંસાર ઊભો કરી દીધો છે. બસ, એના વિના ચાલતું જ નથી.

## સંસાર કેવી રીતે બન્યો ?

$H_2O$=Water. જેમ આપણે શીખ્યા છીએ. એટલે Hydrogenના ૨ ભાગ અને Oxygen નો એક ભાગ એમ બંનેના સંયોજનથી પાણી બને છે. તો પછી સંસાર કેવી રીતે બન્યો ? આ સંસાર કોના સંયોજનથી બને છે ? એટલે આનો ઉત્તર આપતા જણાવે છે કે—

વિષય+કષાય=સંસાર.

વિષય અને કષાય આ બે ભેગા થાય-આ બેનું સંયોજન થાય એટલે આખો સંસાર ઊભો થઈ જાય છે અને આ જ વસ્તુ સંસારમાં સર્વત્ર જોવા મળે છે. વિષય-વાસના અને કલેશ-કષાયનો જ બનેલો આ સંસાર છે, તો આમાં તો બીજું શું જોવા મળે? જે હોય તે જ ને?

મોહનીયથી જ સંસાર બને. સંસારમાં પાછું મોહ-મમત્વ એટલે ફરી મોહનીય કર્મ બંધાય, એટલે એનો કોઈ અંત જ નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવતાં પ્રભુએ કહ્યું છે કે—

**रागो य दोषो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयन्ति ।**
**कम्मं च जाइमरणस्समूलं, दुक्खं च जाइमरणं वयन्ति ॥**

રાગ અને દ્વેષ એ જ કર્મના બીજ છે, અને કર્મથી મોહ ઉત્પન્ન થાય છે, જન્મ-મરણનું મૂળ પણ કર્મ જ છે, અને જન્મ-મરણ એ જ દુઃખ કહેવાય છે.

દર્શનમોહનીયનો વિભાગ ગત વ્યાખ્યાનમાં આપણે જોઈ ગયા છીએ. દર્શનમોહનીયના ક્ષયોપશમે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. સાથે અનંતાનુબંધી ચારે કષાયો જાય તો આત્મા આસ્તિક મતિવાળો શ્રદ્ધાળુ બને છે. ધર્મ ગમે ખરો. તત્ત્વ રુચે પરંતુ ચારિત્રમોહનીયનો જો તીવ્ર ઉદય હોય તો જીવને આચરણ ન ગમે. એટલા માટે જેટલા અંશે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ તેટલા અંશે આત્માને ધર્મ-વ્રત-પચ્ચક્ખાણ વગેરે કરવાની રુચિ જાગે. ભાવના થાય-જીવ આચરે પણ ખરો. સમસ્ત સંસારમાં સર્વત્ર કલેશ-કષાયનો આખો નાટક આ જ મોહનીય-કર્મના પ્રબળ ઉદયના કારણે દેખાય છે. જીવોનું લડવું-ઝઘડવું, મારા-મારી, કાપા-કાપી, ગાળા-ગાળી, બોલ-ચાલ, આકર્ષણ અને અદેખાઈ, વેર-ઝેર, કલેશ-કષાય, ઇર્ષ્યા-અદેખાઈ, માન-અપમાન, માયા-કપટ, છળ-પ્રપંચ, દગો-વિશ્વાસઘાત, લોભ-

પ્રલોભન, લાલચ–લાલસા, હસવું–રડવું, ભય–શોક, ગમો–અણગમો, વિષય–વાસના, આદિ અનેક બાબતો મોહનીયકર્મના કારણે જ દેખાય છે.

## રાગ–દ્વેષનો સંસાર :

ભગવાન શ્રી પાર્શ્વનાથપ્રભુના દશ ભવમાં દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે એક માના સગા બે દીકરા–મરુભૂતિ અને કમઠ સગા બે ભાઈઓની દ્વેષની વૈરપરંપરા–દશ ભવ સુધી કેવી ભયંકર ચાલી કમઠ પ્રથમ ભવથી જ એવો વૈરી બન્યો કે પછી તો દરેક ભવમાં ભગવાન પર જીવલેણ હુમલો કરીને મારનાર જ થયો. દ્વેષનો–વૈરના નિયાણાનો ભયંકર સંસાર ચાલ્યો. પરંતુ સમતાના સાધક પરમાત્મા ભવપરંપરામાંથી છૂટી ગયા. અને તીર્થંકર બનીને દશ જ ભવમાં સંસારનો અંત લાવીને મોક્ષે ચાલ્યા ગયા. જ્યારે કમઠ કેટલીય વાર નરકનાં ભયંકર દુઃખો ભોગવીને આજે પણ સંસારમાં જ રખડી રહ્યો છે.

સંસાર રાગ–દ્વેષ વધારનાર છે. અને રાગ–દ્વેષ સંસાર વધારનારા છે. માટે સંસારે છોડવા લાયક છે અને રાગ–દ્વેષ તો સર્વથા ત્યાજ્ય અનાચરણીય જ છે.

ભગવાન નેમિનાથ અને રાજુલનો રાગનો સંસાર નવ–નવ ભવ સુધી ચાલ્યો. નવ–નવ ભવ સુધી એક સાથે સંબંધો બંધાયેલા રહે અને સાથે રહેવું વગેરે બધું રાગમોહનીયના કારણે થયું. અંતે નેમિકુમારે રાગને તોડ્યો. રાજુલ સાથેનો સંબંધ છૂટ્યો. બંને આત્માઓ સંસાર ત્યાગી મોક્ષે ગયા.

શંખ અને કલાવતીનો એકવીસ ભવનો સંસાર ચાલ્યો. રાગમોહનીયના તાંતણે બંધાયેલાની ભવપરંપરા ગજબની ચાલી અને રાગ ક્યાં એકલો રહે છે. રાગ પછી દ્વેષ અને દ્વેષ પછી રાગ આ તો સંસારમાં ચક્રની માફક ચાલ્યા જ કરે છે. રાગ પછી દ્વેષ તો લગભગ એંશી ટકા દેખાય છે. પરંતુ દ્વેષ પછી

રાગ ઘણા ઓછા પ્રમાણમાં દેખાય છે. જીવનમાં તડકા-છાયાની ~~જેમ જ રાગ-દ્વેષ સાથે જ છે. અને એ~~વા વણાઈ ગયા છે કે રાગ-દ્વેષ વિનાનો એક દિવસ પણ નથી જતો.

સુલોચના રાજકુમારીએ પોપટની પાંખો કાપી અને તે બાંધેલા વૈર-ઝેરના પાપકર્મે પોપટના જીવે શંખના ભવમાં પોતાની પત્ની કલાવતી તરીકે જન્મેલી સુલોચનાનું વેર કાંડા કપાવીને વાળ્યું. રાગ-દ્વેષના સંસારમાં તો વૈર-ઝેરની પરંપરાનું ચક્ર સદાય ચાલતું જ રહે છે. બસ, એનું જ નામ સંસાર છે. સંસાર કંઈ બીજી વસ્તુનું નામ નથી. સંસરણશીલ સ્વભાવ જ સંસારનો છે. સંસાર પણ અનાદિ-અનંતકાળ શાશ્વતો છે. સંસારનો અંત નથી આવવાનો. આપણે આપણો અંત લાવવાનો છે. સંસાર આપણો અંત લાવવાનો? કે આપણે સંસારનો અંત લાવવાનો છે?

જરા વિચાર કરીએ-સંસાર આપણને પકડીને બેઠો છે કે આપણને સંસારને પકડીને બેઠા છીએ?

આપણે સંસારને નથી છોડતા? કે સંસાર આપણને નથી છોડતો?

**સંસારનું બંધન :**

એક યુવાન રસ્તા ઉપર ઈલેકટ્રીકના થાંભલાને પકડીને ઊભો છે. બૂમો પાડે છે-બચાવો...બચાવો....છોડાવો.. છોડાવો....બે-ચાર મુસાફરોને રસ્તે ચાલતા દયા આવી...ચાલો છોડાવીએ. બે જણે જમણો હાથ, અને બીજા બે જણે ડાબો હાથ પકડીને ખેંચવા માંડ્યો...પણ પેલો વધુ જોરથી કસીને પકડે છે અને છતાં પણ બચાવો....બચાવોની બૂમો પાડે છે. અંતે પેલા મુસાફરો સમજી ગયા...બે લાફા મારીને બોલ્યા...ભલા માણસ થાંભલાએ તને પકડ્યો છે? કે તેં થાંભલાને પકડ્યો છે? તારે છોડવો નથી? કે પછી થાંભલો તને છોડતો નથી? અરે થાંભલો તે પકડતો હશે?

તે તો જડ છે. તારે જ છોડવો નથી અને ખોટી બૂમો શું કરવા પાડે છે? છોડવો હોય તો હાથ ઢીલા કરીને છોડ–હમણાં છૂટી જશે.

પેલા યુવાને કહ્યું, 'તો પછી તમે ભગવાન પાસે, ઉપાશ્રયમાં મહારાજો પાસે જાઓ છો...અને કરગરો છો સાહેબ! છોડાવો આ સંસારથી! કેમ? તો તમને સંસારે પકડી રાખ્યો છે? કે તમે સંસારને પકડી રાખ્યો છે? તો પછી છોડી દો ને સંસાર. શું કરવા રોજ મહારાજો પાસે જાઓ છો....શું કરું સાહેબ, છોડવો તો છે પણ છૂટતો નથી....વાહ ભાઈ વાહ! કેવું બોલાય છે. છોડવો તો છે પણ છૂટતો નથી....આ તો કોને ઠગવાની વાત? મહારાજને કે પોતાના આત્માને?'

છ... છ. ખંડના ચક્રવર્તીઓ સંસાર છોડીને ચાલ્યા ગયા. અઢળક ઋદ્ધિ–સિદ્ધિ અને ચોસઠ હજાર સ્ત્રીઓનો પરિવાર છોડી દીધો તો તમારો સંસાર છે કેટલો? બે–ચાર–છ માણસોનો પરિવાર છે...અને થોડી મૂડી... તો પછી આટલો નાનકડો સંસાર તો છોડતા વાર શી? રમતમાં છૂટી જાય...

**પર૭ સાથે દીક્ષા...**જંબૂ કુમાર જેવા આગલી રાત્રે આઠ કુમારિકાઓ પરણ્યાં છતાં પણ રાત્રીએ બધાને વૈરાગ્યભાવથી સમજાવી વિરક્ત કરી...અને વચ્ચે સાથે પ્રભવાદિ ૫૦૦ ચોરો આવ્યા તો તેમને પણ બોધ આપી વૈરાગી બનાવ્યા. પોતાના માતા–પિતા, કન્યાઓના માતા–પિતા એમ પ્રભાતે તો પર૭ના કાફલા સાથે સુધર્માસ્વામી પાસે દીક્ષા લેવા પહોંચ્યા. ધન્ય હતા એ અંતિમ કેવલી જંબૂસ્વામી, જેણે પાંચસો ચોરોને પણ તાર્યા, સ્વયં તર્યા અને બીજાને પણ તાર્યા.

**વૈરાગ્ય પમાડવાનો ઉપાય**—સ્વયં પોતાના જ જેવી આબેહૂબ રૂપ-લાવણ્યવાળી કાષ્ઠપુતળી બનાવીને જે રોજ પોતે ખાય તે જ તેને પણ ખવડાવતી....અને થોડા દિવસો પછી પોતાને પરણવા

આવેલા એક પછી એક રાજકુમારને એ ઓરડામાં લઈ જઈ એ પુતળીનું રૂપ દેખાડી...માથું ઉઘાડીને વૈરાગ્ય પમાડી અનેકને વૈરાગ્યવાસિત કર્યા અને એક હજાર યુવાન રાજકુમારો સાથે મિથિલાની રાજકુમારી મલ્લીકુમારીએ દીક્ષા લીધી અને ઓગણીસમા તીર્થંકર મલ્લીનાથ ભગવાન બન્યા.

**આ તે કેવી મોહ દશા !**—વીશ વીશ વરસનાં વ્હાણાં વીતી ગયાં છતાં હજી પણ ઈલાચીકુમાર એક નટીના મોહમાંથી છૂટી શકતો નથી. એક ઉચ્ચ ઘરના મા-બાપનો લાડકવાયો સુખી નબીરો જેને પરણવા એક એકથી ચઢિયાતી સેંકડો યુવતીઓ તૈયાર હતી છતાં પણ એ ઈલાચીકુમાર એક રસ્તા ઉપરની નટીને નાચતી જોઈને એમાં મોહિત થઈ ગયો. બસ, એની પાછળ પાગલ થઈ ગયો. વીશ વરસથી એને પરણવા માટે મહેનત કરી રહ્યો છે. કેટલી ગજબની મોહદશા! મોહનીયકર્મ ભલભલાને કેવા ગાંડા કરીને નચાવે છે. લોકો કેવા પાગલ બનીને નાચે છે, રખડે છે એવા તો અનેક લોકોને આજે પણ આપણે જોઈએ છીએ.

પરંતુ ધન્ય હતા એ ઈલાચીકુમાર કે જેણે મોહદશાનો કેફ ક્ષણભરમાં ઉતારી નાખ્યો અને દોરડા ઉપર નાચતા નાચતા જ કેવલજ્ઞાન પામી ગયા. પોતે પામતા ગયા અને બીજાને પણ પમાડતા ગયા.

**પુત્ર-મમત્વ**—ચોર્યાશી લાખ પૂર્વમાંથી ત્યાશી લાખ પૂર્વનો કાળ તો સંસારમાં કાઢ્યો અને માત્ર ૧ લાખ પૂર્વ આયુષ્ય બાકી રહ્યું ત્યારે સો પુત્રોના પિતા એવા ઋષભદેવ ભગવાને સંસાર છોડી દીક્ષા લીધી. છતાં એ ઉંમરે પણ મરુદેવા માતાને પુત્ર ઉપર કેવો ગજબનો મોહ હશે કે પુત્રવિયોગમાં વિલાપ કરી રડતાં રડતાં માતાજીએ આંખો પણ ખોઈ નાંખી. પુત્રની પાછળ આવી મોહદશા...અને માતાજી મનમાં ને મનમાં

કેટલા દુઃખી થતા...ભરતને ઓલંભો દેતા. અરે ભરત! તું તો સુખસાહેબી ભોગવે છે, મોજશોખ કરે છે, અને મારા સુતની તો વાત પણ નથી પૂછતો...આવી તો વિલાપમાં રાગની ભાષા કેટલીય વાપરે છે.

એક દિવસ ભરત મરુદેવા માતાને હાથીની અંબાડીએ બેસાડીને ઋષભદેવ પ્રભુના દર્શને લઈ જાય છે, ત્યારે દૂરથી જ અપૂર્વ ધ્વનિ સાંભળી માતાજી આશ્ચર્ય પામી ભરતને પૂછે છે— 'એહ અપૂરવ વાજાં, કિંહા વાજે છે એહ તાજાં...' ત્યારે ભરતે પ્રભુની ઠકુરાઈનું વર્ણન કર્યું, અને માતાજી એ જોવા ઉત્સુક બન્યાં.

"ગયો મોહ અનિત્યતા ભાવે...'

બસ, અનિત્ય ભાવનાએ, એકત્વ ભાવનાએ મોહદશા ઝપાટાબંધ ઓગળવા માંડી અને ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ અને હાથીની અંબાડીએ જ બેઠા બેઠા કેવલજ્ઞાન પામી...અંતર્મુહૂર્તમાં આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે સિધાવ્યા–ગજબની મોહદશાને પણ ઝડપથી ક્ષય કરી કેવલી બની મોક્ષ મેળવ્યો.

**રાગ-દ્વેષનાં પર્યાયવાચી નામો :**

**इच्छा-मूर्च्छा-कामः-स्नेहो-गार्ध्यं-ममत्वमभिनन्दः ।**
**अभिलाष इत्यनेकानि रागपर्यायवचनानि ॥**

ઇચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનન્દ, અભિલાષા ઇત્યાદિ અનેક શબ્દો રાગના માટે પર્યાયરૂપે વપરાય છે.

**इर्ष्या रोषो दोषो द्वेषः परिवादमत्सरासूयाः ।**
**वैरप्रचण्डनाद्यनेके द्वेषस्य पर्यायाः ॥**

ઈર્ષ્યા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા, વૈર અને પ્રચણ્ડન આદિ અનેક શબ્દો દ્વેષ માટે પર્યાયરૂપે વપરાય છે.

રાગ–દ્વેષ જ મૂળભૂત કષાયો છે. હકીકતમાં રાગ–દ્વેષ એ

જીવનો સ્વભાવ નથી, વિભાવ છે. પ્રકૃતિ નથી, વિકૃતિ છે. છતાં પણ રાગ-દ્વેષ જીવો સાથે એવા વણાઈ ગયા છે કે રાગ-દ્વેષ વિના ચાલતું જ નથી. એનું જ આલંબન 'ડગલે ને પગલે લેવું પડે છે. અને એના જ આશ્રયે ચાલે છે.

ઘણા જીવોને ક્રોધ ન કરે તો નથી ચાલતું....'પણ સાહેબ. એ તો થોડો ઘણો તો ક્રોધ કરવો જ પડે...નહીં તો છોકરા માથે ચઢી જાય. થોડી આંખ કાઢીએ, થોડીવાર હાકોટા પાડી જોરથી બોલીએ તો નોકર-પણ સીધો ચાલે. અને કામ કરે...'

હાશ ! માણસને જીવવા માટે, સંસારમાં રહેવા માટે, અને કામ કરવા અને કરાવવા માટે પણ ક્રોધાદિ કષાયોનો આશ્રય લેવો પડે છે. એ વિના નથી ચાલતું એ વિના નથી જીવાતું. ઘણાને ક્રોધ કરવાથી-બે શબ્દ જોરથી ઉતાવળથી, આંખ કાઢીને બોલે અને કામ થઈ જાય, અથવા વિજય મળી જાય એટલે બસ. એક વાર બે વાર આવું બને એટલે પછી તો નક્કી જ કરી લે કે હવે તો જીવવા અને જીતવા માટે આ જ રસ્તો છે.

**અનાદિની કષાયોની ટેવ**—રાગ-દ્વેષાદિની અનાદિની ટેવ જીવની પડી છે. ચારેય ગતિમાં અને એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીની પાંચેય જાતિમાં કષાયોની ટેવ સર્વત્ર જોવામાં આવે છે. કઈ ગતિમાં જીવે ક્રોધ નથી કર્યો, ક્યાં જીવે લોભ નથી કર્યો, કયો ભવ રાગ-દ્વેષ વગરનો કર્યો છે? આ જ કારણે જીવને રાગ-દ્વેષની ટેવ પડી ગઈ છે. હવે આ અનાદિની ટેવ જતી નથી. આ સંસ્કારો ભુંસાતા નથી. અને જીવ એને જ પોતાની પ્રકૃતિ-સ્વભાવ માની બેઠો છે. આપણે એકબીજાની ઓળખ આપતા પણ કહીએ છીએ કે આ તો ભયંકર ક્રોધી છે, આ તો ખૂબ અભિમાની છે. આ તો એવો લોભિયો છે કે કોઈ પણ વસ્તુ દેખી ન છોડે. એટલે ક્રોધાદિ કષાયો તો આપણી સાથે હૃદયમાં

સાકરની જેમ એવા ભળી ગયા છે, મળી ગયા છે કે તેનાથી જ આપણી ઓળખ અપાય છે.

**ક્રોધમાં મરી ચંડકૌશિક સાપ થયા—**

સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ્ય;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ...કડવાં....

વિહાર કરતાં ચાલતાં ચાલતાં ગુરુજીના પગ નીચે દેડકી ચગદાઈ ગઈ. શિષ્યે પ્રતિક્રમણ સમયે યાદ કરાવ્યું. ગુરુને અપમાન લાગ્યું અને દાંડો લઈને જીવને મારવા દોડ્યા. રાત્રિના અંધારાનો સમય....ઉપાશ્રયમાં થાંભલા સાથે માથું ભટકાયું અને મૃત્યુ પામ્યા. મરીને કનકખલ આશ્રમમાં કૌશિક નામે તાપસ થયા, પરંતુ પ્રચંડ-(ચંડ) એટલે ભયંકર ક્રોધ કરતા હોવાથી ચંડ શબ્દ તેમના નામ આગળ જોડાઈ ગયો અને ચંડકૌશિકના નામે ઓળખાયા. આશ્રમમાં ફળ તોડવા આવેલા છોકરાઓને મારવા દાતરડું હાથમાં લઈ દોડતા, ખાડામાં પગ આવ્યો, પડી ગયા. અને પોતાના જ હાથમાંના શસ્ત્રના કારણે મારવાની ક્રોધની બુદ્ધિમાં મૃત્યુ પામ્યા અને ચંડકૌશિક સાપ થયા...એક રક્ષક મટી ભક્ષક બન્યા. ષડ્જીવનિકાયના રક્ષક સાધુ મટીને અનેકોના ભક્ષક બન્યા. ચંડકૌશિકનો ક્રોધ એટલે કેટલો ભયંકર ક્રોધ? દૃષ્ટિમાં પણ ઝેર, એટલે દૃષ્ટિવિષી સર્પ કહેવાયો....અને પ્રભુના ચરણોમાં ડસ્યો.

**એક છોકરો બટકું ભરે અને સાપ મરી જાય—**

ઘણા સાપોની વચ્ચે રહેતો એ છોકરો આફ્રિકાનો હબસી હતો. ઝેરી સાપ એને કરડે તો એને કોઈ અસર નહોતી થતી પરંતુ એ છોકરો જો સાપને બટકું ભરે તો સાપ તુરંત મરી જતો હતો. આશ્ચર્ય એ વાતનું હતું કે સાપ ઝેરી કે છોકરો ઝેરી?

સાપના શરીરમાં તો દાંતની દાઢામાં ઝેર હોય છે, ઝેરની કોથળી હોય છે. ગારુડિક સાપને પકડીને ઝેરની કોથળી કાઢી

નાંખે એટલે સાપ નિર્વિષ થઈ જાય. પરંતુ માણસના શરીરમાં ઝેર કયાં રહે છે? નથી તે દાંતમાં કે નથી દાઢામાં. શરીરમાં કોઈ એવી કોથળી પણ નથી. માણસના શરીર ઉપર એવાં ઓપરેશનો કરીને પ્રયોગો પણ કરવામાં આવ્યા છે. પરંતુ કોઈ ભાગમાં ઝેર નથી મળ્યું....પરંતુ ભયંકર ક્રોધના આવેશમાં લોહીમાંથી એક Poison ઝેરી તત્ત્વ છૂટું પડે છે તે જ આ ઝેર...કેટલું ખતરનાક હોય છે કે જે સ્વ અને પર બંનેને ભયંકર નુકશાન કરે છે.

કષાય મોહનીય

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| અનન્તાનુબંધી | અપ્રત્યાખ્યાનીય | પ્રત્યાખ્યાનીય | સંજ્વલન |
| ૪ | ૪ | ૪ | ૪ |
| ક્રોધ, માન | ક્રોધ, માન | ક્રોધ, માન | ક્રોધ, માન |
| માયા, લોભ | માયા, લોભ | માયા, લોભ | માયા, લોભ |

કાળ મર્યાદા, તેમ જ તીવ્ર-મન્દતાની તરતમતા આદિ કારણોથી ક્રોધાદિ કષાયોના ૪ વિભાગ પાડવામાં આવ્યા છે. જે ચારે પ્રકારો આત્માને ભયંકર નુકશાન પહોંચાડનારા છે, આત્મગુણોને પ્રગટ ન થવા દેવામાં પ્રતિબંધક છે.

## પ્રતિક્રમણ વ્યવસ્થા :

કષાય સ્થિતિને અનુરૂપ પ્રતિક્રમણ વ્યવસ્થા છે. કારણ કે તે તે કષાયોના નાશ માટે તે તે પ્રતિક્રમણ કાળ પ્રમાણે કરવામાં આવે અને મિચ્છા મિ દુક્કડં આપવામાં આવે તો તે કષાય રહે નહીં, નાશ પામે.

(૧) અનંતાનુબંધી માટે તો કંઈજ નથી. કારણ કે તે તો આજીવન છે માટે.

(૨) અપ્રત્યાખ્યાનીય કષાયની ક્ષમાપનાર્થે સાંવત્સરિક એક વર્ષે પ્રતિક્રમણ કરવાનું વિધાન છે.

(૩) પ્રત્યાખ્યાનીય કષાયોની ક્ષમાપનાર્થે ૪ માસે-(દર ચાર મહિને) ચાતુર્માસિક પ્રતિક્રમણુ કરવાની વ્યવસ્થા છે.

(૪) સંજવલન કષાયોના ક્ષમાપનાર્થે દર પંદર દિવસે પાક્ષિક પ્રતિક્રમણુની વ્યવસ્થાનું વિધાન છે. અને રોજેરોજના કષાયો રોજેરોજ ખમાવી લેવા, ઉધાર ન રાખવા માટે દૈવિસક-રાત્રિક પ્રતિક્રમણુની વ્યવસ્થા છે. પરંતુ અજિતનાથ પ્રભુથી પાર્શ્વનાથ ભગવંત સુધીના ૨૨ જિનના કાળના સાધુઓ સ્વભાવે સરલ અને બુદ્ધિશાળી (ઋજુ અને પ્રાજ્ઞ) છે તેથી તેઓ તો પાપ અતિચાર લાગતાં જ વિના વિલંબે તુરંત પ્રતિક્રમણુ કરી ક્ષમાપના કરી લે છે. પાપ ઉધાર રાખતા જ નથી માટે તેમના કાળમાં સાંવત્સરિક, ચાતુર્માસિક, પાક્ષિક પ્રતિક્રમણુની વ્યવસ્થા નથી હોતી.

નીચેના કોષ્ટકથી કષાયોની સ્થિતિ સમજી શકાશે—

| | અનન્તાનુબંધી ૪ | અપ્રત્યાખ્યાનીય ૪ | પ્રત્યાખ્યાનીય ૪ | સંજવલન ૪ |
|---|---|---|---|---|
| કાળ મર્યાદા——→ | આજીવન | એક વર્ષ | ચાર માસ | ૧૫ દિવસ |
| ગતિનો બંધ→ | નરકગતિ બંધક | તિર્યંચગતિ બંધક | મનુષ્યગતિ બંધક | દેવગતિ બંધક |
| ગુણુનો ઘાત— | સમ્યક્ત્વગુણુ રોધક | દેશવિરતિગુણુ રોધક | સર્વવિરતિગુણુ રોધક | યથાખ્યાતચારિત્રરોધક |

## અનન્તાનુબંધી આદિ ચારે ક્રોધ-માન-માયા-લોભની ઉપમા—




(૧) અનન્તાનુબંધી ક્રોધ-નો સ્વભાવ તડફડ કરી ટુકડા-ભાગલા પાડવાનો હોવાથી એને રેખાના ઉદાહરણથી સમજાવવામાં આવે છે. તેમાં પ્રથમ અનન્તાનુબંધી ક્રોધ પર્વતમાં તડ પાડવા જેવો છે. જેમ પર્વત વચ્ચે તીરાડ પડયા પછી ફરી સંધાતી નથી-તેવો આ અનન્તાનુબંધી ક્રોધનો સ્વભાવ છે.

(૨) અપ્રત્યાખ્યાનીય ક્રોધ-બીજા ચિત્રની જેમ હળાદિના કારણે જમીનમાં પડેલી રેખાસમાન છે. વરસે દિવસે એક વાર વરસાદ પડવાના કારણે જેમ જમીન તો ફરી ભેગી થઈ જાય તેમ જ આ ક્રોધ ૧ વરસે તો ઓગળી જાય.

(૩) પ્રત્યાખ્યાનીય ક્રોધ—જેમ નાનો બાલક રેતીમાં રેખા

દોરે છે અને પ્રચંડ પવન ફુંકાતા તેના ઝપાટે ફરી બે ભાગ પાછા ભેગા થઈ જાય. તેજ પ્રમાણે પ્રત્યાખ્યાનીય ક્રોધ ચાર મહિને પાછા ભેગા મળી જાય.

(૪) સંજવલન ક્રોધ—જેમ પાણીના જલાશયમાં બાળક લાકડી વડે બે ભાગ પાડતો રેખા દોરે છે પરંતુ ફરીથી તુરંત પાણી મળતાં પાછું એક બની જાય છે. તેજ પ્રમાણે આ ક્રોધ તેવી જલરેખા જેવા સ્વભાવવાળો છે. ૧૫ દિવસમાં તુરંત બંને પક્ષો એક થઈ જાય.

## (૨) અનન્તાનુબંધી આદિ ૪ માન :




માન—અભિમાન, મદ, અહંકાર, ઘમણ્ડ, વગેરે એનાં જ નામો છે. જેમ માની નમે નહીં. તે પ્રમાણે ઉપમા આપી છે.

(૧) અનન્તાનુબંધી માન–આ તો પથ્થરના થાંભલા જેવું અક્કડ હોય છે. કોઈ સંજોગોમાં ન માને, ન સમજે અને ન વળે.

(૨) અપ્રત્યાખ્યાનીય માન—એ હાડકા જેવું છે. જેમ હાડકા બહુ જ મજબૂત છે. ઘણી માલિશ વગેરેના કારણે વરસે દિવસે તો થોડા ઘણા હાડકા નમે-વળે-તેવું આ માન છે.

(૩) પ્રત્યાખ્યાનીય માન—જેમ લાકડાનો થાંભલો તુરંત વાળ્યો ન વળે પણ હાડકા જેટલો બહુ મજબૂત નથી. પ્રયત્ને લાકડાના થાંભલાને વાળતાં વળી પણ જાય. તેવું આ માન છે. બસ, ચાર મહિને તો વળી શકે છે.

(૪) સંજ્વલન માન—આ તો નેતરની સોટીની જેમ તુરંત હાથમાં લેતાની સાથે વળી જાય તેજ પ્રમાણે આ માન તુરંત નમી જાય તેવું છે.



## અનન્તાનુબંધી આદિ ૪ માયા—

માયાનો સ્વભાવ વક્ર છે. ખટપટ–વાંકોચૂકો વિચિત્ર છે. એટલે વક્રતા સાથે સરખામણીની ઉપમા આપવામાં આવી છે—

(૧) અનન્તાનુબંધી માયા—જેમ વાંસના ઝાડનાં મૂળિયાં જમીનમાં હોય છે ત્યારે એને કુટિલતા–વક્રતા બહુ જ જબ્બર હોય છે. સીધા ન થાય. તેવી આ માયા છે. આ માયાની કુટિલતા–કુટેવ ટળતી નથી.

(૨) ઘેટાના માથે વાંકાં–ચૂકાં જે શિંગડાં હોય છે તેના જેવી અપ્રત્યાખ્યાનીય માયા છે. જે વર્ષે દિવસે સરલ થઈ શકે.

(૩) બળદ ચાલતા ચાલતા મૂતરે–એવી બળદની મૂત્રધારા જેવી વક્રતાવાળી પ્રત્યાખ્યાનીય માયા છે.

(૪) વાંસની છાલ છોલાઈ ગયા પછી વાંકો હોય–પરન્તુ તુરંત જ સીધી થઈ જાય. તેવી માયાને સંજવલન માયા કહેવામાં આવે છે.

## અનન્તાનુબંધી આદિ ૪ લોભ—

લોભનો સ્વભાવ સંગ્રહ કરવાનો છે. કીડી પણ કેવા લોભના ઉદયવાળી છે કે એ પણ કણ કણ લાવીને પોતાના દરમાં બધું ભેગું કરે....ઉંદર પણ કેવા લોભી હોય છે. આ લોભ કાળા રંગ જેવો અશુભ ગણાય છે. એટલે લોભની ઉપમા રંગ સાથે સરખા-વવામાં–આપવામાં આવી છે—

(૧) અનન્તાનુબંધી લોભ—કિરમજીનો રંગ કેવો પાકો રંગ હોય છે કે ક્યારેય ન ઊતરે–એવો આ પાકો લોભ છે. ગાઢ લોભ છે.

(૨) બળદગાડીના પૈડાની કાળી મળી જે કપડે ચોંટ્યા પછી મહા-પ્રયત્ને અનેકવાર ધોતાં – ધોતાં—વરષે દિવસે જાય એવો અપ્રત્યાખ્યાનીય લોભ છે.




(૩) આંખમાં આંજવામાં આવતી કાજળના રંગ જેવો પ્રત્યાખ્યાનીય લોભ છે.

(૪) હળદરનો રંગ જેમ બહુ કાચો હોય છે. અને તડકામાં તો તુરંત ઊડવા માંડે છે. એવો સંજવલન લોભ છે જે જલ્દી નષ્ટ થાય છે.

## કષાયોથી થતું ભયંકર નુકશાન—

અનાદિ-અનન્તકાળથી જીવ હેય-ત્યાજ્ય એવા કષાયોનું સેવન કરતો જ આવ્યો છે. જે આત્માના શત્રુ (અરિ) છે તેને આશ્રય આપીએ એટલે તે તો આત્માનું બગાડવાનાજ છે. અને આવા ક્રોધાદિ કષાયોમાં ભયંકર કર્મ બાંધીને જીવને કેટલાં

દુઃખો સહન કરવા પડયાં છે. કષાયો વડે કર્મ તો બાંધ્યાં પરન્તુ એના વિપાકના ઉદયે દરેક ગતિમાં કેવાં દુઃખો ભોગવ્યાં છે. પરમાત્મા મહાવીર મહારાજાના ટંકશાલી વચનો દશવૈકાલિકસૂત્રમાં આ પ્રમાણે આલેખ્યા છે—

**कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥**

—ક્રોધ પ્રીતિ–પ્રેમનો નાશ કરે છે, માન વિનય–નમ્રતા ગુણનો નાશ કરે છે, માયા મિત્રતાનો સંબંધ તોડે છે, સરલતાનો નાશ કરે છે અને શેષ સર્વ વિનાશ કરનાર લોભ છે.

## ક્રોધથી થતાં નુકશાનો—

**क्रोधः परितापकरः सर्वस्योद्वेगकारकः क्रोधः ।**
**वैरानुषङ्गजनकः क्रोधः, क्रोधः सुगतिहन्ता ॥**

—પ્રશમરતિ ગ્રન્થમાં શ્રીમદ્ ઉમાસ્વાતિજી મહારાજ જણાવે છે કે–ક્રોધ તાવની જેમ અંદર અંદર બાળનારો છે. બધાને ઉદ્વેગ કરાવનાર પણ ક્રોધ જ છે, અને ક્રોધના વારંવાર સેવનથી વૈરની પરંપરા સર્જાય છે. અન્તે સદ્‌ગતિનો નાશ કરી આત્માને દુર્ગતિમાં પાડનાર પણ આ ક્રોધ જ છે.

મરુભૂતિ અને કમઠ જેવા એક ભવના સગા બે ભાઈઓ વચ્ચે વૈરઝેરની હોળી સળગાવનાર આ ક્રોધ જ કષાય હતો. અને પરિણામે દશ–દશ ભવ સુધી આ વૈરની પરંપરા ચાલી. દરેક ભવમાં કમઠ મોટો ભાઈ તો મારનાર જ થયો અને છેવટે પોતે ભયંકર નરકનાં દુઃખો ભોગવતો.

અગ્નિશર્મા અને ગુણસેનનો નવ–નવ ભવનો સંસાર ભયંકર વૈર–વૈમનસ્યવાળો ચાલ્યો. અને કેવી ભયંકર દુશ્મનાવટતા અગ્નિ-શર્માના જીવે રાખી કે દરેક ભવમાં મારી જ નાંખતો.

પરમાત્મા મહાવીરપ્રભુના જીવે અઢારમા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં તીવ્ર ક્રોધાવેશમાં શય્યાપાલકોના કાનમાં તપતું સીસું રેડાવીને જે રીતે કર્મ બાંધ્યાં એના પરિણામે ઓગણીસમા ભવે સાતમી નરકમાં જવું પડયું અને છતાં પણ સત્તાવીશમા ભવે પાછા કાનમાં ખીલા તો ઠોકાયા જ. બાંધ્યું કર્મ જાય કયાં? "**कृतं कर्म अवश्यमेव भोक्तव्यम्**"— કર્યાં કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી.

ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમફળ જાય।
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય॥

કેટલાય જન્મો સુધી ચારિત્રનું પાલન કરે ત્યારે માંડ ક્રોડ પૂર્વનો ચારિત્રપર્યાય ભેગો થાય....અને આટલો સર્વ ચારિત્રપર્યાય માત્ર ઘડીભરના ક્રોધમાં તો સાફ થઈ જાય, ધોવાઈ જાય, ચારિત્રનું ફળ નષ્ટ થઈ જાય. ઓહો! આશ્ચર્ય છે–ચારિત્ર પાળતા કેટલો સમય, કેટલા ભવો લાગ્યા...જ્યારે એનું ફળ તો થોડાક ક્રોધમાંજ નષ્ટ થઈ જાય? અને ક્રોધના તીવ્ર આવેશમાં કરેલું તપ નિષ્ફળ જાય છે. એ લેખે નથી લાગતું.

**માનથી થતું નુકશાન—**

**श्रुतशीलविनयसंदूषणस्य धर्मार्थकामविघ्नस्य ।**
**मानस्य कोऽवकाशं मुहूर्तमपि पण्डितो दद्यात् ॥**

—"**विणयमूलो धम्मो**"—ધર્મ તો વિનયગુણપ્રધાન છે. વિનય તો મોક્ષ મેળવવાનો મૂળભૂત પાયાનો ગુણ છે પરંતુ શ્રુતજ્ઞાન, શીલ તેમજ વિનયનો નાશ તો માનકષાય ઝડપથી કરી નાખે છે, અને ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થોમાં વિઘ્ન–બાધા કરનાર છે. સમજુ એવા પણ્ડિત માણસોએ આવા માનને ઘડીભર પણ અવકાશ આપવા જેવું નથી.

### શ્રુતનું અભિમાન—

સેણા વેણા આદિ સાત બહેનો ભાઈ મહારાજ સ્થૂલિભદ્રજીને વંદન કરવા આવી પરંતુ એ સમયે સ્થૂલિભદ્રજીએ ગુફામાં સિંહનું રૂપ કરીને બતાવ્યું... બહેનો તો ભાગી ગઈ...ભદ્રબાહુ ગુરુમહારાજ સમજી ગયા કે આ જ્ઞાનને પચાવી નથી શક્યા. આવું અભિમાન આવ્યું. બસ, હવે આગળ બીજા પૂર્વો ભણાવવા જેવા નથી. ના પાડી દીધી....આવા જ્ઞાની અને આવું અભિમાન પણ શા માટે? જેમ જેમ જ્ઞાન વધતું જાય તેમ તેમ નમ્રતા-વિનય વધે કે પછી અભિમાન વધે?—બસ, પછી ચાર પૂર્વો સંઘના આગ્રહથી માત્ર મૂળથી આપ્યા, અર્થથી નહીં.

### અભિમાનથી પતન—

લક્ષ્મણજી માટે જડીબુટ્ટીની જરૂરિયાત પડતા આખો ડુંગરજ ઉપાડીને ચાલ્યા. માર્ગમાં નીચે ભરતજીએ શત્રુ સમજીને એક તીર છોડયું. તીર હનુમાનજીને વાગ્યું અને નીચે પડ્યા...પડતાં મુખમાંથી રામ....રામ... શબ્દો નીકળ્યા-ભરતજી રામ.. રામ.... સાંભળતાં જ દોડી આવ્યા.. તીર ખેંચી લઈ જડીબુટ્ટીના ઉપચારથી સાજા કરી માફી માંગવા લાગ્યા.. ભાઈ! મારો અપરાધ ક્ષમા કરો.. હનુમાનજી—'ના, ના, ...ભરતજી અપરાધ તમારો નથી, મારો જ છે...

હું તમારા તીરે નથી પડ્યો...હું તો મારા અભિમાને પડ્યો છું-ઊડતા ઊડતા મને જે અભિમાન આવ્યું....તેના કારણે પડ્યો છું માટે માફી તો મારે માંગવાની છે....'

માન તો પતન કરાવનાર જ છે.

### બાર મહિના કાઉસ્સગ્ગધ્યાનમાં રહ્યા—

યુદ્ધ-મેદાનના ક્ષેત્રે જ ભાઈને મારવા ઉપાડેલી મુઠ્ઠી પોતાના જ માથે મારી પાંચ મુષ્ટિએ લોચ કરી દીક્ષા લઈને

બાહુબલીજી કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા...બસ, હું મોટો-અને મારા સર્વ દીક્ષિત ભાઈઓ નાના....એટલે કેવલજ્ઞાન પામ્યા પછી જઈશ.. બાર મહિના કાઉસ્સગ્ગમાં વીતી ગયા. પગ ઉપર વેલડીઓ વીંટાઈ ગઈ, કાનમાં ચકલાએ માળા નાખ્યા..... છતાં પણ સ્થિર-અડગ ઊભા છે. એક નાનકડું અભિમાન કેવલજ્ઞાનને અટકાવનાર બન્યું.

'વીરા ! મારા ગજ થકી ઊતરો...
ગજ ચઢે કેવલ ન હોય રે......'

આ પ્રમાણે બહેનસાધ્વીનાં વચનો સાંભળી વિચારી... ઓહો ! હું તો ગજ ઉપર એટલે અભિમાન ઉપર બેઠો છું, ક્યાંથી કેવળજ્ઞાન થાય ? આમ વિચારી-"પગ ઉપાડયો રે વાંદવા ...ઉપન્યું કેવલજ્ઞાન..." લઘુબંધુઓને વંદન કરવા જવા પગ ઉપાડતાં જ અભિમાન ઓગળ્યું અને તુરંત કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

**માયા-છલ-કપટ—**

સરલતા એ જ ધર્મ માટે મૂળભૂત પાયો છે, પાત્રતા છે, યોગ્યતા તરીકે મહાન ગુણ છે. સરલતા તારનાર છે....પરંતુ માયાવી વૃત્તિ આ ગુણને ઢાંકી દે છે. સરલતા-ઋજુતા ગઈ એટલે માણસ શઠ, માયાવી બની જશે. માયાલુ અને માયાવીમાં ઘણો ફરક છે. માયાલુ કોઈના પ્રત્યે મમતાવાલો પ્રેમ અને લાગણીશીલ હશે જ્યારે માયાવી તો '**सर्प इव अविश्वास्य**" સાપની જેમ અવિશ્વસનીય ગણાય છે. માયાવી ધીમે રહી તે ક્યારે મિત્રનું જ ખીસું કાપી નાંખશે જેની ખબર પણ નહીં પડે. છલ-કપટની વૃત્તિ માયાવીમાં હોય છે. માયા મિત્રતાનો નાશ કરનારી અને સરલતાને ખતમ કરનારી છે. કહ્યું છે કે—

"સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ રે જીવડા !
મ કરીશ માયા લગાર......"

## સર્વવિનાશક લોભ—

**सर्वविनाशाश्रयिण: सर्वव्यसनैकराजमार्गस्य ।**
**लोभस्य को मुखगत: क्षणमपि दु:खान्तरमुपेयात् ॥**

—સર્વવિનાશ કરનાર લોભ જ છે. અને સર્વ વ્યસનોને લાવનાર આ તો રાજમાર્ગ છે. અર્થાત બધાં દૂષણો લોભના કારણે આવે છે. લોભના મોઢામાં-એની જાળમાં ગયેલો કયો માણસ ક્ષણભર સુખ પામી શકે? અર્થાત્ સંભવ જ નથી.

લોભી દેશ-વિદેશ ભટકે, ધનને કારણે પોતે કષ્ટો સહન કરે. નજીવા લોભ ખાતર-બાપ-બેટા ઝઘડે, લોભે રાજા યુદ્ધ ખેડે, લોભે ભાઈ-ભાઈ લડે...અરે અનેક રીતે આ લોભ વિનાશક કહ્યો છે. જુગારી માણસ લોભમાં ને લોભમાં લાલસાથી જુગાર ખેલતો જ જાય છે અને અંતે બધું હારી કરીને સાફ થઈ જાય છે. પછી માથે દઈને રડવાનો વખત આવે છે. લોભે જીવ સ્વાર્થી બને છે. પરિગ્રહી બને છે. ધનવસ્ત્ર-પાત્રાદિ ઉપર ભયંકર મૂર્છા-મમત્વ રાખે છે...પરિણામે મરીને દરમાં સાપ-ઉંદર-નોળિયાના ભવો કરવા પડે અથવા નરક ગતિમાં પણ જવું પડે છે. લોભે ચોરી આદિનાં દૂષણો આવતાં જાય છે.

## પાપનો બાપ લોભ—

વીશ વીશ વરસ કાશી ભણીને આવેલા પ્રકાણ્ડ વિદ્વાન્ પંડિતજીને ગામમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો-'પંડિતજી! પાપનો બાપ કોણ?' પંડિતજી શાસ્ત્રની પોથીઓ ફેંદવા માંડ્યા....જવાબ ન જડ્યો.. પંડિતજી પાછા કાશી તરફ ભણવા નીકળ્યા. માર્ગમાં વેશ્યાએ કહ્યું. 'પધારો પંડિતજી આપનું સ્વાગત કરું છું.' આનાકાની કરતા પણ પંડિતજી ગયા. વેશ્યાએ જમવાનું આમંત્રણ આપ્યું.

પંડિતજી ગરમ થયા...'અરે! હોય, હું બ્રાહ્મણ થઈને વેશ્યાના ઘરે ખાઉં? કેમ ખવાય?'

વેશ્યા—'પંડિતજી મારા ઉપર કૃપા કરો...એક સોનામહોર આપીશ....બસ, આપને પ્રિય લાડવાનું સુંદર ભોજન છે ..'

અને પંડિતજીનું મન લોભાયું, ચાલોને અત્યારે તો ખાઈ લઉં. પછી ગંગાસ્નાન કરી લઈશ . અને ખાવા બેઠા... ભોજન શરૂ થયું.

અંતે વેશ્યાએ કહ્યું—'પંડિતજી! મારા હાથે એક ગુલાબ-જાંબુ તો ખાઓ.'

પંડિતજી ગુસ્સે થતાં—'અરે! વેશ્યાનો સ્પર્શ કેમ થાય? અને વેશ્યાના હાથે ખાવું એટલે....?'

વેશ્યા—'પંડિતજી, બીજી ચાર સોનામહોરો આપીશ....હું પવિત્ર થઈશ...' અને પંડિતજી લોભાયા...મોઢું ખોલ્યું-ડોક આગળ કરી.. વેશ્યાએ મોઢામાં ગુલાબજાંબુ પધરાવ્યું ..

લોભમાં ને લોભમાં અકરાંતીયા કરતા પંડિતજીએ ખૂબ મિષ્ટાન્ન ખાધું. રાત્રે જંગલ જતાં વેશ્યાએ કહ્યું, 'પંડિતજી– આ દરવાજામાં પડેલું કુતરાનું મૃતક (શબ) લેતા જાઓને...... ગંગામાં નાખી દેજો...'

પંડિતજી ગરમ થયા...'અરે હું બ્રાહ્મણ....આ અસ્પૃશ્ય.' ફરી સુવર્ણમુદ્રાનું પ્રલોભન દેખાડતાં વેશ્યાએ પંડિતજી પાસે એ પણ કામ કરાવ્યું....અને માર્ગે જઈ કામ પતાવીને પંડિતજી સુવર્ણમહોરો લેવા આવ્યા–વેશ્યાએ કહ્યું, 'પંડિતજી સુવર્ણમહોરો શેની? એના બદલે આપને પેલા પ્રશ્નનો ઉત્તર હું શિખવાડી દઉં, આપને કાશી ફરી નહીં જવું પડે....' અને જવાબ આપતાં કહ્યું— 'પાપનો બાપ લોભ......પાપનો બાપ લોભ...'

'કેમ પંડિતજી! વેશ્યાના ઘરે, એ વેશ્યાના હાથે ખાધું અને કુતરાનું મડદું ઉપાડયું...શેના કારણે .. લોભના કારણે ને? એટલે જ પાપનો બાપ લોભ .. ...'

## બંધસ્થિતિ—

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ બંધસ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીની છે. જ્યારે ચારિત્ર મોહનીયાન્તર્ગત કષાયમોહનીયની બંધસ્થિતિ ઉત્કૃષ્ટથી ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. વિપાકોદય ૪૦૦૦ વર્ષ ઓછા એવા ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમ છે. ક્રોધાદિ કષાયો આટલા દીર્ઘકાળ સુધી આત્માને હેરાન કરનારા છે મોહનીયકર્મની જઘન્ય બંધસ્થિતિ એક અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

* મિથ્યાત્વ+૧૬ કષાય+ભય+જુગુપ્સા=૧૯ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે.
* ૩ વેદ+હાસ્ય+રતિ+અરતિ+શોક=આ સાત અધ્રુવબંધી છે.
* મિથ્યાત્વ ધ્રુવોદયી છે.
* મિથ્યાત્વ સિવાયની બાકીની ૨૬ અધ્રુવોદયી છે.
* સમ્યક્ત્વ મો૦+મિશ્ર મો૦ સિવાયની ૨૬ પ્રકૃતિઓ ધ્રુવસત્તાક છે.
* સમ્યક્ત્વ મો૦+મિશ્ર મો૦ = આ બે અધ્રુવસત્તાક છે.

## મોહનીય કર્મબંધનાં વિવિધ કારણો—

**उमग्गदेसणामग्गनासणा देवदव्वहरणेहिं ।**
**दंसणमोहं जिणमुणि-चेइयसंघाइ-पडिणिओ ॥**

—ખોટા માર્ગ (ઉન્માર્ગ)ને સાચા માર્ગ તરીકે બતાવવો, અને સાચા માર્ગનો લોપ કરવો, દેવદ્રવ્યનું હરણ કરવું, તથા જિનપરમાત્મા, સાધુ-મુનિરાજ, મંદિર-મૂર્તિ તથા સંઘાદિનો પ્રત્યનિક ( વિરુદ્ધ બોલનાર ) દર્શનમોહનીયકર્મ બાંધે છે.

**दुविहं पि चरणमोहं, कसायहासाइविसयविवसमणो ।**

—ક્રોધાદિ કલેશ-કષાયને કરનારો, કષાયોને પરાધીન કષાયચારિત્રમોહનીય તથા હાસ્ય-ઠઠ્ઠા-મશ્કરી, ભય-શોકાદિ તેમ જ વેદાદિને આધીન થયેલો જીવ નવ નોકષાય મોહનીયકર્મ બાંધે છે.

—ખોટા આળઆરોપ દેવાથી, ખોટા સોંગ-ઢોંગ કે ડોળ કરવાથી, પશુ-પક્ષી આદિને મારવાથી, દેવ-ગુરુ-ધર્મના અવર્ણવાદ બોલવાથી, ખરાબ ભાષા અપશબ્દાદિ બોલવાથી, તીવ્ર ક્લેશ-કષાયાદિ કરવાથી, પરસ્ત્રીગમન, વેશ્યાગમન આદિથી, ઈર્ષ્યા, દ્વેષ, અદેખાઈ, મૃષાવાદ, મિથ્યાભાષાથી, ખોટી સાક્ષી, તીવ્ર રાગ કે લોભલાલચ કરવાથી, છળ-કપટ-અને વિશ્વાસઘાત કરવાથી, પાપ-કર્મ કરવાં. અવિનય, વડીલની હેલના-અપમાનાદિ કરવાથી વગેરે અનેક કારણોથી મોહનીયકર્મ જીવ બાંધે છે. મોહનીયકર્મ બાંધવાના આવા અનેક આશ્રવો છે. જેથી જીવ મોહનીયકર્મથી બંધાય છે. અને આ કારણોથી બચનારો આ કર્મબંધનથી પણ બચે છે.

## નોકષાય મોહનીય

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| હાસ્ય | રતિ | અરતિ | શોક | ભય | જુગુપ્સા |

—નોકષાય એટલે સહાયક કષાય. 'નો'નો અર્થ અહીંયા સહાયક તરીકે કર્યો છે આના વિભાગમાં હાસ્યાદિ ષટ્ક તથા ૩ વેદ એમ નવ નોકષાય ગણાય છે. જે કર્મના ઉદય થકી જીવને સકારણ અથવા વિના કારણે પણ હસવું તે **હાસ્ય,** શાતા વેદાય તે **રતિ,** અશાતા આનન્દ ન આવે તે **અરતિ,** ચિંતા-વિષાદ કે ખેદ ઉપજે તે **શોક,** અને વિવિધ કારણે ભય ઉપજે તે **ભય,** અને સૂગ-દુર્ગંચ્છા થાય તે **જુગુપ્સા.** આ રીતે હાસ્યાદિ છ મોહનીયના ભાવો સંસારમાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

ઘણા લોકોનો મશ્કરીનો સ્વભાવ હોય છે. વિનોદાત્મક સ્વભાવ હોય છે. હસતિ મશ્કરીમાં ઘણું વિપરીત કે ઘણું મિથ્યા પણ બોલાય છે. સમય પસાર કરવા માટે ચાર માણસો ભેગા

થઈને ગપ્પાં મારવાં, હસવું, કોઈની મશ્કરી કરવી વગેરે પ્રપંચ ઊભા કરીએ છીએ.

અમેરિકા આદિ વિદેશોમાં જ્યાં એકલવાયાપણાનો રોગ ફેલાયો છે. માણસો એકલા-અલુટા પડી ગયા હોય છે. દીકરા-દીકરીઓ, ભાઈ-બહેન-પત્ની વગેરે છૂટા પડી ગયા હોય છે. છોડીને ચાલ્યા ગયા હોય છે. ત્યારે એકલવાયાપણું ગાંડપણ ઊભું કરાવે એવું હોય છે. ત્યારે કલાકના ડોલરોના ખર્ચે કોઈ કંપની આપવા, સાથ આપવા આવે છે. શોકગ્રસ્તને હસાવવા માટે પણ કંપની આવે છે. કલાક-બે કલાક કંપની આવી હસાવી, મશ્કરી કહી, સેક્સ કહી, કથાવાર્તાનો વિનોદ કરાવીને ચાલ્યા જાય છે.

તિર્યંચગતિમાં બિચારા પશુ પક્ષીને હસતા પણ નથી જોતા. એમને એમનો આનન્દ કે સુખ વ્યક્ત કરવું હોય તો શું કરે? માણસની જેમ દાંત દેખાડીને હસી નથી શકતા. પરન્તુ રડી શકે છે. પરવશ દીનતામાં કેટલુંય રડવું પડે છે. બિચારા પશુ-પક્ષીઓ રડી-રડીને જનમ પૂરો કરે છે. હાસ્ય તો વ્યક્ત જ નથી કરી શકતા. જ્યારે મનુષ્યો હાસ્યમાં સમય પસાર કરવા માંગતા હોય છે.

## હસવાથી અવધિજ્ઞાન ચાલ્યું ગયું—

એક મુનિમહારાજ કાજો કાઢીને પરઠવવા સંબંધી ઈરિયા-વહીનો કાઉસ્સગ્ગ કરી રહ્યા હતા. તે વખતે ભાવની વિશુદ્ધિએ ચઢ્યા. ભાવવિશુદ્ધિ બહુ જ ઉત્તમ હતી...અને અવધિજ્ઞાનાવરણ વિશેષ કર્મનો વિલય થતા મુનિમહારાજ કાઉસ્સગ્ગમાં અવધિજ્ઞાન પામ્યા. અવધિજ્ઞાનથી વિના ઇન્દ્રિયની સહાયે પણ દૂર દૂર બધું પ્રત્યક્ષ દેખાવા માંડયું. તે વખતે સૌધર્મ દેવલોક દેખાયો. સૌધર્મેન્દ્ર પોતાની ઇન્દ્રાણીને મનાવી રહ્યા હતા. ઇન્દ્રાણી જિદ્દ લઈને બેઠા હતાં. તેઓ માનતા ન હતાં, અને સૌધર્મેન્દ્ર મહારાજા

મનાવી રહ્યા હતા...અવધિજ્ઞાનમાં આ જોઈને મુનિમહાત્માને હસવું આવ્યું ...અને તે હાસ્ય મોહનીયમાં તો આવેલું અવધિજ્ઞાન ચાલ્યું ગયું. એટલું હાસ્યાદિનું બળ કહ્યું છે.

હાસ્ય મોહનીયને વશ થવાથી જેમ તેમ મશ્કરી આદિમાં બોલાય છે. કોઈ વખતે રતિમાં તો કોઈ વખતે અરતિમાં લીન થવાય છે. અને ઘણું હસતા ક્યારેક શોક મોહનીયમાં પણ પડવું પડે છે. ચિંતા-વિષાદના કારણો ઊભા થાય છે.

મહારાષ્ટ્રમાં મરાઠીમાં કહેવત છે કે—**"हसला तो फसला"** એ હસ્યો તે ફસ્યો. અને ગુજરાતમાં જુદી જ કહેવત છે—"હસે તેનું ઘર વસે", અને બીજું પણ કહેવાય છે " હસે તેનું ખસે. "

## મુનિમહાત્માનું ગંભીર હાસ્ય—

ગોચરી વહોરવા પધારેલા મુનિમહાત્મા ઊભા રહ્યા, શેઠ પુત્રને ખોળામાં લઈ જમી રહ્યા હતા...અને બાળકે થાળીમાં પેશાબની ધાર છોડી. અને શેઠ વાટકી વગેરે બાજુમાં કરી ખાઈ રહ્યા હતા-મુનિ મહાત્માને જોઈ હસવું આવ્યું. બીજી વાર મુનિ મહાત્મા માર્ગમાંથી પસાર થતા હતા-અને શેઠ રંગ કરનારા કારીગરોને કહી રહ્યા હતા. "એવો રંગ કરવાનો છે કે મારી સાતમી પેઢીના બાળક સુધી પણ રંગ ઝાંખો ન પડે." આ સાંભળી મુનિમહાત્માને હસવું આવ્યું. શેઠે જોયું કે મહારાજ હસ્યા કેમ? બીજા દિવસે મહારાજ ગોચરીએ જતા હતા...અને શેઠ પોતાની દુકાનમાંથી બકરાને કાન પકડી મારીને બહાર કાઢતા હતા... આ દૃશ્ય જોઈ મહારાજને હસવું આવ્યું... શેઠે જોયું... અને મહારાજ ઉપાશ્રયે પહોંચી ગયા.... શેઠ પણ સવારે ઉપાશ્રયે ગયા.

મહારાજને પૂછયું 'સાહેબ, આપને હસવું કેમ આવ્યું ?' મહારાજ–'અરે ભાઈ! જવા દો, તમારે જાણવાની જરૂર નથી. ના....ના....એમ જ હસવું આવી જાય.'

શેઠ – 'ના મહારાજ! મહાપુરુષો તો ગંભીર હોય. અને આપના ગંભીર હાસ્યમાં પણ કંઈક રહસ્ય હશે. માટે કહો.'

મહારાજ બોલ્યા. 'ભાગ્યશાલી! ફક્ત સાત જ દિવસનું તારું આયુષ્ય બાકી દેખાય છે! સાતમા દિવસે તું મૃત્યુ પામવાનો છે એમ દેખાય છે....અને તને સાતમી પેઢી સુધી રંગ ટકયો રહે તેની ચિન્તા છે? અને પેલો બકરો એ તમારા પિતા હતા. આજે એ જ મોહવશ પૂર્વના સંસ્કારથી દુકાનમાં આવ્યા છે અને તમે કાન પકડી બકરાને (બાપને) બહાર કાઢો છો? શેઠ, આ કેવો સંસાર! હસવું ન આવે તો શું થાય?

## વેદમોહનીય કર્મ

સ્ત્રીનું પુરુષ પ્રત્યે અને પુરુષનું સ્ત્રી પ્રત્યે, તથા નપુંસકવેદીનું ઉભય પ્રત્યે આવા વિજાતીય આકર્ષણો તો જીવોમાં અનાદિ-અનન્તકાળથી પડયા છે. જીવ આવા વેદમોહનીય કર્મને આધીન છે અને તદનુરૂપ એની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. આ ત્રણને વેદમોહનીયના નામે ઓળખાવ્યા છે. આ હાસ્યાદિ છ ની સાથે ત્રણ વેદ ગણતાં નવ નોકષાય તરીકે ગણતરી થાય છે. એટલે આ નોકષાયો મૂળ કષાયોને જગાડવામાં ભડકાવવામાં સહાયક બને છે. સંસારના તમામ જીવો આ ત્રણ વેદમાં સમાઈ ગયા છે. સિદ્ધો નિર્વેદી છે.

આજે પણ સંસારમાં અપહરણ, બલાત્કાર, પરસ્ત્રીગમન, વેશ્યાગમન આદિ આ વેદમોહનીયનાં જ તોફાનો જોઈએ છીએ. એના ઉદયે પાછું આ કર્મ બંધાય અને આ કર્મના ઉદયે

પાછો જીવ એવી ચેષ્ટા કરે....આ રીતે એનો સંસાર ચાલ્યા કરે છે.

તીવ્ર કામવાસના અને એના સહાયક પાંચેય ઇન્દ્રિયના ૨૩ વિષયો હોય છે. વર્ણ$_{૫}$ + ગંધ$_{૨}$ + રસ$_{૫}$ + સ્પર્શ$_{૮}$ + શબ્દ$_{૩}$ = ૨૩ વિષયો રૂપાદિનું ગમવું. અમુક સ્ત્રી ગમે અને અમુક ન ગમે.

પિતાની મુંઝવણ એ હતી કે દોઢસો કન્યાઓ બતાવી છતાં પણ પુત્રને એક પણ નથી ગમતી અને બત્રીશ વર્ષની વયે હજી લગ્ન કરવા તૈયાર નથી....આ કેવી સમસ્યા....પિતા ચિન્તાગ્રસ્ત થઈ સમય કાઢે છે. મોહનીય કર્મનો નાટક કેવો વેષ ભજવે છે!

## ભાઈ-બહેને સાથે લગ્ન કર્યાં

પુષ્પકેતુ રાજાએ પોતાના પુત્ર પુષ્પચૂલ અને પુત્રી પુષ્પચૂલાને રૂપસૌન્દર્યના મોહમાં પડીને સાથે જ પરણાવી દીધા. રખે ક્યાંય આ બન્ને છૂટા ન પડે એટલે દીકરા-દીકરીને (ભાઈ બહેનને) સાથે પરણાવ્યા. આથી સમાજ-નગર-રાજ્યમાં ખૂબ ચર્ચા થવા માંડી. લોકોના મોઢે વાતો થવા માંડી.

*અરે ગૃહસ્થ જીવનના સંસારમાં પણ ધર્મની જરૂર પહેલાં પડે છે.* ધર્મ વગર તો ડગલું પણ ચાલી શકાય નહીં. ધર્મની જરૂર ક્યાં નથી? લગ્નજીવનના સંબંધોમાં પણ કોની સાથે લગ્ન કરવા અને કોની સાથે ન કરવા....તેમાં પણ આર્યદેશમાં ધર્મની વ્યવસ્થા છે. સ્વગોત્રી, સ્વકુલી ન હોય, સ્વધર્મી હોય, સ્વજ્ઞાતીય હોય....વગેરે અનેક દૃષ્ટિએ જોઈ યોગ્ય લગ્ન કરવાનું વિધાન માર્ગાનુસારી જીવનમાં કરવામાં આવ્યું છે.

માતા પુષ્પાવતી રાણીએ આ કારણથી સંસાર છોડી દીક્ષા લઇ લીધી. સાધ્વી થઈને આરાધના કરીને અનશન કરી કાળધર્મ

પામી દેવલોકે દેવ થયા. એકદા મનમાં વિચાર આવ્યો. મારા પુત્ર–પુત્રી જે સાથે પરણ્યા છે તેમને પ્રતિબોધ પમાડીને વૈરાગ્યવાસિત કરું, અને જો સંસાર છોડી દીક્ષા લઈને પાપ કર્મ ખપાવી દે તો સારું.

દેવીએ આવીને પોતાની પુષ્પચૂલાને સ્વપ્નમાં નરકનું બિહામણું રૂપ દેખાડ્યું. અને ડરીને જાગેલી દીકરી પુષ્પચૂલા નજીકમાં આચાર્યશ્રીને પૂછવા જાય છે. પૂછીને ભયભીત થઈ, બીજી વાર દેવી સ્વપ્નમાં સ્વર્ગનાં સુખો દેખાડે છે....અને પુષ્પચૂલા ફરી આચાર્યશ્રી પાસે ગઈ. બોલી, 'નરકમાં ન જવું હોય અને સારા સ્વર્ગમાં જવું હોય તો શું કરવું?' ગુરુએ કહ્યું : 'બેન, દીક્ષા લઈ લો.'

યોગ્ય અવસરે વૈરાગ્યથી સંસાર છોડયો–દીક્ષા લીધી. વૈયાવચ્ચ ભકિત વગેરે કરતાં–તીવ્ર પશ્ચાતાપમાં પાપકર્મ ખપાવે છે ક્ષપકશ્રેણી માંડી. મોહનાં બંધનો તોડયાં અને પુષ્પચૂલા સાધ્વી કેવલજ્ઞાન પામી....ધન્ય ધન્ય.

બહેને ભાઈ સાથે સંસાર માંડયો. કેવો મોહનો નાટક રમ્યા. અને એ જ સંસાર છોડતાં મોહે પણ છૂટયો અને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા....સદાના માટે મોહ મમત્વનો સંબંધ છૂટી ગયો.

પૂર્વભવમાં ચારિત્રધર્મની દુર્ગંછા કરીને દુર્ગંચ્છા મોહનીય–કર્મના કારણે મેતાર્યમુનિ ચંડાળના કુળમાં ઉત્પન્ન થયા. કર્મો જેવા કરીએ તો એની સજા પણ એવી જ ભયંકર ભોગવવી પડે છે.

વેદ મોહનીયના ભયંકર ઉદયે નંદિષેણમુનિ, અષાઢામુનિ, અરણિકમુનિ આદિ આત્માઓ ચારિત્રથી પણ પડયા. કર્મનો કેવો ગાઢ ઉદય, અને મોહનાં કેવાં તીવ્ર બંધન

## લાડવાના લોભે પડેલા અષાઢાભૂતિ—

અષાઢાભૂતિમુનિ ગોચરી વહોરવા રાજગૃહી નગરીમાં ફરી રહ્યા હતા. કોઈ એક નટના ઘરમાં જઈ ચઢયા. તેની પુત્રી ભુવનસુંદરી અને જયસુંદરીએ લાડવો વહોરાવ્યો. મુનિએ વિચાર્યું–આ એક લાડવો તો ગુરુને જ આપી દેવો પડશે. તો હું શું ખાઈશ...? પછી પોતાની શકિતથી રૂપ વિકુર્વી બીજી–ત્રીજી, એમ પાંચમી–સાતમી વાર આવ્યા અને ઘણા લાડવા વહોરીને ગયા. આ નટે જોયું અને દીકરીઓને કહ્યું 'આને ફસાવો....આ કલાવાન્ આપણે કામે આવશે.'

લાડવા વહોરવા આવતા મુનિ પતિત થઈને પડયા. ચારિત્ર મૂકીને ત્યાં જ રહ્યા.... અને બાર વરસ સુધી સંસારના ભોગો ભોગવ્યા. એક વખત બન્ને સ્ત્રીઓને ખૂબ મદિરાપાન કરી સૂતેલી જોઈ. ગંધાતું મોં જોઈ અષાઢાભૂતિ નટ પ્રતિજ્ઞાને યાદ કરી ચમકયા– ત્યાંથી ચાલી નીકળ્યા– બસ, પશ્ચાતાપ શરૂ થયો. અરે મેં આ શું કર્યું? ફરી પાછો જાઉં અને પાપનું પ્રાયશ્ચિત્ત કરું.

પણ બન્ને સ્ત્રીઓએ કહ્યું, 'સ્વામિનાથ! હવે અમારું કોણ? આપ ભલે જાઓ. પણ અમારા નિર્વાહ માટે ધન તો મૂકતા જાઓ. સારું એમ કહી અષાઢાભૂતિ રાજાને ત્યાં ગયા. હે રાજન્! હું એક અદ્‌ભુત મોટું નાટક કરવા માંગું છું? રાજાએ અનુમતિ આપી. અને અષાઢાભૂતિએ ભરત ચક્રવર્તીનું નાટક કરવાનું શરૂ કર્યું. અદ્‌ભુત રૂપ, ચક્રવર્તીનો ઠાઠ, ઐશ્વર્ય, છ ખંડ, યુદ્ધ વગેરે સાથે આશ્ચર્ય પમાડે એવું નાટક અષાઢાભૂતિ ભજવવા માંડયો અને નાટકના અંતે ભરત મહારાજા કેવલજ્ઞાન કેવી રીતે પામ્યા એ બતાવવાનું છે. એટલે અરીસા ભુવન અને સ્નાનાગારમાં સ્નાન કરવા બેઠા–હાથમાંથી વીંટી પડી

ગઈ અને હવે કેવલજ્ઞાન પામ્યા તેની ક્રિયા ભજવવાની હતી અષાઢાભૂતિને વૈરાગ્યની ભાવના જાગી, અનિત્ય ભાવનાની ધારામાં ચઢ્યા. કોઈનું નાટક ભજવતા અને પોતાનું નાટક જોતા-રમતા મુનિની જ્ઞાનધારા જાગૃત થઈ, હવે નાટક માત્ર નાટક નથી રહ્યું-બધું સાચું બની ગયું...અને એ વીંટીના નિમિત્તે ચિંતવતા-ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ, પશ્ચાતાપની અગ્નિમાં કર્મો બળવ માંડ્યાં, શુકલધ્યાનમાં ચઢી ગયા. મુનિ અષાઢાભૂતિ એ જ નાટક કરતા કરતા કેવલજ્ઞાન પામ્યા-ધન્ય બન્યા, કૃતકૃત્ય બન્યા, કોઈનું નાટક ભજવતા ભજવતા પણ પાપ ખપાવી કેવલજ્ઞાન પામ્યા. આપણા સહુનું એક નાટક છે. આ સંસારના સ્ટેજ ઉપર દરેક જીવો પાત્ર બનીને આવ્યા છે. અને ચાર દિવસની ચાંદનીના સંસારમ સહુ નાટક રમી રહ્યા છે. કોઈ સ્ત્રીનું પાત્ર છે અને કોઈ પુરુષનુ પાત્ર છે. બસ, નાટક ભજવાઈ રહ્યાં છે. પરંતુ માનવીને બીજાનું નાટક જોવું ગમે છે. પોતાને પોતાનું નાટક જોવું પણ ના ગમતું. અષાઢાભૂતિની જેમ નાટક પણ એકાગ્રતા, એકરસતાની જેમ ભજવાય તો કંઈ સારા પરિણામ પણ આવે.

## કષાયોથી બચવાનો ઉપાય—

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चाज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥

—શ્રી દશવૈકાલિકસૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે—ક્રોધ કષાયને ઉપશમભાવથી અર્થાત્ ક્ષમા, સમતાના ભાવથી જીતી શકાય છે. માનને મૃદુતા-નમ્રતા, લઘુતા, વિનયનો ગુણ કેળવીને જીતી શકાય છે. આર્જવ-એટલે ઋજુતા-સરલતા, નિખાલસતાના ભાવથી માયાને જીતવી જોઈએ અને સંતોષ, શાન્તિ, તૃપ્તિના ભાવથી લોભને જીતવો જોઈએ.

ક્રોધાદિ કષાયો કરવા એ તો નબળાનું કામ છે. "કષાયોનો

આશ્રય લેવો એ તો આત્માની નબળાઈ છે. क्षमा वीरस्य भूषणम्" ક્ષમા એ તો વીર પુરુષનું લક્ષણ કહ્યું છે.

## ક્રોધની સામે ચોકીદાર રાખો—

મહાત્માએ કિંગઓગસ્ટસને સલાહ આપતાં માર્ગ સમજાવ્યો. "હે રાજન્! ક્રોધને જીતવા તમે એક પહેરેદાર–ચોકીદાર રાખો. તમને ક્રોધ આવતાં જ એ તુરંત કહે—રાજન્! ક્રોધ બહુ જ ખરાબ છે.... આ કરવા જેવો નથી...." વગેરે.... શરૂઆતમાં રાજાને અપમાન જેવું લાગવા માંડયું. અપમાન તો વધારે ક્રોધને ભડકાવનાર છે. પરંતુ ધીમે ધીમે સમજાવા માંડયું અને ભયંકર ઉગ્ર ક્રોધી રાજા શાન્ત સ્વભાવી બન્યો.

જ્ઞાની આત્મા જ કષાયોને જીતી શકે. કલેશ–કષાયોને જીતવા જ્ઞાનદશા જોઈએ, વૈરાગ્યભાવ જોઈએ. જ્યારે અજ્ઞાની વધુ કષાયોને આધીન બને છે.

"કલેશે વાસિત મન સંસાર, કલેશરહિત મન હોય ભવપાર...." ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કલેષ–કષાયયુક્ત મનને જ સંસાર કહે છે. અને તે રહિત મન હોય તો તો કલ્યાણ.

માટે વિચાર કરીએ—આપણે સંસારમાં છીએ કે સંસાર આપણામાં છે? આ પ્રશ્ન આપણી જાતને આપણે પૂછવો પડશે. આપણે સંસારમાં હોઈએ પણ આપણામાં સંસાર ન હોય તો વાંધો નથી....સાધુ મહાત્માઓ પણ જરૂર સંસારમાં છે.... વસ્ત્ર–પાત્ર, આહાર–નિહાર આદિની સર્વ પ્રવૃત્તિ તેમને કરવી પડે છે. પરંતુ મોહ–મમત્વ–રાગ–ભાવ વગર રહે છે એટલે તેઓ સંસારમાં હોવા છતાં પણ તેમનામાં સંસાર નથી માટે તરી જાય છે.

સંસારી ગૃહસ્થ માણસ પોતે તો સંસારમાં છે જ, પરંતુ એના

કરતાં પણ અધિક તો એનામાં સંસાર છે. રાગ-દ્વેષ મોહ-મમત્વ, માયા-મૂર્છા-આસક્તિ એના મનમાં ખૂબ ભરેલી પડી છે.

## ગુણસ્થાનકે મોહક્ષયની સાધના—

ગુણસ્થાનકો ચઢવાની સાધનામાં બારમા ગુણસ્થાનક સુધીના બધા સ્થાનોમાં મુખ્યત્વે મોહ-માયા, કલેશ-કષાયો જ છોડવાની પ્રક્રિયા છે. આજ સાધના મુખ્ય છે. આત્મસાધનાનો આ જ રાજમાર્ગ છે. મોહનીય કર્મની પ્રચુરતાના કારણે જ સંસારમાં ભટકવાનું છે અને એ જ મોહદશા ઓછી થતાં તરી શકાય છે. માટે ગુણસ્થાનકોના એક એક પગથિયા ચઢવા માટે મોહનીય કર્મ એટલું ઓછું કરતા જવું....અનંતાનુબંધીકષાય ખપે એટલે જીવે ચોથે ગુણસ્થાનકે આવી સમ્યક્ત્વ પામે છે. અપ્રત્યાખ્યાની કષાયો ખપે એટલે જીવ પાંચમે ગુણસ્થાનકે ચઢી દેશવિરતિધર શ્રાવક બને છે, પ્રત્યાખ્યાનીય કષાય ખપે એટલે જીવ છઠ્ઠે ગુણસ્થાનકે ચઢી સાધુ બને છે. આગળ અપ્રમત્ત બની શ્રેણિ માંડે છે. અપૂર્વ શકિત ફેરવે છે. નવમે ગુણસ્થાનકે આવી સંજ્વલન ક્રોધ, માન, અને માયા તેમ જ સાથે સાથે હાસ્યાદિ અને વેદ-મોહ પણ ખલાસ કરે છે. અને સંજ્વલન લોભ ખલાસ કરી સૂક્ષ્મસંપરાય દશમા ગુણસ્થાનકથી યથાખ્યાત ચારિત્ર પામી આગળ વધે છે. વીતરાગી બની. બારમે ક્ષીણમોહ ગુણસ્થાનકે આવી મોહનીય કર્મ ખલાસ કરે છે. અને મોહનીય જતાંજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પણ જાય છે. ચારેય ઘાતિકર્મ ખપતા-તેરમા ગુણસ્થાનકે આત્મા કેવલજ્ઞાની બને છે. અને પછી તો મુક્ત....

પરંતુ આટલી મોટી લાંબી સાધનાની મુસાફરીમાં સાધવાનું તો મોહનીયનો ક્ષય જ ને? એટલે મોહક્ષયની સાધના એ જ ઉત્તમ સાધના છે, એ જ રાજમાર્ગ છે. અને આ જ સાધનાને

આરાધના બનાવી દેવાની છે. અને આ આરાધનામાં આરાધ્ય તરીકે વીતરાગીને જ રાખવાના છે.

રાગ કરો તો પણ વીતરાગીથી વિરાગીથી, વૈરાગીથી જ, રાગી સાથે રાગ ન કરાય. રાગી તો સંસારી છે, રાગી સાથે રાગ કરતાં તો સંસાર જ વધવાનો...પરંતુ જે સંસારના રાગથી વિમુખ છે એવા વિરાગી સંસારથી વિરક્ત એવા વૈરાગી અને સંસારભાવ–રાગ–દ્વેષને તજેલા એવા વીતરાગી. એટલા માટે જ વિરાગી, વૈરાગી અને વીતરાગી સાથે જ રાગ કરવો, એમના પ્રત્યે જ રાગ રાખવો. રાગી એવા આપણે જો વીતરાગી પ્રત્યે રાગ રાખશું તો જ આપણો પણ રાગ ઓછો થશે. પ્રથમ તબક્કે તો વીતરાગીના રાગનું જ આલંબન લેવું પડશે. તો જ વીતરાગી બની શકાશે. વીતરાગી તારશે, રાગી ડુબાડશે. જેવા બનવું છે, એવા બનેલાનો જ રાગ રાખવો, એવાની જ સાધના કરવી. બસ, એજ આરાધ્ય, એજ સાધ્ય, એજ લક્ષ.

સૌજન્ય

**શાહ અમૃતલાલ ચુનીલાલ માલણવાલા**

નાનપુરા–સુરત

ના સૌજન્યથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

જૈનદર્શનના અદ્દભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત

સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષય :→ 'કર્મ તણી ગતિ ન્યારી....'

પ્રવક્તા :→ પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય : શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક : શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| ભાદરવા વદ ૨ | વ્યાખ્યાન નવમું | રવિ તા. ૫-૯-૮૨ |
|---|---|---|

વિષય :

# દુ:ખ-દારિદ્રયાદિનું કારણ અંતરાયકર્મ

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર :- કપિલરાય નાનાલાલ ઠાકુર

**અનન્તશક્તિસમ્પન્ન આત્મા—**

અખિલ બ્રહ્માંડમાં જડ અને ચેતન ઉભય પદાર્થો શક્તિ-સમ્પન્ન છે. આત્મા અનન્તવીર્ય ગુણ યુક્ત છે. આત્મા સ્વપ્રદેશોને વિસ્તારીને સમસ્ત લોક જેટલો વ્યાપક બની શકે છે. આવી આત્મગુણરૂપ અનન્તશક્તિને પાંચ વિભાગમાં અલગ અલગ જોવાય છે. જે ક્ષાયિકભાવે આત્માને પ્રાપ્ત થાય છે. એવી અનન્તદાનાદિ પાંચ લબ્ધિઓ છે.

ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥

વાચકમુખ્યજી તત્ત્વાર્થસૂત્રમાં ક્ષાયિકભાવે પ્રગટ થતા નવ

ગુણોમાં—જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, તથા ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર આત્માને પ્રાપ્ત થાય છે.

## દાનાદિ પાંચ લબ્ધિ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| દાન | લાભ | ભોગ | ઉપભોગ | વીર્ય |

દાનાદિ સ્વભાવ પણ જીવનો જ હોય છે, જડનો નહીં. જડને નથી તો દાન કરવાનું, જડને નથી તો કંઈ લાભ થતો. જડ કોઈનો પણ ભોગ કે ઉપભોગ કંઈજ કરી શકતો નથી. તેમ જ અનન્તવીર્ય ગુણ પણ જડનો નથી, આત્માનો જ છે. માટે એને આત્મગુણ તરીકે આત્મલબ્ધિ તરીકે વર્ણવવામાં આવી છે.

**૧. ક્ષાયિક દાન**—અર્થાત્ એક જ તૃણ(તણખલા)ના અગ્રભાગ માત્રથી જેમ ત્રણે લોકને આશ્ચર્ય પમાડે તેમ કોઈ યાચકને પણ સંતોષ પમાડવાની શક્તિવિશેષ તે 'ક્ષાયિક દાન'.

**૨. ક્ષાયિક લાભ**—લાભાન્તરાય કર્મનો સંપૂર્ણતઃ ક્ષય થતાં જે અચિન્ત્ય માહાત્મ્ય-વિભૂતિ ઉત્પન્ન થાય છે તેના આવિર્ભાવને "ક્ષાયિક લાભ" કહેવાય છે.

**૩. ક્ષાયિક ભોગ**—ભોગાન્તરાય કર્મનો ક્ષય થવાથી જે યથેષ્ટ સુખનો અનુભવ થાય છે તે "ક્ષાયિક ભોગ".

**૪. ક્ષાયિક ઉપભોગ**—ઉપભોગાન્તરાય કર્મનો ક્ષય થતાં લોકોત્તર સંપત્તિનો જે ઉપભોગરૂપ અનુભવ થાય તે—"ક્ષાયિક ઉપભોગ".

**૫. ક્ષાયિક વીર્ય**—વીર્યાન્તરાય કર્મના ક્ષયથી ઉદ્ભવતી આત્માની અપ્રતિહત અનન્તશક્તિ તે "ક્ષાયિક વીર્ય".

## સંસારના વ્યવહારમાં :

અનંત શક્તિશાળી–અનંતજ્ઞાનાદિ ગુણવાળો એવો આત્મા કર્મસત્તાની થપેડો ખાતો આજે સંસારમાં ભટકી રહ્યો છે. સંસારમાં જીવ દેહધારી છે. શરીર તો એને રહેવા માટેનું મૂળભૂત આધારસ્થાન છે. સંસારમાં કદાપિ જીવ દેહવિના રહેતો જ નથી. દેહાતીત અવસ્થા તો મોક્ષમાં જ છે.

જીવ શરીરધારી છે એટલે શરીરની પાછળ તો ઘણી જરૂરિયાતો ઊભી થઈ જાય છે. શરીરના માટે સાધન સામગ્રીઓની જરૂર પડે છે. તે માટે કોઈના પાસે માંગવા–લેવા તો રોજિંદા જીવનમાં જવું પડે છે. દેહને ટકાવવા માટે આહારાદિની જરૂરિયાત તો રોજની રહે છે. અને દેહને શણગારવા, દેહની લાજ ઢાંકવા... દેહને શોભાવવા વસ્ત્ર–આભૂષણ આદિની જરૂરિયાત પણ છે. અને સંસારના વ્યવહારમાં નિર્બળનું કામ નહીં એટલે શારીરિક શક્તિ પણ જોઈએ છે.

આ પ્રમાણે સંસારના વ્યવહારમાં રહેવા માટે પણ જીવને દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્યની તો પૂરેપૂરી જરૂર પડે છે. પરંતુ શું બધાને જોઈતું મળી જાય છે ખરું ? કોને કેટલું મળ્યું છે? બિચારા ગરીબને કેટલું મળ્યું છે? શું એને જરૂર નથી? જરૂર ન હોત તો તો માંગે શું કરવા...? અને શું માંગે છે તો મળી જાય છે?

## સંસારની વિચિત્રતા :

સંસાર અનેક અજાયબીઓથી ભરેલું છે. પણ બધી અજાયબીઓમાં આત્માની પોતાની જ અજાયબી આશ્ચર્યકારી છે. બાકી જડની તો કંઈ નથી.

ઘણા લોકો પાસે ઘણું છે, અઢળક ધન છે; પરંતુ આપવાનો સ્વભાવ નથી. મનની ઉદારતા નથી મળી. પૈસો મળવાથી દાતા–દાનવીર નથી બનાતું. દિલની ઉદારતાથી આપતા–આપતા ઉદાર

બનાય છે. ઘણાને ઘણું આપવું છે પણ લેનાર કોઈ નથી. અને સંસારમાં ઘણા લોકોને અનાજ, વસ્ત્ર, ધન–પૈસા આપવું છે તો લેનાર યોગ્ય પાત્ર નથી મળતો. ઘણાને ત્યાં ખાવાનું ખૂબ પડ્યું છે, ફેંકી દેવાય છે; પણ ખાનાર કોઈ નથી. ઘણાને બીજાને ખવરાવવું હોય છે પણ શું થાય? ખાનાર મળતા નથી એટલે ફેંકી દે છે, અને ઘણા ભૂખ્યા તરસ્યાને ખાવું છે, ખોરાકની જરૂર છે, બિચારા અપૂરતા પોષણના કારણે મરી રહ્યા છે. એવા તો અપૂરતા પોષણના કારણે દર વર્ષે દુનિયામાં લાખો લોકો મૃત્યુને શરણ થાય છે–દુનિયાના લાખો લોકો બિચારા એક ટંક ખાઈને ચલાવી લે છે. અને એક ટંક પણ ખાવા નથી મળતું એવા પણ લાખો લોકો આ સંસારમાં છે. ઘણાને ખાવા મળતું નથી.. તો ઘણાને ત્યાં ખાનાર કોઈ નથી. લાખો–કરોડોની સંપત્તિ છે પણ સંતતિ જ નથી ત્યાં શું કરે.

ઘણાને ત્યાં અઢળક ધન, સંપત્તિ, કપડાં લત્તા, મકાનો ફ્લેટો ખૂબ છે–જરૂરિયાત કરતાં દસગણું છે પરંતુ ભોગવનાર–વાપરનાર જ કોઈ નથી. એક માનવી ભોગવી ભોગવીને કેટલું ભોગવી શકે? તેની પણ કોઈ સીમા હોય છે...અને અંતે બિચારા મૂકીને ખાલી હાથે ચાલ્યા જાય છે. ન ઇચ્છા હોય તો પણ સંસારથી વિદાય લેવી જ પડે છે.

ઘણા બિચારા માંગે છે તો મળતું નથી...માંગી–માંગીને મરી જાય છે પણ મળતું નથી...

## ન મળતાં ભિખારીએ બધાને મારવાનો વિચાર કર્યો :

રાજગૃહ નગરીમાં દ્રમક નામનો ભિખારી હતો. તે બિચારો માંગી–માંગીને માંડ પોતાનું પેટ ભરતો હતો...પરંતુ ઘણું રખડી ઘણું માંગવા છતાં પણ પેટનો ખાડો પુરાય એટલું પણ મળતું નહીં...એટલે પેટની ભૂખના કારણે એને ભયંકર ક્રોધ ચઢ્યો. લાભાન્તરાયકર્મનો ઉદય એટલે ધાર્યું મળે નહીં...એટલે લોકો ઉપર

દ્વેષ જાગ્યો. અને વૈભાર પર્વત ઉપર ચઢીને નગર ઉપર મોટી શિલા પાડીને બધાને મારી નાખું એવો વિચાર આવ્યો. પર્વત ઉપર ચઢ્યો. મોટી શિલા જોઈ. અને તેને ગબડાવવા આગળથી માટી, રેતી, પથ્થરો વગેરે દૂર કરવા લાગ્યો, અને પછી ધક્કો મારીને શિલા ગબડાવી દઈશ. પરંતુ ધારવા કરતાં વિપરીત ઘણી વાર બનતું હોય છે, એ જ કર્મની વિચિત્રતા છે. અને થયું એવું જ. શિલાને ગબડાવવા આગળથી રેતી-માટી-પથ્થર કાઢતાં શિલા એના ઉપર જ પડી. મોટી ભારે શિલાની નીચે એ પોતે જ આવી ગયો. ચીસો પાડતાં જીવ ગયો. પરંતુ બધા નગરજનોને મારવાની ભયંકર લેશ્યામાં કચડાઈને મરતા બિચારો દ્રમક ભિખારી સાતમી નરકે ગયો. બીજાનું બગાડવા જતાં પોતાનું જ બગડયું.

**અંતરાયકર્મ—**

આપવું છે પણ નથી અપાતું, મેળવવું છે પણ નથી મળતું, ખાવું છે પણ નથી ખવાતું, પહેરવું છે પણ નથી પહેરાતું, વાપરવું છે પણ નથી વપરાતું, દેહની શક્તિમાં પણ કરવું છે પણ નથી કરાતું, આવા અનેક કારણોના જવાબમાં એક જ કારણ છે-એક માત્ર ઉત્તર છે-"અંતરાય કર્મ" આત્માની અનંત શક્તિનો અવરોધક તે અંતરાયકર્મ.

**सिरि हरिअसमं एअं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाइअं, एवं विग्घेण जीवो वि ॥**

જેમ રાજા રીઝયો થકી, દેતા દાન અપાર,
ભંડારી ખીજયો થકો, વારતો તેણીવાર ॥
તિમ એ કર્મ ઉદય થકી, સંસારી કહેવાય ।
ધર્મ કર્મ સાધન ભણી, વિઘ્ન કરે અપાર ॥




જેમ રાજા ભંડારીને ઓર્ડર કરે કે ભાઈ આવનારને આપી દેજો. આવનારને રાજા લખી આપે કહી દે કે જાઓ ભંડારી આપી દેશે; પણ પેલો લેનાર જ્યાં ભંડારી પાસે જાય છે ત્યાં તો ભંડારી કહે: એમ ને એમ ન મળે. તમે પહેલાંનો હિસાબ આપો, પહેલાંના બાકી છે તે આપો, ૨ દિવસ પછી આવજો, હમણાં મારે કામ છે, હમણાં હું બહાર જાઉં છું, મને સમય નથી, ઉતાવળ છે વગેરે અનેક બહાનાં બતાવીને ના પાડી દે છે. જેમ રાજાનો હુકમ છતાં પણ ન મળે...બસ, એવું જ અંતરાયકર્મ રાજાના ભંડારી જેવું છે. જ્યારે જોઈએ ત્યારે ન મળે, ધાર્યું ન થાય.

આત્માને પોતાને ધર્મારાધના કરવી હોય, ખાવું-પીવું હોય, બીજો દાન આપે છે અને મેળવવું છે પણ વચ્ચે જે વિઘ્ન આવીને ઊભું રહે છે, તે છે અંતરાયકર્મ.

## શ્રી આદીશ્વર પ્રભુને નડેલું અંતરાયકર્મ—

આ અવસર્પિણીના આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ ૮૪ લાખ પૂર્વ આયુષ્યમાંથી ૮૩ લાખ પૂર્વકાળ સંસારમાં નિર્ગમન કર્યું. સો પુત્રાદિનો પરિવાર થયો. ૧ લાખ પૂર્વનું માત્ર આયુષ્ય શેષ રહ્યું ત્યારે પ્રભુએ દીક્ષા લીધી. પ્રભુ તો રાજા હતા. રાજવૈભવનો ત્યાગ કરીને ભગવંતે દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા પછી ભગવંત ગોચરીએ જાય છે...પરંતુ લોકો કોઈ વહોરાવતા જ નથી. વહોરાવવું શું કહેવાય, ગોચરી આપવી એટલે શું? અને શું વહોરાવવું વગેરેનું કોઈને પણ જ્ઞાન જ નથી, તો ક્યાંથી વહોરાવે? લોકો તો એમ જ સમજે કે રાજા આવ્યા છે તો એમને શું અપાય? એટલે કોઈ પોતાની કન્યા, કોઈ હીરામોતી, કોઈ ભેટ નજરાણું વગેરે લઈને આવે છે પરંતુ પ્રભુ ક્યાંથી

સ્વીકારે ? સંસારના ત્યાગી, વિરક્ત પ્રભુએ જે છોડી દીધું છે, જે ત્યાગી દીધું છે તેનો ફરી સ્વીકાર ક્યાંથી થાય ? આહારની ગવેષણામાં પ્રભુ ભિક્ષા લેવા જતા અને મળતું નહીં...

આનું કારણ આપતા શ્રી આદિનાથ ચરિત્રમાં શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે પૂર્વજન્મમાં ભગવંતના જીવે ખેતરમાં એક ખેડૂતને સલાહ આપી અને કહ્યું કે જો આવી રીતે તો બળદ માનવાનો નથી, પરંતુ તું બળદના મોઢે શીકું બાંધી દે જેથી એ ખાઈ નહીં શકે. અને એની સલાહ પ્રમાણે ખેડૂતે કર્યું. મોઢે શીકું બંધાયા પછી હવે બળદ સામે ઘાસ જોવા છતાં બિચારો ખાઈ શકતો નથી. ઘાસ સામે બેસીને નિસાસા નાંખે... અને લગભગ બળદે ૪૦૦ નિસાસા નાંખ્યા હશે, જેથી સલાહ આપનાર પ્રભુના જીવને અંતરાયકર્મ બંધાયું. ભોગાન્તરાયકર્મ બંધાયું, કારણ કે ખાતાં કર્યો અંતરાય...

અને તેના ફળ સ્વરૂપે ઋષભદેવ પ્રભુને દીક્ષા લીધા પછી ૪૦૦ દિવસ સુધી આહાર ન મળ્યો, ઉપવાસી રહેવું પડ્યું... અને એને આજે પણ વર્ષીતપના નામે ઓળખીને કરવાનો રિવાજ છે. જેથી આપણાં પણ અંતરાયકર્મ ખપે. અંતે શ્રેયાંસકુમારના હાથે ઇક્ષુરસથી પારણું થયું. એ પવિત્ર પર્વને અક્ષયતૃતીયા કહેવામાં આવ્યું. અને પ્રભુનું અંતરાયકર્મ ખપ્યું.

**અંતરાયકર્મ બાંધવાનાં કારણો—**

**जिणपूआविग्घकरो, हिंसाइपरायणो जयइ विग्घं ।**

પ્રથમ કર્મગ્રંથના અંતમાં દેવેન્દ્રસૂરિ મહારાજ જણાવતા કહે છે કે શ્રી જિનેશ્વર ભગવાનની પૂજામાં જો વિઘ્ન કરીએ, કરતાને અટકાવીએ, ન કરવા દઈએ, પરમાત્મભક્તિમાં વિઘ્ન ઊભું કરીએ, તેમ જ હિંસાદિ-એટલે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, દુરાચાર, બળાત્કાર અને પરિગ્રહાદિ મુખ્ય પાંચ પાપાચારમાં રત એવો જીવ અંતરાયકર્મ ઉપાર્જન કરે છે.

* આગમનો લોપ કરવાથી, ધર્મનો લોપ કરવાથી, ધર્મની નિંદા-અવહેલના કરવાથી.
* પારકી નિંદા કરવાથી, વિપરીત પ્રરૂપણા કરવાથી, સાચા માર્ગનો લોપ કરવાથી.
* દીન-દરિદ્ર-ગરીબ ઉપર કરુણા ન કરતાં, સાવ દયા છોડી જ દેવાથી.
* તપસ્વી આદિ જ્ઞાની મુનિઓ વગેરેને નમસ્કાર-વંદન ન કરવાથી.
* પશુ-પક્ષી આદિ કોઈ પણ જીવોને ભૂખ્યા-તરસ્યા રાખવાથી, મારવાથી, હેરાન કરવાથી.
* રાંક-બિચારા ગરીબ નોકર-ચાકરાદિ ઉપર ક્રોધ-કષાય કરવાથી, પૈસા પૂરા ન આપવાથી.
* કોઈનાં ખરાબ કાર્યો પ્રકાશિત કરવાથી.
* પરમાર્થ-ધર્મ-તત્ત્વની વાતો કરનારની હાંસી કરવાથી.
* ભણનારને ભણવામાં-લખવા-વાંચવામાં અંતરાય કરવાથી.
* દાતા દાન આપતો હોય અને વચ્ચે પડીને ના પાડીને અટકાવવાથી.
* ગીતાર્થ-જ્ઞાની મુનિઓની હેલના કરવાથી, અપમાન કરવાથી.
* ખોટું બોલીને છેતરવાથી, પરદ્રવ્ય ચોરવાથી, પચાવી પાડવાથી.
* નોકર-ચાકર, પશુ-પક્ષી, બાળકો, દીન-ગરીબોને ભૂખ્યા રાખી પોતે જમીએ. તેમને ખાવા ન આપવાથી.
* ધર્માંરાધના કરતાં શક્તિ ગોપવે, નબળો થઈને પરાણે ક્રિયા કરવાથી, શારીરિક શક્તિનો ઉપયોગ કરીને ક્રિયા-આરાધના ન કરવાથી.
* પરસ્ત્રીગમન, વેશ્યાગમન, બળાત્કાર, આદિ કારણોથી.
* ખોટા કાગળો લખી, ખોટી હુંડી લખીને ખોટા વ્યાપાર કરવાથી.
* પારકી થાપણ ઓળવી લેવાથી.
* નાનાં બાળકો અને કુમારી કન્યા વગેરેને ભોળવીને દેશ-પરદેશે વેચવાથી, શીલ ખંડિત કરવાથી.
* પશુ-પક્ષી પોપટ આદિને પાંજરામાં પૂરી રાખવાથી.

* છતી શક્તિએ દ્રવ્યનો ઉપયોગ ન કરવાથી.

વગેરે આવાં સેંકડો કારણોથી જીવ સ્વયં પોતે અંતરાયકર્મ બાંધે છે. "Tit for Tat" "જેવું કરો તેવું ભરો" ના નિયમ પ્રમાણે જેવું અંતરાયકર્મ બાંધીએ છીએ તેવાં ફળો ભોગવવાં મળે છે, તેવાં દુઃખો ભોગવીએ છીએ.

**ઢંઢણ ઋષિને લાભાંતરાયકર્મ :**

શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણકુમારે શ્રીનેમિનાથ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી, જ્ઞાન-ધ્યાન-સાધના કરતા ઉત્તમ અણગાર બન્યા. સાધુજીવનમાં ગોચરી આદિ વહોરવામાં દોષ આદિનો બરોબર વિચાર કરી આહાર ગ્રહણ કરતા. જે કાંઈ પ્રાસુક આહાર મળી જાય તેનો આહાર કરતા.

પૂર્વે બાંધેલ લાભાંતરાયકર્મનો ઉદય થયો એટલે ગોચરીએ જવા છતાં શુદ્ધ ભિક્ષા પામે નહીં, એટલે મુનિમહાત્મા ઢંઢણઋષિએ અભિગ્રહ કર્યો કે—"આજ પછી મને સ્વલબ્ધિએ આહાર મળશે ત્યારે જ વાપરીશ, તે સિવાયનો ત્યાગ કરીશ. તેમ જ અન્ય મુનિઓએ લાવેલ આહાર પણ ગ્રહણ નહીં કરું ?" આવો અભિગ્રહ કરી ભગવંત નેમિનાથ પ્રભુ સાથે વિહાર કરતા કરતા દ્વારકાનગરીમાં પધાર્યા. શ્રીમંતોના ઘર વગેરેમાં ઘણાં ફર્યા પણ આહાર ન મળ્યો.

એક વખત બીજા સાધુ પણ ઢંઢણઋષિ સાથે ગોચરીએ ગયા તો તેમને પણ આહાર ન મળ્યો. સમય વીતતો ગયો. બીજા સાધુ મહાત્માએ શ્રીનેમિનાથ પ્રભુને પૂછયું—'હે પ્રભો ! ઢંઢણઋષિ કેમ ગોચરી નથી પામતા ?'

પરમાત્માએ પૂર્વજન્મ જણાવતાં કહ્યું—

**જમવા ન દેતાં બાંધેલ કર્મ—**

ઢંઢણઋષિનો આત્મા પૂર્વજન્મે પારાસર નામના એક બ્રાહ્મણ હતા, અને ઘણા ખેડૂતો વગેરે તેમજ પશુઓ માટે

આહાર-ઘાસ વગેરે આવેલું. પરંતુ પારાસરે કહ્યું-'પહેલાં મારા ખેતરમાં થોડી જમીન ખેડી લો પછી જ જમવા મળશે' જમવાનું મૂકીને ખેડૂતોએ તેની આજ્ઞા પ્રમાણે કર્યું અને બળદોને પણ ખેતીમાં જોડ્યા. તેથી બધા ભૂખ્યા રહ્યા. બસ, આ કારણે પારાસરે અંતરાયકર્મ બાંધ્યું. ઘણા ભવો ભટકી આજે આ ભવમાં ઢંઢણ થયા છે, પણ પેલું કર્મ તો હજી પણ ઉદયમાં છે, તેના ગયા સિવાય આહાર નહીં મળે.

આહાર નથી મળતો છતાં પણ મુનિ અલાભ પરિસહને સમતાભાવે સારી રીતે સહન કરી રહ્યા છે. દોષમુક્ત અને સ્વ-અભિગ્રહ પ્રમાણે આહાર છોડતા જાય છે. આ પ્રમાણે આહાર ન મળતાં ઢંઢણઋષિને છ મહિના વીતી ગયા.

શ્રીકૃષ્ણના પૂછેલા પ્રશ્નના જવાબમાં પરમાત્મા શ્રી નેમિનાથે પણ ઢંઢણઋષિની પ્રશંસા કરી....ઘણા લોકો બોધિબીજ પામ્યા. ઢંઢણની પ્રશંસા કરી શ્રીકૃષ્ણ વાંદવા આવ્યા. ત્રણ પ્રદક્ષિણા આપી સુખ-શાતા પૂછી ભગવંતને શ્રી ઢંઢણ બાબતમાં પૂછે છે-'હે પ્રભુ! તે મુનિ ક્યાં છે?'

ભગવંતે કહ્યું—'હે કૃષ્ણ! હમણાં વહોરીને આવતા તે મુનિ તમને રસ્તામાં સામે જ મળશે.'

શ્રીકૃષ્ણ દ્વારકા નગરીમાં પ્રવેશ કરે છે ત્યાં તો પ્રવેશ દ્વારે જ ઢંઢણ ઋષિ મળ્યા. શ્રીકૃષ્ણે પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કર્યા અને પ્રશંસા કરી.

માર્ગની એક બાજુ રહેતા ગૃહસ્થે બારીમાંથી શ્રીકૃષ્ણને નમન કરતા જોઈને આશ્ચર્ય પામ્યા. મુનિની શ્રેષ્ઠતા સમજી તેમને સ્વગૃહે બોલાવી સિંહકેસરિયા મોદક વહોરાવ્યા.

### લાડવા પરઠવતા કેવલજ્ઞાન :

ઢંઢણ મુનિ લાડવા વહોરી નેમિનાથ ભગવંત પાસે પધાર્યા.

વંદન કરી પૂછયું-'હે ભગવંત! શું આજે મારો અભિગ્રહ પૂરો થયો છે, શું મને યોગ્ય આહાર મળ્યો છે?'

ભગવંતે કહ્યું—'હે ઢંઢણ! આ આહાર પણ તમને તમારી સ્વ-લબ્ધિએ નહીં પણ શ્રીકૃષ્ણના કારણે મળ્યો છે. પ્રભુમુખે આ જવાબ સાંભળીને ઢંઢણ મુનિ જંગલમાં પરઠવવા ચાલ્યા.

એકાન્તમાં બેસી પરઠવવા માટે લાડવાનો ભૂકો કરે છે–ચૂર્ણ કરે છે. અરે! લાડવાનો શું પરંતુ જાણે પોતાનાં કર્મોનો ભુક્કો ન કરતા હોય તેમ.. છ....છ...માસથી લાભાંતરાયના ઉદયે સહન કરતા અલાભ પરીષહને તોડયો.. એટલું જ નહીં...ચારે ઘનઘાતી કર્મોને ખપાવીને કેવલજ્ઞાન પામ્યા...લાભાન્તરાય જ નહીં, બધા જ અન્તરાયો તોડીને પાંચે ય દાનાદિ લબ્ધિઓ ક્ષાયિકભાવે પામ્યા.

## અંતરાયકર્મની ઉત્તર પ્રકૃતિઓ :

અંતરાયકર્મ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| દાનાન્તરાય | લાભાન્તરાય | ભોગાન્તરાય | ઉપભોગાન્તરાય | વીર્યાન્તરાય |

આત્માની દાનાદિ પાંચેય લબ્ધિઓને સૂર્યને વાદળની જેમ ઢાંકી રાખનાર તે અંતરાયકર્મ છે. આની આ પાંચે ય ઉત્તર પ્રકૃતિ-રૂપે ગણાય છે. એ જ મૂળભૂત આત્માની પાંચ લબ્ધિ છે. અને તેને આવરનાર તે તે અંતરાયકર્મ કહેવાય છે.

તે તે અંતરાયકર્મના ઉદયના કારણે જીવને તે તે લબ્ધિ યોગ્ય પદાર્થો પ્રાપ્ત કરવામાં વિઘ્ન નડે છે, અંતરાય પડે છે.

### (૧) દાનાન્તરાયકર્મ—

લેનાર યાચક સામે છે અને દાનમાં મહાન્ લાભ છે એવું જાણતો હોવા છતાં અને છતી વસ્તુ કે પૈસા હોવા છતાં પણ

દાતા આપવા યોગ્ય દ્રવ્યાદિ ન આપી શકે તે કર્મને 'દાનાન્તરાય કર્મ' કહેવાય છે.

પૂર્વજન્મે કોઈ દાતાને દાન આપતા રોકીને જે કર્મ બાંધ્યું હોય તે આ દાનાન્તરાયકર્મ કહેવાય છે. ફરી એના ઉદયે આપણી એવી જ સ્થિતિ થાય છે. એના કારણે કૃપણતા, કંજૂસાઈ વગેરેના દુર્ગુણો આવે છે, અને ગુરુભગવંતો આદિના ઉપદેશ તથા શાસ્ત્રો વાંચતા કે શ્રવણ કરતા પણ દાનગુણ કે ઉદારતા પ્રગટ નથી થતા.

## લાડવા વહોરાવીને પાછા લેવાનું મન થયુ—

શ્રેણિકના પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી મહાવીર પરમાત્માએ કહ્યું કે હે શ્રેણિક! પૂર્વજન્મમાં–ઘરમાં–રસોઈમાં મોદક લાડવા બનાવ્યા હતા. એક મુનિ મહાત્મા ઘરે વહોરવા પધાર્યા. એણે તો બંને મોદક સાધુને વહોરાવી દીધા. મુનિ તો ધર્મલાભ આપીને ચાલ્યા ગયા. પછી શેષ લાડુ ખાવાથી બહુ જ સ્વાદિષ્ટ સુંદર મીઠા લાગવાથી....એણે મનમાં ને મનમાં વિચાર કર્યો—અરે! આવા સ્વાદિષ્ટ મીઠા મજાના લાડુ મેં સાધુને વહોરાવી દીધા. અરે રે! હવે શું થશે? અરે રે હવે શું કરું? શું પાછા જઈ ને લઈ આવું? વગેરે વિચારો કરતા કરતા વહોરાવ્યાનો પશ્ચાતાપ કરતા ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય કર્મ બાંધ્યું, જેના ઉદયે મમ્મણ શેઠ આ જીવન પર્યન્ત તેલ અને ચોખા સિવાય કંઈ જ ખાઈ નથી શકયા, અને અઢળક ધન–સંપત્તિ, ઋદ્ધિ–સિદ્ધિ હોવા છતાં પણ ભોગવી નથી શકયા. બે–બે–બળદો સોનાના અને તેના ઉપર હીરા–મોતી જડીને શણગાર્યા હતા ..આખી જિન્દગી કારમી મહેનત કરીને આટલું ભેગું કર્યું હતું. છતાં પણ મહા મહિનાની કડકડતી ઠંડીમાં મધ્યરાત્રિએ પણ નદીમાં જઈ તરતાં આવતાં લાકડાં પણ લાવતો–વેચતો અને ધન ભેગું કરતો, પરંતુ આખી જિન્દગીમાં ન તો ભોગવવામાં કે ન તો ઉપભોગમાં લઈ શકયો, ન તો

ખાઈ શક્યો. મહાકૃપણતામાં જન્મ પૂરો કર્યો. આ હતો ભારે અન્તરાય કર્મનો ઉદય.

શ્રીભગવતીજી સૂત્રમાં એવો ઉલ્લેખ આવે છે કે-તુંગીયા નગરીના શ્રાવકોનાં દ્વાર યાચકો માટે નિરંતર ખુલ્લાં રહેતાં હતાં. સદાય દાન દેવામાં ઉદાર મનોવૃત્તિવાળા શ્રાવકો હતા.

દાન આપવાથી લક્ષ્મી ખૂટતી નથી, પરંતુ ઉપરથી વધે છે. માત્ર સંગ્રહાયેલી લક્ષ્મી ચોરો આદિના હાથમાં જાય છે, જે વિનાશનો માર્ગ છે.

**दानं भोगो नाशश्च तिस्रो गतिर्वित्तस्य।**
**यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गतिर्भवति ॥**

—દાન, ભોગ અને નાશ-આ ત્રણ જ માર્ગ છે લક્ષ્મીને જવાના. જે દાનમાં આપી પણ નથી શકતો અને સ્વયં ભોગવી (ખાઈ) પણ નથી શકતો; તો તો પછી તેની ત્રીજી ગતિ નાશની જ છે. એમ નીતિકારો સ્પષ્ટ જણાવે છે.

પૂર્વે ભરવાડના ભવે મુનિ મહાત્માને ભાવથી ખીર વહોરાવીને જે ગજબની પુણ્યાઈ બાંધી તેના કારણે શાલિભદ્રના ભવમાં રોજની ૯૯ પેટીઓ ઊતરતી હતી. અને આ જ લોભના કારણે આપણે પણ દર બેસતા વર્ષે "શાલિભદ્રની ઋદ્ધિ-સિદ્ધિ હોજો"... આ પ્રમાણે લખીએ છીએ. પરંતુ થોડો વિચાર કરીએ કે આનું મૂળ કારણ શું? તો ખ્યાલ આવે કે સુપાત્રે ખીરનું દાન....તો આપણે થોડું પરિવર્તન કરીને ચોપડે લખવું જોઈએ કે-"ભરવાડની દાનબુદ્ધિ હોજો"-તો વધારે યોગ્ય લાગે છે. કારણ સારું તો કાર્ય પણ સારું.

શ્રેણિક મહારાજાની આજ્ઞા હોવા છતાં અને કહેવા છતાં પણ કપિલા દાસીએ મુનિરાજને ન વહોરાવ્યું તે નહીં જ. ભાવ બિલકુલ ન થયો. અને સ્વદ્રવ્ય પણ નહીં, પાછું દ્રવ્ય તો રાજાનું. પારકી વસ્તુ છતાં પણ વહોરાવવાની ભાવના ન થઈ.

**લાભાન્તરાયકર્મ :**

ઇષ્ટ વસ્તુ સામે પ્રત્યક્ષ હોવા છતાં પણ લાભ યોગ્ય પદાર્થ પામી ન શકે. મળે નહીં તે "લાભાન્તરાયકર્મ"નો ઉદય કહેવાય. ધન–વ્યવસાય–વ્યાપાર માટે નોકરી–ધંધા માટે દેશ–પરદેશ ભટકે, છતાં પણ ન મળે, પરદેશ વર્ષો સુધી ભટકીને આવે છતાં પણ કંઈજ ન મળે, પારકી સેવા–ચાકરી–નોકરી ઘણી કરે છતાં પણ એક પૈસોય ન મળે–ધાર્યો લાભ ન થાય, કોઈ પણ વસ્તુમાં સામે હોવા છતાં ઇચ્છા પૂરી ન થાય તે લાભાન્તરાયકર્મનો ઉદય છે.

પૂર્વે કોઈને થતા લાભાદિમાં વિવિધ પ્રકારનાં વિઘ્નો કરીને બાંધેલાં લાભાન્તરાયકર્મના કારણે આ જન્મમાં એવાં જ ફળ ભોગવવાં પડે છે. મોઢે દેખાતો કોળિયો પણ હાથમાંથી ચાલ્યો જાય. ઘર આંગણે આવેલો ગ્રાહક પણ ચાલ્યો જાય. હાથમાં આવેલો લાભ પણ ચાલ્યો જાય.

એક માર્કેટમાં એક જ સરખી, એક જ મીલનો માલ રાખનારી, અને એક જ ભાવે વેચનારી સેંકડો દુકાનો હોવા છતાં પણ ઘણા કમાય છે, અને કેટલાક ગુમાવે પણ છે, નુકશાન પણ કરે છે–અને પાર્ટી ઊઠી પણ જાય છે. આ તો અંતરાયકર્મના નાટક ખૂબ જોવા મળે છે.

## રોજના ૨ આનાની કમાણી—

જેમ પુણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરે ।
નિત્ય જિનવર પૂજી રે, ફૂલના પગર ભરે ॥

અંતરાયકર્મની પૂજાની ઢાળમાં જણાવતાં શ્રી શુભવીર મહારાજ જણાવે છે કે પૂર્વજન્મમાં બાંધેલ લાભાન્તરાય કર્મના ઉદયના કારણે પુણિયો શ્રાવક રોજ રૂની પૂણી વેચીને માત્ર ૧૨ાા દોકડા (એટલે ફક્ત ૨ આના જ) જ કમાતો હતો. વધારે કમાણી થતી જ નહીં, પરંતુ શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે—

મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે,
તુજ આગમ વાણી રે, સમકિત ચિત્ત ધરે.

—મિથ્યાત્વી જીવ લાભાન્તરાયકર્મના ઉદયે અસહ્ય અવસ્થામાં આર્તધ્યાન કરે છે, જ્યારે સમકિતી જીવ હે પ્રભુ! તુજ આગમ વાણીને મનમાં ધારીને સમતાનો ભાવ ધારણ કરે છે તો તરી જવાય છે.

પરમ સંતોષભાવવાળો પુણિયો શ્રાવક ૨ આના કમાઈ ને પણ ૧ દિવસ પોતે ઉપવાસ, બીજા દિવસે પત્ની ઉપવાસ કરે. એમ વારાફરતી કરવા છતાં પણ રોજ એક સાધર્મિક બંધુને ઘરે જમાડતો હતો. આવી સુંદર ભક્તિમાં તો અંતરાયકર્મ બંધાય ક્યાંથી? તે તો ઊલટું ખપે અને રોજ ફૂલો વડે જિનભક્તિ કરતો. શ્રેણિક જેવો રાજા પણ પ્રભુના કહેવાથી સ્વ-નરકગતિ તોડવા માટે પુણિયા જેવાનું સામાયિક જોવા માટે આવ્યા...ધન્ય એ પુણિયો શ્રાવક.

**ભોગોપભોગ સામગ્રી :—**

એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક ।
અશન-પાન-વિલેપને, ભોગ કહે જિન છેક ॥
ભોગવી વસ્તુ ભોગવે, તે કહીએ ઉપભોગ ।
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ ॥

સમસ્ત સંસારમાં સર્વ જીવોને ભોગોપભોગ સામગ્રી વગર ચાલતું નથી. આપણા દૈનિક જીવનમાં રોજ ખાવાપીવા જોઈએ છે. માથે તેલ નાખવા, સેન્ટ, અત્તર, વિલેપન જોઈએ છે. એટલું જ નહિ, આભૂષણ-કપડાં-વેશભૂષા તથા સ્ત્રી વગેરે પણ જોઈએ છે. સાધન-સામગ્રી વિના સુખ-સાહેબી કહેવાતી જ નથી.

એવી જે ખાવા-પીવાની, ન્હાવા-સાબુ-તેલ-અત્તર વગેરેની રોજેરોજના જીવનમાં એક જ વાર વપરાઈ જાય છે તે સામગ્રીને

ભોગસામગ્રી કહેવાય છે. અને એક વસ્તુ એકવાર વાપરવાથી પૂરી નથી થઈ જતી, વારંવાર વાપરવી પડે છે દા. ત. કપડાં, દાગીના સ્ત્રી વગેરે-કપડાં એક વાર પહેરીને ફેંકી નથી દેતા. તેમ જ દાગીના એકવાર પહેરીને ફેંકી નથી દેતા. વારંવાર ફરી ફરીને પહેરીએ છીએ. વાપરીએ છીએ. તેને ઉપભોગ સામગ્રી કહેવાય છે.

આ ભોગોપભોગ સામગ્રી વિના તો જીવન નથી ચાલતું, દરેકને જરૂર પડે છે. પણ દરેકને જરૂરિયાત પ્રમાણે અથવા ઇચ્છા પ્રમાણે મળી ક્યાં જાય છે? જે કારણે નથી મળતી તેમાં પ્રબલ કારણ છે તે તે પ્રકારના ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય કર્મનો ઉદય.

એકલા ચાર ભીંતનો ફ્લેટ લેવાથી નથી ચાલતું. તે ફ્લેટમાં ફરનીચરથી માંડીને સોય-દોરા-કાતરથી માંડીને...પાટ-પાટલા-પલંગ બધું જ જોઈએ છે. અનેક ઘરવખરીની ચીજોથી ઘર ભરવું જ પડે છે, સજાવવું પડે છે, ત્યારે શોભે છે.

ભોગોપભોગપરિમાણ વ્રતમાં શ્રાવકને ઘણો ત્યાગ કરવાનો કહી વિવિધ મર્યાદા રાખવાનું કહ્યું છે. નિરર્થક પાપારંભનું કારણ હોવાથી ત્યાગ કરવો હિતાવહ છે, એમ જણાવાયું છે. તો ધર્મમાર્ગમાં ગણાશું.

આ સર્વ ભોગોપભોગ સામગ્રી મળે તો ઠીક અને ન મળે તથાપ્રકારનો અંતરાયકર્મ ગણવો. એક દરિદ્ર ભિખારીને પૂરા કપડાં પણ પહેરવાં નથી મળતાં કારણ કે ઉપભોગાન્તરાય કર્મનો ઉદય કેટલો ભારે છે એ જુઓ-

**ભોગાન્તરાયકર્મ**-અન્ન, પાણી, ફૂલ-વિલેપન, ચંદન, અત્તર વગેરે એક વાર ભોગવાતી ભોગસામગ્રી હોવા છતાં પણ ન ભોગવી શકાય તે કર્મ ભોગાન્તરાયકર્મ કહેવાય છે. પુણ્યોદયે ઘણી વાર સાધન-સામગ્રી મળતી હોય, કારણ પુણ્યનું તો કામ એટલું જ છે વસ્તુ અપાવી દેવી....પછી શું થાય છે તે તેનું કામ

નથી. છતી વસ્તુએ પણ ભોગવી ન શકે, ખાઈ ન શકે તે ભોગાન્તરાયકર્મ કહેવાય.

સોનાના ચાંદીના વાટકામાં દૂધપાક મળ્યો છે પણ પીવા બેઠા ત્યાં તો અર્જન્ટ તાર આવે છે– 'છોકરો અકસ્માતમાં મરી ગયો છે.' હવે ? દૂધપાક પીવાના કે પછી દોડીને અકસ્માત સ્થળે જવાના ?

ભોગાન્તરાય કર્મના ઉદયે રોગી, વરવશ થાય. અન્ન ઉપર અરુચિ થાય, ભાવે જ નહીં, ગમે નહીં; સારું ધાન્ય, સારી વાનગી, રસોઈ ભાવે નહીં, ખવાય નહીં, પચે નહીં ..વગેરે અનેક હેતુઓ ઉદયે છે.

**સસરો ઘેબર ન ખાઈ શકયો—**

નૈગમ એક નારી ધૂતી; પણ ઘેબર ભૂખ ન ભાંગી;
જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી ॥ ભૂલ્યો બાજી

એક વ્યપારી વણિકે વ્યપારમાં એક સ્ત્રીને છેતરી અને તેમાંથી સારા બે પૈસા કમાયો. ઘરે જતાં તે પૈસાથી માર્ગમાં ઘી, સાકર, લોટ વગેરે લઈને આવ્યો. ઘરે આવી પત્નીને કહ્યું, 'આજે તો સરસ ઘેબર બનાવજે. હું ન્હાવા જાઉં છું પછી આવીને જમવા બેસીશ...'

સસરા ગયા ન્હાવા... ત્યાં તો જમાઈરાજ આવ્યા...જમવા બેઠા. અને સાસુએ ઘેબર પીરસ્યાં... જમાઈ તો ભાવતાં મળ્યાં એટલે બધાં ખાઈ ગયાં... ન્હાઈને શેઠ પાછા વળ્યા...ત્યારે દરવાજે જ માર્ગમાં જમાઈ સામેથી આવતા સસરાને મળ્યા–અને પછી શેઠ ઘરે આવ્યા....જમવા બેઠા. પત્નીએ શાક–દાળ–ભાત બધું પીરસ્યું. શેઠે કહ્યું, 'ઘેબર ?!' પત્નીએ કહ્યું, 'તે તો જમાઈ ખાઈ ગયા.' હવે શું થાય....? શેઠ માથે હાથ દઈને પસ્તાયા... અરે ! સ્ત્રીને છેતરીને પૈસા લાવ્યો. ઘેબર બનાવ્યા છતાં પણ ખાવા ન મળ્યાં... (નસીબમાં) કર્મમાં જ નથી .. ભોગાન્તરાય કર્મ... છેવટે જમાઈ જ ખાઈ ગયા... પછી જ્ઞાનદશા જાગી.

સમજાઈ ગયું, આ તો મારો જ ભોગાન્તરાય કર્મનો ઉદય...એમ કહીને મન વાળી દીધું

### ઉપભોગાન્તરાય કર્મ—

વસ્ત્ર, આભૂષણ, શયન, પલંગ, સ્ત્રી વગેરે ઉપભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં પણ જો ન વાપરી શકાય-ભોગવી ન શકાય તે ઉપભોગાન્તરાય કર્મ કહેવાય છે.

ઉપભોગાન્તરાય કર્મના ઉદયે જીવ નિર્ધન-દરિદ્રી થાય છે. પરવશ થાય છે. દેશ-દેશાંતર ભટકવું પડે છે. નોકર થઈને રહીને પણ સેવા કરવી પડે છે. આવા તો પરવશ-દીનતાના અનેક દ્રષ્ટાંતો આ કર્મનાં છે. જેમ કૂવાની છાયા કૂવામાં જ સમાઇ જાય છે. કારણ કે ધન વિના તો મનોરથો પૂર્ણ થઈ શકતા નથી. સંસારના વ્યવહારમાં તો ધનની પ્રધાનતા છે અને તેના વિના તો જીવન વ્યવહાર નથી ચાલતો, ઇચ્છા પૂરી થઈ શકતી નથી.

### રાજાને પણ ઘર ઘર ભટકવું પડયું—

દેશ-વિદેશ-પરઘર સેવા, ભીમસેન નરિંદના રે;
સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણિંદના રે ॥ જિનરાજ

જંગલમાં શિકાર કરવા ગયેલ રાજા શક્તિસિંહ હરણની પાછળ પડ્યો. હરણની પાછળ પાછળ દોડતા જતા રાજાએ જંગલમાં એક મુનિને કાઉસ્સગ્ગ ધ્યાનમાં જોયા. હરણ માટે પૂછયું....પરંતુ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર મુનિ કાંઈ જ ન બોલ્યા... એટલે રાજાને ક્રોધ ચઢ્યો. સૈનિકોને હુકમ કરીને રસ્સી વડે બંધાવીને મુનિને નાખી દીધા. અને રાજા આગળ વધ્યો... જંગલમાં ખૂબ ભટકયા...અંતે પાછા ફરતાં...યાદ આવ્યું. મુનિ સામે દેખાયા.. રસ્સીના બંધનમાં ૧૮ ઘડી થઈ ગઈ હતી.... સાધુસંતોની વિરાધના તો ભૂલેચૂકે પણ ન કરવી જોઈએ, મહાપાપ બાંધવાનું કારણ બને છે. તે તો આરાધ્ય છે. આરાધના કરવી, પણ વિરાધના તો ન જ કરવી...કદર્થના, પીડા ત્રાસ પહોંચાડવો

તે મહાપાતક બાંધવા જેવું છે. તેના ઉદયે કષ્ટ થાય, ભયંકર અંતરાયકર્મ બંધાતા જીવને ભોગવવું બહુ જ ભારે પડે છે.

રાજાએ ૧૮ ઘડી પછી રસ્સીનાં બંધન છોડી દીધાં અને મુનિને મુક્ત કરીને ચાલ્યા ગયા. પરન્તુ ૧૮ ઘડી બાંધી રાખવાથી રાજાએ ભયંકર અંતરાય કર્મ બાંધ્યું જેથી ૧૮ વર્ષ સુધી એ કર્મ રડી રડીને ભટકી ભટકીને ભોગવવું પડયું.

સાચું જ કહ્યું છે કે–"હસતાં તે બાંધ્યાં કર્મ, રોતાં નવિ છૂટે રે પ્રાણિયા..."

હસતાં–હસતાં, મશ્કરી, રમત વગેરેમાં પણ જીવ જે ચીકણાં કર્મો બાંધી દે છે તે રડતાં–રડતાં પણ નથી છૂટતાં...

માટે જ્ઞાની ભગવંતો કહે છે કે–બંધ સમય ચિત્ત ચેતીએ,
ઉદયે કો સંતાપ રે...

હે જીવ! કર્મ બાંધતી સમયે જ ચેતવું જોઈએ...બાંધતી વખતે જો સાવધાન રહીએ તો બચી જવાય... ઉદય વખતે રડવાથી શો ફાયદો...? હવે કંઈ જ ન વળે, હવે તો ભોગવે જ છૂટકો.

**"कडाण कम्माण न मोक्खो अत्थि ॥"**

—શ્રી ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં ભગવંતે કહ્યું કે કરેલા નિકાચિત ચીકણા કર્મનો મોક્ષ (ક્ષય) નથી. તે તો ભોગવે જ છૂટે.

## ૧૮ ઘડીનાં ૧૮ વર્ષ થયાં :—

મુનિને ધ્યાનમાં અંતરાય કરી ૧૮ ઘડી સુધી બાંધી રાખી તીવ્ર અંતરાયકર્મ બાંધનાર રાજા શક્તિસિંહ મરીને શ્રાવસ્તીનગરીમાં રાજા વજ્રસેનના પુત્ર ભીમસેન થયા. યૌવનવયમાં પ્રજાનું ધનહરણ, લોકોની સ્ત્રીઓનું અપહરણ વગેરે કરવાને કારણે રાજાએ રાજકુમારને જેલમાં નાંખ્યો. પરન્તુ કેદમાંથી છૂટી તેણે માતા–પિતાને મારી નખાવ્યા અને સ્વયં રાજા બની બેઠો.... પરન્તુ ચોરી જુગાર શિકાર

પરસ્ત્રી અપહરણ, મદ્યપાન વગેરેની ટેવ ગઈ નહીં. અંતે પ્રજા ત્રાસી ગઈ. મંત્રી અને પ્રજાએ બળવો કરી રાજાને ભગાડી મૂકયો, દેશનિકાલ કર્યો.

પૂર્વજન્મે બાંધેલ અંતરાય કર્મનો ઉદય શરૂ થયો. કયાંક માળીને ઘરે નોકરી રહ્યો. પરન્તુ ચોરીની ટેવે ત્યાંથી પણ કાઢી મૂકયો. પછી એ જ વ્યાપારીને ત્યાં નોકરી કરવા માંડ્યો. વહાણવટિયાના વ્યવસાયમાં તે વહાણ તૂટતાં સમુદ્રમાં પડ્યો. સદ્ભાગ્યે બચી ગયો. જંગલમાં ભટકવા લાગ્યો. મળેલા ત્રિદંડી સાથે રહ્યો. પરન્તુ ત્રિદંડીએ પણ દોરડું કાપી ખાણમાં ઉતારી દીધો.

પછી એક વ્યાપારીને ત્યાં વખાર ઉપર દેખરેખ કરવા રહ્યો. ત્યાંથી છૂટ્યો... દુર્ભાગ્યયોગે ઉપભોગાન્તરાય અને લાભાન્તરાયના યોગે મળેલું રત્ન પણ હાથમાંથી ચાલી ગયું. રસ્તામાં ચોરોએ તેનું ભાતું–કપડાં વગેરે બધું લૂંટી લીધું. છેવટે ૧૮ વરસ સુધી દુઃખી થઈને કંટાળીને આત્મહત્યા કરવા તૈયાર થયો. પરન્તુ જ્ઞાની મુનિ મહાત્મા મળ્યા. તેમણે કર્મસ્થિતિ સમજાવીને વાર્યો. ૧૮ વર્ષની અંતરાયકર્મની તારી સ્થિતિ પૂરી થવા આવી છે.... અને હવે ફરી બધું સારું થશે. પ્રતિબોધ પામ્યો. ગિરનાર તીર્થની યાત્રા કરી. બન્ને ભાઈઓનો ફરી મેળાપ થયો. ભીમસેન ફરી રાજા બન્યો.

અનેક જિનમંદિરો બંધાવ્યાં, પ્રતિમાઓ ભરાવી, તીર્થયાત્રાઓ કરી... ગરીબોને ખૂબ દાન આપ્યું અને અંતે વૈરાગ્ય પામી દીક્ષા લીધી.. કર્મ ખપાવવાનો નિર્ધાર કર્યો... ઋષિએ અદ્ભુત આરાધના તપશ્ચર્યા કરી એ જ ભવે કર્મ ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

કર્મની સજા એક વાર ભોગવવી પણ ખૂબ આકરી લાગી... પારાવાર દુઃખ વેઠવું પડયું....રાજા જેવા રાજાને પણ ઘર ઘર રખડવું પડયું. ભીખ માંગીને પેટ ભરવું પડયું...અંતરાય કર્મ

કેવી દયનીય દીન હાલત કરી નાખે છે...! છેવટે કર્મ ઉપર જ ગુસ્સો આવ્યો...બસ, હવે તો આ કર્મોને કાઢે જ છૂટકો...એવા મક્કમ નિર્ધારની જરૂર છે. કર્મોની પાછળ પડવું પડશે...કર્મોને પંપાળવાથી-પોષવાથી નહિ ચાલે, અનન્તકાળ વીતી ગયો...હવે તો થાકયા આ કર્મોથી....કંટાળો આવી ગયો છે....બસ, કાઢે જ છૂટકો...

આ રીતે પણ થોડો આત્માને તૈયાર કરવો પડશે.

**અંતરાય કર્મની સ્થિતિ**—કોઈને ૧૮ ઘડીનાં ૧૮ વર્ષ થયાં છે, તો રામ અને સીતાને વિયોગ ૬ માસનો રહ્યો છે. નળ-દમયંતીને બાર વર્ષનો વિયોગ સહેવો પડયો છે. અંજના સતીને ૨૨ વર્ષ પણ કારમો વિયોગ સહન કરવો પડયો છે. સુરસુંદરીએ પણ આ કર્મના ઉદયે બધું જ ગુમાવ્યું છે.

આ કર્મ પણ આત્મા સાથે ઘણા લાંબા કાળ સુધી રહે છે. ૩૦ કોડાકોડી સાગરોપમ એ અંતરાય કર્મની ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ છે. બંધાયેલ અંતરાયકર્મ આટલા દીર્ઘકાળ સુધી આત્મા સાથે ચોંટી રહે છે અને જીવને દુઃખી થવું પડે છે. ૧ અંતર્મુહૂર્ત કાળ એ એની જઘન્ય સ્થિતિ છે. આટલા અલ્પ કાળનું પણ બંધાઈ શકે છે. અને અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો છે. એ પછી ઉદય ચાલુ થઈ જાય છે. અને જઘન્ય અબાધાકાળ તો ૧ અંતર્મુહૂર્તનો છે.

## સુરસુંદરીની દયનીય દશા—

માળવપતિ પ્રજાપાળ રાજાની પુત્રી અને શ્રીપાળ રાજાની પત્ની મહાસતી મયણાસુંદરીની સગી બહેન સુરસુંદરીને પિતાએ અરિદમન રાજકુમાર સાથે પરણાવી હતી. અને મયણાને ઉંબર-રાણા (શ્રીપાલ) કોઢી કંત સાથે પરણાવી હતી. છતાં પણ સદ્-ભાગ્યે નવપદભક્તિથી મયણા તો અપાર પુણ્યલક્ષ્મી પામી; સુખી થઈ. અને...

જ્યારે અઢળક ધનસંપત્તિ આપીને અરિદમન રાજકુમાર સાથે રાજાએ સુરસુંદરીને વળાવી. સાસરે જવા વિદાય આપી. ગામની બહાર જ મધ્યરાત્રીએ ચોરોએ લૂંટ્યા....બધી સંપત્તિ-પૈસો લઈ ગયા. અને અરિદમન રાજકુમાર તો ભાગી ગયો. અંતે એકલી પડેલી સુરસુંદરીને ચોરો નેપાળ લઈ ગયા અને ત્યાં ભર બજારમાં વેચી દીધી. એક વેશ્યાએ ખરીદી લીધી. નૃત્યકલા શીખવાડી નટડી બનાવી. રાજાને નટમંડળીમાં નાટક કરવા ત્યાં નટી તરીકે રહી...અને શ્રીપાળ-મયણા ત્યાં આવતાં આ નટમંડળી નાટક કરી મનોરંજન કરવા લાગી. ત્યારે પોતાની બહેન મયણાને ઓળખી ને સુરસુંદરી ગાવા લાગી—

કયાં માળવ, કયાં શંખપુર, કયાં બબ્બર કયાં નટ ?
સુરસુંદરી નચાવીને, દૈવે દળ્યો વિમરટ ॥

આ સાંભળીને મયણા સમજી ગઈ. નાટક બંધ કરાવીને આવીને બહેનને ભેટી પડી...સામસામે આજે વર્ષો પછી મળ્યાં. પિતા રાજાએ જેને દુઃખી કરવા ધાર્યું હતું તે તો અધિક ઘણી સુખી થઈ અને જેને અઢળક ધન આપી સુખી કરવા ધાર્યું હતું તે તો અત્યંત દુઃખી થઈ—આ છે કર્મ તણી ગતિ ન્યારી...” એક રાજાની દીકરી રાજકુમારીને પણ બજારમાં વેચાવું પડયું, વેશ્યાને ત્યાં રહી, નટી થઈ, નાચીને પેટ ભરવું પડયું.

“બાવીશ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી
અંજના રે..” જિનરાજ૦

## જિનપૂજામાં અંતરાય કરતાં બાંધેલું કર્મ—

ધનવાન શ્રીમંત શેઠની બે પત્નીઓ હતી. એક મિથ્યાદષ્ટિ અને બીજી સમ્યગ્દષ્ટિ. સમકિતી જિનધર્મમાં શ્રદ્ધાવાળી સપત્ની જિન-પૂજા-ભક્તિ રોજ કરતી. અને આ પેલીને ન ગમતી. બસ, એટલે ઈર્ષ્યા-દ્વેષ વધવા માંડ્યો. એક દિવસે પહેલી પત્નીએ બીજીની જિનમૂર્તિને જ સંતાડી દીધી અને તેના ઉપર

કાજો-કચરો-ધૂળ વગેરે નાંખીને ઢાંકી દીધી. પેલી સપત્ની કલ્પાંત કરતી રહી. જિનપૂજા કર્યા વિના મોઢામાં પાણી ન નાંખવાનો તેનો નિયમ હતો. તે બિચારી રડતી રહી, કલ્પાંત કરતી રહી. જિનપૂજા વિના એને ચેન પડે નહીં. આકુળવ્યાકુળ થઈ ગઈ. ખૂબ શોધાશોધ કરી પણ ન મળી....અન્તે સપત્નીની દશા જોઈને પેલીને દયા આવી...છેવટે બાર મુહૂર્ત પછી મૂર્તિ મળી. તેના પરિણામે ભારે અંતરાય કર્મ પહેલી પત્નીએ બાંધ્યું. જેના પરિણામે આ કર્મ ભારે દુઃખપૂર્વક સહન કરવું પડયું.

તે સ્ત્રી મૃત્યુ પામી પ્રલ્હાદન રાજાના પુત્ર પવનંજયની પત્ની અંજના નામે થઈ. લગ્નના દિવસથી જ અંતરાય કર્મનો ભયંકર ઉદય શરૂ થયો. અને પરણ્યા પછી પતિએ અંજનાનું મોઢું પણ જોયું નહિ અને પ્રેમથી બોલાવી પણ નહિ. અને તે પરદેશ ચાલી ગયો. આ પ્રમાણે કાળ વીતવા માંડયો. ભોગાન્તરાય-ઉપભોગાન્તરાય કર્મના ભારે ઉદયે પતિના વિયોગે પત્ની મહાસતી અંજના ભારે દુઃખી થઈને રહેવા લાગી. ૧૨ વરસનો કારમો કાળ વિરહ વેદનામાં પસાર થયો. ભારે વિલાપ કરતી દુઃખ ભોગવવા લાગી, પરંતુ હવે કોને કહેવાય અને કેવી રીતે સહેવાય ?

અંજનાની સામું પણ જોયા કર્યા વગર ચાલી નીકળેલા પવનંજયે માનસરોવર આગળ પડાવ નાંખ્યો. ત્યાં રહ્યા. રાત્રિના સમયે ચક્રવાક-ચક્રવાકીની વિરહ વેદના અને કલ્પાન્ત રુદન સાંભળે છે. ધારીધારીને જુએ છે-પતિના વિયોગથી આતુર એવી ચક્રવાકી રાત્રે આવ-જા કરે છે, પાંખો ફફડાવે છે, ઉન્માદ કરે છે આ જોઈને પવનંજય આશ્ચર્ય પામ્યો. મિત્રને પૂછે છે-'અરે! આ શું છે? મિત્ર ઋષભદત્તે વાત સમજાવી.-'દૈવયોગે રાત્રે આ ચક્રવાક મિથુનનો વિયોગ થાય છે અને પતિના વિયોગે વિરહમાં પત્ની ચક્રવાકી કલ્પાંત કરી રહી છે....'

બસ, આટલું સાંભળતાંજ પવનંજય વિચારમાં પડ્યો. અરે! પક્ષીને પણ આટલો વિરહ લાગે છે તો હું જે અંજનાને પરણ્યો છું તેનું મોઢું પણ નથી જોયું તો તેની કેવી સ્થિતિ થતી હશે? અરે! બિચારીએ આટલા વર્ષો વિયોગમાં શી રીતે વીતાવ્યાં હશે! આમ વિચારી ગુપ્ત રીતે ઘરે પહોંચ્યો અને અંજનાનો ભેટો થયો. પત્નીને સ્વનામ ચિહ્ન અંકિત મુદ્રિકા 'વીંટી' આપી અને પાછો ચાલ્યો ગયો.

અંજના ગર્ભવતી બની.. સાસુએ ઘરમાંથી કાઢી મૂકી. પિયરમાં મા–બાપે પગ ન મૂકવા દીધો.... માથે કલંક આવ્યું અને બહુ દુઃખી થવું પડયું. અંતે ફરી પતિ સાથે ૨૨ વર્ષે મેળાપ થયો. આ માત્ર કર્યાં કર્મના કારણે ફળ ભોગવવાં પડ્યાં. અંતરાય કર્મે આટલો વિયોગ કરાવી દુઃખી કર્યાં.

**વીર્યાન્તરાય કર્મ :—**

અનન્તવીર્ય એ આત્માનો ગુણ છે અને તેના ઉપર આવતું આવરણ આ વીર્યાન્તરાય કર્મ છે

છતી શક્તિ હોવા છતાં, શરીરે નીરોગી સશક્ત હોવા છતાં, હૃષ્ટપુષ્ટ શરીર હોવા છતાં પણ ઉત્સાહ, શક્તિ ન ફેરવી શકે અને કાર્યને પાર ન પાડી શકે, પુરુષાર્થ ન કરી શકે તે વીર્યાન્તરાય કર્મ કહેવાય છે.

વીર્યવિઘ્ન ઘન પડળસેં, અવરાણું રવિ તેજ,
કાળ ગ્રીષ્મસમજ્ઞાનથી, દીપે આતમ સતેજ ॥

સૂર્ય જેવા તેજસ્વી એવા આત્માનું તેજ વીર્યાન્તરાય રૂપ કર્મના પડળ-આવરણે અવરાઈ ગયું છે, ઢંકાઈ ગયું છે વીર્યાન્તરાય કર્મના ઉદયે જીવો લૂલા, લંગડા, પાંગળા, બળહીન, અશક્ત, શક્તિહીન નબળા થાય છે.

વીરા સાળવી શ્રી કૃષ્ણની સાથે અઢાર હજાર સાધુઓને વંદન કરવા સાથે જોડાયા. પરન્તુ વીર્યાન્તરાય કર્મના ઉદયે થાકી ગયા. બધાને વંદન ન કરી શકયા...

વાસુદેવ, ચક્રવર્તી, ઇન્દ્ર, બળદેવ જેવા અતુલ બળવાળા પરાક્રમી પણ આ કર્મના ઉદયે આગામી જન્મમાં નિર્બળ કુળમાં જન્મે છે.

૫૦૦ મુનિઓની અદ્ભુત સેવા—વૈયાવચ્ચ-ભક્તિ કરવાથી વીર્યાન્તરામ કર્મનો ક્ષયોપશમ કરતા બાહુબલી અતુલ બળ પામ્યા. હાથમાંજ (બાહુમાં) બળ કેવું, કે એક મુઠ્ઠી મારે તો ચૂરેચૂરા થઈ જાય. એવા બળવાન કે જેને ચક્રવર્તી પણ જીતી શકતા નથી.

આ જ વીર્યાન્તરામના ક્ષયોપશમે વાલીકુમાર જેવો એવું ગજબનું બળ પામ્યો કે જેને રાવણ જેવા પ્રતિવાસુદેવને પણ કાખમાં ઘાલી સમુદ્રની ચારે તરફ ફેરો ફરીને પાછા લાવ્યા. અને પછી છોડ્યો. આવી ગજબની શક્તિ પણ પ્રાપ્ત થાય છે.

ધર્માંરાધનામાં, પ્રતિક્રમણ-ક્રિયામાં, તપશ્ચર્યા વગેરેમાં દાનાદિમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવામાં જો ઉત્સાહપૂર્વક તન-મન-ધનની શક્તિ ફોરવવાથી આ કર્મની પ્રકૃતિઓનો ક્ષય થાય છે. નવું કર્મ બંધાતું નથી. અને જો—

"છતી શકિતએ તપ ન કર્યું,
યથાશક્તિ દાનાદિ ન આપ્યા.
છતી શકિત ગોપવી ...

વગેરે કારણોથી ફરી આ કર્મ બંધાય છે.

સર્વ પ્રકારની ધર્મારાધના—ઉત્સાહ, ઉલ્લાસ અને શક્તિ ફેરવીને કરવામાં આવતાં આ અંતરાયકર્મને ખપાવી શકાય છે.

વિશેષે કરીને જિનભક્તિ જિનપૂજા આદિમાં વિશેષ ભક્તિ કરવાથી આ કર્મનો ક્ષયોપશમ થાય છે અને આત્મા સર્વ સુખ-સંપત્તિ પ્રાપ્ત કરે છે. અને જિનભક્તિ આદિમાં અંતરાય કરવાથી વિઘ્ન કરવાથી જીવ અંતરાયકર્મ બાંધે છે.

## શુક-શુકી (કીરયુગલ) ભક્તિથી તર્યાં

જિનપ્રાસાદની બહાર આમ્રવૃક્ષ ઉપર બેસતા એક પોપટ-યુગલે પરમાત્માની પૂજા શરૂ કરી...રોજ એક પુષ્પ લાવીને પ્રભુના ચરણે ચઢાવતા. બન્ને જીવો ભક્તિમાં લીન બન્યા....અને પછી તો આગળ વધતા સારી રીતે પ્રભુની આંગીમાં ફૂલો ગોઠવવા લાગ્યા. સુશોભિત આંગી જોઈને નાચતા, આનંદ પ્રાપ્ત કરતા, મંદિરમાં જ ઊડતા...આ પ્રમાણે રોજની દિનક્રિયા થઈ ગઈ. આ જિનભક્તિમાં શુક-શુકીએ તિર્યંચગતિ નામકર્મનો ક્ષય કરીને શાતાવેદનીય સાથે મનુષ્યગતિ નામકર્મ બાંધ્યું અને બન્ને રાજા-રાણી થયા. જિનભક્તિથી તિર્યંચગતિ છેદી મનુષ્યગતિ પામ્યા. **"तारेइ नरं व नारीं वा"**, અને **नरतिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं"** આ તો સૂત્રોમાં રોજ આપણે બોલીએ છીએ. પરમાત્માની ભક્તિથી મનુષ્યો અને તિર્યંચ પશુ-પક્ષીઓ પણ તરી જાય છે. દુઃખ-દુર્ગતિ પામતા નથી.

## જળપૂજાના ભાવથી બ્રાહ્મણી તરી ગઈ—

કૂવે પાણી ભરવા ગયેલી વહુ પાણીનું માટલું ભરીને લઈને આવતી હતી. રસ્તામાં જિનમંદિર જોયું...જળપૂજાનું મહત્ત્વ સાંભળ્યું.

જળ પૂજા જુગતે કરી મેલ અનાદિ વિનાશ...
જલપૂજા ફલ મુજ હજો, માંગો એમ પ્રભુ પાસ ॥

આ સાંભળી ભાવ જાગ્યા. પાણીનું માટલું પ્રભુજીની

પૂજામાં આપી દીધું, પરંતુ ઘરે આવતાં સાસુ લડ્યાં. ખૂબ બોલ્યાં...અને એટલે સુધી કહ્યું કે—'અરે!....મારું માટલું પણ આપી દીધું, તો આપવું હતું ને તારું માથું?' એમ કહી મારીને બ્રાહ્મણી સાસુએ ઘરમાંથી કાઢી મૂકી. વહુ ઘરમાંથી નીકળીને કુંભારના ઘરે આવી....રડતા અવાજે કહ્યું—'કુંભારભાઈ! આ મારી બંગડી લઈને પણ મને એક માટલું આપો...' કુંભાર પણ ભાવ સમજી ગયો–રાજી થયો. હકીકત જાણતાં આનંદ થયો. વાહ ભગવાનની ભક્તિનો ભાવ કેટલો સારો છે.

"લો બેન, એમને એમ માટલું લઈ જાઓ..."

આપી દીધું. અને વહુ ફરી જળપૂજા કરતી રહી

કુંભાર અનુમોદના કરતો રહ્યો અને સાસુ ઈર્ષ્યા–દ્વેષથી કલહ કરતી રહી ..

અને બધા મૃત્યુ પામી . કુંભકાર રાજા બન્યો. સોમશ્રી વહુ તેની પુત્રી રાજકુમારી કુંભશ્રી નામે બની...ખૂબ સુખ–અપાર સંપત્તિ પામ્યા. પરંતુ સાસુ મરીને, એક સ્ત્રી બન્યાં. ડોસી તરીકે પંકાયાં. પરંતુ બોલવાના પાપે માથા ઉપર મોટી રસોળી થઈ. જાણે માથે માટલું ન હોય...! જેવાં કર્મ બાંધીએ છીએ એવાં ફળ ભોગવવાં પડે છે.

**અઘાતીકર્મ :**

કર્મો બે પ્રકારના હોય છે.

- કર્મ
  - ઘાતી ૪
    - જ્ઞા.
    - દ.
    - મો.
    - અંતરાય
  - અઘાતી ૪
    - નામ
    - ગોત્ર
    - વેદ.
    - આયુ.

ચાર ઘાતીકર્મના ક્ષયે જીવ કેવલજ્ઞાન પામે છે.

" मोहक्षयाद्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् "

—તત્ત્વાર્થસૂત્રમાં જણાવતા વાચકમુખ્યજી આ સૂત્રમાં લખે છે. મોહનીયકર્મના ક્ષયથી અને સાથે સાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મના ક્ષયથી અર્થાત્ ચારે ઘાતી કર્મોના ક્ષયે જીવ કેવલજ્ઞાન પામે છે.

અંતરાયકર્મની છેલ્લી પ્રકૃતિ વીર્યાન્તરાયકર્મનો ક્ષય થતાં જ કેવલજ્ઞાન પામી જાય છે.

તીર્થંકર પરમાત્મા અઢાર દોષથી રહિત હોય છે, તેમાં આ પાંચે અંતરાયકર્મની પ્રકૃતિનો ક્ષય થતાં પાંચે લબ્ધિ ક્ષાયિકભાવે પામે છે.

સર્વ જીવ માત્ર અંતરાયકર્મ ખપાવી મુક્તિ મેળવે એ જ શુભેચ્છા.

卐

卐 સૌજન્ય 卐

શેઠશ્રી કચરાલાલ લાલચંદ શાહ

નાનપુરા–સુરત

ના સૌજન્યથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

| ભાદરવા વદ ૯ | વ્યાખ્યાન દશમું | રવિ તા. ૧૨-૯-૮૨ |
|---|---|---|

## વિષય : " શરીરરચના અને નામકર્મ "

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

नामकम्मं तु दुविहं, सुहमसुहं च आहियं ।
सुहस्स तु बहु भेया, एमेव असुहस्स वि ॥

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના કમ્મપયડી અધ્યયનમાં જણાવતા ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ કહ્યું કે—નામકર્મ બે પ્રકારે છે. એક શુભ નામકર્મ અને બીજું અશુભ નામકર્મ. શુભ નામકર્મના પણ ઘણા ભેદો છે અને અશુભ નામકર્મના પણ ઘણા ભેદો છે.

ગુણો

| A | B |
| --- | --- |
| જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ. અનામી, અરૂપી, અવ્યાબાધસ્થિતિ અક્ષય સ્થિતિ વગેરે | અનામી, અરૂપી, અવ્યાબાધ-સ્થિતિ, અક્ષયસ્થિતિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ |

A વિભાગના ગુણો એકલા જીવના ગુણો છે. જીવમાં જ હોય છે. જ્યારે B વિભાગના ગુણો અજીવના છે. આ જ મૂળભૂત બે દ્રવ્યો બ્રહ્માંડમાં છે. આ બે સિવાય બીજું કોઈ પણ દ્રવ્ય સંસારમાં અસ્તિત્વ ધરાવતું નથી. આકાશાદિ સર્વેનો અજીવતત્ત્વમાં સમાવેશ થાય છે.

જ્ઞાન-દર્શનાત્મક ચેતનાશક્તિયુક્ત જીવ (આત્મા) અનંત-જ્ઞાનાદિ ગુણવાન છે. જ્યારે અજીવતત્ત્વમાં જ્ઞાનાદિ ગુણો નથી હોતા.

**જીવ-અજીવમાં સામ્ય—**

જે ગુણો જીવમાં છે તે બધા ગુણો અજીવમાં નથી. અને અજીવમાં જે ગુણો છે તે બધા જીવમાં નથી. છતાં પણ કાંઈક અંશે સામ્યતા છે.

અનામીપણું, અરૂપીપણું, અગુરુલઘુપણું, અવ્યાબાધપણું, અક્ષયસ્થિતિપણું આ ગુણો આત્મામાં પણ છે અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એવા અજીવમાં પણ છે. આકાશનું પણ કોઈ રૂપ નથી, નામ નથી, આકાશનું વજન નથી હોતું, એ પણ અવ્યાબાધસ્વભાવવાળો છે, અને એની પણ અક્ષયસ્થિતિ હોય છે. આટલા ગુણો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણેમાં હોવા છતાં પણ તે જ્ઞાનાદિ મૂળગુણોના અભાવે જીવ નથી કહેવાતા. એટલે જ્ઞાનાદિ ગુણો જ જીવાજીવના મૂળભૂત ભેદક ગુણો છે.

**ઘાતી-અઘાતી—**

આત્માના અનન્ત જ્ઞાનાદિ મૂળભૂત ચાર ગુણોનો ઘાત કરનાર કર્મને ઘાતી કર્મ કહેવાય છે.

| ગુણો- | ઘાતીકર્મ— |
|---|---|
| —૧ અનન્ત જ્ઞાન ગુણ— | —૧ જ્ઞાનાવરણીય કર્મ |
| —૨ અનન્ત દર્શન ગુણ— | —૨ દર્શનાવરણીય કર્મ |
| —૩ યથાખ્યાત (અ.ચારિત્ર)સ્વરૂપગુણ | —૩ મોહનીય કર્મ |
| —૪ અનન્તવીર્ય ગુણ— | —૪ અંતરાય કર્મ |

જે આત્માના મૂળભૂત જ્ઞાનાદિ ગુણને ઢાંકે છે, આવરી લે છે તે ઘાતીકર્મ કહેવાય છે. અને આત્માના અનામી, અરૂપી આદિ ચાર ગુણને ઢાંકનાર કર્મ-તે અઘાતીકર્મ. અઘાતીકર્મ અનામી આદિ ગુણોને સર્વાંશે-સર્વથા નથી આવરતા.

| ગુણો— | અઘાતીકર્મ— |
|---|---|
| —૧ અનામીપણું | —૧ નામકર્મ |
| —૨ અગુરુલઘુગુણ— | —૨ ગોત્રકર્મ |
| —૩ અનન્તસુખ ગુણ— | —૩ વેદનીયકર્મ |
| —૪ અક્ષયસ્થિતિ ગુણ— | —૪ આયુષ્યકર્મ |



આ આઠ કર્મોમાંથી ૪ ઘાતી કર્મોનો ક્ષય થતાં જીવ કેવલજ્ઞાન, કેવલદર્શન, વીતરાગતા અને અનન્તવીર્ય-એટલે અનન્તદાનાદિ પાંચલબ્ધિ.

**નામકર્મ—**

ઘાતીકર્મનો વિભાગ પૂરો થયો. હવે અઘાતીકર્મના વિભાગમાં આપણે પ્રથમ નામકર્મનો વિચાર કરીએ.

વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ આ અજીવના ગુણો છે, જીવના નહીં. એટલે જ રંગ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પુદ્ગલના હોય છે. અને તદ્વાન્ પૌદ્ગલિક પદાર્થ હોય છે. આ લાલ છે, આ પીળો છે, ઘડો કાળો છે, કપડું સફેદ છે, અને ગંધમાં પણ તેજ પ્રમાણે—આ સુગંધિત પદાર્થ છે, આ દુર્ગંધયુક્ત છે. રસો પાંચ છે: આ રસ મીઠો છે, સાકર મીઠી-ગળી છે, કરિયાતું કડવું છે, મીઠું ખારું છે અને મરચું તીખું છે. તેજ પ્રકારે સ્પર્શ ૮ છે. આ સ્નિગ્ધ છે, આ ખરછટ છે, આ સુંવાળું છે, આ ઠંડું છે, આ ગરમ છે વગેરે વ્યવહાર થાય છે. માટે વર્ણ-ગંધ-રસ-સ્પર્શનો વ્યવહાર પૌદ્ગલિક વસ્તુ માટે જ કરીએ છીએ, જે જડ છે.

પરંતુ ક્યારેય આત્મા લાલ છે, પીળો છે, આત્મા સુગંધવાળો છે કે આત્મા દુર્ગંધવાળો છે, અને આત્મા ખાટો છે કે મીઠો છે, આત્મા તીખો છે કે ખારો છે કે કડવો છે, તેજ પ્રમાણે આત્મા સુંવાળો છે કે આત્મા ખરછટ છે, આત્મા ઠંડો છે કે આત્મા ગરમ છે એવો વ્યવહાર ક્યારેય જોયો નથી, એવી ભાષા ક્યારેય સાંભળી નથી. કોઈ એવી ભાષા વાપરતું પણ નથી.

માટે આત્મા વર્ણ-ગંધ-રસ-સ્પર્શાત્મક નથી. તેથી તદ્દન જુદો જ છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આત્માના ગુણો નથી માટે આત્માને વર્ણરહિત-અવર્ણી, ગંધરહિત-અગંધી, રસરહિત-અરસી,

સ્પર્શરહિત—અસ્પર્શી કહીએ છીએ. અવર્ણી—વર્ણરહિત હોવાથી અરૂપી કહીએ છીએ.

એ જ પ્રમાણે જે વર્ણ—ગંધ રસ-સ્પર્શાત્મક નથી માટે એનો કોઈ નામ આકાર કંઈજ નથી, માટે અનામી, અરૂપી, કહીએ છીએ. નામ નથી માટે અનામી, રૂપ કે આકાર નથી માટે અરૂપી કહીએ છીએ.

**પ્રશ્ન**—જો આત્માનું કંઈજ નામ નથી, અને આકાર કે રૂપ નથી તો પછી મોહનભાઈ, સોહનભાઈ, કાન્તિભાઈ, અને આ જાડો, મોટો, નાનો, લાંબો, ઠીંગણો, કાળો, ગોરો, વગેરે વ્યવહાર કેમ થાય છે? શા માટે થાય છે?

**ઉત્તર**—વાત બિલકુલ સાચી છે. આત્મા તેવો લાલ, લીલો, પીળો કે ગોરો—કાળો નથી; છતાં પણ જગતમાં કાળા—ગોરાનો વ્યવહાર તો ચાલે જ છે.

## સંસારમાં જીવ-અજીવનો સંયોગ—

સંસારમાં આત્માને રહેવા માટે કોઈ આધાર તો જોઈએ જ છે. જેમ પાણી જેવા દ્રવ પદાર્થને રહેવા માટે કોઈ આધારની જરૂર પડે છે. વાટકી કે ગ્લાસ કે તપેલું, જે હોય તે જ પ્રમાણે આત્માને રહેવા માટે સંસારમાં દેહની જરૂર પડે છે. શરીર વિના આત્મા રહી શકતો નથી.

જ્યાં શરીરની પણ જરૂર નથી પડતી. શરીર વિના પણ જ્યાં આત્મા રહે છે તેનું જ નામ મોક્ષ છે. જ્યાં સદાના માટે શરીરનો સંબંધ જ છોડી દીધો છે. શરીર મળે છે ત્યારે જન્મ; અને શરીરનો વિયોગ થાય છે, શરીર છૂટી જાય છે ત્યારે મૃત્યુ. માટે જ સંસારને જન્મ—મરણપ્રધાન કહ્યો છે. જ્યાં જન્મ—મરણનું ચક્ર ચાલ્યા જ કરે તેનું નામ સંસાર, અને જ્યાં જન્મ મરણનું ચક્ર

નથી તેનું નામ મોક્ષ, સિદ્ધાવસ્થા. અશરીરી બનવું એટલે જ જન્મ-મરણરૂપ સંસારરહિત બનવું-એનું જ નામ મોક્ષ. "**सिद्धाणं नत्थि देहो**"...આ શબ્દો શાસ્ત્રકાર ભગવંતોએ વાપર્યા છે. એટલે સિદ્ધોને દેહ નથી હોતો. અને જેને દેહ હોય છે તે સિદ્ધ નથી હોતો-સંસારી જ હોય છે.

આપણે સર્વે દેહધારી જીવો છીએ. આત્મા દેહ વિના સંસારમાં નથી રહેતો. દેહ વિના ભટકે જન્મે-મરે શી રીતે? સંસારમાં જન્મ-મરણની ઘટમાળ તો પ્રત્યક્ષ જ છે, રોજ જોઈએ છીએ. બાલક જનમ્યો અને વૃદ્ધ મૃત્યુ પામ્યા. બસ, તો જન્મનો અર્થ જ છે-શરીર નવું ધારણ કરવું. અને મૃત્યુનો અર્થ જ છે કે શરીર છોડીને ચાલ્યા જવું.

## નિર્વાણ—

અનાદિ-અનન્તકાળથી આ સંસારમાં આપણે જનમતા રહ્યા અને મરતા રહ્યા. "**जातस्य ध्रुवो मृत्युः**" જન્મેલાને મરવાનું નિશ્ચિત જ છે. અનન્તકાળથી મૃત્યુ આવતું ગયું અને આપણે મરતા રહ્યા. હજી સુધી ક્યારેય પણ આત્માએ એવી હિમ્મત નથી કરી કે હું હવે મૃત્યુને મારીને મરું? જો મૃત્યુને જ મારી નાખીએ, મૃત્યુનો જ અન્ત લાવીએ તો પછી આપણને વારેવારે મરવું નહીં પડે. બસ, મૃત્યુનો અંત લાવવો, સદાયના માટે મૃત્યુને મારી નાખવું કે જેથી ફરી બીજીવાર મૃત્યુ ન આવે-એનું જ નામ છે નિર્વાણ. અને જે મૃત્યુનો અંત લાવીને નિર્વાણ પામે છે તે જ મુક્ત થઈ જાય છે, મોક્ષે ચાલ્યો જાય છે.

The Life after death and the death after life.

'જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ. જીવન પછી મૃત્યુ અને મૃત્યુ પછી જીવન'-આ ઘટમાળ તો ચાલ્યા જ કરે છે-બસ, એનું જ નામ છે-" સંસાર."

આપણે પણ મરીએ છીએ પરન્તુ મર્યા પછી તુરત પાછા જનમવાના. અને જનમ્યા એટલે ફરીથી નવું શરીર ધારણ કરવું, એક શરીર છોડીને બીજા શરીરમાં જવું.

**અનન્ત જન્મ-મરણ—**

સંસાર અનાદિ-અનન્ત છે. આ સંસારમાં જીવ અનન્તીવાર જન્મ્યો અને અનન્તીવાર મર્યો. અનન્તાં શરીરો આપણે ધારણ કર્યાં અને અનન્તીવાર શરીરો છોડીને ગયા. અનન્તા શરીરો બાળી નાખ્યાં...પરન્તુ હજી પણ જીવ શરીરરહિત અશરીરી નથી બન્યો.

દરેક ભવમાં જઈએ છીએ અને ફરીથી નવું શરીર ધારણ કરવાનું...આ બધું કોણ કરાવે છે? કેવી રીતે બને છે? શરીરની રચના કોણ કરી આપે છે? શું કોઈ ઉપરવાલી શકિત છે? શું શરીર ઈશ્વરે બનાવ્યું છે? શું આ શરીર રેડીમેડ તૈયાર મળ્યું છે?

**અદ્ભુત શરીર-યંત્રની અજાયબી—**

"The Seven wonders of the world."-કહેવાય છે કે સંસારમાં સાત આશ્ચર્ય છે. કોઈ "તાજમહલ" ને આશ્ચર્ય ગણે છે. અરે! રાણકપુર જોયું હોય તો તેની કારીગરી અને રચનાની સામે તાજમહલ તો કંઈ જ નથી. પણ પ્રસિદ્ધિ તાજની થઈ ગઈ છે. પરન્તુ હવે લોકો સમજયા છે. તાજને જોયા પછી જયારે રાણકપુર જોવાય છે ત્યારે ભલભલાની અક્કલ કામ નથી કરતી! અરે, આ કેવી અદ્ભુત રચના છે..! પરન્તુ તાજ જુઓ કે કદાચ રાણકપુર જુઓ...પણ બધા કરતાં અદ્ભુત રચના તો આ શરીર-તંત્રની છે. આશ્ચર્યકારી રચના છે. આ શરીરતંત્રની રચના જોતાં અક્કલ કામ નથી કરતી! કેવી અજબ રચના છે! ૧ થી ૨ ઇંચિની આંખમાં તો કેટલી ખૂબી ભરી છે. એક વેંતની ખોપરીમાં તો કેટલી ગજબની શકિત ભરી છે-કેટલી નાનકડી જગ્યામાં Sound

Box—Vocal Box ની ગોઠવણુ કરી છે!...સુંદર જાત-જાતના બધા સુરો નીકળે છે-મીઠો મધુરો રાગ પણ નીકળે છે. અરે! કાનની રચના તો જુઓ... આટલા નાનકડા યંત્રમાં તો સાંભળવાની કેવી ગજબની શકિત છે!

મગજમાં રહેલી એક નાની "પિચ્યુટરી ગ્રંથિ" જોઈએ છીએ. આટલી નાનકડી માત્ર કેપ્સુલ જેટલી જ છે પણ છતાં આખા શરીરનું નિયંત્રણ કરે છે. રક્ત-સંચાર ઉપર નિયંત્રણ રાખે છે.

હૃદયની રચના જુઓ. સતત ધબકતું રહીને "રક્તશુદ્ધિ" નિયમિત કરતું રહે છે, જેના ઉપર જીવનનો પૂરો આધાર છે. આવી અનેક અજાયબીથી ભરેલું આ શરીર કોણે બનાવ્યું? શું ઈશ્વર બનાવનાર છે? પણ શરીર બનાવનાર ઈશ્વરને કેવી રીતે માનીએ? કારણ કે સ્ત્રી-પુરુષના સંયોગે થતા પુત્રને આપણે જોતા આવ્યા છીએ.

**આકાર વિષમતા—**

ખરું આશ્ચર્ય તો એ છે કે બધા મનુષ્યોની આંખો વ્યવસ્થિત આંખના સ્થાને જ છે. કોઈની પણ આંખ કપાળે નથી કે ગાલે નથી. એ જ પ્રમાણે કાન, નાક, મુખ, કપાળ બધું વ્યવસ્થિત પોતપોતાના સ્થાને ગોઠવાયેલું છે; છતાં પણ એકની આકૃતિ બીજાની સાથે નથી મળતી. બાપની દીકરા સાથે નથી મળતી, દીકરીની મા સાથે નથી મળતી. એક જ વેંતનું એક સરખું મોઢું હોવા છતાં પણ કોઈના પણ મોઢાં મળતાં નથી. કારણ શું છે? જગતની કરોડો-અબજોની વસ્તી છે છતાં પણ એક સરખું મોઢું બે જણનું પણ નથી.

નથી તો કોઈ વિજ્ઞાન, નથી કોઈ અન્ય કર્તા, નથી માતા-પિતા પણ કે જે શરીર ઘડે છે, તો પછી આ શરીર કેવી રીતે

બને છે? એકેએક અંગોપાંગ શી રીતે બને છે? હાડકાં–આકાર વગેરેની રચના કોણ કરે છે?

આ પણ એક અદ્ભુત–આશ્ચર્યકારી રચના છે. તેનું રહસ્ય પણ જાણવા જેવું છે. કોઈ ધર્મમાં ઈશ્વરને કર્તા માની આ જિજ્ઞાસાનો અંત લાવ્યો. કોઈએ કુદરતનું નામ લઈ એના ઉપર છોડી બુદ્ધિને તકલીફ આપવાનું જતું કર્યું. કોઈએ માતા–પિતાને કારણરૂપ કર્તા માનીને વિચાર કરવાનું જ માંડી વાળ્યું છે...જ્યારે કોઈ વિજ્ઞાનના નામને યશ આપીને "યશાકલગી" વિજ્ઞાનને પહેરાવવાનો પ્રયત્ન કરે છે.

પરન્તુ આ અનેક વિકલ્પો સામે સાચો નિચોડ અને સ્પષ્ટ બુદ્ધિગમ્ય નિર્દેશ જૈનશાસનનું કર્મવિજ્ઞાન કેવી રીતે કરે છે તે આજે આપણે આ વ્યાખ્યાનમાં જોવા ભેગા થયા છીએ.

**જૈન કર્મવિજ્ઞાન એક અદ્ભુત પૂર્ણ વિજ્ઞાન—**

કર્મ–વિજ્ઞાન એ જૈનશાસનની એક અદ્ભુત દેન છે. આવી કર્મ–વિચારણા જગતના કોઈ ધર્મે નથી કરી. અત્યન્ત સૂક્ષ્મ અને અતિ વિસ્તારથી પૂર્ણપણે નિચોડ લાવવા સૂક્ષ્મમાં સૂક્ષ્મ શોધ અને બુદ્ધિગમ્ય સંતોષપ્રદ વિચારણા જૈન કર્મમીમાંસામાં કરવામાં આવી છે.

આ વિજ્ઞાન આટલું પરિપૂર્ણ એટલા માટે છે કે એ સર્વજ્ઞ-પ્રણીત છે. સર્વજ્ઞ એવા કેવલજ્ઞાની ભગવંતોએ જે જીવનાં જેવાં કર્મો જ્ઞાનબળે જોયાં તેવા તેના જવાબ આપ્યા. તેવી તેની કર્મ-જન્ય ભવપરંપરા કહી. અને સ્વોપાર્જિત કર્મજન્ય દુઃખો, વ્યાધિઓ

વગેરે કારણો સાથે જણાવી આત્માને સંતુષ્ટ કર્યો. આ એક અદ્ભુત સિદ્ધિ છે.

## સ્વકર્મકર્તા જીવ—

જીવના પોતાના જ દુઃખનું કારણ જણાવતા પરમાત્માએ કહ્યું—'હે જીવ! તું સ્વયં જ તારા પોતાના સુખ–દુઃખનો કર્તા છે. સુખ–દુઃખ આપવા કરવાની વાતનો હવાલો કોઈ ઉપરવાળા કે ઈશ્વરના હાથમાં નાંખવાની મોટી ભૂલ કરતો નહીં. સુખ અને દુઃખ કારણ નથી કાર્ય છે, કારણ નથી પણ પરિણામ કે ફળ છે. તેના કારણરૂપે તો તારા પોતાનાં જ બાંધેલાં શુભ કે અશુભ કર્મ (પુણ્ય–પાપ) છે. જેવાં કર્મ જીવ બાંધે છે તેવાં જ ફળ જીવ ભોગવે છે. તારાં પોતાનાં બાંધેલાં કર્મ તારે પોતે જ ભોગવવાનાં છે. બીજાનાં બાંધેલાં તું નહીં ભોગવે અને તારાં બાંધેલાં કર્મ પણ બીજો નહીં ભોગવે. તું ખાશે તો તારું પેટ ભરાશે અને બીજો ખાશે તો બીજાનું પેટ ભરાશે. એમાં એકની ક્રિયાનું બીજાને ફળ મળે એવું બનતું જ નથી. માટે જીવ પોતે જ પોતાના કર્મનો કર્તા છે અને પોતે જ પોતાના કર્મના ફળનો ભોક્તા પણ છે.

હે જીવ! હસતાં તે બાંધ્યાં કર્મ રોતા નવિ છૂટે રે પ્રાણિયા....!

હે જીવ! કર્યાં કર્મ ભોગવ્યાં વિના છૂટકો નથી....

**"कडाण कम्माण न मोक्खो अत्थि"–"कृतं कर्म अवश्यमेव भोक्तव्यम्"**

જો તારાં બાંધ્યાં કર્મ તારે જ ભોગવવાનાં છે તો બહુ સમજીને કર્મ બાંધજે. જેવું ફળ જોઈએ છે તેવાં જ કર્મ બાંધજે. કેરી જોઈતી હોય તો કાંટા વાવવાથી કેરી નહીં મળે. સુખ જોઈતું હોય તો પાપ કરે નહીં વળે. થવું છે સુખી અને કરવા છે પાપ, આ ઊલટો ન્યાય કે ઊંધી ગંગા ક્યાંથી ચાલે?

ભાગ્યશાળી! જેવું જોઈએ છે તેવું જ કર. તારા ભાગ્યનો વિધાતા તું પોતે જ છે. તારાં સુખ-દુઃખનો કર્તા-ભોક્તા તું જ છે. તારાં કર્મનો કર્તા-ભોક્તા તું જ છે. તારાં કર્મ બાંધનાર પણ તું જ છે અને તારાં કર્મ ખપાવનાર, ભોગવનાર, કે છોડનાર પણ તું જ છે. માટે તારી દોરી તારા જ હાથમાં છે... કોઈ ઉપરવાળા કે ઇશ્વરના કે કુદરતના કે કોઈના પણ હાથમાં નથી...

**નામકર્મ—**

**" नामकम्मं चित्तिसमं "**




જેમ એક ચિત્રકાર છે. અને ચિત્ર બનાવે છે. બધી જાતનાં ચિત્રો બનાવે છે. સૂર્યોદયનો અવસર છે-પર્વતની બાજુમાં કૂવો છે અને એક સ્ત્રી પાણી ભરવા જઈ રહી છે. આવા ચિત્રમાં ચિત્રકાર સૂર્ય-પ્રકાશ, પર્વત, પૃથ્વી કૂવો...માટલું અને સ્ત્રીનું ચિત્ર બનાવશે. એક સ્ત્રીનું ચિત્ર બનાવતાં પણ નખ-શિખ વર્ણન કરીને આબેહૂબ વર્ણન કરવાનો. બનાવતા બનાવતા માથાના વાળ, કપાળ, નાક, કાન, આંખ, મોઢું, હોઠ, દાંત, હાથ-પગ, નખ વગેરે અંગો-પાંગાદિનું વર્ણન ચિત્રમાં બનાવશે... તેમાં પણ ચામડીનો સુંદર રંગ વગેરે દેખાડશે... વસ્ત્રો આદિથી મનોહર બનાવશે. એક ચિત્રકાર જેમ પૂરી ડીટેલ સાથે વર્ણન કરી ચિત્ર બનાવે છે, પણ તે તો માત્ર ચિત્ર છે-નિર્જીવ છે. પરંતુ આવું જ આબેહૂબ વાસ્તવિક જીવતું-જાગતું અને સજીવ-હાલતું-ચાલતું આ શરીર જે બનાવે છે-તે બનાવનાર કર્મને-"નામકર્મ" કહેવામાં આવ્યું છે. આ નામકર્મ એક ચિત્રકાર જેવું હોવાથી એને ચિત્રકારની ઉપમા

આપવામાં આવી છે. ચિત્રકાર સાથે નામકર્મના કાર્યની સરખામણી-તુલના કરવામાં આવી છે.

અદ્‌ભુત શરીરરચનામાં, તેમ જ યશ-અપયશ, સારો સ્વર ખરાબ સ્વર, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, કાળા-ગોરા, જાડા-પાતળા, ઊંચા-નીચા, નાના-મોટા, હીનાધિક અંગોપાંગાદિવાળો તેમ જ ત્રસ-સ્થાવર વગેરે અનેક પ્રકારની વિવિધ વિચિત્રતાવાળું શરીર નામકર્મને આભારી છે. શરીર એ નામકર્મની નીપજ છે. નામ-કર્મમાં સારા-ખરાબના બન્ને ભેદો છે.

**નામકર્મની ઉત્તરપ્રકૃતિઓ—**

"बायाल तिनवइविहं, तिउत्तरसयं च सत्तट्ठी"

| बायाल | तिनवइ | तिउत्तरसयं | सत्तट्ठी |
|---|---|---|---|
| ૪૨ | ૯૩ | ૧૦૩ | ૬૭ |

**કર્મગ્રન્થકાર મહર્ષિ દેવેન્દ્રસૂરિ જણાવે છે—**

૧૪ પિંડપ્રકૃતિનાં નામો—

गइजाइतणुउवंगा, बंधणसंघायणाणि संघयणा ।
संठाणवण्णगंधरस-फासअणुपुव्वी विहगगई ॥

૮ પ્રત્યેક પ્રકૃતિનાં નામો—

पिंडपयडित्ति चउदस, परघाउस्सासआयवुज्जोअं ।
अगुरुलहुतित्थनिमिणो—वघायमिय अट्ठ पत्तेआ ॥

૧૦ ત્રસ દશક પ્રકૃતિનાં નામો—

तसबायरपज्जत्तं, पत्तेयथिरं सुभं च सुभगं च ।
सुसराइज्जजसं तस-दसगं थावरदसं तु इमं ॥

૧૦ સ્થાવર દશક પ્રકૃતિનાં નામો—

थावर सुहुम अपज्जं, साहारणअथिरअसुभदुभगाणि ।
दुस्सरणाइज्जाजस-मिअ नामे सेअरा वीसं ॥

# નામકર્મ

| પિંડપ્રકૃતિ ૧૪ | પ્રત્યેકપ્રકૃતિ ૮ | ત્રસદશક ૧૦ | સ્થાવરદશક ૧૦ |
|---|---|---|---|
| -૧ ગતિ-૪ | -૧ પરાઘાત | -૧ ત્રસ | - ૧ સ્થાવર |
| -૨ જાતિ-૫ | -૨ ઉચ્છ્વાસ | -૨ બાદર | - ૨ સૂક્ષ્મ |
| -૩ શરીર-૫ | -૩ આતપ | -૩ પર્યાપ્ત | - ૩ અપર્યાપ્ત |
| -૪ અંગોપાંગ ૩ | -૪ ઉદ્યોત | -૪ પ્રત્યેક | - ૪ સાધારણ |
| -૫ બંધન-૫ (૧૫) | -૫ અગુરુલઘુ | -૫ સ્થિર | - ૫ અસ્થિર |
| -૬ સંઘાતન-૫ | -૬ તીર્થંકર | -૬ શુભ | - ૬ અશુભ |
| -૭ સંઘયણ-૬ | -૭ નિર્માણ | -૭ સૌભાગ્ય (સુભગ) | - ૭ દૌર્ભાગ્ય |
| -૮ સંસ્થાન-૬ | -૮ ઉપઘાત | -૮ સુસ્વર | - ૮ દુઃસ્વર |
| -૯ વર્ણ-૫ | | -૯ આદેય | - ૯ અનાદેય |
| -૧૦ ગંધ-૨ | | -૧૦ યશ | -૧૦ અપયશ |
| -૧૧ રસ-૫ | | | |
| -૧૨ સ્પર્શ-૮ | | | |
| -૧૩ આનુપૂર્વી ૪ | | | |
| -૧૪ વિહાયોગતિ-૨ | | | |
| ૬૫ (૭૫) | | | |

I ૬૫ + ૮ + ૧૦ + ૧૦ = ૯૩.

II ૭૫ + ૮ + ૧૦ + ૧૦ = ૧૦૩.

બંધન ૧૫ ગણતાં - ૭૫ થાય.

અનુક્રમે ૧૪ પિંડ પ્રકૃતિઓની ક્રમશઃ વિચારણા કરીએ—

**ગતિનામકર્મ—**

સંસારમાં ગતિ ચાર છે. સર્વ સંસારી જીવો ચાર ગતિમાં વહેંચાયેલા છે. અને જીવ ૮૪ લાખ યોનિના ચક્કરમાં પરિભ્રમણ કરે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, બીજીમાંથી ત્રીજીમાં અને ત્રીજીમાંથી ચોથીમાં એમ ચારે ગતિમાં ભટક્યા કરે છે. એનું પરિભ્રમણ સતત અનાદિ–અનન્તકાળથી ચાલ્યા કરે છે–હજી સુધી તો અટક્યું નથી. અને જ્યારે અટકશે, ગતિમાં પરિભ્રમણનો અંત આવશે ત્યારે કાયમ માટે જીવ મોક્ષમાં બિરાજમાન થઈ જશે.

ગતિ ૪ છે— ૧. મનુષ્યગતિ, ૨. દેવગતિ, ૩ નરકગતિ, તિર્યંચ ગતિ.

**જીવનું ચારે ગતિમાં ગમન–આગમન પરિભ્રમણ ⟶**

૧.ચાર ગતિ




૨. મનુષ્યનું ચારે ગતિમાં ગમન




૩. તિર્યન્ચનું ચારે ગતિમાં ગમન




૪. દેવનું બે ગતિમાં ગમન




૫.નરકનું બે ગતિમાં ગમન.



જીવે જેવું ગતિનામકર્મ બાંધ્યું હોય તે પ્રમાણે તેને તે તે ગતિમાં જન્મ મળે છે. જીવ કઈ ગતિમાં જાય તે કંઈ ઉપરવાળા-કે ઈશ્વર કે કોઈના હાથમાં નથી હોતું. જીવ પોતે જ ગતિનામકર્મ બાંધે છે. દેવગતિ નામકર્મ બાંધ્યું હોય તો સ્વર્ગમાં જન્મ મળે, મનુષ્યગતિ નામકર્મ બાંધ્યું હોય તો મનુષ્યમાં જન્મ મળે. તિર્યંચ ગતિ નામ પ્રમાણે જીવ ઘોડા, ગધેડા, હાથી, બકરી, માછલી વગેરે થાય છે. અને નરકગતિ નામકર્મ પ્રમાણે જીવને નરકગતિમાં જવું પડે છે.

મરવા પહેલાં જીવ પોતાની ગતિ નક્કી કરે છે. તે તે ગતિનું નામકર્મ બાંધી જીવ પોતાની ગતિ નક્કી કરે છે. અને મર્યા પછી સીધો જીવ તે ગતિમાં જઈ જન્મ ધારણ કરે છે. ચાર ગતિમાં ૨ સારી સદ્‌ગતિ છે અને ૨ ખરાબ દુર્ગતિ છે. દેવગતિ અને મનુષ્યગતિની ગણના સદ્‌ગતિ (શુભ ગતિ) તરીકે થાય છે; અને તિર્યંચ ને નરકગતિ દુર્ગતિ (અશુભગતિ) તરીકે ઓળખાય છે. પોતપોતાનાં કર્માનુસાર જીવ તે તે ગતિમાં જાય છે અને ગતિસુલભ સુખ-દુ:ખ ભોગવે છે.

મર્યા પછી બીજો જનમ તો તુરંત મળે છે. જેવો જીવ મર્યો કે તુરંત અન્યત્ર ઉત્પન્ન થાય છે. જે ગતિમાં ગયો હોય ત્યાં તે શરીર ધારણ કરી તુરંત ઉત્પન્ન થાય છે. આપણે અહીંયા હજી તો મડદાંને સ્નાન કરાવશું, વસ્ત્ર પહેરાવી શણગારશું, સગાં-સંબંધીઓને બોલાવીશું. કદાચ એક-બે દિવસ મૃતકને રાખીશું. એટલે શું? જ્યાં સુધી મૃતકને રાખીએ ત્યાં સુધી જીવ બીજે ન જન્મે એમ?

ના, એવું કંઈ જ નથી. જીવ તુરંત બીજી ગતિમાં જઈને જન્મે છે. આપણે ૨૪ કલાક કે પછી બે દિવસે સ્મશાનયાત્રા કાઢીએ ત્યાં સુધી તો જીવ બીજે જઈ જન્મીને ૨૪ કલાક કે બે દિવસનો થઈ પણ ગયો. કદાચ દેવ બન્યો હોય અને આવે તો પોતે જ પોતાની સ્મશાનયાત્રા પણ જોઈ શકે. જેમ અવંતિસુકુમાલ મુનિ કાયોત્સર્ગ–ધ્યાનમાં હતા. શિયાળણ અને શિયાળોએ ફાડી ખાધા. મુનિ જંગલમાં રાત્રીએ જ મૃત્યુ પામ્યા. માત્ર હાડપિંજર પડયું રહ્યું. મૃત્યુ પામી નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવ તુરંત ત્યાં પોતાના મૃત્યુસ્થાને આવે છે અને પુષ્પવૃષ્ટિ, સુગંધી જળનો છંટકાવ કરી ગુરુમહારાજને વંદન કરી પુનઃ દેવલોકે ચાલ્યા જાય છે.

"इगबिअतिअचउपणिंदिजाइओ ।"

## જાતિનિર્ણય—

જાતિમાં આપણી ઓસવાલ–પોરવાલ કે દશા–વીશાની ગણતરી નથી કરી. પરંતુ જાતિ પાંચ ગણવામાં આવી છે.

પાંચ જાતિ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| એકેન્દ્રિય જાતિ | બેઇન્દ્રિય જાતિ | તેઇન્દ્રિય જાતિ | ચઉરિન્દ્રિય જાતિ | પંચેન્દ્રિય જાતિ |

મૃત્યુ પામી જેવો જીવ બીજી ગતિમાં જાય છે. તે જ વખતે જન્મ પહેલાં જાતિ નક્કી થઈ જાય છે. ગતિ પ્રમાણે જાતિ અને જાતિ પ્રમાણે ગતિ પામે છે.

મનુષ્ય દેવ અથવા નરકમાં જાય તો પંચેન્દ્રિય થાય છે; પરન્તુ જો તિર્યંચગતિમાં જાય તો એકેન્દ્રિય પણ બને, બે, ત્રણ, ચાર અથવા પાંચ ઇન્દ્રિયવાળો પણ બને.

૧. એકેન્દ્રિયમાં—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ઝાડ વગેરે બને.

૨. બેઇન્દ્રિયમાં—કૃમિ, અળસિયાં, શંખ-શંખલા વગેરે બને.

૩. તેઇન્દ્રિયમાં—કીડી, જૂ, માંકડ, ઇયળ, ધનેડા, મંકોડા વગેરે બને.

૪. ચઉરિન્દ્રિયમાં—માંખી, મચ્છર, ભમરો, પતંગિયો વગેરે બને.

૫. પંચેન્દ્રિયમાં—જલચર, સ્થલચર, ખેચર, માછલી, મગર, કાચબો, ગાય, હાથી, ઊંટ, બકરી, વાંદરો, તેમ જ કાગડો, કબૂતર, પોપટ, ચકલી, વગેરે પશુ-પક્ષી બનવું પડે.

**" स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि "**

| ઇન્દ્રિય | નામ | અંગ | વિષય | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ એકેન્દ્રિય-૧ | પહેલી-સ્પર્શેન્દ્રિય | ચામડી | સ્પર્શ | ૮ |
| ૨ બેઇન્દ્રિય-૧+૨ | બીજી-રસનેન્દ્રિય | જીભ | રસ | ૫ |
| ૩ તેઇન્દ્રિય-૧+૨+૩ | ત્રીજી-ઘ્રાણેન્દ્રિય | નાક | ગંધ | ૨ |
| ૪ ચઉરિન્દ્રિય-૧+૨+૩+૪ | ચોથી-ચક્ષુઇન્દ્રિય | આંખ | વર્ણ | ૫ |
| ૫ પંચેન્દ્રિય-૧+૨+૩+૪+૫ | પાંચમી-કર્ણેન્દ્રિય (શ્રોત્રેન્દ્રિય) | કાન | શબ્દ | ૩ |
| | | | | વિષય—૨૩ |

**શરીર—**

**" औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि "**

**" ओरालविउव्वाहारग-तेअकम्मण पणसरीरा " ॥**

જેમ પહેલાં કહી ગયા તેમ સંસારી જીવમાત્ર કોઈ ને કોઈ શરીર ધારણ કરીને જ રહેવાનો છે. ગતિમાં ગયો એટલે પહેલું કામ જ શરીર બનાવવાનું છે. દરેક ગતિમાં શરીર છે. કોઈ ગતિ એવી નથી કે જ્યાં શરીર નથી. ગતિ–અનુપમ સર્વત્ર શરીર છે. ફક્ત મોક્ષમાં શરીર નથી માટે જીવ ત્યાં અશરીરી છે. સંસારમાં જીવ શરીરમાં રહે છે. શરીર એ જીવને રહેવા માટે ભાડાનું ઘર છે. કોઈને બે થાંભલા (બે–પગ) નું તો કોઈને ચાર થાંભલાનું (૪–પગનું), કોઈને સાવ જ પગ વિનાનું–સાપ વગેરેને, તો કોઈને ઘણા પગવાળું-કાનખજુરાનું, અને કોઈને આઠ પગવાળું-કરોળિયા વગેરેને. શરીર તો સંસારમાં સર્વેને મળે છે, માટે જ જીવ દેહી–શરીરધારી કહેવાય છે. શરીર એ આત્મા નથી; કે આત્મા એ શરીર નથી.

આત્મા શરીરથી જુદો છે અને શરીર આત્માથી જુદો છે. શરીર જડ છે, જ્યારે આત્મા ચેતન છે. સંસારમાં જીવ શરીરધારી છે. મોક્ષમાં શરીરરહિત અશરીરી છે. સંસાર જીવ શરીરનો સંયોગ છે. જીવ પોતાને રહેવા માટે શરીર બનાવે છે અને આયુષ્યકર્મ પ્રમાણે તેટલા કાળની અવધિ સુધી જીવ આ દેહમાં ટકી રહે છે, પછી છોડીને ચાલ્યો જાય છે. જીવ છે તો શરીરની કિંમત છે, નહીં તો એકલા મૃતક–મડદાની શું કિંમત? કોઈ નથી રાખતું–"કાઢો કાઢો રે સહુ કહે" અને કાઢી નાખીએ છીએ, બાળી નાખીએ છીએ. શરીર બળે છે, જીવ નહીં.

**Rebirth**—Re+Birth. ફરીથી જન્મ. પુનર્જન્મ. પુનઃ=ફરી. ફરી કોણ જન્મે છે? જીવ કે શરીર? શરીર તો

બળી ગયું, રાખ થઈ ગયું. તો પછી કોણ જન્મે? શરીર ક્યાંથી ફરી જન્મે?

જન્મ-મરણ જીવના છે કે શરીરના?

જીવ નવું શરીર ધારણ કરે તે—જન્મ. અને

જીવ શરીર છોડીને ચાલ્યો જાય તે—મરણ. (મૃત્યુ)

શરીરનો સંયોગ—વિયોગ જ જન્મ-મરણ કહેવાય છે.

માટે પુનર્જન્મ એ આત્માનો છે, નહીં કે શરીરનો.

આથી આત્મા અને પુનર્જન્મ બંને સિદ્ધ થાય છે. સંસારમાં સંસારી જીવો જે શરીર ધારણ કરે છે-બનાવે છે તે શરીર પાંચ પ્રકારનાં છે.

## શરીર

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ઔદારિક | વૈક્રિય | આહારક | તૈજસ | કાર્મણ |
| મનુષ્ય-પશુ-પક્ષીને. | દેવ અને નારકને. | ૧૪ પૂર્વધારી મુનિ જ બનાવી શકે. | સર્વ જીવોને. | સર્વ જીવોને. |

ગતિનામકર્મ પ્રમાણે—તે તે ગતિમાં જઈ ઉત્પત્તિ સ્થાનક જીવ શરીર બનાવવા માટે તે તે શરીર યોગ્ય વર્ગણાઓનો જથ્થો ગ્રહણ કરે છે. પાછળ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આઠ મહાવર્ગણાઓ છે. અને જીવ પોતાને યોગ્ય વર્ગણા ગ્રહણ કરીને પછી શરીરરૂપે

પિંડ બનાવે છે. જેમ રોટલી બનાવવા માટે લોટ લઈને કણક બાંધીએ છીએ અને પછી તે પિંડમાંથી આકાર ઘડી રોટલી બનાવીએ છીએ. તેજ પ્રમાણે જીવ પણ કરે છે.

## અષ્ટ મહાવર્ગણા




માતા-પિતાના રજ-વીર્યનો સંયોગ થતાં જીવ ઉત્પત્તિ-સ્થાનમાં આવીને ઉત્પન્ન થાય છે. અને તેને જ ગર્ભધારણા કહીએ છીએ. ગર્ભાશયમાં જીવ આહારયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. અને પછી તેને શરીરરૂપે પરિણમાવે છે. પર્યાપ્તિ-જીવનાવશ્યક જરૂરિયાતને ગ્રહણ કરી શરીરની રચના કરાય છે. આવી પર્યાપ્તિ ૬ છે. અને તે ક્રમે જીવ શરીરાદિ બનાવે છે.

ક્રમશઃ નિર્માણ થતી ૬ પર્યાપ્તિ :-



ઉત્પત્તિસ્થાને યોગ્ય આહારનાં પુદ્ગલો ગ્રહણ કરવામાં આવે છે. ગ્રહણ કરેલી તે તે વર્ગણા પ્રમાણે જીવ શરીર બનાવે છે. જો ઔદારિક વર્ગણા ગ્રહણ કરી હોય તો–મનુષ્ય કે તિર્યંચનું શરીર બનાવે છે, અને વૈક્રિય વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કર્યાં હોય તો દેવ કે નારકનું શરીર બનાવે છે. આ શરીરની રચના વગેરે બનતાં જ ઇન્દ્રિયનો વિચાર કરવામાં આવે છે. જાતિનામકર્મ પ્રમાણે જીવ જોઈતી ઇન્દ્રિય બનાવે છે. જેમ મકાન બનાવવાનું હોય તો પહેલાંથી જ બારી–બારણાં વગેરે નક્કી કરી તે પ્રમાણે બનાવીએ છીએ.

એજ પ્રમાણે શરીરમાં પણ બારીબારણાં ઇન્દ્રિયાદિની જરૂર પડે છે; જ્યાંથી જોઈ, સાંભળી, સુંઘી, ચાખી, સ્પર્શી શકાય. માટે જીવ તદ્યોગ્ય ઇન્દ્રિયની રચના કરે છે, પછી શ્વાસોશ્વાસ ગ્રહણ કરે છે. અને જીવનની પ્રક્રિયા ચાલુ થાય છે. ત્યાર પછી ભાષા અને મન બનાવે છે.

## તીર્થંકરોના શરીરની રચના—

**यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं,**
**निर्मापितस्त्रिभुवनैकललामभूत ।**
**तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्याम् ;**
**यत्ते समानमपरं न हि रूपमस्ति ॥**

—શ્રી માનતુંગસૂરિ મહારાજ ભક્તામરસ્તોત્રમાં જણાવે છે કે હે ત્રિલોકશિરોમણી ! આપે રાગદ્વેષ રહિત એવા શાન્તરસના ઉજ્વલ પુદ્ગલપરમાણુઓ વડે જે શરીરની રચના કરી છે, તે

પરમાણુઓ જગતમાં એટલા જ હતા જેટલા વડે તમે શરીર બનાવ્યું છે. અગર જો વધારે હોત તો તો આપના જેવું અદ્ભુત રૂપયુક્ત શરીર બીજા પણ બનાવત. પરન્તુ આપના જેવું અદ્વિતીય અનુપમ શરીર પૃથ્વી ઉપર બીજા કોઈનું નથી.

**જન્મ—**

શરીર ધારણ કરી આત્મા શરીરનો વિકાસ–વિસ્તાર કરે છે. સાડા નવ માસ માતાના ઉદરમાં ગર્ભપણે ઊંધા માથે લટકી રહેવું પડે છે. જીવ ગર્ભમાં પ્રથમ ક્ષણથી જ જીવંત સજીવ હોય છે. ઘણા નથી પણ માનતા. કોઈ કહે છે ત્રીજા મહિને જીવ આવે છે, અને કોઈ કહે છે પાંચમા મહિને જીવ આવે છે. વિજ્ઞાન પણ પોતાનો સિદ્ધાન્ત બદલતું બદલતું આજે એ મત ઉપર આવ્યું છે કે જીવ ૩૬ મા દિવસે સંભવી શકે છે. પરન્તુ જીવ તો પ્રથમ ક્ષણથી જ હોય છે. જીવ જ આગળ વિકાસ સાધે છે, શરીરાદિની રચના કરે છે. જીવ ન હોય તો આગળ કંઈજ ન થાય.

માટે ગર્ભહત્યા એ મહાપાપ છે. ગર્ભમાં પણ જીવ છે જ. અને કાયા વિસ્તારે છે. નવ માસે તો પરિપૂર્ણ સર્વાંગસંપૂર્ણ શરીરની રચના સંપૂર્ણપણે તૈયાર થઈ જાય છે. ગર્ભમાંથી જન્મ્યા પછી તો માત્ર હવે શરીરનો ક્રમે ક્રમે કાળાનુસાર વિકાસ જ થવાનો છે. હવે નવી રચના કંઈ જ ન થાય. જે રચના–નવનિર્માણ થવાનું હતું તે તો બધું ગર્ભમાં થઈ ગયું, હવે કંઈ જ ન થાય. બસ, કાળ પ્રમાણે બાળક વધવાનો, મોટો થવાનો.

શું ગર્ભમાં હોય ત્યારે Abortion ગર્ભપાત થઈ શકે? અને જન્મ્યા પછી હત્યા ન કરાય? જન્મ્યા પહેલાં ગર્ભમાં જ મારી નાખવામાં આવે તો તે હત્યા ન કહેવાય? તે ગેરકાનુની ન કહેવાય? તેમાં પાપ ન લાગે? અને ઉપરથી સરકાર ગર્ભપાતને કાયદેસર-કાનૂની બનાવે અને ગર્ભપાત કરાવનારને ઈનામ મળે, બધું જ મફતમાં થાય! અને-એ જ બાળક જન્મ્યા પછી જો મારવામાં આવે તો તે હત્યા-ખૂન ગણાય. તેમાં મહાપાપ લાગે છે. તે કાનૂની નથી, ગૈરકાનૂની છે; તેને ખૂન ગણી સજા થાય. આ કેવો ન્યાય? શું આ ન્યાય છે? બાળક એનો એ જ છે. જન્મ પહેલાં પણ એ જ છે. એ જીવ જ છે. અને જન્મ્યા પછી પણ એ જીવ જ છે. એનો એ જ છે. છતાં પણ માનવે દૃષ્ટિ બદલી નાખી છે. અને પોતાની દૃષ્ટિ પ્રમાણે વર્તે છે. પરન્તુ પાપ એ પાપ જ છે. ઝેર એ ઝેર જ છે. એને આંખ મીંચતાં અજાણતાં પીઓ કે જાણતાં પીઓ, પીધા પછી ઝેર તો પોતાની અસર કરવાનું જ છે. આવી ભયંકર પંચેન્દ્રિયહત્યાનું મહાપાપ રખે માથે વહોરતા! સરકારની અંધ-પ્રચારની માયાજાળમાં રખે ફસાતા!

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ઉમાસ્વાતિજી ભગવંત સામે બતાવ્યા પ્રમાણે જન્મનું વર્ગીકરણ કરે છે. તે તે શરીર ધારણ કરી વિવિધ પ્રકારે જન્મે છે.

### સમ્મૂર્છિમ જન્મ—

એકેન્દ્રિયાદિ જીવોનો જન્મ સમ્મૂર્છિમ જન્મ કહેવાય છે. તે તે પુદ્ગલ દ્રવ્યમાં જીવ તુરંત શરીર ધારણ કરી જન્મી જાય છે. જૂ વગેરે શરીર ઉપર જન્મે છે તે ઇત્યાદિ.

"सम्मूर्छनगर्भोपपाता जन्म"

**જન્મ**

1. ૧ સમ્મૂર્છિમજન્મ
   - એકેન્દ્રિયથી
   - ચઉરિન્દ્રિયપર્યન્ત
   - "शेषाणां सम्मूर्छनम्"
2. ૨ ગર્ભજજન્મ
   - મનુષ્ય + તિર્યંચ
     - જરાયુજ
     - અણ્ડજ
     - પોતજ
   - " जरायवण्डपोतजानां गर्भः "
3. ૩ ઉપપાતજન્મ
   - દેવ
   - નારક
   - " नारकदेवानामुपपातः "

**ઉપપાતજન્મ—**

દેવલોકમાં દેવતાનો જન્મ ઉપપાતજન્મ છે. ફૂલોની શય્યામાં ૧૬ વર્ષના રાજકુમારના જેવું એકાએક ઊભા થઈ જવું તે ઉપપાત જન્મ છે. જ્યારે કુંભીમાંથી નારકી જીવો જન્મ ધારણ કરે છે. ત્યાં દેવ-નરકમાં મનુષ્યની જેમ સાડાનવ મહિને જન્મ નથી હોતો.

**ગર્ભજ જન્મ—**

ઘોડા, ગધેડા, હાથી, ઊંટ, બળદ, બકરી, સાપ વગેરે જીવો તેમ જ મનુષ્યોના જન્મ માતાના ઉદરથી ગર્ભથી થાય છે. માટે તેમને ગર્ભ જ = ગર્ભથી જન્મતા એમ કહેવાય છે. આ ગર્ભ-જન્મમાં ત્રણ પ્રકારો છે.

**જરાયુજ—**

મનુષ્ય તથા ગાય-બળદ, બકરી, કૂતરા વગેરેના જન્મ જરાયુ જ હોય છે. જરાયુ એટલે ઉદરમાં ગર્ભની ચારે તરફ એક થેલી વિશેષ હોય છે. (बच्चादानी) જેમાં બાળક સુરક્ષિત લપટાયેલો હોય છે તે. અને તે રીતે જન્મે તેને જરાયુ જ જન્મ કહેવાય છે.

**પોતજ—**

હાથી વગેરેના જન્મ પોતજ જન્મ કહેવાય છે. પોત-વિશેષમાં હાથીનાં બચ્ચાં વગેરે રહેતાં હોય છે. તે વડે જન્મે તે પોતજ.

**અણ્ડજ**—જે પશુ-પક્ષીઓ ઇંડાં મૂકે છે. અને પછી ઇંડાંમાંથી જન્મ લેતા જન્મને અણ્ડજ જન્મ કહેવાય છે.

મરઘી, કબૂતરી, કોયલ, સાપ, વગેરે ઇંડાં મૂકે છે. તેમનો જન્મ આ પ્રકારે અણ્ડજ છે. તેમના શરીરમાં ગર્ભસ્થ જીવ પોતાની ચારે તરફ જે આવરણ કરે છે અને તેમાં સુરક્ષિત રહે છે તે ઈંડું કહેવાય છે. અને તેમાં જીવ હોય છે. તેમાં જીવ જીવંત છે, તેથી તે ઈંડું સજીવ હોય છે. પછી માતા તેનું પોતાના શરીરની ગરમીથી સેવન કરે છે. અને થોડા દિવસો પછી જીવ તે ઈંડાનું કાચલું ફોડી બહાર નીકળે છે. તે જ તેનો જન્મ. તે જ અણ્ડજ જન્મ. તે ઇંડાનો જીવ ઇંડામાં પણ શ્વાસોશ્વાસ લેતો હોય છે, નહીં તો મરી જાય. ઇંડાના સફેદ ફોતરામાં આપણી ચામડી જેવા અસંખ્ય બારીક છિદ્રો હોય છે, જે વડે તેની શ્વસનક્રિયા ચાલતી હોય છે. આ વાત આજના વિજ્ઞાને પણ કબૂલ કરી છે કે સ્વીકારી છે કે તે ઇંડાને અસંખ્ય છિદ્રો હોય છે. આપણી જેમ જ જીવ શ્વાસમાં Oxygen લેતો હોય છે. અને Carbandy. Oxyied છોડતો હોય છે.

આપણા જેવી જ પ્રક્રિયા હોવા છતાં પણ તેમાં જીવ નથી અને નિર્જીવ છે આવું શા માટે કહેવાય? હા, જેમ બાળક માતાના ગર્ભમાં જ મરી જાય અને મરેલો અવતરે, કસુવાવડ જેમ થાય તેમ ઇંડામાં પણ જીવ જો મરી જાય તો તે ઇંડું વિકાસ નથી પામતું અને જીવ બહાર નથી નીકળતો. તો શું તે ઇંડાં શાકાહારી થઈ ગયાં? શું તે ઇંડાં ખાવા યોગ્ય ખાદ્ય બની ગયા?

હાય રે ! સ્વાર્થી માનવની બાલિશ સ્વાર્થવૃત્તિ ! ન મર્યો હોય તો પણ મારીને ખાવા તૈયાર થઈ જાય છે અને ખાવું હોય તો નિર્જીવ છે એમ કહેવા તૈયાર થઈ જાય છે.

પ્રચાર તંત્રે અધમકક્ષા પણ વટાવી દીધી છે. તે ઇંડાને શાકાહારી Vegetarian કહેતા થઈ ગયા, લેખિત છાપ મારી દીધી. આટલી અધમ બાલિશતા મૂર્ખતા. શાકાહારી હોય તો શાકભાજીની જેમ ઇંડાં ઝાડ પર ઊગે છે ? શાકાહારી કહેવું છે તો મેળવોને ઝાડ ઉપરથી કે બહારથી ? શા માટે મરઘીને સતત ઉત્તેજિત કરી તેના શરીરમાંથી જ કેમ મેળવાય છે ? આવી રીતે હલ્કો પ્રચાર કરીને મહાપાપ બાંધનારા વ્યાપારીઓ લોકોને છેતરે છે. નિરર્થક પ્રચારની જાળમાં ફસાવી બાળજીવોને પાપના રસ્તે દોરે છે. થોડી બુદ્ધિ ઠેકાણે રાખજો, જેથી રક્ષણ થાય, પડતા બચો. આજના કાળમાં ધર્મી આત્માને જીવવું મુશ્કેલ છે. બાકી પાપી-અધમ-દુરાચારી-હિંસક માંસાહારીને તો કોઈ પ્રશ્ન જ નથી. તેના માટે તો બધું જ સરલ છે. સંસારમાં પાપ કરવું જ સરલ છે, સહેલું છે. પુણ્ય કે ધર્મ કરવો કપરું છે, અઘરું છે. વિરલ આત્માઓ જ ધર્મમાર્ગે પ્રયાણ કરી શકે છે.

## મૃગાપુત્ર-પાપનો વિપાક—

ગુરુગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં જણાવતા પ્રભુએ કહ્યું, હે ગૌતમ ! પૂર્વજન્મમાં ઈક્કાઈ રાઠોડ નામે આ રાજાનો સેવક હતો. તે પાંચસો ગામનો અધિપતિ હતો. સાતે વ્યસને પૂરો, બધા પાપમાં શૂરો, પ્રાણીવધ અને હિંસા કરવી વગેરેમાં ખાસ

આસક્ત. પ્રજા પાસેથી કર વસૂલ કરવા માટે લોકોને ખૂબ પીડા આપતો. આંખ-કાન વગેરે અંગોપાંગો છેદી નાંખતો. ઘણા આકરા મોટા કર લેતો હતો.

૨૫૦ વર્ષનું આયુષ્ય તે ઈક્કાઈ રાઠોડના જીવે ક્રૂર દશામાં હિંસા આદિ કરી લોકોને મારવા-ત્રાસ પમાડવા વગેરેમાં જ પૂરું કર્યું. તીવ્ર અનાચારાદિ દોષોના સેવનથી તે જ ભવમાં સોળ રોગોની વેદના ભોગવી મરીને પહેલી નરકે ગયો અને ત્યાંથી નીકળી વિજયરાજાની પત્ની મૃગારાણીની કુક્ષિએ જન્મ્યો. કરેલાં ભયંકર પાપોના વિપાકે જનમતાં જ શરીર બહુ વિચિત્ર મળ્યું હાથ નથી, પગ બન્ને નથી, આંખ-કાન-નાક પણ નથી, તે સ્થાને માત્ર છિદ્ર જ છે. મુખના સ્થાને પણ માત્ર છિદ્ર. જન્મથી મૂંગો, બહેરો. બિચારો તીવ્ર વેદના ભોગવી રહ્યો હતો. શરીરની ચામડી પણ પારદર્શી. આહાર માટે માતા પ્રવાહી મુખછિદ્રમાં નાંખે.... પણ થોડી જ વારમાં વમન થાય. પાછું બહાર આવી જાય.

ગત જન્મમાં કરેલા ભયંકર હિંસાદિક પાપોના પરિણામે આ જન્મમાં નરક જેવાં ભયંકર દુઃખો ભોગવવાં પડ્યાં. જોતા જોતા ગૌતમસ્વામીના મુખેથી નીકળ્યું—'અરે! આ તો જીવતી સાક્ષાત નરક દેખાય છે કે શું?' સમવસરણે આવી પ્રભુ આગળ જેવું જોયું હતું તેવું વર્ણન કર્યું અને એના ભાવિ ભવો માટે પૂછ્યું. પ્રભુએ કહ્યું—હજી તો આ જીવ કરેલાં પાપોની સજા ભોગવવા કેટલીય વાર નરકમાં-તિર્યંચ ગતિમાં ભટકી પારાવાર વેદના-દુઃખ ભોગવશે, અને અસંખ્ય ભવ પછી અનુક્રમે સિદ્ધિ-પદ પામશે.

**બંધન નામકર્મ—**

શરીર બનાવવા માટે જીવે ગ્રહણ કરેલ ઔદારિકાદિ વર્ગણાને હવે બાંધીને પિંડ તૈયાર કરવાની જરૂર પડે છે. જેમ લોટમાં પાણી

નાંખી કણુક બાંધવાની હોય છે તેમ અથવા જેમ લાકડાને પરસ્પર મેળવવા માટે પણ લાખ વગેરે દ્રવ્યોની જરૂર પડે છે, સીમેન્ટમાં પાણી નાંખીને બનાવીને થાંભલા વગેરે બની શકે છે. તે જ પ્રમાણે ઔદારિક આદિ વર્ગણાનાં ગ્રહણ કરેલાં પુદ્ગલોને પરસ્પર એકીભૂત કરવામાં જે કર્મ સમર્થ છે તે "બંધન નામકર્મ છે. જો આ કર્મ ન હોય તો રાખના ઢગલાની જેમ આ શરીર અસંબંધ જ રહી જાત.

આ બંધનો મુખ્ય પાંચ ગણ્યાં.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ઔદારિક બંધન. | વૈક્રિય બંધન. | આહારક બંધન. | તૈજસ બંધન. | કાર્મણ બંધન. |

આ જ પાંચ બંધનોને અન્યોન્ય પરસ્પર મેળવતાં ૧૫ બંધનો થાય છે.

૧. ઔદારિક+ઔદારિક બંધન. ૨. વૈક્રિય+વૈક્રિય બંધન.
૩. આહારક+આહારકબંધન. ૪. તૈજસ+તૈજસબંધન.
૫. કાર્મણ+કાર્મણબંધન. ૬. ઔદારિક+તૈજસબંધન.
૭. વૈક્રિય+તૈજસબંધન. ૮. આહારક+તૈજસબંધન.
૯. કાર્મણ+તૈજસબંધન. ૧૦. ઔદારિક+કાર્મણબંધન.
૧૧. વૈક્રિય+કાર્મણ બંધન. ૧૨. આહારક+કાર્મણબંધન
૧૩. ઔદારિક+તૈજસ+કાર્મણ-બંધન ૧૪. વૈક્રિય+તૈજસ+કાર્મણ-બંધન.
૧૫. આહારક+તૈજસ+કાર્મણબંધન.

## સંઘાતન નામકર્મ—

શરીર યોગ્ય ઔદારિક આદિ વર્ગણાનાં પુદ્ગલોને એકઠાં-ભેગાં કરવામાં કારણભૂત કર્મ તે આ–"સંઘાતન નામકર્મ" અર્થાત

એક પ્રદેશને બીજામાં જોડી કરીને છિદ્રરહિતપણે વ્યવસ્થિત મેળવી આપવાનું કામ આ કર્મનું છે. જેમ દન્તાલી હોય અને તે ઘાસના બધા તણખલાને ભેગા કરે છે તેમ આ કર્મ ઔદારિકાદિ પુદ્‌ગલોને એકઠાં કરે છે.

આ પણ પાંચ પ્રકારે છે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ઔદારિક સંઘાતન. | વૈક્રિય સંઘાતન. | આહારક સંઘાતન. | તૈજસ સંઘાતન. | કાર્મણ સંઘાતન. |

**સંઘયણ નામકર્મ—**

બંધન અને સંઘાતનથી શરીર યોગ્ય પુદ્‌ગલોનું એકત્રીકરણ થયું, ભેગા થયા. હવે શરીરનું બંધારણ—હાડકાં વગેરેનો બાંધો કેવો હોય, તે કામ આ સંઘયણ નામકર્મનું છે. હાડકાંના બન્ધ-વિશેષને-વિશિષ્ટ રચનાને સંઘયણ(સંહનન) કહેવામાં આવે છે. હાડકાંના સાંધાનાં બંધનને અજબ મજબૂતી તરીકે ઓળખવાનું છે. શરીરનાં હાડકાંની મજબૂતી દરેકની ભિન્નભિન્ન હોય છે. સર્વ જીવોની હાડકાંના સાંધાની મજબૂતી છ ભેદે વર્ણવી છે.

**૬ સંઘયણ**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| વજ્ર+ઋષભ+ નારાચ | ઋષભ+ નારાચ | નારાચ | અર્ધ- નારાચ | કીલિકા | છેવટ્ઠું |

**संघयणमट्ठिनिचओ, तं छद्धा वज्जरिसहनारायं ।**
**तह रिसहं नारायं, नारायं अद्धनारायं ॥**
**कीलिअं छेवट्ठं इह, रिसहो पट्टो अ कीलिआ वज्जं ।**
**उभओ मक्कडबंधो, नारायं इममुरालंगे ॥**




**૧. વજ્રઋષભનારાચ**—જેમ વાંદરીનું બચ્ચું પોતાની મા વાંદરીને હાથની આંટી મારી મજબૂત રીતે વળગી રહે છે તેજ પ્રકારે બે હાડકાંના બે છેડા પરસ્પર એકબીજાને આંટી મારીને મજબૂત રીતે વળગી રહે છે, બંધાઈ રહે છે તે "મર્કટ બંધ" કહેવાય છે. વજ્ર એટલે ખીલો, ઋષભ એટલે પાટો, અને નારાચ એટલે મર્કટ બંધ. ચિત્ર નં. ૧માં બતાવ્યા પ્રમાણે બન્ને તરફ મર્કટબંધ, તેના ઉપર હાડકાંનો પાટો, અને તેની વચ્ચે આરપાર નીકળેલી હાડકાંની ખીલી એવા અત્યન્ત મજબૂત હાડકાંનો બાંધો તે "વજ્રઋષભનારાચ"—પહેલું સંઘયણ કહેવાય.

આ મજબૂતી એટલી ગજબની હોય છે કે મોટી પથ્થરની શિલા નીચે ૬ મહિના સુધી કચડવામાં આવે તો પણ ન તૂટે,

ખસે પણ નહીં. આવું મજબૂત પ્રથમ સંઘયણવાળું શરીર હોય તો જ મોક્ષ મળે. તીર્થંકરોને આવું મજબૂત શરીર હોય છે. અને આજે આપણે કહીએ કે ના, એમાં શું છે? હું પણ આજે મોક્ષ મેળવી શકું. પણ પહેલી વાત તો આવું શરીર જ નથી તો ક્યાંથી મોક્ષ મળે? આપણું તો પગ લપસે તો ય હાડકું ખસી જાય.

**૨. ઋષભનારાચ**—ચિત્ર નં. ૨ ની જેમ બન્ને બાજુ મર્કટબંધ અને તેના ઉપર માત્ર હાડકાનો પાટો હોય પરન્તુ ખીલી ન હોય તે બીજું "ઋષભનારાચ સંઘયણ."

**૩. નારાચ સંઘયણ**—નારાચ સંઘયણવાલાને હાડકાંના સાંધા બન્ને બાજુ "મર્કટ-બંધ" જેવા હોય પરન્તુ પાટો કે ખીલી વગેરે ન હોય.

**૪. અર્ધનારાચ**—આ સંઘયણમાં માત્ર એક બાજુ મર્કટબંધ હોય. ખીલી-પાટો બીજું કંઈ જ ન હોય.

**૫. કીલિકા સંઘયણ**—ફક્ત સ્કુની જેમ માત્ર ખીલીના સહારે ફક્ત હાડકાંના સાંધા મજબૂત રહેલા હોય છે, બીજું કંઈ જ નહીં.

**૬. છેવઠું (સેવાર્ત) સંઘયણ**—આનું બીજું નામ "સેવાર્ત" અથવા "છેદસ્પૃષ્ટ" સંઘયણ પણ કહે છે-આમાં હાડકાંના બે છેડાઓ ઉખલમાં રહેલા મુસળાની જેમ ફક્ત એકબીજાને સ્પર્શીને રહેલા હોય છે. વર્તમાનકાળમાં આપણા સર્વ લોકોનું આ છેલ્લું સંઘયણ હોય છે. એટલે હાડકાંની મજબૂતી બહુ જ પોકળ હોય છે. પડતાં કે લપસી જતાં પણ જલ્દી ફ્રેકચર થઈ જાય.

## સંસ્થાન નામકર્મ—

**समचउरंसं निग्गोह, साइ खुज्जाइ वामणं हुंडं ॥**

હાડકાંની મજબૂતી પછી શરીરનો આકારવિશેષ કેવો હોય છે તેનો વિચાર આ સંસ્થાન નામકર્મમાં કર્યો છે. સંસ્થાન એટલે

આકારવિશેષ. આપણે જોયા છે ઘણા ખૂબ લાંબા, તો કોઈ સાવ ઠીંગણા વામન વગેરે. જે જોઈએ છીએ તે આકારવિશેષ. એવા આકાર વિશેષ–એટલે સંસ્થાન–૬ કહ્યાં છે.




## ૧. સમચતુરસ્ત્ર સંસ્થાન—

તીર્થંકર પરમાત્મા આદિનું પ્રથમ સંસ્થાન હોય છે. ભગવાન જ્યારે પદ્માસને બેઠા હોય ત્યારે જમણા ખભાથી ડાબા ઢીંચણ સુધી, ડાબા ખભાથી જમણા ઢીંચણ સુધી, અને બન્ને ઢીંચણની વચ્ચેનું તેમ જ પલાઠીના મધ્ય ભાગથી મસ્તકની શિખા સુધી એમ ચારે બાજુથી માપતાં એકસરખું માપ આવે તેને તથા સર્વાંગસુંદર એવા આકારવિશેષને સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય છે. આ સંસ્થાનના માપાદિ પ્રમાણે જ પ્રતિમા બનાવવામાં આવે છે. સર્વત્ર

દરેક મૂર્તિ વ્યવસ્થિત માપ-આકારની બને છે. અને આ જ સંસ્થાનવાળા મોક્ષ મેળવે છે.

**૨. ન્યગ્રોધ સંસ્થાન**—ન્યગ્રોધ એટલે વડલાનું વૃક્ષ. આ સંસ્થાનમાં નાભિની ઉપરના સર્વ અવયવો સપ્રમાણ સુંદર હોય પરંતું નાભિથી નીચે ઓછા-વધારે હોય, સપ્રમાણ ન હોય તેને ન્યગ્રોધ સંસ્થાન કહેવાય છે.

**૩. સાદિ સંસ્થાન**—આ ન્યગ્રોધથી વિપરીત છે. નાભિથી નીચેનો ભાગ સપ્રમાણ સારો હોય પણ ઉપરનો સારો સપ્રમાણ ન હોય તે.

**૪. વામન સંસ્થાન**—જેમાં હૃદય તથા પેટ સારાં સુલક્ષણ હોય અને હાથ-પગ, શિર અને ડોક કુલક્ષણ અપ્રમાણ હોય તે વામન સંસ્થાન કહેવાય.

**૫. કુબ્જ સંસ્થાન**—વામનથી વિપરીત લક્ષણવાળો એટલે હૃદય અને પેટ અપ્રમાણ કુલક્ષણ તથા હાથ, પગ, શિર, ડોક વગેરે સારાં સપ્રમાણ સુલક્ષણ હોય તે કુબ્જ સંસ્થાન.

**૬. હુંડક સંસ્થાન**—શરીરના સર્વ અંગો લક્ષણ-પ્રમાણ-રહિત હીનાધિક હોય તે "હુંડક" નામનું છેલ્લું સંસ્થાન કહેવાય છે.

સામુદ્રિક શાસ્ત્રમાં શરીરની પ્રમાણોપેત આકૃતિ-વિશેષની જે વિચારણા કરવામાં આવી છે તે તદનુરૂપ ઓછા-વધતા પ્રમાણ-વાળા આકારવાળા શરીરો હોય છે. એટલે તે તે આકાર વિશેષે સંસ્થાન ૬ પ્રકારે માનવામાં આવ્યાં છે.

સર્વ દેવતાઓને પહેલું સમચતુરસ્ર સંસ્થાન હોય છે. મનુષ્ય તથા પશુપક્ષીઓને અલગ-અલગ છએ સંસ્થાન હોય છે. શેષ સર્વેને હુંડક સંસ્થાન હોય છે.

卐

卐 સૌજન્ય 卐

શેઠ શ્રી અમૃતલાલ ગોવર્ધનદાસ ભરવાડા તથા
અ. સૌ. તારામતીબેન અમૃતલાલ ભરવાડાના
૫૦૦ આયંબિલની તપશ્ચર્યા તથા
ડૉ. કિરીટભાઈ એ. ભરવાડા અ.સૌ. મનીષાબેન કે. ભરવાડા
અને તુષાર કે. ભરવાડાની અઠ્ઠાઈ તપની અનુમોદનાર્થે
ભરવાડા પરિવાર તરફથી
આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

પ્રકાશક :—શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર
—: સંચાલિત :—
શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન
—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
મુંબઈ–૪.

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૨.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

જૈન દર્શનના અદ્‌ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષય → **'કર્મ તણી ગતિ ન્યારી....'**

પ્રવક્તા:→ પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

પ્ર. આસો સુદ ૨ | વ્યાખ્યાન ૧૧ મું | રવિ તા. ૧૯-૯-૮૨

## વિષય : અદ્‌ભુત શરીરરચના અને નામકર્મ

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

### નામકર્મની વર્ણવ્યવસ્થા—

અનામી=નામ વગરના, તથા અરૂપી=રૂપ-આકાર વગરના એવા આત્માને પણ નામવાળો અને રૂપ-આકારવિશેષવાળો બનાવનાર "નામકર્મ" છે. એટલે જ એને 'નામકર્મ' કહેવામાં આવે છે. ખરેખર એને ચિત્રકારની ઉપમા વાસ્તવિક આપવામાં આવી છે.

વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણો તો પુદ્‌ગલના છે, આત્માના નથી. પરન્તુ સંસારમાં આત્મા પુદ્‌ગલનું જ ઘર એટલે શરીર બનાવીને તેમાં જ રહે છે. એટલે સંસારના વ્યવહારમાં યોગ્ય

સારું-મનગમતું અને સહુને ગમતું એવું શરીર તો જોઈએ. અને શરીર આવ્યું એટલે શરીરનો ખાસ રંગ તો વ્યવહારમાં પહેલાં આગળ આવે છે.

વર્ણવ્યવસ્થામાં હિંદુધર્મમાં માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી ચાતુર્વર્ણ્યવ્યવસ્થા કરવામાં આવી છે. તેવી અહીંયા નામકર્મમાં નથી. નામકર્મ-વર્ણાદિ ચતુષ્ટયની વ્યવસ્થા કરે છે.

વર્ણ—૫- કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ-એ પાંચ વર્ણ (રંગ) છે.

ગંધ—૨- સુગંધ અને દુર્ગંધ.

રસ—૫- તીખો, કડવો, કષાય=તૂરો, ખાટો અને મીઠો - એ પાંચ રસ છે.

સ્પર્શ—૮- ગુરુ (ભારે), લઘુ(હલકો), શીત (ઠંડો), ઉષ્ણ (ગરમ), મૃદુ (કોમળ), ખર=કર્કશ (બરછટ), અને સ્નિગ્ધ (ચીકણો), રુક્ષ (લૂખો).

——
૨૦

* वण्णा—किण्ह-नील-लोहिअ-हलिद्द-सिआ ॥ (१ किण्ह, २ नील, ३ लोहिअ, ४ हलिद्द, ५ सिआ)

* गंधा—सुरहिदुरही ॥

* रसा—पण, तित्तकडुकसायअंबिला महुरा ॥

* फासा-गुरुलहुमिउखर, -सीउण्ह सिणिद्धरुक्खट्ठा ॥

## વર્ણાદિમાં શુભ-અશુભના ભેદ—

नील-कसिणं दुगंधं, तित्तं कडुअं गुरुं खरं रुक्खं ।
सीअं च असुहनवगं, इक्कारसगं सुभं सेसं ॥

આ વર્ણાદિ ૨૦ માં શુભ-અશુભની પ્રકૃતિઓના ભેદ પાડે છે.

## શુભ

વર્ણ—૩ - લાલ, પીળો અને સફેદ.
ગંધ—૧ - સુગંધ.
રસ—૩ - તૂરો, ખાટો, મીઠો.
સ્પર્શ—૪ - લઘુ (હલકો), ઉષ્ણ (ગરમ), મૃદુ (કોમળ), સ્નિગ્ધ (ચીકણો).
——
૧૧

## અશુભ

વર્ણ — ૨ – નીલો તથા કાળો વર્ણ.
ગંધ — ૧ – દુર્ગંધ.
રસ — ૨ – તીખો, કડવો.
સ્પર્શ — ૪ – ગુરુ (ભારે), કર્કશ, રુક્ષ અને શીત (ઠંડો).
——
૯

શુભવર્ણાદિ ૧૧ને પુણ્ય પ્રકૃતિમાં ગણવામાં આવે છે. અને અશુભવર્ણાદિ ૯ને પાપ પ્રકૃતિમાં ગણવામાં આવે છે. પુણ્ય પ્રકૃતિના ઉદયવાળાને શુભવર્ણાદિ ૧૧માંથી શરીરનો રંગ, ગંધ, રસ અને સ્પર્શાદિ મળે છે. જેમકે શરીરનો ગોરો રંગ, ગૌરવર્ણવાળી સફેદ ચામડી અને શરીરમાંથી નીકળતી સુગંધ, ખાટા-મીઠા વગેરે રસો અને કોમલ લઘુ આદિ સ્પર્શો. સંસારમાં અનેક જાતિઓ છે. આફ્રિકાની હબ્સી પ્રજાને કાળા કોલસાના રંગ જેવી ચામડી મળે છે, કોઈને જોવી પણ ન ગમે તેવી. જ્યારે અમેરિકન પ્રજા ગોરી હોય છે. કાળા-ગોરાનો ભેદ તો સર્વત્ર છે. ગોરાપણું પુણ્યપ્રકૃતિ છે. શરીરનું સુંદર અદ્ભુત રૂપ સૌંદર્ય-પુણ્યપ્રકૃતિ આધારે પ્રાપ્ત થાય છે.

## સુંદરીનું અદ્‌ભુત રૂપ-સૌંદર્ય—

ભગવાન આદિનાથની પુત્રી સુંદરીને અદ્‌ભુત રૂપસૌંદર્ય-લાવણ્ય પ્રાપ્ત થયું હતું. એ રૂપ-સૌંદર્ય ભરતચક્રવર્તીને પણ એટલું ગમતું હતું કે રૂપના કારણે ભરત રાજા સુંદરીને દીક્ષા લેવાની રજા નહોતા આપતા. સુંદરીના સુંદર રૂપમાં આસક્ત થયેલા, ભ્રમરની જેમ લુબ્ધ થયેલા ભરત મહારાજા સુંદરીને દીક્ષા લેવાની સતત ના પાડતા હતા.

એક વખત ચક્રવર્તી મહારાજા ભરત દિગ્‌વિજયાર્થે છ ખંડ સાધવા નીકળ્યા. ત્યારે સુંદરી એકાન્તે મનમાં વિચારે છે કે અરે! આ મને મળેલું રૂપ જ મને ચારિત્ર પ્રાપ્ત કરવામાં અંતરાય કરે છે. અરે આ રૂપ-સૌંદર્યના કારણે જ હું ચારિત્ર નથી લઈ શકતી. ઘણાએ પરમાત્મા પાસે ચારિત્રધર્મ અંગીકાર કર્યો છે. અને હું જ સંસારમાં રહી છું. અને આ રૂપ તો કેટલા દિવસ ટકવાનું છે. આ સૌંદર્ય ક્યાં સુધી રહેશે? છેવટે તો જે કાયા જ અનિત્ય છે, માટીમાં મળવાની છે, બળીને અગ્નિમાં રાખ થવાની છે. અરે! આ કાયાથી સાધી લેવાય તો કેટલું સારું. એમ વિચારી સુંદરીએ રૂપ-સૌંદર્ય ઘટાડવા-ઓછું કરવા આયંબિલની તપશ્ચર્યા શરૂ કરી. અને લગભગ ૬૦ હજાર વર્ષ સુધી સુંદરીએ આયંબિલની દીર્ઘ-લાંબી તપશ્ચર્યા કરી.

અંતે મહારાજા ભરત આવ્યા. કરમાઈ ગયેલા ફૂલની જેમ સુંદરીનું રૂપ જોઈને ભરત આશ્ચર્ય પામ્યા. કાયા સુકાઈ ગઈ, રૂપ કરમાઈ ગયું. અરે! આ શું?

હે સુંદરી! શું મારા ગયા પછી તને કોઈએ ખાવા નથી આપ્યું? શું કોઈએ તારું ધ્યાન ન રાખ્યું? શું કોઈએ તારી સંભાળ ન લીધી? આ થયું શું? તું સાવ કરમાઈ ગઈ!

સુંદરીએ સમજાવતાં કહ્યું, ‘ આ તો વિનાશી અનિત્ય નશ્વર કાયા છે, હવે એ કરમાઈ ગઈ, કે રૂપ સૌંદર્ય ઝાંખું પડી ગયું

એમાં આટલું શોક-દુઃખ શું કરો છો ? અંતે તો અગ્નિમાં બળી રાખ જ થવાની છે ને?! અને વૃદ્ધાવસ્થામાં આ જ રૂપ કેવું લાગશે ?" વૈરાગ્યાત્મક શબ્દોથી ભરતજીને સુંદરીએ ખૂબ સમજાવ્યા. છેવટે લોકો પાસેથી રાજપુરુષો પાસેથી ભરતે જાણ્યું કે સુંદરી તો દેહના રાગ ઉતારવા, કાયાની માયા છોડવા આટલી દીર્ઘ આયંબિલની તપશ્ચર્યા કરી રહી છે. અંતે મર્મ સમજીને ભરતજીએ સુંદરીને દીક્ષા લેવાની અનુમતિ આપી. અદ્‌ભુત રૂપ-સૌંદર્યનો મોહ તજી સુંદરી ચારિત્રધર્મ અંગીકાર કરી...તપશ્ચર્યાથી નિર્જરા સાધી મોક્ષ પ્રાપ્ત કર્યો

ધન્ય એ સુંદરી સ્ત્રીરત્નને કે કાયાની માયા, દેહનું મમત્વ, દેહ રાગ તજ્યો અને મોક્ષ સાધી સદા માટે અરૂપી-નિરંજન-નિરાકાર બન્યાં.

શરીરના રૂપ-રંગ-ગંધ-સ્પર્શાદિ પૂર્વકૃત કર્માનુસારે પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિય એવા પુષ્પને કેટલા રંગ હોય છે. લાલ, લીલા, પીળા, સફેદ અને દરેક રંગની જાતનાં ગુલાબનાં ફૂલ આવે છે. એનાથી જ ગુલાબની કેટલી જાતો છે તે જણાય છે.

વિવિધરંગો સાથે પણ હોય છે. મોરને તેમ જ રંગીન ચકલી વગેરેને એક સાથે કેટલા વિવિધ રંગો હોય છે! મનુષ્યના શરીરમાં પણ બધા રંગો છે. માથાના વાળ અને આંખની કીકી કાળી હોય છે. અંદર હાડકાં સફેદ, લોહી લાલ, કેટલીક નસો લીલી, ચામડી-ગોરી-કાળી વગેરે રંગો હોય છે.

આજે તો માત્ર રૂપનો સંસાર છે. બસ, રૂપ ગમ્યું એટલે વ્યક્તિ ગમી; પછી ભલે ગમે તે થાય. આજે વધુ પ્રમાણે રૂપજીવી બનવા પ્રયત્ન કરવામાં આવે છે, પરન્તુ "રૂપજીવી" એટલે પોતાના રૂપ વડે જીવનારી, રૂપ દેખાડી આજીવિકા ચલાવનારી. તો તો વેશ્યા કહેવાય. કારણ કે વેશ્યા તો પોતાનું રૂપ સજી, બીજાને રૂપ દેખાડી મોહ પમાડી, કાય-વ્યપારથી પૈસો કમાય

છે. હાય ! કેટલી અધમ અવસ્થા. મળેલ રૂપનો ઉપયોગ પણ પૈસા કમાવવા માટે !

પશ્ચિમના પ્રદેશોમાં વિદેશોમાં કાળા-ગોરાનાં યુદ્ધો ચાલે છે. કાળા-ગોરા વચ્ચેનું આ વૈમનસ્ય ભયંકર તંગદિલી સર્જે છે.

## રૂપના મોહનો ત્યાગ કરતા ચક્રવર્તી—

ઇન્દ્રે ઇન્દ્રસભામાં પ્રશંસા કરી કે, 'પૃથ્વીતલ ઉપર સનત્કુમાર ચક્રવર્તી જેવું અદ્ભુત રૂપ-સૌંદર્ય બીજા કોઈનું નથી.' આ સાંભળી સહન ન થતાં બે દેવતાઓ બ્રાહ્મણનું રૂપ લઈ હસ્તિનાપુર ચક્રવર્તીના પ્રાસાદમાં આવ્યા. તે સમયે સનત્કુમાર સ્નાનાગારમાં સ્નાન કરતા હતા. સનત્કુમારનું અદ્ભુત રૂપ-સૌંદર્ય જોઈ દેવતાઓ પણ આશ્ચર્ય પામ્યા. ત્યારે સનત્કુમારે કહ્યું, "અરે ! હમણાં શું તમે મારું રૂપ જુઓ છો ? ! હમણા તો હું સ્નાન કરવા બેઠો છું. જ્યારે સ્નાન પતાવી, વેષ-ભૂષા-આભૂષણ મુકુટ વગેરે ધારણ કરી સભામાં રાજસિંહાસન ઉપર બેસું ત્યારે તમે જોજો-મારું રૂપ. ત્યારે તમને ખ્યાલ આવશે.'

ચક્રીના આ શબ્દો સાંભળીને દેવતાઓને મનમાં દુઃખ થયું- અરે ! માણસને પોતે જ પોતાની પ્રશંસા કરવી એ યોગ્ય નથી લાગતું, નથી શોભતું. ગુણ-સ્તુતિ કે પ્રશંસા તો બીજા કરે તે યોગ્ય ગણાય. પોતે જ પોતાની પ્રશંસા ન કરવી.

રાજસિંહાસને બેઠેલા સનત્ચક્રીને જોવા ફરી તે બન્ને દેવતાઓ આવ્યા. પરન્તુ ખેદ પામ્યા હોય તેમ મોઢું બગાડીને ઊભા રહ્યા. ચક્રીએ કારણ પૂછ્યું-' કેમ ભાઈ? કેમ ખેદ પામ્યા છો.' દેવતાઓ—'હે ચક્રી ! તમારું જે રૂપ પહેલાં જોયું હતું, તે અત્યારે નથી જણાતું. અત્યારે જે તમે પાન પણ ખાઈ રહ્યા છો તે સતત મુખમાં રહેવાથી મુખમાં કીડા પણ ઉત્પન્ન થઈ જાય છે અને તમે પાન થૂંકો તો તેના ઉપર બેસીને માખી પણ મરી

જશે...કારણ કે તમારા શરીરમાં સાત મોટા રોગો ઉત્પન્ન થયા છે. એટલે મુખનું પાન–રસ પણ વિષ જેવું બની ગયું છે.' આ સાંભળી ચક્રી આશ્ચર્ય પામ્યા. 'અરે! તમે શી રીતે જાણ્યું?' દેવતાઓ—' અવધિજ્ઞાનથી.'

સનત્કુમારચક્રી વિચારે ચઢ્યા. અહો! આ દેહ અનિત્ય છે. આ રૂપ પણ ક્ષણજીવી છે. કાયા તો માટીમાં જ મળવાની છે, અગ્નિમાં બળીને રાખ થવાની છે. આવી કાયાની માયા તો છોડવી જ સારી.

એમ વિચારી–ચિન્તન કરી આત્માને વૈરાગ્યમાન બનાવ્યો. અને ૬ ખંડ–રાજપાટ, વૈભવ–ધનસંપત્તિ, સ્ત્રીરત્ન આદિ સર્વ અંતઃપુરનો પરિવાર વગેરે તજી–છોડીને સંયમ સ્વીકારે છે.

ચારિત્રજીવનમાં આવેલા ચક્રી સનત્ હવે મુનિ સનત્ બન્યા. વૈરાગ્યભાવથી દેહભાવ–દેહરાગને એકઠો કર્યો. અનાદિ–અનન્ત-કાળથી જીવને દેહરાગ–દેહભાવની ટેવ પડી છે, તે કાઢવી જ પડશે. દેહભાવ ગયા વિના આત્મા સાચી સ્વભાવદશામાં આવી શકે તેમ નથી.

સનત્ મુનિ છઠના પારણે આયંબિલ અને આયંબિલ ઉપર ફરી છઠ, એમ તપશ્ચર્યા કરવા લાગ્યા. અનેક ભારે મોટા રોગો હોવા છતાં પણ ઔષધ આદિની ચિંતા કર્યા વગર તપશ્ચર્યામાં મગ્ન રહેવા લાગ્યા.

બન્ને દેવતાઓ ફરી આવ્યા. વૈદ્યનું રૂપ લઈને આવ્યા. વિનંતિ કરી–' હે મુનિ! તમારું શરીર ઘણા રોગોથી ઘેરાઈ ગયું છે. તમે પિડાઈ રહ્યા છો, દુઃખી થતા હશો. કહો તો અમે તમારી સેવા–શુશ્રુષા કરી રોગમુક્ત કરીએ.

સનત્ મુનિએ કહ્યું—' અરે! દેહ તો અનિત્ય છે, નશ્વર છે, એને શું વધારે પંપાળવો? દેહરોગ તો કાઢવો સહેલો છે, પરન્તુ

અનાદિકાળથી આત્માને લાગુ પડેલો આ "કર્મરોગ" કાઢવાની શક્તિ તમારામાં છે ?–બોલો. દેહનો રોગ તો હું પણ મટાડી શકું છું.' એમ કહી સનત્ મુનિએ ટચલી આંગળી મુખમાં નાખી. ત્યાં તો આશ્ચર્ય ! થૂંકના સ્પર્શથી આંગળીનો ભાગ સોનેરી કાયા જેવો શોભવા લાગ્યો. દેવોને આંગળી બતાવી. દેવતાઓ આશ્ચર્ય પામ્યા. અદ્ભુત શોભે છે, લબ્ધિ છે. દેવતાઓ ચાલ્યા ગયા. સનત્ મુનિ સાતસો વર્ષ સુધી રોગ–પીડા અનુભવી એક લાખ વર્ષ પર્યંત ચારિત્રધર્મની આરાધના કરી મૃત્યુ પામી ત્રીજે સ્વર્ગે ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યભવ પામી મોક્ષે જશે.

શુભ–અશુભ કર્મ પુણ્ય–પાપ કર્માનુસારે મળતી કાયાને તે તે વર્ણ–ગંધ–રસ–સ્પર્શ મળે છે. આપણું રૂપ ઘણાંને જોવું પણ ન ગમે. આપણી શરીરની ગંધ પણ વિચિત્ર પ્રકારની નીકળતી હોય. પરસેવાની ગંધ, મુખમાંથી ગંધ, શ્વાસાદિ માર્ગે નીકળતી ગંધ વગેરે બહુ ખરાબ હોય છે. જેથી બીજાને પાસે બેસવું પણ ન ગમે. આપણા રસ–સ્પર્શ પણ બીજાને ન ગમે, ચામડી સુંવાળી–સુકોમળ ન હોય ઘણાના માથાના વાળ પણ રીંછ જેવા જાડા–બરછટ હોય છે, સ્પર્શ પણ આહ્લાદક નથી હોતો. આ બધું (પાપકર્મ) અશુભ નામકર્મના ઉદયે પ્રાપ્ત થાય છે.

જ્યારે તીર્થંકર ભગવંતોને "શ્વાસોચ્છ્વાસ કમલ સમો" હોય છે. તેમના દેહનું રૂપ–સૌંદર્ય અદ્ભુત મનોહર હોય છે, રમણીય હોય છે. તેમના સ્પર્શાદિ પણ આનંદદાયિ હોય છે. આ બધું શુભ નામકર્મની પુણ્યપ્રકૃતિ છે.

## આનુપૂર્વી નામકર્મ—

મૃત્યુ પામ્યા પછી દેહને છોડી આત્મા પોતાના આગામી જન્મસ્થાનને પ્રાપ્ત કરવા ચાલ્યો જાય છે. ભલે ને દેહ અહીં પડ્યો રહે; બાળવાની હજી વાર પણ હોય. ૨ કલાકે કે ૧૨ કલાકે

કે પછી ભલે ને કદાચ ૨ દિવસે પણ બાળવામાં આવે. કોઈ બાળે છે અને કોઈ દાટે છે (દફનાવે છે). પરન્તુ દેહને છોડી દીધા પછી આત્માને દેહની ચિંતા નથી.

'જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ'—આ ચક્ર તો ચાલ્યા જ કરે છે. જીવ પોતાના જન્મસ્થાન તરફ ચાલ્યો જાય છે. પરંતુ મૃત્યુ પછી જન્મ નથી પામ્યો તે વચ્ચેના સમયમાં જીવને ગતિ કરાવનાર, જન્મસ્થાન સુધી લઈ જનાર કર્મ તે "આનુપૂર્વી નામકર્મ" કહેવાય છે. ૨-૩-૪-૫-૬ સમય વધુમાં વધુ પોતાના ઉત્પત્તિસ્થાન તરફ જતાં લાગે છે. એક જ સમયમાં ઋજુગતિએ આત્મા મોક્ષ પામી જાય છે. ત્યાં કર્મ નથી હોતા.

અંતર્ગતિમાં રહેલા અને જન્મરહિત આત્માને ઉત્પત્તિસ્થાન પ્રાપ્ત કરવા માટે 'આનુપૂર્વી નામકર્મ' કામે આવે છે. તે પણ ગતિ પ્રમાણે ચાર છે. દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, નરકાનુપૂર્વી અને તિર્યંચઆનુપૂર્વી નામકર્મ. તે તે ગતિમાં જવાવાળા જીવને તે તે અનુપૂર્વી નામકર્મ હોય.

**વિહાયોગતિ નામકર્મ**—ત્રસ જીવોમાં સર્વેને ચાલ હોય છે. ચાલનારાની ચાલ જોવાય છે. કેટલાકની ચાલ જોતાં જ મનોહર લાગે છે. સુંદર રમણીય હોય છે તેને શુભ ચાલ કહીએ છીએ. દા. ત. હંસ અને હાથી વગેરેની ચાલ તે શુભ ગણાય છે. અને અશુભ ચાલ જે જોવી પણ ન ગમે. દા. ત. ઊંટ, શિયાળ, ગધેડા વગેરેની ચાલ જોવી પણ ન ગમે તેવી હોય છે. આ દૃષ્ટિએ વિહાયોગતિ નામકર્મ શુભ-અશુભ એમ બે પ્રકારે હોય છે. ગજગામિની આદિ નામોથી સારી ચાલવાળાને ઉપમા આપવામાં આવે છે.

એવા પ્રકારની શુભ-અશુભ ચાલ( ગતિ )નું નિયામક વિહાયોગતિ નામકર્મ હોય છે. જેવું કર્મ જીવે બાંધ્યું હોય તેવી (ગતિ) ચાલ પ્રાપ્ત થાય છે.

૧૪ પિંડપ્રકૃતિઓનો વિભાગ પૂરો થયો. પિંડીભૂત થઈને કાર્ય કરતી હતી તેથી પિંડ પ્રકૃતિ. આ ૧૪ પિંડ પ્રકૃતિના અવાન્તર ભેદ બંધન પાંચ ગણતાં ૬૫ થાય છે. અને બંધન ૧૫ ગણવામાં આવે તો ૭૫ થાય છે.

## ૮ પ્રત્યેક પ્રકૃતિઓ—

જે પ્રત્યેક-સ્વતંત્ર એક એક કામ કરે છે તે પ્રત્યેક પ્રકૃતિઓ કહેવાય છે. આ પ્રકૃતિઓ ૮ છે.

૮ પ્રત્યેક પ્રકૃતિઓ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| પરાઘાત | ઉચ્છવાસ | આતમ | ઉદ્યોત | અગુરુલઘુ | તીર્થંકર | નિર્માણ | ઉપઘાત |

**परघाउस्सास आयवुज्जोयं**
**अगुरुलहुतित्थनिमिणो-वघायमिअ अट्ठ पत्तेआ ॥**

## પરાઘાત નામકર્મ—

“**परं प्रति त्रासप्रतिघातादिजनकत्वम्**”—બીજાને ત્રાસ પમાડવામાં અને પ્રતિઘાત કરવામાં કારણભૂત કર્મને પરાઘાત નામકર્મ કહેવામાં આવે છે. ઘણી વખત જોવા માત્રથી, બોલવા માત્રથી પણ બીજા ક્ષોભ પામી જાય અથવા ભયગ્રસ્ત બની જાય તે આ પરાઘાત નામકર્મ કહેવાય છે.

બે કુશ્તીબાજોની કુશ્તીનો પ્રસંગ ગોઠવાયો. ખૂબ હિંમતથી તૈયારી કરીને બન્ને એકબીજા સામસામે લડવા મેદાને ઊતર્યા. પરંતુ એકનું તેજસ્વી મુખ અને પ્રૌઢ ભરાવદાર અને પ્રતિભા જોઈને જ બીજો તો ડઘાઈ ગયો, હિમ્મત હારી ગયો, લડવા તૈયાર ન થયો.

## એક દસને ભારે પડ્યો—

ભારત-ચીન યુદ્ધની વાત છે. હિમાલયના સીમાપ્રાન્તે ભારે

લડાઈ ચાલી રહી હતી. એક ભારતીય સૈનિક ચીની સૈનિકોના હાથમાં ઘેરાઈ ગયો. ૧૦ ચીની સૈનિકોએ એક ભારતીયને ચારે તરફથી ઘેરી લીધો અને પકડવા અથવા મારવાનો નિર્ણય કર્યો. પરન્તુ દશથી ક્ષોભ ન પામતાં પેલો યુક્તિ લડાવતો રહ્યો. અન્તે એ વીજળીની ઝડપે નીચે નમી એકના પગ વચ્ચેથી નીકળી ગયો અને એની બંદુક ખેંચીને દશે ય સૈનિકોને પોતાનો પરચો બતાવ્યો.

## શ્વાસોચ્છવાસ નામકર્મ—

જીવન જીવવા માટે શ્વાસોચ્છવાસ તો લેવો પડે છે. ન લે તો મૃત્યુને શરણે થાય છે. માટે પર્યાપ્તિમાં એની ગણના કરી. પરન્તુ શ્વાસ લેવા-મૂકવાની પ્રક્રિયા કરનાર શ્વસનતંત્ર જે નામકર્મ પ્રમાણે કાર્ય કરે છે તે છે શ્વાસોચ્છવાસ નામકર્મ. અર્થાત્ પ્રાણ, અપાન, ઉચ્છવાસ, નિઃશ્વાસ-યોગ્ય એવા પુદ્ગલોને ગ્રહણ કરનારી શક્તિનું કારણ "તે શ્વાસોચ્છવાસ નામકર્મ" અર્થાત્ આ કર્મ શ્વાસ લેવા-મૂકવાનું નિયામક છે. આ કર્મના ઉદયથી જીવને શ્વાસોચ્છવાસ લબ્ધિ પ્રાપ્ત થાય છે. જેના વડે જીવ શ્વાસ લેવા-મૂકવાની ક્રિયા કરી શકે છે.

દરેક જીવને આ કર્મ ઉદયમાં હોય છે અને એથી જ જીવો આયુષ્યકાળપર્યન્ત શ્વાસોશ્વાસ લે-મૂકે છે. ઝાડ દિવસે Oxygen લે છે અને તે Carbondy-Oxyied છોડે છે એટલે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો માટે શ્વાસ લેવો એ તો જીવાદોરી સમાન આવશ્યક છે, એના ઉપર જ જીવન છે. પરન્તુ આ ક્રિયાઓ પણ કર્માધીન છે.

હોસ્પિટલમાં મરણપથારીએ છેલ્લી ઘડી સુધી દર્દીને Oxygen ઉપર રાખ્યા હોય-Oxygen સતત ચાલુ હોય છતાં પણ માણસ મૃત્યુ તો પામે છે, કર્માધીન અવસ્થા છે માટે જ. આ જ દિવસ સુધી એવો એક પણ કિસ્સો નોંધાયો નથી કે Oxygen સતત

આપવાથી કોઈ મૃત્યુ પામ્યો જ નથી અને કાયમ માટે જીવતો જ રહ્યો હોય-અમર બન્યો હોય...એ સંભવ જ નથી.

**આતપ નામકર્મ—**

આ એક વિશિષ્ટ નામકર્મ છે. સામાન્યપણે બધાને પ્રાપ્ત થતું નથી. પરંતુ જૈન કર્મશાસ્ત્રના કહેવા પ્રમાણે ઉપર આકાશમાં દેખાતા સૂર્યના વિમાનમાં બાદર પૃથ્વીકાયના જીવો હોય છે. તેમને આ નામકર્મનો ઉદય હોય છે. આ કર્મના ઉદયવાળા તે જીવો સ્વયં અનુષ્ણ એટલે ઠંડા-શીત, અને ઉષ્ણ પ્રકાશ કરનારા.

એ એમનો સ્વભાવ જ છે. આ કર્મનું આશ્ચર્ય તો એ છે કે જીવો સ્વયં અનુષ્ણ-શીત છે, પરન્તુ તેમના શરીરમાંથી નીકળતો પ્રકાશ ઉષ્ણ છે. જેને આપણે તાપ-તડકો કહીએ છીએ તે. આ જ "આતપ" નું "તાપ" બન્યું છે અને જેના થકી આપણને તાપ-તડકાનો અનુભવ થાય છે. આ જૈનશાસ્ત્રની માન્યતા છે.

વિજ્ઞાનની માન્યતા તો આવી હોય જ નહીં. વિજ્ઞાનના માનવા પ્રમાણે સૂર્ય ઉપર Hydrogen નું પ્રમાણ ઘણું છે અને જેના કારણે સૂર્ય ઉપર ગરમી ખૂબ છે, અને તેથી તેનો પ્રકાશ ઉષ્ણ છે. પણ વિજ્ઞાને આજે એ પણ જાહેર કર્યું છે કે સૂર્ય ઉપર Hydrogen નું પ્રમાણ ઘટી રહ્યું છે અને કદાચ બે હજાર વર્ષ પછી સૂર્ય આટલો ગરમ નહીં હોય, ઠંડો થતો જશે. અથવા જો Hydrogen નું પ્રમાણ વધશે તો તાપ-ગરમી વધતી જશે. જે બને તે...પરંતુ માન્યતા કંઈક આવી જ છે.

અગ્નિ પોતે પણ ઉષ્ણ છે અને તેનો પ્રકાશ પણ ઉષ્ણ છે. તો શું અગ્નિકાય જીવોને પણ આ આતપ નામકર્મનો ઉદય માન્યો છે ખરો? ના, અગ્નિકાય જીવોને આ આતપ નામકર્મનો ઉદય નથી હોતો. અગ્નિ તો સ્વયં ગરમ અને પ્રકાશ પણ ગરમ. જ્યારે આતપ નામકર્મના કારણે સૂર્યમંડળના બાદર પૃથ્વીકાયના

જીવો સ્વયં ઠંડા અને તેમના શરીરમાંથી નીકળતો પ્રકાશ ગરમ (ઉષ્ણ) હોય છે અને કર્મગ્રન્થકાર સ્પષ્ટ ખુલાસો કરે છે કે–આ આતપનામકર્મ સૂર્યમંડળના પૃથ્વીકાયના જીવો સિવાય બીજા કોઈને પણ હોતું નથી.

જેનો પુરાવો કર્મગ્રન્થકાર મહર્ષિ આપતા જણાવે છે કે—

**रविबिंबे उ जिअंग, तावजुअं आयवा उ न उ जलणे ।**
**जमुसिणफासस्स तहिं, लोहिअवण्णस्स उदउत्ति ॥**

**ઉદ્યોત નામકર્મ—**

**अणुसिणपयासरूवं, जिअंगमुज्जोअए इहुज्जोआ ।**
**जइदेवुत्तरविक्किअ – जोइसखज्जोअमाइव्व ॥**

ઉપર આકાશમાં દેખાતું જ્યોતિષ્ક મંડળ, જેમાં ચંદ્ર–તારા આદિના વિમાનો છે તે જ્યોતિષ્ક વિમાનના ચંદ્ર–તારાદિમાં બાદર પૃથ્વીકાયિક જીવોને આ "ઉદ્યોતનામકર્મ"નો ઉદય હોય છે. આ કર્મના ઉદયે એ જીવો સ્વયં શીત–ઠંડા અને તેમનો પ્રકાશ પણ ઠંડો હોય છે. તે જીવોનું શરીર ઠંડો પ્રકાશ પાથરે છે. તે જ પ્રમાણે શ્લોકમાં જણાવ્યા પ્રમાણે યતિ એટલે સાધુ અને દેવતાઓનું ઉત્તરવૈક્રિય શરીર પણ ઉદ્યોતનામકર્મવાળું હોય છે. તેમ જ ખદ્યોત એટલે એટલે ખજૂઓ એટલે આગિયો જે ચઉરિન્દ્રિય પ્રાણી છે તેને પણ આ નામકર્મનો ઉદય હોય છે. આગિયાના શરીરમાંથી પણ પ્રકાશ નીકળે છે, પ્રકાશના ઝબકારા થાય છે, એમાં એની શરીરરચનાવિશેષની જ વિશિષ્ટતા છે અને તે આ કર્મને આભારી છે.

જૈનશાસનમાં આવી વાતો કેવલજ્ઞાનીપ્રણીત છે. આ વિષય સામાન્ય માનવીનો નથી. સામાન્ય માનવી એવા આપણી પાસે તો માત્ર ઇન્દ્રિયની જ શક્તિ છે. ઇન્દ્રિય–પ્રત્યક્ષ જ કરી શકીએ છીએ. જ્યારે કેવલજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા અનંત જ્ઞાનથી જુએ

છે. તેમના અનંત જ્ઞાનની બહાર જગતનો કોઈ પણ પદાર્થ નથી. અને તેઓ વીતરાગી હોવાથી મૃષાવાદનું કોઈ કારણ જ નથી રહેતું. આગમશાસ્ત્રની આ વાતો શ્રદ્ધાગમ્ય છે.

## અગુરુલઘુ નામકર્મ—

સંસારમાં સર્વજીવો શરીર ધારણ કરીને જ રહેલા છે. સર્વેને શરીર છે. અને વજન–હલકાપણું કે ભારેપણું તો શરીરનું જ હોય છે. આત્માનું કોઈ વજન નથી. આત્મા નથી તો હલકો કે નથી ભારે.

આપણે એક બાલદી ભરીને પાણી પણ ઉપાડીએ છીએ તો એ પણ કેટલું વજનદાર હોય છે. જમીનની માટી કે ધૂળનું પણ વજન તો હોય જ છે. વજન–હલકા–ભારેપણું પુદ્‌ગલનો ગુણ છે. અને શરીર પુદ્‌ગલનું જ બનેલું છે માટે શરીરનું વજન હોય છે. દેખાતું પાણી પણ અસંખ્ય અપ્‌કાય જીવોનું શરીર છે. એટલે પાણીનું વજન હોય છે.

વજન બે પ્રકારનું છે. ગુરુ એટલે ભારે, અને લઘુ એટલે હલકું. શરીરનું વજન પણ જીવોને જે કર્મના કારણે મળે છે, તે છે "અગુરુલઘુ નામકર્મ." ગુરુ–લઘુ એટલે ભારે–હલકું. અને અગુરુલઘુ એટલે જે શરીર વધારે ભારે પણ ન હોય અને અત્યન્ત લઘુ એટલે હલકું પણ ન હોય અર્થાત્–સમ શરીર હોય તે અગુરુલઘુ નામકર્મના ઉદયે પ્રાપ્ત થાય છે.

## વિશ્વના ધર્મો અને ભગવાન—

વિશ્વમાં અનેક ધર્મો છે. તેમાંના મુખ્ય ધર્મોમાં-જૈન ધર્મ, ક્રિશ્ચિયન ધર્મ, ઇસ્લામ ધર્મ, હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, શીખ ધર્મ, ઝોરાષ્ટ્રીયન ધર્મ, બાહાઈ ધર્મ, ઝેન ધર્મ આદિ વિશ્વના પ્રમુખ ધર્મો છે. દરેક ધર્મના પ્રવર્તક ભિન્ન ભિન્ન ભગવાનો છે. તેમાં–

* ક્રિશ્ચિયન ધર્મ તેમના ધર્મ પ્રવર્તક તરીકે "ઈસામસીસ" ને માને છે.
* ઇસ્લામ ધર્મના પ્રવર્તક તરીકે "મહમ્મદ પેગમ્બર" ને માનવામાં આવે છે.
* ભગવાન બુદ્ધ બૌદ્ધ ધર્મના પ્રવર્તક માનવામાં આવે છે.
* ગુરુનાનકને શીખો પોતાના પ્રથમ ગુરુ માને છે.
* હિન્દુ ધર્મમાં વિષ્ણુને વૈષ્ણવ સંપ્રદાયવાળા માને છે. અને શંકરને શૈવમતાનુયાયી માને છે.
* પરન્તુ બધા ધર્મોની જેમ જૈનધર્મની વ્યવસ્થા નથી. એવા કોઈ નામના ભગવાન નથી કે જેમના નામે જૈન ધર્મ ચાલ્યો હોય. મહાવીરના નામનો ધર્મ અને પાર્શ્વનાથના નામનો ધર્મ જુદો નથી. અને તેમના નામે ધર્મ ઓળખાતો પણ નથી. એટલા માટે જૈન ધર્મને વ્યક્તિપરક ધર્મ ન કહેતાં ગુણપરક ધર્મ કહેવામાં આવે છે.

શ્રી નવકાર મહામંત્રમાં—"નમો મહાવીરાણં" કે "નમો આદીસરાણં" એવા પદો નથી વાપરવામાં આવ્યાં. પરન્તુ "નમો અરિહંતાણં" પદ મૂકવામાં આવ્યું છે. 'અરિહંત' નામના કોઈ ભગવાન થયા નથી. "અરિહંત" એ કોઈ ભગવાનનું નામ નથી. "પરન્તુ ગુણ અવસ્થા છે. મહાવીર પણ અંતે અરિહંત બન્યા. ત્યારે ભગવાન તરીકે પુજાયા.

**અવતારવાદ—**

દરેક ધર્મોમાં "અવતારવાદ" Incarnetion પદ્ધતિ માનવામાં આવી છે. "અવતારવાદ" એટલે તે જ ભગવાન ફરી ફરી જન્મ ધારણ કરે છે, સંસારમાં આવે છે, એવી માન્યતા ઇતર ધર્મોની છે.

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥**

—ગીતાના છઠ્ઠા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતા કહે છે, હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થશે, અધર્મ વધી જશે ત્યારે હું જન્મ લઈશ. સાધુઓના રક્ષણ માટે દુષ્ટોના દમન માટે અને ધર્મસ્થાપના કરવા માટે હું ફરી ફરી, દરેક યુગમાં જન્મ (અવતાર) લઈશ.

આ પ્રમાણે અવતારવાદ માનવામાં આવ્યો છે. ઈશ્વર એક જ હોય છે. અને તે ફરી ફરી જન્મ લે તે "અવતારવાદ". હિન્દુધર્મમાં મુખ્ય ઈશ્વર–બ્રહ્માને માનવામાં આવ્યા છે. અને તે જ બ્રહ્મા ફરી ફરી અવતાર લે છે. એવા ૨૪ અવતાર માનવામાં આવ્યા છે. તેમાં પ્રથમ અવતાર "આદિનાથ"—આદીશ્વરને માનવામાં આવ્યા છે. અને વરાહાવતાર, મત્સ્યાવતાર, કચ્છાવતાર પણ માનવામાં આવ્યા છે. એવો જ એક અવતાર દત્તાત્રેયનો પણ માન્યો છે. અને રામચંદ્રજી, શ્રીકૃષ્ણ તેમ જ શંકર વગેરેના અવતારો માન્યા છે. પરંતુ મૂળ ઈશ્વર તો એક જ.

એ જ પ્રમાણે ઇસ્લામ ધર્મમાં, ક્રિશ્ચિયન ધર્મમાં પણ અવતારવાદ માનવામાં આવ્યો છે.

**જૈનધર્મ અવતારવાદી ધર્મ નથી. તેમાં અવતારવાદી પ્રક્રિયા નથી. જૈનધર્મ ઈશ્વરકર્તૃત્વવાદી ધર્મ નથી. 'ઈશ્વર જ સુખ–દુઃખનો કર્તા છે અને ઈશ્વર જ સૃષ્ટિનો કર્તા છે'— એવી માન્યતા જૈન ધર્મની નથી. કર્મકર્તૃત્વવાદી જૈનધર્મ છે. કર્મસત્તા જીવને આધીન છે. કર્યાં કર્મ પ્રમાણે જીવ સુખ–દુઃખ પામે છે.**

## કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે—

આ સંસાર અનન્ત આત્માઓથી ભરેલો છે. વિવિધ દર્શનોમાં કોઈ "એકાત્મવાદી" છે અને કોઈ "અનેકાત્મવાદી" છે. જૈનધર્મ "અનન્તાત્મવાદી" છે.

પામર આત્મા અને પરમ આત્મા.

પામર હોય કે પરમ પરન્તુ આત્મતત્ત્વ તો સમાન જ છે. પામરપણું નીકળી જાય એટલે પરમપણું આવી જાય-પ્રગટ થાય. જેમ વાદળાંથી ઢંકાયેલો સૂર્ય અને વાદળાનું આવરણ ખસી જતાં દેખાતો સ્વચ્છ સ્પષ્ટ સૂર્ય. બન્નેમાં સૂર્ય તો જે છે તે જ છે. સૂર્યમાં ફરક નથી. સૂર્ય નથી બદલાયો, અવસ્થા બદલાઈ છે.

એ જ પ્રમાણે આત્મદૃષ્ટિએ-સર્વ આત્મા સમાન ગુણવાળા છે-સાદૃશ્ય ગુણનિમિત્તક છે. કોઈ વસ્તુને સાદૃશ્યની ઉપમા આપવામાં આવે તો એનો અર્થ એવો નથી કે તે વસ્તુ જ તે છે. ના, તે વસ્તુ તે જ છે એમ ન કહેતાં 'તે વસ્તુ તેના જેવી છે' એ વાક્ય તદ્દન સત્ય છે. દા. ત. "આનું મોઢું તો ચન્દ્ર જેવું ગોળ છે." એટલે આનો અર્થ એ નથી કે એનું મોઢું ચન્દ્ર જ છે. ના, સાદૃશ્ય ગોળાઈની એકદેશીય લેવામાં આવી છે અને તેનો વ્યવહાર કર્યો છે.

એટલે પરમાત્મા અને પામર આત્મા બન્ને આત્મદૃષ્ટિએ સમાન છે. ફરક માત્ર એટલો જ કે એક કર્માચ્છાદિત છે અને બીજો કર્મરહિત છે. તો કર્માચ્છાદિત જ કર્મરહિત બનવાનો, અપૂર્ણ જ પૂર્ણ બનવાનો, પામર જ પરમ બનવાનો. માટે જૈનધર્મ કહે છે કે—

"Each and every soul have a right to become a God....દરેક ભવ્યાત્મામાં પરમાત્મા થવાની મૂળભૂત બીજશક્તિ તો પડી જ છે.

જેમ પ્રકાશ, પાણી, માટી આદિનો યોગ મળતાં બીજ ઊગે છે. તે જ પ્રમાણે આત્મામાં પડેલી શક્તિને પણ એવા જ યોગો મળતાં તે ખીલે છે અને આત્મા એક દિવસ પૂર્ણ સ્વરૂપે પ્રગટ થાય છે, પામર પરમ બની જાય છે, અપૂર્ણ પૂર્ણ બની જાય છે. પૂર્ણાનન્દ, સચ્ચિદાનન્દ, આનન્દઘન, નિરંજન-નિરાકાર, અવિનાશી, અક્ષયસ્થિતિનો માલિક બની જાય છે.

## તીર્થંકર બનવાની પ્રક્રિયા—

કારણસંયોગે કાર્ય નિર્માણ થાય છે જગતમાં કોઈ ધર્મમાં ઈશ્વર-ભગવાન બનવાની પ્રક્રિયા–પદ્ધતિ બતાવવામાં આવી નથી. કારણ કે અવતારવાદ છે, અને બીજા ભગવાન બની શકતા જ નથી; માટે પ્રક્રિયા બતાવી જ નથી. એકમાત્ર જૈનધર્મે અરિહંત પરમાત્મા-ભગવાન તીર્થંકર બનવાની પ્રક્રિયા–પદ્ધતિ બતાવી છે.

તે માટે ગુણસ્થાનક ક્રમારોહની પ્રક્રિયા સમજવી પડે.

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા ।
વીશસ્થાનક વિધિએ તપ કરી, ઐસી ભાવદયા દિલમાં ધરી ॥

જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરું શાસનરસી ।
શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતા ॥

મિથ્યાત્વનો નાશ કરી આત્મા ચોથા ગુણસ્થાનકે ચઢી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. શુદ્ધ શ્રદ્ધાવાન બને. પછી ક્રમે આગળ વધતા ચારિત્રધર્મ અંગીકાર કરી સાધુ બને. અને વીશસ્થાનક પદની વિધિપૂર્વક આરાધના કરે છે. અને અદ્‌ભુત તપશ્ચર્યા કરે છે. સાથે સાથે જગતના કલ્યાણની એવી ભાવદયાની ભાવના ભાવે છે–'આ જગત આખું દુઃખમય છે. આટલા જીવો દુઃખમાં રોળાય છે. હું સર્વ જીવોને જિનશાસનના રાગી બનાવું, ધર્મી બનાવું, પાપ કરતાં બચાવું. સર્વ જીવોને કલ્યાણનો માર્ગ બતાવું.'

આવી પવિત્ર પરમાર્થની સર્વ કલ્યાણની ભાવના ભાવતા ભાવતા આત્મા તીર્થંકર નામકર્મ બાંધે છે. અને ત્રીજા ભવે નિશ્ચયે તીર્થંકર બને છે.

આજે આપણે આપણી ભાવનાનો વિચાર કરીએ. શું આપણને પણ સર્વ કલ્યાણની ભાવના આવે છે કે પછી–

"સ્વમંગલમાંગલ્યં, સ્વકલ્યાણકારણમ્"નો વિચાર આવે છે? સ્વ = મારું મંગલ થજો. સ્વ = મારું કલ્યાણ થજો.

નહીં, આ સ્વાર્થવૃત્તિ છે. આ સ્વાર્થવૃત્તિની ભાવનાથી પરમાત્મા ક્યારેય પણ નથી બનાતું. તે માટે સ્વાર્થવૃત્તિ તજી નિઃસ્વાર્થ બનવું પડશે, અને નિસ્વાર્થ જ નહીં પરમાર્થી બનવું પડશે તો પરમાત્મા બની શકાશે. માટે 'સ્વ'ના બદલે સર્વના કલ્યાણની ભાવના ભાવવાનું કહ્યું છે.

**" सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् "**

'સર્વનું મંગલ અને સર્વનું કલ્યાણ થાઓ'–એવી ભાવના રાખવી જ પડશે. તો જ તીર્થંકર બની શકાશે.

પરન્તુ આપણી મનોવૃત્તિ બહુ જ હલકી છે. દેરાણી–જેઠાણીના જેવી ઈર્ષ્યા–દૃષ્ટિથી ભરેલી છે.

દેરાણીએ ઇષ્ટદેવની સાધના કરી માંગણી કરી કે 'હે દેવ! તમે જેઠાણીને જે આપો એના કરતાં મને ડબલ (બમણું) આપજો.' 'સારું' કહી દેવ અદૃશ્ય થયો. જેઠાણીને ખબર પડી. યુક્તિ સાધી. અરે! મારા કરતાં દેરાણી વધુ સુખી–સમ્પન્ન બને કેમ?

'હે દેવ! આજે મારી માંગણી એવી છે કે મારી એક આંખ ફોડી નાખ.' એટલે મનમાં તો હતું જ કે મારી તો એક જ આંખ જશે, પણ દેરાણીની તો બન્ને જશેને? મારી એક જાય એનું મને દુઃખ નથી, પરન્તુ દેરાણીની બે આંખો જાય એમાં હું રાજી છું. એમ જ થયું. હાય! આ કેવી ઈર્ષ્યા–દ્વેષની

મનોવૃત્તિ. હવે જ્યાં આવી હલકી મનોવૃત્તિ હોય ત્યાં ક્યાંથી ઉચ્ચભાવના આવે? મારા પાડોસી કરતાં પણ મને પહેલાં મળો એવી મારી ભાવના છે. પરન્તુ તીર્થંકર નામકર્મ એમ ને એમ એવી ભાવનામાં નથી બંધાતું.

## તીર્થંકર નામકર્મ—

"तित्थेण तिहुअणस्स वि, पुज्जो से उदओ केवलिणो"

સવિજીવના કલ્યાણની ભાવનાથી પૂર્વના ત્રીજા ભવે નિકાચિત કરેલ તીર્થંકર નામકર્મના ઉદયે તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે, આત્મા તીર્થંકર બને છે. પરન્તુ આ તીર્થંકર નામકર્મનો રસોદય તો કેવલજ્ઞાન પામ્યા પછી જ થાય છે. કેવલજ્ઞાન પામ્યા પછી દેવતાઓ આવે છે. સમવસરણની ત્રણ ગઢની રચના થાય છે. પ્રભુ દેશના આપે છે. દેશના નિષ્ફલ જતી નથી. ત્રણે ભુવન-લોકના દેવી-દેવતાઓ, મનુષ્યો, નર-નારીઓ, તિર્યંચ પશુ-પક્ષીઓ, દેવ-દાનવ-નરેન્દ્ર-ઇન્દ્રાદિ સર્વ માને છે, પૂજે છે. આ બધું તીર્થંકર નામકર્મની પુણ્યાઇથી પ્રાપ્ત થાય છે.

શ્રેણિક જેવા મહારાજાએ, સુલસા જેવી પરમ શ્રાવિકાએ અને રાવણ જેવા વિદ્યાધરે પણ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે. અને આવતે ભવે તીર્થંકર બનશે.

* મહારાજા શ્રેણિક આવતી ચોવીશીમાં પદ્મનાભસ્વામી નામે પ્રથમ તીર્થંકર બનશે
* રાવણ જેવો આત્મા મહાવિદેહમાં તીર્થંકર બની મોક્ષે જશે.
* મહારાજા શ્રીકૃષ્ણ વાસુદેવ પણ આવતી ચોવીશીમાં શ્રીઅમમ-સ્વામી નામે તીર્થંકર બનશે.
* સુલસા, રેવતિ જેવી શ્રાવિકાઓ, કાકા સુપાર્શ્વ, ઉદાયિ જેવા રાજાઓ વગેરે પણ તીર્થંકર બની મોક્ષે જશે.

## રાવણ-મંદોદરીની જિનભક્તિ—

યદ્યપિ રાવણને ખરાબ ચિતરવામાં આવ્યો છે. તે ખરાબ હતો, એમ ઈતિહાસકારો લખે છે

જરૂર ખરાબ ! પણ ખરાબ કોણ? વ્યક્તિ કે વ્યક્તિની દૃષ્ટિ? વ્યક્તિ ક્યારેય પણ ખરાબ નથી હોતી. અને જન્મજાત બધા જ કંઈ સારા પણ નથી હોતા. સારી કે ખરાબ તો માનવની દૃષ્ટિ કે વૃત્તિ હોય છે ભલે રાવણ સીતાને અશોકવાટિકામાં લઈ આવ્યો છે. તીવ્ર કામેચ્છા, ભોગેચ્છાને કારણે આતુર બન્યો છે, પરન્તુ પરાણે બળાત્કાર નહીં! ખરાબ હોવા છતાં રાવણે સીતાની ઇચ્છાવિરુદ્ધ પરાણે બળાત્કાર કર્યો પણ નથી.

એ જ રાવણ સ્વપત્ની મંદોદરી સાથે પરમાત્માની સ્તુતિ કરવા નીકળ્યો. અષ્ટાપદ પર્વતે રાવણ મંદોદરી પત્ની સાથે નૃત્ય-ભક્તિમાં જોડાયો રાવણ વીણા વગાડે છે, જ્યારે મંદોદરી પ્રભુ આગળ નાચે છે.

નૃત્યભક્તિમાં એકાગ્રતા, તલ્લીનતા, તન્મયતા, તદાકારતા સર્જાવા માંડી. ભક્તિમાં રાવણ તરબોળ બની ગયો હતો. મંદોદરી પણ નૃત્યભક્તિમાં બધું જ ભાન-મોહ ભૂલી જઈને એક માત્ર પરમાત્માની ભક્તિમાં લીન બની-એકરસ બનીને ભક્તિ કરવા લાગ્યા. ત્યાં તો આશ્ચર્ય, રાવણના હાથમાંની વીણાનો તાર તૂટી ગયો. તાર તૂટતાં જ રાવણે વિચાર કર્યો,-હવે શું કરીશું? મંદોદરીના શ્રેષ્ઠ નૃત્યની ભક્તિમાં ખલેલ તો ન જ પહોંચવી જોઈએ. તુરંત નિર્ણય લીધો અને રાવણે પગમાંથી નસ ખેંચી કાઢીને વીણામાં સાથે જોડી દીધી, ભક્તિ અખંડ રહી. સુંદરભાવોની વૃદ્ધિ થવા લાગી. અને પરમાત્માની આવી અદ્ભુત ભક્તિ વડે રાજન રાવણે તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું. અને રાવણનો જીવ પણ તીર્થંકરપદ પામી મહાવિદેહે મોક્ષ પામશે.

## મહાસતી સુલસા શ્રાવિકા—

નાગસારથિની ધર્મપત્ની સુલસા શ્રાવિકા કેવી ધર્મિષ્ઠ અને અડગ શ્રદ્ધાલુ શ્રાવિકા ! પરમાત્મા મહાવીરની પરમ ભક્ત અને સિદ્ધાંતમાં દૃઢ વિશ્વાસુ. પતિ–પત્નીના વર્ષોના દામ્પત્ય જીવનના ફળસ્વરૂપે સંતાન–પ્રાપ્તિના મનોરથો પૂર્ણ ન થયા. તેથી નાગસારથિ પતિનું મન ચિંતાગ્રસ્ત દુઃખી રહેતું હતું. પતિ—'અરે સુલસા ! તું કંઈ એવું કર. દેવ–દેવીઓની માનતા રાખ, આખડી માન, જંતર–મંતર કંઈક કર કે જેથી સંતાનની ઇચ્છા પૂરી થાય' પત્ની—'સ્વામીનાથ ! મારાથી આપના મનોરથો પૂર્ણ ન થતા હોય તો આપ બીજી પત્ની કરીને પણ આપના મનોરથો પૂર્ણ કરી શકો છે. પરંતુ હું તો વીતરાગ પરમાત્મા સિવાય અન્ય રાગી–દ્વેષી દેવદેવીઓને માનવાની નથી. કોઈ પણ સંજોગોમાં હું એ મિથ્યા માર્ગે જવાની નથી. જે છે તે વીતરાગનો જ માર્ગ સાચો છે. ધર્મ પણ વીતરાગનો અને પરમાત્મા પણ વીતરાગી ! બસ, હું તો મારા ધર્મમાં જ વધુ આરાધના કરીશ...' એમ કહી સુલસા આયંબિલની તપશ્ચર્યા તેમ જ શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિ વધુ ને વધુ કરવા લાગી. પ્રભુભક્તિથી પ્રસન્ન થઈ કોઈ દેવે પ્રગટ થઈ દૈવી ગુટિકા આપી. અને તેના સેવનથી સુલસાએ ૩૨ પુત્રો પ્રાપ્ત કર્યા.

વર્ષોથી ઇચ્છા પૂરી નહોતી થતી. તે જિનભક્તિથી ફળી. પરન્તુ આશ્ચર્યની વાત છે કે શ્રેણિક અને ચેડા મહારાજાના યુદ્ધમાં આ બત્રીસે પુત્રો મૃત્યુ પામ્યા. અને આ સમાચાર શ્રેણિકના મુખે જ સુલસાને મળ્યા.

જરૂર, આપણા જેવાને ૧ પુત્રના મૃત્યુના સમાચારથી પણ પારાવાર આઘાત લાગે. પરન્તુ સુલસા તો આ સમાચાર સાંભળીને પણ એટલી જ સ્તબ્ધ અને શાન્ત હતી. એ પરમાત્માની ભક્તિમાં એટલી દૃઢ રહી. જે ભાવિ–ભાવ બનવાનું હતું તે બન્યું.

અડગ ધર્મશ્રદ્ધામાં સ્થિર રહેલી સુલસાની પરીક્ષા તો અંબડ પરિવ્રાજકે પણ ખૂબ કરી છતાં પણ સુલસા ચલિત ન થઈ. આ જ સુલસા શ્રાવિકાએ દૃઢશ્રદ્ધાના બળે સર્વ જીવરાશિના કલ્યાણની ભાવનાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. અને આવતી ચોવીશીમાં તે તીર્થંકર બનવાની.

પરમાત્મા મહાવીરના કાળમાં એવા તો નવ પુણ્યાત્માઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે, જે આગામી ચોવીશીમાં તીર્થંકર બનશે.

* મહારાજા શ્રેણિકે પણ સમ્યક્શ્રદ્ધાના બળે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે. તેઓ પણ આગામી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી "પદ્મનાભસ્વામી" તરીકે થશે.
* મહારાજા શ્રીકૃષ્ણે પણ તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું છે. અને આવતી ચોવીશીમાં તેઓ બારમા 'અમમસ્વામી' તીર્થંકર થઈને મોક્ષે જશે.
* ધન સાર્થવાહના ભવમાં બોધિબીજ પામી, અગ્યારમા ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરી તેરમા ભવે શ્રી 'ઋષભદેવ' ભગવાન થયા.
* મરુભૂતિના ભવમાં બોધિબીજ પામી, આઠમા ચક્રવર્તીના ભવમાં તીર્થંકર નામકર્મ બાંધી દશમા ભવે તો 'પાર્શ્વનાથ' ભગવાન બન્યા.

**૧૮૦૬૪૫ માસક્ષમણ—**

પરમાત્મા મહાવીર પ્રભુ નયસારના પ્રથમભવે જંગલમાં મુનિમહાત્માને પડિલાભી બોધિબીજ પામ્યા. અને ક્રમશઃ વિકાસની દિશા સાધી. પચ્ચીસમો ભવ નંદન રાજર્ષિ તરીકે થયો. ૨૫ લાખ વર્ષનું આયુષ્ય અને તેમાં પણ ૨૪ લાખ વર્ષ તો સંસારમાં ચાલ્યાં ગયાં. શેષ ૧ લાખ વર્ષ રહેતા દીક્ષા અંગીકાર કરી માસક્ષમણના પારણે માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા

આદરી. વીશસ્થાનક પદની આરાધના શરૂ થઈ અને ૧ લાખ વર્ષના શેષ આયુષ્યમાં ૧૮૦૬૪૫ માસક્ષમણ કર્યાં. અને સર્વ જીવોના કલ્યાણની ભાવનાથી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું અને સત્તાવીશમા ભવે ભગવાન મહાવીર બન્યા.

## નિર્માણ નામકર્મ—

શરીરરચના કરતી વખતે કયા અંગને કયાં ગોઠવવું વગેરે વિભાગ નિર્માણ કર્મનું છે. આ કર્મ સૂત્રધાર જેવું કામ કરે છે. અને દરેક અંગોને વ્યવસ્થિત રીતે પોતપોતાના સ્થાને ગોઠવે છે. જેમ સુથાર મહેલમાં યોગ્યસ્થાને દ્વારાદિ ગોઠવે છે, જેમ શિલ્પી મૂર્તિ કે પૂતળીના અવયવો યોગ્યસ્થાને ગોઠવે છે તેવું આ કર્મ કામ કરે છે.

નહીં તો પછી આંખ કપાળ ઉપર અને કાન ડોક ઉપર અને નાક ખભા ઉપર, આવી રીતે જો અવ્યવસ્થિત અલગ અલગ ગોઠવાયા હોત તો કેવું લાગત? માટે આ કર્મ વ્યવસ્થિતપણે આંખાદિ અંગોપાંગોને વ્યવસ્થિત યોગ્યસ્થાને ગોઠવે છે. ત્યારે આપણું મુખાદિ શરીર સુવ્યવસ્થિત સુંદર શોભે છે

## ઉપઘાત નામકર્મ—

ઘણાને જોઈએ છીએ. કોઈને ૬ આંગલી હોય છે, તો ઘણાને ૪ આંગળી હોય છે. જેથી ખાતાં–પીતાં કે લખતાં વગેરે કાર્યમાં તકલીફ અનુભવવી પડે છે. ઘણી વખત આપણું પેટ એટલું મોટું વધેલું હોય છે કે ખમાસમણાં દેવાં હોય તો પણ તકલીફ. શરીરના ઘણા અવયવો જે ઓછા–વધારે હોય જેથી આપણને પોતાને જ તકલીફ અનુભવવી પડે છે. દા. ત. દાંત ઘણાને હોઠની બહાર રહે છે. જેથી ખાવા–બોલવામાં તકલીફ અનુભવવી પડે છે. એવાં જ લંબિકા–એટલે પડજીભી, રસોલી, મસો, હરસ, ચોરદાંત, ૬ આંગળી, કે ચાર આંગળી વગેરે

હીનાધિક અંગોપાંગ આદિ; જેનાથી પોતાને ઉપઘાત સહન કરવો પડે છે તે છે–ઉપઘાત નામકર્મ.

આ પ્રમાણે ૮ પ્રત્યેક પ્રકૃતિનો વિભાગ પૂરો થાય છે. હવે થોડી પ્રતિદ્વન્દ્વી પ્રકૃતિઓ છે, જે પુણ્ય–પાપાનુસાર દરેકને શુભ–અશુભરૂપે મળે છે અને જેના કારણે જીવને સુખી–દુ:ખી થવું પડે છે, પુણ્યશાલી અને પાપપ્રકૃતિવાલા તરીકે ગણતરી થાય છે. જે આપણા જીવનવ્યવહારમાં, શરીરપ્રાપ્તિ વગેરેમાં ભાગ ભજવે છે એવી ૨૦ પ્રકૃતિઓ છે તેમાં ૧૦–૧૦ ના બે વિભાગ છે. એકને ત્રસ દશક = અર્થાત્ ત્રસાદિ ૧૦ પ્રકૃતિઓ કહીએ છીએ, જે શુભ છે, સારી છે. અને એનાથી વિપરીત બીજી દશ છે, જેને સ્થાવરદશક ૧૦ સ્થાવરાદિની કહીએ છીએ. આ પહેલાંથી સાવ વિપરીત–ઉલટી છે, પાપકારી અશુભ પ્રકૃતિઓ છે, જેના ઉદયે જીવને બધું અશુભ જ મળે છે.

| ત્રસ દશકની ત્રસાદિ ૧૦ પ્રકૃતિઓ | સ્થાવર દશકની સ્થાવરાદિ ૧૦ પ્રકૃતિઓ |
| --- | --- |
| ૧ ત્રસ નામકર્મ | ૧ સ્થાવર નામકર્મ |
| ૨ બાદર નામકર્મ | ૨ સૂક્ષ્મ ,, |
| ૩ પર્યાપ્ત ,, | ૩ અપર્યાપ્ત ,, |
| ૪ પ્રત્યેક ,, | ૪ સાધારણ ,, |
| ૫ સ્થિર ,, | ૫ અસ્થિર ,, |
| ૬ શુભ ,, | ૬ અશુભ ,, |
| ૭ સુભગ ,, (સૌભાગ્ય) | ૭ દુભગ ,, (દૌર્ભાગ્ય) |
| ૮ સુસ્વર ,, | ૮ દુ:સ્વર ,, |
| ૯ આદેય ,, | ૯ અનાદેય ,, |
| ૧૦ યશ ,, | ૧૦ અપયશ ,, |

# ત્રસ+સ્થાવર દશકની શુભ-અશુભ ૧૦+૧૦=૨૦ પ્રકૃતિઓનું વિવેચન

## ત્રસદશકની શુભ ૧૦ પ્રકૃતિઓ

### ૧. ત્રસનામકર્મ :

સંસારી જીવો મુખ્ય બે પ્રકારે છે. ત્રસ અને સ્થાવર. આ બે પ્રકારોમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે. ત્રાસ= એટલે પીડા-દુઃખાદિ. આગ લાગવી, પાણીના પૂરનો પ્રકોપ, તડકો આદિ સહન ન થતાં જે જીવો છાયામાં ચાલ્યા જાય.... અર્થાત્ દુઃખથી બચવા સ્થાનાન્તર કરીને જઈ શકે એવા જીવોને ત્રસ જીવો કહીએ છીએ. બેઇન્દ્રિયવાળા-અળસિયા વગેરે, તેઇન્દ્રિયવાળા કીડી-મંકોડા-જૂ-માંકડ વગેરે, ચઉરિન્દ્રિયવાળા-માખી-મચ્છર વગેરે, તેમ પંચેન્દ્રિયવાળા - દેવ - મનુષ્ય-નારકી અને તિર્યંચ પશુ-પક્ષી વગેરે. આ બધા જીવો ત્રસ કહેવાય છે. જેમણે આ ત્રસ

## સ્થાવરદશકની અશુભ ૧૦ પ્રકૃતિઓ

### ૧. સ્થાવર નામકર્મ :

ત્રસનામકર્મથી સંપૂર્ણ વિપરીત સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. સ્થાવર=એટલે સ્થિર. ગમે તેવી આગ લાગી હોય, પાણીનો પ્રકોપ, અથવા તડકા આદિ કોઈ પણ દુઃખના પ્રસંગે પોતે દુઃખથી બચવા સ્થાનાન્તર કરીને જઈ ન શકે તે સ્થાવર જીવો. સ્થાવર જીવો સર્વ એકેન્દ્રિય જ હોય છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાયમાં ઝાડ-પાન વગેરે. ગમે તેવો સખત તડકો પણ હોય કે આગ લાગી હોય તો ઝાડ ક્યાં જઈ શકે? હાલી-ચાલી તો શકે જ નહીં. આખી જિન્દગી એમને એમ તડકા-છાયા, ઠંડી-ગરમી, વરસાદમાં ઊભા જ રહેવું,

નામકર્મ બાંધ્યું હોય તે ત્રસ-જીવો. બહુ સારું કહેવાય કે સંસારમાં દુ:ખથી બચવા યોગ્ય તો કાયા મળી છે. તે પુણ્ય પ્રકૃતિ છે.

## ૨. બાદર નામકર્મ :

જીવમાત્રને સંસારમાં શરીર ધારણ કરીને જ રહેવું પડે છે. તેમાં શરીર પણ બે પ્રકારનાં છે, આકારની દૃષ્ટિએ. એક તો વ્યક્ત–દેખાય એવા મોટા–સ્થૂલ શરીરો હોય છે તે. જે શરીર મોટું હોય, આંખે દેખી શકાય એવું હોય તો સારું. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિયાદિના શરીરો મોટા સ્થૂલ સારા હોય છે. તે આ બાદર નામકર્મના કારણે મળે છે.

## ૩. પર્યાપ્ત નામકર્મ :

આહાર–શરીર–ઇન્દ્રિય–શ્વાસો-શ્વાસ, ભાષા અને મન આ

સહન જ કરવું વગેરે. એને અશુભ નામકર્મ તરીકે આ સ્થાવરપણું મળ્યું છે. આ પાપની પ્રકૃતિ છે. એ જીવોને સ્થાવર નામકર્મના કારણે સ્થાવરપણું મળે છે.

## ૨. સૂક્ષ્મ નામકર્મ :

બાદરથી તદ્દન વિપરીત આ સૂક્ષ્મ નામકર્મ પ્રમાણે જીવોને શરીર સૂક્ષ્મ મળે. આંખે દેખાય પણ નહીં એવું સૂક્ષ્મ, નાનું શરીર મળે–"**सुहूमा हवंति नियमा पंच वि पुढवाइणो सयललोए**" — પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, અને વનસ્પતિકાયના સૂક્ષ્મ જીવો ચૌદે રાજલોકમાં સર્વત્ર હોય છે, તેમની કાયા આંખે દેખી પણ ન શકાય એવી હોય છે. આંગળીના અસંખ્યાતમા ભાગ જેટલું નાનું શરીર હોય છે.

## ૩. અપર્યાપ્ત નામકર્મ :

આહાર–(પોષણ), શરીર, ઇન્દ્રિયો તથા ભાષા અને

છએને બનાવવા માટે ઉત્પત્તિ-સ્થાને જીવ તે તે વર્ગણાનાં પુદ્દગલોને ગ્રહણ કરવાની અને પરિણમાવવાની જે શક્તિવિશેષ ઉત્પન્ન થાય છે તે આ 'પર્યાપ્ત-નામકર્મ'ના કારણે મળે છે. નહીંતર ન મળે. જેના થકી જીવ સ્વયોગ્ય આ છએ પર્યાપ્તિઓ પૂરી કરી શકે તે આ પર્યાપ્ત નામકર્મને આભારી છે. જીવ પૂરી કરીને રહી શકે છે માટે આ શુભ પુણ્યની સારી પ્રકૃતિ છે.

## ૪. પ્રત્યેકનામકર્મ :

Jain Biology અને તેમાં પણ Jain Botony અત્યન્ત સૂક્ષ્મ છે. ગહન છે. અને કેવલિપ્રરૂપિત હોવાથી સંપૂર્ણ છે.

જે જીવો ઉત્પત્તિસ્થાને રહેવા યોગ્ય શરીરની રચના કરે છે. તેમાં પણ એક જીવને રહેવા એકલાને આખું સંપૂર્ણ સારું શરીર મળે તે જીવોને 'પ્રત્યેક'ના વિભાગમાં લઈ જઈએ છીએ.

વિચાર યોગ્ય મનઃશક્તિને જે જીવો પૂરી બનાવી નથી શકતા. જીવવા–રહેવા માટે આ છએની પૂરેપૂરી જરૂરિયાત છે, પરંતુ આ છએ પર્યાપ્તિઓ પૂરી બનાવી ન શકે અને વચમાં જ મૃત્યુને શરણે જતો રહે તે જીવ અપર્યાપ્તો જીવ કહેવાય. અને આ અપર્યાપ્તપણું જીવને આ "અપર્યાપ્ત નામકર્મ"ના કારણે મળે છે આ અશુભ પાપકર્મની પ્રકૃતિ છે. શું થાય ?! જીવને બનાવ્યા પહેલાં જ ચાલ્યા જવું પડે છે.

## ૪. સાધારણ નામકર્મ :

જૈન વનસ્પતિવિજ્ઞાનમાં અદ્દભુત વાત જણાવી છે. અને કર્મ વિજ્ઞાન સ્પષ્ટ કરે છે કે–વનસ્પતિકાયમાં જીવ તો છે જ. પરંતુ કાંદા–બટાટા–લસણ–ગાજર વગેરે એવા વનસ્પતિના જીવો છે, જેમાં એક શરીરમાં અનન્તા જીવો છે એટલે તે સાધારણ કહેવાય છે. સાધારણ એટલે અનન્તા જીવોને રહેવા

પ્રતિ+એક. દરેક શરીરે એક જીવ. એક શરીરમાં એકલા આત્માને સ્વતંત્રપણે સારી રીતે રહેવા તો મળે છે, તે પણ બહુ સારી વાત છે. શુભ પુણ્ય પ્રકૃતિ છે. પરંતુ એ બધું આ પ્રત્યેક-નામકર્મને આભારી છે. આપણે તો બધા જ ખરા, પરંતુ ચીકુ-મોસંબી, સફરજન વગેરેમાં એક બીજમાં એક જીવ, ઘઉં, ચણા, મગ વગેરેમાં એક જીવ હોય છે. "**एगसरीरे एगो जीवो जेसिं तु ते य पत्तेया**"–એક શરીરમાં સ્વતંત્ર એક જીવ હોય તે પ્રત્યેક.

## ૫. સ્થિર નામકર્મ :

શરીર રચના તો થઈ પરંતુ શરીરમાં પણ હાડકાં, દાંત વગેરે અવયવોને મજબૂત રાખવા, હાલવા ન દેવા, દાંતાદિ મજબૂત સ્થિર રહે છે તેની પાછળ પણ

માટે શરીર એક જ પણ જીવો અનન્તા.

વિચાર કરવા જેવું છે. અનન્તા જીવો એક સાથે નાના શરીરમાં ભેગા સાથે રહે, સાથે જ જીવવાનું, સાથે જ શ્વાસ, આહાર લેવાનું. અને એક સાથે જ મરવાનું. પાણીપૂરી કે ભેળપૂરી ખાતાં તેમાં પણ જે ફણગાવેલા મગ કે ચણા આવે છે તેમાં ફૂટેલા અંકુરા જેટલા નાના શરીરમાં પણ અનન્તા જીવો ભેગા સાથે રહે છે. તે આ સાધારણ નામકર્મનો ઉદય છે. **जेसिं अणंताणं तणु एगा साहारणा ते उ ॥** આ છે જૈન વિજ્ઞાનની ઝીણવટભરી દૃષ્ટિ. સાધારણપણું બહુ જ દુઃખદાયી હોય છે. એટલે આ અશુભ પાપની પ્રકૃતિ છે.

## ૫. અસ્થિર નામકર્મ :

આ સ્થિરનું વિપરીત અસ્થિર નામકર્મ છે. શરીરના અવયવો હાડકાં દાંત વગેરેની મજબૂતી–સ્થિરતા ન રહે તે આ કર્મનું કારણ છે. ખાતાં દાંત હાલે–દાંત

કામ કરનારું આ 'સ્થિરનામકર્મ' છે. બહુ સારી પુણ્યપ્રકૃતિ છે કે ગમે તે ખાવા છતાં પણ હાડકાં દાંત મજબૂત સ્થિર છે. હાલતા-ચાલતા નથી. નહીં તો ખવાય કેવી રીતે ?

## ૬. શુભ નામકર્મ :

શરીરાદિથી આપણી શોભા છે ગમે એટલું શરીર શણગારીએ પરંતુ શરીરના પોતાના અવયવો સારા સુંદર સુડોળ સપ્રમાણ હોય તો શોભે.તો જ રૂપ-સૌંદર્ય અને લાવણ્ય વધે અને માનવ શોભા પામે એટલે નાભિ ઉપરના સર્વ અવયવો સારા, સુંદર આકારવાળા શુભ મળે તે બધું આ શુભ નામ-કર્મને આભારી છે. એટલે આ શુભ નામકર્મ શરીરની શુભતામાં શોભામાં કારણભૂત છે. મસ્તકાદિ અંગો-અવયવો શુભ મનોહર, સારા-સુંદર હોય તેમાં આ શુભ નામકર્મ ભાગ ભજવે છે. માટે આ પુણ્ય પ્રકૃતિ છે.

## ૭. સુભગ એટલે સૌભાગ્ય નામકર્મ :

સર્વેને અ.સૌ. એટલે અંખડ સૌભાગ્યવંતી લખવું ગમે છે.

વહેલા પડી જાય વગેરે આ કર્મના કારણે છે. એટલે આને પાપપ્રકૃતિ ગણવામાં આવી છે.

## ૬. અશુભ નામકર્મ :

શુભ નામકર્મથી તદ્દન વિપરીત આ અશુભ નામકર્મ છે મનુષ્યના નાભિ ઉપરના મસ્તકાદિ અંગો-અવયવો વગેરે સુંદર, મનોહર, પ્રિય ન હોય. જેનાથી શરીરની શોભા ન વધતી હોય તે અશુભ નામકર્મના કારણે છે. ભલે ને ગમે તેટલા સૌંદર્ય પ્રસાધનો વાપરવામાં આવે અથવા દાગીનાઓ પહેરવામાં આવે તો પણ રૂપ-લાવણ્ય શોભા નથી વધતી તેમાં આ કર્મ કારણભૂત છે. આ અશુભ હોવાથી પાપ-કર્મની પ્રકૃતિ તરીકે ઓળખાય છે.

## ૭. દુર્ભગ એટલે દૌર્ભાગ્ય નામકર્મ :

અ સૌ.=અખંડ સૌભાગ્યપણું


दुःस्वर
अस्थिर
स्थावर
दुर्भाग्य
अपयश


त्रस
सौभाग्य
सुस्वर

દિવાળીએ ચોપડામાં લખીએ છીએ-'કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો.' તે છે આ નામકર્મ, જેના કારણે જીવને સૌભાગ્યપણું પ્રાપ્ત થાય. જેના કારણે જીવ સર્વલોકોને પ્રિય-ઇષ્ટ, મનોહારી લાગે. ચાર માણસો વચ્ચે જતાં જ લોકોને ગમે, બોલાવે-માન આપે વગેરે બધું જ સૌભાગ્ય આ સુભગ નામકર્મના કારણે છે આ સારી રીતે શુભ પુણ્યપ્રકૃતિ છે.

## ૮. સુસ્વર નામકર્મ :

માનવજીવનનો વ્યવહાર વાચાપ્રધાન છે. બોલવા-ચાલવાનો વ્યવહાર મુખ્ય છે. બોલવા-ગાવા વગેરેમાં કંઠ સારો જોઈએ. સારો કંઠ હોય તો સારી રીતે મીઠા-મધુર ધ્વનિમાં કોયલની જેમ ગાઈ શકાય, જેથી શ્રોતાઓને ડોલાવી શકાય, આનંદ-વિભોર કરી શકાય, ખૂબ સુંદર-મીઠો-મધુરકંઠ-રાગ આ સુસ્વર નામકર્મના કારણે મળે છે. ઘણા લોકો ગવૈયા તરીકે માત્ર કંઠની મધુરતા ઉપર જ આજીવિકા ન ટકવા દે, સૌભાગ્યપણું ચાલ્યું જાય, દુઃખમાં દિવસો કાઢવા પડે, કોઈને પણ તે વ્યક્તિ પ્રિય ન હોય, દેખે ન ગમે, તે આ દુર્ભગ નામકર્મનો ઉદય સમજવો. જેના કારણે જીવ સર્વ લોકોને ઇષ્ટ પ્રિય ગમે તેવો ન હોય તે દૌર્ભાગ્યપણું કહેવાય. આ ખરાબ અશુભ પાપપ્રકૃતિ છે.

## ૮. દુઃસ્વર નામકર્મ :

ઘણાં લોકોના ગળાં ખરાબ હોય છે, સાદ બેસી ગયેલો છે, સારી રીતે બોલી પણ ન શકે, અવાજ-ધ્વનિ પણ કર્ણપ્રિય ન હોય, બોલે તો સાંભળનારને ન ગમે, સાંભળનાર કંટાળીને બંધ કરાવે-'ભાઈ, બસ કરો, હવે બંધ કરો, માથું દુઃખશે'...

સાવ જ ભેંસાસુર રાગ હોય-ગધેડા જેવો કર્કશ ઘોઘરો અવાજ નીકળે તે આ દુઃસ્વર નામકર્મનો ઉદય સમજવો. કંઠના રાગ ઉપર તો જીવન છે.

ચલાવે છે. કારણ કંઠ સારો છે, સારી રીતે ગાઈ શકે છે. એટલે સાંભળનારાને ગમવાથી પૈસા આપે છે. ભક્તિમાં, ગાનમાં કંઠની મધુરતા તો પહેલાં જોઈએ. તે આ કર્મના કારણે મળે છે. આ સારી શુભ પુણ્ય-પ્રકૃતિ છે.

## ૯. આદેયનામકર્મ :

કંઠના રાગ કરતાં પણ આ જુદી વાત છે. માત્ર કંઠ કે રાગ જ બીજાને પ્રિય હોય એટલું જ નહીં પરંતુ એનું વચન કોઈ ઉત્થાપે નહીં. એના બોલવા પ્રમાણે સાંભળનાર તુરંત અમલ કરે, એની આજ્ઞા માને, એનું વચન માન્ય રાખે. તે છે આદેય નામકર્મ. જેનાથી બોલનારનો પ્રભાવ પડે અસર પડે, એવી કોઈ આદેય નામકર્મ-વાળી વ્યક્તિ હોય જેનું બધા માનતા હોય છે. તેથી આ પુણ્યપ્રકૃતિ છે. ઓર્ડર ખાલી ન જાય.

એથી તો કોઈને ગમે અને કોઈને ન ગમે.

દુઃસ્વર નામકર્મથી કંઠ મીઠો મધુર સારો ન મળે, સારું ગાઈ ન શકાય. તેથી આ પાપકર્મની અશુભ પ્રકૃતિ છે.

## ૯. અનાદેય નામકર્મ :

આ પાપ પ્રકૃતિ છે. પિતા પુત્રને ગમે એટલી શિખામણ આપે, આજ્ઞા કરે; પરંતુ પુત્ર માને જ નહીં, સ્વીકારે જ નહીં. પિતાની પુત્ર ઉપર કોઈ અસર જ ન થાય. પિતાની વાણીનો પ્રભાવ જ ન પડે, તે છે પિતાનું અનાદેય નામકર્મ.

જેનું યુક્તિસંગત વચન, સાચી વાત, યોગ્ય સલાહ પણ સામેવાળો ન માને,—તે છે અનાદેય નામકર્મ. પાંચ માણસ કે સભાની તો ક્યાં વાત? પોતાના કુટુંબમાં પુત્ર-પુત્રી-પત્ની નોકર વગેરે કોઈ ન માને.

### ૧૦. યશ નામકર્મ :

જે કર્મના આવિર્ભાવથી યશ-કીર્તિ પ્રસરે, ગુણોત્કીર્તન થાય, લોકો પ્રશંસા કરે, લોકોમાં પ્રખ્યાતિ પામે, બધામાં પ્રસિદ્ધિ પામે, પ્રશંસાપાત્ર બને.-તે આ કર્મ છે "યશ નામકર્મ".

ઘણા લોકોને સુંદર યશરેખા હોય છે. જેથી કોઈ પણ કાર્યમાં સફળતા મળે છે, યશ–કીર્તિ પ્રાપ્ત થાય છે, એનું નામ વધે છે, એનું નામ લોકો યાદ કરે છે, ગૌરવથી એનું નામ લે છે.

દાનાદિ કરવાથી પણ યશ–કીર્તિ–મોટાઈ મળે છે. તે આ કર્મને આભારી છે. માટે સારી શુભ પુણ્યપ્રકૃતિ છે.

### ૧૦. અપયશ નામકર્મ :

ઘણાને એવા અપયશ નામ-કર્મનો ઉદય હોય છે કે લોકો એમની ટીકા-નિંદા કરતા હોય છે. ચાર માણસો વચ્ચે એનું નામ પણ નથી ગમતું, એના માટે બે શબ્દ પણ કોઈ સારા બોલનાર નથી હોતા. તે આ અપયશ નામકર્મના કારણે બને છે.

ગમે તેટલી તનતોડ મહેનત પણ કરે, પૈસા ટકા પણ વાપરે, છતાં પણ યશ ન મળે તે ન જ મળે. એનું કાર્ય સારું છે છતાં લોકો વખાણે તો નહીં, પણ ઉપરથી વખોડે. તે છે–આ અપયશ નામકર્મ. આ અશુભ પાપની પ્રકૃતિ છે.

આ ત્રસદશક અને સ્થાવર દશકની ૨૦ પ્રકૃતિઓના ઉદય-વાળા જીવો વ્યવહારમાં સંસારમાં રોજ દેખાય છે. ખરેખર! કર્મની અદ્ભુત વિચિત્રતાનો આ સંસાર દેખાય છે. આખો સંસાર કર્મમય જ હોય છે. સંસારી જીવમાત્ર કર્માધીન હોય છે અને પોતપોતાના શુભા–શુભ કર્મ પ્રમાણે સુખી–દુઃખી થતા હોય છે. જે શુભ કે અશુભ કર્મ બાંધ્યાં હોય છે તે પ્રમાણે બધું સારું–ખરાબ પ્રાપ્ત થાય છે.

## નામકર્મમાં પુણ્ય—પાપ ( શુભાશુભ ) પ્રકૃતિના ભેદો—

| પુણ્યપ્રકૃતિ | | નામકર્મની સર્વ પ્રકૃતિ<br>૧૪ પિંડ પ્રકૃતિ | | પાપ પ્રકૃતિ |
|---|---|---|---|---|
| દેવ + મનુષ્ય | ૨ ← | ૧ ગતિ | — ૪ | → ૨ નરકગતિ+તિર્યંચગતિ. |
| પંચેન્દ્રિય જાતિ | ૧ ← | ૨ જાતિ | — ૫ | → ૧, ૨, ૩, ૪. (૪) જાતિ. |
| સર્વ શરીર | ૫ ← | ૩ શરીર | — ૫ | |
| ત્રણ શરીરનાં અંગોપાંગ | ૩ ← | ૪ અંગોપાંગ | — ૩ | |
| સર્વ બંધન | ૫ ← | ૫ બંધન | — ૫ | |
| સર્વ સંઘાતન | ૫ ← | ૬ સંઘાતન | — ૫ | |
| વજ્રઋષભનારાચ સંઘયણ | ૧ ← | ૭ સંઘયણ | — ૬ | → ૧ સિવાયના ૫ સંઘયણ. |
| સમચતુરસ્ર સંસ્થાન | ૧ ← | ૮ સંસ્થાન | — ૬ | → ૧ સિવાયના ૫ સંસ્થાન. |
| લાલ, પીળો અને સફેદ | ૩ ← | ૯ વર્ણ | — ૫ | → ૨ નીલો કાલો. |

| | | |
|---|---|---|
| સુગંધ ૧ ← | ૧૦ ગંધ — ૨ | → ૧ દુર્ગંધ. |
| તૂરો, ખાટો અને મીઠો ૩ ← | ૧૧ રસ — ૫ | → ૨ તીખો અને કડવો રસ. |
| લઘુ, મૃદુ, સ્નિગ્ધ, ઉષ્ણુ ૪ ← | ૧૨ સ્પર્શ — ૮ | → ૪ ગુરુ, કર્કશ, રુક્ષ અને શીત. |
| દેવ-મનુષ્ય આનુપૂર્વી ૨ ← | ૧૩ આનુપૂર્વી — ૪ | → ૨ તિર્યંચ-નરકાનુપૂર્વી. |
| શુભ વિહાયોગતિ ૧ ← | ૧૪ વિહાયોગતિ — ૨ | → ૧ અશુભ વિહાયોગતિ. |
| અગુરુલઘુ, પરાઘાત, ૭ ← નિર્માણુ, શ્વાસોચ્છવાસ, તીર્થંકર, આતપ, ઉદ્યોત. | — ૮ પિંડ પ્રકૃતિ — | → ૧ ઉપઘાત નામકર્મ. |
| ત્રસ દશકની ૧૦ દશેય ← પ્રકૃતિઓ પુણ્ય પ્રકૃતિ છે. | ← ત્રસ દશક—૧૦ | |
| | સ્થાવર દશક—૧૦ → | → સ્થાવરદશકની ૧૦ દશેય પ્રકૃતિઓ પાપકર્મની અશુભ પ્રકૃતિઓ છે. |

**નામકર્મબંધનાં કારણો—**

**सरलो अगारविल्लो, सुहनामं अन्नहा असुहं ॥**

સરળસ્વભાવી, માયા અને કપટવૃત્તિ રહિત તથા ત્રણે ય પ્રકારના રસ, ઋદ્ધિ અને શાતાગારવરહિત સ્વભાવવાળા જીવો નામકર્મમાં શુભ નામકર્મની પ્રકૃતિઓ બાંધે. જ્યારે એનાથી વિપરીત અર્થાત્ માયાવી-કપટી, ખરાબ સ્વભાવવાળો અને ત્રણે ગારવના સ્વભાવવાળો જીવ અશુભ નામકર્મની પ્રકૃતિઓ બાંધે છે.

નામકર્મની જ શુભ કે અશુભ બાંધેલી પ્રકૃતિ પ્રમાણે જ સંસારમાં સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. જીવો પુણ્ય કે પાપ અનુભવે છે.

卐

---

卐 **સૌજન્ય** 卐

# સ્વ. સૂરચંદભાઈ પાનાચંદ ઝવેરી

**—ની પુણ્ય સ્મૃતિમાં—**

**અશ્વિન મહેતા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી**

**આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.**

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય→ 'કર્મ તણી ગતિ ન્યારી....'

પ્રવક્તા→ પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| પ્ર. આસો સુદ ૯ | વ્યાખ્યાન ૧૨ મું | રવિ તા. ૨૯-૯-૯૧ |
|---|---|---|

## વિષય: ઉચ્ચ-નીચના ભેદ અને-'ગોત્રકર્મ'

**વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ**

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

**गोयं कम्मं दुविहं, उच्चं नीयं च आहियं ।**
**उच्चं अट्ठविहं होइ, एवं नीयं पि आहियं ॥**

પરમાત્માશ્રી મહાવીરપ્રભુની અંતિમદેશના સ્વરૂપ-શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના કમ્મપયડી અધ્યયનમાં ગોત્રકર્મનું સ્વરૂપ સમજાવ્યું છે.

ઉચ્ચગોત્રકર્મ અને નીચગોત્રકર્મ એમ ગોત્રકર્મ બે પ્રકારે છે. અને તેમાં પણ બન્ને આઠ આઠ પ્રકારની પ્રતિદ્વન્દ્વી પ્રકૃતિઓ છે. ઉચ્ચગોત્ર પણ વિશિષ્ટ-શુભ જાતિ-કુળાદિ આઠ પ્રકારે છે. અને એનાથી વિપરીત નીચગોત્રકર્મ એ જ જાતિ-કુળાદિ આઠે હીન પ્રકારે છે. એવા પ્રકારના આ ગોત્રકર્મનો વિચાર આ વ્યાખ્યાનમાં કરવામાં આવે છે.

**અગુરુલઘુ–ગુણ :**

અનંતજ્ઞાનાદિ ગુણવાળા એવા આત્માનો "અગુરુલઘુપણું" પણ એક ગુણ છે. ગુરુ એટલે=ભારે, મોટો. અને લઘુ=એટલે હલકો, નાનો. આ હલકા–ભારેપણું અને નાના–મોટાપણું એ તો જડપુદ્‌ગલ પદાર્થમાં જોવામાં આવે છે. કોઈ પણ પૌદ્‌ગલિક પદાર્થને વજનમાં માપીએ તો તે હલકો છે. અથવા ભારે પણ છે. ઓછા વજનવાળી વસ્તુ કાગળ વગેરેને હલકી કહીએ છીએ. અને સોના–હીરા વગેરે વધારે વજનવાળી વસ્તુને ભારે કહીએ છીએ. તેજ પ્રમાણે વસ્તુ નાની મોટી પણ હોય છે. આકાર અને પ્રમાણમાં નાના–મોટાપણું હોય છે. આ કાગળ નાનો છે અને કાગળ મોટો છે, આ કપડું નાનું છે અને આ કપડું મોટું છે, એવો વ્યવહાર થાય છે.

પરંતુ આત્મા માટે એવો વ્યવહાર થતો નથી. આત્મા હલકો અને ભારે પણ નથી, અને આત્મા નાનો કે મોટો પણ નથી. એટલા માટે અ+ગુરુ+લઘુ=ન તો ભારે કે ન તો હલકો, અને ન તો મોટો કે ન તો નાનો. માટે–અગુરુલઘુ કહ્યો.

પરંતુ અગુરુલઘુ સ્વભાવી એવા આત્માને પણ આ સંસારના વ્યવહારમાં આવવું પડયું. કારણ કે દેહ ધારણ કર્યા વિના તો કોઈ જીવ સંસારમાં રહી શકતો જ નથી. દેહ વિનાનો આત્મા તો શુદ્ધ–બુદ્ધ–મુક્ત કહેવાય છે. ત્યાં અગુરુલઘુ આદિ સર્વગુણો પ્રગટપણે રહે છે. ત્યારે સંસારમાં એ જ ગુણો આચ્છન્નપણે રહે છે, કર્મથી આવરાયેલા રહે છે. અને કર્મના કારણે જીવને સંસારમાં ભટકવું પડે છે–રખડવું પડે છે. સંસારના ચક્રમાં જન્મ–મરણ ધારણ કરવાં પડે છે. અને કર્મ આવ્યું એટલે દેહ અને સંસાર અને જન્મ–જરા–મરણ બધું જ આવ્યું.

દેહ ધારણ કર્યું એટલે પ્રશ્ન એ થાય કે...દેહ કયાં ધારણ કર્યું? કયાં જન્મ્યો? કયા દેશમાં? કયા કુલમાં? કઈ જાતિમાં?

કોના ઘરે ? વગેરે પ્રશ્નો ઉદ્‌ભવવા સ્વાભાવિક છે. કારણ કે સંસાર દેશ, જાતિ, કુલ વગેરે પ્રધાન છે. અને તેના કારણે જ મનુષ્ય ઓળખાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે કયો દેશ, કઈ જાતિ, કયું કુળ વગેરે આ બધું નક્કી કર્યું કોણે ? આત્મા તો "અગુરુલઘુ" ગુણવાળો છે... શું કોઈ 'ઉપરવાળો" છે ? શું કોઈ બીજો નિયન્તા કે વ્યવસ્થાપક છે ? શું કોઈ કુદરત નામની સત્તા છે ? કે પછી ઈશ્વરને માનવો કે કોને ?

જો કે પોતપોતાની મતિકલ્પના પ્રમાણે દરેકે અલગ અલગ કારણો માન્યા છે. કોઈ ઉપરવાળા-ઈશ્વરને માને છે, કોઈ એને જ નિયન્તા કે વ્યવસ્થાપક માને છે, તો કોઈ કુદરત, નસીબ, ભાગ્ય વગેરે ઉપર ભરોસો મૂકે છે, પરંતુ બહુ સ્પષ્ટ અને તર્ક-યુક્તિ-સંગત વિચાર કરતાં આત્માનું પોતાનું બાંધેલું કર્મ જ એમાં મુખ્ય કારણરૂપે સ્પષ્ટ જણાય છે.

**ગોત્રકર્મ**—રાગ-દ્વેષાદિની પ્રવૃત્તિમાં રત એવા આત્માએ સ્વગુણરમણતાથી ભિન્ન બાહ્યવિભાવદશાની રમણતામાં પ્રવૃત્તિ કરી અને રાગ-દ્વેષાદિને વશ થઈ આત્માએ કર્મો ઉપાર્જન કર્યાં. અને આ જ કર્મોનાં આવરણો આત્માના તે તે ગુણોને આવરનારાં થયાં, ઢાંકનારાં થયાં. આજે તે ગુણો ઢંકાયેલા આચ્છન્ન પડ્યા છે. ગુણો પ્રગટ નથી, પરંતુ કર્મો-પ્રગટ છે; કર્મકૃત ભાવો વ્યવહારમાં પ્રગટ છે.

તેવો જ આત્માનો "અગુરુલઘુ ગુણ" પણ એક ગુણ છે. અને આ ગુણ આવરાઈ જતાં આત્મા જે કર્મને આધીન બને છે તે "ગોત્રકર્મ". અને હવે ગોત્રકર્માધીન આત્માનો વ્યવહાર ચાલવાનો. એટલે ગોત્રકર્મ આત્માને સંસારમાં કોઈ દેશ, કોઈ જાતિ, કોઈ કુલ-વંશ વગેરેમાં ધકેલશે. ત્યાં તેને જન્મ વગેરે ધારણ કરીને રહેવું પડશે. અને તે દેશ-કુલ-જાતિ લોકપૂજ્ય સારા

મળ્યા તો "ઉચ્ચ" (શુભ) કહેવાશે. અને લોકનિન્દ્ય, હલકા મળ્યા તો "નીચ" કહેવાશે. એટલા માટે ઉચ્ચ અને નીચ એવા કુલ–જાતિ વગેરેના કારણે આ કર્મનું નામ "ગોત્રકર્મ" પાડ્યું. ગોત્રકર્મ જ આત્માના આ "અગુરુલઘુ" ગુણને ઢાંકનાર–આવરનાર છે. અને તેજ આત્માને ઉચ્ચ કે નીચ હલકી કે સારી જાતિ કે કુલમાં લઈ જનાર છે.

## કુંભકાર જેવું ગોત્રકર્મ :

ચક્ર–દંડ–સંયોગથી, ઘડતો ઘટ કુંભાર ।
ઘી ભરિયો ઘટ એકમેં, એકમેં મદિરા છાર ॥
ઉચ્ચનીચ ગોત્રે કરી, ભરિયો આ સંસાર ।
કર્મ દહન કરવા ભણી, પૂજા અષ્ટ પ્રકાર ॥
गोअं दुहुच्चनीअं, कुलाल इव सुघडभुंभलाईअं ॥




કર્મગ્રંથકાર દેવેન્દ્રસૂરિ મહારાજા જણાવે છે કે જેમ એક કુંભકાર (કુંભાર) સારા–ઊંચા, હલકા વગેરે ઘડાઓ બનાવે છે. કોઈ ઘડા ઘી વગેરે ભરવામાં કામે આવે છે. કોઈ ઘડામાં સોનામહોર વગેરે ભરી 'ચરૂ' તરીકે મૂકીએ છીએ. અને કોઈ ઘડામાં દારૂ વગેરે ભરીને પણ રાખીએ છીએ. દારૂ ભરવાલાયક અને ઘી, દૂધ વગેરે ભરવાલાયક તે વસ્તુ યોગ્ય જ ઘડા કુંભાર બનાવે છે. તે ઘડાઓની પ્રસિદ્ધિ પણ સંસારમાં તે કારણે જ થાય છે.

તેજ પ્રમાણે ગોત્રકર્મને કુંભકારની ઉપમા આપી છે. આત્માને રૂપ, બળ, શ્રુત, કુળ, જાતિ વગેરે યોગ્ય સારા લોકપૂજ્ય

અપાવવાં, અથવા આ જ કુળ, જાતિ, રૂપ, બળ વગેરે લોકનિન્દ્ય હલકાં અપાવવાં વગેરે કામ આ ગોત્રકર્મ કરે છે. અને તેથી જ આત્માની સાથે ઉચ્ચ–નીચનો વ્યવહાર થાય છે. માટે ઉચ્ચ અને નીચ એવા બે પ્રકારવાળું ગોત્રકર્મ કહ્યું.

ઘણી વખત સંસારમાં જોઈએ છીએ કે નિર્ધન રૂપ, બુદ્ધિ વગેરેથી હીન હોય તો પણ મનુષ્ય સારા કુળ વગેરે કારણે લોકમાં પ્રશંસા પામે છે, લોકમાન્ય–લોકપૂજ્ય બને છે, ગણાય છે. અને એનાથી વિપરીત ઘણી વખત ધનવાન સુરૂપ, બુદ્ધિશાલી વગેરે ગુણવાન પણ હલકાં કુળ–જાતિ વગેરે કારણે હલકો પડે છે હલકાઈ પામે છે, વિશિષ્ટ કુળના અભાવે નિંદાને પાત્ર બને છે. ઘડામાં જેમ મદિરા ન ભરી હોય તો પણ જેમ ઘડો નિંદાને પાત્ર ગણાય છે તેમ આ કર્મના કારણે જીવ પણ દેશ, જાતિ રૂપ કુળ વગેરેનાં કારણે સ્તુતિ અથવા નિંદાને પાત્ર બને છે.

" **उच्चं अट्ठविहं होइ, एवं नीयंपि आहियं** "

ઉત્તરાધ્યયનસૂત્રમાં શ્રી વીરપરમાત્માએ કહ્યા પ્રમાણે સંસારમાં " ઉચ્ચપણું " આત્માને આઠ પ્રકારે મળે છે.

| | |
|---|---|
| ૧—વિશિષ્ટ જાતિ | ૫—વિશિષ્ટ તપ |
| ૨—વિશિષ્ટ કુળ | ૬—વિશિષ્ટ શ્રુત |
| ૩—વિશિષ્ટ બળ | ૭—વિશિષ્ટ લાભ |
| ૪—વિશિષ્ટ રૂપ | ૮—વિશિષ્ટ ઐશ્વર્ય |

જાતિ, કુળ, બળાદિ આઠ સારાં લોકપૂજ્ય મળે તો તે "ઉચ્ચ" કહેવાય છે, અને તેને શુભ કહેવાય છે. તે 'ઉચ્ચગોત્ર-' કર્મના પ્રભાવે મળે છે. અને એનાથી વિપરીત જાતિ, કુળાદિ આઠ જો હલકા, વિપરીત મળે તો તે "નીચ" કહેવાય છે, અને તે "નીચગોત્ર" કર્મના કારણે મળે છે.

"ઉચ્ચગોત્ર" કર્મની પ્રકૃતિ એ સારી–પુણ્ય પ્રકૃતિ છે. અને

"નીચગોત્ર" કર્મની પ્રકૃતિ ખરાબ-પાપની પ્રકૃતિ છે. બન્નેના વિપાકો એકબીજાથી વિપરીત છે.

ગોત્રકર્મ બે જ પ્રકારનું છે એટલે સંસારમાં જીવોનું વર્ગીકરણ ગોત્રકર્મની દૃષ્ટિએ ઉચ્ચ-નીચ એવા બે પ્રકારે જ થાય છે. જીવે જેવું ગોત્રકર્મ બાંધ્યું હોય તે પ્રમાણે Rasult મળે છે. 'ઉચ્ચગોત્રકર્મ' સારું બાંધ્યું હોય તો જાતિ-કુળ વગેરે સારાં મળે છે. અન્યથા 'નીચગોત્રકર્મ' કારણે વિપરીત મળે છે. 'જેવું વાવીએ તેવું લણીએ.' 'જેવું બાંધીએ તેવું જ ભોગવીએ.' 'વાવો તેવું પામો, અને બાંધો તેવું ભોગવો.'

**ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા**—હિન્દુધર્મમાં ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા છે. વેદોક્ત છે, અને 'મનુસ્મૃતિ' માં મનુએ સ્પષ્ટ કરી છે. એમણે ચાર પ્રકારે વર્ણ વ્યવસ્થા કરીને બધાને સ્થાપ્યા છે. (૧) બ્રાહ્મણ, (૨) ક્ષત્રિય, (૩) વૈશ્ય અને (૪) શૂદ્ર. આ ચારેયમાં અનુક્રમે એક-એક સારા છે અને એનાથી બીજા ઊતરતા ખરાબ છે. બ્રાહ્મણને સર્વશ્રેષ્ઠ સારા ઉચ્ચ માન્યા, પરંતુ શૂદ્રને હલકા માન્યા. માટે બ્રાહ્મણને સર્વના ગુરુ કહ્યા. સર્વોપરિ સત્તા બ્રાહ્મણને સોંપી.

ક્ષત્રિય બ્રાહ્મણથી પણ ઊતરતા અને તેથી (ક્ષત્રિયથી) પણ વૈશ્ય ઉતરતા અને શૂદ્ર તો સાવ જ હલકા-સહુથી નિમ્નશ્રેણિના.... એટલે અસ્પૃશ્ય માન્યા. વર્ણ પ્રમાણે દરેકના કાર્યની વ્યવસ્થા પણ મનુએ કહી છે-બ્રાહ્મણ માટે વેદનું અધ્યયન-અધ્યાપન શ્રેષ્ઠ કાર્ય અને દેશ રક્ષા, રાજકાર્ય વગેરે ક્ષત્રિય માટે યોગ્ય. અને વ્યાપારની લેવડ-દેવડનું કાર્ય વણિક માટે યોગ્ય ગણવામાં આવ્યું. અને રહ્યું-કર્યું સર્વ સાફ-સફાઈ, ઘાંચી, મોચી, તેલી, વગેરેની સર્વ કલાનાં કાર્યો માટે શૂદ્રને નિયુક્ત કર્યા. અને તેથી તેને અસ્પૃશ્ય ગણ્યા.

**સર્વત્ર ઉચ્ચ-નીચના ભેદ છે :**

દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ એમ ગતિ ચાર છે. અને

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એમ જાતિ પાંચ છે. સર્વ જીવોનું મુખ્ય વર્ગીકરણ આટલામાં જ થાય છે. અને આમાં તો બધા સમાઈ જાય છે.

દેવલોકમાં પણ ઉચ્ચ-નીચપણું છે—

ઈન્દ્ર, સામાનિક, અંગરક્ષક વગેરે દેવતાઓ ઉચ્ચ ગણાય છે. જ્યારે કિલ્બીષિક વગેરે દેવતાઓ નીચ ગોત્રના ઉદયવાળા ગણાય છે. જેને દેવતાઓ આગળ ઝાડુ વગેરે કાઢવું પડે છે. સાફસૂફી રાખવી પડે છે.

નરકગતિમાં પણ ઉચ્ચ-નીચના ભેદો છે.

તિર્યંચગતિમાં પશુપક્ષીઓમાં પણ ઉચ્ચ-નીચના ભેદ છે.

ગાય, બળદ, ભેંસ, હાથી વગેરે ઉચ્ચ ગોત્રકર્મવાળા છે. ગાયને તો કેટલી પવિત્ર માનવામાં આવી છે. હિન્દુધર્મવાળા તો તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો વાસ ગાયમાં માને છે, ગાયને પૂજ્ય માની. ગાયના મળ-મૂત્ર પણ પવિત્ર માન્યાં, ગાયનું દૂધ પણ શ્રેષ્ઠ માન્યું. આ પશુઓ પોતાના ઉચ્ચ ગોત્રકર્મના કારણે સંસારમાં પૂજ્યપણું પામે છે, માન-સન્માન પામે છે.

જ્યારે ગધેડા, ભૂંડ, શિયાળ વગેરે નીચ ગોત્રના ઉદયવાળા જીવો છે. ગધેડાની ગણતરી કેવી હલકી કક્ષામાં કરી છે અને ભૂંડની સ્થિતિ તો બહુ જ દયનીય છે. ભૂંડ સહુથી હલકું ગણાય છે. મનુષ્યોની મળ-વિષ્ટામાં જ એને આનંદ આવે છે. પક્ષીઓમાં પણ હંસ, પોપટ, કોયલ વગેરે ઉચ્ચગોત્રકર્મવાળા લોકપ્રશસ્ય જાતિવાળા છે અને સહુને પ્રિયપસંદ છે, જ્યારે કાગડા પ્રમુખ હલકા નીચગોત્રવાળા ગણાય છે.

## નીચની સંગતથી થતું નુકશાન—

શિકારાર્થે જંગલમાં નીકળેલો રાજા વિશ્રાન્તિ માટે એક ઝાડ નીચે આરામ કરવા બેઠો. મિત્રભાવે સાથે રહેતા એવા એક હંસ અને એક કાગડો તે જ ઝાડ ઉપર હતા. પોતાના સ્વભાવ

પ્રમાણે કાવ...કાવ...કરતો કાગડો રાજા ઉપર ચરકયો. તેથી રાજાના મોઢા ઉપર પડયું. રાજા બગડ્યો. ખૂબ ગુસ્સે થયો અને તુરંત ઉપર નજર કરી તીર છોડયું પરન્તુ અત્યન્ત ચપલ એવો કાગડો તુરંત ઊડી ગયો. અને તીર પેલા હંસને વાગ્યું.

હંસ બિચારો નીચે પડ્યો. હંસને જોઈને રાજા આશ્ચર્ય પામ્યો. અરે! શું કાગડા પણ સફેદ હોય છે?!

આ સાંભળી હંસ બોલ્યો :

**नाहं काको महाराज । हंसोऽहं विमले जले ।**
**नीचसंगप्रसंगेन, मृत्युरेव न संशयः ॥**

ના મહારાજ હું કાગડો નથી. હું તો માનસરોવર જેવા પવિત્ર જલમાં વસનારો હંસ છું. પરંતુ શું થાય? આ કાગડાની સાથે મિત્રતા કરી...આ નીચ કહેવાય, જાતિએ અને સ્વભાવે બધી રીતે નીચ કહેવાય...અને નીતિકારો કહે છે કે-નીચની સંગતથી મૃત્યુ પણ આવે છે એમાં સંશય નથી. નીચ માણસની સોબત ન કરવી જોઈએ. પરંતુ કાગડાની સંગત કરતાં ફળ મારે જ ભોગવવું પડયું, ચંચલ અને ચપલ પેલો તો ઊડી ગયો પણ મૃત્યુ મારા માથે આવ્યું. નીચ મનુષ્ય પોતાનો દોષ બીજાના માથે જલ્દી નાંખીને ભાગવા માંડે છે. ઉચ્ચ કુળવાળો આત્મા ગંભીર હોય છે. તેનો સ્વભાવ હલકો નથી હોતો. પોતાના દોષો તો નહીં પરંતુ બીજાના દોષો-દુઃખ અને અપરાધ પણ પોતે પોતાના માથે લઈ લે છે. બીજા વતી પોતે દુઃખ સહન કરી લે છે,

## એકેન્દ્રિય જાતિમાં ઉચ્ચ-નીચપણું :

એકેન્દ્રિયાદિક પાંચ સ્થાવરમાં પણ આ કર્મનો ઉદય સર્વેને હોય છે. અને તે તે ગોત્રકર્મ પ્રમાણે સર્વ સ્થાવર જીવો ઉચ્ચ-નીચપણું પામે છે.

પૃથ્વીકાયમાં—હીરા, રત્ન, મણિ, મોતી, સોનું, ચાંદી, આરસ વગેરે ઉચ્ચ ગોત્રકર્મના કારણે શુભપણું પામે છે.

અને કાળાપત્થર, કોલસા, લોખંડ વગેરે નીચ ગોત્રકર્મના કારણે નીચપણું-અશુભપણું પામે છે.

અપ્કાયમાં—ગંગા-યમુનાનું જળ, ક્ષીરસમુદ્રનું પાણી, વર્ષાનું પાણી વગેરે ઉચ્ચ ગોત્રકર્મના પ્રભાવે ઉચ્ચપણું, સર્વશ્રેષ્ઠપણું લોકપૂજ્યપણું પામે છે. ગંગાનું જળ તો કેટલું પવિત્ર કહેવાય છે.

એટલે તો '**काशीमरणाद्मुक्तिः**' કાશીમાં મરવાથી મુક્તિ (હિંદુઓમાં) માનવામાં આવી છે. ગંગાની પૂજા નમન વગેરે કરાય છે.

અને લવણસમુદ્રનું ખારું જળ વગેરે, ગટર, ખાળ વગેરેનું જળ નીચગોત્રકર્મને આભારી છે. જે લોકનિન્દ્યપણું પામ્યું છે.

તેઉકાયમાં—અગ્નિકાયમાં પણ એવા ભેદ પડે છે. ઘીનો દીવો વગેરે.

વાયુકાયમાં—ઠંડો, ગુલાબી, મંદ-મંદ વાતો વાયુ એ સારો ઉચ્ચગોત્રનો વાયુ ગણાય છે. પર્વતાદિ પ્રદેશો ઉપર આવી હવા વહેતી હોય છે. જે આહ્લાદક, આનંદદાયક અને પ્રિય લાગે છે. તેથી શ્રેષ્ઠ ઊંચ ગણાય અને તેથી વિપરીત સૂસવાટા મારતો પવન, વંટોળિયો વગેરે નીચગોત્રકર્મના ઉદયવાળા ગણાય છે.

વનસ્પતિકાયમાં—કેરીનું ઝાડ, કલ્પવૃક્ષ, ગુલાબ, જાઈ, કેતકી વગેરે સુગંધી પુષ્પોનાં વૃક્ષ, સુમધુર ફળનાં વૃક્ષો વગેરે સારા ઉચ્ચગોત્રકર્મના ઉદયવાળી વનસ્પતિ કહેવાય છે. તુલસી વગેરે વૃક્ષોનું મહત્ત્વ કંઈ જુદું જ છે, લોકો પ્રદક્ષિણા દઈને પૂજે છે.

એનાથી વિપરીત બાવળ, લીમડા, કાંટાળા થોર વગેરે વનસ્પતિ નીચગોત્રકર્મના ઉદયવાળી ગણાય છે.

આ પ્રમાણે જોતાં એમ જરૂર લાગે છે કે સંસારી સર્વ ગતિ અને જાતિના જીવો ગોત્રકર્મપિશાચગ્રસ્ત છે. અને તેના ઉચ્ચ-નીચના વિપાકો ભોગવે છે.

## મરીચિના ભવમાં બાંધેલું નીચગોત્રકર્મ—

પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનો આત્મા નયસારના પ્રથમ ભવમાં મહામંત્ર નમસ્કારનું ઉત્તમ આરાધન કરીને દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી પુણ્યપ્રભાવે ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતચક્રવર્તીના પુત્રપણે મરીચિ નામે ઉત્પન્ન થયા.

મરીચિએ શ્રી આદીશ્વર પ્રભુ પાસે દીક્ષા દીધી. સાથે જ વિહારાદિ કરે છે, પરંતુ તીવ્ર અસહ્ય ગરમીના કારણે સંયમથી ચલિત થયા, પરિણામો સ્થિર ન રહ્યા. પરંતુ પિતા ચક્રવર્તીના ભયથી ગૃહપ્રવેશ ન કરી શકયા. પરંતુ ત્રિદંડી બનીને રહ્યા. માથે છત્ર, પગમાં લાકડાના ખડાઉ, ભગવાં વસ્ત્ર, વગેરે રીતે ત્રિદંડી બનીને રહ્યા...છતાં પણ વિહાર કરે છે. મનના પરિણામો હજી સારા હતા, તેથી અવારનવાર સર્વેને સાચો ધર્મોપદેશ કરે છે.

એક દિવસ મહારાજા ભરતે પરમાત્મા શ્રી ઋષભદેવને પૂછયું-'હે પ્રભો ! આ પર્ષદામાં આગામી તીર્થંકર થનાર એવો કોઈ ઉચ્ચ આત્મા છે? હે પ્રભુ ! જો હોય તો બતાવો. જેથી હું વંદન-નમન કરી બહુમાન કરું.'

ભગવંતે કહ્યું-'હે ભરત! તારો જ પુત્ર મરીચિ જે છે તે ઉત્તમ પુણ્યશાળી જીવ છે. એ વાસુદેવ થશે, ચક્રવર્તી પણ થશે અને આ જ અવસર્પિણીના અંતિમ તીર્થંકર પણ થશે. ત્રણેય શ્રેષ્ઠ ઉચ્ચ પદવીઓ ભોગવશે.'

પોતાના જ પુત્ર માટે આવી ભવિષ્યવાણી સાંભળી ભરત આનંદિત થયા. હર્ષનો પાર ન રહ્યો. ભરત તુરંત મરીચિ પાસે ગયા, અને મરીચિને પ્રદક્ષિણા દઈ વંદન કરવા લાગ્યા. પણ મરીચિને સાવધાન કરતાં કહ્યું-'હે મરીચિ! આ તમારા ત્રિદંડીપણાને વંદન નથી કરતો; પરંતુ પ્રભુએ કહ્યા મુજબ તમે વાસુદેવ, ચક્રવર્તી અને છેલ્લા તીર્થંકર થવાના છો માટે તમારી શ્રેષ્ઠતાને અત્યારે વંદું છું.'

એમ કહી ત્રણ પ્રદક્ષિણા દઈ વંદીને ભરત તો પાછા વળ્યા. અને આ બાજુ મરીચિ પોતાના વિષે આવી ભવિષ્યવાણી સાંભળી ખૂબ હર્ષમાં આવ્યા, ઊછળ્યા, દંડ–છત્ર હાથમાં લઈ નાચવા લાગ્યા અને પોતાના કુલની પ્રશંસા કરવા લાગ્યા.–'अहो कुलं, अहो कुलं... આહા...હા...મારું કુળ કેટલું ઉત્તમ છે? મારા દાદા તીર્થંકર, મારા પિતા ચક્રવર્તી અને હું પણ વાસુદેવ થઈશ, હું ચક્રવર્તી પણ થઈશ. અરે વાહ!...હું અંતિમ તીર્થંકર પણ થઈશ.

'आद्योऽहं वासुदेवानां, पिता मे चक्रवर्तीनाम् ।
पितामहस्तीर्थकृतामहो मे कुलमुत्तमम् ॥'

—એમ કહેતાં ખૂબ અભિમાનમાં કુળનો મદ કર્યો અને આ કુળમદના કારણે નીચગોત્રકર્મ બંધાયું. આ નીચગોત્રકર્મના કારણે હીન એવા યાચક કુળમાં જન્મ મળ્યો. ત્રીજા ભવ પછી નીચગોત્રકર્મના ઉદયના કારણે પંદરમા ભવ સુધી તો દેવ અને બ્રાહ્મણભવમાં જન્મ લેતા ગયા. બ્રાહ્મણભવમાં પાછા ફરી ત્રિદંડી થાય. ફરી પાછા દેવલોકે જાય. એમ પંદરમા ભવ સુધી ચાલ્યું. નીચગોત્રકર્મના કારણે આટલા ભવો બગડ્યા.

સોળમા ભવે નીચગોત્રકર્મ ઉદયમાંથી ખસ્યું અને રાજકુમાર બનાવ્યા. વિશ્વભૂતિ રાજકુમાર બન્યા. દીક્ષા લીધી....વગેરે પછી ૨૬મા ભવ સુધી એ કર્મ ફરી વચ્ચે ઉદયમાં ન આવ્યું, પરંતુ ખપી પણ નહોતું ગયું; સત્તામાં તો પડયું જ હતું.

૨૬ મો પ્રાણુત નામના દશમા દેવલોકનો ૨૦ સાગરોપમનો ભવ પૂરો કરી ત્યાંથી ચ્યવતા હતા ત્યાં તો એ કર્મ ઉદયમાં આવ્યું અને તુરંત દિશા બદલી નાંખી અને સીધા દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં પટકી નાંખ્યા. કર્મ પોતાની અસર બતાવ્યા વગર નથી છોડતું.

કલ્પસૂત્રમાં જણાવ્યા પ્રમાણે તીર્થંકરો તુચ્છ, દરિદ્ર, કૃપણ, ભિક્ષુક, યાચક, અને હીન કુળમાં આવતા નથી; કારણ તીર્થંકરો

તો ઔદાર્ય ગુણવાળા હોય છે. દીક્ષા લેતા પહેલાં "વરસીદાન" આપે છે. એક એક દિવસ સાડા બાર કરોડ સોનૈયાનું દાન આપે છે. અને યાચક-દરિદ્ર-કૃપણ વગેરે કુળોમાં આવે તો તો આપી કેવી રીતે શકે ? ત્યાં તો માંગવાનો અભ્યાસ છે, આદત છે. એટલા માટે નિયમા તીર્થંકરો ઉચ્ચકુળમાં, ભોગકુળમાં, હરિવંશકુળમાં, રાજકુળમાં જ જન્મે છે.

પરંતુ ભગવાન મહાવીર માટે આ અછેરું બન્યું (આશ્ચર્યકારી બનાવ) ભગવાનને પોતાના નીચગોત્રકર્મના વિપાકે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિએ આવવું પડ્યું-અને ૮૨ દિવસ સુધી એ કર્મ જેટલું શેષ રહ્યું હતું તેટલો કાળ પ્રભુને દેવાનંદાની કુક્ષિમાં રહેવું પડ્યું, અને આ કર્મનો સમય પૂરો થઈ જતાં ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણી, હરિણગમેષી દેવને કહીને ભગવાનનું ગર્ભાપહરણ કરાવી દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલાની કુક્ષિમાં મુકાવ્યા. અને પ્રભુ અંતે રાજકુળમાં, ક્ષત્રિયકુળમાં ઉચ્ચકુળમાં જનમ્યા.

આ હતી નીચગોત્રકર્મની અસર અને આટલો કાળ રહી. ત્રીજા ભવનું બાંધેલું કર્મ ૨૭ મા ભવે પણ ઉદયે આવ્યું. ૨૪ ભવ પછી પણ એ કર્મ ઉદયમાં આવ્યું. એ કર્મે છોડ્યા નહીં. નિકાચિતકર્મ ભોગવ્યા સિવાય છૂટકો નહીં. કાળ કેટલો વીત્યો ?

### ગોત્રકર્મની સ્થિતિ—

**उदहीसरिनामाणं वीसई कोडिकोडिओ ।**
**नामगोत्ताणं उक्कोसा, अट्ठ मुहुत्ता जहन्निया ॥**
**॥ नामगोत्रयोर्विंशतिः ॥, ॥ नामगोत्रयोरष्टौ ॥**

ઉત્તરાધ્યયનસૂત્રમાં તથા તત્ત્વાર્થસૂત્રકાર મહર્ષિ નામ અને ગોત્રકર્મની સ્થિતિ બતાવતાં કહે છે.

ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ–૨૦ કોડાકોડિ સાગરોપમપ્રમાણ કાળની છે, અને ગોત્રકર્મની જઘન્યસ્થિતિ આઠ મુહૂર્ત પ્રમાણ

છે. ઉત્કૃષ્ટસ્થિતિનું બંધાયેલું કર્મ ૨૦ કોડાકોડિ જેટલા કાળ સુધી આત્મા સાથે રહે. અને ઓછામાં ઓછી સ્થિતિ બંધાય તો–આઠ મુહૂર્ત તો ખરી જ. એથી ઓછી સ્થિતિ ન બંધાય.

## ગોત્રકર્મ બાંધવાનાં કારણો—

**गुणपेही[1] मयरहिओ[2], अज्झयणज्झावणारुई[3] निच्चं ।**

**पकुणइ जिणाइभत्तो[4], उच्चं नीअं इअरहा उ ॥**

### ઉચ્ચગોત્રકર્મબંધનાં કારણો

**तद्विपर्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥**

**(૧) પરપ્રશંસા :**
હમેશા પરની પ્રશંસા ગુણ-સ્તુતિ કરવાનું મન થાય, તેવો જ સ્વભાવ હોય તો. તેમ જ ગુણાનુરાગી હોય, પારકાના ગુણો જોઈ આનંદિત થાય, રાજી થાય તો...

**(૨) આત્મનિંદા :**
પોતે પોતાની નિંદા કરવામાં તત્પર હોય, પોતાને પોતાના દોષો જોવા તરફ લક્ષ હોય. અને જે ખોટું છે તે ખોટું જ છે. પોતામાં પડેલા દોષો–દુર્ગુણો ખોટા છે, ખરાબ છે તેવી નિંદા કરવાથી...

### નીચગોત્રકર્મબંધનાં કારણો

**परात्मनिंदाप्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥**

**(૧) પરનિંદા :**
ઈર્ષ્યા, મત્સર અને દ્વેષના કારણે પારકાના ગુણો સહન ન થતાં પરપરિવાદ એટલે પારકાની નિંદા કરવાથી.

**(૨) આત્મપ્રશંસા :**
ક્યારેય પણ પોતે જ પોતાના વખાણ કરવા, પોતાના મોઢે પોતાની પ્રશંસા કરવી. ખોટી બડાઈ હાંકવી વગેરે કારણથી.

**(૩) સદ્‌ગુણોદ્‌ભાવન :**
હીરો ખાળમાં પડ્યો હશે તો પણ હીરો એ હીરો જ છે. ગુણો કોઈના પણ હશે તો ગુણો એ ગુણો જ છે. કોઈના પણ સારા ગુણોને પ્રગટ કરનાર.

**(૩) સદ્‌ગુણ આચ્છાદન :**
બીજાના સારા ગુણોને પણ ઢાંકવા, ઈર્ષ્યા–દ્વેષથી સહન ન થતાં પ્રગટ ન કરવાથી.

**(૪) અસદ્‌ગુણાચ્છાદક :**
અસદ્‌ગુણ એટલે દુર્ગુણ–ખરાબ દોષો....જાણવા છતાં પણ એને પ્રગટ ન કરવા, ઢાંકી દેવા, દબાવી દેવાની ભાવનાવાળો...

**(૪) અસદ્‌ગુણોદ્‌ભાવન :**
અર્થાત્ જે ગુણો નથી તે ગુણો છે એમ કહે છે. દોષોને ગુણ કહીને પ્રગટ કરવા વગેરે કારણથી.

**(૫) ગુણાનુરાગી :**
ગુણોનો રાગ, કોઈના પણ સારા ગુણો પ્રત્યે આકર્ષણ જાગે, ભાવના થાય. જોવા તો ગુણો જ જોવા. પરંતુ દોષો દેખાતા હોય તો પણ ન જોવા એવી ભાવના રાખવાથી....

**(૫) દુર્ગુણ–દોષ જોનાર :**
એવી જ છિદ્રાન્વેષી દૃષ્ટિ અને એવો સ્વભાવ ઘણાનો પડી જાય છે કે પછી એ વ્યક્તિને દોષો જ દેખાય. જેમ કમળા – પીળીયાવાળાને બધું પીળું જ દેખાય તેમ. કાળા ચશ્મા પહેર્યા હોય તો બધું કાળું જ દેખાય એવી રીતે છિદ્રાન્વેષીને બધામાં દોષો–દુર્ગુણો જ દેખાય.

**(૬) અષ્ટ મદ રહિત :**
જાતિ, લાભ, કુળાદિ આઠેય પ્રાપ્ત થવા છતાં પણ તેનું સહેજે અભિમાન ન કરવાથી.

**(૬) અષ્ટમદ–કારક :**
જાતિ, લાભ, કુળ, આદિના આઠ મદ કરનારને પણ નીચ-ગોત્રકર્મ બંધાય.

## ૭. અધ્યયન અધ્યાપનની રુચિ :

પોતે ભણવું તથા બીજાને ભણાવવાની રુચિવાળા જીવો ઉચ્ચગોત્ર બાંધે. મનમાં સહેજે પણ ઈર્ષ્યા-મત્સર નથી. ભણવા અને ભણાવવાનો જ ભાવ પ્રધાન-પણે હોય તો.

## ૮. જિનાદિની ભક્તિમાં તત્પર :

જિનેશ્વર પરમાત્મા, સિદ્ધ ભગવંત, સાધુ, સાધર્મિક બંધુ આદિની ભક્તિ, સેવા, વૈયાવચ્ચ કરવાની રુચિવાળા જીવો, એમાં તત્પર જીવો, જિનાદિની સતત ભક્તિ કરનારા એના નિયમાદિ-વાળા જરૂર ઉચ્ચગોત્રકર્મ બાંધે.

જિનવરને પૂજતા,
ઉચ્ચગોત્ર બંધાય ।
ઉત્તમ કુળમાં અવતરી,
કર્મરહિત તે થાય ॥

જ્ઞાની ગુરુની સેવા કરવાથી, અણુવ્રતાદિ વ્રત-નિયમ-પચ્ચ-ક્ખાણ ધારણ કરવાથી.

## ૭. અધ્યયન-અધ્યાપનની રુચિનો અભાવ :

ન તો ભણવાની ભાવના થાય અને ન તો ભણાવવાની ઇચ્છા થાય. ઘણા જીવોમાં એકનો, તો ઘણામાં બન્નેનો અભાવ જણાય. એવા જીવો પણ નીચ ગોત્રકર્મ બાંધે.

## ૮. જિનાદિની ભક્તિનો અભાવ :

જિનેશ્વર પરમાત્મા, સિદ્ધ ભગવંત, સાધુ, સાધર્મિકાદિની ભક્તિ, સેવા, વૈયાવચ્ચ કરવાની ઇચ્છા જ ન જાગે, પ્રસંગ હોવા છતાં ભાવના ન થાય. એથી વિપરીત વર્તતો હોય તો, જિનાદિની હીલના, અપભ્રાજના, નિંદાદિ કરતો હોય, અવહેલના કરતો હોય તો...

જિનવરને નિંદતાં,
નીચગોત્ર બંધાય ।
નીચ કુળમાં અવતરી,
કર્મસહિત તે થાય ॥

**૯. નમ્રતા-વિનયગુણ :**
નમ્રતાનો ગુણ હોય અને વિનયનો સ્વભાવ હોય, સર્વ સાથે નમ્રભાવે, વિનયનો વ્યવહાર કરવાથી ઉદ્ધતાઈથી ન વર્તવાથી અભિમાનરહિત ભાવે વર્તવાથી-ઉચ્ચ ગોત્રકર્મ બાંધે.

**૯. ઉદ્ધતાઈના કારણે :**
અભિમાન ઘમંડ ભયંકર હોય, નમ્રતા અને વિનય વિવેકનો છાંટો પણ ન હોય. અને નાના-મોટાનો વિવેક ન રાખતાં ઉદ્ધતાઈથી વર્તનાર નીચગોત્રકર્મ બાંધે.

ઉપરોક્ત ગોત્રકર્મના આશ્રવ હેતુઓ પરસ્પર વિરુદ્ધભાવવાળા છે. નીચગોત્રકર્મનાં જે કારણો છે તેનાથી નીચ ગોત્રકર્મ બંધાય છે. અને તેનાથી વિપરીત ઉચ્ચ ગોત્રબંધના આશ્રવ હેતુઓ છે, તેનાથી જીવ ઉચ્ચગોત્રકર્મ બાંધે છે. સંસારમાં જીવો ભિન્ન ભિન્ન સ્વભાવવાળા હોય છે. અને તેથી જ તે તે પ્રવૃત્તિ-સ્વભાવાદિ દ્વારા તે તે કર્મ બાંધે છે અને પરિણામે તે તે કર્મના વિપાકો ભોગવવાનો વખત આવે છે. આ બંને કારણો આપ્યાં છે. બહુ સારી રીતે વિચાર કરીને નીચગોત્ર બંધાવનાર કારણો જાણીને તેનાથી બચવું ટળવું; અને ઉચ્ચગોત્રકર્મ બંધાવનાર કારણોને લક્ષમાં રાખીને સેવવાં, આચરણમાં મૂકવાં જેથી ઉચ્ચગોત્રકર્મ બંધાય અને તેના સારા વિપાક મળે. જેવાં ફળ જોઈતાં હોય તેવાં કારણોનું સેવન કરવું.

**ઉચ્ચ-નીચ ગોત્રકર્મના વિપાકે મળતા ભાવો :**

"आर्यदेश-सुजाति-कुलस्थान-सत्कारैश्वर्याद्युत्कर्षसम्पादकत्वमुच्चैर्गोत्रकर्मणो लक्षणम् '

—અર્થાત્-આર્યદેશ, સારી જાતિ, સત્ કુલ, ઉચ્ચ સ્થાન, ઉચ્ચ પદવી અને માન-પાન સત્કાર તથા ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિ આદિ ઐશ્વર્યાદિની પ્રાપ્તિ જીવને ઉચ્ચ ગોત્રકર્મના કારણે પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કે—**सद्द्रव्यं सत्कुले जन्म, सिद्धक्षेत्र समाधयः ।**
**संघश्चतुर्विधो लोके, सकारा पंच दुर्लभा : ॥**

પાંચ સકારો જીવને દુર્લભ છે-૧. સારી સંપત્તિ-સદ્દ્રવ્ય, અને ૨. સારાકુળમાં જન્મ થવું, (ધર્માદિ સંસ્કારી કુળ પ્રાપ્ત થવું), ૩. સિદ્ધક્ષેત્ર-શત્રુંજયનાં દર્શન, તથા ૪. સમાધિ અને ૫. ચતુર્વિધ સંઘની પ્રાપ્તિ આ પાંચ સકાર (સ અક્ષરથી શરૂ થતા ભાવો) મળવા દુર્લભ છે.

**"चाण्डालमुष्टिकव्याधमत्स्यबन्धदास्यादिभावसम्पादकत्वं नीचैर्गोत्रस्य लक्षणम्"** ।

જેનાથી ચણ્ડાળ કુળમાં ઉત્પન્ન થવું, મુષ્ટિક, શિકારી, માછીમાર, નોકર, ચાકર ઇત્યાદિ પ્રાપ્ત થાય છે તે નીચગોત્રકર્મના કારણે મળે છે.

નીચગોત્રકર્મના ઉદયે જીવ માતંગ (ઢેડ) થાય છે. હલકી જાતિમાં ઉત્પન્ન થાય છે. અને ગટર-ખાળ વગેરે સાફ કરવાનાં કામો કરવાં પડે છે. હરિજનાદિ અસ્પૃશ્ય થઈને દુર્ગંછા ઉપજે એવાં કામો કરવાં પડે છે.

માળી, ગોવાળ, તેલી-ઘાંચી, કોળી, મોચી, ભંગી વગેરેપણું મનુષ્યગતિમાં પણ નીચગોત્રકર્મના કારણે પામે છે. અને તે કારણે તેવાં કાર્યો કરવાં પડે છે. તિર્યંચ ગતિમાં તો ભૂંડ-ડુક્કર, શિયાળ, વગેરે થઈને મનુષ્યોની વિષ્ટાદિ ખાવાં વગેરે દુઃખો સહન કરવાં પડે છે.

નીચગોત્રકર્મના કારણે યાચક, દરિદ્ર, ભિક્ષુક, કૃપણ, રાંક, કોળી વગેરે કુળોમાં જન્મ લેવા પડે છે.

જ્યારે ઉચ્ચગોત્રકર્મના ઉદયે જીવને જાતિ-કુળ વગેરે સારાં મળે છે. ઉચ્ચ લોકપ્રશસ્ય કુળ-જાતિમાં જન્મ મળે. આચાર્ય-ઉપાધ્યાયાદિ પદવી મળે છે. સાધુપદવી પ્રાપ્ત થાય, કારણ કે

નીચગોત્રકર્મનો ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી જ છે. સાધુ થયા પછી નીચગોત્રપણું નથી રહેતું. સાધુ થઈ ગયા એટલે ઘર-બારના ત્યાગી અણગાર બન્યા. એટલે સાધુને જાતિ-કુળ વગેરે ન પુછાય. કહ્યું છે કે--

**जाति न पूछियो साधु की, पूछ लीजियो ज्ञान ।**
**मोल करो तलवार का, पडा रहन दो म्यान ॥**

જેમ બજારમાં જઈએ ત્યારે તલવાર ખરીદતી વખતે તલવારની કિંમત કરાય છે, કારણ કે ઉપયોગમાં તલવાર આવવાની છે. માટે ધાર જોઈને તલવારની કિમત થાય, નહીં કે-મ્યાન (તલવાર રાખવાના ખોખા) ની. એ જ પ્રમાણે સાધુ મહાત્મા મળે ત્યારે સાધુને જ્ઞાન વગેરે પુછાય, જેનાથી જ્ઞાન વધે તેવા જિજ્ઞાસાજન્ય પ્રશ્નો પૂછવા; નહીં કે સાધુને જાત-નાત-કુળ વગેરે. તે પૂછવાનો કંઈ જ અર્થ નથી.

ઉચ્ચગોત્રકર્મના કારણે શ્રેષ્ઠ સત્તા-પદવી પ્રાપ્ત થાય. માન-પાન મળે મોટાઈ મળે. જિનેશ્વરો આદિ, ઉગ્ર-કુળ, ભોગકુળ, રાયકુળ, ક્ષત્રિયકુળ, હરિવંશકુળ વગેરેમાં જન્મ મળે. દેવલોકમાં ઇન્દ્રપણું મળે.

વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ, ચક્રવર્તીપણું, તીર્થંકરપણું વગેરે ઉચ્ચગોત્રકર્મના કારણે પ્રાપ્ત થાય છે.

ઉચ્ચગોત્રકર્મવાળામાં પ્રમુખપણે ધર્માદિની આરાધના જોવામાં આવે છે. પ્રમાણમાં નીચગોત્રકર્મવાળામાં ધર્માદિની પ્રવૃત્તિ જોવામાં ઓછી આવે છે.

સર્વત્ર ઉચ્ચગોત્રકર્મના કારણે જીવ સર્વ સારા ઊંચા ભાવો પ્રાપ્ત કરે છે, જ્યારે નીચગોત્રકર્મના કારણે તે જ હીન, ઓછા તથા નીચા ભાવો પ્રાપ્ત થાય છે.

**આઠ મદ—**

**जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।**
**कुर्वन् मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥**

જાત્યાદિ–૮

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| જાતિ | લાભ | કુળ | ઐશ્વર્ય | બલ | રૂપ | તપ | શ્રુત |

આ જાત્યાદિ આઠ ઉચ્ચગોત્રકર્મના વિપાકે જીવને શુભ રૂપે મળે છે. એટલા માટે ઉચ્ચગોત્રકર્મની પુણ્યપ્રકૃતિ તરીકે ગણતરી થાય છે. પરન્તુ આ પ્રાપ્ત થતાં જો જીવ એનું જ ફરી અભિમાન કરે તો એ જ વસ્તુઓ ફરીથી હીનપણે પ્રાપ્ત થાય છે. એવો Tit for tatનો કર્મનો સ્વભાવ છે. માટે આ આઠ પ્રાપ્ત થાય તો પણ અભિમાન ન કરવું. અને અભિમાન આ આઠનું જ થાય છે, આનું જ કરી શકાય છે. આ આઠનો મદ કરનારના દૃષ્ટાંતો જોઈએ.

| **આઠ મદ** | ⟶ | **કરનાર વ્યક્તિ** |
|---|---|---|
| ૧. જાતિ મદ— | | ૧. હરિકેશી મુનિ |
| ૨. લાભ મદ— | | ૨. સુભૂમ ચક્રવર્તી |
| ૩. કુળ મદ— | | ૩. મરીચિ |
| ૪. ઐશ્વર્ય મદ— | | ૪. દશાર્ણભદ્ર |
| ૫. બલ મદ— | | ૫. શ્રેણિક મહારાજા |
| ૬. રૂપ મદ— | | ૬. સનત્કુમાર ચક્રવર્તી |
| ૭. તપ મદ— | | ૭. કુરગડુ મુનિ |
| ૮. શ્રુત મદ— | | ૮. સ્થુલિભદ્ર મુનિ |

**(૧) જાતિમદ**—સુંદર જાતિ, લોકપૂજ્ય, લોકમાન્ય, લોકમાં પ્રસિદ્ધ શ્રેષ્ઠ જાતિ પણ જીવોને ઉચ્ચગોત્રકર્મના કારણે પ્રાપ્ત થાય છે. પરંતુ બધા જ જીવોને તે મળી જાય છે એવું નથી હોતું. સંસારમાં હીન, હલકી જાતિઓ પણ છે, અને જીવો એ જાતિમાં પણ જન્મે છે. પરંતુ સારી ઉચ્ચ જાતિમાં જન્મેલાએ બીજાની હલકી જાતિ જોઈને અભિમાન પણ ન કરવું જોઈએ. અને હલકી જાતિવાળાએ બીજાની ઉચ્ચ જાતિ જોઈને ઈર્ષ્યા–દ્વેષ પણ ન કરવો.

હરિકેશીમુનિ તથા મેતાર્યમુનિ જેવા જાતિમદના કારણે હલકી ચંડાળજાતિમાં જનમ્યા.

**હરિકેશી મુનિ**—મથુરા નગરીના રાજા શંખે દીક્ષા લીધી. ચારિત્રધર્મની આરાધના કરતા હતા. વિહાર કરતા શંખમુનિ હસ્તિનાપુર નગરીમાં પધાર્યા. રસ્તો ખબર ન હોવાથી માર્ગમાં મળેલા એક "સોમદેવ" નામના પુરોહિતને રસ્તો પૂછ્યો... પુરોહિતે માર્ગ બતાવ્યો...અને અંતે મુનિ શંખ મહારાજના ઉપદેશથી પ્રતિબોધ પામી "સોમદેવ પુરોહિતે" મુનિ પાસે દીક્ષા લીધી...ઘણાં વર્ષો સુધી ચારિત્ર પાળે છે, પરંતુ બ્રાહ્મણ પુરોહિત તરીકે હું ઊંચો, અમારી જાતિ જ શ્રેષ્ઠ ગણાય, બીજી બધી જાતિ તો હલકી ગણાય....વગેરે બોલતા. જાતિનું અભિમાન કર્યું અને આ "જાતિમદ" કરવાથી તેમણે નીચગોત્ર કર્મ બાંધ્યું. સોમદેવમુનિ ચારિત્ર પાળી સ્વર્ગે ગયા. અને બાંધેલા નીચગોત્ર-કર્મના કારણે ફરીથી અવતરતા ગંગાનદીના કાંઠે બલકોટ નામના ચંડાળના ઘરે તેની "ગૌરી" પત્નીની કુક્ષિમાં જનમ્યા અને "હરિકેશી" એવું નામ પડયું. અને હરિ કેશીને પૂર્વજન્મનું જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્યભાવ જાગ્યો. દીક્ષા લીધી અને સાથે

સાથે જાતિમદથી નીચગોત્ર કર્મ બાંધ્યું છે એ પણ ખ્યાલ આવતાં સંયમના માર્ગે વધુ દ્રઢ થયા.

**મેતાર્યમુનિ**—સાકેતપુર નગરના રાજા ચંદ્રાવતંસક કે જેનું કાયોત્સર્ગમાં એકાગ્રતા, તલ્લીનતા રાખવા તરીકે નામ પ્રસિદ્ધ હતું. તેમને "સાગરચંદ્ર" અને "મુનિચંદ્ર" બે પુત્ર હતા. સાગરચંદ્રે દીક્ષા અંગીકાર કરી. તે વિહાર કરતા ઉજ્જયિની નગરીમાં પધાર્યા. ત્યાં રાજકુમાર અને પુરોહિતપુત્ર બંનેને પ્રતિબોધ આપી દીક્ષા આપી.

પુરોહિતપુત્ર બ્રાહ્મણ હતો તેણે ચારિત્રમાં એવું અભિમાન સતત રહેતું હતું—'અરે! બ્રાહ્મણ કરતાં વળી બીજો શ્રેષ્ઠ કોણ હોઈ શકે?' હું બ્રાહ્મણ છું, મારી જાતિ બધા કરતાં ઊંચી અને બીજા બધા હલકી જાતિના. આવા જાતિમદના પરિણામોમાં તેમણે નીચગોત્રકર્મ બાંધ્યું અને તે કર્મના વિપાકે સ્વર્ગમાંથી ચ્યવી રાજગૃહી નગરીમાં "મહેર" નામના ચંડાળના ઘરમાં "મેતી" નામે તેની ચંડાળણી પત્નીની કુક્ષિએ ઉત્પન્ન થયા. નીચગોત્ર કર્મ બાંધ્યું હતું તેના પરિણામે ચંડાળ કુળમાં ઉત્પન્ન થવું પડયું અને લોકમાં ચંડાળપુત્ર તરીકે હીલના પામ્યો...અંતે મિત્રદેવના કારણે વૈરાગ્ય પામ્યો અને ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા લઈ મેતાર્ય મુનિ બન્યા. મુનિપણું પામ્યા પછી જાતિકુળનું નીચપણું નથી રહેતું. સાધુ તો સર્વને પૂજ્ય. નવ પૂર્વનો અભ્યાસ કરી જિનકલ્પપણું અંગીકાર કરી માસક્ષમણની તપશ્ચર્યા કરતા. સોનીના ઘરે પારણું કરવા આવ્યા. અને તેજ ક્ષણે ક્રૌંચ પક્ષી સોનીના સોનાના જવલા ચણી ગયો. સોનીએ મેતાર્ય મુનિને ઉપસર્ગ કર્યો. પરંતુ સમતાભાવે રહી મુનિ ક્ષપકશ્રેણિએ ચઢી કર્મક્ષય કરી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

**(૨) લાભમદ**—હસ્તિનાપુરના રાજા કૃતવીર્યના પુત્ર સુભૂમ ચક્રવર્તી બન્યા. પરશુરામે પ્રથમ સાત વાર પૃથ્વી ક્ષત્રિયરહિત (નિઃક્ષત્રી) કરી હતી તેના વૈરનો બદલો વાળવા અને પિતૃહત્યાનું વૈર લેવા સુભૂમે પરશુરામને પણ પોતાના ચક્રરત્નથી મારી નાખ્યો. ધનસંપત્તિ, રાજ્ય અને સત્તાની ખાતર સંસારમાં વર્ષોથી આ જ ચાલતું આવ્યું છે.

સુભૂમે ભરતક્ષેત્રના ૬ ખંડ સાધ્યા. અને ચક્રવર્તી બન્યો. પરંતુ એને લોભ જાગ્યો. અરે ૬ ખંડ તો બધા ચક્રવર્તી સાધે છે, અને તે જ મેં પણ સાધ્યા છે, તો એમાં નવાઈ શું ? મારે તો ધાતકીખંડના બીજા પણ ભરત વગેરે ક્ષેત્રો જીતવા જોઈએ, તો કંઈક લાગે કે હું ચક્રવર્તી બન્યો છું ! આવો વિચાર કરી પોતાના સૈન્ય સાથે તૈયાર થઈ લવણસમુદ્રના કાંઠે આવ્યો. પરંતુ દેવવાણીમાં ના પાડવામાં આવી. 'હે સુભૂમ ! ચક્રવર્તીના નિયમ પ્રમાણે તમે ૬ ખંડ સાધી લીધા છે. માટે હવે લોભ કરશો નહીં. ૬ ખંડનો તમને જે લાભ થયો છે તેમાં જ સંતોષ રાખો. આગળ વધશો નહીં.'

પરન્તુ લોભી કોનું માને, કોનું સાંભળે ? તે આગળ વધ્યો. અને દેવતાઓએ સાથ ન આપ્યો. દેવતાઓએ તેને પાડયો. છેવટે ૨ લાખ યોજનના વિસ્તારવાળા લવણસમુદ્રમાં પડીને સુભૂમ ચક્રવર્તી મૃત્યુ પામીને સાતમી નરકે ગયો. સાતમો ખંડ મેળવવા જતાં તો સાતમી નરક મળી. ભયંકર લોભનું પરિણામ વિપરીત જ આવ્યું.

**(૩) કુળ મદ—**

કુળનો મદ કરીને મરીચિએ ભવપરંપરા બગાડી. નીચગોત્ર-કર્મ બાંધી સત્તાવીશમા ભવે પણ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં રહેવું પડયું.. ( વગેરે હકીકત પૂર્વે આપણે જોઈ ગયા છીએ )

## (૪) ઐશ્વર્ય (ઋદ્ધિ-સિદ્ધિ) મદ—

દશાર્ણનગરીનો રાજા દશાર્ણભદ્ર ભગવાન મહાવીરપ્રભુને વંદન કરવા નીકળ્યો. દશાર્ણભદ્રને મનમાં થયું,-'અરે! આજ સુધી કોઈએ પણ ન કરી હોય તેવી ઋદ્ધિ-સિદ્ધિ સાથે અદ્ભુત ઐશ્વર્ય સાથે હું પ્રભુના દર્શન કરવા જાઉં.' એટલે ૧૮ હજાર હાથી, ૨૪ લાખ ઘોડા, ૨૧ હજાર રથ, ૯૧ કરોડ પૈદલ સૈન્ય, ૧૬ હજાર ધ્વજાઓના મોટા રાજશાહી આડંબરસહિત પ્રભુના દર્શને નીકળ્યો.

પરન્તુ સૌધર્મ ઇન્દ્રને અવધિજ્ઞાનથી આ હકીકતની ખબર પડી. એટલે ઇન્દ્રમહારાજા પણ દશાર્ણભદ્રનો મદ ઉતારવા ડબલ ઋદ્ધિ-સિદ્ધિ વિકૂર્વીને તે પણ પ્રભુના દર્શને આવ્યા. બન્ને સમવસરણ પાસે આવ્યા. ખરેખર! ઇન્દ્રની ઋદ્ધિ-સિદ્ધિ જોઈને દશાર્ણભદ્રનું અભિમાન ઊતરી ગયું. અને તેથી રાજાએ વિચાર કર્યો કે આવી રીતે ઋદ્ધિ-ઐશ્વર્ય વિકૂર્વીને તો હું ઇન્દ્રને હરાવી શકું તેમ નથી. તો એના કરતાં તો આ બધી ઋદ્ધિ-સિદ્ધિ ઐશ્વર્ય ત્યાગ કરીને દીક્ષા લઈને સાચા સંયમના ભાવથી જ ભગવાનને વંદન કરું તો કેટલું સારું. અને દશાર્ણભદ્ર રાજાએ તેમ જ કર્યું. પ્રભુ પાસે દીક્ષા લીધી, ઓઘો હાથમાં લઈ સાચા ભાવથી ભગવંતને વંદન કર્યાં.

આ જોઈને ઇન્દ્ર આશ્ચર્યમાં પડ્યો. અને નૂતન મુનિ એવા દશાર્ણભદ્રને વંદન-નમન કરી કહ્યું 'હે મુનિ! ખરેખર તો તમે જ જીત્યા છો, હું હાર્યો છું. સાચાં દર્શન-વંદન તો આ બધું ત્યાગ

કરીને તમે જ કરી શક્યા છે. હું તે ત્યાગ નથી કરી શક્તો, માટે હું હાર્યો છું, તમે જીત્યા... તમે જ સાચા વિજયી બન્યા, ધન્ય છે.

**(૫) બલમદ**—મહારાજા શ્રેણિકે બળને મદ કરી શિકાર કર્યો. શિકારમાં તીર વાગતાં જ ગર્ભિણી હરિણી વિંધાઈ ગઈ, મૃત્યુને શરણે થઈ. અંતે શ્રેણિકે બળને મદ કર્યો. 'અહા...હા...કેવી શક્તિ? ! મારું કેવું બળ? એક જ તીરે અચૂકપણે એને ઘાત કર્યો.'

આ પ્રમાણે અભિમાન કરતાં કરતાં નરકમાં જવા યોગ્ય આયુષ્યકર્મ તથા નરકગતિ કર્મ બંધાયું અને મહારાજા શ્રેણિકને પ્રથમ રત્નપ્રભા નરકમાં જવું પડયું. ત્યારપછી ધર્મ પામ્યા, તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું; પરન્તુ પહેલાં જે કર્મ નિકાચિત થઈ ગયું તેનું શું? તે તે ભોગવ્યા વિના ચાલે તેમ જ નથી. એક સામાન્ય વાતમાં કર્મ કેવું નિકાચિત બંધાઈ ગયું? રાજા જેવા રાજા શ્રેણિક અને એક ગર્ભિણી હરિણીને શિકાર કરીને પોતાના બળ (શક્તિ) ને મદ–અભિમાન કરે છે. પરિણામે નરકમાં પટકાઈ ગયો.

હિટલર, ચર્ચિલ, લેનિન, મુસોલિન, યાહ્યાખાન અને સિકંદર જેવા માંધાતા સમ્રાટે વિશ્વ ઉપર રાજ્ય કરવાના સ્વપ્નાંઓ જોતા હતા... ભયંકર યુદ્ધો ખેલ્યાં. દ્વિતીય વિશ્વયુદ્ધ વગેરેની ઘણી વાતે આજે પણ તાજી થાય છે. આપણે સ્પષ્ટ જાણીએ છીએ કે હિટલર જેવાને કેવી રીતે ઝેર પીને મરવું પડયું? ઈતિહાસ આ વાતને સાક્ષી છે.

સિકંદર જેવા સમ્રાટને પણ મૃત્યુને શરણે થઈને ખાલી હાથે જવું પડયું.

યુદ્ધ છેડનાર કાકાને તેના ભત્રીજા ભોજકુમારે ચિઠ્ઠીમાં લખીને સમાચાર મોકલ્યા. "માંધાતા જેવા મોટા મહારથી રાજાઓ પણ ખાલી હાથે ચાલ્યા ગયા તેમની સાથે તો પૃથ્વી ગઈ નથી અને મને લાગે છે કે તમારી સાથે તો પૃથ્વી ચોક્કસ આવશે. તમે તો પૃથ્વી જરૂર સાથે લઈ જશો. માટે જ આટલી પૃથ્વી તમારી પાસે હોવા છતાં પણ મારી પૃથ્વીને પડાવવા તમે યુદ્ધે ચઢ્યા છો ?" બસ, આટલા શબ્દોથી કાકાની આંખ ઊઘડી ગઈ અને યુદ્ધ બંધ કર્યું. આટલી વાતમાં આંખો ખોલનાર મદ અને નશો ઉતારનાર ઘણું મોટું રહસ્ય હતું.

**(૬) રૂપમદ**—મળેલી પૌદ્દગલિક કાયાને થોડુંક ગોરું રૂપ મળે એટલે ઘણાને અભિમાન જાગે છે. એ તો વર્ણ નામકર્મના શુભ-અશુભ ભેદો પ્રમાણે જીવોને સારું ખરાબ રૂપ મળે છે, તેમાં વળી અભિમાન કરવાની જરૂર શું ? અને મળ-મૂત્રની અશૂચિથી ભરેલી કાયા ઉપર વળી અભિમાન કરવાનું હોય જ શેનું ? આપણે પૂર્વે સનત્ કુમારની કથા જોઈ ગયા છીએ. સનત્ કુમારે પોતાના રૂપનું અભિમાન કેવું કર્યું હતું ? પોતાનું રૂપ દેવતાઓને બતાવવામાં એણે કેટલો મદ કર્યો. પરન્તુ દેવતાઓએ રાજ્યસિંહાસને બેઠેલા સનત્‌ની પ્રશંસા ન કરી, રૂપને ન વખાણ્યું, વખાણવાળાના બદલે વખોડયું; એટલે સનત્‌ની આંખો ખૂલી. તેણે ૬ ખંડનો રાજવૈભવ તજી દીધો, દીક્ષા લીધી. સનત્ ચક્રવર્તી સનત્ મુનિ બન્યા. તપ-ત્યાગ અને વૈરાગ્યના ભાવમાં કાયાની શુશ્રુષા અને મોહ તજી દઈ દેહભાવરહિત બન્યા. ઘણા રોગો ઉત્પન્ન થયા છતાં પણ સમતાભાવે સહન કર્યા. પોતાની પાસે રોગનિવારક શક્તિ તો ગજબની હતી. થૂંક

લગાડતાં જ કાયા કંચન જેવી થઈ જાય... થોડી આંગળી તો દેવતાઓ સમક્ષ કરી બતાવી પરન્તુ બીજું કોઈ અંગ નહીં. સમતાભાવે સહન કરી આત્મકલ્યાણ સાધી ગયા.

આજે પણ દુનિયામાં કાળા–ગોરાનો સંઘર્ષ વિદેશની ધરતી ઉપર ચાલે જ છે. ગોરાઓને પોતાના ગોરાપણાના રૂપનું ભારે અભિમાન હોય છે. ગોરી રૂપાળી સ્ત્રીઓને પણ આ અભિમાન પાડનાર બને છે. રૂપનો મદ ન કરવાનું કર્મગ્રંથકાર મહર્ષિ જણાવે છે.

બાહુબલી જેવા મહાત્મા અભિમાનમાં બાર મહિના સુધી કાયોત્સર્ગધ્યાનમાં ઊભા રહ્યા. અંતે બહેન સાધ્વીઓનાં વચનો સાંભળ્યાં. "વીરા મારા ગજ થકી ઊતરો! ગજ ચઢે કેવળ ન હોય રે!..." બસ, આટલા જ શબ્દોની જરૂર હતી. આ શબ્દોની જાદુઈ અસર થઈ અને બાહુબલી વાંદવા જવા પગ ઉપાડે છે. ત્યાં તો..."પગ ઉપાડ્યો રે....વાંદવા...ઉપન્યું કેવળજ્ઞાન..." બાહુબળી મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

જેણે અભિમાન તજ્યું તેઓ તર્યા અને જેણે અભિમાન કર્યું તેઓ ડૂબ્યા–પડ્યા.

**(૭) તપમદ**—ઘણા ભાગ્યશાળીઓ બહુ સારી રીતે સહેલાઈથી રમતમાં સારી–મોટી તપશ્ચર્યા કરી શકતા હોય છે. જ્યારે ઘણા જીવો ક્ષુધાવેદનીયકર્મના ઉદયે કહો યા અંતરાય કર્મના કારણે કહો, તપશ્ચર્યા નથી પણ કરી શકતા. કુરગડુ જેવા મુનિ બિલકુલ તપશ્ચર્યા કરી નહોતા શકતા. છતાં પણ સમતાનો ભાવ ખૂબ ઊંચો હતો. તો એ કુરગડુ મહાત્મા પણ કેવળજ્ઞાન પામી તરી ગયા. તપ કરનારાએ ન કરનારા પ્રત્યે જોઈને પણ અભિમાન ન કરવું. પોતાથી સારી રીતે થાય છે, એથી તપનું અભિમાન

પણ ન કરવું. નહીંતર એ તપ મદના કારણે નીચગોત્રકર્મ પણ બંધાઈ જાય અને પછી તપ થાય જ નહીં

**(૮) શ્રુતમદ**—આ છે શ્રુતમદ. જ્ઞાનનું અભિમાન-વધુ ભણેલાએ જ્ઞાન-શ્રુતનું અભિમાન પણ ન કરવું. સ્થુલિભદ્ર મુનિએ સિંહનું રૂપ કરીને બહેનોને બતાવ્યું. અને સેણા, વેણા, રેણા વગેરે સ્થુલિભદ્ર મુનિની બહેનો ભદ્રબાહુ સૂરિની આજ્ઞાથી વંદન કરવા આવી. ત્યાં તો સ્થુલિભદ્ર મુનિએ સિંહનું રૂપ કર્યું. બહેનો તો જોઈને જ ગભરાઈ ગઈ, ડરીને પાછી ગઈ. ભદ્રબાહુ સૂરિના કહેવાથી પાછી ગઈ. વંદન કર્યાં....પરંતુ ભદ્રબાહુસૂરિ સ્થુલિભદ્ર-મુનિનો આ શ્રુતમદ-અભિમાન જાણીને આશ્ચર્ય પામ્યા. 'આવા દશપૂર્વી જેવા મુનિ પણ જો ગંભીર ન બને અને અભિમાન કરે...અરે રે...! આ કેવો અવસર્પિણીકાળનો પ્રભાવ છે?'-એમ વિચાર કરી પડતા કાળની અસર જોઈને શ્રુતમદ કરનારા મુનિ સ્થુલિભદ્રને આગળના પૂર્વો ન શિખવાડયાં. પછી સંઘના આગ્રહથી શેષ ચાર પૂર્વો સૂત્રથી આપ્યાં, પણ અર્થથી ન આપ્યાં...આ છે શ્રુતમદનું પરિણામ.

**रूपलाभकुलविक्रमविद्याश्रीतपोवितरणप्रभुताद्यैः ।**
**किं मदं वहसि वेत्सि न मूढानन्तराः स्म भृशलाघवदुःखम् ॥**

—અધ્યાત્મકલ્પદ્રુમમાં મુનિ સુંદરસૂરિ મહારાજ જણાવે છે કે હે જીવ! અનન્તીવાર આવા અભિમાન-મદ કરીને તેં લઘુતા-હીનતાનાં ઘણાં દુઃખો સહન કર્યાં છે તો પછી હવે શા માટે આ રૂપ-લાભાદિનું અભિમાન કરે છે?

**भमइ अणंतं कालं, तम्हाओ मए विवज्जिज्जा ॥**

—આ મદના કારણે અનન્ત કાળ સંસારમાં ભટકવું પડે છે, માટે તેનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે.

卐

卐 સૌજન્ય 卐

## શેઠશ્રી જયંતિલાલ મફતલાલ શાહ ખીમતવાલા

તથા

## શેઠશ્રી ચન્દુલાલ કચરાલાલ શાહ

**નાનપુરા—સુરત**

**ના સૌજન્યથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.**


પ્રકાશક :—**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ-૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ**-૪૦૦ ૦૦૨.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત
સચિત્ર જાહેર વ્યાખ્યાનમાલા

મુખ્યવિષય→ 'કર્મ તણી ગતિ ન્યારી....'

પ્રવક્તા→ પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

| પ્ર. આસો સુદ ૧૫ | વ્યાખ્યાન ૧૩ મું | રવિ તા. ૩-૧૦-૮૨ |
|---|---|---|

# વિષય: સુખ-દુ:ખનું કારણ → વેદનીયકર્મ

વ્યાખ્યાતા: પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
અવતરણકાર: કપિલરાય નાનાલાલ ઠાકુર

---

**वेयणीयं पि य दुविहं, सायमसायं च आहियं ।**
**सायस्स उ बहू भेया, एमेव असायस्स वि ॥**

ચરમતીર્થપતિ પરમાત્મા શ્રીમહાવીરપ્રભુની અંતિમદેશનારૂપ આગમગ્રંથ એવા શ્રીઉત્તરાધ્યયનસૂત્રના કમ્મપયડી નામના તેત્રીસમા અધ્યયનમાં વેદનીયકર્મનું સ્વરૂપ જણાવતાં ફરમાવે છે કે....

વેદનીયકર્મ પણ બે પ્રકારે છે. એક શાતાવેદનીય અને બીજું અશાતાવેદનીય. શાતાવેદનીયકર્મના પણ બહુ ભેદો છે, અને એ જ પ્રમાણે અશાતાવેદનીયકર્મના પણ ઘણા ભેદો છે.

આ શાતા અને અશાતા શું છે? સુખ અને દુઃખ શું છે તેનો થોડો વિચાર આજે આપણે અહિંયા કરવો છે.

અનાદિ–અનન્તકાળથી આ સંસારના ચોર્યાસીના ચક્કરમાં જનમ–મરણ કરતો જીવ પરિભ્રમણ કરી રહ્યો છે. અનંતી વાર નરકમાં ગયો, અનંતી વાર સ્વર્ગ–દેવગતિમાં ગયો. તિર્યંચના ભવો પણ અનંતા કર્યા. અને મનુષ્યગતિ પણ આજે કંઈ નવી નથી પામ્યો. અનંતી વાર મનુષ્ય થઈને પણ ભટકયો. ચારે ગતિ અને પાંચેય જાતિમાં અનંતી વાર ફર્યો, રખડ્યો....અને હજી પણ પરિભ્રમણ ચાલુ જ છે. શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે...

**न सा जाई न तज्जोणि, न तत् कुलं न तत् ठाणं ।**
**जत्थ जीवो अणंतसो, न जम्मो न मुओ ॥**

—કોઈ એવી જાતિ નથી, કોઈ એવી ઉત્પત્તિસ્થાનસ્વરૂપયોનિ નથી, કોઈ એવું કુલ નથી, અને કોઈ એવું સ્થાન પણ નથી, કે જ્યાં જીવ અનંતીવાર ન જન્મ્યો હોય કે ન મર્યો હોય.

બહુ ઊંડાણથી વિચાર કરીએ અને જોઈએ કે આ જીવે અનંતા જનમ–મરણના આ ભવોમાં સંસારમાં કર્યું શું? મેળવ્યું શું? "**प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते**" વગર પ્રયોજને તો મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ નથી કરતો. તો શું આ જીવ આટલા બધા ભવ ભટકયો છતાં પણ કંઈ ન સાધ્યું? શેના માટે ભટકયો? શું મેળવવા મહેનત કરી?

ઊંડા ચિંતનના આધારે એટલું તો જણાય છે કે ગમે તે ગતિમાં જીવ ગયો, ગમે તે જાતિમાં ગયો, નાનો કે મોટો ગમે તે ભવ કર્યો...પરંતુ સર્વત્ર સતત જીવે મુખ્ય મહેનત તો એક જ કરી છે અને તે છે—"સુખને મેળવવાની". આ સુખને મેળવવાના લક્ષ સાથે એક બીજું પણ લક્ષ જીવે સતત સાથે રાખ્યું છે...અને તે છે—'દુઃખ ટાળવાનું.' 'સુખ મળવું જોઈએ અને દુઃખ ટળવું જોઈએ' આ લક્ષથી પ્રયત્ન કરતા જીવે અનંતા

ભવો કાઢી નાંખ્યા. સુખ મળે, પણ દુઃખ ન ટળે; તો પણ શું કામનું? અને ઘણી વખત દુઃખ ટળી પણ જાય છે પરંતુ સુખ જેવું હાથમાં કંઈજ નથી આવતું, તો પણ નથી ચાલતું. જીવે દુઃખનો અભાવ સુખ માન્યું છે, એવું પણ નથી...હા...પરંતુ સુખનો અભાવ જરૂર દુઃખ માન્યું છે. કેમ? શા માટે? 'સુખ નથી માટે દુઃખી છીએ....' તો પછી 'દુઃખ નથી માટે સુખી છીએ' એમ કેમ નથી કહેતા? ના...સુખ અભાવાત્મક નથી, એ તો ભાવાત્મક છે; એની સત્તા છે, એનું સ્વરૂપ છે ..

પરંતુ જીવને પૂછો કે અનાદિ અનંતકાળથી આટલા બધા ભવોની સતત મહેનત કરતો હોવા છતાં પણ શું સુખ મળી ગયું છે? જો મળી ગયું હોત તો હવે જીવ એ માટે મહેનત ન કરત. દેખીતી વાત છે કે મળ્યા પછી કોઈ મેળવવા મહેનત નથી કરતું. પરીક્ષામાં પાસ થયા પછી પાછું એ જ ભણવા કે વાંચવા કોઈ મહેનત નથી કરતું, કારણ કે મેળવવાનું લક્ષ હોય છે અને મેળવવાને અનુરૂપ પ્રવૃત્તિ હોય છે. પ્રવૃત્તિ-પુરુષાર્થ એ ક્રિયા છે, મહેનત છે; જ્યારે 'મેળવવું' એ પરિણામ-ફળ છે, ક્રિયાનો અંત છે. જો દરેક ભવોની આટલી મહેનત પછી પણ નથી મળ્યું તો ક્યાંય ખામી હોવી જોઈએ!

અને હજી તો આ સંસારમાં કોઈ એવો સંતોષી નર નથી દેખાતો કે જેને બધું મળી ગયું છે અને હવે મેળવવાની મહેનત જેણે છોડી દીધી હોય. અરે! એક કીડી પણ મેળવવા કેટલી મહેનત કરે છે! એક સાકરના ટુકડાની ગંધ આવી કે તુરંત દોડે છે મેળવવા. ઘણી મહેનત કરીને એ કણને પોતાના દરમાં લાવે છે, કારણ કે કીડીને સાકરમાં સુખ દેખાયું છે....ઘણાં પશુ-પક્ષીઓને ખાવામાં સુખ દેખાયું છે...દેવતાઓને સ્વર્ગમાં એશ...આરામ...ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિમાં સુખ દેખાયું છે...જ્યારે મનુષ્યગતિમાં કોઈને ખાવા-પીવામાં, કોઈને ઊંઘ-આરામમાં,

કોઈને ધન-સંપત્તિમાં... કોઈને વિષય-ભોગોમાં....કોઈને.... સત્તામાં....કોઈને કુટુંબ-પરિવારમાં...સુખ દેખાય છે...જેણે જેમાં માન્યું તે ખરું ? અને તેમાં જ લક્ષ રાખીને તેની પાછળ સતત મહેનત ચાલુ રાખી છે...આવી તનતોડ મહેનત જ કહી આપે છે કે હજી એની મહેનત ફળી નથી, હજી કંઈ જ મળ્યું નથી... હજી તો મેળવવાનું ઘણું બાકી છે...

અનાદિકાળની આટલી મહેનત હોવા છતાં કોઈને સંસારમાં વાસ્તવિક સુખ-શાન્તિ મળી નથી એ હકીકત બહુ જ સ્પષ્ટ અને સાચી લાગે છે. મળ્યું હોત તો હવે મેળવવા મહેનત ન કરી હોત.

સુખને મેળવવા જીવે આજ દિવસ સુધી જેટલી મહેનત કરી છે...અરે! એની એક ટકા પણ મહેનત જીવે જો ધર્મારાધના પાછળ...કર્મક્ષયના લક્ષ સાથે ..આત્મકલ્યાણના અર્થે કરી હોત તો જીવ ક્યાંય પહોંચી ગયો હોત...ચોક્કસપણે એનું આત્મકલ્યાણ એ સાધી શક્યો હોત....

આ સુખ-દુઃખની ઘટમાળ પાછળ રહસ્ય શું છે? કેમ સુખ પ્રયત્નસાધ્ય નથી? છતી મહેનતે પણ કેમ મળતું નથી? કારણ શું છે?...આ બધાના ઉત્તરમાં "કર્મ તણી ગતિ ન્યારી"...ના અદ્ભુત કર્મચક્રમાં વેદનીયકર્મનું સ્વરૂપ અત્રે જોવા જેવું છે. જૈન શાસ્ત્રકાર મહર્ષિ બહુ જ સુંદર રીતે આ ચિત્ર સ્પષ્ટ કરે છે.

## અનંત સુખ એ આત્માનો સ્વભાવ છે—

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય, અનામિ, અરૂપિપણું, અગુરુલઘુપણું વગેરે જેમ આત્માના ગુણો છે, આત્માના સ્વભાવ તરીકે છે; તે જ પ્રકારે તેવો જ એક વિશિષ્ટ ગુણ આત્માનો છે અને તે છે "અનંત સુખ"..."અવ્યાબાધ સુખ"

ચેતનાશક્તિવાળા ચેતન એવા આત્માનો જ આ સ્વભાવ છે, ગુણ છે. જડમાં સુખ-દુઃખની કોઈ સંવેદના નથી હોતી. નથી

તો કોઈ સુખની લાગણી કે નથી તો કોઈ દુઃખની લાગણી...

માથાનો એક વાળ ખેંચાય કે સોય ભોંકાય તો દુઃખ પણ જીવ અનુભવે છે, અને અત્તર લગાડો કે સુંદર વસ્ત્રો પહેરાવો, સર્વ પ્રકારના સુખની સંવેદના પણ જીવ જ અનુભવે છે.

આત્માનું સુખ અનંત છે, શાશ્વત-નિત્ય છે-અવ્યાબાધ છે. સ્વાધીન—સ્વવશ છે. અનંત સુખનો માલિક ચેતન-આત્મા જ છે. પરંતુ સંસારની પરિભ્રમણાવસ્થામાં જીવ સ્વયં પોતે જ એવી કોઈ પ્રવૃત્તિ કરીને કર્મ બાંધે છે કે જેના કારણે આત્મા પોતે જ તેવાં કર્મોથી લેપાય છે, અને પરિણામે સુખ-દુઃખ ભોગવવાં પડે છે.

## સુખ-દુઃખ કર્મજન્ય છે, ઈશ્વર પ્રેરિત નથી...

ઘણાની માન્યતા એવી છે કે-'સુખ-દુઃખ એ તો ઈશ્વરના હાથમાં છે. ઈશ્વરની ઇચ્છાને આધીન છે. ઈશ્વરની ઇચ્છા હોય તો ઈશ્વર કોઈને દુઃખ-પીડા-ત્રાસ આપે અને જીવ તે અનુભવે એટલે દુઃખી થાય...પીડાય...અને જો ઇશ્વરની મહેરબાની હોય તો ઈશ્વર સુખ આપે, સુખી કરે...અને જીવો રાજી રહે... એટલે સુખ-દુઃખનો કર્તા ઈશ્વરને જ માનવામાં આવ્યો છે. બસ, બધી ઈશ્વરની જ લીલા છે. એની ઇચ્છા પ્રમાણે જ કોઈ સુખી-અને કોઈ દુઃખી બને છે.'

પરંતુ વિચાર કરીએ તો જણાય કે...ઈશ્વર જેવો ઈશ્વર પરમદયાળુ, પરમકરુણાળુ, પરમકૃપાળુ, એક સર્વોપરિ સત્તા, નિષ્પક્ષ, નિઃસ્વાર્થી, પરમાર્થી એવા પરમાત્મા પણ શું કોઈને દુઃખ આપે ખરા? અને એ જો દુઃખ આપે તો એમનામાં ઈશ્વરપણું રહે ખરું? દુઃખ આપવાપણું અને પરમકરુણાળુ, પરમ-કૃપાળુ, પરમદયાળુપણું એ પરસ્પર વિરુદ્ધ-વિપરીત વાત છે, વિરોધાભાસી છે. એકની સામે બીજો ન રહે, અને બીજાની સામે એક ન રહે-બંને સાથે તો સંભવે જ નહીં. તો પછી સંસારમાં

એક બીજાને જે દુઃખ ત્રાસ કે પીડા આપનારા મનુષ્યો કે પશુઓ છે...તો તેમને પણ ઈશ્વર કહેવા પડશે...ઘણી વાર માખી મચ્છર અને માંકડનો ત્રાસ પણ ઘણો હોય છે તે પણ દુઃખ-તકલીફ આપતા હોય છે...તો શું તે પણ ઈશ્વર?

અને શું પોતાના સુખ-દુઃખના કારણ ઈશ્વરને કહીને કર્તા-હર્તા ઈશ્વરને બનાવી દઈએ તો આપણે પોતે જે કંઇ પણ ખૂન, બળાત્કાર, પાપ જે કરીએ તે બધું કોણ ભોગવે? કયાં જાય?

તો પછી કહેવું પડે કે ના ના.. ઈશ્વર તો સર્વ જીવના પાપ-પુણ્ય-અને શુભાશુભ કર્મ પ્રમાણે જ ફળ આપે છે...

તો પછી '**अनुग्रहनिग्रहसमर्थो ईश्वरः**' આ કહીને ઈશ્વરને દયા, કરુણા, કૃપા કરનારા અને તેજ પ્રમાણે સંહાર-પ્રલય અને વિનાશ વગેરે કરનારા માનવા એ કેટલે અંશે યોગ્ય ગણાય?

કર્મની સત્તા તો સ્પષ્ટ જણાવે છે કે 'જેવાં બાંધશો તેવાં જ ફળ ભોગવશો' 'જેવું વાવશો તેવું લણશો' 'જેવું કરશો તેવું ભરશો' એમાં તો કોઈ શંકા જ નથી.

**વેદનીયકર્મ**—'અનંત સુખ'...'અવ્યાબાધ સુખ'ના સ્વભાવવાળો પણ જીવ રાગ-દ્વેષ-મોહ-માયા-લોભ-કર્માદિને વશ પડીને એવી વિભાવદશાની પ્રવૃત્તિ કરે છે કે જેના કારણે પોતે જ પોતાનાં કરેલાં કર્મથી બંધાય છે અને લેપાય છે. અને એ જ બાંધેલાં કર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે સુખ-અને દુઃખ ભોગવવાં પડે છે. સુખ થોડું અનુકૂળ સારું રાગપ્રધાન લાગે છે, ગમે છે; જ્યારે દુઃખ પ્રતિકૂળ, અણગમતું હોય છે. આ સુખ-અને દુઃખને અપાવતું કર્મ તે 'વેદનીયકર્મ.' જેના વડે આત્માને સંસારમાં વેદના, ત્રાસ, તકલીફ, પીડા અથવા સુખ શાતા અનુભવવી પડે છે તે 'વેદનીયકર્મ'.

## મધુલિપ્ત તલવાર જેવું વેદનીયકર્મ—

**महुलित्तखग्गधारा,-लिहणं व दुहा उ वेअणिअं ॥**




તલવારની ધાર ઉપર મધ લગાડેલું હોય અને કોઈ તે તલવારને લઈ મધ ચાટવા બેસે. થોડીવાર સુધી તો મધ હોય ત્યાં સુધી ગળપણનો સ્વાદ આવે, ગળ્યું લાગે પરંતુ મધ ચટાઈ ગયા પછી એના આસ્વાદના લોભમાં ચાટતો જ જાય, પરંતુ મધ ન હોવાથી ધારદાર તલવારની ધાર ઉપર જીભ કપાતાં ભારે વેદના થાય. ચીસ પડી જાય. ઉપમાના આ દ્રષ્ટાન્ત જેવું જ વેદનીયકર્મ છે, તે બે પ્રકારે છે.

મધ ચાટતાં જે ગળપણના સ્વાદ જેવું મીઠું સારું ગળ્યું લાગતું હતું, તે મનગમતું પ્રિય અનુકૂળ હતું તેવું શાતા–વેદનીય-કર્મ હોય અને તેથી વિપરીત જે તલવારની ધાર ચાટતા જેમ જીભ કપાઈ ગઈ છે અને તીવ્ર વેદના કે પીડા થાય છે તેવું અશાતા વેદનીયકર્મ કહેવાય છે.

શાતા=એટલે સુખ.

અશાતા=એટલે દુ:ખ.

સંસારનાં સુખો અને ભોગો ભોગવતા અનુભવતા પ્રથમ સારા મીઠા સુખરૂપ લાગે છે. પરંતુ પાછળથી એ જ ભોગો દુ:ખરૂપ લાગે છે.

શાતાવેદનીય એ સારી પુણ્ય પ્રકૃતિ છે. જેના કારણે જીવને મનગમતું સારું સુખ મળે છે. અને એનાથી વિપરીત અશાતા

વેદનીય દુઃખરૂપ પ્રતિકૂળ હોય છે. એટલે આ પાપની પ્રકૃતિ છે, અશુભ પ્રકૃતિ છે.

## ચાર ગતિમાં સુખ–દુઃખ :

**ओसन्नं सुरमणुए, सायमसायं तु तिरिअनिरएसु ।**

દેવ–મનુષ્ય–નરક-તિર્યંચની ચારે ગતિમાં સુખ–દુઃખના પ્રમાણની વાત કરતા કર્મગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે—

પ્રાયઃ કરીને દેવતા અને મનુષ્યને શાતાનો ઉદય હોય છે. અને તિર્યંચ અને નરકગતિમાં અશાતાવેદનીય દુઃખનું પ્રમાણ વધારે હોય છે. એટલા માટે દેવ અને મનુષ્યની ગતિને સારી ઉચ્ચગતિ–સદ્‌ગતિ કહી છે. સારી પુણ્ય પ્રકૃતિમાં લેવામાં આવી છે. અને તિર્યંચ અને નરકની ગતિને અશાતા–દુઃખ-વેદના પ્રધાન હોવાથી પાપપ્રકૃતિ તરીકે અશુભ ગણવામાં આવી છે.

## સ્વર્ગીય દેવગતિનાં સુખો :

દેવગતિમાં સ્વર્ગના દેવતાઓને સુખ શાતાનું પ્રમાણ વધારે પ્રમાણમાં મળ્યું છે. યથેચ્છવિહાર કરી શકે છે. કાયા વૈક્રિય શક્તિથી બનેલી છે, ધાર્યા પ્રમાણે રૂપાદિનું પરિવર્તન કરી શકે છે. વૈક્રિય શરીર હોવાથી આહાર-નિહારની ખાવા–પીવા–વગેરે મળ–મૂત્રવિસર્જન આદિની તેમને કોઈ પંચાત નથી. ફૂલોની શય્યામાં આરામથી સુખ ભોગવવું વગેરે ધન–સંપત્તિ, ઐશ્વર્ય-ભોગ–વિલાસની સાધન સામગ્રી, ઋદ્ધિ–સિદ્ધિ અમાપ–ગજબની હોય છે. હમેશા ૧૬ વર્ષના રાજકુમાર જેવા યુવાન લાગતા હોય છે. આયુષ્ય લાંબુ સારું હોય છે. વિષયભોગોજન્ય વૈષયિક સર્વત્ર નથી હોતું. (**कायप्रविचारा आ पेशानात्**) દેહજન્ય વિષય-

સુખ માત્ર બીજા દેવલોક ઈશાનકલ્પ સુધી જ છે. કલ્પોપપન્ન અને કલ્પાતીતમાં ક્રમશઃ જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ સુખ ગજબનું હોય છે. ગમે એટલું હોય પરંતુ સિદ્ધના સુખની સામે તો એક તણખલા જેટલું પણ ન ગણાય. છતાં પણ મનુષ્ય-તિર્યંચ-ગતિ કરતાં તો મોટા પ્રમાણમાં છે.

સ્વર્ગીય દેવલોકનાં દેવતાઈ સુખો જેવું જ સુખ મનુષ્યગતિમાં હોય છે. ફરક માત્ર એટલો જ કે તે પ્રમાણમાં નજીવું હોય છે. વિષય-ભોગોજન્ય વૈષયિક સુખ, ધન-સંપત્તિ-ઐશ્વર્ય-ભોગવિલાસ, આદિનું સુખ મનુષ્યગતિમાં બહુ અલ્પપ્રમાણમાં હોય છે. દેવતાઓની સામે મનુષ્ય પાસે કેટલું? પ્રમાણમાં જોવા જઈએ તો બહુ અલ્પમાત્ર ગણાય. અને મનુષ્ય કરતાં તિર્યંચની ગતિમાં પશુ-પક્ષીઓને સુખ-શાતાનું પ્રમાણ તો કેટલું અલ્પમાત્ર છે તે તો રોજ જોઈને જ કલ્પી શકાય છે. સુખ તો નજીવું નામમાત્ર છે. વિષય-ભોગોજન્ય વૈષયિક સુખ વગેરે તો તિર્યંચગતિમાં પણ છે. પરંતુ દુઃખ ગજબનું છે. પરવશતા, પરાધીનતા, ત્રાસ, વેદના પણ ગજબની છે.

અને તિર્યંચ કરતાં નરકગતિમાં નારકી જીવોને તો સુખ-શાતાનું નામનિશાન પણ નથી. એક માત્ર દુઃખ-તકલીફ, વેદના અને અશાતા જ ભોગવવાની હોય છે. પરમાધામી કૃત વેદના, ક્ષેત્રકૃત વેદના આદિ ભયંકર તીવ્ર વેદનાનું દુઃખ નરકગતિમાં સહન કરવાનું હોય છે. એટલા માટે દુઃખ-વેદનાની બહુલતાના કારણે તિર્યંચ અને નરકગતિને દુર્ગતિમાં ગણવામાં આવી છે. અને તેથી જ પાપપ્રકૃતિ, અશુભ પ્રકૃતિ તરીકે ગણવામાં આવી છે. કોઈ ન ઇચ્છે.

## શાતા અને અશાતા વેદનીય બાંધવાના કારણો :

**गुरुभत्तिखंतिकरूणा-वयजोगकसायविजयदाणजुओ ।**

**दढधम्माइ अज्जइ, सायमसायं विवज्जयओ ॥**

### શાતા વેદનીયકર્મબંધનાં કારણો :

**भूतव्रत्यनुकम्पादानं सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥**

### ૧. ગુરુભક્તિ :

માતા-પિતા, ધર્માચાર્ય, તથા ગુરુઆદિ વડીલની સેવા, ભક્તિ, વૈયાવચ્ચ કરવાથી...

### ૨. ક્ષાન્તિ (ક્ષમા) :

સ્વયં સમર્થ હોવા છતાં પણ બીજાના અપરાધને ક્ષમા કરવો, સહન કરી લેવાથી... માટે જ ક્ષમાને વીરનું ભૂષણ કહ્યું છે. **'क्षमा वीरस्य भूषणम्'** ક્ષમાશીલ શાન્ત સ્વભાવી શાતા વેદનીય બાંધે.

### ૩. કરુણા (દયા) :

સર્વ જીવો ઉપર દયાભાવ હોય, દિલમાં કરુણાભાવ હોય. કોઈને પણ મારવા-હણવાની

### અશાતા વેદનીયકર્મબંધનાં કારણો :

**दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभयस्थानान्यसद्वेद्यस्य ॥**

### ૧. ગુરુદ્વેષ :

માતા-પિતા....ધર્માચાર્ય, તથા ગુરુ, આદિ વડીલને સંતાપવાથી, તેમને દુઃખી કરવાથી....

### ૨. ક્રોધાદિ કષાયથી :

સ્વભાવ ક્રોધાદિ કષાયનો ભરેલો હોય. ઘડીએ ઘડીએ આવેશમાં આવી ક્રોધ કરવો. ક્રોધમાં મારકૂટ, અસભ્ય ભાષા વાપરવી, તીવ્ર કષાયોના કારણે સ્વ-પર ઉભયને નુકશાન પહોંચાડવાથી....

### ૩. ક્રૂરતા (નિર્દય) :

સ્વભાવમાં ક્રૂરતા હોય. મન નિર્દય હોય. નાના-મોટા કોઈ જીવ પ્રત્યે દિલમાં દયા જ ન

વૃત્તિ ન હોય. સર્વ જીવોને પોતાના જેવા સમભાવે ગણી તેમની સાથે તે જ પ્રમાણે યોગ્ય વ્યવહાર કરવાથી. જીવો ઉપર અનુકમ્પાદાનની પ્રવૃત્તિ હોય તો...જીવદયા અને અહિંસા-ભાવની પ્રવૃત્તિથી...

### ૪. વ્રત પાલન :

શ્રમણ જીવનનાં પાંચ મહાવ્રત હોય કે શ્રાવક જીવનનાં પાંચ અણુવ્રત હોય તેનો પાલક હોય. સુંદર રીતે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ પાંચ વ્રતોનો પાલક હોય તેને શાતા બંધાય.

### ૫. યોગ :

મનથી શુભ વિચાર, ચિંતન, વચનથી શુભ, સારી મીઠી મધુર–નિરવદ્ય ભાષા, કાયાથી નિરવદ્ય પરોપકારી પ્રવૃત્તિ. એમ મન–વચન–કાયાની શુભ પ્રવૃત્તિ તથા દશવિધ ચક્રવાલ સમાચારી-રૂપ સંયમયોગનું સુંદર પાલન કરવાથી શાતાવેદનીય બંધાય...

આવે......મારવા–હણવાનો જ વિચાર હોય. હિંસક–વૃત્તિના કારણે નિર્દય–ક્રૂર બની જીવોને મારવાથી, જીવદયા ન પાળવાથી અશાતા–વેદનીયકર્મ બંધાય છે.

### ૪. વ્રતવિરાધક (અવ્રત) :

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચેય મહાવ્રત અથવા અણુવ્રતનો વિરાધક હોય, સારી રીતે ન પાળવાથી. તેથી હિંસા, અસત્ય, સ્તેયવૃત્તિ (ચોરી) અબ્રહ્મચર્ય દુરાચાર–વ્યભિચાર તથા પરિગ્રહ સંગ્રહવૃત્તિ આદિથી જીવ અશાતા બાંધે.

### ૫. અયોગ :

મનથી અશુભ ચિંતન, ખરાબ વિચાર, વચનથી હિંસાકારી સાવદ્ય અપ્રિય–અસભ્ય ભાષા, તથા કાયાથી વિરાધના, પાપ પ્રવૃત્તિ આદિ કરવાથી તથા દશવિધ ચક્રવાલ સમાચારીરૂપ સંયમયોગની વિરાધના કરવાથી સારી રીતે ન પાળવાથી અશાતા બંધાય....

### ૬. કષાયનો વિજય :

મૂળ-ભૂત રાગ-દ્વેષાદિ જન્ય ક્રોધ-માન-માયા અને લોભાદિ ચારેય કષાયોનો વિજેતા હોય, જિતેન્દ્રિય હોય, ક્રોધાદિ કષાયોને જીતી સમતાદિ સ્વભાવવાળો હોય.

ક્રોધ જીતી ક્ષમાભાવવાળો હોય
માન જીતી મૃદુ (નમ્ર) ,, ,,
માયા જીતી સરલ ,, ,,
લોભ જીતી સંતોષ ,, ,,
તે શાતાવેદનીયકર્મ બાંધે.

### ૬. તીવ્ર કષાયાધીન :

તીવ્ર રાગ-દ્વેષાદિ કષાયનો સ્વભાવ હોય, ભારે ક્રોધીના કારણે આક્રોશ—આવેશમાં અસભ્ય ભાષા, ગાળ વગેરે બોલવાથી......તીવ્ર માનમાં અભિમાન કરવાથી, માયાના કારણે વિશ્વાસઘાત, દગો, છલ, કપટ કરવાથી.. લોભના કારણે અસત્ય વચન, સંગ્રહવૃત્તિ ચોરી આદિ કરવાના કારણથી અશાતા-વેદનીયકર્મ બંધાય

### ૭. દાન :

પરના ઉપકારભાવથી સ્વ-વસ્તુનો બીજાના ઉપયોગ માટે ત્યાગ કરવો. કોઈનું હિત-ભલું કરવા માટે યથાશક્ય આપવું. વસ્ત્ર, પાત્ર, ધન-ધાન્ય, આદિ જરૂરિયાતવાળાને આપવું દાન-ભાવથી પણ શાતાવેદનીય બંધાય છે.

### ૭. કૃપણતા-(કંજૂસાઈ)

કૃપણ સ્વભાવના કારણે ધન-સંપત્તિ ઉપર મોહ-મૂર્છા ખૂબ હોય. જલ્દી પૈસો છૂટે નહીં. આપવાનું મન ન થાય. દીન-દુઃખી-ગરીબ-દરિદ્ર આદિને યથાશક્ય પણ આપવાની ઈચ્છા ન થાય. કોઈના દુઃખ-દારિદ્રયને દૂર કરવા પ્રયત્ન ન કરવાથી અશાતા બંધાય.

### ૮. દઢધર્મી :

ગમે તેવી આપત્તિ-દુઃખ કે તકલીફમાં પણ ધર્મ-આરાધનામાં

### ૮. ધર્મશિથિલ :

ધર્મારાધનામાં જોડાયો હોય પરંતુ ધર્મપાલનમાં દઢતા ન

દૃઢતા એવી ને એવી જ હોય, દુઃખમાં પણ ધર્મ ભાવના કે આરાધના ઓછી ન થાય. એવો દૃઢ ધર્મારાધનાવાળો વ્રત-નિયમની દૃઢતાવાળો શાતા-વેદનીય બાંધે.

ઉપરોક્ત કારણો સાથે જ દયા–દાન, સરાગસંયમ, દેશ-વિરતિ ચારિત્ર, અકામ નિર્જરા, બાલ તપ, મન–વચન-કાયાના શુભયોગો, ક્ષમા, શૌચાદિની પ્રવૃત્તિથી પણ જીવો શાતા-વેદનીય બાંધે છે એવું વાચક-મુખ્યજી તત્ત્વાર્થમાં જણાવે છે.

હોય. પરાણે વ્રતનિયમ પાળતો હોય, અને ગમે તેવા નજીવા નિમિત્તે પણ ધર્મ-વ્રત–નિયમ–આરાધના વગેરે બધું છોડી દે. શિથિલ-પરિણામી હોય તેને અશાતા બંધાય.

શાતાથી વિપરીત કારણસર અશાતા બંધાય છે.

દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ, બંધ, પરિદેવન આદિ કારણો સ્વ અથવા પર અથવા ઉભયમાં આચરવાના કારણે જીવ અશાતાવેદનીયકર્મનો આશ્રવ કરે છે.

## વેદનીયકર્મની બંધસ્થિતિ :

ઉપરોક્ત પ્રવૃત્તિ સર્વ જીવોના જીવન–વ્યવહારમાં જોવામાં આવે છે. કોઈ સ્વભાવે દયાળુ હોય, ઉદાર હોય તો દયા–દાનાદિની પ્રવૃત્તિ કરે છે તો તેને શાતા બંધાય. દા. ત. ભરવાડના ભવમાં સુંદર ખીરનું દાન આપવાથી ભરવાડના જીવને શાલિભદ્રના ભવમાં અપાર–અમાપ ધન-સંપત્તિની ઋદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત થઈ. ૯૯ પેટીઓ સ્વર્ગમાંથી ઊતરતી હતી. અકલ્પનીય એવા ગજબના સુખનો ભોક્તા શાલિભદ્ર થયો.

કેટલાક જીવો સ્વભાવે કૃપણ–કંજૂસ હોય તો દાનાદિ આપી નથી શકતા...દયા ઉપકાર કરી નથી શકતા...અને પરિણામે અશાતાવેદનીયકર્મ બાંધે છે જેથી જીવો દુઃખી થાય છે, દુઃખ અનુભવે છે.

એક વાર બંધાયેલ વેદનીયકર્મ ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ કાળપ્રમાણ આત્મા સાથે સંકળાયેલું રહી શકે છે. જ્યારે જઘન્યથી ઓછામાં ઓછું ૧૨ અંતર્મુહૂર્ત સુધી ('अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य') વેદનીયકર્મ આત્મા સાથે રહે.

ઉત્તરાધ્યયને સ્થિતિ લઘુ, અંતર્મુહૂર્ત કહાય ।
પન્નવણામાં બાર તે, શાતાબંધ સંપરાય ॥

થોડાક મતમતાંતર સાથે આ વાત બે આગમોમાં થોડા તફાવત સાથે મળે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ ૧ અંતર્મુહૂર્તની કહી છે, જ્યારે પન્નવણા સૂત્રમાં આ જ સ્થિતિ ૧૨ અંતર્મુહૂર્તની કહેવામાં આવી છે આ વાત શ્રી શુભવીરવિજયજી મહારાજે ૬૪ પ્રકારી પૂજામાં નોંધી છે.

## શાતા અને અશાતાના વિપાકોદયે :

બંધાયેલ શાતાવેદનીયકર્મના ઉદયે જીવોને સુખ-શાન્તિ દેહની તંદુરસ્તી, નીરોગી કાયા વગેરે સુંદર મળે છે. પુણ્યનો ઉદય સારો રહે છે. ધન-ધાન્ય-સુખ-સંપત્તિ સાથે દુઃખ-પીડા-વેદના-ત્રાસ-રોગ રહિત સારું શરીર મળે છે. માટે જ વ્યવહારમાં પણ એમ કહેવાય છે કે-"આમનું શરીર તો બહુ સારું નીરોગી છે, જનમ્યા ત્યારથી આટલા વર્ષો થયાં હજી સુધી કોઈ દવાની ટીકડી પણ લેવી નથી પડી....ગયા ભવમાં સારી જીવદયા, જીવરક્ષા કરી હશે ..કોઈને દુઃખ કે તકલીફ નહીં આપી હોય"

જ્યારે અશાતાવેદનીયકર્મના ઉદયે રોગી શરીર, ત્રાસ-પીડા-વેદના અને રોગથી ઘેરાયેલી કાયા મળે, જેથી દુઃખો ભોગવવાં પડે. ધન-ધાન્ય-સંપત્તિ-આદિની અનુકૂળ પુણ્યાઈ પણ પ્રાપ્ત થતી નથી. અશાતાના વિપાકોદયે ઘણા જીવોને સંસારમાં જોઈએ છીએ કે તેઓ કેટલી ભયંકર તીવ્ર વેદના સહન કરતા હોય છે! કોઈને

ચામડીનું ખરજવું થયું હોય છે તે વર્ષો સુધી મટતું નથી અને પીડા સહન કરવી જ પડે છે. કોઈને વર્ષો સુધી માથું દુઃખતું હોય છે. તો કોઈ કેન્સર જેવી જીવલેણ રોગની પીડાથી વર્ષો સુધી રિબાય છે, પીડાય છે. હાય હાય કરતાં પણ દુઃખ મટતું નથી.

**નવાં કર્મ ન બંધાય તેનું ધ્યાન રાખવા જેવું છે... :**

અશાતાવેદનીયકર્મના ઉદયે ઘણા જીવો દુઃખને સહન નથી કરી શકતા. દુઃખ જ્યારે અસહ્ય બની જાય છે ત્યારે ઘણા બિચારા હાય....હાય . કરતા હોય છે, કષાયમાં આવી જેમ-તેમ બોલતા હોય છે.

પરંતુ શાસ્ત્રકાર ભગવંતો તો એમ જણાવે છે કે દુઃખ અશાતા ઉદયમાં આવે ત્યારે રાજી થવા જેવું છે. રાજી એટલા માટે થવું જોઈએ કે.. બહુ સારું થયું... આ એક કર્મ ઉદયમાં તો આવી ગયું...અને હવે તો ઉદયમાં છે એટલે ભોગવાય છે. આ કર્મ આત્માથી છૂટું પડીને ખપી રહ્યું છે. માટે અશાતા કે દુઃખના ઉદય સમયે હાય.. હાય....કરીને આર્તધ્યાનમાં વધારે નવાં કર્મ ન બંધાઈ જાય તેની ખૂબ કાળજી રાખવા જેવી છે.

કારણ કે હાય...હાય...કરવાથી કંઈ દુઃખ કે રોગ ઓછા થવાના નથી...વેદના મટવાની નથી...એવા સમયે તો વધુ ધીરજ રાખવી જોઈએ.

'હાય....હાય'...કરવા કરતાં 'હોય...હોય' કરીએ તો વધારે સારું. જીવને સમજાવી લઈએ....'હોય, ભાઈ! હોય....આ તો તારાં જ બાંધેલાં કર્મ છે, પછી શું કામ હાય-હાય કરે છે. રાજી થા, ઉદયમાં આવી ગયા છે.' ખૂબ સમતાથી અશાતાને સહન કરવી જોઈએ.

અને આત્માને સમજાવવું કે હે જીવ! તેં પોતે જ આ કર્મો બાંધ્યાં હતાં અને તારાં જ બાંધેલાં કર્મો તને ઉદયમાં આવ્યાં છે.

જ્યારે બાંધતી વખતે ખૂબ રાજી થઈને હસતા હસતા બાંધ્યાં હતાં તો પછી હવે શા માટે રડે છે? હવે પણ હસતા હસતા જ એ કર્મોના વિપાકને સહન કર....હસતા મોઢે જ દુ:ખને પણ સહન કરીને ખપાવ...હવે સાવ દીન શા માટે બન્યો છે. હે જીવ! રાજી થા...સારું માન બહુ સારું થયું કે આ કર્મ ઉદયમાં આવી ગયું છે. અને હવે આનંદથી ભોગવી લે..બસ, હવે ખપી જશે.

માટે જ્ઞાનીઓ કહે છે-

**"સુખમાં લીન ન થાઓ...અને દુ:ખમાં દીન ન થાઓ.."**

જેવું અશાતા છે, એવું જ શાતા પણ છે. અશાતામાં જીવ રડે છે, દીન બને છે....જ્યારે સુખ-શાતા ભોગવવામાં જીવ લીન બની જાય છે, મસ્ત બની જાય છે. ભોગો અને સુખ ભોગવવામાં આસક્ત બની જાય છે, લીન બની જાય છે તો પણ ફરીથી કર્મ બાંધશે. ભાગ્યશાલીઓ! મળેલી સુખ-સાધન સામગ્રીને સારા ધર્મમાર્ગે વાપરો તો પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકાશે, નહીં તો એમ ન માનતા કે 'પુણ્ય પાપ નહીં બંધાવે.' એવું કંઈ જ નથી. આ તો બેધારી તલવાર જેવું છે. ચલાવતાં આવડી તો ઠીક, નહીં તો પોતાનો જ નાશ.

## વીરપ્રભુના કાનમાં ખીલા ઠોકાયા—

'शठं प्रति शाठ्यं' Tit for Tatના નિયમ જેવો કર્મનો નિયમ છે. કર્મની ચાલ એવી જ છે, માટે જ 'કર્મ તણી ગતિ ન્યારી...' કહેવાયું છે.

અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકોના કાનમાં જે તપતું ગરમ-ગરમ સીસુ રેડાવ્યું હતું તે પાપકાર્યમાં બાંધેલ તીવ્ર અશાતાવેદનીયકર્મ ૨૦મા ભવે ઉદયમાં આવ્યું....અને પ્રભુના કાનમાં ખીલા ઠોકાયા.

પ્રભુ તો જન્મથી ત્રણ જ્ઞાનના ધણી છે. એટલે જ્ઞાનથી જાણીને સમભાવમાં શાંતચિત્તે સ્થિર ઊભા રહ્યા છે. બહુ સારું થયું કે આ કર્મ ઉદયમાં આવી ગયું નહીંતર આ કર્મ જો ઉદયમાં ન આવ્યું હોત તો અને ન ખપ્યું હોત તો કેવલજ્ઞાન ન થાત. આ કર્મ બાધક બનત. માટે પ્રભુ એને સારું માનતા હતા.

પરમાત્મા મહાવીરે તો જાણીને અનાર્ય એવી વજ્રભૂમિમાં લાટપ્રદેશમાં પણ વિહાર કર્યો. જેથી વધુ ઉપસર્ગો થાય અને જલ્દીથી સહન કરું અને કર્મો ખપાવી શકું.

કાનમાં ખીલા ઠોકાયા અને ખીલા પાછા કઢાયા પણ ખરા. ખીલા કાનમાં ઠોકતા બંને ખીલાના છેડા અંદર સામસામે મળી ગયા અને કાઢવામાં આવતાં માંસના લોચા સાથે લોહીની પિચકારીઓ સાથે એ ખીલા બહાર નીકળ્યા. કેટલી તીવ્ર વેદના થઈ હશે...આપણે તો કલ્પના પણ કરી ન શકીએ.. છતાં પણ પ્રભુએ એ સર્વ સમભાવે સહન કરી .. અને સર્વ ઘનઘાતી ચારે ય કર્મો ખપાવી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આવી જ તીવ્ર અશાતા ભગવંતને ગોશાલાએ મૂકેલી તેજોલેશ્યા વખતે સહન કરવી પડી... ગોશાલાએ મૂકેલી તેજોલેશ્યાના કારણે ભગવંતને ૬ મહિના સુધી લોહીના ઝાડા થયા....પ્રભુએ આવી પારાવાર વેદનાને પણ સહન કરી...

## પ્રભુ તો મોક્ષે ગયા પણ ગોશાલાનું શું થયું ?

મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુવિધ રે ।
રાજા દેવસેનાભિધ રે, એક સરિયશતક પ્રસિદ્ધ રે ॥

શ્રી શુભવીર મહારાજા વેદનીયકર્મની પૂજામાં ઉલ્લેખ કરતાં જણાવે છે કે શ્રી ભગવતીસૂત્રમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે એવા ગોશાલાની આ વાત છે.

મંખલીપુત્ર ગોશાલક છદ્મસ્થાવસ્થામાં જ પ્રભુ મહાવીરનો શિષ્ય બની સાથે જોડાયો હતો...તેણે તેજોલેશ્યાની લબ્ધિ મેળવી. ગોશાલકની મતિ બદલાઈ ગઈ. તે પ્રભુના સિદ્ધાન્તથી વિપરીત ગયો. અને આજીવક મત પ્રરૂપ્યો. પોતાની જાતને ભગવાન તીર્થંકર કહેવા લાગ્યો હું જ જિન છું. તીર્થંકર છું...પરંતુ મહાજ્ઞાની પ્રભુએ જ્યારે સત્યનો ઘટસ્ફોટ કર્યો કે–'આ જિન નથી, પરંતુ ગોશાલામાં જન્મેલો મંખલીપુત્ર ગોશાલક છે....' પરંતુ આથી ગોશાલો ખૂબ છંછેડાયો.. ભારે ક્રોધે ભરાયો...અને અંતે પરમાત્મા મહાવીર ઉપર તેજોલેશ્યા મૂકી.

શીતલેશ્યાવાળા પરમાત્માને તો ગોશાલાની તેજોલેશ્યાની કોઈ અસર ન થઈ પરંતુ વચ્ચે બે સાધુઓ બળીને રાખ થઈ ગયા. અને એ તેજોલેશ્યા પ્રભુને પ્રદક્ષિણા દઈને ગોશાલાના જ શરીરમાં પ્રવેશી...દાઝતો અને બળતો ગોશાલો ભાગ્યો.. તીવ્ર વેદનામાં મૃત્યુને નજદીક જોતો ગોશાલો સાતમી રાત્રિએ થોડો ઠંડો પડ્યો....અને મનમાં થોડો પશ્ચાત્તાપ શરૂ થયો...અરેરે!.... હું ખરેખર જિન નથી છતાં પણ મેં 'જિન છું–તીર્થંકર છું' એવી ખોટી પ્રસિદ્ધિ કરી, બે મુનિઓનો નાશ કર્યો, પ્રભુનો નિંદક પ્રભુનો વિરોધી બન્યો....અરેરે! નિરર્થક મિથ્યાભિનિવેશ વડે મેં મારી જાતને જ છેતરી છે. અરે! હું મારી જ મૂકેલી તેજોલેશ્યા વડે મૃત્યુ પામી રહ્યો છું...મહાવીર પ્રભુ જ સાચા જિન છે, તીર્થંકર છે.

આ પ્રમાણે મનમાં જાગેલા પશ્ચાત્તાપના કારણે અંત સમયે ગોશાલકે આજીવિક મતના પોતાના શિષ્યાદિને બોલાવ્યા અને તેમને ઠરાવીને કહ્યું કે..."સાંભળો! હું ખરેખર જિન નથી. પરંતુ મિથ્યાભાષી ખોટો ગોશાલો જ છું. સાચા જિન તીર્થંકર તો મહાવીર જ છે. માટે હે દેવાનુપ્રિયો! મારા મર્યા પછી તમે મારા

ડાબા પગે દોરડું બાંધી મારા મૃતકને ખેંચજો. રસ્તા ઉપર ઘસડતા ઘસડતા શ્રાવસ્તી નગરીમાં ફેરવજો, અને ચાર રસ્તાના ચોકમાં ઊભા રહી મારા મોઢામાં થૂંકજો અને જોરથી કહેજો કે 'આ તો મંખલીપુત્ર ગોશાલક છે જિન નથી... સાચા જિન તીર્થંકર તો મહાવીર જ છે'–આ પ્રમાણે બોલજો ચોક્કસ કરજો." આટલું કહી ગોશાલો મૃત્યુ પામ્યો.

પરંતુ મૃત્યુ પછી શિષ્યોએ તો લજ્જાના ભયથી એ જ મકાનમાં દરવાજા બંધ કરીને શ્રાવસ્તી નગરીનું (ચિત્ર) નકશો દોરીને ગોશાલકના કહ્યા પ્રમાણે તેનું મડદું ફેરવી દીધું અને પછી અગ્નિસંસ્કાર કરી દીધો.

ગૌતમસ્વામીએ પ્રભુ વીરને પૂછ્યું, 'હે ભગવન્! ગોશાલો મરીને ક્યાં ઉત્પન્ન થયો હશે?'

પ્રભુએ કહ્યું- હે ગૌતમ!–તે બારમા દેવલોકમાં ૨૨ સાગરોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયો છે.'

ગૌતમસ્વામી–'હે પ્રભુ! દેવભવ પૂરો કરી તે ક્યાં ઉત્પન્ન થશે?'

વીર પ્રભુ–'હે ગૌતમ! આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પુંડ્ર દેશમાં સન્મૂર્તિ રાજાના ઘરે પુત્રપણે ઉત્પન્ન થશે. મહાપદ્મ તેનું મુખ્ય નામ પડશે. તેનો રાજ્યાભિષેક કરી રાજા બનાવવામાં આવશે. અને માંડલિક રાજાઓ "દેવસેન" એવું નામ પાડશે. હાથી ઉપર બેસીને વારંવાર ફરવા નીકળશે તેથી તેનું ત્રીજું નામ વિમળવાહન પણ પડશે.

પૂર્વે ગોશાલકભવમાં કરેલાં પાપકર્મનો ઉદય શરૂ થશે. અને પછી તો તે રાજા 'મહાપદ્મ' દુરાચારી બનશે. સાધુઓ સાથે નિર્દયી બની ક્રૂર બનશે, આક્રોશ કરશે, મશ્કરી કરશે, સાધુઓને

બાંધશે, મારશે વગેરે ઘણાં પાપો કરશે તેનો ત્રાસદાયક ઉપદ્રવ ચારે તરફ વધી જશે.

એક વખત છઠના પારણે છઠ તપ કરતા તપસ્વી સુમંગલમુનિ નગર બહાર ઉદ્યાનમાં કાયોત્સર્ગ વગેરે કરતા હશે ત્યારે તે દેવસેન રાજા રથમાં બેસીને આવશે અને મુનિને રથનો ધક્કો મારી નીચે પાડશે. તો પણ શાન્ત મુનિ ફરી આતાપના લેવા કાઉસ્સગ્ગમાં ઊભા રહેશે....અને તે રાજા ફરી પાડશે. મુનિ ફરી ઊભા રહેશે અને અવધિજ્ઞાનથી જોઈ તેને તેનો પૂર્વભવ ગોશાલકનો યાદ કરાવશે. અને કહેશે કે-'હે રાજા! તું જ મંખલીપુત્ર ગોશાલક છે. તેં પ્રભુને હેરાન કરવા વગેરે ઘણાં પાપો કર્યાં છે. હવે તો શાંત થા...'

પરંતુ રાજા દેવસેન નથી માનતો એટલે મુનિ સુમંગળે રાજાને રથ સાથે તેજોલેશ્યા નાંખી બાળી નાંખશે.

ગૌતમસ્વામીએ પૂછ્યું-'હે પ્રભુ! તે રાજા દેવસન મરીને ક્યાં જશે? અને મોક્ષે જશે ખરો કે નહીં?'

પ્રભુ મહાવીર-'હે ગૌતમ! તે દેવસેન મરીને સાતમી નરકે જશે. ત્યાંથી પાછો મરી માછલી થઈ ફરી સાતમી નરકમાં, ત્યાંથી નીકળી તિર્યંચગતિના ભવો કરી ફરી નરકમાં જશે. દરેક નરકમાં બે બે ભવો કરશે. ત્યાર પછી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વગેરે તિર્યંચગતિમાં ખૂબ રખડી, દેવગતિ-મનુષ્યગતિમાં ભવો કરી અંતે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ ચારિત્ર લઈ દૃઢપ્રતિજ્ઞ મુનિ તરીકે ઘાતિકર્મ ખપાવી કેવલજ્ઞાન પામી મોક્ષે જશે.' આ વાત પરમાત્મા મહાવીરે ગૌતમને કહી છે તે અધિકાર શ્રી ભગવતી સૂત્રમાં પંદરમા શતકમાં વર્ણવવામાં આવ્યો છે.

### 'दुःखं पापात्, सुखं धर्मात्'

કર્મશાસ્ત્રનો આ મંત્ર શાશ્વતો મંત્ર છે. સુખ અને દુઃખ

એ કારણ નથી કાર્ય છે; અને કાય છે માટે આનાં કારણો સ્પષ્ટ હોવાં જ જોઈએ. કારણ કે જગતનો નિયમ છે કે કારણ વિના કાર્ય બનતું નથી. માટે કારણ બતાવતા જૈન શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે—

'दुःखं पापात्, सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः'
न कर्तव्यमतः पापं, कर्तव्यो धर्मसंचयः ॥

| | | | | |
|---|---|---|---|---|
| કારણ | ——→ | પુણ્ય | અને | પાપ |
| ↓ | ——→ | ↓ | | ↓ |
| કાર્ય | | સુખ | અને | દુઃખ |

* દુઃખનું કારણ પાપ છે. પાપપ્રવૃત્તિ કરી પાપકર્મ બાંધવાથી જીવ દુઃખી થાય છે એ વાત તદ્દન સ્પષ્ટ છે.
* અને સુખનું કારણ પુણ્ય છે. પુણ્યની શુભ સારી પ્રવૃત્તિ કરી પુણ્ય બાંધ્યું તો સુખ જરૂર મળશે. જીવ સુખી થશે.

આ નિયમ મહામંત્ર નવકાર જેવો જ શાશ્વતો છે. માનવી જો આ વાક્યને હૈયે કોરી રાખે તો ક્યારે ય પણ પાપ કરે જ નહીં. કારણ કે સંસારમાં સર્વ જીવમાત્રને સુખ જ ગમે છે. દુઃખ તો કોઈને પણ ગમતું નથી.

सव्वे जीवा वि इच्छन्ति, जीविउं, न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે સર્વ જીવમાત્ર જીવવા ઇચ્છે છે, કોઈ મરવાં ઇચ્છતું જ નથી. માટે નિર્ગ્રન્થ એવા સાધુઓએ ઘોર પ્રાણિવધ(હિંસા)નો હંમેશા ત્યાગ કરવો. જીવનમાં સુખ છે, મૃત્યુમાં દુઃખ છે.

જો કોઈ પાપ કરે જ નહીં, તો કોઈ દુઃખી થાય જ નહીં. અને જો સહુ પુણ્ય જ કરે, ધર્મ જ કરે, તો સહુ સુખી જ થાય. પરંતુ આ સંસાર બહુ વિચિત્ર છે. સંસારમાં લોકોને પાપ–

ખોટું કરીને પણ સુખી થવું છે. 'ભલે કારણ ખોટું કે ખરાબ હોય પણ પરિણામ તો સારું જ આવવું જોઇએ'—એવી ઇચ્છા છે. ભલે અમે કાંટા વાવીએ પણ ઉગવા તો આંબા જ જોઈએ!

પરન્તુ કર્મસિદ્ધાન્તમાં આવી ભૂલ ક્યારે ય થતી જ નથી... '**न भूतो न भविष्यति**' ભૂતકાળમાં ક્યારે ય થયું નથી અને ભવિષ્યમાં ક્યારે ય થશે પણ નહીં.

માટે જ હરિભદ્રસૂરિ મહારાજા ફરમાવે છે કે—

**पुण्यस्य फलमिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥**

—પુણ્યનું ફળ તો બધા જ ઇચ્છે છે કારણ કે પુણ્યનું ફળ "સુખ" છે, સારું છે; પરન્તુ તેને અનુરૂપ કારણભૂત પુણ્ય કરવું કોઈને પસંદ નથી. કેટલી વિચિત્ર વાત છે! પુણ્યનું ફળ મેળવવું છે, પણ પુણ્ય કરવું નથી. રસોઈ જમવી છે, પણ રસોઈ કરવી નથી. ક્યાંથી બને ?!

એ જ પ્રમાણે પાપનું ફળ કોઈ ઇચ્છતું નથી. કારણ કે પાપનું ફળ 'દુ:ખ' છે....પરન્તુ સાથે સાથે પાપની પ્રવૃત્તિ પણ કોઈને છોડવી નથી...છોડવી ગમતી પણ નથી. જો પાપ કરવાં ખરાં અને દુ:ખ ઉદયમાં ન આવે એ કેમ બને? દુ:ખ તો આવવાનાં જ. કારણ કે જેવું વાવો છો તેવું જ પામવાના. તો પછી પાપ કરશો તો દુ:ખી જ થવાના, અને ધર્મ-પુણ્ય કરશો તો સુખી અવશ્ય થવાના. હવે જેની જે ઇચ્છા હોય તે કરે. સુખ જોઈએ છે કે દુ:ખ? પહેલાં આનો નિર્ણય કરો. પ્રવૃત્તિ કે પુરુષાર્થ જ જીવના હાથમાં છે; ફળ તો કર્મ સત્તાને આધીન છે. શું મેળવવું છે એની ચિંતા ન કરો!—શું કરવાનું છે એની

ચિંતા કરો ! તમારી કરણી પ્રમાણે જ ભરણી થશે. એમાં કોઈ શંકા નથી.

## સુખ જોઈતું હોય તો પહેલાં તે બીજાને આપો—

જેમ દડો ભીંત સામે ફેંકીએ તો તે પાછો આપણી પાસે જ આવે છે, આપણને જ મળે છે. Flash light પણ ભીંત ઉપર ફેંકીએ એટલે તેનો પ્રકાશ પાછો આપણને જ મળે છે. આપણી ઉપર જ Reflect થઈને આવે છે.

Reflecetive Prayer—પરાવર્તિત પ્રાર્થનાનો પણ એ જ નિયમ છે. આપણે બીજાના હિત માટે-સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરીએ તો તે પરાવર્તિત થઈને આપણી ઉપર આવે છે. સર્વમાં આપણો પણ નંબર છે જ. અને તેથી સર્વના સુખ માટે સર્વના કલ્યાણ માટે કરેલી પ્રાર્થના આપણને પણ સુખ અપાવશે જ.

**शिवमस्तु सर्व जगतः,**—સર્વ વિશ્વનું કલ્યાણ થાઓ,

**परहितनिरता भवन्तु भूतगणाः ।**
—સર્વ જીવો પરોપકારમાં તત્પર બનો;

**दोषाः प्रयान्तु नाशं,**—સર્વના પાપ દોષો નાશ પામો,

**सर्वत्र सुखी भवन्तु लोकाः ॥**—સર્વત્ર લોકો સુખી થાઓ.

**सर्वेऽपि सन्तु सुखिनः,**—સર્વ જીવો સુખી થાઓ,

**सर्वे सन्तु निरामयाः ।**—સર્વ જીવો નિરોગી થાઓ;

**सर्वे भद्राणि पश्यन्तु,**—સર્વ જીવો કલ્યાણને જુઓ,

**मा कश्चिद् दुःखभाग् भवेत् ॥**
—કોઈ પણ જીવ દુઃખી ન થાઓ.

જૈન શાસનની આવી સર્વ હિતકર, સર્વ કલ્યાણકર પ્રાર્થના નિત્ય કરવી જોઈએ. જે સ્વ અને પર સર્વના કલ્યાણ માટે નીવડે. 'સ્વ-કલ્યાણ'ની પ્રાર્થના એ સ્વાર્થભરી છે. જ્યારે 'સર્વ કલ્યાણ'ની પ્રાર્થના એ પરમાર્થવૃત્તિથી ભરેલી છે.

સતત વર્ષોથી માથું દુઃખતાં મુનિમહારાજે રસ્તો શોધ્યો કે જેમને જેમને માથું દુઃખતું હશે તે સર્વે મુનિઓનું માથું દબાવવા વગેરે સેવા ભક્તિ વૈયાવચ્ચ કર્યા પછી સૂવું અને તેમને ખૂબ આનન્દ આવ્યો. બીજાની તો શિરઃશૂળ વેદના મટી ખરી પરન્તુ સાથે સાથે વૈયાવચ્ચ સેવા-ભક્તિ કરનારા મુનિનો પણ વર્ષોનો રોગ ગયો. આમાં કોઈ આશ્ચર્ય નથી, આ કોઈ જાદુ કે ચમત્કાર નથી; વૈયાવચ્ચ સેવા એ આભ્યંતર તપનો ભેદ છે, જેના વડે અદ્‌ભુત નિર્જરા થાય અને તે અશાતાવેદનીય કર્મ ખપી પણ ગયું હોય....જેથી વેદના ચાલી જાય.

**દુઃખ આપ્યું હોય તો દુઃખી થવાય—**

**સુખ આપ્યું હોય તો સુખી થવાય—**

અબ્રાહમ લિંકન જ્યારે બહાર નીકળ્યો ત્યારે એક સજ્જને પૂછ્યું, 'તમે હંમેશાં કેમ હસતા મોઢે આનંદમાં હો છો?' લિંકન, 'ભાઈ! મેં કોઈને પણ માર્યા નથી, રડાવ્યા નથી, દુઃખી કર્યા નથી તો પછી મારે રડવાના કે દુઃખી થવાના દિવસો આવે જ શા માટે? મને તો પૂરેપૂરી શ્રદ્ધા છે આ સિદ્ધાંતમાં.'

બસ, આટલું તો ઘણું થયું. આટલી શ્રદ્ધા પણ ખૂબ છે. ગોસ્વામી તુલસીદાસ પણ કર્મસિદ્ધાંતના માર્ગની આવી જ શિખામણ આપતાં કહે છે :—

जो तोकु कांटा बूवे, ताहि बोव तू फूल ।
ताको फूल के फूल है, बांको है त्रिशूल ॥

અરે ભાઈ! જો તારા રસ્તામાં કોઈ કાંટા પણ પાથરે, તો પણ તું તો તેના રસ્તામાં ફૂલ જ પાથરજે. તારાં ફૂલ તે ફૂલ જ રહેશે. પેલાના કાંટા પેલા માટે ત્રિશૂલ બની જશે. હાથનાં કર્યાં હૈયે જ વાગે છે. માટે કરતાં પહેલાં સો વાર વિચાર કરીને પછી જ કરજે.

## સુખ-દુઃખની સાચી વ્યાખ્યા—

सर्वं स्ववशमेव सुखं, सर्वं परवशमेव दुःखम् ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥

હરિભદ્રસૂરિ મહારાજ સુખ-દુઃખની વ્યાખ્યા જણાવતાં કહે છે કે જેટલું સ્વવશ-સ્વાધીન-સ્વતંત્ર છે તેટલું જ સુખ છે અને એનાથી વિપરીત જેટલું પરવશ-પરાધીન-પરતન્ત્ર છે તે બધું દુઃખ છે. સુખ ક્યારેય પણ પરવશ હોતું નથી અને દુઃખ ક્યારેય પણ સ્વવશ હોતું નથી.

કવિ કહે છે : आप स्वभावमें अवधु, सदा मगन में रहना ।
तेरा है सो तेरी पासे, अवर सब अनेरा ॥

## સ્વવશ-સ્વાધીન તે સુખ—
## પરવશ-પરાધીન તે દુઃખ—

"સ્વ" એટલે આત્મા. બસ, જેટલું આત્માને પોતાને આધીન હોય, આત્માને વશ હોય, આત્મભોગ્ય હોય તે જ સાચું સુખ છે. અને જે આત્માધીન નથી, પરવશ છે, પરને આધીન છે તે બધું દુઃખ છે. પર એટલે-આત્માથી ભિન્ન-દેહ, મન, ઇન્દ્રિયો વગેરે. સંસારમાં સંસારી જીવો મનુષ્યો વગેરે જે સુખો ભોગવે છે તે બધા પરાધીન-પરવશ જ છે. કોઈ પણ પ્રકારનાં સુખો ભોગવવા-અનુભવવા માટે જીવ પાસે સાધનોમાં છે શું?

ઇન્દ્રિય, મન, વચન અને શરીર. બસ, આ સિવાય વધારે તો કોઈની પાસે નથી. હા, ઓછાં જરૂર છે.

તો પછી જે સુખ આપણે ભોગવવું છે તે માત્ર આ જ સાધનો વડે. ઇન્દ્રિય વડે ભોગવાતાં સુખો... કેવા હોય? તે તે ઇન્દ્રિયના તે તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-ધ્વનિના વિષયો વડે જ સુખ ભોગવાય છે. ઇન્દ્રિયો તે તે વિષયોને આધીન છે.

સ્પર્શેન્દ્રિય-ઠંડુ, સુંવાળું, ગરમ વગેરે સ્પર્શને જ અનુભવી શકે છે.

રસનેન્દ્રિય જીભ-ખાટું, મીઠું, તીખું, કડવું વગેરે રસને જ અનુભવી શકે છે.

ઘ્રાણેન્દ્રિય નાક-સુગંધ, દુર્ગંધને જ અનુભવી શકે છે.

ચક્ષુઇન્દ્રિય-વર્ણ રૂપને જ ગ્રહણ કરી શકે છે.

કર્ણેન્દ્રિય કાન-શબ્દોને જ ગ્રહણ કરી શકે છે.

અને રહેલું એવું અતીન્દ્રિયમન હવાઈ કલ્પનાઓના તરંગોમાં ઊડી વિચારો કરી, સ્વપ્નાંઓ જોઈને રાજી થાય છે. બસ, એને એમાં જ મજા છે. શરીર વિષયભોગોજન્ય વૈષયિક સુખો ભોગવવામાં જ મસ્ત છે.

પરન્તુ પોતે એ વિચાર નથી કરતો કે હે જીવ! આ બધાં સાંસારિક સુખો ક્ષણિક છે, વૈષયિક સુખ પણ ક્ષણિક છે. એક ક્ષણ માત્રના સુખની અનુભૂતિ હશે. પરંતુ સાથે સાથે પારાવાર દુઃખની પણ અનુભૂતિ છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે

"**भोगाः न भुक्ता, वयमेव भुक्ता**"-અરે ભાઈ! ભોગો ભોગવવા જતાં તો અમે જ ભોગવાઈ ગયા. ભોગો નથી ભોગવ્યા, અમે જ ભોગવાઈ ગયા...

બહુ વિચાર કરો...ઊંડા ચિંતનથી અનુભવે ખરેખર વાત સાવ સાચી લાગશે. સંસારનું સુખ એવું જ છે. વસ્તુના ઉપર

આપણે જીવીએ છીએ. વસ્તુ હોય તો આપણે સુખી અને વસ્તુ ન હોય તો આપણે દુઃખી. ગાડી, ફ્રીજ, ટી. વી રેડિયો, વગેરે સાધનોમાં આપણે સુખ માન્યું છે. અને માટે તે સાધનો હોવાં જ જોઈએ. તે હોય તો જ આપણે સુખી . માટે વસાવ્યા, રાખ્યા.

પરન્તુ પાછળ નજર કરીએ તો ટી. વી. ના કારણે લાખો બાળકો આંધળા થઈ ગયા. આ કેવું આખી જિન્દગીનું દુઃખ આવી પડયું ?

સંસારનાં સુખો ખરેખર સુખ નથી....તે તો માત્ર સુખાભાસ છે....દુઃખો જ છે. દુઃખોની જ અવસ્થાને આપણે સુખ માની લઈએ તો પછી કયાં પ્રશ્ન રહ્યો.

વિચાર કરો . ...એક માણસ પાસે કંઈ જ નથી......સાવ ભિખારી છે ..ખાવાની પણ તકલીફ છે.. ભાગ્યે સાથ આપ્યો નસીબે જોર કર્યું અને તેને પાંચ લાખની લોટરી લાગી...... અહા...હા....કેવો રાજી થયો....કેવો ઊછળ્યો ગાંડા જેવો થઈ ગયો...બસ, એનો આનંદ એનો હર્ષ ..સુખ...સમાતું જ નથી.... ઊછળે છે, નાચે છે...મજા કરે છે. ભાગ્યયોગે ..પુરુષાર્થ કર્યો... હજી વધુ કમાયો . એક દિવસ તે દશ લાખનો માલિક બન્યો .. હવે તો લક્ષાધિપતિની શ્રેણિમાં નામ નંબર આવ્યો. બસ, આનન્દનો પાર નથી શેખચલ્લીના વિચારો કરે છે...મહેલ બંધાવીશ...લગ્ન કરીશ ...વગેરે સેંકડો હવાઈ તરંગો એના મનમાં ઊઠવા માંડ્યા.

પરન્તુ નસીબે યારી ન આપી....ભાગ્ય પલ્ટો ખાય છે...., અને નુકશાનનો ભારે ફટકો પડ્યો....પાંચ લાખનું ભારે નુકશાન થઈ ગયું... થાય. એમાં કોઈ આશ્ચર્ય પણ નથી. આવેલું જ જાય છેને ?

પરન્તુ... વિચાર કરો...ગયા કેટલા ? પાંચ જ ને. દશમાંથી પાંચ ગયા છે તો હજી બીજા પાંચ લાખ તો બચ્યા જ છે ને ?

તો હવે સુખ કે દુઃખ ? સુખી કે દુઃખી ?

સભામાંથી—'દુઃખી.'

'કેમ ભાઈ ! શા માટે દુઃખી ?'

તમે માત્ર કેટલા ગયા તેને જ જુઓ છો. પરંતુ હજી કેટલા છે તેને કોઈ જોવા તૈયાર નથી. આ સંસારમાં લોકોને એવું જ ઘેલું લાગેલું છે. પોતા પાસે કેટલું છે તે જોવા કોઈ તૈયાર નથી. પરંતુ કેટલું નથી તેની જ ચિંતા છે. કેટલું છે તેનો સંતોષ કે તેનો કોઈ આનંદ-સુખ નથી. આ તો લોભ છે. લોભીને સંતોષ હોતો નથી...અને અસંતોષીને સુખ-શાંતિ ક્યાંથી હોય ? કારણ, માનવ એમ માને છે કે મારી પાસે ઘણું ઓછું છે, બીજા પાસે ઘણું વધારે છે.

ઓછું અને વધારે એ તો સાપેક્ષ છે. એકબીજાની અપેક્ષાએ છે. પરંતુ ભાઈ ! તું તારી વસ્તુને બીજાની અપેક્ષાએ જોશે તો તો કાયમ માટે અસંતોષ જ રહેવાનો, તું ક્યારેય સુખી થઈ જ નહિ શકે.

## લૂખા રોટલે ઊંઘ આવી—

ચીનનો ધનાઢ્ય બાદશાહ પોતાની ગાડીમાં નગરબહાર ફરવા નીકળ્યો છે. રસ્તાની બાજુમાં એક ઝૂંપડી જુએ છે. કંઈક સંગીત વાગી રહ્યું છે...બાદશાહ ઊતરીને તે ઝૂંપડીમાં જાય છે. જોઈને તેને દયા આવી. અરે રે !...સાવ ચીંથરેહાલ માણસ... બિચારા પાસે કંઈ જ નથી. અરે રે ! કેવો દુઃખી હશે...બાદશાહ ચિંતામાં પડ્યો.

એટલામાં તો પેલા ભિક્ષુકે અતિથિસ્વાગત કરવાને પડેલો લૂખો રોટલાનો ટુકડો આગળ ધર્યો....'મારું આટલું સ્વીકારો.... બસ, બીજું તો મારી પાસે કંઈ જ નથી...'

રાજા વિચાર કરે છે....અરે રે ! ક્યાં બદામ ને દૂધપાક...

અને ક્યાં આ લૂખો રોટલો? અરે! લૂખો રોટલો હું ખાઉં? મારાથી ખવાય?

પરંતુ ભિક્ષુકના આગ્રહથી રાજાએ ટુકડો ખાધો, અને સૂરીલું સંગીત સાંભળવામાં લીન થયો....આજે વર્ષો પછી રાજાને ગાઢ નિદ્રા આવી હતી.......રાજા સુખેથી ઊંઘી શક્યો હતો... અમાપ ધન-સંપત્તિમાં જે ઊંઘ રાજાને રાજમહેલમાં ક્યારે ય નહોતી આવી તે રાજાને આજે આવી હતી.

રાજાને એક વાત સમજાઈ ગઈ કે સુખ-શાંતિ ધન-સંપત્તિમાં નથી, ભોગવિલાસમાં નથી; પરંતુ આ કંઈક જુદી જ વસ્તુ છે.

ઉપાધ્યાયજી મહારાજ તો ફરમાવે છે કે નિઃસ્પૃહ એવા ત્યાગી સાધુને જે સુખ છે તે બીજા કોઈને પણ નથી. બત્રીશ લાખ વિમાનનો અધિપતિ ઇન્દ્ર પણ સાધુ મહાત્માઓને નમસ્કાર કરીને સિંહાસન ઉપર બેસે છે.

**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।**

દેવતાઓ પણ તેને નમસ્કાર કરે છે, જેના મનમાં સદા ય ધર્મ વસે છે. માટે જે દુન્યવી-સંસારી સુખો માટે જીવે પ્રયત્ન કર્યો છે...હવે બહુ સમજીને એ પ્રયત્ન છોડીને સાચી દિશામાં લાગવું જોઈએ.

**"असारे संसारे नत्थि सुहं वाहि-वेअणा-पउरे"...**

**जाणंतो इह जीवो न कुणइ जिणदेसियं धम्मं ॥**

'આધિ-વ્યાધિ-ઉપાધિ અને વેદનાથી ભરેલા આ સંસારમાં સુખ બિલકુલ નથી'....એવું જાણવા છતાં પણ જીવો જિનેશ્વર પરમાત્માના કહેલા ધર્મની આરાધના નથી કરતા. ખરેખર! બહુ દુઃખની વાત છે...

ત્યાગમાં સુખ છે, રાગમાં દુઃખ છે.

વગર સાધને મન, વચન, શરીર અને ઇન્દ્રિયોની મદદ વિના જે અનુભવાય તે જ સાચું સુખ, તે જ સાચો આનંદ. આત્મા સ્વયં Direct જે આનંદ અનુભવે તે જ સાચું સુખ, તે જ સાચો આનંદ.

## સુખની ખાતર પણ સુખ છોડવું પડે—

જરા તમને નવાઈ લાગશે, આશ્ચર્ય પામશો. અરે! સુખની ખાતર પણ સુખ છોડવું પડશે? હા...વિચાર કરો...ઊંચા સુખની ખાતર, સાચા સુખની ખાતર ખોટા સુખને, હલકા સુખને છોડવું જ પડશે. તમને મનમાં પ્રશ્ન થશે, 'અરે! સુખમાં વળી ભેલસેળ હોય ખરી? અરે! સુખમાં પણ સાચા–ખોટાના ભેદ હોય ખરા?'...હા...હોય છે. અને અનાદિકાળથી છે જ. સંસારનાં સુખો, વિષયભોગજન્ય સુખો ખોટાં છે, હલકાં છે. ખરેખર તો સંસારમાં સુખ છે જ ક્યાં? જ્ઞાનીભગવંતો કહે છે–'આખો સંસાર પહેલેથી છેલ્લે સુધી દુ:ખથી જ ભરેલો છે.' કહ્યું છે કે—

**दुःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिहभवे गर्भवासे नराणाम्,**
**बालत्वे चापि दुःखं मललुलितवपुः स्त्रीपयःपानमिश्रम् ।**
**तारुण्ये चापि दुःखं भवति विरहजं वृद्धभावोऽप्यसारः**
**संसारे रे मनुष्या वदत यदि सुखं स्वल्पमप्यस्ति किंचित्॥**

સર્વ પ્રથમ તો મનુષ્યભવમાં સ્ત્રીની કુક્ષિમાં ગર્ભાવાસનું દુ:ખ સહન કરવું પડે છે. બાલ્યાવસ્થામાં મળમૂત્રમાં રમવાથી વિષ્ટાથી શરીર ખરડાય છે અને પછી માતાનું સ્તનપાન. યુવાવસ્થામાં ભોગોનાં વિરહજન્ય દુ:ખ હોય છે, વૃદ્ધાવસ્થા તો દુ:ખની જ ભરેલી છે. ખરેખર! આ સંસારમાં અલ્પ પણ સુખ હોય તો કહો...વિચાર કરો...સંસારમાં ક્યાં સુખ છે?!

ખરેખર તો જે ભયંકર દુ:ખરૂપ છે એવા સંસારમાંથી સુખ મેળવવા મહેનત કરવી એ તો પાણી વલોવીને માખણ કાઢવા

જેવી વાત છે. અર્થાત્ નિરર્થક પ્રયત્ન છે.

સંસારનાં વિષયભોગજન્ય સુખો તે ખરેખર સુખો નથી, તે તો સુખાભાસ છે. માટે તેવાં સુખો તો તજવા જેવાં છે. સાચું સુખ આત્માનું સુખ છે. બાકી, સંસારમાં કોઈએ પુત્ર-પુત્રી આદિ કુટુંબ પરિવારમાં, કોઈએ પત્નીમાં વૈષયિક સુખ, કોઈએ ભૌતિક-પૌદ્‌ગલિક સુખ, તો કોઈએ ધન-સંપત્તિમાં ઐશ્વર્યનું સુખ તો કોઈએ ઇન્દ્રિયોમાં ઐન્દ્રિય સુખ, આ રીતે દરેકે અલગ-અલગ બુદ્ધિથી સુખ માન્યું છે. અને વિચાર કરો આપણી પાસે આ સંસારનાં સાંસારિક સુખો ભોગવવાનાં સાધન તરીકે મન-વચન અને શરીર-ઇન્દ્રિયો બસ આટલાં જ સાધન છે; અને તે બધાં જ જડ છે, એકમાત્ર આત્મા જ ચેતન છે. સંસારનાં સુખો પણ જડસાધન-જન્ય જ છે. તો પછી જડસાધન-જન્ય સુખોને જડ એવા મન-ઇન્દ્રિય શરીર શું અનુભવી શકે! અનુભવ કરનાર તો પાછળ ચેતન એવો આત્મા છે. તો પછી આત્મા પોતે પોતાનો વાસ્તવિક સુખ કે આનંદ ન અનુભવે? શા માટે આ બાહ્ય ક્ષણિક પદાર્થોમાં મોઢું નાંખે. અને જીવ જે સુખનાં જડ સાધનોમાં સુખ માની બેઠો છે, તે જ એની મોટી અજ્ઞાનતા છે સાધનો એ સાધન છે, સાધનોમાં સુખ નથી. સંભવ છે કે એ જ સાધન કોઈને દુઃખનું કારણ બને...સંસારમાં સુખ-દુઃખની અવસ્થાઓ પણ બદલાતી હોય છે. 'સંયોગે સુખ અને વિરોગે દુઃખ'-એવી પણ માન્યતા છે; પરંતુ એ પણ વ્યાખ્યા સાચી નથી. ત્યાગી સાધુ જીવન તો 'વિયોગે સુખ અને સંયોગે દુઃખ'—એવું પણ માને છે.

અંતે મોક્ષનું સુખ જ સાચું છે. તે જ મેળવવા મહેનત કરવી જોઈએ...દુઃખને ટાળવા અને છોડવા તો ઘણા ભવમાં મહેનત કરી, પરંતુ હવે વીતરાગનું શાસન પામીને સુખને પણ છોડવા મહેનત કરવાની છે. દુઃખને છોડવા ટાળવા મહેનત કરી

પણ નથી છૂટયું, પણ સુખ તો જરૂર છૂટશે. શાલિભદ્રે સુખ છોડયું હતું.

**મોક્ષનું સુખ—**

મોક્ષનું સુખ શાશ્વત છે, નિત્ય છે, અનંત છે, અવ્યાબાધ છે. કોઈથી હણાય તેમ નથી.... કોઈ હરી લે તેવું નથી, સ્વવશ છે, સ્વાધીન છે, સ્વતંત્ર છે. ત્યાં દેહ નથી, મન નથી, ઇન્દ્રિયો નથી અને પૌદ્‌ગલિક વસ્તુઓ નથી... નથી જન્મ–મરણ, નથી આધિ વ્યાધિ ઉપાધિ...આત્મા અનંતજ્ઞાનમાં લીન છે. તેથી જ અનંતનું સુખ ભોગવે છે. મોક્ષનું સુખ એ સુખ નથી, પરન્તુ આનંદ છે, આનંદઘન છે. સચ્ચિદાનન્દ, ચિદાનન્દ, ચિદાનન્દ-ઘન છે. એ જ સાચું સુખ છે, સાચી સુખની અવસ્થા છે, એ જ મેળવવા સહુએ લક્ષ રાખી પ્રયત્ન કરવો જોઈએ.

સર્વ જીવો આવું શાશ્વત સુખ પામો એ જ અભ્યર્થના....

卐

---

卐 સૌજન્ય 卐

**શેઠશ્રી મોહનલાલ પરસોત્તમદાસ શાહ**

તથા

**શેઠશ્રી શાન્તિલાલ કચરાભાઈ શાહ**

**નાનપુરા—સુરત**

**ના સૌજન્યથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.**

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક–સુરત.

| પ્ર. આસો વદ ૮ | વ્યાખ્યાન ૧૪ મું | રવિ તા. ૧૦-૧૦-૮૨ |
|---|---|---|

## વિષય: જન્મ—મરણ અને આયુષ્યકર્મ

વ્યાખ્યાતા: પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
અવતરણકાર: કપિલરાય નાનાલાલ ઠાકુર

---

नेरइयतिरिक्खाउ, मणुस्साउ तहेव य ।
देवाउयं चउत्थं तु, आउकम्मं चउव्विहं ॥

—ચરમતીર્થપતિ પરમાત્મા મહાવીર મહારાજા અંતિમદેશના સ્વરૂપ શ્રીઉત્તરાધ્યયન સૂત્રના કમ્મપયડી અધ્યયનમાં 'આયુષ્યકર્મ' વિષે જણાવતાં ભેદો દર્શાવતા કહે છે કે—

નરકનું આયુષ્ય, તિર્યંચનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય તથા દેવનું આષ્યુય એમ આયુષ્યકર્મ ચાર પ્રકારનું છે.

જીવો ગતિની અપેક્ષાએ ચાર ગતિમાં વહેંચાયેલા છે. જેને આપણે સ્વસ્તિક—સાથિયો કહીએ છીએ.




જીવો આ ચાર ગતિમાં વહેંચાયેલા છે. તે જીવ ગતિ પ્રમાણે આયુષ્ય બાંધે છે. તે તે ગતિમાં તે તે શરીરમાં રહેવાનો કાળ વિશેષ–તે આયુષ્ય.

જેના વડે જીવ વિવક્ષિતભવમાં અમુક કાળપર્યન્ત ટકી શકે છે તે ' આયુષ્ય ' કહેવાય છે. અથવા વિવક્ષિતભવમાં જેટલા કાળ સુધી જીવ રહે તે ' આયુષ્યનો કાળ ' કહેવાય છે.

**આયુષ્યકર્મ**—સંસારમાં જીવો અનંતા છે. અનંતા જીવોના જન્મ-મરણ સંસારમાં સતત ચાલ્યા જ કરે છે. જ્યાં જન્મ–મરણ સતત ચાલે તેનું જ નામ સંસાર અને જ્યાં જન્મ-મરણ નથી તેનું નામ છે મોક્ષ. મુક્ત થયા પછી આત્માને ફરીથી જન્મ લેવો નથી પડતો, પાછું સંસારમાં આવવું જ નથી પડતું. ' **अपुनरावृत्ति** ' મોક્ષનો અર્થ એ થયો કે આત્માએ આ જન્મ-મરણની જંજાળમાંથી પણ સદાના માટે છૂટવું જોઈએ. અને જ્યાં સુધી નથી છૂટ્યા ત્યાં સુધી સંસારમાં જ છીએ, માટે જ જન્મ–મરણનો ક્રમ સતત ચાલુ છે. સંસાર આપણને નથી છોડવાનો, આપણે જ સંસાર છોડવો પડશે.

ભૂતકાળમાં અનંતા જન્મો જીવે કર્યા, અને સંસારમાં અનંતીવાર મર્યા પણ ખરા. શું હજી સુધી આ જન્મ–મરણના ચક્રથી કંટાળો આવ્યો છે કે નહીં? ઘરમાં રોજ એકની એક વસ્તુ રોટલી ખાવી પડે તો પણ કંટાળો આવે છે? પરંતુ એ કંટાળો ખાવાનો છે કે રોટલીનો છે? ખાવાનો નથી, વસ્તુનો છે, રોટલીનો છે. હવે જો વસ્તુની વાનગી ફેરવીને આપવામાં આવે તો ચાલે એમ છે.

હજી સુધી જીવને જન્મ-મરણનો કંટાળો જ નથી આવ્યો. અનંતી વાર જન્મ્યો અને અનંતી વાર મર્યો. છતાં હજી એ જ ચક્ર ચાલ્યા કરે છે. આજે આ ભવ છે, જન્મ્યા છીએ, જીવીએ છીએ અને એક દિવસ મરી જવાના. પણ મર્યા પછી શું? મૃત્યુ પછી અંત આવી જાય છે? ના, મર્યા પછી ફરી જન્મવાનું તો છે જ. જીવને સહેજ ઘડીભર પણ વિશ્રાંતિ કે નિરાંતે આરામ નથી મળતો. આ જન્મ્યા અને થોડા દિવસ જીવી જઈએ છીએ. ચાર દિવસની ચાંદની જોતજોતામાં પૂરી થઈ જાય છે. અને અંતે અંધારી રાત.... એક દિવસ મોતના મોઢામાં જતા રહેવું પડે છે. મર્યો એટલે તુરંત જન્મવાનું જ છે. કોઈ ઘરમાં મૃત્યુ પામ્યો હોય અને હજી તો બધાને ખબર આપવામાં આવે છે. બધા ભેગા થાય છે. લોકો આવે છે. દીકરા-દીકરીઓ વગેરે હજી આવવાના છે. મરેલા પિતાના મૃતકને હજી તો કાલે કાઢવામાં આવશે. સ્મશાનયાત્રા નીકળ્યા પછી અગ્નિસંસ્કાર થવાનો છે. એટલે શું એમ માનવું કે જ્યાં સુધી અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી જીવ બીજે ઉત્પન્ન જ ન થાય? ના, એવું નથી. તમે અગ્નિસંસ્કાર કરો કે ન કરો! ભલે ને ઘરમાં રાખી મૂકો ને, પરંતુ જીવ તો બીજે જન્મી જ ગયો છે. તમે કદાચ ૨ દિવસ પછી સ્મશાન યાત્રા કાઢો અને પછી અગ્નિસંસ્કાર કરો....પરંતુ ત્યાં સુધી તો જીવ બીજે જન્મી પણ ગયો....અને બે દિવસ-૪૮ કલાકનું આયુષ્ય પણ ભોગવાઈ ગયું. ૪૮ કલાકની ઉંમર પણ થઈ ગઈ.

જન્મ-મરણ સતત ઝડપથી ચાલ્યા કરે છે. નિગોદમાં તો એક આંખના પલકારામાં સાડા સત્તર વાર જીવ જન્મીને મરી પણ જાય છે. કેટલા ઝડપથી જનમ-મરણ કરવાં પડે છે.

'**जातस्य-ध्रुवो मृत्युः**'—ગીતામાં અર્જુનને ઉપદેશ આપતા શ્રીકૃષ્ણે કહ્યું-'જાતસ્ય ધ્રુવો મૃત્યુઃ'-જન્મેલાને અવશ્ય મરવાનું જ

છે, એમાં તો કોઈ શંકા જ નથી. મૃત્યુ જેટલું નિશ્ચિત છે એટલા જ લોકો મૃત્યુથી નિશ્ચિંત છે, એવી રીતે જીવન જીવી રહ્યા છે, એવી રીતે પોતાની પ્રવૃત્તિમાં મશગૂલ છે કે જાણે મોત આવવાનું જ નથી. ઘણાને સ્મશાનમાં બાળી આવ્યા છીએ છતાં પણ મનમાં તો એવી ધારણા સ્થિર થઈ છે કે ના 'હું તો મરવાનો જ નથી.' અરે ભાઈ! આ સંસારમાં કોણ એવો અમરપટ્ટો લઈને આવ્યો છે કે નથી મરવાનો.

જરૂર ઘણા મરીને પણ અમર થઈ જાય છે. પરંતુ અમરપણું એ દેહનું નથી, નામનું હોય છે, કાર્યનું હોય છે, એના ગુણોનું હોય છે. આજે એ વ્યક્તિ સંસારમાં આપણી વચ્ચે નથી, છતાં પણ એનું નામ તો લેવાય જ છે, ગુણો ગવાય છે, એનું કાર્ય આજે પણ લોકો યાદ કરે છે, પરંતુ દેહનો સંયોગ હવે નથી રહ્યો.

જન્મેલાનું મરવું નિશ્ચિત જ છે. પરંતુ મરેલાનું જનમવું નિશ્ચિત છે પણ ખરું અને નથી પણ ખરું? જન્મેલા તો મરશે જ એમાં કોઈ શંકા નથી....પરંતુ મરેલા જનમશે જ એવું નિશ્ચિત 'જ'કારવાચી નથી....કારણ, ઘણા મૃત્યુ પછી મોક્ષે ચાલ્યા જાય છે તો એમને ફરી જનમવાનું હોતું જ નથી. પરંતુ જે મોક્ષે નથી જતો એને તો જનમવાનું નિશ્ચિત જ છે. જનમ્યા વગર કોઈ છૂટકો જ નથી. ક્યાં જાય? મોક્ષમાં ન જાય તો સંસારમાં જ રખડે, અને સંસારમાં રખડવાનો અર્થ જ એ છે કે જનમ-મરણના ચક્કરમાં ભટકવું. જેમ ઓટોમેટિક ઝબકતી બંધ–ચાલુ થતી લાઈટને જોઈએ છીએ...કેટલી ઝડપથી બંધ થાય છે અને કેટલી ઝડપથી ચાલુ પણ થાય છે. વિચાર કરો તો આપણાં જનમ–મરણ પણ એટલા જ ઝડપથી ચાલી રહ્યા છે. આપણને ઝબકતી લાઈટ જેમ દેખાય છે. તે જ પ્રમાણે કેવલજ્ઞાની ભગવંતોની દૃષ્ટિમાં આપણો અનાદિ–અનંતકાળ અને તેમાં પણ અનન્ત

જનમ-મરણુ એ કેટલા ઝડપથી દેખાતા હશે? ભગવાન જો આપણા જનમ-મરણનું વર્ણન કરવા બેસે....અને માત્ર દરેક ભવનો નામનિર્દેશ માત્રથી ઈશારો જ કરે તો પણ અનન્તા ભવો કહેતા-કહેતા તો કેવળજ્ઞાની મહાત્માનું આયુષ્ય પૂરું થઈ જાય પણ આપણા કહેવાના ભવો પૂરા ન થાય. એટલા બધા અનન્તા ભવો છે. આ વિષે બહુ વિસ્તારથી આપણે પહેલા-બીજા વ્યાખ્યાનમાં જોઈ ગયા છીએ.

## મૃત્યુને મારીને મરો—

મરવું તો છે જ. મરવાના તો છીએ જ.. મોત તો નિશ્ચિત જ છે...તો પછી ડરવું શા માટે? આ જ દિવસ સુધી અનન્તી વાર મરતા જ આવ્યા છીએ...અને જો વિચાર કરો તો એમ સ્પષ્ટ લાગે છે કે મૃત્યુ આપણને મારતું જ આવ્યું જ છે. પરંતુ હજી સુધી આપણે મૃત્યુને મારી શક્યા નથી. એક વાર પણ જો આપણે મૃત્યુને મારી નાંખીએ તો તો કાયમ માટે અંત જ આવી જાય, પછી તો આપણે મરવું જ નહીં પડે. આપણે સદાને માટે અજર-અમર. કાયર થઈને, નબળા બનીને, ડરપોક થઈને મોતની સામે માથું નમાવી દીધું...બસ, જાણે કતલખાનાના ઢોરની જેમ કપાઈ ગયા...મરી ગયા...ના, હવે આવી રીતે મરવાથી નહીં ચાલે. નહીં તો પછી આ ચક્કરમાંથી છૂટી જ નહીં શકીએ. હવે તો મૃત્યુનો પણ અન્ત લાવવો છે. The Anihilation of Death. બસ, એનું જ નામ છે-'નિર્વાણ'. ગૃહસ્થ સંસારી મરે તો લોકો કહે છે 'મરી ગયા' 'સ્વર્ગવાસ થયા' વગેરે....અને સાધુ-સંત મહાત્મા મરે છે ત્યારે 'કાળધર્મ પામ્યા'...મરી ગયા એમ પણ નહીં. 'કાળનો જે ધર્મ' તે કાળધર્મ પામ્યા.. અને જ્યારે તીર્થંકર ભગવંતો અથવા તદ્ભવમોક્ષગામી જીવો જ્યારે આયુષ્ય પૂરું કરી મૃત્યુ પામે છે ત્યારે 'નિર્વાણ પામ્યા' કહીએ

છીએ. જરૂર એમને પણ મરવાનું તો છે જ. ભગવાનનું આયુષ્ય-કર્મ તો હતું જ ને? ભલે કોઈનું ઓછું હોય કે કોઈનું વધારે હોય. દા.ત. મહાવીરસ્વામીનું ૭૨ વર્ષનું હતું, અને પાર્શ્વનાથપ્રભુનું ૧૦૦ વર્ષનું હતું, અને નેમિનાથ ભગવંતનું ૧૦૦૦ વર્ષનું હતું. અને શ્રી આદીશ્વર દાદાનું ૮૪ લાખ પૂર્વનું હતું....ગમે તેટલું હોય પણ પૂર્ણ કરીને તો જવાનું જ છે. મરવાનું તો છે જ....પણ 'તેઓ મર્યા'–એમ નથી કહેતા...તેઓ 'નિર્વાણ=મોક્ષ–સિદ્ધપદ પામ્યા'–એમ કહીએ છીએ.

**'मृत्युको महोत्सव बनाओ'—**

મૃત્યુથી ડરવું નથી. ઘણા ડર્યા, ઘણીવાર ડર્યા, અરે! અનંતી વાર ડર્યા... હવે ડરવું નથી... પણ મોતને ડરાવવું છે.. હવે મરવું નથી પણ મોતને મારવું છે....રડતા રડતા તો ઘણીવાર મર્યા છીએ...હાય...હાય કરતા તો ઘણીવાર મર્યા.. હવે હસતા...હસતા મરવાનું છે. હસતા જવાનું છે. કહેવાયું છે કે—

**जब तुम जगतमें आए, तुम रोए जगत हंसे ।**
**जब करनी ऐसी करो, तुम हसो और जगत रोए ॥**

આપણે સહુ જનમ્યા ત્યારે બધા જ ઉંઆ....ઉંઆ...કરી રડ્યા હતા...રડતા...રડતા....જનમ્યા હતા....શું કરીએ ભાઈ! જનમનું દુઃખ જ એટલું બધું ગજબનું અસહ્ય હતું કે રડ્યા વગર છૂટકો જ નહોતો....રડ્યા વગર ચાલે એમ જ નહોતું.... પરંતુ હવે...મૃત્યુની સામે એમ નહીં બોલતા...કે શું થાય! હાય...મરવું પડશે...એમ કહી રડવા નહીં બેસતા...હસવા માંડજો....હસજો...જાઓ તો છો, જવાનું જ છે...માટે ભલે જજો પરંતુ હસતા મોઢે જજો...

જનમ્યા ત્યારે તમે રડતા હતા...ખૂબ રડતા હતા...પરંતુ

તમારી સાથે સાદ મિલાવીને કોઈ રડતું નહોતું બધા જ હસતા હતા...રાજી થતા હતા...'બાબો આવ્યો છે'....બધાએ હંસી-ખુશીની ખુશાલીમાં પેંડા વહેંચીને ખાધા હતા. હાય રે! સંસાર કેટલો સ્વાર્થી? આપણા જનમવાના દુઃખની તો કોઈએ દયા પણ નથી ખાધી? કોઈએ આપણા દુઃખની નોંધ પણ નથી લીધી? તો પછી હવે થઈ જાઓ તૈયાર? થોડી કમર કસી લો.... અને સંસારને સારી રીતે ઓળખી લો...અને હવે એવી કરણી કરો...કે જેથી સંસારમાંથી વિદાય લેતી વખતે...આપણે ખૂબ હસતા હસતા જઈએ...આપણા જનમ વખતે હસનારા બધાને રડાવતા જઈએ....હવે તો એવો જગત ઉપર ઉપકાર કરીને જાઓ....કે આખું જગત તમારું નામ યાદ કરતાં...પણ રડે... મૃત્યુને મહોત્સવ બનાવીએ. મોત જ્યારે...આવે ત્યારે...રાજી થઈ જાઓ. સાવધાન બની જાઓ આનંદ મનાવો.. ખુશ થાઓ...અરે! મરો તો પણ બેન્ડવાજાં વાગે...લોકો નાચે... લોકો ખભે લઈને નાચે ..મસ્તીમાં આવે. ગુલાલ ઉછાળીને નાચે....આનંદ મનાવે....અને સાથે સાથે 'જય જય નંદા....જય જય ભદ્દા'—આ બોલાય...અરે મરવું તો પણ મર્દાનગીથી મરવું. બહાદુરીથી મરવું...આનંદથી હસતા મરવું આને જ પંડિતમરણ કહ્યું છે. ભગવાનની પાસે પણ આપણે રોજ પ્રાર્થના કરીએ છીએ-

'**आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु...**' લોગસ્સમાં.

'**दुक्खक्खओ कम्मक्खओ, समाहिरणं च बोहिलामो अ...**'

જય વીયરાયમાં.

હે ભગવન! મને શ્રેષ્ઠ સમાધિમરણની પ્રાપ્તિ થાઓ—

## મરતાં પણ શીખો..

તમને આ શબ્દો સાંભળીને આશ્ચર્ય લાગશે. અરે? બીજું કંઈ નહીં ને 'મરતાં શીખો?' ખરેખર આશ્ચર્ય છે...પણ એમાં

શીખવા જેવું શું છે? મોત આવશે એટલે જતા રહેવાનું છે? પરંતુ ના....તમે એવું કેમ માની લીધું છે કે...મને કોઈ લેવા આવવાનું છે તેનું નામ છે 'મોત'. હિંદુ ધર્મમાં આ સ્થાને 'યમરાજ'થી કલ્પના કરી છે.

## જમબાબજી આવ્યા...

૮૦ વર્ષની ઉંમરના ડોશીમા ઘરના દરવાજામાં ખાટલો નાંખીને સૂતા. પણ સૂતી વખતે ઘરની જાળી બંધ કરવાનું ભૂલી ગયા હતા. અને રાત્રીના સમયે ગાયનું વાછરડું ઘરમાં ઘૂસી ગયું... ઘરમાં આવ્યું તો ખરું, પરંતુ રસ્તામાં જાળી આગળ દરવાજામાંજ ડોશીમાનો ખાટલો એટલે આગળ તો ન જવાયું... બિચારો પશુ જીવ...એટલે 'જે મળે તે ખાવામાં મોઢું નાંખવું' એ એની ટેવ....એને તો પોતાની ટેવ મુજબ ખાવામાં મોઢું નાંખ્યું...પણ ખાવાનું તો બીજું કંઈ હતું નહીં.. ડોશીમાનો સાડલો મોઢામાં આવ્યો...એટલે તે તો ખાવા માંડ્યો...ખેંચાવા લાગ્યો... એટલે ડોશીમા જાગ્યા... અંધારામાં બીજું તો કંઈ નહીં પણ પાડાનો આકાર દેખાયો.. અને ડોશીમા ચમકયા...બૂમ પાડવા માંડ્યા.. અરે! જમબાબજી આવ્યા....જમબાબજી આવ્યા. થોડીવારે ડોશીમા ધીરજ ધરીને બેઠા થયા... અને પેલા ગાયના વાછરડાને કહ્યું—'ઓ જમબાબજી! હું નથી માંદી, મને તાવ નથી આવ્યો....તમે મને કયાં ઉપાડી... રસ્તો ભૂલ્યા... ભીંત ભૂલ્યા...જમબાબજી આ બાજુ પધારો...પેલો છોકરો માંદો છે.... એને તાવ આવે છે. એને લઈ જાઓ ..વારો એનો છે....મારે તો હજી વાર છે....'

વિચાર કરો ૮૦ વર્ષના ડોશીને હજી જવાની વાર છે.. અને પેલા ૮ વર્ષના છોકરાને મોકલવા તૈયાર થયા....પેલા છોકરાને તાવમાં સાંભળીને શું થયું હશે? કેટલું દુઃખ લાગ્યું

હશે ? અરે ભાઈ! દુઃખ લાગે કે ન લાગે પણ સંસાર કેવો સ્વાર્થનો ભર્યો છે એ સ્પષ્ટ જણાઈ આવે છે.

પરમાત્માએ દશવૈકાલિકમાં સાચું જ કહ્યું છે કે—

**सव्वे जीवा वि इच्छंति जीविउं, न मरिज्जिउ।**
**तम्हा पाणिवहं घोरं, निग्गन्था वज्जयंति णं॥**

સર્વ જીવમાત્ર જીવવા ઇચ્છે છે....મરવા કોઈ ઈચ્છતું નથી... માટે નિર્ગ્રન્થો ઘોર એવો પ્રાણિવધ–હિંસા વર્જે છે.. હિંસા આચરવાની હોતી નથી.

મરવાની તૈયારી કોઈની પણ હોતી નથી. ૮૦ વર્ષની ઉંમર હોય કે ૧૦૦ વર્ષની ઉંમર હોય પરંતુ મરવાની ઈચ્છા કોઈની પણ હોતી નથી.

## મરણના અનંત પ્રકારો—

'મરવું–તો સમાધિમાં મરવું....એમ ને એમ શું મરવું. આ સંસારમાં જનમનો તો એક જ પ્રકાર છે...માતાની કુક્ષિથી જન્મ લીધો. પરંતુ મરણનો એક જ પ્રકાર નથી...મરણના તો અનંતા પ્રકારો છે. કોઈ કઈ રીતે મરે છે તો કોઈ કઈ રીતે મરે છે. કોઇ ગાડી નીચે આવીને મરે છે, તો કોઈ પચ્ચીસમા માળેથી પડીને મરે છે...તો કોઈ પેન્સીલની અણીએ મૃત્યુને લાવે છે, તો કોઇ ઝેર પીને જીવનનો અંત લાવે છે, તો કોઇ દરિયામાં પડીને જીવનને ટુંકાવે છે...આવી રીતે મરણના અનન્ત પ્રકારો છે.... અનન્તી રીતે જીવ મર્યો છે.. હવે આ સંસારમાં કોઈ પણ પ્રકાર બાકી રહ્યો નથી. કોઈ એવો પ્રકાર નથી કે જે પ્રકારે કોઈ મર્યો જ નથી... અને તમે આ દુનિયામાં કોઈ વિશ્વવિક્રમ પણ કરી શકો તેમ નથી કે...ના, હું એવી રીતે મરવાનો છું કે જે રીતે હજી સુધી સંસારમાં કોઈ મર્યો જ ન હોય...એવી કોઈ પણ રીત સંસારમાં નથી...બધી જ રીતે જીવો સંસારમાં મરી ચૂકયા છે...

માટે એવો વિશ્વવિક્રમ કરવા પણ જતા નહીં.. હા, આ વિચાર જરૂર કરજો—

'**मरना तो ऐसे क्या मरना**'...અરે મરવું તો આવી રીતે શું મરવું? કૂતરાની મોતે મરવું? શું રસ્તા ઉપર મરવું? શું અકસ્માતમાં ગાડી નીચે આવીને મરવું? શું ઘરના બાથરૂમમાં મરવું.. શું પાણીમાં ડૂબીને મરવું? શું ઘાસતેલ છાંટીને મરવું? શું ઝેર પીને મરવું?

અરે! ના, ભાઈ ના...આવી રીતે કંટાળો લાવીને મોતને બોલાવવું નથી. મૃત્યુને આમંત્રણ આપવાનું હોય....

મરો તો 'સમાધિમરણ'માં મરજો કંઈક જીવન સાર્થક થાય. 'સમાધિ'નો અર્થ છે–અંત સમયે પણ ધર્મમાં મનની એકાગ્રતા રહે. બહુ જ ટૂંકમાં સમાધિની નાની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે– '**जस्स धम्मे सया मणो**' સદાય ધર્મમાં જેનું મન રહેતું હોય તે સમાધિમાં છે.

પ્રશ્ન—મનમાં ધર્મ રહે તે સારું! કે ધર્મમાં મન રહે તે સારું? જો એમ કહેશો કે મનમાં ધર્મ રહે તે સારું?

ના, મન તો એટલું વિશાલ અને વ્યાપક દરિયા જેટલું મોટું છે કે આ મનમાં તો ધર્મ એક બાજુ ખૂણામાં ક્યાંય પડ્યો હશે તો ખબર પણ નહીં પડે. કારણ કે મનમાં તો ઘણું બધું પડ્યું છે. સંસાર પણ છે, ક્લેશ–કષાય પણ છે, કામ–ક્રોધાદિ પણ છે... માટે મનમાં ધર્મ રહે તે સમાધિ નથી.

સમાધિ તો છે–ધર્મમાં સદા મનનું રહેવું. ધર્મમાં જો મન પરોવાયેલું રહે તો એકાગ્રતા આવે. મન ધર્મમાં કેન્દ્રિત રહે તો ચંચલતા દૂર થઈ જાય, અસ્થિરતા મટી સ્થિરતા આવી જાય... બસ, ધર્મમાં મનની સ્થિરતા એ જ સમાધિની અવસ્થા છે.

આજે પહેલા તબક્કે આટલું પણ જો શીખીએ તો ય ઘણું પર્યાપ્ત છે; બાકી સમાધિનું સ્વરૂપ તો ઘણું મોટું છે.

**યથા મતિઃ તથા ગતિ**: આજે તો અંત સમયે નવકાર મહામંત્ર આપવામાં આવે તો પણ ઘણાને નથી ગમતું.... ભાગ્યશાલી...! ખરી રીતે તો અંત સમયે તમારે જાતે જ નવકાર મંત્રનું સતત સ્મરણ કરવું જોઈએ. સર્વ જીવો સાથે ક્ષમાપના કરવી જોઈએ. પાપનું 'મિચ્છા મિ દુક્કડં' આપવું જોઈએ... અને પરમાત્માના સ્મરણ સાથે ધર્મધ્યાનમાં રહેવું જોઈએ. કારણ કે—'**યથા મતિઃ તથા ગતિઃ**'—છેલ્લે 'જેવી મતિ હશે તેવી ગતિ થશે' એવું પ્રધાનપણે કહેવાય છે. મતિ એટલે બુદ્ધિ કહો, પરિણતિ કહો...અને આપણી ભાષામાં અંતિમ ઇચ્છા કહો કે ભાવના કહો, એના ઉપર ગતિ મળવાનો મોટો આધાર છે. જો મતિ ખરાબ હશે... ભાવના ખરાબ હશે....અને આયુષ્યનો બંધ એ વખતે પડે તો...જીવની ગતિ બગડી જાય છે. ક્યાંથી ક્યાં ફેંકાઈ જઈએ છીએ....શું હતા અને શું બની જઈએ છીએ.

## એક સાધ્વીજી મરીને ગરોળી થયા—

એક શ્રાવિકાએ દીક્ષા લીધી...દીક્ષા લેતી વખતે ઘરમાંથી ૪ મૂલ્યવાન કિંમતી રત્નો સાથે લઈ લીધાં...અને અવસર મળતાં એક લાકડાની પહોળી ડાંડી કે પાટલીમાં સંતાડી દીધાં. કોઈને પણ ખબર ન પડે કોઈ જોઈ ન જાય તે રીતે રોજ જોઈ લેતા. પૂરેપૂરું ધ્યાન રાખતા....એમ ને એમ વર્ષો વીતી ગયાં.

સાધ્વીજીને મોહદશા ભારે...મૂર્છા વધતી જ ગઈ. અને આવા મોહ–મમત્વ અને રાગ–મૂર્છામાં આયુષ્ય બંધાઈ ગયું. અને સાધ્વીજી આયુષ્ય પૂરું થતાં મરીને ગરોળી થયાં. એ જ ઉપાશ્રયમાં ગરોળી થઈને ફરવા માંડ્યાં. ગયા જનમની મૂર્છાના કારણે વારંવાર આવીને એ પાટલી ઉપર બેસે. બીજા સાધ્વીજી

મહારાજોએ જોયું....વિચાર કર્યો...અરે ! આ ગરોળી વારંવાર આ પાટલી ઉપર કેમ બેસે છે ?

અવસરે કોઈ જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા. ત્યારે તેમને ગરોળી વિષે પૂછવામાં આવ્યું. જ્ઞાની ભગવંતે જણાવતાં કહ્યું કે પેલા સાધ્વીજી રત્નોની મોહદશામાં મૃત્યુ પામી આ ગરોળી થયા છે. અરે રે! કેવો કિંમતી જન્મ...કેવો કિંમતી નરભવ અને આવો સુંદર વીતરાગનો ચારિત્રધર્મ....છતાં પણ રત્નોની મોહ-દશાના કારણે ભવ હારી ગયા...

'માનવનો જન્મ મળ્યો, મહાવીરનો ધર્મ મળ્યો.

આવો સંયોગ નહીં આવે ફરી વાર...નહીં આવે ફરી વાર...'

—આ તો આપણે ગાઈએ છીએ...પરંતુ ફક્ત ગાવા માટે જ નથી...બહુ ઊંડા ચિન્તનથી વિચારવા જેવું છે...

અંતે જ્ઞાની ગુરુનાં વચન સાંભળતાં ગરોળીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું...આખરે છે તો પંચેન્દ્રિય તિર્યંચને ! ગરોળી સાવધાન થઈ ગઈ, સમજી ગઈ. અરે! આ તો મારો જ ભવ બગાડ્યો.... હવે તો સાધી લઉં. અને આ વિચારથી ગરોળીએ અણસણ કર્યું. મૃત્યુ પામીને દેવગતિમાં ઉત્પન્ન થઈ. પરિગ્રહની આવી મૂર્છા જીવને તિર્યંચની ગતિનું આયુષ્ય બંધાવી તિર્યંચ ગતિમાં જીવને ઘસડી જાય છે. અને સંસારમાં રખડાવે છે...ભવ બગાડે છે.

### અંતસમયે નવકારમંત્ર—

અન્તસમયે જ્યારે નવકાર મહામંત્ર સંભળાવવામાં આવે છે ત્યારે પણ ઘણા નારાજ થઈ જાય છે....અરે રે! આ આ બધા ભેગા થઈને નવકાર સંભળાવે છે. મતલબ કે હવે તો હું જવાનો. નવકાર સંભળાવવાનો મતલબ જ લોકોએ એવો કરી લીધો કે બસ, હવે ટિકીટ ફાટી...નવકાર સંભળાવવાનો અર્થ એવો કરી લીધો કે બસ, મરવાના...હવે ઉપડવાના...એટલે

નવકાર સાંભળવાનું નથી ગમતું...પરંતુ ભાગ્યશાલી! એવો વિચાર પણ શા માટે કરો છો? જો કદાચ આયુષ્ય પૂરું થવાનું જ હશે તો કોઈ અટકાવી શકવાનું નથી અને જો પૂરું થવાનું હશે તો તો...સારું ને કે નવકાર સાંભળતા ગયા....છેલ્લે છેલ્લે પણ જો પરિણામ કે મતિ સારી થઈ અને જો આયુષ્યનો બંધ તે જ વખતે પડવાનો હોય તો તો...ગતિ સુધરી જશે. માટે વિચાર કરવો કે બહુ સારું થયું...મારી આટલી પુણ્યાઈ તો છે કે છેલ્લી ઘડીએ પણ કોઈ નવકાર સંભળાવનાર મળ્યા...અને કદાચ આયુષ્ય પૂરું નહીં થયું હોય તો...મહામંત્રના પ્રભાવે....રોગ-માંદગીમાંથી સાજો પણ થઈ જાય....મોતના મોઢામાંથી પાછો પણ આવી જાય...

પરંતુ કર્મશાસ્ત્રકાર એમ પણ કહે છે કે...છેલ્લી ઘડીએ કંઈ નવકાર સાંભળવાથી જ બધાની ગતિ સુધરી જ જાય એવું પણ નથી...નવકાર સાંભળવાથી જ જો ગતિ સુધરી જતી હોય તો તો ઘણું સારું. તો તો પછી આજના જમાનામાં લોકો નવકાર ટેપ કરીને મરણ પથારીએ પાસે જ રાખી મૂકે. અથવા સંભળાવનારને નક્કી કરી રાખે...અરે! છેલ્લે ભાડે પણ બોલાવે.... એટલે એમ સાંભળવાથી જ ગતિ નથી સુધરી જતી...

આખી જિન્દગી કદાચ પાપ જ કર્યાં હોય, ખોટું જ કર્યું હોય...ઘણાને દુઃખ આપ્યું હોય, ઘણાને હેરાન કર્યા હોય ચોરી-જૂઠ-હિંસા-દુરાચાર-વગેરે બધાં પાપો કરીને બધી રીતે પૂરા હો...અને એવા પાપના અધ્યવસાયમાં જો આયુષ્યકર્મ બંધાઈ ગયું હશે...તો તો પછી હવે નવકાર સાંભળવો પણ શું કામનો? કંઈ અર્થ નહીં સરે.

પહેલાં આયુષ્ય ન બાંધ્યું હોય અને છેલ્લી ઘડીએ જો આયુષ્ય બાંધવાનું હોય તો તો ફાયદો થાય; અન્યથા કંઈ નહીં.

જો પહેલાંજ આયુષ્ય બંધાઈ ગયું હશે તો કંઇજ ફરક પડવાનો નથી...

તો પછી શું નવકાર ન ગણવા? ન સાંભળવા? કે અંતિમ આરાધના ન કરવી? શું કરવું?

ના એવું નથી.

આપણને આપણી ખબર નથી પડતી કે મેં આયુષ્યકર્મ બાંધ્યું છે કે નથી બાંધ્યું. કોને ખબર? કોઈ જ્ઞાની ભગવંત જ જાણી શકે છે, આપણે નથી જાણતા. માટે આરાધના તો અવશ્ય કરવી જ જોઈએ અને કરાવવી જ જોઈએ. જો આયુષ્યકર્મ પહેલાં નહીં બંધાયું હોય અને અંતસમયે બંધાવાનું હશે તો લાભ ચોક્કસ થશે—

કારણ કે આયુષ્ય બાંધ્યા વગર તો કોઇ મરતો જ નથી. કોઈ પણ જીવ આયુષ્યકર્મ બાંધ્યા પછી જ મરવાનો. અને જો પહેલાં નહીં બાંધ્યું હશે તો છેલ્લા અંતિમ અંતર્મુહૂર્તે તો અવશ્ય બાંધવાનો જ. અને તે વખતે અંતિમ આરાધનાથી એ જીવની ગતિમાં પરિવર્તન જરૂર પડે.

## પ્રાય: પર્વતિથિએ આયુષ્યનો બંધ પડે—

કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશ રે...।
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે...॥વી૦॥..

જુજુઆ પર્વષટ્‌ના કહ્યાં, ફળ ઘણાં આગમે જોય રે।
વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિ ફળ હોય રે ॥વી૦॥..

જીવને આયુ પરભવતણો, તિથિદિને બંધ હોય પ્રાય: રે૦..
તે ભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે...॥વી૦॥

ધર્મવાસિત પશુ પંખિયા, એહ તિથે કરે ઉપવાસ રે....।
વ્રતધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે...॥વી૦॥

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ તિથિઓની વ્યવસ્થા ક્રમશઃ આવે છે, પરંતુ ધર્મશાસ્ત્રે તેમાં ૨-૫-વગેરે તિથિઓની પર્વતિથિ તરીકે વ્યવસ્થા કરી છે. પર્વતિથિના ક્રમમાં દર ત્રીજા દિવસે એક તિથિ પર્વતિથિ આવે છે.

૨ પછી ત્રીજા દિવસે ૫

૫ પછી ત્રીજા દિવસે ૮

૮ પછી ત્રીજા દિવસે ૧૧

૧૧ પછી ત્રીજા દિવસે ૧૪

આવી રીતે પર્વતિથિ ક્રમે આવે છે.

આરાધના માટે તિથિ કે તિથિ માટે આરાધના ? આ પ્રશ્ન બહુ જ મુઝવણભર્યો લાગે છે. ઘણી વખત વિચાર કરતાં જવાબ કંઈ જુદો આવે છે અને વ્યવહાર કંઈક જુદો જ દેખાય છે, પરંતુ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ જ છે કે-આરાધના મહત્ત્વની છે. આરાધનાથી તરવાનું છે. આરાધના જ તારક છે, નહીં કે તિથિ. પરંતુ આરાધનાની પ્રધાનતા રાખીને તિથિને આરાધનાના હેતુથી સાથે જોડવામાં આવી છે. આરાધનાને એક બાજુમાં રાખીને તિથિનું મહત્ત્વ વધારવાની જરૂર નથી. એટલા માટે આરાધનાનું મહત્ત્વ છે. આરાધના માટે તિથિ છે.

પ્રાયઃ પર્વતિથિએ આયુષ્યનો બંધ પડે છે. એવું શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે. તો પછી પર્વતિથિએ આરંભ-સમારંભ-હિંસાદિ-પાપ પ્રવૃત્તિ કરવી હિતાવહ નથી. જો જીવ એવી હિંસાદિ પાપપ્રવૃત્તિમાં જ રાચેલા હશે તો આયુષ્ય દુર્ગતિનું બંધાશે. એટલા માટે પર્વતિથિએ ધર્મધ્યાન-આરાધના વધારે કરવાનું કહ્યું છે. લીલોતરીનો પણ ત્યાગ કરવાનું કહ્યું છે. જેથી લીલોતરી શાક-ભાજી સમારવા વગેરેનો આરંભ-સમારંભ પણ ન કરવો

પડે. અને સાથે તપશ્ચર્યા વગેરે કરવી, સામાયિક-પૌષધ-કાયોત્સર્ગ-ધ્યાન-સ્વાધ્યાય વગેરેમાં મસ્ત રહેવું; જેથી સામાયિક વગેરેમાં આયુષ્યનો બંધ પણ પડે તો સદ્‌ગતિનું સારું આયુષ્ય બંધાય. જેમકે ૧ લોગસ્સના કાઉસ્સગ્ગમાં કેટલું આયુષ્ય બંધાય? તો શાસ્ત્રકાર ભગવંતો કહે છે—

૨૪૫૪૦૮૪⁸⁄₉ પલ્યોપમનું આયુષ્ય—૧ શ્વાસોશ્વાસમાં બંધાય અને ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું આયુષ્ય ૧ લોગસ્સના કાઉસ્સગ્ગમાં બંધાય. એ જ પ્રમાણે સામાયિક તથા પૌષધ વગેરેમાં પણ કહેવામાં આવ્યું છે.

માટે પર્વતિથિએ આરાધનામાં ઉદ્યમવંત રહેવું જોઈએ જેથી સદ્‌ગતિનું સારું આયુષ્ય બંધાય. અને આરાધના-તપશ્ચર્યા વગેરેમાં હો છતાં પણ આર્તધ્યાન, દુર્ધ્યાન કે રૌદ્રધ્યાન ચિન્તવ્યું તો દુર્ગતિનું આયુષ્ય બંધાય છે, અને ભવ બગડે છે.

## નન્દમણિકાર મરીને દેડકો થયો—

રાજગૃહી નગરીમાં નંદમણિકાર નામે ધનાઢ્ય શ્રેષ્ઠિ હતો. ભગવાન મહાવીર પાસે દેશના સાંભળીને તે શ્રાવક બન્યો હતો. એક વખત ઉનાળાના જેઠ મહિનામાં તેમણે ચોવિહારો અઠ્ઠમતપ કર્યો હતો. અને સાથે પૌષધવ્રત લઈને ઉપાશ્રયમાં રહ્યા હતા. અઠ્ઠમ નિર્જલ ચોવિહારો હતો. અને ગરમી સખત. એટલે શેઠને ભારે તરસ લાગી....'પાણી....પાણી...' યાદ કરી રહ્યા હતા. મન થોડું આર્તધ્યાને ચઢી ગયું. પાણીની વાવ અને કૂવા નજરમાં દેખાવા માંડ્યા...યાદ આવવા માંડ્યું...વાવમાં પાણીમાં રહેતા દેડકા વગેરે પણ...અને શેઠે ચિન્તવ્યું—'અરે! ખરેખર તેઓ ધન્ય છે કે જે લોકો પાણીની વાવ કે કૂવાઓ બંધાવે છે.' -એમ પૌષધમાં વિચાર્યું.

શેઠ પૌષધ પારીને ઘરે આવ્યા. અને શેઠે એક મોટી વાવ નગરની બહાર બંધાવી. હવે ઘણા લોકો આ વાવના અને વાવ બંધાવનાર શેઠના વખાણ કરવા લાગ્યા. નંદમણિકાર શેઠ વખાણ સાંભળીને ખૂબ રાજી થતા, આનન્દ થતો. શેઠે આયુષ્યકર્મ બાંધ્યું. અને પોતાની જ બંધાવેલી વાવમાં દેડકા તરીકે જનમ્યા.

આટલી તપશ્ચર્યા, પૌષધ વગેરેની આરાધના હોવા છતાં પણ અધ્યવસાય–પરિણામ બગડ્યા–અને આવા એક શ્રીમંત શેઠને પણ દેડકા તરીકે જનમવું પડ્યું.

અરે! એમની કયાં વાત કરવી? ગૌતમસ્વામી જેવા પણ પૂર્વના સુમંગળ શેઠના ભવમાં 'પાણી–પાણી' કરતા આયુષ્યકર્મ બાંધીને મૃત્યુ પામ્યા અને દરિયામાં માછલા તરીકે જનમવું પડ્યું. ભવ બગડી ગયો.

આવું તો ઘણાનું જોવામાં આવે છે. કયારે કોના કેવા અધ્યવસાય થાય છે, એના ઉપર આયુષ્યનો આધાર છે. આયુષ્ય-કર્મ મુખ્યપણે અધ્યવસાય ઉપર બંધાય છે.

## શેઠ તો મરીને દેડકો થયા, પણ દેડકો મરીને દેવ થયો

નંદમણિકાર શેઠનો જીવ જે દેડકો થયેલો હતો. તે ઘણા લોકોની આવ–જાથી અને વાવના કાંઠે બેસીને ઘણા લોકો જે શેઠના વખાણ કરતા હતા–વાવના વખાણ કરતા હતા તે સાંભળવાથી...પેલો દેડકો પંચેન્દ્રિય છે.. સાંભળતાં...સાંભળતાં...એને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તુરંત બધું ખ્યાલમાં આવી ગયું. હવે પશ્ચાત્તાપ શરૂ થયો—'અરે રે! હું શેઠ હતો અને મરીને દેડકો થયો...મારો ભવ બગડયો. અરે! મને ધિક્કાર છે. હવે તો ફરી આ ભવમાં ધર્મારાધના કરું. અને પાછો વ્રત–નિયમ સ્વીકારું.' આ વિચાર કરી દેડકાએ છઠ્ઠ – અઠ્ઠમાદિ તપ કરવાનો નિર્ણય કર્યો પચ્ચક્ખાણ કર્યાં.

## દેડકાની પ્રભુના દર્શને જવાની ભાવના થઈ—

એક વખત શ્રેણિક મહારાજા પરમાત્મા શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા નીકળ્યા. સાથે ચતુરંગી સૈન્ય, અંતઃપુર વગેરે મોટો રસાળો હતો, ઘણા લોકો સમવસરણે પ્રભુના દર્શને જઈ રહ્યા હતા. ત્યાં તો આ પ્રભુના દર્શને જવાના શબ્દો દેડકાના કાને પડ્યા. તે પણ તૈયાર થયો. દર્શન કરવા જવાની ભાવના થઈ. વાવમાંથી નીકળી...શ્રેણિક રાજાના સૈન્ય સાથે જોડાયો....પરન્તુ લોકોને દયા આવવાથી તેને પાછો લઈ જઈને વાવમાં નાંખી દીધો...પેલો દેડકો પાછો આવ્યો. અને ફરી વાર પાછો વાવમાં નંખાયો. પરન્તુ પ્રભુના દર્શનની ભાવના પ્રબળ હતી...દેડકો ત્રીજી વાર આવ્યો...પરન્તુ શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે કચડાઈ ગયો...મૃત્યુ પામ્યો....પરન્તુ પરમાત્માના દર્શનની સુંદર ભાવનાના પવિત્ર અધ્યવસાયમાં આયુષ્ય કર્મ બંધાયું.

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનં ।
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥

દર્શન તો સ્વર્ગનું સોપાન પણ છે. પ્રભુના દર્શનથી પણ દેવલોક–સ્વર્ગ પ્રાપ્ત થાય છે. પેલા દેડકાને હજી પ્રભુનાં દર્શન તો થયાં પણ નથી પરન્તુ માત્ર દર્શનની પવિત્ર ભાવના જ હતી. હજી તો માર્ગમાં હતો; અને માર્ગમાં જ મૃત્યું પામ્યો; છતાં દેડકો મરીને દેવ થયો. જે મનુષ્યના શેઠના ભવમાં ન સાધી શક્યા તે દેડકાના ભવમાં સાધ્યું.

અને દર્શનનું ખરું સાધ્ય કંઈ દેવલોક કે સ્વર્ગ નથી... ખરી રીતે તો ચોથા ચરણમાં જે 'દર્શનં મોક્ષસાધન' કહ્યું છે તે જ દર્શનનું ખરું સાધ્ય કે લક્ષ છે. મોક્ષ જ પ્રાપ્ત કરવાનું લક્ષ હોવું જોઈએ. દેડકો કે તિર્યંચ મોક્ષ ન સાધી શકે પરન્તુ સ્વર્ગ કે દેવલોક તો સાધી શકે છે. જ્યારે દેવલોક મેળવવો એ

મનુષ્ય માટે કંઈ મોટી વાત નથી... સ્વર્ગ મેળવ્યું એટલે મોટી ધાડ પાડી એવું માનવાની જરૂર નથી....ભાગ્યશાળી! સ્વર્ગ તો કંઈ જ નથી.... ઉપરથી સ્વર્ગલોકના દેવતાઓ સતત મનુષ્યભવ મેળવવાની ઇચ્છા કરતા હોય છે. માટે મનુષ્યે તો મોક્ષનું લક્ષ રાખીને જ ધર્મારાધના કરવી જોઈએ.
મોક્ષ મળે તો જ ખરો સંતોષ.

પરંતુ મોક્ષમાં જવા માટે કે મોક્ષ મેળવવા માટે આયુષ્ય-કર્મ બાંધવાની જરૂર નથી...ઉપરથી આયુષ્યકર્મ વગેરે આઠે ય કર્મ સદંતર-સર્વથા ખપાવી નાંખવાં જોઈએ...સર્વકર્મરહિત અવસ્થા એટલે જ મોક્ષ. મોક્ષ તો અજર-અમર સ્થાન છે. અક્ષયસ્થિતિનું સ્થાન છે. અને એ તો આયુષ્યકર્મરહિત સ્થાન છે. મોક્ષ સર્વતંત્ર-સ્વતંત્ર સ્થાન છે...ત્યાં કોઈ પરાધીનતા નથી.... આત્મા સર્વતંત્ર-સ્વતંત્ર છે...... જ્યારે સંસારમાં તો કર્મની પરાધીનતા છે, આત્માને કર્મની ગુલામીમાં રહેવું પડે છે. કર્મ આત્માને પકડી રાખે છે, કર્મ આત્માને પોતાને આધીન બનાવે છે, માટે જ સંસારમાં આત્માએ કર્મને પરવશ-પરાધીન રહેવું પડે છે. કર્મની કેવી ભયંકર ગુલામી છે...!

## બેડી જેવું આયુષ્યકર્મ—




આયુષ્યકર્મ બેડી જેવું છે. જેમ કોઈએ ચોરી કરી હોય અને પોલીસના હાથમાં પકડાઈ ગયો હોય. તો પોલીસ ચોરને હાથકડી લગાડીને લઈ જાય. અને અપરાધની સજા પ્રમાણે જેલમાં પૂરી દે. લોખંડની હાથકડી હાથે લાગેલી હોય અને પાછો લોખંડના સળિયાની જેલમાં પુરાઈ રહેવું પડે. અને તે પણ જેટલા સમયની સજા હોય

તેટલો સમય. ૨ વરસની સજા હોય તો ૨ વરસ, ૫ કે ૨૫ વરસની પણ સજા ફટકારવામાં આવે છે, તો તેટલો કાળ પણ જેલમાં રહેવું પડે છે. કેવી પરાધીનતા–કેવી કારમી ગુલામી ?!

એ જ પ્રમાણે આત્માને પણ બાંધેલા આયુષ્ય પ્રમાણે આ શરીરરૂપી જેલમાં બંધાઈને રહેવું પડે છે–આત્મા માટે શરીર એ જેલ છે. અને અમુક કાળ સુધી આ શરીરમાં ભરાઈ રહેવું તે એને સજા છે. કોઈને ૫૦ વર્ષ, કોઈને ૧૦૦ વર્ષ અને કોઈને ૮૦ વર્ષ... અને બીજી ગતિમાં કોઈને ૩ દિવસ, કોઈને ૬ મહિના...એવી રીતે ઓછા વધારે કાળ પ્રમાણે દરેકને આ શરીરમાં રહેવું પડે છે. અને જેવો સજાનો કાળ પૂરો થયો કે તુરંત આ શરીરની જેલ છોડીને ચાલ્યા જવું પડે છે, એ સજા પૂરી થઈ. કાળ (સજા) પૂરી થયા પછી તો ૧ સેકંડ પણ કોઈ રાખે એમ નથી અને રહેવાય તેમ નથી.

## "અક્ષયસ્થિતિ" ગુણવાળો આત્મા આયુષ્યકર્મની જેલમાં—

આત્માના મૂળભૂત ૮ ગુણોમાં આઠમો ગુણ અક્ષયસ્થિતિનો છે. આત્માની સ્થિતિ સદાના માટે અક્ષય જ રહેવાની છે. મોક્ષે ગયેલા આત્માની સ્થિતિ ક્યારેય પણ ક્ષય થવાની નથી. માટે જ **'अक्खय'** 'અક્ષય' એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે. જો આત્માની સ્થિતિ ક્ષય થઈ જાય તો તો એક દિવસ મોક્ષમાંથી પડીને આત્મા પાછો સંસારમાં આવે, પરન્તુ એવું બનતું નથી. આત્મા એક વાર મોક્ષ પ્રાપ્ત કરે એટલે અનન્ત કાળ સુધી મોક્ષમાં એક જ સ્થાને સ્થિર થઈ જાય છે. પછી, એને હલન-ચલન કંઈ જ કરવાનું રહેતું નથી, અને તે પણ અનન્તકાળ સુધી. જે આકાશપ્રદેશને સ્પર્શીને રહ્યો હોય, તે છોડીને બીજા આકાશ પ્રદેશને ક્યારેય સ્પર્શતો નથી, કાયમ માટે સ્થિર. એ જ એની અક્ષય સ્થિતિ છે.

પરન્તુ સંસારમાં આ ગુણ ઉપર આવરણ આવી ગયું છે. અને એ આવરણથી આત્માની સ્થિતિ અક્ષયના બદલે ક્ષય સ્થિતિ થઈ ગઈ છે. અને એ આવરણનું નામ છે આયુષ્ય કર્મ. આ આયુષ્યકર્મના કારણે આત્મા ક્યાંય એક સ્થાને કાયમ માટે સ્થિર થઈને રહી શકતો જ નથી. આજે અહીંયા તો કાલે ત્યાં, આજે આ ગતિમાં તો ક્યારેક બીજી ગતિમાં. આજે આ ભવમાં છે તો પાછો આ ભવ છોડીને બીજા ભવમાં જશે. આયુષ્યકર્મના કારણે ભવો બદલતો જ રહે છે. બસ, આ ભવ બદલવાનું નામ જ છે–'જનમ અને મરણ' આ ભવનું શરીર છોડવાનું નામ છે–'મરણ' અને ફરી પાછા બીજા ભવમાં જઈને નવું શરીર મેળવવું, બનાવવું, નવા શરીરમાં ઉત્પન્ન થવું બસ એનું નામ છે–'જનમ'. અર્થાત્ શરીરનો સંયોગ–વિયોગ જ અનુક્રમે જનમ–મરણ કહેવાય છે. અને આ જનમ–મરણનું ચક્ર અનાદિ–અનન્ત કાળથી ચાલ્યા જ કરે છે. આ જન્મ મરણનું ચક્ર જ પૂરૂ કરે છે કે આત્મા અનાદિ–અનન્તકાળથી આયુષ્યકર્મથી બંધાયેલો છે, એના કારણે આ જન્મ–મરણ થયાં જ કરે છે.

જો આ જનમ–મરણના ચક્રમાંથી છૂટવું હોય તો હવે કંટાળીને પણ આયુષ્યકર્મનો સાથ સદાના માટે છોડવો જ જોઈએ. હવે ફરીથી આયુષ્યકર્મ બાંધવું જ નહીં.

અને આયુષ્ય કર્મ જ નહીં કોઈ પણ કર્મ નવાં બાંધવાં જ નહીં, અને જે પહેલાંના બંધાયેલાં છે, તેને ખપાવવાં જ પડશે....ખપાવે જ છૂટકો....

**જનમ-જીવન અને મરણ—**

I ← ←— જીવન —→ → II

પ્રથમ શરૂઆતનો એક છેડો જનમનો. અંતિમ બીજો છેડો મરણનો.

અને જનમના પહેલા છેડા અને મરણુના છેલ્લા છેડાની વચ્ચેના કાળને જીવનનો કાળ કહેવામાં આવે છે.

જનમ એ તો શરૂઆતનો પ્રારંભિક કાળ છે. તે વધારે લાંબો કાળ નથી. હા સાડા નવ માસનો ગર્ભકાળ, પછી થોડીક મિનિટો જનમની અને અન્તમાં થોડીક જ મિનિટોનો કાળ મરણુનો... બાકીનો બધો વચ્ચેનો કાળ જીવનનો છે.

બન્ને છેડા ભયંકર દુઃખદાયી છે. ગર્ભાવાસ પારાવાર દુઃખની યાતનાનો છે. અને જનમ પણુ અસહ્ય દુઃખ સહન કરવાનો સમય છે. અને મરણુ સમય પણુ દુઃખની યાતનાનો ભરેલો છે. કોઈ હસતા મોઢે નથી મરતા. કોઈ રોગથી રિબાઈને મરે છે, કોઈ અકસ્માતમાં, કોઈ આપઘાત કરીને....કોઈ મહિનાઓ સુધી બેભાન રહીને મરે છે, અને મરણુપથારીએ મહિનાઓ સુધી રિબાઈને મહાદુઃખે જીવદેહ છૂટે છે.

જેના બન્ને છેડે દુઃખ જ દુઃખ છે. એની વચ્ચેના જીવન કાળમાં કેટલું સુખ મળવાનું? કેટલા સુખની આશા કે અપેક્ષા રાખવી? જે જીવન પ્રતિપળ અંજલીમાં રહેલા પાણીની જેમ ટપ ટપ ગળી રહ્યું છે. એક ઝાડ ઉપરનું પીળું પાંદડું ક્યારે ખરી પડશે તેની કોઈ નિશ્ચિતતા નથી. તે જ પ્રમાણે કઈ વ્યક્તિ ક્યારે મૃત્યુ પામશે તેની કંઈ જ ખબર પડતી નથી.. આયુષ્ય ક્યારે પૂરું થશે તે કોઈ જાણતું નથી...આવા અસ્થિર, ક્ષણિક અને નાશવંત અનિત્ય આયુષ્યકાળના જીવનમાં જીવો નિરાંતે ક્ષણિક સુખ, વિષયભોગના સુખોમાં રાચ્યા છે, મસ્ત બન્યા છે, એ જ મોટું આશ્ચર્ય છે.

કલ્પના કરો કે ત્રણુ માળના મકાનમાં પહેલે માળે પણુ આગ લાગી હોય અને ત્રીજા માળે પણુ આગ લાગી હોય તો બીજા માળવાળો કેટલો નિશ્ચિંત રહી શકશે? ક્યાંથી નિરાંતે

ઊંઘી શકશે? એવું જ આયુષ્યકર્મ વિષે છે. પરંતુ આશ્ચર્ય તો એ છે કે મનુષ્ય બહુ જ નિરાંતે ઊંઘી રહ્યા છે.

## મરણ હાથમાં છે, મરણને સુધારો—

જનમ આપણા હાથમાં નથી, આપણા હાથની વાત નથી; કારણ કે આપણે પરવશ હતા. જનમમાં આપણો કોઈ પ્રયત્ન નહોતો, આપણે કંઈ જ પુરુષાર્થ કરવાનો નહોતો; જન્મ આપવું માતાના હાથમાં હતું, આપણે તો માત્ર દુઃખ જ ભોગવવાનું હતું.

પરન્તુ હવે બહુ ઊંડાણથી વિચાર કરો. મરણ આપણા હાથમાં છે, આપણે ધારીએ તો મરણ સુધારી શકીએ એમ છીએ. હા! જરૂર 'કયારે મરવું'—એ આપણા હાથમાં નથી, પરન્તુ 'કેવી રીતે મરવું' એ આપણા હાથમાં ચોક્કસ છે. મરવાની રીત શોધી કાઢવી પડશે. હવે મરવું તો, એવી રીતે મરવું કે જેથી આવતો ભવ પણ સુધરે, ગતિ સુધરે....પરલોક સુધરે.

મરણ આપણા હાથમાં છે. 'કયારે મરવાના છીએ'—તે ભલેને ખબર ન હોય પરન્તુ 'મરવાના છીએ'—એ વાત તો એટલી જ ચોક્કસ છે. "**जातस्य ध्रुवो मृत्युः**" કહો કે Every man is mortal' કહો બધી વાતનો સાર તો એક જ છે કે મૃત્યુ નિશ્ચિત છે...તો પછી મરણને સુધારવા પ્રયત્ન કેમ ન કરવો?

## મરણને સુધારવાના ઉપાય—

ગમે તેવી રોગની તીવ્ર વેદનામાં પણ જીવને સમતામાં રાખો. અશુભ વિચારોને ન આવવા દો. મનને પ્રભુધ્યાનમાં કેન્દ્રિત કરો. સર્વજીવો સાથે થયેલા કલેશ–કષાયાદિજન્ય કર્મને ખમાવો, પરસ્પર ક્ષમાપના કરો, જીવમાત્રના કલ્યાણની ભાવના ભાવો, સર્વકલ્યાણની ભાવના રાખો. જેમ પદ્માવતી રાણીએ અંતિમ સમયે જીવોને ખમાવ્યા અને પાપની નિંદા–ગર્હા–

આલોચના વગેરે કરી, તે પ્રમાણે અંત સમયે પદ્માવતી સ્તોત્ર સાંભળતાં સાંભળતાં સાચા ભાવથી ક્ષમાપના વગેરે કરી દેવ-ગુરુ-ધર્મનું શરણ સ્વીકારો. જો એ વખતે આયુષ્યનો બંધ પડવાનો હશે તો ચોક્કસ સદ્‌ગતિ સારો ભવ મળશે. મરણને સુધારવા ખૂબ કાળજી રાખવી પડશે. કહેવાય છે કે જેનું મરણ સુધર્યું, એનો આવતો જનમ સુધર્યો. જેની મતિ સુધરી, એની ગતિ સુધરી. માટે જ પ્રભુને પ્રાર્થના કરતાં કહેવાય છે કે...

> તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે....!
> વાંચક જશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે ॥
> ગિરુઆરે...

—'હે પ્રભુ! આ ગતિમાં અને આ મતિમાં પણ એક માત્ર તારો જ આધાર છે. એક માત્ર તારું આલંબન જ મને ગમે છે. હે પ્રભુ! ખરેખર જીવ અને જીવન માટે તું એકમાત્ર આધાર છે. તારા આધાર વિના મારું કલ્યાણ થાય તેમ નથી....' આટલી ભાવના પૂજ્ય યશોવિજયજી મહોપાધ્યાય વ્યક્ત કરે છે...

અન્ત સમયે સમાધિમાં રહેવું. ધર્મધ્યાનમાં મન પરોવી રાખવું, બસ, એનું જ નામ છે—સમાધિમરણ—પંડિતમરણ; અને એને જ કહેવાય—'મરણ સુધારવું'.

## છીંકના આધારે જનમ-મરણનું ભવિષ્ય કહ્યું—

નંદમણિકાર શેઠનો જીવ જે મરીને વાવમાં દેડકો થયો હતો અને દેડકો મરીને દુર્દરાંક દેવ બન્યો હતો....

દેવલોકમાં પુષ્પોની શય્યામાં ઉત્પન્ન થતાંની સાથે જ દુર્દરાંક દેવ વિચાર કરે છે,-'અરે! હું દેવ કયા કારણે બન્યો? આહા... આટલી ગજબની ઋદ્ધિ-સિદ્ધિ—અપાર વૈભવ કયા કારણે પામ્યો! આવી સુંદર દેવગતિ મને કયા કારણે મળી?' આ પ્રમાણે વિચાર કરતો હતો,-મનમાં ને મનમાં ઊહાપોહ ચાલતો હતો, ત્યાં તો

ભવપ્રત્યયિક અવધિજ્ઞાનથી ખબર પડી...દેખાયું....ઓ હો ! આ તો પ્રભુના દર્શન કરવા જવાની ભાવના હતી અને માર્ગમાં જ મૃત્યુ પામ્યો, પરંતુ દર્શનની પવિત્ર ભાવનાના કારણે હું આજે અહીં દેવ બન્યો છું....આ પ્રમાણે બધો ખ્યાલ આવી ગયો.

દેવ ચમક્યો !–'અરે ! મારી ભાવના તો હતી પરંતુ પ્રભુના દર્શન તો થયાં નથી'...અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે...પ્રભુ અત્યારે ક્યાં હશે ?...તુરંત જણાયું....દેખાયું...પરમાત્મા મહાવીર પ્રભુ રાજગૃહી નગરીની બહાર પધાર્યા છે. સમવસરણ રચાયું છે અને પ્રભુ દેશના આપી રહ્યા છે. બાર પર્ષદા ભરાયેલી છે. આટલું જોયું અને ગયા ભાવનાં રહી ગયેલાં દર્શન કરવા પેલો દેવદુર્દરાંક તુરંત દોડતો આવ્યો. રૂપપરિવર્તન કરી અને ઇન્દ્રજાળ વડે...પોતે તો ભગવાનની સુંદર પૂજા કરવા લાગ્યો, ઉત્તમ ભાવનાચંદનનું પ્રભુને વિલેપન કરવા લાગ્યો; પરન્તુ બીજા જોનારને એમ લાગે કે આ તો ભગવાનના શરીરે પોતાના શરીર ઉપરથી પરૂ કાઢીને લગાડે છે...આ તો ઇન્દ્રજાળ. દેવદુર્દરાંકે એક કુષ્ટી જેવું રૂપ બનાવ્યું હતું.

સમવસરણમાં દેશના સાંભળવા પર્ષદામાં બેઠેલા શ્રેણિક મહારાજાને આ જોઈને બહુ ખરાબ લાગ્યું. બહુ દુઃખ થયું... અરે ! આ વૃદ્ધ પુરૂષ કોણ છે કે આવી રીતે ભગવાનની પારાવાર આશાતના કરી રહ્યો છે. અરે ! આ તો ખોટું થઈ રહ્યું છે. એને પકડવો જોઈએ. અને શ્રેણિક તો લાલ-પીળો થઈ ગયો, ક્રોધાતુર બની ગયો.

દુર્દરાંક પરમાત્માની પૂજા કરીને પાછો વળે છે ત્યાં તો પ્રભુને છીંક આવી એટલે દેવ પ્રભુ સમક્ષ બોલ્યો, તમે મરી જાઓ. આટલું કહીને દેવ પર્ષદામાંથી આગળ વધ્યો. ત્યાં તો રાજા શ્રેણિકને છીંક આવી એટલે દેવ બોલ્યો, 'ચિરકાળ જીવો (ઘણું જીવો)', આટલું બોલીને આગળ ચાલે છે ત્યાં તો અભયકુમાર

મંત્રીને છીંક આવી એટલે દેવે અભયકુમારને કહ્યું, 'મરો અથવા જીવો.' અને અંતમાં કાલસૌકરિક કષાઈ બેઠો હતો. તેને પણ છીંક આવી એટલે દેવ બોલ્યો, 'ન મર કે ન જીવ.' તારા મરવામાં ય સાર નથી અને તારા જીવવામાં પણ સાર નથી...

**"सद्यो म्रियस्व" "जीव त्वं, चिरं" "जीव म्रियस्व वा"**
**"मा जीव मा म्रियस्वेति", ततो रुष्टो भृशं नृपः ॥**

રાજા શ્રેણિકે રાજ સૈનિકોને ઇશારો કર્યો અને કહ્યું-'આ જેવો બહાર નીકળે એટલે પકડી લો.' સૈનિકો બહાર જઈને ઘેરી વળે છે. ત્યાં તો દેવદુર્દરાંક આકાશમાં ઊડી ગયો, ચાલ્યો ગયો. કોઈના હાથમાં ન આવ્યો.

રાજ સૈનિકોએ આવીને નિવેદન કર્યું. હે રાજન્! પેલો તો આકાશમાં ઊડી ગયો. એટલે શ્રેણિક સમજી ગયો કે આ કોઈ દેવ હશે. એટલે શ્રેણિક રાજાએ ભગવાનને પૂછ્યું, 'હે ભગવંત! એ કોણ હતો અને આપને 'મરી જાઓ' એમ કેમ બોલ્યો?'

ભગવાન, "હે શ્રેણિક! અહીં આવતા તારા જ ઘોડાના પગ નીચે કચડાઈને મરી ગયેલો પેલો નંદમણિકાર શેઠનો જીવ દેડકો છે. અને તે દેડકો મરીને પહેલા સૌધર્મ દેવલોકમાં દેવ થયો છે. અને તે દેવ હમણાં અહીં આવ્યો છે. તેણે તો ઉત્તમ ચંદન વડે મારા શરીરે વિલેપન કર્યું છે.

અને મને જે 'મરી જાઓ' એમ કહ્યું છે તેનો ભાવાર્થ એવો છે કે—'તમે સર્વ કર્મનો ક્ષય કરીને જન્મ-જરા-મરણથી રહિત મોક્ષપદને જલ્દી પામો.' આપ મર્યા પછી મોક્ષ પામવાના છો, જ્યાં અનન્ત સુખ છે. માટે દેવે કહ્યું કે, 'મરી જાઓ.' હું મરું તો જ મોક્ષ પામી શકું".

શ્રેણિક—"હે પ્રભુ! મને 'ચિરકાળ જીવો' એમ શા માટે કહ્યું?"

ભગવાન—"હે શ્રેણિક! તમે અહીં જીવો છો ત્યાં સુધી દૃઢ શ્રદ્ધામાં સમ્યકત્વના ભાવમાં ખૂબ ધર્મારાધના કરો છો અને રાજ્યસુખમાં સુખી છો, પરંતુ મર્યા પછી બાંધેલાં કર્મ પ્રમાણે નરકગતિમાં જવાના છો. માટે તમને કહ્યું કે—ચિરકાળ જીવો."

ભગવાન—'અભયકુમાર અહીં જીવે છે ત્યાં સુધી સુંદર ધર્મારાધના કરે છે, સુખી છે અને મર્યા પછી ધર્મના પ્રભાવે સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાના છે અને ઘણાં સુખો અનુભવવાનાં છે .. માટે કહ્યું કે–"મરો અથવા જીવો" અને કાલશૌકરિક કષાઈને કહ્યું કે-'ન મર કે ન જીવ' કારણ કે તે અહીંયા જીવે છે ત્યાં સુધી રોજ ૫૦૦ પાડાની હિંસાનું ભયંકર ઘોર પાપ કરે છે–અને મર્યા પછી આ ઘોર પાપના કારણે સાતમી નરકમાં જવાનો છે. માટે જ 'મરે તો સારું, અને ન મરે તો પણ સારું.' પરંતુ બંને તો ક્યાંથી બને?

બહુ વિચાર કરવા જેવું છે.

આ શબ્દો જે દુર્દરાંક બોલી ગયો છે તે જાદુઈ અસર કરનારા છે. બહુ ગંભીર ચિંતન કરો તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જે કહેવાયું છે તે વ્યાજબી કહેવાયું છે. આ સાંભળતાંની સાથે જ શ્રેણિક જેવા રાજાની આંખો ઊઘડી ગઈ. અને ખબર પડી કે–'અરે! હું પ્રથમ નરકમાં જવાનો છું.' ભાન આવ્યું, ખ્યાલ આવ્યો. અને શ્રેણિકના જીવનની દિશામાં પલટો આવ્યો, પરિવર્તન આવ્યું.

આપણને છીંક આવે ત્યારે ઉપરના ચાર જવાબોમાંથી આપણે આપણા માટે કયો ઉત્તર વિચારીશું? કયો ઉત્તર આપણને વ્યાજબી લાગે તેમ છે? બહુ વિચારવું પડશે. અને જરૂર આવું વિચારતાં આત્માને ભાન દશા આવી જાય, આત્મા સચેત–સાવધાન બની જાય.

આપણાં બાંધેલાં કર્મ પ્રમાણે આપણું ભાવિ કહેવામાં આવે છે. અને તે જ ભવિષ્યકથન આ જ ઉત્તરોમાં છે.

卐 સૌજન્ય 卐

**શેઠશ્રી જિતેન્દ્ર ચીમનલાલ શાહ માલણવાલા**

તથા

**શેઠશ્રી રસિકલાલ ભીખાલાલ મોરખીયા**

**નાનપુરા—સુરત**

**ના સૌજન્યથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.**


પ્રકાશક :—**શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર**

—: સંચાલિત :—

**શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન**

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
**મુંબઈ-૪.**

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
**મુંબઈ**-૪૦૦ ૦૦૨.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

દ્વિ. આસો સુદ ૧ | વ્યાખ્યાન ૧૫ મું | રવિ તા. ૧૭-૧૦-૮૨

## વિષય: આયુષ્યકર્મનું સ્પષ્ટ સ્વરૂપ


વ્યાખ્યાતા : પ. પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ

અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર


**तेत्तीस सागरोवमा, उक्कोसेण वियाहिया ।**
**ठिइ उ आउकम्मस्स, अंतोमुहुत्तं जहन्निया ॥**

પરમપિતા પરમાત્મા ચરમતીર્થંકર શ્રી મહાવીર મહારાજા અંતિમદેશનાના આગમગ્રંથ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં હવે આયુષ્યકર્મની સ્થિતિ જણાવે છે.

આપણે આગળના વ્યાખ્યાનમાં જોઈ ગયા તેમ આયુષ્યકર્મને કર્મગ્રંથકારોએ બેડી જેવું (સાંકળ જેવું) કહ્યું છે. તે તેટલા નિશ્ચિત કાળ સુધી આત્માને તે શરીરમાં બાંધી રાખે છે. વધુમાં વધુ લાંબુ (મોટું) આયુષ્ય જો કોઈને મળતું હોય તો તે દેવતાઓ અથવા નારકીઓને મળતું હોય છે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું

હોય છે. અને તેજ પ્રમાણે આયુષ્યકર્મની ઓછામાં ઓછી જઘન્ય સ્થિતિ માત્ર અંતર્મુહૂર્તની હોય છે. આયુષ્યકર્મ ઓછામાં ઓછું અને વધારેમાં વધારે આટલું ભોગવાય છે. બસ, તેથી વધારે નહીં અને તેથી ઓછું નહીં.

## નિગોદમાં ઓછામાં ઓછું આયુષ્ય—

ચૌદ રાજલોકમાં રહેલા નિગોદના અસંખ્ય ગોળાઓમાં એક–એક ગોળામાં અનન્તા જીવો રહે છે. તેથી તે 'અનન્તકાય' કહેવાય છે. અનન્તકાયનો અર્થ છે, 'જીવો અનન્તા અને રહેવા માટે કાયા એક.' આ સાધારણ વનસ્પતિકાયનો ભેદ છે. સર્વજીવોનું પ્રાથમિક મૂળભૂત અસ્તિત્વસ્થાન તે નિગોદ જ છે. અને એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે છે. અન્યથા આ નિગોદમાં જ અનન્તકાળ જીવનો નીકળી જાય છે. પરન્તુ નિગોદમાં આયુષ્ય અનન્ત વર્ષનું નથી હોતું, ભલે તેનો કાળ અનન્ત નીકળે.

આ નિગોદની અવસ્થામાં તો આંખના એક પલકારા જેટલા સમયમાં તો સાડાસત્તર ભવ થઈ જાય છે. અર્થાત્ સત્તર વાર જન્મે અને સત્તર વાર મરે.. અર્થાત્ ૧ શ્વાસોચ્છવાસ જેટલા કાળમાં સત્તરથી કાંઈક વધારે ક્ષુલ્લક ભવ (નાનામાં નાના ભવ) થાય છે. એક ક્ષુલ્લક ભવ ઓછામાં ઓછી ૨૫૬ આવલિકાનો થાય છે. એવા એક અંતર્મુહૂર્તમાં (૨ ઘડીમાં) તો ૧૬૭૭૭૨૧૬ આવલિકાઓ થાય છે લગભગ એટલી આવલિકામાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો નિગોદમાં થઈ જાય છે.

જેટલી વાર જન્મે એટલી વાર મરે. પરન્તુ એટલા સમયમાં પણ મરતા પહેલાં આયુષ્ય તો બાંધવું જ પડે છે તો જ ફરી પાછો નિગોદમાં જન્મે. ફરી પાછો જન્મે, ફરી આયુષ્યકર્મ બાંધે અને ફરી મરે............ આ ક્રમ ઝડપભેર નિગોદમાં ચાલ્યા કરે છે. અને આ જ નિગોદમાં ઘણો લાંબો કાળ પસાર

કરીને આજે આપણે અહીં સુધી આવ્યા છીએ. મનુષ્ય થયા છીએ .. હવે બહુ જ સાવચેતી રાખવા જેવી છે. કયાંય એવું ન થઈ જાય કે ફરીને પાછા નિગોદમાં જતા રહીએ. જો પાછા નિગોદમાં ગયા... તો નીકળવું બહુ મુશ્કેલ, માટે ધર્મધ્યાન આદિ કરી કર્મક્ષય-નિર્જરા કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી...

**ચાર ગતિમાં આયુષ્યની સ્થિતિ—**

સંસારમાં પરિભ્રમણ કરતા જીવો ચાર ગતિમાં વહેંચાયેલા છે. દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ. પશુ-પક્ષીમાં સર્વજીવોનો સમાવેશ થઈ ગયો અને સંસાર છે એટલે જીવ આયુષ્યકર્મથી બંધાયેલો છે. સંસાર ન હોત તો કર્મ ન હોત અને કર્મ ન હોત તો સંસાર ન હોત. નાનો કે મોટો એક પણ જીવ એવો નથી કે જે કર્મથી બંધાયેલો ન હોય... એક પણ જીવ એવો નથી કે જેણે આયુષ્યકર્મ બાંધેલું નથી... બધા જ આયુષ્યકર્મથી બંધાયેલા છે. એનું પ્રુફ એ છે કે બધા જ જન્મે છે અને મરે છે જન્મ-મરણ જ આયુષ્યકર્મની મોટામાં મોટી પ્રુફ છે, પ્રમાણ છે.

એક ઝાડનું પાંદડું પણ ખરે છે, એક માખી પણ મરે છે, કીડી પણ મરે છે, સમુદ્રમાં માછલી પણ મરે છે, હાથી પણ મરે છે, મનુષ્ય પણ મરે છે, અને દેવ-નારકીઓ પણ મરે છે.

**નિષ્ફળ વિજ્ઞાન—**

વિજ્ઞાને પ્લાસ્ટીકનું હાર્ટ બનાવ્યું છે, પેસમેકર મૂકે છે, હાર્ટના વાલ્વ ચેન્જ કરે છે, અને હવે તો આખા હાર્ટ જ બદલીને કૃત્રિમ હાર્ટ મૂકશે... છતાં પણ મનુષ્યો મરવાના તે મરવાના જ છે, કોઈ અમર રહેવાનો નથી...

વિજ્ઞાન વર્ષોથી પ્રયત્ન કરી રહ્યું છે કે 'માણસને મરવા ન દેવો અથવા મર્યા પછી પણ તુરંત જીવતો કરવો.' એટલે મર્યા પછી મૃતકને એક દવાયુક્ત કેપ્સ્યુલમાં સુરક્ષિત રાખવામાં આવે

છે. અને પછી ઓકિસજન વગેરે આપવાના પ્રયોગો કરીને હાર્ટ ચાલુ કરવા વૈજ્ઞાનિકો મથી રહ્યા છે, પરન્તુ આ આયુષ્યકર્મનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે '**न भूतो न भविष्यति...**' 'ભૂતકાળમાં થયું નથી અને ભવિષ્યમાં કયારેય થવાનું નથી.' જે જીવનું આયુષ્ય પૂરું થઈ ગયું તે ફરી જીવિત થવાનો નથી, કોઈ લાખ પ્રયત્ન પણ કરે તો પણ કોઈ સંજોગોમાં તે જીવિત થાય તેમ નથી.

વિજ્ઞાને ઘણી સિદ્ધિઓ હાંસિલ કરી પરંતુ તે બધી જડ-ભૌતિક સિદ્ધિઓ છે. કયા જીવનું ઓછામાં ઓછું આયુષ્ય કેટલું? અને વધારેમાં વધારે આયુષ્ય કેટલું? એ તો વિજ્ઞાન લાખો વર્ષો પછી પણ કોઈ કાળે શોધી શકે તેમ નથી.

અલબત્ત વૈજ્ઞાનિકોએ એક કાચના સિલિન્ડરમાં માખીને પૂરીને શોધવા પ્રયત્ન કર્યો કે એની ઉંમર કેટલી? એવા પ્રયોગો તો ઉંદર ઉપર, વાંદરા ઉપર, સસલા ઉપર અને કીડી-મંકોડા ઉપર પણ કર્યા; પરન્તુ વર્ષો પછી પણ વિજ્ઞાન આજેય આયુષ્ય કે ઉંમર શોધવામાં નિષ્ફળ જ રહ્યું છે, અને કયારેય શોધી શકશે પણ નહીં. કારણ કે આયુષ્યની શોધ અખતરાઓ કે પ્રયોગો ઉપર આધારિત નથી, પરંતુ તે તો સર્વજ્ઞ એવા કેવલજ્ઞાનીને જ ગમ્ય છે, જ્ઞાનગમ્ય વસ્તુ છે. અને તેથી જ જૈનશાસ્ત્રોમાં સર્વજ્ઞ ભગવંતે કહ્યા મુજબ સંસારસ્થ સર્વ જીવમાત્રના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યો સ્પષ્ટ કહ્યાં છે.

## એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનાં ઉત્કૃષ્ટ આયુષ્ય—

**૧— बावीसा पुढवीए, सत्त य आउस्स तिन्नि वाउस्स ।**
**वास सहस्सा दस तरु-गणाण तेउ तिरत्ताउ ॥**

**२— वासाणि बारसाउ बेइंदियाणं तेइंदियाणं तु ।**
**अउणापन्न दिणाइं, चउरिंदीणं तु छम्मासा ॥**

३— सुरनेरइयाण ठिई, उक्कोसा सागराणि तित्तीसं ।
चउप्पयतिरिय-मणुसा, तिन्नि य पलिओवमा हुंति ॥

४— जलयर-उरभुयगाणं, परमाउ होइ पुव्वकोडीउ ।
पक्खीणं पुण भणिओ, असंखभागो य पलियस्स ॥

५— सव्वे सुहुमा साहारणा य, समुच्छिमा मणुस्सा य ।
उक्कोस-जहन्नेणं, अंतमुहुत्तं चिय जियंति ॥

૧. માટી, પત્થર, હીરા, સુવર્ણાદિ ધાતુઓ રૂપ પૃથ્વીકાયિક
જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨૦૦૦ વર્ષ

૨. અપ્કાય (પાણીના) „ „ „ ૬૦૦૦ વર્ષ

૩. વાયુકાય (હવાના) „ „ „ ૩૦૦૦ વર્ષ

૪. તેઉકાય (અગ્નિકાય) „ „ „ માત્ર ૩ અહોરાત્ર

૫. વડલા, પીપળા વગેરે, ઝાડો
વગેરે પ્રત્યેક વનસ્પતિકાય „ „ „ ૧૦૦૦૦ વર્ષ

૬. શંખલા, અળસિયા વગેરે
બેઇન્દ્રિય „ „ „ ૧૨ વર્ષ

૭. કીડી, મંકોડા, માંકડ, જૂ,
ઈયળ, ધનેડા વગેરે તેઇન્દ્રિય „ „ „ ૪૯ દિવસ

૮. માખી, મચ્છર, ભમરા,
વગેરે ચઉરિન્દ્રિય „ „ „ ૬ મહિના

૯. સ્વર્ગીય દેવગતિના દેવતાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ

૧૦. *નરકગતિના નારકી જીવોનું „ „ ૩૩ સાગરોપમ*

૧૧. ગાય, બળદ, હાથી, ઘોડા વગેરે
ગર્ભજ ચતુષ્પદ તિર્યંચનું „ „ ૩ પલ્યોપમ

૧૨. ગર્ભજ જલચર, ઉરપરિસર્પ,
ભુજપરિસર્પ તિર્યંચોનું „ „ પૂર્વક્રોડ વર્ષ

૧૩. તિર્યંચ પંચેન્દ્રિય પક્ષીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય—પલ્યોપમનો
અસંખ્યાતમો ભાગ

૧૪. સંમુર્છિમ–ચતુષ્પદ તિર્યંચોનું ,, ,, —૮૪૦૦૦ વર્ષ
૧૫. ,, પક્ષીઓનું ,, ,, ,, —૭૨૦૦૦ ,,
૧૬. ,, ઉરઃપરિસર્પ ,, ,, ,, —૫૩૦૦૦ ,,
૧૭. ,, ભૂજપરિસર્પ ,, ,, ,, —૪૨૦૦૦ ,,
૧૮. મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય—૩ પલ્યોપમ
૧૯. પૃથ્વીકાયાદિ સર્વ એકેન્દ્રિય
સૂક્ષ્મ જીવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય—૧ અંતર્મુહૂર્ત
૨૦. સાધારણ વનસ્પતિકાય જીવોનું ,, ,, —૧ અંતર્મુહૂર્ત
૨૧. સંમૂર્ચ્છિમ મનુષ્યોનું ,, ,, —૧ અંતર્મુહૂર્ત
૨૨. ભવનપતિ નિકાયમાં અસુરકુમારાદિ
દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય—૧ સાગરોપમથી વધુ
૨૩. નાગકુમારાદિ નવ નિકાયના દેવોનું ,, ૨ પલ્યોપમ
૨૪. વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ
૨૫. જ્યોતિષ નિકાયમાં–ચંદ્રનું ,, ,, ૧ પલ્યોપમ અને ૧લાખ વર્ષ
૨૬. ,, ,, સૂર્યનું ,, ,, ૧ ,, ,, ૧૦૦૦ ,,
૨૭. ,, ,, ગ્રહનું ,, ,, ૧ ,,
૨૮. ,, ,, નક્ષત્રનું ,, ,, ½ ,,
૨૯. ,, ,, તારાઓનું ,, ,, ¼ ,,

સર્વજ્ઞ ત્રિકાળદર્શી–ત્રિકાળજ્ઞાની એવા કેવળજ્ઞાની ભગવંતોએ અનન્તજ્ઞાનથી જોઈને ત્રણે કાળના, ચૌદે રાજલોકપ્રમાણ સમસ્ત બ્રહ્માણ્ડના તથા અઢી દ્વીપ પ્રમાણ સર્વક્ષેત્ર આશ્રયિ સર્વ જીવોનું ઉત્કૃષ્ટ તથા જઘન્ય આયુષ્ય કહ્યું છે. આ માત્ર વૈજ્ઞાનિક પ્રયોગ–સાધ્ય વાતો નથી, જ્ઞાનગમ્ય છે. આજે પણ અમેરિકા–કેલિફોર્નિયા વગેરે ક્ષેત્રોમાં “રેડવુડ” નામનાં ઝાડો ૩૦૦૦ વર્ષ જેટલા જૂનાં પણ છે.

## સાત નરક તથા દેવલોકમાં આયુષ્ય પ્રમાણ



પૂજ્યશ્રી રત્નશેખરસૂરિ મહારાજ લઘુક્ષેત્રસમાસમાં કેટલાક તિર્યંચ ચતુષ્પદોનું (પશુ-પક્ષીઓનું) આયુષ્ય જણાવે છે—

मणुआउसमगयाई, हयाई चउरंसजाई अट्ठंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाई दसमंसा ॥

इच्चाइ तिरिच्छाण वि पायं सव्वारएसु सारित्थं ।
तइयारसेसि कुलगरनयजिणधम्माइउप्पत्ती ॥

મનુષ્યના આયુષ્ય જેટલું હાથી, સિંહ, અષ્ટાપદ વગેરેનું આયુષ્ય હોય છે. એનાથી ચોથે ભાગે ઘોડા વગેરેનું હોય. બકરાં, ઘેટાં, શિયાળ, વગેરેનું આઠમે ભાગે હોય. ગાય, ભેંસ, હરણ, ઊંટ, ગધેડા વગેરેનું પાંચમે ભાગે અને કૂતરા વગેરેનું આયુષ્ય દશમે ભાગે હોય છે.

## આ પાંચમા આરાના વર્તમાન કાળમાં પ્રાણીઓનું વધારેમાં વધારે આયુષ્ય—

| જીવ | વર્ષ | જીવ | વર્ષ | જીવ | વર્ષ | જીવ | વર્ષ |
|---|---|---|---|---|---|---|---|
| કાચબો | ૧૦૦૦ | હરણ | ૨૪ | સારસ | ૬૦ | સમડી | ૫૦ |
| હાથી | ૧૨૦ | ગધેડો | ૨૪ | ગરોળી | ૧ | વાગોળ | ૫૦ |
| સિંહ | ૧૦૦ | ગેંડો | ૨૦ | ઉંદર | ૨ | બપૈયા | ૩૦ |
| વાઘ | ૬૪ | કૂતરો | ૧૬ | ઘેટું | ૧૬ | સૂડો | ૧૨ |
| સુવર | ૫૦ | બકરી | ૧૬ | સસલું | ૧૪ | સર્પ | ૧૨૦ |
| ઘોડો | ૪૦ | શિયાળ | ૧૩ | ક્રૌંચપક્ષી | ૬૦ | માછલું | ૧૦૦૦ |
| ગાય | ૨૫ | બિલાડી | ૧૨ | મરઘો | ૬૦ | વીંછી | ૦॥ |
| બળદ | ૨૫ | હંસ | ૧૦૦ | બગલો | ૬૦ | કાકીડો | ૧ |
| ભેંસ | ૨૫ | કાગડો | ૧૦૦ | ઘુવડ | ૫૦ | જુ કંસારી | ૧ |
| ઊંટ | ૨૫ | ગીધ | ૧૦૦ | ચીબરી | ૫૦ | | |

**કાલચક્રમાં આરાઓ પ્રમાણે આયુષ્યકાળ— ઉત્સર્પિણી-અને અવસર્પિણીના આરાઓમાં આયુષ્યની વૃદ્ધિ-હાનિ—**




આજ પ્રમાણે આરાઓના ક્રમ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં પણ સમજવું. ઉત્સર્પિણી કાળમાં ચઢતા ક્રમે હોય, જ્યારે અવસર્પિણી કાળમાં ઊતરતા ક્રમે હોય. અત્યારે અવસર્પિણી કાળ ચાલે છે. અને તેનો પણ ૨૧૦૦૦ વર્ષનો દુ:ખમ નામનો પાંચમો આરો ચાલે છે. એમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૩૦ વર્ષોથી વધારે ન હોય. ૧૦૦, ૧૦૧, ૧૦૫, ૧૦૯, ૧૧૩ વર્ષોના આયુષ્યવાળા સ્ત્રી-પુરુષો તો આજે પણ દુનિયામાં જોવા મળે છે. એથી વધારેમાં વધારે કોઈ વિરલ માણસ ૧૩૦ વર્ષ સુધીનો હોઈ શકે છે, તેથી વધારે તો શક્ય જ નથી.

છઠ્ઠા આરામાં ફક્ત ૨૦ જ વર્ષનું કુલ આયુષ્ય રહેશે. ૬ વર્ષની ઉંમરે તો કન્યા બાળકને જન્મ આપી માતા બનશે. અને ૨૦ જ વર્ષમાં સંપૂર્ણ નાટક પૂરું કરીને રવાના થવું પડશે.

## ચાર ગતિનાં આયુષ્યબંધનાં કારણો—

### (૧) નરકગતિયોગ્ય આયુષ્યબંધનાં કારણો—

'बह्वारंभपरिग्रहत्वं च नारकस्यायुषः ।' —તત્ત્વાર્થ સૂત્ર

'बंधइ निरयाउ महारंभपरिग्गहरओ रुद्दो ।' —કર્મગ્રન્થ

—મહા આરંભ-સમારંભ કરવાથી, મહાપરિગ્રહ રાખવાથી, તીવ્ર ક્રોધાદિ કષાયવાળા જીવો, રૌદ્રધ્યાનના પરિણામવાળા, કૃષ્ણલેશ્યાવાળા જીવો, હિંસાદિ પ્રવૃત્તિમાં રત રહેનારા જીવો, પંચેન્દ્રિયાદિનો વધ-હિંસા કરનારા, મદ્ય-માંસાદિનું સેવન કરનારા જીવો, અત્યન્ત વિષયી, મિથ્યાત્વી, મુનિઘાતક, મહા ચોર, વ્રત-ઘાતક, રાત્રીભોજન કરનારા, ગુણીજનોની નિંદા કરનારા, તીવ્ર મત્સરબુદ્ધિવાળા જીવો મોટા ભાગે નરકગતિનું આયુષ્ય બાંધી નરકમાં જાય છે.

### (૨) તિર્યંચગતિયોગ્ય આયુષ્યબંધનાં કારણો—

'माया तैर्यग्योनस्य' । —તત્ત્વાર્થસૂત્ર

'तिरिआउ गूढहिअओ, सढो ससल्लो तहा मणुस्साउ ।' —કર્મગ્રન્થ

—માયા-કપટ, છલ, પ્રપંચ, દગો, વિશ્વાસઘાત કરનારા, ગૂઢ હૃદયવાળા, શઠ, મૂર્ખ સ્વભાવી, શલ્યસહિત બુદ્ધિવાળા, પરને ઠગનારા, શીયળ વિનાના, મિથ્યાત્વનો ઉપદેશ આપનારા, ખોટાં તોલ-માન-માપ વડે વ્યાપાર કરનારા, કુકર્મની વાતો કરનારા તથા પ્રશંસા કરનારા, ભેળસેળ કરીને વેચનારા ખોટી, સાક્ષી પૂરનારા, ચોરી કરનારા, નિરંતર આર્તધ્યાનમાં રહેનારા,

અતિ આહારાદિ કરનારા, નીલ અને કાપોતલેશ્યાના જીવો મોટા ભાગે તિર્યંચગતિનું આયુષ્ય બાંધી ઘોડા-ગધેડા-રૂપ પશુ-પક્ષીની તિર્યંચગતિમાં ફેંકાઈ જાય છે.

## (૩) મનુષ્યગતિયોગ્ય આયુષ્યબંધનાં કારણો—

'अल्पारंभपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य ।'

—તત્ત્વાર્થ સૂત્ર

'पयइइ तणुकसाओ, दाणरुई मज्झिमगुणो अ ।' –કર્મગ્રંથ

—અત્યન્ત અલ્પ આરંભ - સમારંભવાળો. સ્વભાવથી વિનયી, નમ્ર તથા ઋજુ એટલે સરલ સ્વભાવી જીવો, તેમ જ જેના ક્રોધાદિ કષાયો સાવ પાતળા પડી ગયા છે એવા અલ્પ કષાયવાળા જીવો, દાનાદિ પુણ્યકાર્ય કરવાની રુચિવાળા જીવો, ક્ષમાદિના ભાવવાળા, મૃદુતાદિ મધ્યમ ગુણવાળા, જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિ કરવાથી, ધર્મધ્યાનના કરનારા, ન્યાય-પ્રિય હોઈ કોઈને અન્યાય ન કરતાં સહુને ન્યાય કરનારા, ન્યાય-નીતિથી ધન કમાવનારા, જયણા પાળનારા, સાધુ-સંતોને વહોરાવનારા, ભદ્રિક પરિણામી, પારકી નિંદા ન કરનારા, પરોપકારી જીવો આવાં અનેકવિધ કારણોથી મનુષ્યગતિયોગ્ય આયુષ્ય બાંધી મનુષ્ય બને છે.

## (૪) દેવગતિયોગ્ય આયુષ્યબંધનાં કારણો—

'सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि देवस्य ।'

—તત્ત્વાર્થ

'अविरयमाइ सुराउं, बालतवोऽकामनिज्जरो जयइ'।

—કર્મગ્રંથ

—સરાગસંયમ ચારિત્રની આરાધના, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ શ્રાવક જીવનની આરાધના, અકામનિર્જરા કરવાથી,

બાલતપ કરવાથી, એટલે અજ્ઞાન કષ્ટ સહનપૂર્વકનાં તપ વગેરે કરવાથી, દુઃખગર્ભ મોહગર્ભ વૈરાગ્યવાળા, શુભધ્યાનાદિ સાધક, જિન-પૂજા-ભક્તિ-ધ્યાનથી, સાધુ-સાધ્વીની સેવા - વૈયાવચ્ચ - ભક્તિથી. શોક-સંતાપ ઘટાડવાથી, ગુણાનુરાગથી, વ્રત પાલનથી, જયણાથી, જીવો ઉપર અનુકંપા કરવાથી તથા ગુરુવંદનથી, લૌકિક-લોકોત્તર ગુણધારક જીવો દેવગતિયોગ્ય દેવનું આયુષ્ય બાંધી દેવ બને છે.

—સૂત્રકાર મહર્ષિએ સૂત્રોમાં જે સંક્ષિપ્તમાં તે તે ગતિયોગ્ય તે તે આયુષ્યબંધનાં કારણો જણાવ્યાં છે. તેમાં આદિ કરીને આગળ કહ્યું છે તે આગળ શ્રી શુભવીરવિજયજી મહારાજ પૂજાની ઢાળમાં જે કારણો કહે છે તે પણ અત્રે આપ્યાં છે. એવાં તો અનેક કારણો છે કે જે આયુષ્ય બાંધવામાં નિમિત્તભૂત બને છે.

## દિયરની પાછળ ભાભીએ કેટલા ભવો બગાડયા ?

વસંતપુરનગરમાં શિવભૂતિ અને વસુભૂતિ બે ભાઈઓ હતા. વસુભૂતિ નાનો ભાઈ ખૂબ રૂપાળો, દેહ દેખાવડો મનોહર અને સુંદર મળેલો. હૃષ્ટ-પુષ્ટ કાયા કોઈને પણ ગમી જાય તેવી. અવસરે બંને ભાઈઓનાં લગ્ન થયાં. પરંતુ મોટાભાઈની પત્ની કમળશ્રીની નજર-દાનત કામદેવ જેવા નાના ભાઈ વસુભૂતિ ઉપર બગડી. અને એકાન્તનો અવસર મેળવીને ભાભીએ દિયરને કહ્યું, 'હે દિયર ! મારી ઇચ્છા તમે સંતોષો.' એમ કહી ભાભીએ દિયર પાસે ભોગની પ્રાર્થના કરી.

પરંતુ વિવેકી દિયર વસુભૂતિએ કહ્યું, 'તમે મારા મોટાભાઈની પત્ની છો. તમે પરણેલા છો, તમે તમારા પતિ સાથે ભોગ ભોગવો. મારા માટે તો ભાભી તે મા સમાન છો, હું તો તમારો સ્પર્શ પણ નહીં કરું. અરે ! મારી છાયા પણ તમારો સ્પર્શ નહીં કરે તે રીતે હું રહીશ.'

પરન્તુ 'कामान्धो नैव पश्यति' નીતિકારોની આ વાત બિલકુલ ખોટી નથી લાગતી. માયા–કપટની અવતાર એ સ્ત્રીજાતિ પોતાની કામપીડા શાન્ત કરવા બધું જ કરી છૂટવા તૈયાર, બધી જ રમત એને રમતાં આવડે. એને તો અવસર જોઈ બધા નાટક રમવા માંડ્યાં. પરન્તુ વિરક્ત એવા અડગ દિયરે અન્તમાં વૈરાગ્યનો વિચાર કરી ઘર–બાર–સંસાર છોડી દીક્ષા જ લઈ લીધી. બસ, આવા સંસારમાં રહેવું જ નથી. દીક્ષા લઈ સાધુમહાત્મા બની જ્ઞાન–ધ્યાનની સાધના કરતા દૂર દેશમાં વિહાર કરવા લાગ્યા.

પરન્તુ આ બાજુ ભાભીએ દિયરના મોહમાં ખૂબ આર્તધ્યાન કરીને.......અરેરે...!...હાય રે... આવા સરસ દિયર હાથમાંથી ચાલ્યા ગયા...અરે! હવે તો એ ક્યાં હાથમાં આવશે? દીક્ષા લીધી... એમ ખૂબ આર્તધ્યાનમાં તિર્યંચગતિનું આયુષ્ય બાંધી મરીને કૂતરી થયાં. તિર્યંચગતિમાં પણ સ્ત્રી અવતાર જ મળ્યો. નગરમાં વસુભૂતિ મુનિને ગોચરી માટે ફરતા જોઈને તે કૂતરી મહારાજને વળગી પડી...અને પછી તો પાછળ–પાછળ જ ચાલે; બસ, ખસે જ નહીં. રોજ જવું–આવવું. ઊઠવું–બેસવું, બધું સાથે જ. થોડા દિવસ પછી ગામના છોકરાઓ 'કૂતરીવાળા મહારાજ' (शूनीपति એટલે કૂતરીના માલિક) એમ કહેવા લાગ્યા... મહારાજ સમજી ગયા. અવસરે વહેલા કૂતરીનો સાથ ભુલાવીને વિહાર કરી ગયા.

મહારાજને ન જોવાથી આર્તધ્યાનમાં કૂતરી મૃત્યુ પામી વાનરી થઈ. અને વાનરી થઈને પણ તે મહારાજને વળગી, મહારાજની સાથે ને સાથે જ. મહારાજનાં કપડાં ખેંચે....મુનિ મહારાજે વિચાર કર્યો–અરે, આપણાથી તો તિર્યંચજીવોનો સ્પર્શ પણ ન કરાય. અને આ તો કૂતરી ગઈ તો પાછી વાનરી આવી. ગામમાં લોકોના મોઢે પણ બોલાવા લાગ્યું. અરે 'વાનરીવાળા મહારાજ...'

છેવટે કંટાળીને મહારાજ એક દિવસ ગુપ્તપણે વિહાર કરી ગયા. ઘણે દૂર પહોંચી ગયા...મહારાજને ન જોવાથી...વાનરી વલખાં મારતી આર્તધ્યાનમાં મરીને એક સરોવરમાં હંસલી થઈ. મુનિમહાત્મા વસુભૂતિ વિહાર કરતાં ત્યાં પધાર્યા અને શીતપરિષહ સહન કરવા સરોવરના કાંઠે કાયોત્સર્ગમાં રહ્યા. ત્યાં તો પેલી હંસલી આવીને વળગી....મુનિને આલિંગન કરવા લાગી, પગમાં આળોટવા લાગી...મુનિ તો ઉપસર્ગ સમજીને સ્થિર અડગ રહ્યા પણ આ તો રાગનો અનુકૂળ ઉપસર્ગ....એટલે મુનિ કાઉસ્સગ્ગ પારીને વિહાર કરી ગયા. મુનિનો વિયોગ સહન ન કરી શકતી આર્તધ્યાનમાં જ તેમનું સ્મરણ કરતી મૃત્યુ પામી વ્યન્તરજાતિમાં દેવી થઈ. વિભંગજ્ઞાનથી જોઈને આવી....અરે! દિયરે (મુનિએ) હજી સુધી મારું વચન માન્યું નહીં? દેવીએ મુનિ પાસે દિવ્ય-શક્તિથી અનેક સ્ત્રીઓનાં રૂપો વિકુર્વીને ફરી ભોગની પ્રાર્થના કરી ..અરે મુનિ છોડો–હવે કાઉસ્સગ્ગ છોડો...શું કરવા ખોટો તપ કરો છો ..બસ, બહુ થઈ ગયું . હવે તમારા તપપ્રભાવથી આટલી અપ્સરાઓ તમને પ્રાપ્ત થઈ છે તે ભોગવો વગેરે ખૂબ બોલવા લાગી.

પરન્તુ દૃઢ વૈરાગી મુનિ વસુભૂતિ બિલકુલ ક્ષોભ ન પામ્યા. કર્મનિર્જરાનો સુંદર અવસર જાણીને આત્મસ્વરૂપમાં મસ્ત રહ્યા. સહેજે પણ ન આકર્ષાયા. નિર્મળ ધ્યાનસાધનામાં ચઢ્યા. **'ध्याना-ग्निना दह्यते कर्म'**..ધ્યાનરૂપી અગ્નિવડે કર્મોનો ભુક્કો બોલાવવા માંડ્યા, ક્ષપકશ્રેણિ મંડાઈ ગઈ, શુકલધ્યાનમાં રમતા મુનિ કેવળજ્ઞાન પામ્યા...

બસ, હવે તો વ્યંતરીના બધા ભવો નજર સામે દેખાવા લાગ્યા....અરે રે! મારી પાછળ મરીને આ મારી ભાભી કૂતરી થઈ, વાનરી થઈ, હંસલી થઈ, અને આજે છેવટે વ્યંતરીદેવી થઈને આવી છે. તે દેવીને ઉપદેશ આપીને કેવળીમુનિએ ખૂબ

સમજાવી... પરન્તુ ભારેકર્મી જીવોને કેવળજ્ઞાનીની દેશના પણ ક્યાંથી ગળે ઊતરે ?! મુનિમહાત્મા તો સર્વ કર્મ ખપાવી... મોક્ષે ચાલ્યા ગયા.

થોડો વિચાર કરો ! વસુભૂતિમુનિનો તો એક જ ભવ, પરન્તુ તેટલા કાળમાં તો ભાભીએ કેટલા ભવ કર્યા ?

વસુભૂતિ મુનિનો એક ભવ

જન્મ |———————————————| મોક્ષ

←— ભાભીના ભવો —→

| ૧ | → | ૨ | → | ૩ | → | ૪ | → | ૫ |
|---|---|---|---|---|---|---|---|---|
| કમળશ્રી | | કૂતરી | | વાનરી | | હંસલી | | વ્યંતરી |

આ પ્રમાણે ભાભી તો હજી કેટલાય ભવમાં ભટકતી રહેશે. પરંતુ મુનિ વસુભૂતિ તો આયુષ્યકર્મ પણ ખપાવી ( આઠેય કર્મો ખપાવી ) અક્ષયસ્થિતિનું સિદ્ધિગતિનું સ્થાન સદા માટે પામી ગયા.

### આયુષ્યબંધના અધ્યવસાય—

મરતી વખતે ઘડી પહેલાં આયુષ્યબંધ સમયે જેવા અધ્યવસાય હોય તે પ્રમાણે આયુષ્ય બંધાય. ઉપર કહેલાં ચારેય ગતિ યોગ્ય આયુષ્યબંધનાં કારણો સ્પષ્ટ છે. તેમાંથી જેને જે હોય તે પ્રમાણે તેનું તે ગતિ યોગ્ય આયુષ્ય બંધાશે. માટે જ કહ્યું છે કે—" **યથા મતિઃ તથા ગતિઃ** " જેવી મતિ હોય છે તેવી ગતિ પ્રાપ્ત થાય છે.

આયુષ્ય સંપૂર્ણ ભવમાં એક જ વાર બંધાય છે. જ્યારે બીજા સાતેય કર્મો દર સમયે-સમયે બંધાય છે. આયુષ્ય તીવ્ર સંકિલષ્ટ અધ્યવસાયમાં બંધાય છે. અને અંતર્મુહૂર્ત પ્રમાણ કાળ સુધી

જીવ તેવા શુભ અથવા અશુભ અધ્યવસાયમાં આયુષ્ય બાંધે ત્યારે આયુષ્યના દળિયા એકઠા કરે છે. કાર્મણવર્ગણા ખેંચી તે કાર્મણવર્ગણાને આયુષ્યના દળિયારૂપે સ્થિર કરી આયુષ્યકર્મ બાંધે છે.

હવે કોઈ જીવ આયુષ્યયોગ્ય કાર્મણવર્ગણાનો જથ્થો ઘણા મોટા પ્રમાણમાં ખેંચે છે અને કોઈ અલ્પ પ્રમાણમાં. જેમ એક જ સાઈઝના એક સરખા સિલિન્ડરમાં કોઈમાં ગેસ વધારે અને કોઈમાં ગેસ ઓછો ભરવામાં આવે તેમ. દેખીતી વાત સ્પષ્ટ છે કે જે સિલિન્ડરમાં ગેસ વધારે હશે તે સિલિન્ડર વધારે દિવસ ચાલવાનો અને બીજો ઓછા દિવસ; કારણ કે ગેસનું પ્રમાણ જ ઓછું છે.

આ જ પ્રમાણે આયુષ્યનું છે.







કર્મ માત્ર પૌદ્ગલિક છે. આયુષ્યકર્મ પણ પુદ્ગલનો જથ્થો —સમૂહ છે. જેમ તેલ વિના દીવો બળી શકતો નથી તે જ પ્રમાણે

આયુષ્યના પુદ્ગલ (દળિયાં) વિના જીવ જીવી શકતો નથી. દીવાને બળવા માટે તેલ જોઈએ જ છે. તે જ પ્રમાણે જીવોને સંસારમાં જીવવા માટે આયુષ્યના પુદ્ગલ-દળિયાઓ જોઈએ જ.

આ આયુષ્યકર્મના પુદ્ગલો-દળિયા તે-'દ્રવ્ય-આયુષ્ય.' અને દ્રવ્ય-આયુષ્યની સહાયથી જીવ જેટલો કાળ જીવે છે તે-'કાળ-આયુષ્ય.' દ્રવ્ય-આયુષ્ય પૂરું થયા વિના જીવનો કાળ પૂરો થતો નથી અર્થાત્ કોઈ મરી શકતું નથી... આયુષ્યનો અંતિમ પુદ્ગલ ખલાસ થાય પછી જ જીવ મરે છે. બંધકાળે જીવે જેટલા આયુષ્યના પુદ્ગલ-પરમાણુઓ ગ્રહણ કર્યા હશે તેટલા દરેક પરમાણુઓનો જીવ વિપાક-અનુભવ કરીને જ જીવ મરે છે. એક પણ પરમાણુનો ક્ષય કરવાનો બાકી હોય ત્યાં સુધી જીવ જીવતો હોય છે અને સર્વ પરમાણુના ક્ષયે જ જીવ મરીને અન્ય ગતિમાં જાય છે.

કાળ-આયુષ્યમાં તો સેંકડો વર્ષોની પણ સ્થિતિ હોય છે. ૩૩ સાગરોપમ વગેરે જે સ્થિતિ કહી છે તે કાળ-આયુષ્ય કહો અથવા સ્થિતિ-આયુષ્ય કહો, એક જ છે. તે કાળની સ્થિતિમાં તો ઉપક્રમ આદિ લાગતાં ફેરફાર પણ થાય. પરન્તુ દ્રવ્ય-આયુષ્યમાં તો કોઈ કાળે ફેરફાર નહીં, તે તો શેષ રહે જ નહીં; મરતા સુધી સંપૂર્ણ ભોગવે.

## વહેલા મર્યા પછી બાકીના આયુષ્યનું શું ?

**પ્રશ્ન**—ઘણાના મનમાં એવી પણ શંકા હોય છે કે ૧૦૦ વર્ષની ઉંમર હોય અને જો ૬૦મા વર્ષે અકસ્માત થાય અને જો મરી જાય તો બાકીના ૪૦ વર્ષના આયુષ્યનું શું? એટલે બાકીનું ૪૦ વર્ષનું આયુષ્ય આવતે ભવે વધારે મળે કે નહીં? આવતા ભવનું આયુષ્ય જો ૮૦ વર્ષનું બાંધ્યું હોય તો ૮૦+૪૦ એટલે કુલ ૧૨૦ વર્ષ ભોગવવા મળે કે નહીં?

**ઉત્તર**—ના. આયુષ્યકર્મમાં એવું નથી. પહેલી વાત તો એ છે કે ૬૦ મા વર્ષના અકસ્માતના સમયે (તે જ વખતે) બાકીના ૪૦ વર્ષનું આયુષ્ય પણ ભોગવાઈ જાય છે. જીવ આયુષ્યના બધા પુદ્ગલો તે જ વખતે ખેંચીને પણ વાપરી નાંખે છે, જેથી આયુષ્યના પુદ્ગલનો એક પણ દળીયો શેષ રહેતો નથી બધા જ ખપી જાય છે.

૬૦ મા વર્ષના અકસ્માત સમયે સોએ સો વર્ષનું આયુષ્ય ખલાસ થઈ જાય છે. એટલે શેષ કંઈ રહેતું જ નથી. જેથી આવતા ભવમાં વધારે કંઈ પણ ઉમેરો થતો જ નથી. કોઈ પણ જીવને જ્યારે ઉપક્રમ નડે છે ત્યારે તે જ અંતિમ અંતર્મુહૂર્તમાં જ સર્વશેષ આયુષ્ય ભોગવાઈને ખલાસ થઈ જાય છે. સર્વદ્રવ્ય આયુષ્ય એટલે આયુષ્યકર્મના પુદ્ગલ દળિયા ખપ્યા પછી કાળ-આયુષ્ય બાકી રહેતું જ નથી.

આગામી જન્મના આયુષ્યનો આધાર વર્તમાન ભવ ઉપર રહેલ છે. આયુષ્ય અપવર્તનીય છે કે અનપવર્તનીય છે તેનો આધાર પરિણામની તરતમતા ઉપર રહેલો છે. આયુષ્ય બાંધતી વેળા પરિણામ જો મંદ હોય તો આયુષ્યનો બંધ શિથિલ થાય. અને જો તીવ્ર દ્રઢ પરિણામ હોય તો આયુષ્યનો બંધ ગાઢ થાય.

**આયુષ્ય**

- **અપવર્તનીય**
  - **સોપક્રમ**
- **અનપવર્તનીય**
  - **સોપક્રમ**
  - **નિરુપક્રમ**

સોપક્રમ = ઉપક્રમ સહિત.
ઉપક્રમ એટલે શસ્ત્રાઘાત આદિ બાહ્ય નિમિત્તો કે જેનો ઉપક્રમ–આઘાત લાગતાં જ આયુષ્ય સમાપ્ત થઈ જાય, તૂટી જાય તે સોપક્રમ આયુષ્ય.

જે આયુષ્યનો ભોગકાળ બંધકાળની સ્થિતિની મર્યાદાથી ઓછો હોય તે અપવર્તનીય આયુષ્ય કહેવાય છે. અપવર્તનીય આયુષ્યવાળાને શસ્ત્રાદિ ઉપક્રમ-વાળા કોઈ ને કોઈ નિમિત્ત મળી રહે છે. જેના કારણે અકાળ મૃત્યુ થાય.

વર્તમાનકાલિક આપણું સર્વ મનુષ્યોનું તથા પશુ–પક્ષી આદિ તિર્યંચોનું આયુષ્ય સોપક્રમ હોય છે. શસ્ત્રાદિ ઉપક્રમોનું નિમિત્ત મળતાં તૂટી જાય. જેમનું નિરુપક્રમ કહ્યું છે તે સિવાય બાકીના સર્વ સંસારી જીવોનું નિરુપક્રમ પણ હોઈ શકે અને સોપક્રમ પણ હોય.

જો આયુષ્ય બાંધતી વખતે પરિણામ તીવ્ર હોય તો આયુષ્ય-નો બંધ ગાઢ થાય છે. આના પરિણામે શસ્ત્રાદિ બાહ્ય ઉપક્રમનાં નિમિત્તો મળવા છતાં પણ આયુષ્ય તૂટતું નથી. અર્થાત્ બંધકાળની મર્યાદા ઘટતી નથી. એટલે બાંધેલી આયુષ્યસ્થિતિ પૂરેપૂરી ભોગવે. આયુષ્યકાળ પૂરો થયા પછી જ મરે. આ પ્રમાણે જેનો ભોગકાળ અને સ્થિતિકાળ બન્ને સરખા હોય તે અનપવર્તનીય આયુષ્ય.

અનપવર્તનીય આયુષ્યને શસ્ત્રાદિ ઉપક્રમના ગમે એટલા નિમિત્ત મળે છતાં પણ આયુષ્ય નિયતકાળ–મર્યાદાની પહેલાં પૂર્ણ થતું જ નથી.

'औपपातिकचरमदेहोत्तमपुरुषासंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः' તત્ત્વાર્થસૂત્ર તથા શ્રીઆવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે—

'देवा नेरइया वा असंखवासाउया य तिरियमणुया'

દેવતા, નારકી, અસંખ્યવર્ષના આયુષ્યવાળા તિર્યંચો તથા

મનુષ્યોનું, યુગલિકોનું, તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોનું ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ગણધર, તથા ચરમદેહીનું આયુષ્ય નિરુપક્રમ હોય છે. ગમે તેવા ઉપક્રમો લાગે છતાં તૂટે નહીં.



# निरुपक्रमी



## — સોપક્રમ આયુષ્યને લગતા ૭ ઉપક્રમો —

**अज्झवसाण निमित्त, आहारे वेयणा पराघाए ।**
**फासे आणपाण, सत्तविहं जिज्झए आउं ॥** આવશ્યક નિર્યુક્તિ.

**૭ ઉપક્રમ**

| ૧ અધ્યવસાય | | | ૨ નિમિત્ત | ૩ આહાર | ૪ વેદના | ૫ સ્પર્શ | ૬ શ્વાસોચ્છ્વાસ | ૭ પરાઘાત |
|---|---|---|---|---|---|---|---|---|
| **રાગજન્ય:** રૂપ, મોહ, લાગણી આદિના કારણે મૃત્યુ થાય. | **સ્નેહજન્ય:** પુત્ર. પત્ની આદિના મૃત્યુથી અથવા સમાચારથી. | **ભયજન્ય:** કોઈના ડરાવવાથી, ભય પમાડવાથી. | લાકડી, ચાબુક, શસ્ત્ર, અકસ્માત, ઝેર. | અતિ આહારથી, અનશનથી, વિકૃત આહારથી, વિષથી. | રોગ, શૂળ. | ડંખ વીંછી, સર્પના ડંખથી. | રોકવાથી ઘણા લેવાથી | આપઘાત નદી, કૂવા, સમુદ્ર વગેરે પડવાથી. |

दंड कस सत्थ रज्जू अग्गी उदगपडणं विस वाला ।
सीउण्हं अरइ भयं खुहापिवासा य वाही य ॥
मुत्तपुरीसनिरोहे जिण्णाजिण्णे य भोयणे बहुसो ।
घंसण घोलण पीलण आउस्स उवक्कमा एते ॥

આ ઉપરાંત આવશ્યક નિર્યુક્તિમાં લાકડી, ચાબૂક, શસ્ત્ર, દોરડું, આગ, પાણીમાં પડવું, ઝેર, સાપ, ઠંડી, ગરમી, અરતિ, બીક, ભૂખ, તરસ, રોગ, મલ-મૂત્ર રોકવાથી, બહુશઃ જીર્ણ-અજીર્ણ ભોજન, ઘર્ષણ, ઘોલન અને પીલન એ આયુષ્યના ઉપક્રમો કહ્યા છે. આવા અનેક ઉપક્રમો છે, જેના નિમિત્તે આયુષ્ય વહેલું તૂટી શકે છે.

## ભયના કારણે સોમિલ મૃત્યુ પામ્યો—

શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર ગજસુકુમાલે દીક્ષા લીધી, ત્યારે તેના સસરા સોમિલ બ્રાહ્મણે પોતાની પુત્રીનો વિચાર કરીને ક્રોધમાં ને ક્રોધમાં ગજસુકુમાલ મુનિ જ્યારે સ્મશાનમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર હતા ત્યારે આવીને તેમના માથા ઉપર ધગધગતા અંગારા ભરી દીધા. તેથી સમતામાં રહેલા મુનિ તો સાધી ગયા, પરંતુ સોમિલ સસરો જ્યારે આ દુષ્કૃત્ય કરીને જ્યારે નગરમાં પ્રવેશ કરી રહ્યો હતો ત્યારે શ્રીકૃષ્ણ મહારાજાને સામે આવતા જોયા. શ્રીકૃષ્ણને જોતાંની સાથે જ સોમિલને ભય વ્યાપી ગયો અને તે તુરંત ત્યાં જ મૃત્યુ પામ્યો. આ છે—ભય-અધ્યવસાય ભેદથી તાત્કાલિક થતું મૃત્યુ.

* મૃગાવતીનો સ્વામી શતાનિક રાજા હતો. એકાએક ચંડ-પ્રદ્યોત નામના રાજાને સૈન્ય સહિત આવતા સાંભળતાંની સાથે જ હૃદય ફાટી ગયું, ભારે ભય વ્યાપી ગયો, અને ત્યાં જ મરણને શરણ થયો.

## પતિના મૃત્યુના વિચારથી પત્ની મૃત્યુ પામી—

તુરંગપુર નગરમાં નરવર નામના રાજાના ભાનુ નામના મંત્રી હતા. તેમની પત્ની સરસ્વતીને પતિ ઉપર ગાઢ સ્નેહ હતો. ઘડીભર પણ પતિનો વિયોગ સહન કરવો આકરો લાગતો. પરંતુ પતિ તો રાજાના મંત્રી હતા. રાજકાર્યમાં જવું તો પડે જ. એક દિવસ રાજા મંત્રીને લઈને જંગલમાં શિકાર કરવા નીકળ્યા. મંત્રીના પત્નીના ગાઢ સ્નેહની પરીક્ષા કરવાનું મન થયું. એટલે કોઈ પ્રાણીનું લોહી રાજાએ મંત્રીના કપડાં અને મંત્રીના ઘોડા ઉપર લગાડીને ઘોડાને મંત્રીના ઘરે મોકલી આપ્યો. ઘોડો મંત્રીના ઘરે આવ્યો.

સરસ્વતીએ ઘરના દરવાજે ઘોડો જોયો, અને પતિનાં વસ્ત્રો જોયાં. લોહીથી ખરડાયેલાં હતાં...અને પતિ તો નથી...એટલે સરસ્વતીએ વિચાર કર્યો કે નક્કી મારા પતિને કોઈ સિંહાદિ કે મારી નાખ્યા લાગે છે, ફાડી ખાધા લાગે છે.

અરે રે ! . હાય રે ! પતિનું મૃત્યુ ?....બસ, એ કપડાં અને ઘોડા ઉપર લોહી જોતાં જોતાં એને ખૂબ આઘાત લાગ્યો અને ત્યાં ને ત્યાં મૃત્યુ પામીને મરી ગઈ. રાજા...અને મંત્રી ઘરે આવ્યા. રાજાએ કહ્યું, 'આજે તમારી પત્નીની પરીક્ષા કરી...!' પરંતુ પત્ની તો મૃત્યુ પામી ગઈ હતી...હવે શું થાય? પરીક્ષા ભારે પડી.

આ સ્નેહના પરિણામે ઉપક્રમ નડ્યો અને આયુષ્ય તૂટી ગયું.

* પરદેશ ગયેલા પતિ તુરંત ઘેર આવ્યા. પરંતુ પત્નીને જોઈ નહીં એટલે એક પતિ પત્નીના મોહમાં મૃત્યુ પામ્યા.
* એક મા-બાપને એકનો એક છોકરો હતો. મોટી ઉંમરે લગ્ન પછી ૨૦ વર્ષે સંતાનની પ્રાપ્તિ થઈ હતી... પરંતુ કર્મતણી ગતિ ન્યારી....એક વખત અચાનક બાળક સંજોગવશ માર્ગના અકસ્માતમાં મૃત્યુ પામ્યો. આ સમાચાર બીજા છોકરાઓએ ઘરે આવીને કહ્યા; ત્યાં તો માતાનું મૃત્યુ થઈ ગયું.

* બસમાંથી ઊતરેલા કંડક્ટરે પાનવાલાની દુકાને ઊભા રહી પાન ખાધું, પરંતુ ૧૦ પૈસાની વાત-વાતમાં કંડક્ટરે બસનું હેન્ડલ ઉગામ્યું, અને પાનવાલાએ દાંતરડું...જોતજોતામાં ૧૦ મિનિટમાં બંને મરી ગયા. આ છે, શસ્ત્રનિમિત્ત ઉપક્રમ જેનાથી આયુષ્ય વહેલું પૂરું થયું.
* April Fool-કોઈએ ટેલીફોનમાં એક સ્ત્રીને કહ્યું-'તમારા પતિનું અકસ્માતમાં મૃત્યુ થયું છે, અને બસ ઉપર ફરી વળી છે, એટલે મૃત્યુ પામ્યા છે.' અને આટલું સાંભળતાં જ પત્ની ગભરાઈ ગઈ, કંઈ આગળ બોલી જ ન શકી-હાથમાંથી ફોન પડી ગયો.... અને સ્ત્રી પણ જમીન ઉપર ઢળી પડી.... બસ, સદાના માટે આંખ મીંચાઈ ગઈ. પેલા માણસે થોડી વાર રહીને ફરી ફોન જોડ્યો. મનમાં એમ હતું કે કહી દઉં,-'આ તો April fool બનાવ્યા છે-ગમ્મત હતી'....પણ ફોન કોઈ ઉપાડતું નથી.... અંતે ઘરે આવ્યા. અને જોયું તો પત્ની મરી ગઈ છે. અને ત્યાંથી ઓફિસે પતિને ફોન કર્યો. પત્નીના મૃત્યુના સમાચારના આઘાતથી પતિ ઓફિસમાં જ હાર્ટફેલ થતાં ઢળી પડ્યો.... ગમ્મત મશ્કરીમાં બેના પ્રાણ ગયા.
* યુદ્ધના મેદાનમાં ઘણા લડે છે, અને સેંકડો મરે છે. તો, શું બધાનું એ જ દિવસે મરવાનું એટલું જ આયુષ્ય હતું? ના, પરંતુ શસ્ત્ર-ગોળી-તીર આદિના ઉપક્રમો લાગતાં ઘણાનાં મૃત્ય થાય છે અને આ ઉપક્રમોથી આયુષ્ય ટુંકાવી પૂરું કરીને ઘણા મરી જાય છે.
* કોઈ ટ્રેનનો કે વિમાનનો અકસ્માત થયો. તેમાં નાના બાળકો, મોટાઓ, પ્રૌઢો તેમ જ ઘરડાં ડોસા-ડોસીઓ પણ હોય છે.
* દુર્ભાગ્યવશ અકસ્માતમાં બધા જ માર્યા ગયા. ૧૦૦૦ તરુણ-વૃદ્ધ-બાળ, પ્રૌઢ બધા કારીગરો માર્યા ગયા. તો શું બધાનું આયુષ્ય તેટલું જ હતું? ના. પરન્તુ ઉપક્રમો નડતાં આયુષ્ય પૂરું

થઈ જાય છે. મૃત્યુને શરણુ થવું પડે છે.

* કોઈ સાપના ઝેરથી પણુ મૃત્યુ પામે છે, અને કોઈ વીંછીના ડંખથી પણુ મૃત્યુ પામે છે. આ પણુ ઉપક્રમ જ છે.

* વરસાદ સખત હોવાથી બે ભાઈઓ એક ઝાડ નીચે ઊભા હતા. વરસાદથી બચવા માટે....પરન્તુ શું થાય નશીબ આગળ! કડાકા–ધડાકા સાથે વીજળી પડી અને બન્ને ભાઈઓ ત્યાં ને ત્યાં મૃત્યુ પામ્યા.

* વેદના ઉપક્રમના કારણે પણુ મૃત્યુ થાય છે. કેન્સર જેવા તીવ્ર રોગની ભયંકર વેદના સહુન કરતાં આયુષ્ય પૂરું થઈ જાય. ઘણી વખત ઘણા રોગોની ઘણી ભારે વેદના હોય છે અને અસહ્ય અવસ્થામાં મૃત્યુ પણુ થઈ જાય.

* આહારનું નિમિત્ત પણુ આયુષ્ય પૂરું થવામાં કારણુ બની જાય છે. કાં તો સાવ આહાર લે જ નહીં એટલે ઉપવાસ–અનશન કરે તો પણુ મરી જાય, અને કાં તો અતિ આહાર–ખૂબ આહાર કરતો હોય તો અજીર્ણ–અપચો, ઝાડા આદિના કારણે મૃત્યુ પામે. અથવા વિકૃત આહાર, વિપરીત આહાર અથવા ઝેરી ખોરાકના કારણે પણુ મૃત્યુ પામે. ઘણી વખત સાંભળીએ છીએ કે–ખોરાકી ઝેર ( Food Poision ) ના કારણે ઘણા મરી ગયા...એટલે આહાર પણુ એક જાતનો ઉપક્રમ છે.

* પ્રહારાદિ પણુ ઉપક્રમ તરીકે ભાગ ભજવે છે–મારામારીમાં એવા મર્મસ્થાનમાં વાગી જતાં પણુ આયુષ્ય તૂટી જાય. પથ્થર પડતાં, ધરતીકંપ થતાં, વીજળી પડતાં, ઉપરનું છાપરું તૂટતાં, શિલા કે ભેખડ ધસી પડતાં પણુ આયુષ્ય તૂટી જાય છે.

* એવું પણુ નથી કે ઉપક્રમો બધા પર–નિમિત્ત–જન્ય જ હોય અથવા બાહ્ય–નિમિત્ત–જન્ય જ હોય. ના, ઉપક્રમો આપણે પોતે ઊભા કરેલા પણુ હોઈ શકે છે. આત્મહત્યા, આપઘાત

તો આપણે પોતે નોંતરીએ છીએ. જાણી જોઈને આત્મહત્યા કરીએ છીએ. કાં તો પ્રેમમાં નિષ્ફળતાના કારણે અથવા પરીક્ષામાં નાપાસ થવાના કારણે, અથવા મોટા નુકશાન વગેરેનાં કારણે, અથવા કંટાળો આવતાં, જીવનથી હારીને આત્મહત્યા કરવાના ઘણા પ્રસંગો વર્તમાનમાં પણ બને છે.

* કુદરતી પ્રકોપ–પાણીનું પૂર આવવાથી, ધરતીકંપ થવાથી, જ્વાલામુખી ફાટવાથી, આગ લાગવાથી, વગેરે અનેક પરાઘાતના ઉપક્રમથી પણ આયુષ્ય તૂટી જાય—

## શ્વાસોચ્છ્વાસ અને પ્રાણાયામ—

શ્વાસોચ્છ્વાસ ઉપર જ આયુષ્યનો મુખ્ય આધાર રહ્યો છે. શ્વાસોચ્છ્વાસ બંધ પડી જાય એટલે આયુષ્ય પૂરું થયેલું (મૃત્યુ પામેલો) જાહેર કરવામાં આવે છે. બાકી શ્વાસોચ્છ્વાસ ચાલે છે ત્યાં સુધી 'જીવ છે', 'જીવે છે', 'હજી આયુષ્ય બાકી છે', વગેરે વ્યવહાર કરવામાં આવે છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના અને ચારે ગતિના સર્વ જીવો શ્વાસોચ્છ્વાસ લે છે, એક પણ જીવ એવો નથી કે શ્વાસોચ્છ્વાસ ન લેતો હોય.

જૈન શાસ્ત્રકારોએ ૧૦ પ્રાણમાં શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યને પણ પ્રાણ ગણ્યા છે.

૧૦ પ્રાણ

- પાંચ ઇન્દ્રિય
  - ૧ સ્પર્શે. ૨ રસને. ૩ ઘ્રાણે. ૪ ચક્ષુ. ૫ શ્રોત્રે.
- ત્રણ બળ
  - મન, વચન, કાય
- શ્વાસોચ્છ્વાસ
- આયુષ્ય

આ દશ પ્રાણુમાં નવમો અને દશમો પ્રાણ મહત્ત્વનો છે. બીજા પ્રાણો જાય, એના કરતાં તો શ્વાસોચ્છવાસ અને આયુષ્ય પ્રાણ ખલાસ થઈ જાય તો તરત જ જીવ મરી જાય.

'**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**'—પ્રમાદના યોગથી જીવને પ્રાણોનો વિયોગ કરાવવો તે જ હિંસા છે, અને હિંસાથી જ મરે છે. 'જીવિયાઓ વવરોવિયા' આપણે 'ઈરિયાવહિ'માં બોલીએ છીએ. અર્થાત્ 'જીવિતથી મુકાવ્યો.' જીવની સાથે પ્રાણોનો વિયોગ એ જ મૃત્યુ છે.

## અષ્ટાંગયોગમાં—"પ્રાણુાયામ" :

મહર્ષિ પતંજલિએ પાતંજલ યોગસૂત્રમાં અષ્ટાંગ યોગ બતાવ્યો છે.

**'यम–नियम–आसन–प्राणायाम-प्रत्याहार–धारणा–ध्यान–समाधिः ॥'**

આ જ વાતને યોગશાસ્ત્રમાં હેમચન્દ્રાચાર્યે સમર્થન આપ્યું છે. અને યોગના આઠ અંગો માન્યા છે.

'પ્રાણુાયામ' આ અષ્ટાંગયોગનો ચોથો યોગ છે. પ્રાણુાયામ= પ્રાણ+આયામ. આયામ એટલે વિસ્તાર. લંબાઈ વગેરેના અર્થમાં વપરાય છે. અર્થાત્ પ્રાણ એટલે શ્વાસોચ્છવાસ અને તેનો વિસ્તાર તે પ્રાણુાયામ.

શ્વાસોચ્છવાસ તો બધા લે છે, નાના–મોટા સર્વ જીવો લે છે. પરંતુ આજે આપણે વિચાર કરીએ કે શું ખરેખર! આજે આપણને શ્વાસ લેતાં પણ આવડે છે? આ પ્રશ્નથી તમને આશ્ચર્ય લાગશે? શું શ્વાસ લેતાં અમને નથી આવડતું? અરે! રોજ તો લઈએ છીએ. નથી શું આવડતું? બધું જ આવડે છે.

પરંતુ વિચાર કરો !—જે રીતે શ્વાસ લેવા જોઈએ, એ રીતની આ વાત છે. જો આપણે રોજ શ્વાસ લઈએ જ છીએ તો પછી 'પ્રાણાયામ' જેવાને અષ્ટાંગ યોગમાં શા માટે ગણ્યો ? માટે અહીંયા એ વિચાર કરવાનો છે કે શ્વાસ કેવી રીતે લેવા જોઈએ ?

આ સંસારમાં સોએ નવ્વાણું ટકા જીવો અધોં જ શ્વાસ લે છે, પૂરો શ્વાસ પણ નથી લેતા. ખરી રીતે હંમેશા દીર્ઘ શ્વાસ ઊંડો શ્વાસ (Deep Breathing) લેવો જોઈએ. તો કહેવાય કે શ્વાસ પૂરો બરોબર લીધો છે. બાકી ઘણા તો એટલો ટૂંકો શ્વાસ લે છે કે પૂરો હ્રદય સુધી પહોંચતો નથી ત્યાં તો છોડી દે છે. હકીકતમાં શ્વાસ હ્રદયમાં પહોંચે અને ત્યાં શુદ્ધ ઓકિસજનથી 'રક્તશુદ્ધિ' થાય છે. પછી રક્તની અશુદ્ધિઓ લઈને ઉચ્છવાસ તરીકે છોડી દેવામાં આવે છે. જો ઊંડો, લાંબો શ્વાસ લઈએ તો જ રક્તશુદ્ધિ માટે પૂરતું મળે.

માટે પ્રાણાયામની પ્રક્રિયા પ્રમાણે શ્વાસ ઊંડો લેવો, તે **પૂરક** કહેવાય. ત્યાર પછી શ્વાસને થોડીવાર રોકી રાખવો તે **કુંભક**, અને અંતમાં ધીરે ધીરે......છોડી નાંખવો તે-**રેચક** કહેવાય. આ પ્રમાણે પૂરક—કુંભક—રેચકની પ્રક્રિયાથી શ્વાસોચ્છવાસ લેવા-મૂકવા જોઈએ.

શ્વાસોચ્છવાસના માધ્યમથી **આયુષ્યકર્મ**ના પુદ્‌ગલ-દળિયાઓ આપણે છોડીએ છીએ. તો તે વખતે જો શ્વાસ ધીરે

ધીરે....લેવાય-મુકાય તો ઘણો ફરક પડે...અને કુંભકની પ્રક્રિયામાં રોકી રાખવા જેટલો સમય ન રોકાય તો દળિયા ન છૂટે. એટલા માટે તો યોગીઓ પૂરક-કુંભક-રેચકની આ પ્રાણાયામની પ્રક્રિયા નિયમિત કરે છે, પછી તો તન્મય બની જાય છે. અને પછી આપણી ભાષામાં વ્યવહાર કરીએ છીએ કે યોગીઓ વધારે જીવે છે. અરે! કોઈ પણ વધારે જીવી શકે છે.

## આયુષ્યની વૃદ્ધિ થઈ શકતી જ નથી—

એથી પ્રાણાયામથી **આયુષ્ય** વધે છે કે પછી **'घृतमायुर्वर्धकं'** આ બધી વાતનો કોઈ અર્થ જ નથી. એક વાત ચોક્કસ છે કે **આયુષ્ય**માં ક્યારેય પણ એક ક્ષણનો પણ વધારો થઈ શકતો જ નથી.

પરમાત્મા મહાવીર પ્રભુના નિર્વાણ સમયે ઇન્દ્ર મહારાજાએ પ્રભુને વિનંતી કરી કે—'હે પ્રભુ! આપની જન્મરાશિ ઉપર આ 'ભસ્મગ્રહ' સંક્રમે છે, અને તેથી આપના શાસનને ઘણી પીડા થશે, તો કૃપા કરી આપ એક ક્ષણ માત્ર **આયુષ્ય** વધારી આ ભસ્મગ્રહ ઉપર નજર કરો જેથી આ પાપગ્રહ શાંત થાય, અને આપના પ્રભાવથી એની પીડા શાસનને ઓછી થાય.'

ભગવંતે કહ્યું—"હે ઇન્દ્ર! **न भूतो न भविष्यति**"-કોઈ કાળે થયું નથી અને ભવિષ્યમાં ક્યારેય થશે પણ નહીં. કોઈ પણ તીર્થંકર કે ભગવાન કે ઇન્દ્રાદિ ક્યારે ય **આયુષ્ય** વધારી શકશે જ નહીં. માટે **'यद् भावि तद् भवितव्यमेव'**-જે ભાવિ-ભાવ છે, જે ભવિતવ્યતા છે, જે બનવાનું હોય છે તે બને જ છે.

આ ભવનું **આયુષ્ય** પૂર્વ ભવમાં બાંધીને આવ્યા છીએ.

| પૂર્વભવ ↓ | વર્તમાનભવ | |
|---|---|---|
| **આયુષ્યબંધકાળ** | જન્મ | મરણ |

એક વાત ચોક્કસ છે કે આપણે ક્યારેય ૧ મિનિટ પણ પાછળ જઈ શકતા જ નથી. જે વીતી ગયું તે ગયું. ગયેલો કાળ કયારેય પાછો આવવાનો નથી. જો ૧ મિનિટ પાછળ નથી જઈ શકતા તો પછી પાછળના ભવમાં તો કયાંથી જવાય? જો **આયુષ્ય**માં વધારો કે ફેરફાર જે કરવો હોય તો **આયુષ્યબંધ**ના કાળમાં જઈને કરી શકાય. પરન્તુ ત્યાં તો જવાતું જ નથી એટલે '**આયુષ્ય** વધારી શકાય છે'—એ વાતો ખોટી.

અકસ્માત નડ્યો અને ભાગ્યવશ બચી ગયા,...ઘાત ટળી અને જીવતા રહી ગયા. એટલે શું **આયુષ્ય** વધ્યું એમ?! ના, વધ્યું નથી. એ તો ઉપક્રમના નિમિત્ત લાગ્યા, પરન્તુ તમારી પુણ્યાઈ પ્રબળ કે **આયુષ્ય** તૂટતાં બચી ગયું. એને કહેવાય—'તમારી ઘાત ટળી....અને તમે જીવી જશો.'

## હસ્તરેખાપ્રમાણે આયુષ્ય (Palmistry)—

દરેકના હાથમાં રેખાઓ હોય છે. જન્મતાં જ બાળક રેખા લઈને જ આવે છે. કોઈ હાથને કોરીને બનાવી નથી દેતું. હાથમાં રહેલી બધી રેખાઓમાં એક **આયુષ્યની** રેખા પણ છે, જેના ઉપરથી **આયુષ્ય** જોવાય છે. કલ્પસૂત્ર જેવા સૂત્રશિરોમણિમાં કહેવાયું છે કે—

**मणिबन्धात् पितुर्लेखा, करभाद् विभाऽऽयुषोः ।**
**लेखे द्वे यान्ति तिस्रोऽपि, तर्जन्यङ्गुष्ठकान्तरम् ॥**
**येषां रेखा-इमास्तिस्रः, संपूर्णा दोषवर्जिताः ।**
**तेषां गोत्र-धना-ऽऽयूंषि, सम्पूर्णान्यथा न तु ॥**

—મણિબંધથી (કાંડું અને હથેલીની વચ્ચેના સાંધાથી) પિતાની ગોત્રરેખા ચાલે છે, અને કરભ થકી ધન તથા આયુષ્યની રેખા ચાલે છે. એવી રીતે એ ત્રણે રેખા તર્જની અને અંગુઠાની વચ્ચે જાય છે. જેઓને એ ત્રણે રેખા સંપૂર્ણ તથા દોષરહિત હોય તેઓનાં ગોત્ર, ધન તથા આયુષ્ય સંપૂર્ણ જાણવા, નહીંતર નહીં.

उल्लङ्घ्यन्ते यावत्योऽङ्गुल्यो च जीवितरेखया ।
पञ्चांवशतयो ज्ञेया–स्तावत्यः शरदां बुधैः ॥

આયુષ્યની રેખાથી જેટલી આંગળીઓ ઓલંઘાય તેટલા પચ્ચીસ–પચ્ચીસ વરસનું આયુષ્ય પંડિત લોકોએ જાણવું. એટલે એક–એક આંગળીના પચ્ચીસ–પચ્ચીસ વરસ ગણવા અને જેટલી આંગળીઓ ઓળંગાય તેટલા વર્ષનું આયુષ્ય સમજવું.

अरेखं बहुरेखं वा, येषां पाणितलं नृणाम् ।
ते स्युरल्पायुषो निःस्वा, दुःखिता नाऽत्र संशयः ॥

જે માણસોના હાથનું તળિયું રેખા વિનાનું હોય, અથવા ઘણી રેખાવાળું હોય, તે માણસો અલ્પ આયુષ્યવાળા નિર્ધન અને દુઃખી હોય છે, તેમાં સંશય નથી.

**ગતિ અને આયુષ્યને સાથે સૂચવતા કહ્યું છે કે—**

सद्धर्मः सुभगो नीरुक्, सुस्वप्नः सुनयः कविः ।
सूचयत्यात्मनः श्रीमान्, नरः स्वर्गगमा–ऽऽगमौ ॥

જે મનુષ્ય સારી ધર્મારાધના કરતો હોય, સારો ભાગ્યશાળી હોય, શરીરે નીરોગી હોય, જેને સ્વપ્નાંઓ પણ સારાં આવતાં હોય, સારી નીતિ–રીતિવાળો હોય, અને કવિ હોય તો તે પુરુષ સ્વર્ગમાંથી આવ્યો છે અને સ્વર્ગમાં જવાનો છે, એમ સૂચવે છે.

निर्दम्भः सदयो दानी, दान्तो दक्षः सदा ऋजुः ।
मर्त्ययोनेः समुद्भूतो, भविता च पुनस्तथा ॥

જે નિષ્કપટ હોય, દયાલુ–દાનવીર હોય, ઇન્દ્રિયોને વશમાં રાખનાર હોય, ડાહ્યો હોય, તથા સરલ સ્વભાવી હોય તો તે જીવ મનુષ્યગતિમાંથી આવેલો જાણવો અને પાછો મનુષ્યમાં જવાનો છે તેમ પણ જાણવો.

माया–लोभ–क्षुधा–ऽऽलस्य–बह्वाहारादिचेष्टितैः ।
तिर्यग्योनिसमुत्पत्तिं, ख्यापयत्यात्मनः पुमान् ॥

કપટ, લોભ, તીવ્ર ભૂખ, આલસ્ય-પ્રમાદ, ઘણો આહાર વગેરે ચિહ્નોથી તે મનુષ્યને તિર્યંચગતિમાંથી આવેલો તેમ જ પાછો તિર્યંચગતિમાં જવાવાળો જાણવો.

**सरागः स्वजनद्वेषी, दुर्भाषो मूर्खसङ्गकृत् ।**
**शास्ति स्वस्य गता-ऽऽयातं, नरो नरकवर्त्मनि ॥**

—તીવ્ર રાગવાળો, સ્વજન–સંબંધી ઉપર દ્વેષવાળો, ખરાબ-ગંદી ભાષા બોલનાર, તથા મૂર્ખની સોબત કરનારો માણસ નરકગતિમાંથી આવ્યો છે અને પાછો નરકગતિમાં જવાનો છે એમ સૂચવે છે—

આ પ્રમાણે પવિત્ર સૂત્રશિરોમણિ શ્રી કલ્પસૂત્રમાં જણાવવામાં આવ્યું છે.



## આયુષ્ય ઓછું થઈ શકે છે તેનાં દૃષ્ટાન્તો—

સોપક્રમ આયુષ્યને ઉપક્રમ લાગતાં તે પૂરું થઈ શકે છે. આ વાત સમજવા માટે થોડીક તર્ક-યુક્તિઓવાળાં દૃષ્ટાન્તો અત્રે જોઈએ.

(૧) દાખલા તરીકે વિચારો કે એક માટલામાંથી પાણી ઝરે છે, ટપ-ટપ ટપકે છે....ક્રમે-ક્રમે એક એક ટીપું પડતાં એ માટલું કદાચ એક દિવસે પણ ખાલી થાય. એના ઠેકાણે એ જ માટલાને એક ઝટકે ફોડી નાખીએ તો ફૂટતાંની સાથે જ ખલાસ થઈ જાય. પછી પાણી ક્યાંથી રહે? અને માટલું ક્યાંથી રહે?

તે જ પ્રમાણે આયુષ્ય બાબત વિચાર કરવો.

(૨) ઘાસની ગંજીની એક બાજુ આગ લાગી હોય તો ક્રમશઃ ધીમે ધીમે આગ આગળ વધતાં બધું ઘાસ બળતાં ઘણો ટાઈમ લાગશે. પરન્તુ બધું ઘાસ એકી સાથે ભેગું કરીને જો ચારે બાજુથી બાળીએ તો તો ૧૦ મિનટમાં બધું બળી જાય. તે જ પ્રમાણે આયુષ્યની બાબતમાં વિચારો.

(૩) દાખલા તરીકે એક તાર ઉપર ચાર-પાંચ ધોતિયાં સૂકવ્યાં છે. પહેલું ધોતિયું એક પડ કરી પૂરું ખોલીને સૂકવ્યું છે, બીજું ડબલ કરીને, ત્રીજું ત્રણ પડ કરીને, અને ચોથું પાંચ પડ કરીને અને છઠું ગોળ ડૂચો કરીને ભીનો ને ભીનો મૂક્યો છે, તો વિચાર કરો કે-'પહેલાં કયું ધોતિયું સૂકાશે?' દેખીતી વાત છે કે જે આખું ખોળેલું છે-એક પડે સૂકવ્યું છે તે વહેલું જલ્દી સૂકાશે. જ્યારે બીજા-ત્રીજાને ક્રમશઃ વાર લાગશે...

તે જ પ્રમાણે આયુષ્યનો વિચાર કરવો.

(૪) ૫ માઈલના એક સરખા અંતરે જવા માટે નીકળેલા પાંચ મિત્રોમાંથી પહેલો કોણ પહોંચશે?...ચાલ ઉપર આધાર છે. જે જેટલું ઝડપી ચાલશે તે તેટલો વહેલો પહોંચશે.

એ જ-પ્રમાણે જે જેટલા વધારે શ્વાસોચ્છવાસ લેશે તે તેટલો વહેલો ઉપર પહોંચશે.

(૫) ગણિતમાં એક જ દાખલો બે રીતે થઈ શકે છે. એક ટૂંકી રીત હોય અને બીજી લાંબી રીત હોય તો ટૂંકી રીતે જલ્દી જવાબ આવી જાય તે જલ્દી પતી જાય.

તે પ્રમાણે આયુષ્ય વિશે વિચારવું.

(૬) ધારો કે આપણી પાસે ૧૦૦ મીટર લાંબી રસ્સી છે. આખી રસ્સી ખેંચી લાંબી કરીને પાથરીએ અને એક છેડાથી આગ લગાડીએ તો બીજા છેડા સુધી આખી રસ્સી ક્રમશઃ બળતાં કેટલો ટાઈમ લાગે ?



પ્રથમ છેડો    રસ્સી (…… ક્રમશઃ બળે છે)    અંતિમ છેડો

ધારો કે ૧૦ મીટર રસ્સી બળતાં પા કલાક લાગે તો ૧૦૦ મીટર બળતાં લગભગ અઢી કલાક લાગશે. એટલે આપણે એમ નક્કી કરી લઈએ છીએ કે ૧૦૦ મીટર લાંબી રસ્સી અઢી કલાકે બળે.

હવે પ્રશ્ન એ થાય છે કે શું આ જ ૧૦૦ મીટર રસ્સી અઢી કલાક કરતાં પહેલાં પણ બળી શકે ખરી કે નહીં ?

હા, જો આખી રસ્સી ગોળ વીંટાળીને મૂકીને બાળીએ તો તો અઢી મિનિટમાં પણ આખી રસ્સી બળી શકે એમ છે. જો અઢી કલાકમાં બળનારી ૧૦૦ મીટર લાંબી રસ્સી અઢી મિનિટમાં બળી શકે છે, તો પછી ૧૦૦ વર્ષનું આયુષ્ય અઢી વર્ષે કેમ પૂરું નહીં થાય ?

ઉપક્રમ કે અકસ્માતના સમયે બધું જ આયુષ્ય ઝડપથી ઉદયમાં આવે છે અને બધું જ જલ્દી ભોગવાઈ જાય છે.



આ ચિત્રમાં જીવોના શ્વાસોચ્છવાસનો ગ્રાફ બતાવ્યો છે. રસ્સીની જેમ જ આ ક્રમ છે.

શ્વાસોચ્છવાસ કેવી રીતે ચાલે છે તેના ઉપર આયુષ્યનો આધાર છે. કોઈના આયુષ્ય એક સરખા વ્યવસ્થિત ચાલે છે. તો તે ક્રમશઃ ભોગવતા નિયતકાળે મરે છે.

બીજાના શ્વાસોચ્છવાસ બહુ ઝડપી ચાલે છે, તો તે વહેલો મરશે. અને ત્રીજાના શ્વાસોચ્છવાસ આમ તો સરખા ચાલ્યા. ચાલીસ વરસ તો સરખા ચાલ્યા પણ ૪૧મા વર્ષે તેને દમ-

અસ્થમાનો વ્યાધિ થયો.. હવે શ્વાસ-દમ ઉપડવાનો. ઝડપી શ્વાસોચ્છવાસ ચાલશે. એટલે આયુષ્યકાળ નિશ્ચિત કાળ કરતાં ઓછો થશે અને ક્યારેક દમનો હુમલો તીવ્ર ઉપડતાં રોગ-શ્વાસના ઉપક્રમથી પૂરું પણ થઈ જાય.



I II III

(૭) ત્રણ દીવાનું દૃષ્ટાંત લઈને વિચાર કરીએ. ત્રણ દીવા છે અને ત્રણેયમાં એક સરખું સપ્રમાણ તેલ ભરવામાં આવ્યું છે. પરંતુ I એકની વાટ નાની છે તેથી જ્યોત પણ નાની છે અને પ્રકાશ પણ ઓછો છે. II બીજાની વાટ મોટી છે, અને જ્યોત પણ વધારે મોટી છે. III જ્યારે ત્રીજાની વાટ ઘણી વધારે બહાર છે, જ્યોત ખૂબ મોટી છે. તો વિચાર કરો કે કયો દીવો જલ્દી ઓલવાશે ?

વિચાર કરો, ઉત્તર સ્પષ્ટ જ છે. જેની વાટ વધુ બહાર છે અને જ્યોત મોટી છે તે જલ્દી બળીને પૂરો થશે II બીજા નંબરનો વધારે ચાલશે. અને I પહેલા નંબરનો સહુથી વધારે ચાલશે. આજ વાતને દીવાના બદલે ફાનુસના દૃષ્ટાન્તથી લઈએ તો પણ વાત એકની એક જ છે. બસ, આ જ દૃષ્ટાંતની જેમ જે વધારે ઝડપથી ફાસ્ટ શ્વાસોચ્છવાસ લે છે તેનો જીવનદીપક વહેલો

ઓલવાઈ જશે કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં કહ્યું છે કે તીવ્ર રોગ, દુઃખાવસ્થા વગેરેમાં શ્વાસોશ્વાસ ખૂબ ઝડપી અને વધારે હોય છે તે Breathing Graf થી જોયું છે.

## સાતમા દિવસે બાળક બિલાડીથી મૃત્યુ પામ્યો—

રાજાને ત્યાં જન્મેલા પુત્રની કુંડળી કાઢીને વરાહમિહિર રાજજ્યોતિષીએ ૧૦૦ વર્ષનું આયુષ્ય કહ્યું. જ્યારે તે જ રાજપુત્ર બાળકનું આયુષ્ય પૂજ્ય ભદ્રબાહુસ્વામીએ સાત દિવસનું કહ્યું; અને તે પણ બિલાડીથી મરશે. આટલું સ્પષ્ટ કહ્યું.

પરંતુ રાજા મુંઝાયો. અરે! કોની વાત સાચી માનવી? નિર્ણય કર્યો કે પહેલાં તો સાત દિવસની મુદત છે તો સાત દિવસ સુધી તો ચાંપતો પહેરો રાખું કે અને બધી જ બિલાડીઓને નગર બહાર દૂર કઢાવી મૂકું, જેથી બિલાડી જ ન હોય તો બિલાડીથી મરવાની વાત જ ન રહે. અને બંદૂકધારી પહેરેદારો ગોઠવ્યા. ૧-૨, ૩-૪-૫-૬ એમ કરતાં ૬ દિવસ વીતી ગયા. પરંતુ સાતમા દિવસે ધાવમાતા જ્યાં બાળકને લઈને દરવાજાના ઉંબરે દૂધ પિવરાવવા બેઠાં ત્યાં તો દરવાજાની ઉપર લાકડામાં નકશીકામમાં કોતરેલ બિલાડીના આકારનો આગળો ઠીક બાળકના માથે પડ્યો અને જન્મથી સાતમા દિવસે બાળક મૃત્યુ પામ્યો. બધું જ આયુષ્ય એ વખતે ભેગું થઈને ખલાસ થઈ જાય, ઉપક્રમના કારણે તૂટી જાય.

## તંદુલીયો મત્સ્ય—

મગરમચ્છની આંખની પાંપણના ખૂણામાં રહેનારો ચોખાના દાણા જેવો નાનો તંદુલ્ય મત્સ્ય ભયંકર તીવ્ર હિંસાના વિચારના

પાપે સાતમી નરકનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધે. વિચાર કરો, પોતે કેટલા નાના આયુષ્યવાળો છે છતાં પોતે આવતા ભવનું કેટલું મોટું આયુષ્ય બાંધે છે?!

## બ્રહ્મદત્ત ચક્રવર્તીના પૂર્વભવો—

સાકેતનગરમાં ચંદ્રાવતંસક રાજાના પુત્ર મુનિચંદ્રે સાગરચંદ્ર મુનિની પાસે દીક્ષા લીધી. તેમણે વળી બીજા ચાર ગોવાળના પુત્રોને દીક્ષા આપી. તેમાંના બે સાધુઓ તીવ્ર મોહના ઉદયના કારણે ચારિત્રધર્મની દુર્ગંછા કરીને મૃત્યુ પામી દેવલોકે ગયા. ત્યાંથી આવીને સાંતુલ્ય બ્રાહ્મણના ઘરે જોડકા તરીકે જન્મ્યા. ત્યાં સર્પના ડંખથી મૃત્યુ પામી મૃગલીનાં બચ્ચાં થયા, ત્યાં પણ પારધિના તીરથી મૃત્યુ પામી હંસરૂપે જન્મ્યા. ત્યાં પણ માછીમારે બંને હંસને પકડી ડોક મરડીને મારી નાંખ્યા. તે મરીને ભૂતદિન્ન ચંડાળના ઘરે પુત્રપણે ઉત્પન્ન થયા. ચિત્ર અને સંભૂતિ. બંને જણાએ દીક્ષા લીધી. સંભૂતિ મુનિએ નિયાણું કર્યું અને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો. કેટલા ઝડપથી જન્મ-મરણ થયાં. આયુષ્ય બાંધ્યું અને આયુષ્ય પૂરું થયું.

## આયુષ્યનો બંધ ક્યારે પડે?

શ્રી ભગવતી સૂત્રના ૧૪મા શતકમાં કહ્યા પ્રમાણે દેવતાઓ, નારકીઓ, તથા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો છેલ્લે છ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે નિયમથી નિશ્ચિત આગામી ભવનું આયુષ્ય બાંધે છે, અને ઓછામાં ઓછું ૧ અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે પણ છેવટે બંધાય તો ખરું જ. તે આગામિ ભવનું આયુષ્ય બાંધ્યા વિના મરતા નથી.

બીજા જીવો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે બાંધે છે. માનો કે ત્રીજા ભાગે ન બાંધ્યું તો ૯ ભાગ કરો. છઠ્ઠા ભાગે બાંધે, નવ ભાગ કરો નવમા ભાગે બાંધે, છેવટે સત્તાવીસ

ભાગ કરે, સત્તાવીસમા ભાગે બાંધે, અને તેમાં પણ ન બાંધે તો અંતે આયુષ્યની સમાપ્તિના (મરતા પહેલાં) અંતિમ અંતર્મુહૂર્તના સમયે તો અવશ્ય જ બાંધે.

નિરુપક્રમ આયુષ્યવાળા પંચેન્દ્રિય મનુષ્યો નક્કી ત્રીજો ભાગ બાકી રહેતાં આયુષ્ય અવશ્ય બાંધે છે. જ્યારે સોપક્રમ આયુષ્ય-વાળા માટે એવો નિયમ નથી. તેમના માટે તો સત્તાવીસમા ભાગ સુધી પણ આયુષ્ય બાંધવાનો અવકાશ છે. લોકપ્રકાશ ગ્રન્થમાં પણ ઉપરોક્ત હકીકત સ્પષ્ટ કરી છે.

## કયા ગુણસ્થાનકે આયુષ્ય બંધાય ?

૧, ૨, ૪, ૫, ૬, તથા ૭ મા ગુણસ્થાનકે આયુષ્ય બંધાય. આગળના ગુણસ્થાનકોમાં જીવના પરિણામ એટલા સ્થિર તથા શુદ્ધ છે કે જેથી ત્યાં આયુષ્ય બાંધવા માટે અવકાશ જ નથી. મનુષ્યનું આયુષ્ય તો ચોથા ગુણસ્થાનક સુધી જ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વના ભાવમાં વર્તતો હોય, અને છઠ્ઠા ગુણસ્થાનકે સાધુ-મુનિભગવંતો પણ મુનિપણાના ભાવમાં વર્તતા હોય તો દેવાયુષ્ય બાંધે છે અને મુનિપણાના વિરાધકભાવે મનુષ્યાયુષ્ય બાંધે.

## આયુષ્યકર્મ બાંધવા કરતાં ખપાવવાનું લક્ષ રાખો—

નાગકેતુએ શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિ કરતા કરતા ચારે ય ઘાતીકર્મો ખપાવ્યાં અને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાન પામ્યા પછી તો આયુષ્યકર્મ બંધાય જ નહીં. પછી તો શેષ રહેલાં ચારે ય અઘાતીકર્મો પણ ખપી જાય....અને આઠે ય કર્મો ખપી જતાં મોક્ષપ્રાપ્તિ થઈ જાય છે. નાગકેતુએ આઠે ય કર્મો ખપાવી મોક્ષ પ્રાપ્ત કર્યો.... આયુષ્યકર્મ સર્વના અંતે ખપે છે... અને આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થતાં અજર-અમર-અક્ષયસ્થિતિનું ધામ મોક્ષ તુરંત અવશ્ય મળે છે.

સર્વ જીવો એવું અક્ષયસ્થિતિનું ધામ પ્રાપ્ત કરે એજ શુભેચ્છા.

卐

卐 સૌજન્ય 卐

સ્વ. જયકોરબેન કાન્તિલાલ શાહ ભાલુંશનાવાળા

તથા

શ્રીમતી લીલાવતીબેન મોહનલાલ શાહ પાલનપુરવાલા

ના ઉદાર સૌજન્યથી

આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.


પ્રકાશક :—શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર

—: સંચાલિત :—

શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન

—: કાર્યાલય તથા પ્રાપ્તિસ્થાન :—

૩૯, વસંત વિલાસ, બીજે માળે,
ડૉ. ડી. ડી. સાઠે માર્ગ,
વી. પી. રોડ, પ્રાર્થના સમાજ,
મુંબઈ-૪.

૧૩૩, ગોપાલ નિવાસ,
બીજે માળે,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.

જૈનદર્શનના અદ્ભુત કર્મ-વિજ્ઞાનના સિદ્ધાન્તોને સમજવા.
શ્રી ગોપીપુરા-સુરત ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે આયોજિત

## સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

મુખ્યવિષય:→ **'કર્મ તણી ગતિ ન્યારી....'**

પ્રવક્તા:→ પ.પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી મહારાજ
(રાષ્ટ્રભાષા રત્ન-વર્ધા, સાહિત્યરત્ન-પ્રયાગ)

ચાતુર્માસિક રવિવારીય: શ્રી મહાવીર શિક્ષણ શિબિર
સંચાલક: શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર (મુંબઈ)

દ્વિ. આસો સુદ ૭ | વ્યાખ્યાન ૧૬ મું | રવિ તા. ૨૪-૧૦-૮૨

# વિષય: "સવ્વપાવપ્પણાસણો મોક્ષસ્વરૂપ"

વ્યાખ્યાતા : પ.પૂ. મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
અવતરણકાર : કપિલરાય નાનાલાલ ઠાકુર

---

**लोगस्स सारो धम्मो, धम्म पि य नाणसारियं बिंति ।**
**नाणस्स संजमं सारं, संजमसारं च निव्वाणं ॥**

પરમપિતા પરમાત્મા ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને શ્રી આચારાંગ સૂત્રની નિર્યુક્તિમાં પૂજ્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ શ્લોકમાં ઉત્તરોત્તર લોકમાં સારભૂત તત્ત્વ શું છે તે જણાવતાં ફરમાવે છે કે—આ સમસ્ત લોકમાં એકમેવ સારભૂત તત્ત્વ છે—'ધર્મ', અને ધર્મમાં પણ વિશેષે કરીને સમ્યગજ્ઞાનપ્રાપ્તિને સારભૂત કહ્યું છે, અને ધર્મમાં મળતા જ્ઞાનનો સાર ભગવંતે સંયમ-ચારિત્ર બતાવ્યો છે, અને અંતમાં સંયમ-ચારિત્રનો શ્રેષ્ઠ સાર નિર્વાણ કહેતાં મોક્ષ

બતાવ્યો છે. અર્થાત્ ક્રમશઃ લોકમાં સારભૂત તત્ત્વ તે ધર્મ, ધર્મનો સાર જ્ઞાન-પ્રાપ્તિ અને જ્ઞાનનો સાર સંયમ, અને સંયમ સાધનાનો સાર છે-'નિર્વાણ', મોક્ષની પ્રાપ્તિ થવી.

## મોક્ષમાર્ગ—

**"सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्ग : ।**

પૂજ્યશ્રી વાચકમુખ્યજીએ તત્ત્વાર્થ મહાસૂત્ર પ્રારંભ કરતાં સર્વપ્રથમ આ સૂત્ર દ્વારા મોક્ષનો માર્ગ બતાવ્યો છે—'સમ્યગ્ દર્શન અર્થાત્ સાચી શ્રદ્ધા, સમ્યગ્ જ્ઞાન-સાચુંજ્ઞાન, તથા સમ્યક્ ચારિત્ર-સાચું આચરણ, સંયમ.' આ રત્નત્રયીની આરાધનાને જ મોક્ષપ્રાપ્તિનો સાચો માર્ગ કહ્યો છે. આજ માર્ગે મોક્ષ મળે છે.

સાધકે નિત્ય ચિંતનમાં નીચેના છ વિચારો ઉપર તો રોજ ચિંતન કરીને આત્માને પ્રેરણા-પ્રોત્સાહન આપવાનું છે.

હે આત્મન !—

| | |
|---|---|
| ૧ આત્મા છે. | ૪ કર્મનો કર્તા-ભોક્તા છે. |
| ૨ આત્મા નિત્ય છે. | ૫ મોક્ષ છે. |
| ૩ કર્મ છે. | ૬ મોક્ષ મેળવવાનો ઉપાય છે. |

આ ચિન્તનમાં આત્મા, કર્મ અને મોક્ષ ત્રણે આવી ગયા છે. આત્માને ખાત્રી થઈ ગઈ છે કે મોક્ષ ચોક્કસ છે, અને મોક્ષ મેળવવાનો ઉપાય-માર્ગ પણ ચોક્કસ છે. આટલો દૃઢ નિર્ધાર થવાથી મોક્ષ મેળવવા માટે આત્મા ઉત્સુક બને છે.

## મોક્ષની શ્રદ્ધાથી લાભ—

સર્વપ્રથમ આત્માનું પોતાનું શુદ્ધ સ્વરૂપ શું છે તે ખ્યાલ આવવો જ જોઈએ, આત્માનું મૂળ વાસ્તવિક ઘર કયું છે તે ખ્યાલ આવવો જ જોઈએ, તો જ તે મેળવવાની આત્માને ઉત્સુકતા-જિજ્ઞાસા જાગશે. જેમ એક સ્ત્રીને પોતાના પિયર અર્થાત્

માતૃગૃહે જતાં મનમાં જે આનન્દ અને ઉત્સાહ જાગે છે તેનું કારણ કે તે સમજે છે કે આ મારું મૂળ-જન્મગૃહ છે. અહીંયા શ્વસુરના ઘરનાં લાજ વગેરેનાં બંધનો નથી....

તે જ પ્રમાણે આત્માએ સમજી લેવું જોઈએ કે મારું મૂળ નિવાસસ્થાન તો મોક્ષ જ છે. પરન્તુ "કસ્તૂરી-મૃગ"ની જેમ હું કસ્તૂરી (મોક્ષ) મારામાં જ હોવા છતાં પણ બહાર ચારે તરફ રખડી રખડીને શોધી રહ્યો છું તો ક્યાંથી મળે? જો અંદર શોધું તો હમણાં મળે તેમ છે. માટે મોક્ષ અંતરદૃષ્ટાને આંતરખોજની સાધનાથી જ મળવાનો છે.

મોક્ષની શ્રદ્ધા-અશ્રદ્ધાથી જ જીવોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જો આત્મા મોક્ષ માનતો હોય તો જ, અને તે પણ પાછો જે સ્વરૂપે જેવો સર્વજ્ઞે કહ્યો છે તેવો જ જો મોક્ષ જીવ માનતો હોય, શ્રદ્ધા હોય તો જ જીવ સમ્યક્ત્વી છે, એવું સમ્યક્ત્વની વ્યાખ્યામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. જીવાદિ નવ પદાર્થોની દૃઢ શ્રદ્ધા, તથા "જં જિણેહિં પવેઇયં તમેવ નિસ્સંકં સચ્ચં"ની માન્યતા હોય તો સાચી શ્રદ્ધા હોય.

સર્વજ્ઞ ભગવંતે કહેલા આવા મોક્ષને પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળો જીવ તે જ "ભવી જીવ" અને મોક્ષ ક્યારે ય ન પામનાર, તેમ જ મોક્ષ વિષયક શ્રદ્ધા કયારે ય ન રાખનાર એવો જીવ તે અભવી. આ પ્રમાણે ભવી, અભવીના ભેદો મોક્ષ વિષયક માન્યતાના અધારે જ પડે છે.

પ્રશ્ન— જેટલા ભવી તેટલા મોક્ષે જવાના કે
જેટલા મોક્ષે જવાના તેટલા ભવી જ.

ઉત્તર—ચોકકસ...વ્યાપ્તિના નિયમ પ્રમાણે નિર્ણય કરીએ તો જેટલા મોક્ષે જવાના તેટલા ભવી જ જવાના છે. અહીંયા 'જ'કાર અભવીના નિષેધ માટે છે. એટલે

અભવી અનંતા કાળે પણ મોક્ષે નથીજ જવાનો, કારણ કે તેવી જ તેની પરિણતિ છે અને તે અનન્તા કાળે પણ બદલાવાની જ નથી.

પરંતુ 'જેટલા ભવી એટલા મોક્ષે જવાના જ' એમ આ વાકયમાં 'જ'કાર મૂકવો યોગ્ય નથી. જરૂર ભવી જ મોક્ષે જવાના છે, પરંતુ ભવી અનન્તા અનન્ત છે, અને કાળ અનન્ત છે અનન્તા કાળે પણ બધા જ ભવી મોક્ષે જતા રહેશે એવું પણ નથી. અનન્તા કાળ પછી અનન્તા મોક્ષે ગયા પછી પણ સંસારમાં અનન્તા ભવી જીવો શેષ રહેવાના જ છે.

માટે જેટલા મોક્ષે જવાના અને ગયા તેટલા ભવી જ. એમાં શંકા નહીં.

આ જ વાતને વધુ ચોકકસ વ્યાપ્તિથી બીજી રીતે વિચારીએ.

પ્રશ્ન— જેટલા સમ્યક્ત્વી એટલા મોક્ષે જવાના જ? કે પછી જેટલા મોક્ષે ગયા એટલા સમ્યક્ત્વી જ?

આ બન્ને વ્યાપ્તિઓ સાચી છે. બન્ને અપેક્ષાએ વાત સત્ય છે. જરૂર સમ્યક્ત્વ પામ્યા એટલે મોક્ષ મળવાનો જ, મોક્ષે જવાના જ. અને મોક્ષે ગયા તેટલા સમ્યક્ત્વી જ, કારણ કે સમ્યક્ત્વી જ મોક્ષે જાય છે; મિથ્યાત્વી ન જ જાય. માટે બન્ને રીતે વ્યાપ્તિ સાચી છે. એટલા માટે કહ્યું કે—સમ્યક્ત્વપ્રાપ્તિનો લાભ કેટલો મહાન છે!

**જ્યારે જીવ સમ્યક્ત્વ પામે ત્યારે જ જીવનો મોક્ષ નક્કી થઈ જાય છે. અર્થાત્ આ સમ્યક્ત્વ પામેલો જીવ ચોક્કસ મોક્ષે જવાનો જ, એમાં કોઈ શંકા નહીં.** સમ્યક્ત્વ પામવા સાથે જ (સ્પર્શ સાથે જ) જીવનો મોક્ષ નકકી થઈ જ જાય છે. આ વાત નવતત્ત્વમાં સ્પષ્ટ જણાવી છે—

अंतोमुहुत्तमित्तं पि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढ-पुग्गल-परियट्टो चेव संसारो ॥

સમ્યક્ત્વપ્રાપ્તિનો આ કેટલો મહાન લાભ છે ? !

## મોક્ષપ્રાપ્તિની સાધના—

એક વખત મોક્ષ આપણી શ્રદ્ધામાં આવી ગયો એટલે પછી એને લક્ષ ધ્યેય બનાવીને એની જ સાધના કરવાની છે. એ માટે જ જીવે પુરુષાર્થ કરવાનો છે. મોક્ષ મેળવવા જ સતત પ્રયત્નશીલ જાગૃત રહેવાનું છે.



જ્ઞાની ભગવંતોએ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ કહ્યા છે. મોક્ષ પણ મહત્ત્વનું લક્ષ્યસ્થાન છે. મોક્ષ માટે તો જીવે સતત ઝઝુમીને પુરુષાર્થ કરવાનો છે. પરન્તુ મોક્ષ ધર્મ થકીજ મળવાનો છે. ધર્મ વિના મોક્ષ મળે જ નહીં. અને ધર્મ થકીજ અર્થ-અને કામ પણ મળે છે. પરન્તુ મુંબઈથી દિલ્હી જતાં જેમ અમદાવાદ તો જકંશન છે, માત્ર ગાડી બદલવાનું સ્થાન છે. ત્યાં ઊતર્યા, અને ગાડી છોડી એટલે એને જ દિલ્હી માની નહીં લેતા. "**अभी दिल्ही बहुत दूर है.**"

એ જ પ્રમાણે દૂધમાંથી ઘી મેળવવાની પ્રક્રિયામાં દહીં-છાશ-માખણ એ પણ વચ્ચેની પ્રક્રિયા છે. ત્યાંજ અટકી નથી જવું. આ તો પ્રક્રિયાનો ક્રમ છે. અંતિમ સાધ્ય 'ઘી'ને જ મેળવવા મથવું જોઈએ. બસ, આજ પ્રમાણે જીવે ધર્મથી મળતા અર્થ અને કામમાં મોહિત ન થવું, આસક્ત ન થવું......હજી આપણું લક્ષસ્થાન તો "**अभी बहुत दूर है।**"—મોક્ષ છે. અને તેને જ મેળવવા પુરુષાર્થ કરવાનો છે. અટકી નથી જવું. જ્યારે પણ મોક્ષ મળશે ત્યારે ધર્મ થકી જ મળવાનો છે. માટે મોક્ષ એ "સાધ્ય" છે અને ધર્મ એ "સાધન" છે, અને મેળવનારા આપણે "સાધક" છીએ......અને મેળવવાનો માર્ગ તે સાધના છે. સાધનની સહાયથી સાધના કરશો તો સાધક અવશ્ય સાધ્યને સાધશે. સાધ્યનું લક્ષ્ય હોય તો જ સાધક સાચો સાધક છે.

માટે કહ્યું છે કે-સાધના કરવા પહેલાં સાધ્યને નકકી કરો, પ્રવૃત્તિ કરવા પહેલાં ધ્યેય નકકી કરો. તો જ સાધના સાચી લેખાશે, અને સફળ થશે.

## 'સવાપાવપ્પણાસણો'નો એક માત્ર લક્ષ—

ધર્મ કરનારા, ધર્મ આરાધનારા આપણે સર્વે ધર્મી સાધક છીએ. ધર્મારાધના સ્વ-સ્વ-રુચિ અનુસારે કરીએ છીએ. દરેક

જીવની રુચિ ભિન્ન ભિન્ન હોય છે. દર્શનની રુચિ, જ્ઞાનની રુચિ, ચારિત્રની રુચિ, અને તપની રુચિ...બસ, ધર્મક્ષેત્રમાં આ ચાર જ રુચિ મુખ્ય છે...અને ધર્મના સર્વ પ્રકારોમાં આ ચારના જ ભેદ-પ્રભેદો છે. દહેરાસરે દર્શન-પૂજા માટે જવું, જ્ઞાનપ્રાપ્ત્યર્થે અધ્યયન, અભ્યાસ-સ્વાધ્યાયાદિ કરવો, ચારિત્રધર્મની આરાધના માટે સામાયિક, પ્રતિક્રમણ-પૌષધ આદિ વિરતિધર્મમાં રહેવું, અને તપશ્ચર્યા વગેરે કરવી તે તપધર્મ, ઇત્યાદિ કરાતી ધર્મની સર્વ આરાધના દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ધર્માત્મક જ છે, એની બહાર નથી . અને આ જ ધર્મો મોક્ષપ્રાપ્તિનો સાચો માર્ગ છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને વીર્ય એ જ આત્માના ભેદક લક્ષણ તરીકે છે. અને એ જ આત્માના ગુણો પણ છે અને એ જ ધર્મ પણ છે. અર્થાત્ જે ગુણો છે તે જ ધર્મ પણ છે. કારણ કે નિશ્ચયદષ્ટિથી તો જે આત્માના મૂળભૂત ગુણો છે તેને જ પ્રાપ્ત કરવા જે પ્રયત્ન-પુરુષાર્થ કરવો તે જ સાચો ધર્મ છે-તે જ સાચી સાધના છે. અને તેની જ સંપૂર્ણ સ્વરૂપે પ્રાપ્તિ એ જ સાચું સાધ્ય છે. એટલા માટે જ 'પંચિંદિય' માં-"**पंचविह-आयार-पालण-समत्थो**"—'જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચાર એ પાંચ પ્રકારના આચારને પાળવામાં સમર્થ'-એ વિશેષણ ગુરુપદ માટે વાપર્યું છે. જે લક્ષણ છે તેને જ આચાર (ધર્મ) બનાવ્યા છે. અને તે જ સાચો ધર્મ. સંસારમાં જીવો જ્ઞાનાચારાદિ પંચાચારને જ કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રકારે ધર્મારાધના કરે છે...

આ ધર્મારાધના કરતાં આપણું મુખ્ય લક્ષ્ય શું હોવું જોઇએ? આપણને કોઈ ઊંઘમાંથી ઉઠાડીને પૂછે-'કેમ ભાઈ! આ બધો ધર્મ શા માટે કરો છો? શા માટે આટલી તપશ્ચર્યા કરો છો? શા માટે પૂજા-પાઠ? શા માટે સામાયિક-પ્રતિક્રમણ? વગેરે....

તો શું ઉત્તર આપવો ? મુંઝાશો નહીં... અને ઈહલોક-પરલોકનાં સુખો માટે, દુન્યવી ભૌતિક સુખો માટે, અથવા દુઃખ નિવૃત્તિ માટે... વગેરે ઉત્તર ભૂલેચૂકે પણ આપશો નહીં. એ આપણું લક્ષ્ય નથી...આપણું લક્ષ્ય તો માત્ર એક જ છે-'સવ્વપાવપ્પણાસણો' સર્વથા-સર્વપાપકર્મોનો નાશ થાઓ, ક્ષય થાઓ, (પાપ) કર્મના નાશ-ક્ષય સિવાય સાધકનો બીજો લક્ષ હોવો જ ન જોઈએ. એ જ આપણો અંતિમ લક્ષ કહો કે સાધ્ય કહો, તે એક જ છે. અને આ જ લક્ષમાં મોક્ષ છે...માટે ઊંઘમાંથી જગાડીને પણ પૂછે તો પણ સર્વ સાધકના મુખે આ એક જ ઉત્તર નીકળવો જોઈએ.

"**एसो पंचनमुक्कारो**" એ પાંચે પરમેષ્ઠીને કરવામાં આવતા નમસ્કારના ફળસ્વરુપે એક માત્ર આશા '**सव्वपावप्पणासणो**" ની જ હોવી જોઈએ. હે પંચપરમેષ્ઠિ ભગવંતો ! આપને કરેલા નમસ્કારથી 'અમારા સર્વ પાપકર્મોનો નાશ થાઓ'—એવી જ હું ઇચ્છા રાખું છું, એવી જ મારી પ્રાર્થના છે, ભાવના છે. અને એ જ મારો લક્ષ છે.

## સવ્વપાવપ્પણાસણો—સાધ્ય અને સાધના—સર્વ પાપકર્મના ક્ષયની પ્રક્રિયા—

અનાદિ-અનન્તકાળથી સંસારી અવસ્થામાં જીવ કર્મ બાંધતો જ આવ્યો છે. ઘણાં કર્મો બાંધ્યાં. એક એક આત્મપ્રદેશે અનંતી કાર્મણવર્ગણાનો ઢગલો ખડકી નાંખ્યો છે. અનન્તા કર્મો જીવે બાંધ્યાં અને અનન્તા કર્મોની નિર્જરા કરીને જીવે ખપાવ્યાં પણ ખરાં, છતાં પણ હજી ઘણાંય કર્મો આત્મા ઉપર ચોંટેલાં સત્તામાં પડ્યાં છે. કાર્મણવર્ગણા જડ છે, પૌદ્ગલિક છે. આ જડ-પુદ્ગલોથી આત્માનું કંઈ હિત થયું જ નથી...પરન્તુ મહા-અહિત, મહા-અનર્થ થયો છે. આ કર્મથી આત્માને જબરદસ્ત નુકશાન થયું છે. આત્મા ઉપર આ જડ પુદ્ગલોનો કોઈ ઉપકાર નથી....

બાંધેલા અનન્તાકર્મોની ભયંકર સજા—અને દુઃખો વગેરે જીવે અનન્તી વાર ભોગવ્યાં, અનન્તી વાર જીવ—નરક—તિર્યંચની ગતિમાં ભટકી આવ્યો . ક્યાંય જીવને સુખ—શાંતિ નથી મળી.

ચારે ગતિના પરિભ્રમણ પછી હવે આ અંતિમ મનુષ્યનો ભવ મળ્યો છે. આ જ એક એવો ભવ છે કે જે ભવ થકી જીવ મોક્ષ સાધી શકશે અને જો મનુષ્યનો ભવ પણ હાથમાંથી ગુમાવી દીધો તો પછી દુર્લભ એવો માનવજન્મ ફરી મળશે કે કેમ? અને કદાચ માનવજન્મ મળશે; પરન્તુ આર્યકુળ, આર્યક્ષેત્ર, જિનધર્મ, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા, અને ધર્મઆચરણ આ બધું મળશે કે કેમ. અને નિર્જરા થશે કે કેમ? એ જ એક પ્રશ્ન છે? અને એ બધાં એક એકથી પરમ દુર્લભ છે...માટે મળેલા આ મહામૂલા માનવજન્મને સાર્થક કરીએ......અને સર્વ પાપકર્મના ક્ષયની સાધનાને સાધી સાધ્યને પામીએ.

## સવ્વપાવપ્પણાસણો અને નિર્જરા—

સર્વ પાપકર્મનો નાશ કરવો.. ક્ષય કરવો, ખપાવવા એ જ નિર્જરા છે. અને નિર્જરા એ જ એક માત્ર મોક્ષ મેળવવાનો ઉપાય છે. કર્મનિર્જરા સિવાય મોક્ષ મળતો જ નથી. પરન્તુ નિર્જરા કરવા પહેલાં સંવરની આવશ્યકતા પડે છે. જેમ ઝાડુ કાઢવા પહેલાં બારી—બારણાં બંધ કરીએ છીએ, જેથી નવો આવતો કચરો અટકે અને પછી ઝાડુ કાઢીએ એટલે જૂનો કચરો નીકળે. એ જ પ્રમાણે સંવરધર્મની આરાધના કરતાં, નવા કર્મો આવતાં અટકે અને નિર્જરા કરવાથી જૂનાં કર્મો ખપે; અને કર્મો ખપશે, તો જ મોક્ષ મળશે.

પ્રશ્ન—જો નિર્જરાથી જ મોક્ષ મળે છે તો નિર્જરાને જ સાધ્ય માનીને મોક્ષ ન ગણી શકાય? મોક્ષતત્ત્વ જુદું કેમ પાડ્યું?

ઉત્તર—જરૂર, નિર્જરાથી જ મોક્ષ મળવાનો છે, એમાં બેમત નથી. પરન્તુ નિર્જરા એ જ મોક્ષ નથી, નિર્જરા સાધના છે-પ્રવૃત્તિ છે; જ્યારે મોક્ષ સાધ્ય છે, નિવૃત્તિ પ્રધાન છે.

એક વાર નિર્જરા કરી અને થોડાં કર્મ ખપ્યાં એથી કંઈ મોક્ષ નથી મળી જતો. પરન્તુ સર્વથા સર્વકર્મનો ક્ષય થાય ત્યારે જ મોક્ષ મળે છે. માટે 'સવ્વપાવપ્પણાસણો' પદમાં આગળ 'સવ્વ' શબ્દ વાપર્યો છે. થોડા-ઘણાં કર્મોની નિર્જરાથી પણ મોક્ષ ન મળે. અને ચાર ઘાતીકર્મોના ક્ષયે પણ મોક્ષ નથી મળતો. તત્ત્વાર્થમાં ઉમાસ્વાતિવાચકજીએ 'સવ્વ' શબ્દના અર્થમાં '**कृत्स्न**' શબ્દ વાપરીને સૂત્ર બનાવ્યું છે—'**कृत्स्नकर्मक्षयो मोक्षः**' 'કૃત્સ્ન'નો અર્થ છે, સર્વથા સર્વકર્મનો સંપૂર્ણપણે નાશ ક્ષય.

**सिद्धाण नत्थि देहो, न आऊ कम्मं न पाणजोणिओ ।**
**साइ अणंता तेसिं, ठिई जिणिदागमे भणिया ॥**

## હકીકતમાં મોક્ષ છે શું ?

સંસારીજીવોને જે દેહ=શરીર, આયુષ્ય, પ્રાણ, યોનિ તથા સ્વકાયસ્થિતિ વગેરે હોય છે-તેમાંનું સિદ્ધને કંઈ જ હોતું નથી. સિદ્ધોને શરીર નથી-આયુષ્યકર્મ નથી, પ્રાણ નથી, ઉત્પત્તિ યોનિ નથી અને તેમની સ્થિતિ આદિ-અનંત જિનાગમમાં કહી છે.

## ચાર પ્રકારની સ્થિતિ—

૧. અનાદિ-અનન્ત—સંસારી જીવને અભવી જીવની.
૨. અનાદિ-સાન્ત— ભવ્યાત્માને.
૩. સાદિ-અનન્ત—મુક્તાત્મા-સિદ્ધને.
૪. સાદિ-સાન્ત—સમ્યક્ત્વથી પતિત મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ.

મુક્તાત્માને અનાદિ-અનન્તકાળ ભટકવાનું નથી. એક વાર મોક્ષે ગયો એટલે સાદિ-શરૂઆત; પરંતુ ક્યારેય પાછા આવવાનું નથી, માટે અનંત....કાળ સુધી મોક્ષમાં જ રહેવાનું છે.

માટે જ 'નમુત્થુણં' માં કહ્યું છે—

૧   ૨   ૩   ૪   ૫   ૬

સિવ - મયલ - મરુઅ - મણુંત - મક્ખય - મવ્વાબાહ-

૭   ૮

મપુણરાવિત્તિ–સિદ્ધિગઈ.

૧. સિવ–શિવ—કલ્યાણ સ્વરૂપ,

૨. મયલ–અચલ—નિશ્ચલ, અચલ સ્થાન,

૩. મરુઅ–અરુહ—ફરીથી ન ઊગવાપણું, હવે કર્મો ફરી નથી ઊગવાનાં,

૪. મણુંત–અનન્ત—અનન્તકાળ સુધી જ્યાં રહેવાનું છે,

૫. મક્ખય–અક્ષય—મોક્ષની સ્થિતિ અક્ષય છે. ક્યારેય ક્ષય થવાની નથી,

૬. મવ્વાબાહ અવ્યાબાધ—કોઈથી પણ બાધા પામનાર નથી,

૭. મપુણરાવિત્તિ–અપુનરાવૃત્તિ—જ્યાં ગયા પછી ક્યારેય પાછા આવવાનું નથી,

૮. સિદ્ધિગઈ–સિદ્ધિગતિ— એવી સિદ્ધિગતિ.

ઉપરોક્ત સર્વ વિશેષણો સિદ્ધિગતિ એવા મોક્ષ માટે વાપરવામાં આવ્યા છે. આ આઠે વિશેષણોથી મોક્ષનું સ્વરૂપ કેવું છે તે નક્કી થાય છે

'સિદ્ધાણં-બુદ્ધાણં' માં સ્તુતિ કરતાં સ્વરૂપ બતાવ્યું છે—

**सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं ।**
**लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं ॥**

1. **सिद्धाणं**—જે સિદ્ધ થઈ ગયા છે, સિદ્ધિગતિને પામી ગયા છે,
2. **बुद्धाणं**—જે બુદ્ધ છે. બોધ = જ્ઞાન - દર્શન સંપૂર્ણ પામ્યા છે,
3. **पारगयाण**—જે સંસારનો પાર પામી ગયા છે,

૪. **परंपरगयाणं**—કર્મ અને ભવનો ક્ષય કરીને જે પરંપરાએ પાર પામી ગયા છે,

૫. **लोअग्गमुवगयाणं**—લોકના અગ્રભાગે જે પહોંચી ગયા છે,

...એવા સર્વ સિદ્ધ ભગવંતોને હું સદા નમસ્કાર કરું છું.

## બધાને મોક્ષે લઈ જઈએ—

રાજગૃહી નગરીની બહાર વૃક્ષ નીચે ધ્યાન કરતા તથાગત બુદ્ધને જોઈ ને એક યુવાને પૂછયું-'મહાત્માજી! તમે શું કરો છો?'

બુદ્ધ—'મોક્ષ મેળવવા ધ્યાન કરું છું.'

યુવાન—'મહાત્માજી! મોક્ષ વળી શું બલા છે?'

બુદ્ધ—'હે યુવાન! જ્યાં જન્મ નથી, મરણ નથી, અનન્ત સુખ જ સુખ છે, દુ:ખનો અંશમાંત્ર પણ નથી, એવું ધામ તે મોક્ષ.'

યુવાન—'શું તમે આ ધ્યાન કરીને મોક્ષે જવાના છો?'

બુદ્ધ—'હા.'

યુવાન—'મહાત્માજી! આ સંસારમાં ઘણા જીવો દુ:ખી છે, સુખ મેળવવા મથી રહ્યા છે. તો બધાને મોક્ષમાં લઈ જાઓને! જેથી બધા સુખી થઈ જાય.'

બુદ્ધ—'હા, હજી બેઠો છું, મોક્ષે જવાની વાર છે ત્યાં સુધી હું અહીં જ છું. તું નગરમાં જા. અને બધાને કહેજે કે જેને આવવું હોય તે જલ્દી આવી જાય. અને તું બધાને લેતો આવજે.'

(યુવાન નગરમાં જાય છે. બધાને પૂછે છે.. 'તમારે મોક્ષમાં જવું છે?'... 'તમારે જવું છે?'....પરન્તુ બધા સામેથી પૂછે છે—'હે યુવાન! શું ત્યાં ગાડી મળશે? શું ત્યાં બંગલો મળશે? ત્યાં લગ્ન તો થશેને? પરણવા પત્ની તો મળશેને?...')

યુવાન—(પાછો બુદ્ધને પૂછવા આવ્યો ....) 'મહાત્માજી! ત્યાં ગાડી-બંગલો, પત્ની-પૈસા-રસોઈ વગેરે બધું જ મળશેને?'

બુદ્ધ—'ના, ભાઈ! ના. ત્યાં કંઈજ નથી. ત્યાં જન્મ-મરણ-શરીર, આધિ-વ્યાધિ-ઉપાધિ કંઈજ નથી; એકલું સુખ જ સુખ છે.

યુવાન પાછો નગરમાં આવ્યો ..ફરી લોકો આગળ મોક્ષ શું છે, કેવો છે, તેનું વર્ણન કર્યું—'ત્યાં કંઈજ નથી, પણ એકલું સુખ જ છે...' વગેરે કહ્યું...ત્યારે લોકોએ કહ્યું,—'અરે, મૂર્ખ! ત્યાં કંઈજ નથી તો છે શું? કંઈજ નથી તો સુખ વળી શેનું હોય? ત્યાં ગાડી બંગલો, પત્ની, પૈસા કંઈજ નથી તો અમારે એવા મોક્ષમાં નથી જવું, તારે જવું હોય તો તું જા.'

યુવાન—(પાછો બુદ્ધ પાસે આવ્યો. લોકોના જવાબો સંભળાવ્યા) 'મહાત્માજી! શું કરું, કોઈ આવવા તૈયાર નથી....'

બુદ્ધ—'કંઈ વાંધો નથી. પણ મિત્ર! તું તો આવવા તૈયાર છે ને? ચાલ, તને તો લઈ જાઉં—?'

યુવાન—'ના, મહાત્માજી! હજી તો મારે લગ્ન કરવાના બાકી છે.. મારે નથી આવવું... તમે એકલા જ જાઓ....' એમ કહેતો ભાગી ગયો.

કલ્પના કરો લોકોએ એક માત્ર સંસારનાં સાધનોમાં જ સુખની કલ્પના કરી છે. સાધન વિના, દેહ વિના.. સુખની કલ્પના જ કરી શકતા નથી. જ્યાં જન્મ-મરણ-શરીર વગેરે કંઈજ ન હોય ત્યાં વળી મોક્ષ હોઈ શકે ખરો? આ તેમના મગજમાં ન બેસે તે ન જ બેસે....મોક્ષની કલ્પના સંસારી કેવી રીતે કરી શકે?

ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિ પ્રકરણમાં કહે છે-

**स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।**
**प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम् ॥**

—સ્વર્ગનાં સુખો તો પરોક્ષ છે, અને મોક્ષનાં સુખો તો એનાથી પણ અત્યંત પરોક્ષ છે. એક જ માત્ર પ્રશમ-રસનું આનંદ-સુખ પ્રત્યક્ષ છે; જે પરવશ-પરાધીન નથી, સ્વવશ-સ્વાધીન છે અને વિનાશ પામનાર નથી.

## મોક્ષ મેળવવાની નિસરણી—
## આત્માનો વિકાસક્રમ—અને ગુણસ્થાનક ક્રમારોહ—



મોક્ષ—મો + ક્ષ.
↓ ↓
(મોહનીય) મોહ+ક્ષય.=મોક્ષ.

મોક્ષ શબ્દના અક્ષરોના શબ્દાર્થમાંથી આવો ધ્વનિ નીકળે છે. એના ઉપરથી એમ વિચાર કરીએ કે મોક્ષ મેળવવા માટે મોહનો ક્ષય મુખ્યપણે કરવાનો રહે છે. હકીકતમાં મોક્ષ મેળવવા માટેની જે મુખ્ય સાધના છે તેમાં મોહ-માયા-મમતા-મમત્વ-મોહનીયનો જ ક્ષય મુખ્યત્વે કરવાનો છે. મોક્ષની આ નિસરણી જુઓ. જેમ જેમ આત્મા મોહ ઓછો કરે છે, તેમ તેમ તે શુદ્ધ થતો થતો આગળ વધે છે. સર્વ પ્રથમ અશુદ્ધ-સાવ અશુદ્ધ-અવસ્થામાં છે. પોતાના દોષોને, કર્મના મેલને, અશુદ્ધિને ઓછી કરે છે અને ધીરે-ધીરે આત્મા પોતાના શુદ્ધ ગુણને પ્રગટ કરે છે. આ જ છે આત્માનો વિકાસક્રમ. (The Soul Evolution Theory) અને ક્રમશઃ ધીરે-ધીરે આ નિસરણી ઉપર વિકાસ સાધતો સાધતો આગળ વધે છે, અને પોતાના આંતરિક મૂળભૂત ગુણોને પ્રગટ કરે છે. એટલા માટે એને 'ગુણસ્થાન' કહેવામાં આવે છે. ગુણનું એક એક સ્થાન, અને એના ઉપર આત્માએ ચઢવાનું હોવાથી-'ગુણસ્થાન ક્રમારોહ' કહેવાય છે. અંતે ચઢતો ચઢતો આત્મા એવો ચઢી જાય છે કે છેલ્લો છેડો-છેલ્લો અંત-મોક્ષ મેળવે છે. આવાં ગુણસ્થાનો જૈનશાસનમાં ૧૪ બતાવવામાં આવ્યાં છે.

## ૧૪ ગુણસ્થાનક

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
**मिच्छे-सासण-मीसे-अविरय-देसे-पमत्त-अपमत्ते ।**

૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
**निअट्टि-अनिअट्टि, सुहुमुवसम-खीण-सजोगि-अजोगि गुणा ॥**

૧. મિથ્યાદષ્ટિ ગુણસ્થાન, ૨ સાસ્વાદન ગુણસ્થાન, ૩. મિશ્રદષ્ટિ ગુણસ્થાન, ૪. અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન, ૫. દેશવિરતિ ગુણસ્થાન, ૬. પ્રમત્ત સંયત ગુણસ્થાન, ૭. અપ્રમત્ત સંયત ગુણસ્થાન, ૮. નિવૃત્તિ અથવા અપૂર્વકરણ ગુણસ્થાન, ૯. અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાન, ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન, ૧૧. ઉપશાંતમોહ વીતરાગ ગુણસ્થાન, ૧૨. ક્ષીણમોહ વીતરાગ ગુણસ્થાન, ૧૩. સયોગી કેવલી ગુણસ્થાન, ૧૪. અયોગી કેવલી ગુણસ્થાન.

આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનોનાં નામો છે.

## (૧) મિથ્યાદષ્ટિ ગુણસ્થાન—

**अदेवागुर्वधर्मेषु, या देवगुरुधर्मधीः ।**
**तन्मिथ्यात्वं भवेद्व्यक्तमव्यक्तं मोहलक्षणं ॥**

અસત્યમાં સત્યનો આરોપ કરવો, અથવા સત્યમાં અસત્યનો આરોપ કરીને તેવી બુદ્ધિ રાખવી તે મિથ્યાદષ્ટિ છે. દા. ત. જે ભગવાન નથી, તેને ભગવાન માનવા. અરિહંત તીર્થંકરનું ગુણાત્મક સાચું સ્વરૂપ જ્યાં ન હોય અને તેને ભગવાન માનવા, તેજ પ્રમાણે જે કંચન–કામિનીના ત્યાગી પંચમહાવ્રતધારી આદિ ગુણવાન સાચા ગુરુ નથી તેને સાચા ગુરુ–માનવા તેમજ હિંસાદિની પ્રવૃત્તિવાળો જે અધર્મ છે તેને ધર્મ માનવો, આવા વિપરીતભાવની બુદ્ધિ તે મિથ્યાદષ્ટિ કહેવાય છે. તેને આપણે વ્યક્ત મિથ્યાત્વના નામે ઓળખીએ અને મિથ્યાત્વ મોહનીયકર્મ તે અવ્યક્ત મિથ્યાત્વ છે. અશ્રદ્ધા–વિપરીત શ્રદ્ધા, વિપરીત–પ્રરૂપણા સંશય અને અનાદરની બુદ્ધિ તે વ્યક્ત મિથ્યાત્વ કહેવાય.

શ્રીસર્વજ્ઞજિનેશ્વરપ્રણીત જીવાદિ નવતત્ત્વોમાં સાચી શ્રદ્ધા ન રાખવી તે આ મિથ્યાત્વ કહેવાય. મિથ્યાત્વના આભિગ્રહિકાદિ ભેદોનું સ્વરૂપ સાતમા વ્યાખ્યાનમાં આપણે જોઈ ગયા છીએ. એટલે અહીં ફરીથી રીપિટ નથી કરતા.

અનાદિ અવ્યક્ત મિથ્યાત્વ તો જીવની સાથે સદાકાળથી બંધાયેલું જ છે. એટલા માટે અવ્યક્ત મિથ્યાત્વને ગુણસ્થાનક તરીકે નથી ઓળખ્યો. પરંતુ લોક વ્યવહારકાળમાં પણ આ મનુષ્ય છે, આ પશુ છે, ઇત્યાદિ પ્રતીતિ જે એનામાં પડેલી છે તેથી વ્યક્ત મિથ્યાત્વને પ્રથમ ગુણસ્થાને સ્થાન આપવામાં આવ્યું છે. અભવ્યજીવોમાં તો પ્રશ્ન જ નથી. આ મિથ્યાત્વ તો અભવ્યમાં અનાદિ-અનન્તકાળ રહેવાનું જ છે. પરંતુ ભવ્યજીવોમાં અનાદિ-સાન્ત. કારણ કે એક દિવસ એનો અંત આવે છે.

આપણે સમ્યગ્દર્શનના પ્રગટીકરણના સાતમા વ્યાખ્યાનમાં જોઈ ગયા તેમ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ વગેરેની ક્રિયા કરીને જીવ મિથ્યાત્વનાં બંધનો તોડી સીધો ચોથે ગુણસ્થાને આવે છે અને સમ્યક્ત્વી બને છે, સાચી શ્રદ્ધા-સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. આટલો આત્માએ વિકાસ સાધ્યો,-અનંતાનુબંધી ચાર કષાયો ક્રોધ-માન-માયા-લોભ વગેરેને ખલાસ કર્યા.

## ૪ ચોથું અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન—

બીજું ગુણસ્થાન સાસ્વાદન તો જીવને પડતાં હોય છે. જેમ પર્વત ઉપરથી કોઈ ગબડે અને પડીને નીચે આવે તેમ. સમ્યક્ત્વથી પડતો જીવ અહીંયા આવે. ત્રીજા મિશ્રગુણસ્થાનકે મિશ્રમોહનીય કર્મના ઉદયથી જીવને સમ્યક્ત્વ અને મિથ્યાત્વના બંને ભાવો સાથે થાય તે મિશ્રગુણસ્થાન કહેવાય. મોઢામાં એક બાજુ દહીં અને બીજી બાજુ ગોળ બંને રાખે તો બંનેના મિશ્રણમાં વળી કોઈ ત્રીજો જ સ્વાદ આવે તેમ. મિશ્ર-ભેગા સ્વાદવાળો આ ત્રીજું ગુણસ્થાન છે.

ચોથા ગુણસ્થાને જીવ સત્યને સમજે છે, સ્વીકારે છે. જીવાદિ નવતત્ત્વને વિષે સાચી શ્રદ્ધા રાખે છે, દેવ અને ગુરુનું સાચું સ્વરૂપ એની શ્રદ્ધાનો વિષય બને છે. એટલે ચોથા ગુણસ્થાને

જીવ સાચો શ્રદ્ધાળુ બને છે. ધર્મ ગમે, રુચે; પરંતુ હજી આચરણની વાત નથી. દા.ત. જેમ શ્રેણિક મહારાજા આદિ.

## ૫ મું વિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન—

ચોથેથી એક પગથિયું આગળ વધે છે અને અપ્રત્યાખ્યાનીય ચારેય કષાયોના જવાથી જીવ પાંચમે ગુણસ્થાને આવે છે હકીકતમાં સાચો શ્રાવક બને છે. માત્ર શ્રદ્ધાળુ જ નહીં પણ આચરણ પણ કરતો વ્રત-પચ્ચક્ખાણવાળો દેશવિરતિ જીવન જીવનારો સાચો શ્રાવક બને છે. ચોથા અને પાંચમા બંને ગુણસ્થાનો શ્રાવકનાં છે.

શ્રાવક

| | |
|---|---|
| અવિરત સમ્યગ્દૃષ્ટિ શ્રાવક<br>માત્ર શ્રદ્ધાળુ,<br>પણ વ્રત-પચ્ચક્ખાણમાં<br>આચરણ નહીં | દેશવિરતિધર શ્રાવક<br>શ્રદ્ધાળુ, તથા<br>વ્રત પચ્ચક્ખાણ<br>આચરનાર.<br>બાર વ્રતધારી<br>શ્રાવક. |
| ગુણસ્થાન ચોથું. | ગુણસ્થાન ચોથું અને પાંચમું. |

## શ્રાવક આગળ વધી સાધુ બને છે—

અનુકંપા-દયા, પ્રશમ, સંવેગ, નિર્વેદ અને આસ્તિક્યના સુંદર લક્ષણવાળા બારવ્રતધારીશ્રાવક પરમાત્માએ સ્થાપેલા ચતુર્વિધ સંઘના સભ્ય બન્યા. સંઘમાં એમની ગણતરી થઈ. જીવે સારો એવો વિકાસ સાધ્યો, પરંતુ એટલેથી સંતોષ માનવાનો નથી. હવે એક કૂદકો મારી આગળના ગુણસ્થાને ચઢીને સાધુ બનવાનું છે. કુટુંબ-પરિવાર-ધન-સંપત્તિ આદિ સંસારનો સદાના

માટે ત્યાગ કરીને આગારવાસને તિલાંજલી આપી અણગાર બનવાનું છે. અર્થાત્ ઘર-બાર વગરના સાધક એવા સાધુ બનવાનું છે. છ કાયના આરંભ-સમારંભ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરીને પંચ-મહાવ્રતનો યાવજ્જીવ પાલન કરનારા શ્રમણ બનવાનું છે.

સાધુ મુનિરાજ

| છઠ્ઠા ગુણસ્થાનના માલિક | સાતમા ગુણસ્થાનના માલિક |
| --- | --- |
| પ્રમત્ત સંયત સાધુ | અપ્રમત્ત સંયત સાધુ |

પ્રત્યાખ્યાનીય ચારેય કષાયો જવાથી અર્થાત્ કષાય ચારિત્ર-મોહનીયની આટલી પ્રકૃતિ ખલાસ થવાથી જીવ છઠ્ઠે ગુણસ્થાને આવીને સાધુ બન્યો. હવે સંજ્વલન કષાયો તો પડ્યા છે, પણ સંજ્વલન કષાયોની સ્થિતિ કેટલી?—૧૫ દિવસ માત્રની અને તે પણ પાણીમાં લાકડી ફેરવતાં જેમ પાછળ ફરીથી પાણી ભેગું થઈ જાય તેમ. કષાયો બહુ પાતળા છે. હા, જરૂર છે તો ખરા, છઠ્ઠા સાધુ મહાત્મા પ્રમાદયુક્ત છે. હજી પણ અતિચારો લાગવાની સંભાવના ઘણી છે. એટલે તેમને પાપની આલોચનાર્થે ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ અવશ્ય કરવાનું રહે છે. જરૂર અહીંયા હાસ્યાદિ નોકષાયોનું અસ્તિત્વ હોવાથી આર્તધ્યાનની સ્થિતિ રહે છે. ધર્મધ્યાન જરૂર છે, પણ હજી આર્તધ્યાન પણ સાવ ગયું નથી. દીવો ઓળવાયો નથી; પણ ઝાંખો પડ્યો છે, ધીમો છે, ઠંડો છે. વર્તમાનકાલીન અમે સાધુઓ મોટાભાગે વધુ પડતો કાળ આ છઠ્ઠા ગુણસ્થાને કાઢીએ છીએ.

જરૂર, સંસાર છોડીને આવ્યા છીએ; પણ કદાચ સંસારના સંબંધો, સંસારનો મોહ સતાવતો પણ હોય તો, કોને ખબર? છેવટે, શ્રાવક કે સાધુ બન્ને છીએ તો એક નિશાળના વિદ્યાર્થીને? ફરક માત્ર આટલો જ છે કે-શ્રાવક પાંચમા ધોરણમાં છે અને

## આત્માએ સાધેલો સુંદર વિકાસ—




નિગોદમાંથી નીકળી, ૮૪ના ચક્કરમાં ભમતા જીવે
મિથ્યાત્વમાંથી નીકળી સમ્યક્ત્વ પામી, ધર્મરુચિવાળો બન્યો.
માર્ગાનુસારીના ૩૫ ગુણોને અનુસરતો થયો.
અને આગળ વધી શ્રદ્ધાળુ, જિનભક્ત શ્રાવક બન્યો.
એમાંથી આગળ વધી, દેશવિરતિધર–બારવ્રતધારી શ્રાવક બન્યો.
અને હજી વણથંભી આગેકૂચ ચાલુ રાખી........
આત્મવિકાસ સાધતો સાધુ બન્યો તેમાં પણ અપ્રમત્ત બન્યો.
બહુ સારું કહેવાય,

સાધુ છઠ્ઠા ધોરણમાં (ગુણસ્થાને) છે. એક ધોરણ આગળ–પાછળનો ફરક છે.

જ્યારે સંજવલન કષાયોનો ઉદય મંદ થઈ જાય અને આર્તધ્યાનની સ્થિતિ ન રહે, અને ધર્મધ્યાનની ચિંતન–ધ્યાનધારા વધતી જાય ત્યારે–સાધુ છઠેથી એક પગથિયું આગળ આવી સાતમા ગુણસ્થાને અપ્રમત્ત બને છે. સાધનામાં–નિર્જરામાં સાવધાન બને છે. એની જાગૃતિ ઉત્તમ હોય છે. પ્રમાદના નાશથી વ્રતાદિના પાલનમાં, શીલાદિની રક્ષામાં ઉદ્યત બને છે, જ્ઞાન–ધ્યાનની સાધનામાં વધુ સક્રિય બને છે. મોહનીયકર્મનો ભુક્કો બોલાવવા માટે કમર કસે છે. અને શ્રેષ્ઠ ધર્મધ્યાન સાધવાનો પ્રયત્ન કરે છે. મૌનસ્થ ધ્યાન–સાધનામાં એકાગ્રચિત્તવાળો બને છે. મુખ્યપણે અપ્રમત્ત સાધુ મહાત્મા ધર્મધ્યાનનું ચિંતન કરે.

## કર્મક્ષયનો એકમાત્ર ઉપાય–'નિર્જરા'–

નવકારનું સાતમું પદ છે–'સવ્વપાવપ્પણાસણો' અને નવ–તત્ત્વમાં સાતમું તત્ત્વ છે 'નિર્જરા'. આત્મા ઉપર અનંતા જન્મોથી લાગેલા કર્મોને ખપાવવા માટે જો એકમેવ કોઈ ઉપાય સર્વજ્ઞ પરમાત્માએ બતાવ્યો હોય તો તે છે–'નિર્જરા'. નિર્જરા અર્થાત્ આત્મા સાથે જોડાયેલાં–સંકળાયેલાં કર્મોને ઢીલાં પાડી ઝાડ ઉપરથી પીળું પાંદડું કેમ ખરી પડે છે તેમ ખેરવી નાંખવાં. વૃદ્ધાવસ્થામાં જેમ શરીર ઉપરથી ચામડી જર્જરિત થવા માંડે છે, તેમ કર્મોના થર પણ આત્મા ઉપરથી જર્જરિત કરી નાંખવા. એટલે જ વૃદ્ધાવસ્થાને જરાવસ્થા કહીએ છીએ. આ નિર્જરાથી જ કર્મો ખપવાનાં અને કર્મો ખપશે તો જ આત્મા શુદ્ધ થશે... સિદ્ધ–બુદ્ધ થશે.

# નિર્જરા

- સકામ
  - ૬ બાહ્ય
    - ૧ અનશન — ૨
    - ૨ ઊણોદરિ — ૨
    - ૩ વૃત્તિસંક્ષેપ — ૪
    - ૪ રસત્યાગ — ૧
    - ૫ કાયકલેશ — ૧
    - ૬ સંલીનતા — ૨ = ૧૨ ભેદ
  - ૬ આભ્યંતર
    - ૧ પ્રાયશ્ચિત — ૧૦
    - ૨ વિનય — ૭
    - ૩ વૈયાવચ્ચ — ૧૦
    - ૪ સ્વાધ્યાય — ૫
    - ૫ ધ્યાન — ૪
    - ૬ કાયોત્સર્ગ — ૨ = ૩૮ ભેદ
- અકામ

૧૨ + ૩૮ = ૫૦ ભેદ કુલ.

૧૨+૩૮=૫૦ ભેદ કુલ—

૬ બાહ્ય અને ૬ અભ્યંતર એમ ૧૨ ભેદે કરવામાં આવતી નિર્જરાથી જ કર્મ ખપે છે. જૈનશાસનમાં સર્વ પ્રકારના ધર્મ નિર્જરાને યોગ્ય છે. દર્શન-પૂજા, આયંબિલ-ઉપવાસ, સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ, જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાય-ઈત્યાદિ સર્વ પ્રકારના ધર્મો ઉત્તમ નિર્જરા કરાવનારા છે. સંવર-નિર્જરા ન કરાવનાર હોય તે ધર્મ શું કામના? ધર્મ કર્મ ખપાવનાર તો હોવો જ જોઈએ.

બાહ્ય કરતાં અભ્યન્તર તપને નિર્જરા કરાવનાર તીવ્ર અને અમોઘ સાધન માનવામાં આવ્યો છે. તેમાં પણ સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ વગેરે તો ગજબની નિર્જરા કરાવનારા છે. અહીંયા આ ગુણશ્રેણીમાં આગળ ચઢવામાં હવે તો ધ્યાનસાધના ઘણો મોટો ભાગ ભજવશે.

"**ध्यानाग्निना दह्यते कर्म**" ધ્યાનરૂપી અગ્નિથી જીવનાં કર્મ બળે છે.

ધ્યાનસાધના બહુ ઉચ્ચકોટિની સાધના છે. તીર્થંકર ભગવંતો ધ્યાન સાધના વડે જ કર્મ ખપાવી કેવલજ્ઞાન મેળવે છે. એ જ રાજમાર્ગ છે. વર્ષોથી તપશ્ચર્યાદિ કરીને જેટલી નિર્જરા નથી થતી તેટલી નિર્જરા જ્ઞાની-ધ્યાની આત્મા શ્વાસોચ્છ્વાસમાત્રમાં કરી લે છે, કહ્યું છે કે—

બહુ કોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ।
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કર્મ ખપાવે તેહ॥

હવે પછી સાતમાથી આગળનાં બધાં ગુણસ્થાનો ધ્યાનપ્રધાન છે. પ્રબળ ધ્યાન સાધનાથી જ કર્મો ખપવતા-નિર્જરા કરતાં આગળ વધવાનું છે—

# ધ્યાન

- શુભ
  - ધર્મધ્યાન
    1. આજ્ઞા વિ.
    2. અપાય વિ.
    3. વિપાક વિ.
    4. સંસ્થાન વિ.
  - શુક્લધ્યાન
    1. પૃથક્ત્વવિતર્ક
    2. એકત્વવિતર્ક
    3. સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ
    4. વ્યુપરતક્રિયા નિવૃત્તિ
- અશુભ
  - આર્તધ્યાન
    1. અનિષ્ટસંયોગ
    2. ઇષ્ટવિયોગ
    3. રોગાર્ત
    4. નિયાણું
  - રૌદ્રધ્યાન
    1. હિંસાનુબંધી
    2. મૃષાનુબંધી
    3. સ્તેયાનુબંધી
    4. વિષયસંરક્ષણાનુબંધી

## ૮ મું (નિવૃત્તિ) અપૂર્વકરણ ગુણસ્થાન—

આનું નામ જ છે 'અપૂર્વકરણ' આત્માના અપૂર્વ ગુણની પ્રાપ્તિ હોવાથી અપૂર્વકરણ નામ પાડ્યું. અહીંયા આત્માને અપૂર્વ એવા આત્મગુણોની પ્રાપ્તિનો ભાવ થાય છે. અપૂર્વ અર્થાત્ પૂર્વે નહીં થયેલ એવા, અપૂર્વ-પરમ, આલ્હાદ-આનંદમય પરિણામ તે અપૂર્વકરણ. કર્મનો ક્ષય અને ઉપશમ કરવાના ભાવથી ક્ષપક-શ્રેણિ અને ઉપશમશ્રેણિ જીવ આઠમા ગુણસ્થાનેથી જ નિશ્ચયથી શરૂ કરે છે. વિકલ્પે જરૂર ચોથેથી કરે છે. પરંતુ નિશ્ચયથી મુખ્ય તો આઠમેથી જ.

કર્મોને ખપાવવા કે દબાવવા ક્રમશઃ આગળ વધવું તે શ્રેણિ.



## પાછળના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જુઓ :

(૧) એક પાત્રમાં ડહોળાયેલું કચરાવાળું પાણી છે, પરંતુ પીનારો તરસના કારણે વિચાર કરે છે. જો કાદવ-કચરો નીચે બેસી જાય-ઠરી જાય, જામી જાય તો ઉપર-ઉપરથી પાણી પી લઉં. કચરો કાઢ્યો નથી, દૂર નથી કર્યો, પણ નીચે બેસવાથી પણ સંતોષ માની લીધો.

(૧) જ્યારે ક્ષપકશ્રેણિવાળાનો સ્વભાવ જુદો છે. એ તો કહે છે, ના...કાદવ-કચરો નીચે બેસે એટલા માત્રથી કેમ ચાલે ? જો હલી ગયો તો ? અને પીતાં હલશે તો ખરો. માટે કચરો જોઈએ જ નહીં. પાણી ઉકાળી શુદ્ધ કરી...કચરો દૂર કરીને પછી એકલું શુદ્ધ પાણી પીવા પ્રયત્ન કરે છે.

(૨) બીજા ચિત્રમાં જુઓ. જૂના જમાનામાં સગડીના સળગતા અંગારાને ન ઠારતાં ઉપર રાખનો ઢગલો નાંખીને દબાવી દેવામાં આવે છે. આ ઉપશમ શ્રેણિવાળાનો સ્વભાવ છે.

(૨) ક્ષપકવાળાનો સ્વભાવ જુઓ. સગડીમાં સળગતા અંગારા ઉપર પાણી નાંખીને ઓલવી જ નાંખવા. રાખથી દબાવવા નહીં...પણ પાણીથી ઠારી જ નાંખવા. જેથી બીજી વાર હાથ-પગ પડે તો દાઝીએ નહીં.

(૩) અથવા ત્રીજું દૃષ્ટાંત જુઓ–યુદ્ધના મેદાનમાં શત્રુને ફક્ત બેભાન કરીને આગળ વધવું...પરંતુ એ વિચાર ન કર્યો કે જો એ પાછો ભાનમાં આવ્યો તો? રાખના ઢગલામાં અંગારા દબાઈ તો ગયા છે પરંતુ હાથ મૂકતાં...રાખ દબાઈ ગઈ તો હાથ બળશે કે નહીં?

પરંતુ શું થાય? ઉપશમવાળાનો સ્વભાવ એવો જ છે... એને ખલાસ કરવા કરતાં દબાવી રાખવું વધારે પસંદ છે.

ઉપશમવાળો તો પોતાના કર્મોને પણ શમાવતો જાય છે, દાબતો જાય છે. મૂળમાંથી ખલાસ નથી કરતો, માટે જ પડે છે... અંત સાધી નથી શકતો.

(૩) યુદ્ધના મેદાનમાં શત્રુનો નાશ કરીને જ આગળ વધવું... શત્રુને બેભાન જોઈને રાજી ન થવું.. જો પાછો ભાનમાં આવ્યો તો?....એના કરતાં ફરી ઊભો થઈ જ ન શકે તેવું જ કરવાનો લક્ષ...:

આ પ્રમાણે ક્ષપકશ્રેણિવાળાનો લક્ષ જડમૂળમાંથી જ ઉખેડી નાંખવો...ખલાસ કરી નાંખવો, પાછળ કંઈ પણ રાખવું જ નહિ. કર્મોને પણ ખપાવવા તો એક વખત પૂરી મહેનત કરીને મૂળમાંથી જ કર્મો ખપાવી નાખવાં, ક્ષય કરવો...માટે ક્ષપક કહેવાય છે.



**શ્રેણિના શ્રીગણેશ—**

ઉપરના ચિત્રમાં બતાવ્યા મુજબ આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી બંને શ્રેણિઓ શરૂ થાય છે. એક ઉપશમ શ્રેણિ છે અને બીજી ક્ષપક શ્રેણિ છે.

**ઉપશમ શ્રેણિ—**

આઠમા ગુણસ્થાનથી શરૂ થાય છે. અને જીવ ક્રમશઃ કર્મોને ઉપશમાવતો દબાવતો આગળ વધી નવમે આવે અને ત્યાંથી દશમે જાય. અંતે અગિયારમે ગુણસ્થાને જાય છે. બસ, અગિયારમેથી આગળ બારમે નથી જતો, ન જ જાય...અગિયારમેથી એનું પતન બે રીતે છે. એક તો જો અગિયારમે આયુષ્ય પૂરું થઈ જાય તો તો મૃત્યુ પામીને કલ્પાતીતના અનુત્તર વિમાનમાં સર્વાર્થસિદ્ધ દેવપણે ઉત્પન્ન થાય છે. અને ત્યાંથી ભવ પૂરો કરી એક જ ભવ મનુષ્યનો કરી મોક્ષે ચોક્કસ જાય....કારણ કે અનુત્તર વિમાનવાસી દેવતાઓ એકાવતારી હોય છે. એટલે અનુત્તર વિમાનનો દેવભવ મોક્ષે જવા માટે વિશ્રાન્તિનો ભવ ગણાય છે.

**आसंसारं चतुर्वार-मेव स्याच्छमनावली ।**
**जीवस्यैकवार-द्वयं सा यदि जायते ॥**

—આખા સંસારચક્રમાં એક જીવ ઉપશમશ્રેણિ વધુમાં વધુ ચાર વાર જ ચઢી શકે છે, માંડી શકે છે, પરંતુ એક ભવમાં જો માંડે તો બે વાર માંડી શકે છે.

**वृत्तमोहोदयं प्राप्यो-पशमी च्यवते ततः ।**
**अधः कृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥**

—હવે જો ૧૧મા ઉપશાન્ત ગુણસ્થાને આયુષ્ય પૂરું ન થાય તો કાળક્ષયે પડે...અંતર્મુહૂર્તની અવધિ પૂરી થઈ જાય. પછી ચારિત્ર મોહનીયકર્મના ઉદયે નીચે પડે...જેમકે આપણે પહેલા જોયું કે જે કાદવ કચરો–મેલ ઠરીને પાણીની નીચે બેઠો હતો. તે જ અવસર મળતાં પાછો હલી ગયો...અને પાણી મલિન

થઈ ગયું. તે જ દશા આત્માની થાય છે. પડતો પડતો... છેક પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનક સુધી પણ પહોંચી શકે છે.

**ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ યોગી—**

કર્મક્ષયની સાધનાનો લક્ષ રાખી આઠમેથી ક્ષપકશ્રેણિ પ્રારંભ કરે છે. અને ક્રમશઃ એક એક ગુણસ્થાન આગળ ચઢતો ચઢતો... તે તે કર્મો ખપાવતો જાય છે...પોતાની અપૂર્વ શક્તિ ફોરવીને ધર્મધ્યાનથી પણ આગળ શુક્લધ્યાનના પ્રથમ ચરણનાં ધ્યાન સાધના સાધતો પહેલા સંઘયણવાળો યોગી પદ્માસન વગેરે આસન લગાડી કાયાને સ્થિર કરી, નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ સ્થિર કરી.... નિશ્ચલ દૃઢ થઈને મનને સ્થિર કરીને યોગી (મુનિ) ધ્યાનમાં સ્થિર થાય છે. પ્રાણાયામાદિ વડે મનને વાયુના માધ્યમે સ્થિર કરી લે છે...જે પ્રાણાયામમાં પૂરક-કુંભક-રેચક વગેરેની પ્રક્રિયા કરે છે... અને ચિત્તને એકાગ્રચિંતનને વિષે સ્થિર નિષ્પ્રકંપ કરે છે. સપૃથક્ત્વ સવિતર્ક સવિચારવાળા શુક્લધ્યાનમાં સાધક આરૂઢ થાય છે. જો કે કર્મક્ષય કરવા ક્ષપકશ્રેણિવાળા જીવને આસન-પ્રાણાયામ મહત્ત્વના નથી, નિશ્ચય ભાવ જ મહત્ત્વનો છે. અને કર્મ ખપાવતો આગળનું નવમું અનિવૃત્તિ બાદર ગુણસ્થાન ચઢે છે.

**૯ મું અનિવૃત્તિબાદર ગુણસ્થાન—**

મૂળમાંથી કર્મો ખપાવવાની દિશામાં આગળ વધતો ક્ષપક-શ્રેણિસ્થ જીવ નવમા અનિવૃત્તિ ગુણસ્થાને આવીને નવ ભાગમાં એક પછી એક એમ વારાફરતી મોહનીયકર્મની પ્રકૃતિઓનો ભુક્કો બોલાવે છે. નરક અને તિર્યંચની ગતિ અને આનુપૂર્વી, સાધારણ નામકર્મ, ઉદ્યોત, સૂક્ષ્મ, બે-ત્રણ – ચાર ઇન્દ્રિયપણું, આતપ, થીણદ્ધિ આદિ ૩ અને સ્થાવર વગેરે ૧૬ પ્રકૃતિઓ ખપાવે છે. પછી આત્મધ્યાનની અતિવિશુદ્ધિ સાથે આગળ વધતો જીવ સ્ત્રી, પુરુષ અને નપુંસકના ત્રણે વેદ ખલાસ કરે છે. વેદ-મોહનીય ખલાસ થયા પછી, કોણ સ્ત્રી-કોણ પુરુષ, વગેરેનો

ભેદ જ નથી રહેતો. વાસના-કામના મરી ગયા પછી કોઈ પ્રશ્ન જ નથી, અને ત્યાર બાદ સંજ્વલન ક્રોધ, માન, અને માયાનો નાશ કરે છે, હાસ્ય-રતિ-અરતિ વગેરે હાસ્યાદિ છએ ખલાસ થયા પછી હસવા-રડવા વગેરેનું અહીંયા કંઈ રહેતું જ નથી. મુખ્ય મોટા મોટા કષાયો તો ખલાસ થઈ ગયા; પરંતુ હવે બહુ ઝીણો એક સૂક્ષ્મ લોભ બાકી રહી ગયો. માટે દશમે ગુણસ્થાને આગળ ચઢે છે.

## ૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન—

અહીંયા સંપરાયનો અર્થ છે કષાય. અને તે પણ સાવ સૂક્ષ્મ. આપણે જાણીએ છીએ કે કાચની ઝીણી કરચ પણ પગમાં રહી ગઈ હોય તો કેવી ખૂંચે છે? અને ઈંજેકશન આપતાં કદાચ સોયની અણી તૂટી ગઈ હોય અને નસમાં રહી ગઈ તો શું થાય? કહેવાય સાવ ઝીણી વસ્તુ, પણ મૃત્યુ નોંતરનારી બની જાય. તેજ પ્રમાણે સૂક્ષ્મ થોડો પણ લોભ શા માટે રાખવો? જો મોટામોટા બધા કષાયો ખલાસ કરી નાંખ્યા તો પછી સૂક્ષ્મ લોભની વળી શું જરૂર ?.... માટે ક્ષપક શ્રેણિસ્થ જીવ દશમે ગુણસ્થાને આવીને તે પણ ખલાસ કરી નાંખે છે.

**किन्तु स सूक्ष्मलोभांशान्, क्षपयन् द्वादशं व्रजेत् ॥**

હવે શ્રપકશ્રેણિવાળો જીવ મોટી જમ્પ મારે છે. અને દશમેથી કૂદીને સીધો બારમે ગુણસ્થાને આવે છે. કારણ કે ૧૧મું તો ઉપશમવાળાનું છે અને તે તો બધા કર્મો દબાવે છે; અને ક્ષપકવાળાને તો દબાવવાની વાતજ નથી એ તો ખલાસ જ કરતો જાય છે.

## બારમું ક્ષીણમોહ ગુણસ્થાન—

એક અંતર્મુહૂર્ત કાળપ્રમાણ આ બારમે ગુણસ્થાને શ્રપક-શ્રેણિવાળો જીવ દશમેથી સીધો કૂદકો મારીને આવે છે. અહીંયા

મોહનીયની રહેલી અસર પણ બધી ખલાસ થાય છે. અતિવિશુદ્ધ ભાવવાળો શુકલધ્યાનના બીજા પ્રકારને અંગીકાર કરે છે. આ ક્ષીણમોહ ગુણસ્થાને મોહનીય ક્ષીણ થતાં અર્થાત્ ખલાસ થતાં આત્માનો વાસ્તવિક ગુણ વીતરાગતા પ્રગટ થાય છે. રાગ ગયો એટલે વીતરાગ, અને દ્વેષ ગયો એટલે વીતદ્વેષ; એટલે જીવ વીતરાગદ્વેષ=સર્વથા રાગ અને દ્વેષ વગરનો બને છે.

## વીતરાગતાની સાધના—

આધ્યાત્મિક ક્ષેત્રે આરાધક આત્માનો મુખ્ય લક્ષ વીતરાગતા પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ. કારણ કે 'વીતરાગતા' જ સાધનાની શ્રેણિએ ચઢતાં પ્રાપ્ત થતો પ્રથમ ગુણ છે. પરંતુ આ વીતરાગતાની પ્રાપ્તિ મોહ-અવસ્થાના ક્ષયે થાય છે. જેમ જેમ મોહનીય નષ્ટ થતું જશે, તેમ તેમ આત્મગુણ-વીતરાગતા તેટલા તેટલા અંશે પ્રગટ થતી જશે. અને બારમે ગુણસ્થાને સંપૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ જાય છે. હવે કોઈ રાગ-દ્વેષને અવકાશ જ નહીં રહે, માટે મોહનીયના ક્ષયની સાધનાનો લક્ષ રાખવો જોઈએ. એ જ સાચી સાધના છે.

**सर्वेन्धनैकराशीकृतसन्दीप्तो ह्यनन्तगुणतेजः ।**
**ध्यानानलस्तपः प्रशमसंवरहविर्वृद्धिबलः ॥**

**क्षपकश्रेणिमुपगतः स समर्थः सर्वकर्मिणां कर्म ।**
**क्षपयितुमेको यदि कर्मसंक्रमः स्यात् परकृतस्य ॥**

ઉમાસ્વાતિ મહારાજ પ્રથમરતિમાં ફરમાવે છે કે જેમ બધાં જ લાકડાં ભેગાં કરીને તેમાં આગ લગાડવાથી તે બળે છે, તે જ પ્રમાણે અનંત ગુણ તેજવાળું તપ, વૈરાગ્ય, અને સંવરરૂપી ઘી હોમવાથી ઘણી જ શક્તિશાલી એવી ક્ષપકશ્રેણિમાં પ્રાપ્ત થયેલ ધ્યાનરૂપી અગ્નિ એ એવો તીવ્ર અગ્નિ છે કે તેમાં જો બધા જીવોનાં કર્મો નાંખવામાં આવે તો પણ તે બધાં જ બાળી શકવા

સમર્થ છે, પરંતુ બીજાનાં કર્મો જીવ પોતામાં સંક્રમાવી નથી શકતો. દરેક જીવ પોતાનાં જ કર્મો ખપાવે છે, અને ભોગવે છે.

**મોહનીયના ક્ષયે બીજાનો ક્ષય—**

**मस्तकसूचिविनाशात्तालस्य यथा ध्रुवो भवति नाशः ।**
**तद्वत्कर्मविनाशो हि मोहनीयक्षये नित्यम् ॥**

—જેમ તાડ વૃક્ષની ટોચ ઉપર જે સૂચિ અથવા શાખાભાર ઊગે છે તે ભાગના નાશથી સંપૂર્ણ તાડવૃક્ષનો નાશ થઈ જાય છે. તેજ પ્રમાણે મોહનીયકર્મના નાશથી બીજા કર્મોનો નાશ અવશ્ય થાય છે.

**छद्मस्थवीतरागः कालं सोऽन्तर्मुहूर्तमथ भूत्वा ।**
**युगपद्विविधावरणान्तरायकर्मक्षयमवाप्य ॥**

**शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् ।**
**सम्पूर्णमप्रतिहतं सम्प्राप्तः केवलज्ञानम् ॥**

**" मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् " ॥**

**૧૩ મા ગુણસ્થાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ—**

બારમા ગુણસ્થાને અંતર્મુહૂર્ત કાળપ્રમાણ છદ્મસ્થ જીવ (જે હજી કેવલજ્ઞાન નથી પામ્યો તે) વીતરાગ તરીકે રહીને, બારમાના અંતે બીજા આવરણીયકર્મો જ્ઞાનાવરણીય દર્શનાવરણીય તથા અંતરાયકર્મની સર્વ પ્રકૃતિઓ ખપાવે છે તત્ત્વાર્થના આ સૂત્રમાં પંચમી વિભક્તિ વાપરીને ભેદ અને ક્રમ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે-પ્રથમ મોહનીયકર્મનો ક્ષય કરી, પછી જીવ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય કરે છે. અને તેના ફળ સ્વરૂપે અનંત કેવલજ્ઞાન, અનંત કેવલદર્શન તથા દાનાદિ લબ્ધિઓ અનંત સ્વરૂપે પ્રાપ્ત કરે છે. તે સર્વ ક્ષાયિકભાવે પ્રગટ થાય છે. આ કેવલજ્ઞાનાદિ નિત્ય, અનન્ત, નિરતિશય, અનુપમ, અનુત્તર, નિરવશેષ, સંપૂર્ણ અને અપ્રતિહત હોય છે.

શુકલધ્યાનના બે પાયા વટાવીને ત્રીજા પાયે ચઢતો જીવ ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને આત્માના મૂળભૂત ગુણ જ્ઞાન-દર્શનાદિને સંપૂર્ણપણે અનંતના રૂપમાં ક્ષાયિકભાવે સર્વ પ્રાપ્ત કરે છે. આ તેરમું ગુણસ્થાન સયોગી કેવલીના નામે ઓળખાય છે. અહીંયા પહોંચી આત્મા સર્વજ્ઞ કેવલી બને છે. લોકાલોકવ્યાપી જ્ઞાનવાન બને છે. કેવલીને લોકાલોકના સર્વ પદાર્થો પ્રત્યક્ષ દષ્ટિ-ગોચર થાય છે. અને જો તીર્થંકર નામકર્મ બાંધેલ હોય તો આ ગુણસ્થાને તીર્થંકર બને છે, ધર્મ તીર્થની સ્થાપના કરે છે, સમવસરણમાં દેશના આપે છે. આ તેરમા ગુણસ્થાને સર્વજ્ઞ ભગવાન્ આઠ વર્ષ ઓછા એવા પૂર્વક્રોડ વર્ષ સુધી અહીંયા રહી શકે છે વિહાર કરે....દેશના આપે વગેરે કરે.

કેવલજ્ઞાન પામ્યા એટલે મોક્ષ અવશ્ય. ચાર ઘાતિકર્મો ખપ્યા એટલે બીજા ચાર અઘાતી તો અવશ્ય ખપવાનાં જ છે.

## ૧૪ મું અયોગી કેવલી ગુણસ્થાન—

સમુદ્ઘાતાદિ જે કરવાનું હોય તે પતાવીને હવે કેવલી યોગનિરોધ કરે છે. શુકલધ્યાનના આગળના ચરણે ચઢે છે. અને અંતે શુકલધ્યાનના ચોથા ચરણે આરૂઢ થઈને મન-વચન-કાયયોગનો નિરોધ કરીને, રોકીને...અંતિમ ક્ષણે પાંચ હ્રસ્વાક્ષર અર્થાત્ અ, ઇ, ઉ, ઋ, ऌ આ પાંચ અક્ષરો ઝડપથી બોલીએ તેટલા કાળમાં તો દેહ છોડીને એક જ સમયમાં મોક્ષમાં ચાલ્યો જાય છે.

"**कृत्स्नकर्मक्षयो मोक्षः**"

બાકી રહેલા ચાર અઘાતીકર્મો નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મનો સંપૂર્ણ ક્ષય કરીને સદાના માટે મોક્ષમાં બિરાજમાન થઈ જાય છે. એમ ૪ ઘાતી + ૪ અઘાતી એમ કુલ્લે આઠ કર્મોનો સંપૂર્ણ ક્ષય એટલે 'કૃત્સ્ન' શબ્દ વાપર્યો છે. 'કૃત્સ્ન' કહો કે 'સવ્વ' કહો એક જ છે. અર્થાત્ સર્વકર્મોનો સંપૂર્ણપણે


સિધ્ધ શિલા
૫ અનુત્તર
૯ ગ્રેવેયક
૧૨
દે
કિલ્બિષિક
૧
૨
૪
૫
વ
લોકાંતિક
લો
ક
કિલ્બિષિક
૧૦
કિલ્બિષિક
ચર-સ્થિર જ્યોતિષ્ક
વ્યંતર
ભવનપતિ
દ્વીપ સમુદ્ર
નરક ૧
નરક ૨
નરક ૩
નરક ૪
નરક ૫
નરક ૬
નરક ૭
૧
૨
૩
ત્રસનાડી
૫
૬
૭

સર્વથા ક્ષય કરી લેવો તેનું નામ 'મોક્ષ'. અને 'સવ્વપાવપ્પણાસણો' પદ વાપરો તો પણ એક જ અર્થ છે. સર્વથા સર્વ પાપકર્મોનો નાશ.

## મોક્ષ શું છે ?

અનાદિ અનન્તકાળથી જીવ–કર્મનો જે સંયોગ તે સંસાર, અને હવે જીવ–કર્મનો સદંતર વિયોગ થઈ જવો તેનું નામ છે 'મોક્ષ.' સદા માટે હવે પછી ફરી જીવ–કર્મ સાથે ક્યારે ય નહીં બંધાય. અનંતકાળે પણ નહીં બંધાય. કારણ, રાગ દ્વેષ જ મૂળમાં નથી તો પછી કર્મ બંધાય જ ક્યાંથી ? અને કર્મ ન બંધાય તો ફરી સંસારમાં આવવાનું કે રખડવાનું તો હોય જ નહીં. બસ, પાયામાં કર્મબંધ જ નથી તો પછી કર્મજન્ય સંસાર, જન્મ, મરણ, રાગ–દ્વેષ, કલેશ–કષાય, શરીર, આયુષ્ય, પ્રાણ, યોનિ, સ્વકાયસ્થિતિ વગેરે કંઈ જ નથી રહેતું. આત્મા સંસારને છેલ્લી સલામ ભરી સદા માટે દેહ અને કર્મો સાથેનો સંબંધ તોડી મોક્ષમાં સ્થિર થાય છે.

## મોક્ષે જીવ કેવી રીતે જાય છે ?

મોક્ષે જવા માટે મનુષ્યગતિ–મનુષ્યશરીર જ જોઈએ. પરન્તુ ઓછામાં ઓછું ૨ હાથ પ્રમાણ શરીર અને વધારેમાં વધારે ૫૦૦ ધનુષ્યની કાયા હોય તો જ મોક્ષે જવાય. છઠ્ઠા આરામાં મોક્ષે ન જ જવાય. કારણ ૧ જ હાથનું શરીર છે.

શૈલેષીકરણ આદિ ક્રિયા કરી અન્તે દેહ છોડતી વખતે શરીરની અંદરના પોલાણ ભાગો પૂરી નાખે છે. તેથી આત્મપ્રદેશો ઘનાકાર સ્થિતિમાં આવી જાય. અને મૂળ શરીરની અવગાહનાનો એકતૃતીયાંશ ભાગ ઘટે છે અને બેતૃતીયાંશ શેષ રહે છે, અને સીધો જીવ મોક્ષે ચાલ્યો જાય છે. તે જ પ્રમાણે ૫૦૦ ધનુષ્યની કાયા હોય તો ૩૩૩ ધનુષ્ય ૧ હાથ ૮ અંગુલ પ્રમાણ અવગાહના શેષ રહે છે. અને એટલી જગ્યા જીવ સિદ્ધશિલા ઉપર રોકે છે.

## મોક્ષે જવા માટે જોઈતી જરૂરિયાતો—

મનુષ્યગતિ, પંચેન્દ્રિયપણું, ત્રસકાય, કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, કેવળદર્શન, ભવ્યત્વપણું, ક્ષાયિક સમ્યક્ત્વ, સંજ્ઞિપણું અને અણાહારીપણું; આ પ્રમાણે મુખ્ય ૧૪ વર્ગણાઓમાંથી આટલું તો મોક્ષે જવા માટે અવશ્ય હોવું જ જોઈએ, તો જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## મોક્ષની વિચારણા—

મોક્ષની વિચારણા નવ રીતે કરી શકાય છે :

( ૧ ) સત્પદ—અર્થાત્ મોક્ષ એ અસત્ પદ નથી, સત સાચું પદ છે, વિદ્યમાન અસ્તિત્વ ધરાવતું પદ છે.

( ૨ ) દ્રવ્યપ્રમાણ-સંખ્યાથી સિદ્ધના જીવો વગેરે,

( ૩ ) ક્ષેત્રદ્વાર—સિદ્ધના જીવોને રહેવાની જગ્યા સિદ્ધશિલા વગેરેનું સ્વરૂપ.

( ૪ ) સ્પર્શના દ્વાર—સિદ્ધશિલા ઉપર સિદ્ધાત્મા કેટલા આકાશપ્રદેશને સ્પર્શીને રહે છે તેનો વિચાર.

( ૫ ) કાળદ્વાર—મોક્ષમાં કેટલો કાળ રહે છે તેનો વિચાર.

( ૬ ) અંતરદ્વાર-પરસ્પર અંતર કેટલું છે, તેમ જ કાળ અંતર કેટલું છે, વગેરેનો વિચાર.

(૭) ભાગદ્વાર—સિદ્ધના જીવો સંસારીની અપેક્ષાએ કેટલામા ભાગે છે વગેરે.

(૮) ભાવદ્વાર—પાંચમાંથી સિદ્ધો કયા ભાવે મોક્ષે ગયા છે.

(૯) અલ્પબહુત્વદ્વાર—જે ૧૫ ભેદે સિદ્ધપદ મળે છે, તેમાં ઓછા-વત્તાપણાનો વિચાર કરવો તે.

બહુ વિસ્તારથી આ નવદ્વાર વડે વિચાર કરતાં મોક્ષનું સ્પષ્ટ સ્વરૂપ નજર સામે આવે.

## સિદ્ધાત્માનું ઊર્ધ્વગમન—

“ तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥ ”




ઉપર ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વિચાર કરો—એક કોરું ખાલી માટલું પાણી ઉપર ઊંધું મૂકતાં તે તરે છે, ડૂબતું નથી. પરન્તુ તેના ઉપર સિમેન્ટ કે માટીના થર લગાડતા તે પાણીમાં ડૂબવા માંડે છે. તેજ પ્રમાણે આ ૮ કર્મથી ભારે આત્મા સંસારમાં ડૂબવા માંડે છે. પરન્તુ ડૂબ્યા પછી ધીમેધીમે જ્યારે માટલા ઉપરથી માટીનો થર ઓગળી જાય છે, છૂટો પડે છે, ત્યારે ફરીથી તે માટલું ઉપર આવે છે, દરિયાના તળિયેથી માછલી ઉપર આવે છે તેમ જ સર્વ કર્મો આત્મા ઉપરથી ખરી પડતાં, ક્ષય થતાં

આત્મા સંસારથી છૂટીને ઉપર જાય છે, ઊર્ધ્વગતિગામી બને છે. પરન્તુ ઉપર જતાં જતાં કયાં સુધી ઉપર જશે? માછલી ઉપર જતાં જતાં કયાં સુધી કેટલે સુધી ઉપર જશે? દેખીતી વાત છે કે પાણીની સપાટી હશે ત્યાં સુધી જ જશે. એથી વધારે ઉપર તો કયાંથી જઈ શકે? પાણી જ નથી, તો કેવી રીતે જાય?




આ ચિત્રમાં જુઓ. આત્મા દેહ છોડીને ઉપર જાય છે. આ ચિત્રમાં બહાર અલોકાકાશ છે. અલોકાકાશ અનંત છે. એની અંદર પુરુષાકૃતિમાં લોકાકાશ છે. તે માત્ર ૧૪ રાજલોક પ્રમાણ છે. અને તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય છે.



અને મનુષ્યલોકમાંથી જીવ સિદ્ધશિલાએ જાય છે. ૧૪ રાજલોકના ઉપરના છેડે સિદ્ધશિલા છે, તે ૪૫ લાખ યોજનની છે. અને સિદ્ધશિલાથી ૧ યોજન પ્રમાણ ઊંચે સુધી લોકાકાશ છે, ત્યાર પછી લોકાકાશની લિમિટ પૂરી થાય છે, અને અલોકાકાશ શરૂ થાય છે. અલોકાકાશમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો નથી. ધર્માસ્તિ-કાય જીવને ગતિ કરવામાં સહાયક છે. ધર્માસ્તિકાયની સહાયથી જીવ સીધો ગતિ કરતો કરતો જ્યાં સુધી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી જ જાય છે. અને અધર્માસ્તિકાય-સ્થિતિસહાયક દ્રવ્ય પણ ત્યાં સુધી જ છે તેથી જીવ ત્યાં રોકાઈ જાય છે.

જો અલોકાકાશમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો આગળ હોત તો તો જીવ હજી પણ આગળ જાત. પરંતુ નથી માટે ત્યાં જ અટકી જાય છે. એ જ ભૌગોલિક દૃષ્ટિએ જીવનું મોક્ષસ્થાન છે, ક્ષેત્ર છે. માટે જ જીવો લોકાગ્રભાગે અટકી જાય છે. એટલે કહ્યું છે કે '**लोअग्गमुवगयाणं**.' ત્યાં સિદ્ધશિલા છે. એટલે સિદ્ધશિલા ઉપર સિદ્ધ પરમાત્માનો વાસ હોય છે.

## તીર્થયાત્રાએ જવાનું કારણ—

ચિત્રમાં બતાવ્યા મુજબ જીવ ઋજુ ગતિએ સીધો જાય છે. ⊥90 ૯૦° ડિગ્રીએ સીધો જીવ જાય છે. એટલે જે સ્થાનેથી ગયો છે, ઠીક તે જ સ્થાનની સીધા ઉપર સ્થિર રહે છે. એટલા માટે આપણે તીર્થયાત્રાએ જઈએ છીએ. જે નિર્વાણ કલ્યાણક-ભૂમિઓ કહી છે, ત્યાંથી જે સ્થળેથી આત્મા મોક્ષે ગયા હોય

તે ત્યાંથી 90° ડિગ્રીની સીધી દિશાએ હોય છે. દા. ત. વાદળા જે ભાગમાં હશે તો વરસાદનું પાણી તે ભૂમિ ઉપર જ પડશે. હવાના કારણે બીજે ક્યાંક તે વાત જુદી છે. તે જ પ્રમાણે સિદ્ધક્ષેત્ર ભૂમિએ જઈએ તો સિદ્ધ પરમાત્માની સીધી કૃપા પ્રાપ્ત થાય છે. પાલીતાણાની ભૂમિએ તો 'કાંકરે કાંકરે સિદ્ધયા અનંતા' કહીએ છીએ.

**નિશ્ચલ-અચલ-સિદ્ધ પરમાત્મા—**

એક વખત મોક્ષે જઈને સ્થિર થઈ ગયા પછી, જેટલા આકાશપ્રદેશને અવગાહીને રહ્યા હોય તેટલા જ ભાગમાં સ્થિર-અચલ રહેવાનું છે. અનન્તાકાળે પણ ત્યાંથી હલવાનું નથી.

**એક સાથે મળીને ભેગા રહે છે—**

એક સ્થાનેથી જે મોક્ષે ગયા તે જ સ્થાનેથી કાળાંતરે બીજા મોક્ષે જશે, ત્રીજા, ચોથા એમ ઘણા મોક્ષે જશે. જ્યારે 'કાંકરે



કાંકરે અનંતા સિદ્ધયા' એમ બોલીએ છીએ તો એનો અર્થ જ એ થયો કે એક એક કાંકરા જેટલી ભૂમિ ઉપરથી અનન્ત સિદ્ધ થયા છે, મોક્ષે ગયા છે. તો એક જ જગ્યાએ બધા ભેગા રહે છે.

દા. ત. એક દીવાની જ્યોતમાં બીજા દીવાની જ્યોત, તેમાં વળી ત્રીજા, ચોથા, પાંચમા, એમ કેટલાય દીવાની જ્યોતિ ભેગી એક સાથે રહી શકે છે.

તેજ પ્રમાણે સિદ્ધ આત્માઓ એક ઉપર બીજા, બીજા ઉપર ત્રીજા, એમ અનંત સાથે રહે તો પણ ચાલે. જીવનો અવ્યાબાધ સ્વભાવ છે.

## ૧૫ ભેદે સિદ્ધ—

'જીવવિચાર'માં જીવના મુખ્ય બે ભેદ પાડ્યા છે. એક સિદ્ધ અને બીજો સંસારી. અત્રે સિદ્ધના જીવના ભેદ ૧૫ બતાવ્યા છે. પણ આ ૧૫ ભેદ ઉપર મોક્ષે ગયા પછી નથી, પરંતુ અહીંથી જવાના ક્રમના કારણે છે. નવતત્ત્વકારે આ ૧૫ ભેદ આ પ્રમાણે બતાવ્યા છે. તે ઉદાહરણ સાથે જોઈએ.

૧. જિનસિદ્ધ—સર્વ તીર્થંકરો. જે તીર્થંકરપણે મોક્ષે જાય છે.
૨. અજિનસિદ્ધ—તીર્થંકર સિવાયના પુંડરીક સ્વામી વગેરે.
૩. તીર્થસિદ્ધ—તીર્થકાળમાં મોક્ષે જાય તે ગણધરો વગેરે.
૪. અતીર્થસિદ્ધ—તીર્થવિચ્છેદ તથા તીર્થસ્થાપના પહેલાં મોક્ષે જાય તે મરુદેવા માતા.
૫. ગૃહસ્થસિદ્ધ—બાહ્ય રીતે ગૃહસ્થપણે જાય તે ભરત ચક્રવર્તી વિગેરે.
૬. અન્યલિંગસિદ્ધ—તાપસાદિ જે અન્ય ધર્મીના વેશમાં જાય તે.
૭. સ્વલિંગસિદ્ધ—સાધુવેશમાં જે મોક્ષે જાય તે. જૈન સાધુ પ્રસન્નચંદ્ર વગેરે.
૮. સ્ત્રીલિંગસિદ્ધ—સ્ત્રીપણે જે મોક્ષે જાય તે ચંદનબાળા વગેરે.
૯. પુરુષલિંગસિદ્ધ—પુરુષપણે જે મોક્ષે જાય તે ગૌતમસ્વામી વગેરે.
૧૦. નપુંકલિંગસિદ્ધ—કૃત્રિમ નપુંસકપણે જે સિદ્ધ થાય તે ગાંગેયમુનિ.
૧૧. પ્રત્યેક સિદ્ધ—પોતાની જાતે બોધ પામી મોક્ષે જાય તે કરકંડુમુનિ.
૧૨ સ્વયંબુદ્ધસિદ્ધ—સ્વયંસ્ફૂરણાથી વૈરાગ્ય પામી મોક્ષે જાય તે કપિલકેવળી.

૧૩. બુદ્ધબોધિતસિદ્ધ—ગુરુના ઉપદેશથી બોધ પામીને મોક્ષે જાય તે ગૌતમસ્વામી વિગેરે.

૧૪. એક સિદ્ધ—એક સમયે એક મોક્ષે જાય તે મહાવીરસ્વામી ભગવાન.

૧૫. અનેક સિદ્ધ—એક સમયે વધારે મોક્ષે જાય તે ઋષભદેવ પ્રભુ.

**મોક્ષનું સુખ—**

મોક્ષમાં જ્યાં જન્મ-મરણ, દુ:ખ-દારિદ્રય દેહ વગેરે કંઈ જ નથી, આત્મા અનંતજ્ઞાન દર્શનમાં જ મસ્ત છે. ત્યાં તો દુ:ખની વાત જ ક્યાંથી હોય? અનંત સુખ, અવ્યાબાધ સુખ હોય છે. સચ્ચિદાનંદ સ્વરૂપમાં, આનંદઘન, ચિદાનંદસ્વરૂપી આત્મા હોય છે. નિરંજન નિરાકાર સિદ્ધાત્માનું સુખ અનંત સ્વરૂપે છે.

અઈમુત્તામુનિ, ભરતમહારાજા, મરુદેવામાતા, ઈલાચીકુમાર, બાહુબલીજી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરે અનંત આત્માઓ મોક્ષે ગયા છે.

શરીર છોડીને મોક્ષે જતી વખતે શરીરની જે અવસ્થા હોય અર્થાત્ જે આસનમાં સ્થિર હોય તે જ અંતિમ આસન પ્રમાણે મૂર્તિ બને છે. દા. ત. જો પદ્માસનમાં દેહ છોડીને મોક્ષે જાય તો પદ્માસનાકારની પ્રભુની મૂર્તિ બને છે. અને જિનમુદ્રામાં ઊભા ઊભા કાયોત્સર્ગમાં મોક્ષે જાય તો પ્રભુની ઊભી કાર્યોત્સર્ગવાળી જિનમુદ્રાની મૂર્તિ બનાવવામાં આવે છે. એથી ધ્યાનાદિમાં એ અવસ્થા અને એ ભાવ આવે.

**મોક્ષે ગયેલા મુક્તાત્માને નમસ્કાર—**

**भवबीजांकुरजनक-रागादयो क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णु र्वा हरो वा जिनो वा नमस्तस्मै ॥**

—ભવરૂપ બીજના અંકુરાઓના જનક એવા રાગ-દ્વેષ જેમના ક્ષય થઈ ગયા છે, તે પછી બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય, અથવા શ્રી જિનભગવાન હોય તેમને મારા નમસ્કાર થાઓ.

**दग्धे बीजे यथात्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।**
**कर्मबीजे तथाऽत्यन्तं. न रोहति भवाङ्कुरः ॥**

—જેમ બીજ બળી ગયું હોય તો અંકુરાઓ ન ફૂટે, તેજ પ્રમાણે જેના કર્મરૂપી બીજ જો બળી જ ગયાં છે તો પછી ભવ-સંસારરૂપ અંકુરાઓ ક્યાંથી ફૂટે ? ભવ-સંસાર ફરીથી ઊગવાનો પ્રશ્ન જ નથી. માટે આત્મા પાછો સંસારમાં આવે જ નહીં.

**અંતિમ પ્રાર્થના—**

**" सिद्धा सिद्धिं मम दिसंतु "**

**—એવા હે સિદ્ધ ભગવંતો ! મને સિદ્ધિગતિ દેખાડો.**

સર્વ જીવો સિદ્ધિગતિ પામો એ જ અંતરેચ્છા.

卐

---

**'કર્મ તણી ગતિ ન્યારી'** ની આ જાહેર વ્યાખ્યાનમાળાની પ્રવચન શ્રેણિમાં મતિભ્રમ કે ચિત્તદોષથી શ્રી જિનાજ્ઞા તથા જિનાગમવિરુદ્ધ કંઈ પણ બોલાયું કે લખાયું હોય તે બદલ અંતઃકરણપૂર્વક 'મિચ્છા મિ દુક્કડં'........

---

**卐 સૌજન્ય 卐**

**શેઠશ્રી કેશવલાલ મોહનલાલ શાહ**

તથા

**શેઠશ્રી કકલભાઈ હકમચંદ શાહ**

**ના ઉદાર સૌજન્યથી**

**આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.**

---

મહાવીર પ્રિન્ટર્સ, ગાંધીચોક-સુરત.


"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"
સમ્યગ્ દર્શન
સમ્યગ્ જ્ઞાન
સમ્યગ્ ચારિત્ર
દેવગતિ
જીવ
તિર્યંચગતિ
નરકગતિ